નખતણી પંકિતની જ્યોત નિતનિત નવી, ઉદરમાં ત્રિવળી અધિક શોભે;
ઉર વિષે શ્રીવત્સ ચિહ્‌નને નીરખતાં, સંતના ચિત્ત તત્કાળ લોભે. ભજન૦ ૩
નેણ ને વેણ ચિત્તચોર સોહામણાં, પરમ ઉદાર અતિ ચતુર સ્વામી;
કહે છે મુકતાનંદ ભજ દઢ ભાવશું,પ્રગટ પ્રમાણ એ અંતરજામી. ભજન૦ ૪

**૨૫ પદ-૮/૫**

માવજી મુજ પર ખૂબ અઢળક ઢળ્યા, માહરું મંદિર ધામ કીધું;
સુખતણા સિંધુ સહેજે મળ્યા શામળો, તમથકી માહરું કાજ સીધું. માવજી૦ ૧
દીન દુર્બળતણી પીડ જાણી તમે, મુજ પર મહેર અતિશે જ કીધી;
દોયલી વેળાના દામ છો નાથજી, શામળા મારી સંભાળ લીધી. માવજી૦ ૨
જે સંગ નેહ કરો તેને નવ વીસરો, ભકતવત્સલ તમે અધિક રસિયા;
બિરૂદ પોતાતણું સત્ય કરવા તમે, માહરે મંદિર નાથ વસિયા. માવજી૦ ૩
આજ અમૃતતણા મેહુલા વરસિયા, ભવતણી ભાવઠ આજ ભાગી;
આજ મુકતાનંદ અધિક સુખ ઉપજ્યું, તમ સંગ શ્યામ દઢ લગની લાગી. માવજી૦ ૪

**૨૬ પદ-૮/૬**

માહરે મંદિર અખંડ રહો માવજી, તમ વિના દુઃખ તણો અંત ના’વે,
આવતું જોબન અનંગ દુઃખ દે ઘણું; તન તણા તાપ તે કોણ શમાવે. માહરે૦ ૧
આશ સર્વે પરહરી પ્રીત તમશું કરી, વરી હું વ્રેહવંતી નાથ તમને;
મદન રિપુ મારવા તાપને ટાળવા, અધર અમૃતરસ પાઓ અમને. માહરે૦ ૨
તમ સંગ આશ ઉદાસ સંસારથી, નટવર નિમખ કેમ રહું ન્યારી;
નયણાની આગળે અખંડ રહો નાથજી, વિવિધ વિનોદ કરતા વિહારી. માહરે૦ ૩

રસિયાજી તમ સંગ રંગ લાગ્યો ખરો, ગમે નહીં જગતનો ગંધ મુજને;
આજ મુકતાનંદ આડ સર્વે ટળી, અર્પી હું તન મન નાથ તુજને. માહરે૦ ૪

**૨૭** **પદ-૮/૭**

માહરૂં ભાગ્ય અતિશે જ અધિકું થયું, નાથજી તમ સંગ નેહ જોડી,
તન તણા તાપ સંતાપ સરવે ટળ્યા, તન ધન જગતશું પ્રીત તોડી. માહરૂં૦ ૧
અસત સુખ પરહરી નાથ તમને વરી, લોકની લાજ નવ ધરી મનમાં,
શૂરાની પેરે તમ સંમુખ ચાલતાં, અધિક આનંદ નવ માય તનમાં. માહરૂં૦ ૨
કોટિ બ્રહ્માંડના નાથ કરૂણા કરી, શ્રી હરિ માહરે મોલ આવ્યા;
શરણાગતતણાં લાડ પાળો સદા, ભકતવત્સલ તમે નાથ કહાવ્યા. માહરૂં૦ ૩
દેહડી જાય પણ નેહ નવ છુટજો, એ વર આપજો નાથ અમને,
મુકતાનંદ કહે નાથજી શ્રી હરિ, નિમષ ન્યારા નવ મેલું તમને. માહરૂં૦ ૪

**૨૮** **પદ-૮/૮**

પુરૂષોત્તમ તમે પ્રગટ મુજને મળ્યા, આજ આનંદના ઓઘ મારે;
અસતની આશ સર્વે ઉરથકી પરહરી, શામળા થઈ દઢ શરણ તારે. પુરૂ૦ ૧
વિષય વાયુ વડે તરણ જેમ ઉડતી, માવજી મેરુને તુલ્ય કીધી;
કોટિ બ્રહ્માંડના નાથ કર સાઈને, અચળ પદવી મુને આજ દીધી. પુરૂ૦ ૨
હાસ વિનોદ બહુ હેત દેખાડતા, મહાપ્રભુ આવિયા મોલ મારે,
નટવર અલૌકિક રૂપ નિહાળતાં, રસિયાજી રાચી હું રંગ તારે. પુરૂ૦ ૩
દુઃસહ દુઃખ કાપિયું અખંડ સુખ આપિયું, અસ્થિર સ્થિર સ્થાપિયું છેલ રસિયા;
કહે છે મુકતાનંદ સર્વે કાસળ ટળી, માહરે મંદિરે નાથ વસિયા. પુરૂ૦ ૪

## ૨૯ રાગ : ભૈરવી પદ=૫ પદ-૫/૧

હોજી મેરે તો તુમ એક આધારા, એક આધારા,તુમ એક આધારા- ટેક૦
નાંવ કે કાગકી ગતિ ભઈ મેરી,જહાં દેખું તહાં જલનિધિ ખારા-હો.૧
તુમહિ મીલે મોયે આનંદ અતિશે, વિછુરત દુઃખકો અનંત અપારા-હો.૨
રસિક શિરોમણી તુમ વિન મોકું, લગત હે સબ જગ જરત અંગારા-હો.૩
મુકતાનંદ કે અંતરજામી, કહા સમજાવું સબ જાનન હારા-હો.૪

## ૩૦ રાગ : ભૈરવી પદ= ૨ પદ-૨/૧

અધમ ઉદ્ધારણ અવિનાશી તારા, બિરુંદની બલિહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરિધર, અવિચળ ટેક તમારી રે. અધમ૦ ૧
ભરી સભામાં ભૂધરજી તમે, થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે. અધમ૦ ૨
જેવો તેવો તોયે પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે;
પેટ પડયો તે અવશ્ય પાળવો, વાલમ જુઓ વિચારી રે. અધમ૦ ૩
અનળ અહિં જો ગ્રહે અજાણે, તે છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું, નહિ જગમાં હિતકારી રે. અધમ૦ ૪
બ્રહ્માનંદની એ જ વિનંતિ, મન ધારીએ મોરારી રે;
પ્રીત સહિત દર્શ પ્રસાદી, જોયે સાંજ સવારી રે. અધમ૦ ૫

## ૩૧ પદ-૨/૨

મનમોહન સુંદરવર મારા, અવગુણિયા વિસરાવા રે;

અઘમોદ્ધારક પતિતજન પાવન, બિરૂદ તમારૂં ચહાવા રે. મન-૧
સહુ દેખતાં શામળિયા તમે, માડી થયા છો માવા રે;
છોરૂની ચિંતા રાખીને, મા દેશો મુંઝાવા રે. મન-૨
બાળક હોય તે જેમ તેમ બોલે, લીએ કટાણે ખાવા રે;
જનની રોષ ન લેખે જાણું, અણસમજુ હોય આવા રે. મન-૩
શેરડીએ રમતાં અથડાતાં, છોરા રાખે દાવા રે;
સબળ થઈ કોઈ લીએ ચુંટીયા, તો માતા જાય મેલાવા રે. મન-૪
મનગમતું સર્વે મેલીને, એક તમને રીઝાવા રે;
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને, ગુણ તમારા ગાવા રે. મન-૫

## ૩૨ રાગ : પ્રભાતી પદ-૧

આજ સખી મને સપનું લાધ્યું, અવિનાશી ઘેર આવ્યા રે;
ભૂધરજીને ભાવ કરીને, મંદિરમાં પધરાવ્યા રે. આ૦ ૧
જરકસી પાઘે જરકસી વાઘે, અત્તરમાં રસબસતા રે;
આવીને ઉભા મારી આગે, હરિવર સુંદર હસતા રે. આ૦ ૨
રમઝમ કરતાં મનડું હરતા, સુંદર મોરલી હાથે રે;
લલિત નવીન કલંગી લટકે, મેલ્યાં છોગાં માથે રે. આ૦ ૩
મૂર્તિ નવલ મનોહર મીઠી, મીઠી મુખની વાણી રે;
સુંદર વરની સુંદર શોભા, જોઈને હું લોભાણી રે. આ૦ ૪
મોહનજીને મળતાં હું તો, અતિશે આનંદ પામી રે;
આવી વહાલો અઢળક ઢળીયા, બ્રહ્માનંદનો સ્વામી રે. આ૦ ૫

### ૩૩ રાગ : રામકલી પદ=૪ પદ-૪/૧

આજ હું આવી છું મુખ માવાનું જોવા;ઘરના જાણે છે ગઈ છે ગાવડલી દો’વા રે. આજ૦
મુખની લાવણ્યતા મીઠી રે વાણી; સાંભળતામાં બેની હું તો મનમાં લોભાણી રે. આજ૦
ભાલ તિલક કેસરનું રે કીધું; નયણુંને ચાળે મારૂં મન હરી લીધું રે.આજ૦
માયા લાગી છે મુને એના રે મુખની; શું કહું વાત અલૌકિક સુખની રે.આજ૦
બ્રહ્માનંદના સ્વામીને નીરખી; હેત ઘણે રે મારા હૈડામાં હરખી રે.આજ૦

### ૩૪ પદ-૪/૨

આજ મારો જનમ સુફળ થયો આલી; છેલછબીલો આવ્યા મારે મંદિરે ચાલી રે.આજ૦
માથે મુગટ ગળે મોતીડાંની માળા; ચીત્તડાને ચોરે એના નયણાંના ચાળા રે.આજ૦
જરકસી પાઘ કેસરીયે રે વાઘે; અલબેલો આવી ઉભા નયણુંને આગે રે.આજ૦
હેત કરી હસીને તાળી રે લીધી; કરૂણા કરીને મુને સોહાગણ કીધી રે.આજ૦
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળીયો; આજ મારો વાલો આવી અઢળક ઢળીયો રે.આજ૦

### ૩૫ રાગ : ભૈરવ પદ=૪ પદ-૪/૧

કમલાવર ઊઠો તો કાજુ, નિરખું વદન તમારું રે;
મહા મનોહર નૌતમ મૂર્તિ, લઈ અંતરમાં ધારું રે. કમલા૦ ૧
કંચન કેરી ઝારી માંહી, નીર ભર્યું અતિ સારું રે;
દાતણ કરો હરો સર્વે દુખડાં, આપો સુખ જગ ન્યારું રે. કમલા૦ ૨
હરિજન કેરું જૂથ હરખ કરી, આવી ઊભું બારું રે;
જાગો તો જગજીવન જુગતે, આરતડી ઉતારું રે. કમલા૦ ૩

વદન કમલ જોવા વહાલમજી, મનડું તલખે મારું રે;
પ્રાણજીવન સર્વે તમ ઉપર, બ્રહ્માનંદ કહે વારું રે. કમલા૦ ૪

૩૬ પદ-૪/૪

ઊઠોને અલબેલા વહાલા, લક્ષ્મીના વર લેહેરી રે;
અજબ નવીન દુશાલા ઓઢો, પીતાંબર લ્યો પહેરી રે. ઊઠો૦ ૧
ગદા પદ્મ કર શંખ ચક્ર લઈ, ખલ નાંખો ખંખેરી રે;
અંતર દયા ધરો અવિનાશી, કરો મદદ જન કેરી રે. ઊઠો૦ ૨
લટકાવો શિર લાલ કલંગી, ઉપરણી સોનેરી રે;
મંદ મંદ મુખ હસો મનોહર, હરિજન સામું હેરી રે. ઊઠો૦ ૩
સુરનર મુનિવર જૂથ મળી સૌ, ઊભાં આંગણ ઘેરી રે;
બ્રહ્માનંદના નાથ વદન છબી, નિરખન આશ ઘણેરી રે. ઊઠો૦ ૪

૩૭ રાગ : પ્રભાતી પદ=૪ પદ-૪/૧

પ્રાત થયું પંખી બોલ્યાં, જાગો જીવન મારા;
આળસડું મેલીને ઊઠો, હરિ પ્રાણ થકી પ્યારા. પ્રાત૦
મહીં વલોવા ધેનું દોવા, ઊઠી મહીયારી;
માવ તમારું મુખડું જોવા, આવી ઊભી બારી. પ્રાત૦ ૧
કોમળ દાતણ તૈયાર કરીને, લાવીને ધરીયું;
કંચન કેરી ઝારીમાં જળ, જમુનાનું ભરિયું. પ્રાત૦ ૨
ઝાઝું માખણ જમવા આપું, ઘૃત સાકરને પોળી;
બ્રહ્માનંદ નાથજી ઊઠો, જાઉં મુખ ઉપર ઘોળી. પ્રાત૦ ૩

૩૮ પદ-૪/૪

પ્રાણજીવન શું પોઢી રહ્યા, ઊઠો આળસડું મોડી;
મુખડું જોવા મુનિવર આવ્યા, ઊભા કર જોડી. પ્રાણ૦
દોણું વલોણું મેલીને સર્વે, આવી વ્રજનારી;
મોરલડી સુણવાની મનમાં, આશા છે ભારી. પ્રાણ૦૧
રૂપાળો શિર બાંધો રેંટો, ગૂંઢે રંગ ઘેરો;
અજબ સુરંગી આંગલડી, પ્યારા મોહનજી પેરો. પ્રાણ૦ ૨
બાજુ કાજુ બેરખડા ધરો, હેમ કડાં હાથે;
બ્રહ્માનંદ વારી જાય, તારી મૂર્તિને માથે. પ્રાણ૦ ૩

૩૯ રાગ : પ્રભાતી પદ=૪ પદ-૪/૧

પ્રાત સમે મારા પ્રાણજીવનનું, મુખડું જોવા જાઈએ રે;
નલવટ રેખા નૌત્તમ નીરખી, અંતર સુખીયાં થાઈએ રે. પ્રાત૦ ૧
દક્ષિણ ગોળ કપોળે તિલનું, શ્યામ ચિહ્ન ચિત્ત લાઈએ રે;
શ્રવણ વામમાં શ્યામ બિંદુ જોઈ, કામ ધામ વિસરાઈએ રે. પ્રાત૦ ૨
સુંદર શ્યામ જગાડયા સારું, ઘેરે સાદે ગાઈએ રે;
ભૃકુટી ભાલ તિલકને ભાળી, પરમાનંદ સુખ પાઈએ રે. પ્રાત૦ ૩
નંદજીને આંગણીએ નિત્ય નિત્ય, જાતાં નહીં લજાઈએ રે;
બ્રહ્માનંદ કહે ભાગ્ય હોય તો, કૃષ્ણ તણા કહેવાઈએ રે. પ્રાત૦ ૪

૪૦ પદ-૪/૨

પ્રાત સમે પાતળિયા કેરું, કોડે દર્શન કરીએ રે;
મહા મનોહર નૌત્તમ મૂરતિ, લોચનીયામાં ધરીએ રે. પ્રાત૦ ૧

જગજીવનને જગાડવાં સારું, મંદિરીયામાં ગરીએ રે;
માત જશોમતી રીસ કરે તોય, નિરખીને નિસરીએ રે. પ્રાત૦ ૨
શ્યામળિયાને સારૂં સજની, લોક લાજ પરહરીએ રે;
હોંસેથી હડસેલા ખાઈએ, નંદજીની ઓસરીએ રે. પ્રાત૦ ૩
પૂરવ ભવનાં પુણ્ય હોય તો, વહાલમજીને વરીએ રે;
બ્રહ્માનંદ કહે કહાન કુંવરને, કેડે કેડે ફરીએ રે. પ્રાત૦ ૪

૪૧ પદ-૪/3

થયું સવાર ચાલ સખી જઈએ, નંદરાયને ફળીએ રે;
આ ટાણે આળસ મેલીને, હેતે હેતે હળીએ રે. થયું૦ ૧
જદુપતિ કેરે દર્શન જાતાં, ખાળે તોય નવ ખળીએ રે;
ગિરિધર સારું ગાળ્યું ખાઈએ, આંગણીએ ટળવળીએ રે. થયું૦ ૨
અલબેલાને ઊઠયા જાણીને, ચરણ કમળમાં ઢળીએ રે;
ગૂંથી હાર ગળે આરોપું, નવલ ગુલાબી કળીએ રે. થયું૦ ૩
જશોમતીને ઘેરે જોરે જોરે, દળણું લઈને દળીએ રે;
બ્રહ્માનંદ કહે જેમ તેમ કરીને, મોહનજીને મળીએ રે. થયું૦ ૪

૪૨ પદ-૪/૪

પ્રભાતે ઊઠીને પે'લું, મુખ જોઈએ માવાનું રે;
લોચનીયાથી વહાલું લાગે, મંદિર નંદબાવાનું રે. પ્રભાતે૦ ૧
નવરાં ત્યાં ઊભા નવ રહીએ, જે હોય તે લાવાનું રે;
કહાન કુંવરને નીર ગરમ લઈ,નિત્ય દઈએ નહાવાનું રે. પ્રભાતે૦ ૨
દહી માખણ ઘૃત સાકર દઈએ, ખાંતે કરીને ખાવાનું રે;
જગજીવનને જમતા જોઈને, અંતર સુખ થાવાનું રે. પ્રભાતે૦ ૩
ચૌદ લોકના ભોગ સંપત્તિ, વશ એને વાવાનું રે;

બ્રહ્માનંદ કહે મારે જોઈએ, નિત્ય દર્શન આવાનું રે. પ્રભાતે૦ ૪

પ્રભાતે ઊઠીને પ્રાણી ગોવિંદ પદ=૪

૪૩ રાગ : ભૈરવ પદ-૪/૩

પ્રભાતે ઊઠીને પ્રાણી, ધ્યાન હરિનું ધરવું રે;
આળ પંપાળ મિથ્યા એ ટાણે કાંઈ બીજું નવ કરવું રે; પ્ર૦ ૧
સહિત કલંગી પાઘ સુરંગી, જોઈ મગ્ન થઈ ફરવું રે;
ભાલ તિલક શુભ રેખને ભાળી, કાળ થકી નવ ડરવું રે; પ્ર૦ ૨
ભ્રકુટી નેન કમળ ભૂધરનાં, લખી અંતરમાં ઠરવું રે;
પૂરણચંદ્ર સરીખું પ્રભુનું, મુખ ક્ષણું નહીં વિસરવું રે; પ્ર૦ ૩
કરણ છબી ભુજ જુગલ કૃષ્ણનું, ભૂષણ સહિત સમરવું રે;
હાર જુકત પંકતુ ઉર હરિનું, ત્યાંથી નવ નિસરવું રે; પ્ર૦ ૪
ઉદર નાભિ ઉરુ જાનું જંઘા, ચરણકમળમાં ફરવું રે;
બ્રહ્માનંદ કહે એ છબી ઉર ધરી, બીજું સર્વ પરહરવું રે; પ્ર૦ ૫

૪૪ રાગ : ભૈરવ પદ=૪ પદ-૪/૧

પ્રાતઃ થયું મનમોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને;
વારંવાર કરું છું વિનંતિ, જગજીવન કર જોડીને. પ્રાત૦ ૧
ઘર ઘરથી ગોવાળો આવ્યા, દર્શન કારણ દોડીને;
આંગણિયે ઊભી વ્રજ અબળા, મહીં વલોવા છોડીને. પ્રાત૦ ૨
બહુરૂપી દરવાજે બેઠા, શંકર નેજા ખોડીને;
મુખડું જોવા આતુર મનમાં, જોરે રાખ્યા ઓડીને. પ્રાત૦ ૩

ભૈરવ રાગ ગુણીજન ગાવે, તાન મનોહર તોડીને;
બ્રહ્માનંદના નાથ વિહારી, ઉઠયા આળસ મોડીને. પ્રાત૦ ૪

૪૫ પદ-૪/૨

રસિયોજી રાય આંગણ બેઠા, કોમળ દાતણ કરવાને;
મખમલની ગાદી બહુમૂલી, પાટ ઉપર પાથરવાને. રસિયોજી૦ ૧
આછું જળ જમુનાનું આણ્યું, કંચન ઝારી ભરવાને;
સોના કેરું પાળું લાવ્યા, સુંદર આગે ધરવાને. રસિયોજી૦ ૨
દાસ મળ્યા સહુ દર્શન કારણ, જગને પાર ઊતરવાને;
દાતણ કરતા હરિને નિરખ્યા, તે નાવે ભવ ફરવાને. રસિયોજી૦ ૩
મુખમંજન કીધું મનમોહન, હરિજનનાં મન હરવાને;
બ્રહ્માનંદનો વહાલો ઊઠયા, સ્નાનવિધિ અનુસરવાને. રસિયોજી૦ ૪

૪૬ પદ-૪/૩

બાજોઠ કનક તણે આવી બેઠા, નીર ગરમ હરિ નાહવાને;
શ્વેત વસ્ત્ર પહેર્યું એક સુંદર, ભૂધરજી ભીંજાવાને. બાજોઠ૦ ૧
અત્તર તેલ ફુલેલ અનુપમ, મર્દન કરવા માવાને;
અંગ ચોળે ઢોળે જળ ઉપર, રસિયોજી રીઝાવાને. બાજોઠ૦ ૨
સ્નાન કરી ઉઠ્યા શામળિયો, પ્રેમીજન લલચાવાને;
લલિત નવીન તૈયાર કરી લાવ્યા, પીતાબંર પહેરાવાને. બાજોઠ૦ ૩
રત્નજડિત શુભ પાટ મનોહર, ગાદી નવલ બિછાવાને;
બ્રહ્માનંદના નાથને આવ્યા, ભોજન કાજ બોલાવાને. બાજોઠ૦ ૪

૪૭ પદ-૪/૪

જમો જમોને મારા જીવન જુગતે, ભોજનિયાં રસ ભરિયાં રે, ટેક૦
પાક શાક તમ સારુ પ્રીતમ, કોડે કોડે કરિયાં રે. જમો૦ ૧

ગળિયાં તળિયાં તાજાં તાતાં, કનક થાળમાં ધરિયાં રે,
આરોગો મારા નાથ અલૌકિક, ઘૃત ઝાઝાં ઘેબરિયાં રે. જમો૦ ૨
કઢી વડી કારેલાં કાજુ, રાઈતણાં દહીં થરિયાં રે;
જોઈએ તો ઉપરથી લેજો, મીઠું જીરું મરિયાં રે. જમો૦ ૩
બ્રહ્માનંદના નાથ શિરાવ્યા, દૂધ ભાત સાકરિયા રે;
ચળું કર્યું હરિ તૃપ્ત થઈને, નિરખી લોચન ઠરિયાં રે. જમો૦ ૪

૪૮ **રાગ : પ્રભાતી પદ=૪** પદ-૪/૧

મહીં માખણ માગે માવો, મહી માખણ માગે;
પ્રભાતે ઊઠીને માવો, મહી માખણ માગે. ટેક૦
ઊંઘમાંથી અલબેલો ઊઠયા, નેણાં નિદ્રાળું;
જમવા સારું ઝઘડે ઊભા, ભૂધર ભૂખાળું. પ્ર૦ ૧
ગોકુળીયાની નારી સર્વે, આવી છે જોવા;
કજિયાળો કાનુડો દે નહિ, ગાવલડી દોવા. પ્ર૦ ૨
માતાજી આ મહી તમારું, નાખીશ હું ઢોળી;
બ્રહ્માનંદના નાથે ઝાલી, મહીડાની ગોળી. પ્ર૦ ૩

૪૯ પદ-૪/૨

માતા મનાવે હરિને, માતા મનાવે;
પ્રભાતે ઊઠી હરિને, માતા મનાવે. ટેક૦
દાતણ પાણી પ્રથમ કરીને, ત્યાર પછી ખાઈએ;
ઝાઝાં માણસ જોઈને જીવન, ઘેલા ન થાઈએ. પ્ર૦ ૧
તર્ત કરી આપું રોટલી તાજી, ઘીમાં ઝબોળી;

મેલો મારા લાલ મનોહર, મહીડાની ગોળી. પ્ર૦ ૨
સાસરીયાં તારાં સગપણ સારૂ, આવી બેઠા ડેલી;
બ્રહ્માનંદને નાથે ત્યારે, હસી ગોળીને મેલી. પ્ર૦ ૩

**૫૦** **પદ-૪/૩**

મોહન મનાવ્યા રંગીલો, મોહન મનાવ્યા;
મીઠું બોલીને માતા જશોદાએ, મોહન મનાવ્યા. ટેક૦
કોમળ કાજુ જોઇ હરિને, દાતણિયું દીધું;
કંચન કેરી ઝારી લઈને, મુખ મંજન કીધું. મીઠું૦ ૧
નીર ઉને નવરાવ્યા મોહન, અંગોઅંગ ચોળી;
ચંદન કેરી કાંસકી સુંદર, લઈ ચોટી ઓળી. મીઠું૦ ૨
કેસર કેરી આડ કરી, માળા ફૂલની ધારી;
બ્રહ્માનંદના વહાલાનું મુખ, નિરખે મહતારી. મીઠું૦ ૩

**૫૧** **પદ-૪/૪**

જુગતે જમાડે હરિને, જુગતે જમાડે,
માતા જશોદા મોહનજીને, જુગતે જમાડે. ટેક૦
જગનો જીવન જમવા બેઠા, ગોપી સર્વે ઝાંખે;
ચંદન કેરો પંખો લઈને, માતા વા નાખે.માતા૦૧
શીરો પૂરી સેવ સેવૈયા, જલેબી તાજી;
આરોગે અલબેલો બેઠા, રસિયોજી રાજી.માતા૦ ૨
બહુત પ્રકારના શાક બન્યાં, માંહી નાખેલ મસાલો;
બ્રહ્માનંદ કહે તૃપ્ત થઈને, ઉઠયા વ્રજજીવન વહાલો. માતા૦ ૩

**પર** સહજાનંદ(૩) કહીએ પદ=૭ **રાગ : પ્રભાત** **પદ-૭/૬**

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સમરે દુઃખ જાવે;
મિટત શંક કાળવ્યાળ, અતુલિત સુખ પાવે...સ્વા૦ ૧
વપુ અનૂપ સકળ વ્યાપ, તાપકું હરાવે;
શારદ અરુ શેષાદિક, નારદ મુનિ ગાવે...સ્વા૦ ૨
નિશ દિન જેહી રટત નામ, હિયમેં હુલસાવે;
મિટત તરત જનમ મરણ, ફીરણ ભવ ન આવે...સ્વા૦ ૩
સમરત અતિ હોત સુમતિ, કુમતિકું હરાવે;
પ્રગટ શ્યામ નામ વિના, ભવમેં ભરમાવે...સ્વા૦ ૪
વ્યાપત નહીં જાસ વિઘ્ન, જન્મ મરણ જાવે;
બ્રહ્માનંદ શ્યામ મૂરત, અંતર ઠેરાવે...સ્વા૦ ૫

**પ૩** **રાગ : વિભાસ પદ**= ૪ **પદ- ૪/૧**

લાલચ લાગી રે, બેની મુને લાલચ લાગી રે;
જોઈને જાદવરાય, મુને લાલચ લાગી રે. ટેક૦
સુંદર મુખ સોહ્યામણું, શોભે સુંદર વાણી રે;
સુંદર વરની ચાલમાં, બેની હું લોભાણી રે. જોઈને૦ ૧
ગુણવંતાના ગીતમાં, મારૂં ચિત્ત ચોરાણું રે;
એ વિના હું બીજું, બેની કાંઇ ન જાણું રે. જોઈને૦ ૨
સાન કરી મુને શ્યામળે, આવીને ઓરે રે;

દિલડું મારૂં ડોલ્યું, એને ફૂલને તોરે રે. જોઈને૦ ૩
જમુના પાણી હું ગઈ, મળ્યા વચમાં માવો રે;
બ્રહ્માનંદના નાથથી, થયો નેણ મેલાવો રે. જોઈને૦ ૪

૫૪ પદ-૪/૨

પ્રાણથી પ્યારો રે, વાલો મુને પ્રાણથી પ્યારો રે;
છોગાવાળો છેલ, મુને પ્રાણથી પ્યારો રે. ટેક૦
સેજ સોહાગી શ્યામળો, જાણે રસની રીતિ રે;
લટકાળા નંદલાલથી, લાગી પૂરણ પ્રીતિ રે. છોગા૦ ૧
છોગલું એનું ચિત્તમાં, મારે અટકયું આવી રે;
હાથ ગ્રહીને હેતમાં, મુજને બોલાવી રે. છોગા૦ ૨
સુખ ના આવે ધામમાં, ઘર કામ ભૂલી રે;
જગનો જીવન જોઈને, ફરૂં છું હું ફૂલી રે. છોગા૦ ૩
શું કરે સંસારીયો, લજ્યા લોકની ટાળી રે;
બ્રહ્માનંદના નાથથી, લાગી છે તાળી રે. છોગા૦ ૪

૫૫ પદ-૪/૩

મન લોભાણું રે, હેલી મારૂં મન લોભાણું રે;
ચતુર વરની ચાલમાં, મારૂં મન લોભાણું રે. ટેક૦
ચંગી રંગી ચાખડી, ચાલે ગજની ચાલ રે;
છેલ છબીલા શ્યામને, જોતા થઈ નિહાલ રે. ચતુર૦ ૧
આંખડીયું અણિયાળીયું, વાલો ભીનેવાને રે;
ચોરી લીધું ચિત્તડું, મોરલીની તાને રે. ચતુર૦ ૨
ફાવે ગજરા ફૂલના, શિર ફૂલની ટોપી રે;
ઠાવકી જોતાં થઈ ગઈ, ગુલતાન ગોપી રે. ચતુર૦ ૩

મોહનજીની મૂરતિ, પલ એક ન મેલું રે;
બ્રહ્માનંદના સ્વામીએ, કીધી રંગની રેલું રે. ચતુર૦ ૪

૫૬ પદ-૪/૪

પ્રીત બંધાણી રે, હેલી મારે પ્રીત બંધાણી રે;
શ્યામ સલૂણા સાથ, મારે પ્રીત બંધાણી રે. ટેક૦
આવીને ઊભો આગળે, પીતાંબર પેરી રે;
માલ ગળા બીચ માવને, શોભે ફૂલડાં કેરી રે. શ્યામ૦ ૧
રસ ભર્યાં લળકી રહ્યાં, કાને કુંડળ કાજુ રે;
બે ભુજામાં બાંધીયા, ફૂલોના બાજુ રે. શ્યામ૦ ૨
મીઠી વાયે મોરલી, વાલો તીખે તાને રે;
રસ બસ કીધી રંગમાં, કોડીલે કાને રે. શ્યામ૦ ૩
મંદિરીયામાં મુજને, મળ્યા શ્યામ સોહાગી રે;
બ્રહ્માનંદનો નાથ જોઈ, ભવ ભાવઠ ભાગી રે. શ્યામ૦ ૪

## ૫૭ રાગ : કેદારો પદ=૮ પદ-૮/૧

કીજીએ ધ્યાન શ્રી ધર્મના કુંવરનું, સર્વ પે'લા ઊઠી પ્રાતઃકાળે;
નીરખીએ રૂપ નખશિખ મહારાજનું, વાસના અશુભ તત્કાળ ટાળે. કી૦ ૧
સંત હરિભક્ત સૌ ઉંઘ આળસ તજી, ચિંતવીએ ચરણ અતિ પ્રીત આણી;
નીરખીએ નખમણિ સીમા શોભાતણી, દુર્લભ દેવને એમ જાણી. કી૦ ૨
જમણા તે ચરણના અંગૂઠા ઉપરે, નખમાંહી ચિહ્ન તે જોઈ રે'વું;
ચિહ્ન પર રક્ત રેખા અતિ શોભતી, મન તેમાં લઈ પ્રોઈ દેવું. કી૦ ૩
અંગૂઠા આંગળીયો ઉપર કેશ છે, સૂક્ષ્મ ચિહ્ન છે ચાખડીના;

અંગૂઠા પાસની આંગળીએ તિલ છે, પ્રેમાનંદની જોયેલ આંખડીના. કી૦ ૪

**૫૮** **પદ-૮/૨**

મંગળ મૂળ મહારાજનાં ચરણ છે, ચિતવતાં ચિત્તમાં શાંતિ થાયે;
કામ ને ક્રોધ મદ લોભ વ્યાપે નહિ, ઉર થકી સર્વ અજ્ઞાન જાયે. મંગળ૦ ૧
જુગલ પદતળ વિષે ષોડશ ચિહ્ન છે, નામ તેનાં હવે કહું વિચારી;
સ્વસ્તિ જવ જાંબુ ધ્વજ અંકુશ અંબુજ,અષ્ટકોણ વજ્ર ઉર્ધ્વરેખા પ્યારી. મંગળ૦ ૨
નવ ચિહ્ન ધારવાં જમણા તે ચરણમાં, વામ પદમાં બીજાં સાત શોભે;
મીન ત્રિકોણ ને વ્યોમ ગોપદ કળશ, અર્ધચંદ્ર ધનુષ ચિત્ત લોભે. મંગળ૦ ૩
જમણા તે ચરણની આંગળી છેલ્લીએ, તિલ એક અનુપમ આનંદકારી;
પાનિયું સુંદર ઘુંટી પિંડી પર, પ્રેમાનંદ તન મન જાય વારી. મંગળ૦ ૪

**૫૯** **પદ-૮/૩**

નીરખતાં નાથની જાનુ છબી જીવમાં, સુખ થાયે દુઃખ સૌ દૂર વામે;
જમણા સાથળ વિષે ચિહ્ન એક અનુપમ,નીરખતા ભક્ત મન મોદ પામે. નીર૦ ૧
કેળના સ્થંભ જેવા સાથળ સુંદર, ગરૂડની પીઠ પાવનકારી;
કટિતટ પીત પટ કસ્યો કરુણાનિધિ, શ્યામ શોભા કટિ લાગે પ્યારી. નીર૦ ૨
નલિની સમ નાભી પર ત્રિવળી છબી ઉદરમાં, ઉન્નત ઉર માંહી કેશ સોહે;
સ્તન પર શ્યામ બે છાપનાં ચિહ્ન છે, તિલ એક ઉર વિષે ચિત્ત મોહે. નીર૦ ૩
ઉર વિષે કૌસ્તુભ શ્રીવત્સ ચિહ્ન છે, વિનગુણ હારની શોભા સારી;
દક્ષિણ બાહુને નિકટ તિલ ચાર છે,પ્રેમાનંદ જોઈ જોઈ જાય વારી. નીર૦ ૪

**૬૦** **પદ-૮/૪**

અશરણ શરણ ભુજદંડ મહારાજના, ચિહ્ન તેમાં હવે કહું વખાણી;
ભુજામાં છાપનાં ચિહ્ન છે સુંદર, કોણીયું શ્યામ સુખધામ વાણી. અ૦ ૧
પોંચાથી ઉપર છાપનાં ચિહ્ન છે, કાંડાં છે કઠણ બળવાન ભારી;

કરભ પર કેશ છે હથેળી રાતિયું, રેખા તેમાં ન્યારી ન્યારી. અ૦ ૨
રાતી છે આંગળીયું રાતા છે નખમણિ, ઉપડતા તીખા તે જોયા જેવા;
એવા જે કરવર ધરત જન શિરપર, આતુર અભય વરદાન દેવા. અ૦ ૩
જાનુ પર્યન્ત ભુજ સરસ ગજસૂંઢથી, ભક્તને ભેટવા ઊભા થાયે;
એવા ઘનશ્યામની ભુજ છબી ઉપરે, પ્રેમાનંદ તન મન વારી જાયે. અ૦ ૪

**૬૧** **પદ-૮/૫**

ચિંતવીએ ચિહ્‌ન મહારાજના અંગમાં, ભકતજન ભાવશું વારંવાર,
વામ ભાગે વળી કંઠ ને ભુજ વચ્ચે, ચૌદ તિલ સૂક્ષ્મ સરસ સાર. ચિત૦ ૧
ડાબે પડખે વળી નવ તિલ નૌતમ, ત્રણ તિલ કાખમાં કહું છું જોઈ;
એક તિલ અનુપમ કંબુ કંઠને વચ્ચે,નીરખતાં ભક્ત મન રે’ છે મોઈ. ચિત૦ ૨
ચિબુક ને અધર પર કેશ રેખા છબી, અધરપ્રવાળ જોઈ ચિત્ત લોભે;
કુંદની કળી સમ દીપે દશનાવલિ, કનકની રેખ માંહી સરસ શોભે. ચિત૦ ૩
દાઢમાં ચિહ્‌ન છે શ્યામ સોયામણું, મંદ મુખહાસ જોઈ લાજે કામ;
ઘેરે સાદે કરી બોલતા વચન હરિ, પ્રેમાનંદનો સ્વામી ઘનશ્યામ. ચિત૦ ૪

**૬૨** **પદ-૮/૬**

વારી જાઉં વારણે વદન શશી ઉપરે, નીરખતાં નેણ નથી તૃપ્ત થાતાં;
અમૃત-વૃષ્ટિ કરે તાપ તનના હરે, હરે હરે કહી હરિ છીંક ખાતાં. વારી૦ ૧
શોભા તે શી કહું નાસિકા શુકતણી, ગોળ કપોળ બહુ લાગે રૂડા;
નાસિકા ઉપર શીળીનાં ચિહ્‌ન છે, ચિતવતાં ઘાટ નવ થાય કૂડા. વારી૦ ૨
જમણા કપોળમાં મોટો એક તિલ છે, તિલ એક મોટો છે ડાબે કાને;
જે જન નીરખીને ધારી લે ચિત્તમાં, તે નવ પડે માયા કાળ પાને. વારી૦ ૩
કાન વીંધ્યા તેનાં ચિહ્‌ન છે સુંદર, ચંચળ દગમાંહી રેખા રાતી;
પ્રેમાનંદ મીન અલિ ખંજન વારું લઈ, ઉપમા દેવા નથી બુદ્ધિ થાતી. વારી૦ ૪

૬૩ પદ-૮/૭

ભકત મનરંજન ભ્રકુટિ ઘનશ્યામની, કામિની જોઇ તુરત થાય ઘેલી;
ભ્રકુટિને હેઠે ને નેત્રની ઉપરે, રેખા ઊઠે અતિ રસ ભરેલી. ભક્ત૦ ૧
ભાલ વિશાળમાં પંચ રેખા ઊઠે, ઉભી છે બે ને ત્રણ ચંદ્રકારે;
જમણી કોરે એક ચિહ્‌ન છે ભાલમાં, ભક્તજન નીરખે તે વારે વારે. ભક્ત૦ ૨
સુંદર મસ્તક શ્રીમહારાજનું, શિખા સુંદર જેમાં જોઈ જ રહીએ;
ત્રણ તિલ છે વળી શિખાને પાસળે, જમણે ભાગે તેને ધારી લઈએ. ભક્ત૦ ૩
મોટો એક તિલ છે વામ વાંસા માંહીં, મોટો એક કેશ છે તેની પાસે;
જમણા વાંસામાંહી આઘો એક તિલ છે, પ્રેમાનંદ નીરખતાં દુઃખ નાસે. ભક્ત૦ ૪

૬૪ પદ-૮/૮

નખશિખ નીરખીને ચિહ્‌ન વર્ણન કર્યા, સંત હરિભકતને નિત્ય ગાવા;
ભકતના ઉર વિષે શ્રીમહારાજની, સુંદર મૂર્તિ સાક્ષાત થાવા. નખ૦ ૧
પુષ્પના ભૂષણ વસન મહારાજનાં, એક પદમાં હવે કહું વખાણી;
ઉજ્જવલ પાઘ શિર શ્વેત પટકો ખભે, શ્વેત ધોતી પેરી પ્રીત આણી. નખ૦ ૨
પુષ્પના હાર ઉર કંકણ પુષ્પનાં, પુષ્પના બાજુ તે બાંધ્યા બાંયે;
પુષ્પના ગુચ્છ તે ખોસ્યા બે કાનમાં, તોરા લટકે સુંદર પાઘ માંહે. નખ૦ ૩
એ પદ જે કોઇ શીખે ને સાંભળે, એ છબીનું નિત્ય ધ્યાન ધરશે;
પ્રેમાનંદ કહે તેના ઉરમાં આવીને, સ્વામી સહજાનંદ વાસ કરશે. નખ૦ ૪

૬૫ **રાગ : રામગ્રી પદ=૬** પદ-૬/૧

**નાથ રહો મારાં નેણમાં, હરિ આવા ને આવા;**
**તન મન જાઉં વારણે, તમ ઉપર માવા..ટેક૦**

રાખીશ જતને જીવમાં, નહિ દઉં જાવા;
દુર્લભ ઘણા છે રાજના, દરશન દેવને થાવા..નાથ૦ ૧
સુંદર મુખ છબી જોઈને, લોભાણાં છે નેણાં;
વહાલાં લાગે છે મુખનાં, મીઠાં મીઠાં વેણાં..નાથ૦ ૨
આંખડલી અમૃતે ભરી, રૂપાળી છે રેખું;
અતિશે આનંદ સુખ ઉપજે, તમને જ્યારે દેખું..નાથ૦ ૩
નખશિખ શોભા અંગની, જોઈ લાજે છે કામ;
પ્રેમાનંદ જોઈ રાજને, આનંદ આઠો જામ..નાથ૦ ૪

૬૬ પદ-૬/૨

ઘરમકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણના આધાર;
નિમખ ન મેલું વેગળા, મારા હૈડાના હાર..ટેક૦
જીવું છું જીવન જોઈને, નેણુંના શણગાર;
જીવત સુખ મારૂં માવ પર, વારૂં વારંવાર..ધર્મ૦ ૧
રૂપ શીલ ઉદારતા, ગંભીર ગુણધામ;
મૂરતિ તમારી માવજી, ભક્ત પૂરણકામ..ધર્મ૦ ૨
ભાગ્ય મારા શું રે વર્ણવું, કહ્યામાં નાવે;
મુનિવરને મોંઘા ઘણા, તે ભેટયા મુને ભાવે .. ધર્મ૦ ૩
અનેક જનમને આદરે, આંખડલીને આગે;
આ ઊભા અલબેલડો, પ્રેમાનંદ પાય લાગે..ધર્મ૦ ૪

૬૭ પદ-૬/૩

આજ સફળ થઈ આંખડી, જોઈ છબી સુખકારી;
શોભા શ્રીઘનશ્યામની, ત્રિભુવનથી ન્યારી..ટેક૦
ભાલ વિશાળમાં શોભતી, કેસર કેરી આડ;

ચાંદલિયો કંકુ તણો, જોયા કેરી ચાડ..આજ૦ ૧
ભ્રકુટી વાંકી નાસા નમણી, લોચન રંગચોળ;
શોભે છે ચિતડું ચોરતા, રૂડા કરણ કપોળ..આજ૦ ૨
નાની નાની મુહર ફૂટતી, અધરબીંબ રૂડા;
હસતું વદન જોઈ જીવમાં, ઘાટ નવ થાયે કૂડા..આજ૦ ૩
ચિબુકતણી શોભા ઘણી, કંઠ કંબુ સમાન;
ઉન્નત ઉર છબી નિરખે, પ્રેમાનંદ ધરી ધ્યાન..આજ૦ ૪

૬૮ પદ-૬/૬

શોભા શ્રીઘનશ્યામની, વર્ણવ્યામાં નાવે;
નિત્ય નવી વર્ણવે શેષજી, તોયે પાર ન પાવે..ટેક૦
શ્વેત વસન શોભે ઘણા, સર્વે અંગે હરિને;
શ્વેત પાઘ શિર ઉપરે, બાંધી પ્રીત કરીને..શોભા૦ ૧
શ્વેત અંગરખી અંગમાં, ઓઢયો શ્વેત દુશાલો;
શ્વેત ધોતીને શોભાડતા, શોભે ધર્મનો લાલો..શોભા૦ ૨
શ્વેત હાર તોરા પાઘમાં, કડાં બાજુ બિરાજે;
શ્વેત શોભા સર્વે અંગમાં, જોઈ રતિપતિ લાજે.. શોભા૦ ૩
શ્વેત વસન શ્વેત ભૂષણ, સદા શ્રીહરિ ધારે;
એ છબી નિત નિત નીરખી, પ્રેમાનંદ પ્રાણ વારે..શોભા૦ ૪

૬૯ રાગ : ભૈરવી પદ=૪ પદ-૪/૧

મેં તો ગુનેગાર તેરા રે, હો સ્વામિન્ મેરા રે... ટેક૦
હું ગુનેગાર તેરા કીરતાર, દે શરન ચરન કેરા રે. મેંતો૦ ૧

અધમ ઓધારન પતિતજન પાવન, મેટત ભવફેરા રે. મેંતો૦ ૨
યેહી બિરુદ ઘનશ્યામ સુની તેરા, કીનો ચરન ડેરા રે. મેંતો૦ ૩
પ્રેમાનંદ કે' પ્રભુ ભવસાગર સેં, પાર કરો બેરા રે. મેંતો૦ ૪

૭૦ પદ-૪/૨

મેરી તકસીર કરીયો માફ, હો હરિ જગ વ્યાપ...ટેક૦
બહુત બની તકસીર મેરે સેં, સબ વિધિ જાનત આપ. મેરી૦ ૧
હમ અપરાધી જીવ જનમ કે, કહા બરનું કહી પાપ.મેરી૦ ૨
સ્થાપન ધર્મ ધર્મકુળ પ્રગટે, અધર્મ કરન ઉથાપ. મેરી૦ ૩
પ્રેમાનંદ તર્યો ભવસાગર, તેરે ચરન પ્રતાપ. મેરી૦ ૪

૭૧ રાગ : ભૈરવી પદ=૪ પદ-૪/૧

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજ રે;
કર રે મન ચરણ વાસ, જકત આશ તજ રે..સ્વામિ...ટેક૦
નારદ-સનકાદિક સિદ્ધ, ભજત જાહી અજ રે;
શારદ શેષ-આદિ નિગમ, ગાવત ઊઠી ફજ રે.. સ્વામિ૦ ૧
પુરૂષોત્તમ પ્રગટ આજ, નટવર તનુ સજ રે;
કાળ-ઝાળ નાશ હોત, ધરત ચરણ ધ્વજ રે..સ્વામિ૦ ૨
અજામિલ ગણિકાદિક, તાર્યો જીન ગજ રે;
અનંત આજ મુકત હોત, દેખત ભરી નજ રે..સ્વામિ૦ ૩
પ્રેમાનંદ સરવસ ફળ, સહજાનંદ ભજ રે;
સર્વોપરી જાત જીતી, ત્રંબક ઠોર બજ રે..સ્વામિ૦ ૪

૭૨ પદ-૪/૨

હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે,
હમારે મન સ્વામિનારાયણ, દૂસરો ન ભાવે-હમ..ટેક૦
તપ તીરથ સાધનમેં સ્વપને નહિં જાવે;
જેસે કોઉ ધૃત છાંડ, છાછ કોં ન ખાવે..હમ૦ ૧
અણિમાદિક અષ્ટ સિદ્ધિ, મુક્તિ કું ન ચાવે;
સબકો ફળ સહજાનંદ, ચરન ચિત્ત લાવે..હમ૦ ૨
સહજાનંદ જાપ સે ત્રિય તાપ કો બુઝાવે;
ઈનહિ કે પ્રતાપ સે, અપાર ગતિ પાવે..હમ૦ ૩
આગમ નિગમ કઠિન રહસ્ય, હમે ન સમઝાવે,
પ્રેમાનંદ સાર સુગમ, સહજાનંદ આવે..હમ૦ ૪

૭૩ પદ-૪/૩

હમ તો એક સહજાનંદ, ચરન કે ઉપાસી;
લગન મગન મતવારે, છોડી સબ આશી. હમ..ટેક૦
અડસઠ અબ કોન કરે, કોન ફીરે કાશી;
અષ્ટ સિદ્ધિ આદિક, ચઉ મુક્તિ સે ઉદાસી.. હમ૦ ૧
ચૌદ લોક ભોગ કે સુખ, જાને સબ ફાંસી;
સહજાનંદ પદ પંકજ, મકરંદ કે પ્યાસી..હમ૦ ૨
ચરન કમલ રસ લોભિત, મતિ સેં ઉજાસી;
નારદ સનકાદિક મધુપ, ગુંજત બનબાસી..હમ૦ ૩
પુરૂષોત્તમ સહજાનંદ, જાને સુખરાશી;
પ્રેમાનંદ આયો શરન, ચરન કો નિવાસી..હમ૦ ૪

૭૪ પદ-૪/૪

હમ તો હરિ સહજાનંદ, રૂપ સેં મતવારે;
હમારે સુખ સંપત્ત એહી, પ્રાણજીવન પ્યારે..હમ..ટેક૦
ભાવે કોઈ સુંદર કહો, ભાવે કહો કારે;
હમ કું યેહી રૂપ બિના, ઓર સકળ ખારે..હમ૦ ૧
દેહન મેં પ્રાનપિયા, નેનન મેં તારે;
ઈન હી પર તન મન ધન, વારી વારી ડારે..હમ૦ ૨
હમારે યેહી કરમ રેખ, ટરત નહી ટારે;
યેહી કારણ મહા મુનિજન, કોટિક પચી હારે..હમ૦ ૩
પ્રેમાનંદ નિગમાગમ, કહત હે અપારે;
સહજાનંદ શ્યામસુંદર, નીરખી ઉર ધારે..હમ૦ ૪

આવો રે વાલા હું તો તારા પદ=૪

૭૫ રાગ : પ્રભાતી પદ-૪/૩

સખી રે શ્યામળિયે વાલે મુને, મોહની લગાડી રે;
વાલાજીને જોવાને, જાઈશ હું તો દાડીરે. સખી૦ ૧
ચિત્તડાં ચોર્યા છે મારાં, છેલ વર છબીલે રે;
હવે હું તો રહી ન શકું, જાઈશ નંદને ફળીયે રે. સખી૦ ૨
ઘોડલાં ખેલવશે વાલો, સાંભળ સૈયર મારી રે;
ત્યારે હું તો જાઈને, બેસીશ સામી બારી રે. સખી૦ ૩
મુજ સામું જોશે હેતે વાલો, ઊભા રહીને રે;
શ્યામળીયો બોલાવશે મુજને, પ્રેમસખી કહીને રે. સખી૦ ૪

૭૬ પદ-૪/૪

વિસરી માં જાજો વાલા મને, શ્યામળિયા ગિરધારી રે;
વારે વારે કહું છું વાલા, અરજ એ છે મારી રે. વિસરી૦ ૧
અમ જેવા ઘણા તમને, મને આશા તમારી રે;
તે માટે રાખજો વાલા મને, પોતાની સંભારી રે. વિસરી૦ ૨
અધર અમૃત પાજો, રસિયા બોલાવી રે;
પાતળીયા પાવન કરજો, મંદિર મારે આવી રે. વિસરી૦ ૩
પ્રેમસખી મોહી છે વાલા, રાજીવ નેણે રે;
બીજું નવ માગું વાલા, બોલાવજો મીઠે વેણે રે. વિસરી૦ ૪

૭૭ રાગ : બિભાસ- પ્રભાતી પદ=૪ પદ-૪/૧

શોભાસાગર શ્યામ તમારી, મૂરતિ પ્યારી રે;
મૂરતિ પ્યારી રે નાખું મારા, પ્રાણ વારી રે...ટેક૦
સુંદરતા જોઈ મુખની શશી, સુર લજાઈ રે;
મુખ દેખાડી નવ શકયા, વસ્યા ગગન જાઈ રે. શોભા૦ ૧
માન હર્યું મણિધરનું, શિખા કેશ કાળે રે;
અવની ઉપર રહી નવ શકયા, ગયા પાતાળે રે. શોભા૦ ૨
ચંચળ લોચન જોઈને લજ્જા, પામ્યાં તીન રે;
ખંજન કુરંગ વને વસ્યાં, જળે બૂડયા મીન રે. શોભા૦ ૩
ચાલ ચતુરાઈ જોઈને, ગજ કરે ધિક્કાર રે;
પ્રેમાનંદ કહે શિર નાખે, ધૂળ વારંવાર રે. શોભા૦ ૪

૭૮ પદ-૪/૨

વાલી લાગે વાલમ તારા મુખની વાણી રે;
મુખની વાણી શ્રવણે સુણી, હું લોભાણી રે...ટેક૦
મુખની વાણી સાંભળી, તજી ચંચળતાઈ રે;
સ્થિર થઈને નિત્ય સેવે, ચરણ રમા ડાહી રે. વાલી૦ ૧
મુખની વાણી સાંભળી, રાચ્યા સુંદર રૂપે રે;
જગત સુખને પરહરી, લીધો ભેખ ભૂપે રે. વાલી૦ ૨
વાણી સાંભળી સનકાદિકે, લીધી હૈયે ધારી રે;
ઘરથી ઘર ન માંડિયું, રહ્યા બ્રહ્મચારી રે. વાલી૦ ૩
મુખની વાણી સાંભળી, મારે પ્રીત બંધાણી રે;
પ્રેમાનંદ કહે તન મન, કરું કુરબાણી રે. વાલી૦ ૪

૭૯ પદ-૪/૩

ઓરા આવો છેલ તમારૂં છોગલું જોઉં રે;
છોગલું જોઉં રે છેલા મારા, મનમાં પ્રોઉં રે...ટેક૦
છોગલું તારું અટકયું મારા, ઉરમાં આવી રે;
મોહન તારી મૂરતિ, મારા મનમાં ભાવી રે. ઓરા૦ ૧
મુખતણે મરકલડે, મુને ઘેલડી કીધી રે;
સામું જોઈ તમે શામળા, સૂધ બુધ લીધી રે. ઓરા૦ ૨
સૂધ ભૂલી શરીરની, દિલ કયાંઈ ન ગોઠે રે;
મનડું વેંધ્યું માહરૂં, નેણાની ચોટે રે, ઓરા૦ ૩
એટલું તો હવે કરજો, માણીગર માવા રે;
પ્રેમાનંદના નેણમાં રહો, આવા ને આવા રે. ઓરા૦ ૪

૮૦ પદ-૪/૪

કાન તમારે કારણે હું તો, ઘેલડી ડોલું રે;
ઘેલડી ડોલું રે તમ વિના, બીજું ન બોલું રે...ટેક૦
લોકડિયાની લાજ મેલી, સંસારથી તોડી રે;
મન કર્મ વચને માવજી, તમ સાથે જોડી રે. કાન૦ ૧
બીક મેં તો સંસારની સર્વે, કાઢી બારી રે;
રાજીવ લોચન રસિયા, થઈ રહી તમારી રે. કાન૦ ૨
તમે મારા હું તમારી, દુરિજન ન જાણે રે;
પ્રીતમ વાતું પ્રેમની, નવ મળે નાણે રે. કાન૦ ૩
રાજી રહેજો રસિયા કહેવું, ઘટે તે કહેજો રે;
પ્રેમાનંદના નાથજી, દર્શન દેજો રે. કાન૦ ૪

**૮૧ રાગ : રામકલી પ્રભાતી પદ=૪ પદ-૨/૧**

વેલેરી ઊઠીને વાલાજીનું વદન નિહારૂં;
જોઈને કમળમુખ દુઃખ દૂર વિસારૂં રે. વેલેરી ૦ ૧
વદન વાલાજીનું અતિ સુખકારી;
નિરખી નિરખી જાઉં હું તો સરવસ વારી રે. વેલેરી ૦ ૨
મુખડું જોયા વિના પાણીયે ન પીવું;
પ્રાણજીવનને હું તો જોઈ જોઈ જીવું રે. વેલેરી ૦ ૩
પ્રાણજીવન જોવા મેં તો જનમ ધર્યો છે;
જુઠો રે સંસારીયો સર્વે ત્યાગ કર્યો છે રે. વેલેરી ૦ ૪
પ્રેમાનંદના સ્વામીને કાજે મેલ્યાં છે;

સંસારીયાં સઉ બળતામેં દાઝે રે. વેલેરી ૦ ૫

૮૨ પદ-૨/૨

વાલાજી જોવાને હું તો વેલી ઝબકીને જાગી;
આવીને ઉભી છું બાઈ હું તો ખડકીએ લાગી રે. વાલા ૦ ૧
ખડકીએ ઉભી ઉભી હરિનાં ગુણલાં રે ગાવું;
નિરખી જીવન તનડાના, તાપ સમાવું રે. વાલા ૦ ૨
વાલોજી દીસે છે બાઈ શોભાના રે ધામ;
મોહનજીને મળવાને મને આવ્યો છે રે કામ રે. વાલા ૦ ૩
વાલાજીને જોઈને લોભાણી મતિ મારી;
મનડું કરે છે મળવા હું રાખું વારીવારી રે. વાલા ૦ ૪
પ્રેમાનંદના સ્વામીને જોઈ;
મગન થઈ છું બાઈ હું તો અંગોઅંગ મોઈ રે. વાલા ૦ ૫

૮૩ રાગ : ભૈરવી પદ= ૩ પદ-૩/૧

ભોર ભયે ઊઠી ભકિતમાત નિત, શ્રી ઘનશ્યામ જગાવે,
ઊઠો લાલ ધન માલ નયનકે, ખેલન બાલ બોલાવે...ભો૦
શારદ નારદ મુનિ સનકાદિક, વેદ વિમલ જશ ગાવે,
મગન ભયે મહાદેવ મનોહર, ડમરુ ડાક બજાવે...ભો૦ ૧
તવ પદપંકજરેણું રસિક જન, સુર નર શીશ ચડાવે,
દરશ પરશ કરી હરસ બઢાવત, તનકે તાપ બૂઝાવે...ભો૦ ૨
જનમન રંજન ભવદુઃખ ભંજન, ખંજન નયન ખોલાવે,
પીત બસન કટિ કસન હસન મુખ, જીવનપ્રાન જીમાવે...ભો૦ ૩

મેવા મિસરી પાક મીઠાઇ, કંચન થાર ધરાવે,
દેવાનંદ સોઈ ધર્મકુંવર પર, બારબાર બલ જાવે...ભો૦ ૪

૮૪ રાગ : બિભાસ

સહજાનંદ સુજાન ભેટી, ભ્રમના ભાંગી રે. સ૦ ટેક
છબી અલૌકિક છેલની, જોઈ જગથી ન્યારી રે;
વશ થઈ ગઈ વાતમાં, ચડી પ્રેમ ખુમારી રે...સ૦ ૧
આંખડલી અલબેલની, બિના કાજલ કાળી રે;
ચોટ લગાડી ચિત્તમાં, મુજ સામું ભાળી રે...સ૦ ૨
મંગલકારી મુખડું, હેત હાસ ભરેલું રે;
કોટિ શશી કરું વારણે, ઉરમાં ધરેલું રે...સ૦ ૩
અધર બિંબ પ્રવાલાની, ઉપમા લજાવે રે;
દેવાનંદના નાથની મૂર્તિ, મનમાં ભાવે રે...સ૦ ૪

૮૫ રાગ : પ્રભાતી કેદારો પદ=૪ પદ-૪/૧
(કીજીએ ધ્યાન શ્રી ધર્મના કુંવરનું, એ ઢાળ)

દીન દયાળુ ગુરુદેવ દામોદર, કૃપાનિધિ કૃષ્ણ કહાવે;
કરુણા દૃષ્ટિ કરી, જનને જુવે હરિ,
દાસના દોષ હરિ હૈયે ન લાવે... દીન૦ ટેક. ૧
કોટિ અપરાધ તે જનના કાપવા, આપવા આનંદ હરિ હૈયે હીસે;
કૈંક કંગાલ ને તારવા નાથજી, આજ મહારાજની મરજી દીસે. દીન૦ ૨

અખિલ બ્રહ્માંડના અધમ ઉદ્ધારવા, પૂરણ પરબ્રહ્મે પણ લીધું;
પતિત એકે કોયે નરકમાં નવ પડે, આજ અલબેલડે એમ કીધું. દીન૦ ૩
મન કર્મ વચને સત્ય કરી માનજો, અસત્ય મિથ્યા અમે શીદ ભાખું;
નિષ્કુળાનંદ હરિ નિત્ય ઊઠી ચિંતવે, આવે અધમ કોઈ શરણ રાખું. દીન૦ ૪

૮૬ પદ-૪/૨

ટેવ પડી તમને અધમ ઉદ્ધારવા, એહ વિના બીજું કાંય ન સુઝે;
અખંડ અવતાર તે અધમ ઉદ્ધારવા, એહ મર્મને કોય સંત બૂઝે...ટેવ૦ ૧
નરતનુ ધારી એવું નાવડે નાથજી, કોઈ જીવનું અકાજ કરતાં;
ભાવે-કભાવે કોઈ તમને ચિંતવે, તેહના પાપ તમે તર્ત હરતા...ટેવ૦ ૨
જેમ રવિના ઘરમાં રજની નવ મળે, તો આરાધ્યે અંધારું ક્યાંથી આપે;
જાણ્યે અજાણ્યે જેમ અમૃતપાનથી, જનમ મરણ અંગે નવ વ્યાપે...ટેવ૦ ૩
પોતાના ગુણ તે કોઈ નવ પરહરે; જેહમાં જેહવો ગુણ રહ્યો;
નિષ્કુળાનંદ નર તન ધરી નાથજી, અધમ ઉદ્ધારણ એવો ગુણ ગ્રહ્યો...ટેવ૦ ૪

**૮૭ રાગ : ધોળ-પ્રભાતીપદ= ૨ પદ-૨/૧**

**સૂતાં ઊઠી રે સમરૂં સહજાનંદ કે વેણલાં ભલે વાયા રે;**
**અંતર ઉપજયો રે, અતિશે આનંદ કે...વેણલાં૦ ૧**
**નયણે નીરખી રે, રંગભીનાનું રૂપ કે...વેણલાં૦**
**પ્રીતે પોંખ્યા રે, બ્રહ્મ મહોલના ભૂપ કે...વેણલાં૦ ૨**
**ઊર્ધ્વરેખા રે, બે ચરણમાં જોઈ કે...વેણલાં૦**
**તેને નીરખી રે, મનડું રહ્યું મોઈ કે...વેણલાં૦ ૩**
**નખમણિયું રે, જુગલ ચરણની જોડ કે...વેણલાં૦**

ગોળ ઘુંટિયું રે, પૂરે મનડાના કોડ કે...વેણલાં૦ ૪
જંઘા જાનું રે, જોયા સાથળ સાર કે...વેણલાં૦
નાભી ઊંડી રે, અજ ઉપજયા જે ઠાર કે...વેણલાં૦ ૫
પેટ પોયણ રે, જોયા ત્રણે વળ કે...વેણલાં૦
એવા ચિહ્નની રે, કૃષ્ણાનંદને કળ કે...વેણલાં૦ ૬

૮૮ પદ-૨/૨

હૃદયે જોયું રે કમળા કેરૂં ધામ કે...વેણલાં૦
કંઠ કંબુ રે નીરખું આઠો જામ કે...વેણલાં૦ ૧
દંત દેખી રે દાડમ કેરાં બીજ કે...વેણલાં૦
જીહ્વા જોઈ રે જાણે ઝબુકે વીજ કે...વેણલાં૦ ૨
નાસા નીકટ રે ટીબકડી છે શ્યામ કે...વેણલાં૦
તેને જોતાં રે નેણે નીંદ હરામ કે...વેણલાં૦ ૩
વામ કરણે રે તીલ શ્યામ સોહાય કે...વેણલાં૦
તેને જોતાં રે શોભે સંતોના રાય કે...વેણલાં૦ ૪
ભાલ વચ્ચે રે રેખા તિલક આકાર કે...વેણલાં૦
મસ્તક ઉપર રે ફુલડાં કેરા હાર કે...વેણલાં૦ ૫
કર જુગલ રે કોણીયું બે શ્યામ કે...વેણલાં૦
કૃષ્ણાનંદની રે પૂરી હૈડાની હામ કે...વેણલાં૦ ૬

## ૮૯ રાગ : બિલાવર પ્રભાતી પદ-૧

ધર્મ સુત નામ ઘનશ્યામ નિર્મળ છબી, જેહ નવરસ તણી છે ભરેલી;
નવ રસે નૌતમ ભિન્ન ચેષ્ટા કરી,

સહુની ચિત્ત-ચોરે વૃત્તિ હરેલી-ધર્મ૦૧
સુખદ શૃંગાર ધરી ચિત્ત-ચોરે હરિ, મદનમદહારી શોભા ધરેલી;
મંદ મુખહાસ અવિનાશ કરી દાસની,
પાસ રંજન ગિરા, ઉચ્ચરેલી-ધર્મ૦૨
દુઃખી કદી કોઈને દેખી કરુણાનિધિ, નેણથી નેક વૃષ્ટિ ખરેલી;
સંત સુર કષ્ટ સુણી રૌદ્ર ધરી રૂપને,
કોપથી દષ્ટિ કરડી કરેલી-ધર્મ૦૩
કામ ને ક્રોધ મદ વીરને વશ કર્યા, પગ તણી ઠોકરે ઠીક ઠેલી;
કનક કાંતા તણી ખૂબ નિંદા કરી,
જાણી બીભત્સ વૃત્તિ કરેલી-ધર્મ૦૪
અધિક ઉરમાંહી ભય પામી પશુ પક્ષીથી, મનુષ્યલીલા અતિ આદરેલી;
આપી પરચા અતિ ભક્તરક્ષણ કર્યું,
એહ અદ્‌ભુત છટા વાપરેલી-ધર્મ૦૫
જ્ઞાન આપી અતિ શાંત અગણિત કર્યા, જ્ઞાનની વૃષ્ટિ મુખથી ઝરેલી;
જોઈ જગદીશ કહે મૂર્તિ નવ રસમયી,
વીસરે કેમ ઉર ઊતરેલી ?-ધર્મ૦૬

## ૯૦ સ્તુતિ

દુઃખ હરિજનનું દિલે ધરો છો , સુખનિધિ શ્યામ સહાયતા કરો છો;
તદપિ ભજન જે કરે ન ભાવે, નહિ નરજાતિ કુજાતિ તે કહાવે ।
પ્રભુ તવ મૂરતિ વિનોદકારી, પળ પણ વિસરે નહિ જો વિસારી;
જુગલ ચરણ સોળ ચિહ્‌ન જેહ, નજર સમીપે રહો અમારી તેહ ॥

## ૯૧ શ્રીહરિલીલામૃત દશ કળશ સાર

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો, લૈ તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે, બે દેશ ગાદી કરી,
અન્તર્ધાન થયા લીલા હરિતણી, સંક્ષેપમાં ઉચ્ચરી. ૧
વંદુ શ્રી હરિકૃષ્ણ ધર્મસદને, જૈ જન્મ જેણે ધર્યો,
કૃત્યાનો વળી કાળીદત્ત ખળનો, જેણે પરાજય કર્યો;
કીધાં બાલચરિત્ર અદ્‌ભુત અતિ, જેને અયોધ્યા પ્રતિ,
માતાને પછી તાતને પણ દીધી, દુર્લભ્ય દિવ્યા ગતિ. ૨
વંદુ શ્રી વરણીન્દ્ર વેશ ધરીને, જે તીર્થમાં જઇ ફર્યા;
દૈવીને નિજજ્ઞાન દાન દઈને, દુષ્ટો વિનષ્ટો કર્યા;
હિમાદ્રિ પુરુષોત્તમાખ્ય પુરી જઈ, શ્રીસેતુબંધે ગયા,
કાંચીથી ગુજરાત પ્રાંત થઈને, જે લોજમાં જૈ રહ્યા. ૩
વંદુ જે હરિ લોજ માંહી શીખવી, અષ્ટાંગયોગી કળા,
રામાનંદ પ્રતિ સુપત્ર લખિયો, તે પીપલાણે મળ્યા;
દેખાડયો ગુરુને પ્રતાપ નિજનો, ને ત્યાં જ દીક્ષા લીધી,
સ્વામીએ ધુર સંપ્રદાયતણી તો, જૈ જેતપુરે દીધી. ૪
વંદુ જે હરિએ પ્રતાપ નિજનો, સૌરાષ્ટ્ર દેશે ઘણો,
દેખાડયો કરી મગ્નિરામ જનને, આશ્રિત પોતાતણો;
ધામો શુદ્ધ સમાધિમાં સુજનને, દેખાડિયાં દષ્ટિએ,
લાખો વિપ્ર જમાડિયા જન સુખી, કીધાં કૃપાદષ્ટિએ. ૫

વંદુ જે હરિ દુર્ગપત્તન રહી, ત્યાં ભૂપનાં ધામમાં,
સ્થાપી ઉત્તમ વાસુદેવ પ્રતિમા, રંગે રૂડા શ્યામમાં;
સૌરાષ્ટ્રાદિ વિશેષ દેશ ફરીને, દુર્ગાખ્ય પૂરે રહ્યા,
જેને આ જગમાંહી દુર્ગપુરના, વાસી વિશેષ કહ્યા. ૬
જેણે જેતલપત્તને મખ કર્યો, લાચાર લોલંગરો,
કીધો યજ્ઞ ડભાણમાં વળી ભલો, વૌઠે સમૈયો કર્યો;
જઈને ધર્મપુરે સ્વધર્મ ચલવ્યો, વૃત્તાલયે આવીને,
કીધા ઉત્સવ શ્રેષ્ઠ તેહ હરિને, વંદુ દિલે લાવીને. ૭
જેણે સુંદર શ્રેષ્ઠ ધામ રચિયાં, આચારજો સ્થાપિયા,
શિક્ષાપત્રી રચી સ્વધર્મ સહુના, જુદા કરી આપિયા;
કીધો સુરતમાં વિજૈ વળી કર્યો, વિવાહ રાજા તણો,
વંદુ તે પ્રભુને અખંડ ઉરમાં, ઉત્સાહ આણી ઘણો. ૮
વૃતાલે કરી પુષ્પદોલ વિચર્યા, ભાવાખ્ય પુરે હરિ,
ચૈત્રેથી ગઢડે રહ્યા વૃતપુરે, જૈ કાર્તિકી ત્યાં કરી;
મુંબૈના પતિને મળ્યા નૃપગઢે, આચાર્ય હસ્તે વળી,
સ્થાપ્યા શ્રીરણછોડજી વૃતપુરે, તેને નમું છું લળી. ૯
આવ્યા અક્ષર મુકત ત્યાં સ્તવન તો, કીધું હરિનું ઘણું,
ત્યારે ધામ વિષે સ્વયં વિચરવા, લીધું ઉદાસીપણું;
દેહોત્સર્ગ કર્યો જણાય ન કર્યો, પ્રત્યક્ષ દીઠા તદા,
લીલા અદ્‌ભુતકારી કૃષ્ણ હરિને, વંદુ સદા સર્વદા. ૧૦

૯૨ રાગ : કાનડો પદ= ૪ પદ-૪/૧

કહાં કહું હરિ કરૂણા તેરી; (૨)
પશુ મીટાઈ મનુષ્ય મોઈ કીનો, અન્ન જળ પોષત સાંજ સબેરી..કહાં૦ ૧
ગર્ભવાસ મહીં પચ્યો અધોમુખ, જઠર અગ્નિ તન દાહ ઘનેરી;
તેહી દુઃખ તે મોંય રાખી લીયો તુમ, નાથ તુમ હી મેરો હાથ ગ્રહેરી..કહાં૦ ૨
બહાર આય ભયો ઉન્મત્ત મેં, જઠર ત્રાસ સબ હી બિસરેરી;
તુમકું ભૂલ ફૂલતો ફીરત હું, કહી ન જાત મૂરખતા મેરી..કહાં૦ ૩
પરાપાર પૂરણ પુરૂષોત્તમ, સો મો કાજ નર દેહ ધરેરી;
બ્રહ્માનંદ કહત પ્રભુ તુમકું, દયાસિંધુ સબ બેદ કહેરી..કહાં૦ ૪

૯૩ પ્રાર્થના

અહો પ્રભુ અચરજ માયા તુમારી, જીસમે મોહે સકલ નરનારી..ટેક૦
બ્રહ્મા મોહે શંકર મોહે, મોહે ઈન્દ્ર બલકારી,
નારદમુનિ સનકાદિક મોહે, દુનિયા કૌન બિચારી..અહો૦ ૧
યોગ કરંતે યોગી મોહે, બનમેં મોહે તપ ધારી,
બેદ પઢંતે પંડિત મોહે, ભુલ ગયે સૂધિ સારી..અહો૦ ૨
પંચ વિષયકી જાલ બિછાઈ, બંધન રચિયા ભારી,
લાલચસે સબ જીવ ફસાયે, નિકલનકી નહીં બારી..અહો૦ ૩
જિસપર કિરપા હોય તુમ્હારી, સો જન ઊતરે પારી,
બ્રહ્માનંદ શરનમેં આયો, લિજીયે મોહે ઊગારી..અહો૦ ૪

૯૪ એકવાર મંદિરે પદ=૪ **પ્રાર્થના** પદ-૪/૧

એકવાર મંદિરે આવો વહાલાજી મારે, એકવાર મંદિરે આવો;
ચિત્તડાં શું લલચાવો, વહાલાજી મારે..ટેક૦
વાટડી જોઉં છું તારી, વહેલા આવો ગિરિધારી;
ભોળાને શું ભરમાવો રે. વહાલાજી૦ ૧
બીજે તે જાઓ છો ઠાલા, અમશું બોલોને વહાલા;
અમ સાથે શો દાવો રે, વહાલાજી૦ ૨
મરમાળે વેણે હરિ, કામણગારે નેણે કરી;
સાનમાં શું સમજાવો રે. વહાલાજી૦ ૩
આજકાલ કહીને હરિ, કોલ દઈને જાઓ છો ફરી;
જીવડલો શું તલસાવો રે. વહાલાજી૦ ૪
ઘોડલા ખેલાવા આવો, વહાલા મારે મન ભાવો;
પ્રેમસખી સાથે લાવો રે. વહાલાજી૦ ૫

૯૫ મોરે મહારાજ મે તો પદ=૪ **રાગ : ઠૂમરી** પદ-૪/૪

તુમ બિના પ્રભુ મેરે ઓર ન કોઈ...ટેક૦
ધર્મકુંવર ઘનશ્યામ દયાનિધિ, જાનોઉં કિંકર રાવરો મોઈ. તુમ૦ ૧
તુમહીં માત-તાત પતિ બંધુ, લાજ શરમ મેરી હે અબ તોઈ, તુમ૦ ૨
અવગુન દોષ બિસારી પ્રાનપતિ, ધરહું શીશ કર પંકજ દોઈ. તુમ૦ ૩
પ્રેમાનંદકે નાથ પૂરો મનોરથ, કરું સેવકાઈ પદ કિંકર હોઈ. તુમ૦ ૪

## ૯૬ સ્તુતિ

જય જય વર્ણિવેશ કલાનિધિ, જય જય વર્ણિવેશ;
શોભિત સદા સુરેશ, કલાનિધિ જય જય વર્ણિવેશ.
જય જય મંગલ કરત મહાપ્રભુ, મંગલમય તવ નામ;
મુક્તિકારન તુમ હી હો, નિલકંઠ સુખધામ...કલાનિધિ૦
જુગ જુગ પ્રતિ પ્રભુ ધરત હો તુમ, લીલા રૂપ અપાર;
ભક્તિ જ્ઞાન સહિત ધરમકો, પાલત વારંવાર...કલાનિધિ૦
તુમ અક્ષરપતિ તુમ યોગેશ્વર, ધર્મવંશ પ્રતિપાળ;
પ્રેમાનંદ કહે અવિનાશી તુમ, પુરન પરમ દયાળ...કલાનિધિ૦

મોહન પ્યારે શ્રી ધર્મ કુમાર પદ=૪

## ૯૭ રાગ ગોડી પદ-૪/૪

શ્યામ હમારે નેંનોકે તારે, સહજાનંદ મહારાજ; શ્યા૦ ટેક.
જુગ જુગ ચિરંજીવો અવનીપર,
ભક્તવચ્છલ પ્રભુ ગરીબનિવાજ. શ્યા૦ ૧
યા કલિજુગકે પતિત સબ તારે, બાંધી ભવાબ્ધિ ઉપર પાજ;
શ્રીઘનશ્યામ પ્રગટી ધર્મકુલ, પ્રેમાનંદકો સાર્યો કાજ. શ્યા૦ ૨

## ૯૮ હો સામરે તુમસે લાગો પદ=૪ રાગ : ભૈરવી પદ-૪/૪

હો રસિયા મેં તો શરન તિહારી; હો રસિયા-ટેક૦
નહિં સાધન બલ વચન ચાતુરી, એક ભરોસો ચરણે ગિરિધારી; હો૦ ૧
કડવી તુંબરીયા મેં તો નીચ ભોમીકી, ગુનસાગર પિયા તુમહી સંવારી; હો૦ ૨
મેં અતિ દીન બાળક તુમ શરને, નાથ ન દેજો અનાથ વિસારી; હો૦ ૩
નિજ જન જાની સંભાલોગે પ્રીતમ, પ્રેમસખી નિત જાયે બલહારી; હો૦ ૪

## ૯૯ ફગવા ભક્તચિંતામણી (પ્ર.૬૪ કડી ૨૨-૩૩)

મહા બળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી;
એવું વરદાન દિજીએ આપે, એહ માયા અમને ન વ્યાપે.॥૧॥
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન;
જે જે લીલા કરો તમે લાલ, તેને સમઝું અલૌકિક ખ્યાલ.॥૨॥
સતસંગી જે તમારા કહાવે, તેનો કે'દિ અભાવ ન આવે;
દેશ કાળ ને ક્રિયાએ કરી, કે'દિ તમને ન ભુલિયે હરિ.॥૩॥
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપિને ન ફરે મતિ;
તમને ભજતા આડું જે પડે, માગિયે એ અમને ન નડે.॥૪॥
એટલું માગિયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે;
વળી ન માગિયે અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ.॥૫॥
કે'દિ દેશો મા દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન;
કે'દિ કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો. ॥૬॥

કે'દિ દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ;
દેશો મા પ્રભુ જકત મોટાઇ, મદ મત્સર ઈરષા કાંઇ. ॥૭॥
દેશો મા દેહ સુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ;
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ. ॥૮॥
દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય;
એ આદિ નથી માગતા અમે, દેશો મા દયા કરીને તમે. ॥૯॥
પછી બોલયિા શ્યામ સુંદર, જાઓ આપ્યો તમને એ વર;
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ. ॥૧૦॥
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ;
એમ કહ્યું થઇ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત. ॥૧૧॥
દીધા દાસને ફગવા એવા, બીજું કોણ સમર્થ એવું દેવા;
એમ રમ્યાં રંગભર હોળી, હરિ સાથે હરિજન ટોળી. ॥૧૨॥

## ૧૦૦ દરશન ક્યારે દેશો પદ-૧

દરશન ક્યારે દેશો રે ડોલરિયા, પ્રિત્યે પ્રાણ મારા તમે હરિયા૦
મોહનવર મુને મંત્ર ભણીને, કેવા જાદુ તમે કરિયા૦
ગોળ કપોળે શામ તીલનું ત્રાજુ, જોવા સારૂ કેડયે કેડયે ફરિયા૦
ભાલ વિશાલમાં રેખા મનોહર, કોટિ ભુવન સુખ ભરિયા૦
દેવાનંદ કહે દયા કરીને, હસી બોલાવીને શામળિયા૦

## ૧૦૧ પ્રાર્થના

કૃપા કરો ભગવાન ભક્તપતિ, કૃપા કરો ભગવાન. ટેક૦
માત ને તાત તુલ્ય તમે છો, સેવક બાળ સમાન;
બાળકના ગુના સામુ ન જોશો, તમે છો કરૂણાનિધાન. ભકતપતિ૦ ૧
બાળક હોય તે બાળક સરખું, અલ્પ મતિ નાદાન;
જનની તેને જરૂર જાળવે, ખૂબ આપે ખાન-પાન. ભક્તપતિ૦ ૨
અન્ય જો કોઈ બાળને દુઃખવે, તેનું કરે અપમાન;
કડવું ઔષધ માતાજી પાયે, થાવા ન દિયે હેરાન. ભક્તપતિ૦ ૩
હરકત હરિને હરેક પ્રકારે, ગુણનિધિ આપો છો જ્ઞાન;
ભગવત સુત સદા તવ સેવક, ધરે તમારૂ નિત્ય ધ્યાન. ભક્તપતિ૦ ૪

## ૧૦૨ રાગ : વણજારો (સ્તુતિ પદ)

નમું પ્રેમવતીના પ્યારા, જય જીવન જગદાધારા...ટેક૦
અતિ અકળ ગતિ છે તમારી, ત્યાં મતિ નહીં પહોંચે અમારી;
અમે સેવીએ ચરણ તમારાં...જય૦.૧
પ્રભુ પ્રૌઢ તમારો પ્રતાપ, છો આપ અપાર અમાપ;
સઘળી સૃષ્ટિ સર્જનારા...જય૦.૨
માયા આદિક શકિત તમારી, જે છે જીવને બંધનકારી;
તેના પ્રેરક તે થકી ન્યારા...જય૦.૩
છો કાળના કાળ કૃપાળ, શરણાગત જન પ્રતિપાળ;

કોટી કારજના કરનારા...જય૦.૪
થાકે વેદ વર્ણવી અનુપ, એવું દિવ્ય તમારું સ્વરૂપ;
તેને જાણે શું ? જીવ બિચારા...જય૦.પ
તમે ભૂપર ધરી અવતાર, કર્યો વેદ ધરમ વિસ્તાર;
માર્યા અસુર દુઃખ દેનારા...જય૦.૬
કાઠી કોળી જે ક્રૂર અપાર,કર્યો ઉધ્ધાર તેનો આ વાર;
એવા છો તમે અધમોદ્ધારા...જય૦.૭
આણી અંતર કરુણા આજ, મળ્યા અમને શ્રીમહારાજ;
દીનબંધુ ધર્મ દુલારા...જય૦.૮
જય જય જય વિશ્વવિહારી, અવતાર તણા અવતારી;
છો ઈષ્ટ અમીષ્ટ અમારા...જય૦.૯

**૧૦૩ રાગ : ગરબી (મારી હુંડી સ્વીકારો...એ ઢાળ છે.)**

**વાલા ભક્તિ ધરમ સુત શ્યામ રે, આવોજી અવતારી;**
**પ્યારા છો પ્રભુ પૂરણ કામ રે, સુણો વિનંતિ મારી,**

**સાખીયો**

કષ્ટ ઘણું દેખી દાસનું રે, કાયર ન થાશો કૃપાળ;
જીવ કોટી મુકત કોટીના, હાંરે તમે રસિયાજી છો રખવાળ રે...આવોજી૦ ૧
અતિ અદ્‌ભુત સૃષ્ટિને રે, રચતા થાકયા નહિ રાજ;
આ એક સેવકને કારણે, હાંરે કેમ આળસ કરી બેઠા આજ રે...આવોજી૦ ૨
સત્યયુગ ત્રેતા દ્વાપરે રે, આવતા આપ અચીર;
આજ કળિકાળ દુષ્ટ છે, હાં રે એમ જાણી બેઠા છો શું સ્થીર રે...આવોજી૦ ૩

એક સેવકને કારણે રે, આગે લીધા અવતાર;
તે વાત શું વિસરી ગયા, હાંરે કેમ આળસ આણી આ વાર રે...આવોજી૦ ૪
આ અવતાર આપનો છે રે, કરૂણામય મહારાજ;
કેડ બાંધી દઢ આ સમે, હાંરે પ્યારા કર્યા છે કોટીના કાજ રે...આવોજી૦ ૫
મુકત મુનિને ઉગાર્યા, ઝેર થકી જગરાય;
મહાવનમાં નદી જળ થકી, હાંરે કરી શ્યામળા જઈને સહાય રે...આવોજી૦ ૬
વ્યાપકાનંદના વચનથી રે, જાણી વણિક અનાથ;
મ્લેચ્છના કરથી મુકાવિયો, હાંરે તમે દામ દઈ દીનાનાથ રે...આવોજી૦ ૭
અખંડાનંદને વન વિષ રે, વાઘ મળ્યા વિકરાળ;
તુર્ત ઉગાર્યા તે કષ્ટથી, હાંરે થવા દીધો નહિ વાંકો વાળ રે...આવોજી૦ ૮
નિષ્કુળાનંદ મુનિને નાથજી રે, તરસ લાગી તેહવાર;
ખારો સમુદ્ર મીઠો કર્યો રે, હાંરે એવા ધન્ય ધન્ય ધર્મ કુમાર રે...આવોજી૦ ૯
સ્વામી ગોપાળાનંદજી રે, જે આદિ અક્ષર રૂપ;
તેની સાથે નિત્ય જમતા, હાંરે વાલા વડોદરામાં અનુપ રે...આવોજી૦ ૧૦
પર્વતભાઈને ઈચ્છા થઈ રે, જોવા નૃસિંહ અવતાર;
આપ ચોવીશ રૂપે થઈ, હાંરે દીધા દર્શન જગત કીરતાર રે...આવોજી૦ ૧૧
જીવુબાઈ ગઢપુરમાં રે, જીવન મુકત જરૂર;
દૂધ પીધું તમે તેહનું યે, હાંરે પ્યારા પ્રેમ આણી ભરપૂર રે...આવોજી૦ ૧૨
જીવરામ વાંકાનેરના રે, જાણી મોટા ભક્તરાજ;
ભરદરિયામાં તારિયા રે, હાંરે તમે જીવન લઈને જહાજ રે...આવોજી૦ ૧૩
અરદેશરજી પારસી રે, સુરતના કોટવાળ;
તેને ઐશ્વર્ય જણાવીને, હાંરે દીધી દીવાનગીરી દયાળ રે...આવોજી૦ ૧૪
વિકટ વેળા અંતકાળની રે, ત્યારે આવો છો દયાળ;

દુઃખ હરવા નિજદાસના રે, હાંરે સાથે લઈ વાહન વિશાળ રે...આવોજી૦ ૧૫
બ્રહ્મપુરે લઈ જાવો છો રે, બિરૂદ સંભારીને શ્યામ;
એવું જાણીને મે આપના, હાંરે પ્રભુ શરણે કર્યો છે મુકામ રે...આવોજી૦ ૧૬
કાળ કર્મ માયા તણો રે, ભય નથી હવે લેશ;
હાથ ઝાલ્યો છે હેતે કરી, હાંરે તમે બળવંત હે ! અક્ષરેશ રે...આવોજી૦ ૧૭
ધ્રુવ તણી જેમ માછલી રે, ધ્રુવ ભણી ખેંચાય;
આપ તરફ વાલા માહ્યરો રે, હાંરે સદા તેમજ પ્રાણ તણાય રે...આવોજી૦ ૧૮
ચંદ્ર ઉગે આકાશમાં રે, જળધિ તણું વધે જોર;
તેમ આનંદ ઉભરાય છે, હાંરે જ્યારે નીરખું છું ધર્મકિશોર રે...આવોજી૦ ૧૯
વારે વારે શું આપને રે, કહેવું કૃપા નિધાન;
સુખદુઃખમાં કરો સહાયતા રે, હાંરે આવી ભક્તવત્સલ ભગવાન રે...આવોજી૦ ૨૦
ગુણને અવગુણ અમ તણા રે, અળગા કરીને અલબેલ;
વિશ્વવિહારીલાલજી, હાં રે આવો છોગાવાળા રંગ છેલ રે...આવોજી૦ ૨૧

## ૧૦૪ વિવિધ મંત્રો

**: ષડાક્ષરમંત્ર :**

**ૐ વિષ્ણવે નમઃ ।**

**: અષ્ટાક્ષરમંત્ર :**

**ૐ નમો નારાયણાય ।**

**: અષ્ટાક્ષરમંત્ર :**

**ब्रह्माहं कृष्णदासोऽस्मि।**

: અષ્ટાક્ષરમંત્ર :

श्रीकृष्ण त्वं गतिर्मम ।

: દ્વાદશાક્ષરમંત્ર :

ॐ नमो भगवते वासुदेवाय ।

: વિષ્ણુગાયત્રીમંત્ર :

ॐ नारायणाय विद्महे ! वासुदेवाय धीमहि !
तन्नो विष्णुः प्रचोदयात् !

: હનુમંત મંત્ર :

ॐ नमो हनुमते भयभंजनाय सुखं कुरुफट स्वाहा ।।

: શરણ મંત્ર :

काल माया पाप कर्म यमदूत भयादहम्।
श्री कृष्ण देव शरणं प्रपन्नोऽस्मि स पातु माम् ।।

: ક્ષમાયાચના મંત્ર :

आहवानं न जानामि न जानामि तवार्चनम् ।
पूजां चैव न जानामि क्षमस्व परमेश्वर ।।१।।
मंत्रहीनं क्रियाहीनं भकितहीणं सुरेश्वर
यत्पूजितं मया देव परिपूर्णं तदस्तु मे. ।।२।।
अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम ।
तस्मात् कारूण्यभावेन, रक्ष मां परमेश्वर ।।३।।
गतं पापं गतं दुःखं दारिद्र्यमेव च ।
आगता सुखसम्पत्तिः, पूण्योहं तव दर्शनात् ।।४।।

अपराध सहस्राणि क्रियंतेऽहर्निशं मया ।
दासोऽयमिति मां मत्वा क्षमस्व पुरुषोत्तम ॥५॥

**: તુલસીમાતા ધારણ મંત્ર :**

तुलसीकाष्ठसम्भूते ! माले ! कृष्णजनप्रिये ।
बिभर्मि त्वामहं कंठे कुरु मां कृष्णवल्लभम् ॥

**: તુલસી તોડવાનો મંત્ર :**

तुलस्यमृतजन्मासि सदा त्वं केशवप्रिये ! ।
केशवार्थे विचिन्वामि वरदा भव शोभने ! ॥

**: પ્રાતઃસ્મરણ :**

પ્રાતઃકાળમાં વહેલા ઉઠવાથી બળ, બુદ્ધિ અને આયુષ્ય વધે છે. દરેક મનુષ્યે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં સૂઈ જવું જોઈએ અને સૂર્યોદય પહેલા બે કલાક વહેલા ઉઠવું જોઈએ.પ્રથમ પોતાના આત્માને ત્રણ દેહથી વિલક્ષણ માની, તે આત્માને વિષે બ્રહ્મ ભાવના કરી, તે આત્માને વિષે મુકત મંડળ સહિત દિવ્ય મૂર્તિ શ્રીહરિકૃષ્ણ મહારાજનું ધ્યાન ધરવું.

**૧૦૫ પ્રાત:પૂજાવિધિ :**

**શારીરિક શૌચ વિધિ :**

મળત્યાગ કર્યા પછી શુદ્ધ મૃત્તિકા તથા જળથી ડાબો હાથ દશ

વખત ધોવો અને બન્ને હાથ ભેગા કરીને સાત વખત ધોવા. પગનાં તળીયાં મૃતિકા અને જળથી ત્રણ વખત ધોવાં. હાથ ધોવાની મૃતિકા અપવિત્ર હાથ વડે ગ્રહણ ન કરવી. કોઈના હાથ પગ ધોતા વધેલી મૃતિકા લઈને હાથ પગ ધોવા નહિ.

### દંત ધાવન વિધિ :

જળથી દાતણ ધોઈને એક સ્થાનમાં બેસીને દાતણ કરવું, પરંતુ ફરતાં ફરતાં ન કરવું. સંજોગોવશાત્ કયારેક દાતણ ન મળે તો,(ઉપવાસના દિવસે દાતણ ન કરવું) જળના ૧૨ કોગળા કરી મુખની શુદ્ધિ કરવી. ઉલ ઉતારીને દાતણની ચીરીયોને ધોઈને એક સ્થાને મુકી દેવી.

### સ્નાન વિધિ :

પ્રાતઃકાળમાં સ્નાન કર્યા વિના મનુષ્ય સૂતકી મટતો નથી પ્રાતઃકાળમાં સ્નાન કરે ત્યારે તે મનુષ્ય દેવનું પૂજન તથા પિતૃ સંબંધી શ્રાદ્ધ તર્પણાદિ કર્મ કરવાને અધિકારી થાય છે હંમેશાં ઠંડા જળથી જ સશકત મનુષ્યોએ સ્નાન કરવું. સ્નાન કરતી વખતે ભગવત્ સ્મરણ આદરપૂર્વક કરવું. સ્નાન કર્યા પછી ધોયેલું એક વસ્ત્ર પહેરવું અને એક બીજું ઓઢવું, ઓઢવાના વસ્ત્ર રહિત પૂજા ન કરવી તથા પેન્ટ - શર્ટ પહેરીને પણ પૂજા ન કરવી.

### પૂજા વિધિ :

ભગવાનની સેવા પૂજા કરવા માટે શુદ્ધ કરેલી પૃથ્વી પર પાથરેલું

ને સારી પેઠે બેસાય એવા આસન ઉપર પૂર્વ મુખે અથવા ઉત્તરમુખે બેસવું. દર્ભાસન,મૃગચર્માસન, ઊનના આસન એ આસનોમાં શ્રેષ્ઠ કહેલાં છે. આસન વગર ભૂમિ પર બેસવાથી પૂજા થતી નથી. માટે ભગવદ્ પૂજા સમયે યોગ્ય આસન ઉપર બેસવું.

**આચમન વિધિ :**

જેમ સ્નાન વડે શરીરની શુદ્ધિ થાય છે, તેમ આચમન વડે પ્રાણની શુદ્ધિ થાય છે. જમણા હાથનો અંગુઠો, જમણી મધ્યમા આંગળીનાં મધ્ય પર્વ ઉપર રાખીને અડદનો દાણો બુડે એટલું જળ જમણાં હાથની હથેળીમાં લઈને, ડાબો હાથ હથેળીને તળે અડકાવીને ત્રણ વખત આચમન કરવું.પહેલા આચમન સમયે "ૐ નારાયણાય નમઃ" બીજા આચમન સમયે "ૐ વાસુદેવાય નમઃ" ત્રીજા આચમન સમયે "ૐ વૈષ્ણવે નમઃ" આ ત્રણ મંત્રો બોલી ત્રણ વાર આચમન કરવું, આચમન કર્યા બાદ શિખા (ચોટલી) બાંધીને હાથ ધોઈ નાખવો.

**તિલક ચાંદલો :**

સત્સંગી પુરુષોએ ઉર્ધ્વપુંડ્ર તિલક અને ચાંદલો કરવો. સધવા સ્ત્રીઓએ કુમકુમનો ચાંદલો લલાટમાં કરવો અને વિધવા સ્ત્રીઓએ કંકુ મિશ્રિત ચંદનથી ગળામાં ચાંદલો કરવો.સત્ શૂદ્રોએ તિલક ચાંદલો લલાટમાં કરવો અને અસત્ શૂદ્રોએ લલાટમાં કેવળ ચાંદલો જ કરવો.લલાટમાં તિલક કરતી વખતે

"ૐ વાસુદેવાય નમઃ" બોલવું, હૃદયમાં તિલક કરતી વખતે "ૐ સંકર્ષણાય નમઃ" બોલવું, જમણા હાથમાં તિલક કરતી વખતે "ૐ પ્રદ્યુમનાય નમઃ" બોલવું અને ડાબા હાથમાં તિલક કરતી વખતે "ૐ અનિરૂદ્ધાય નમઃ" બોલવું. તિલક ચાંદલો કર્યા વિના પૂજનાદિ કરે તો વ્યર્થ થઈ જાય છે.તે તિલક ગોપીચંદ અથવા ચંદન વડે કરવું. તેના મધ્યમાં કુમકુમનો ચાંદલો કરવો. તિલક ચાંદલો કર્યા પછી માનસી પૂજા કરવી. પછી પૂજન શરૂ કરતી વખતે નીચે પ્રમાણે આવાહન મંત્ર બોલવો.

**: આવાહ્ન મંત્ર :**

ઉત્તિષ્ઠોતિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો દયાસિંધો, સ્વેષાં શ્રેયઃ પરંકુરુ ॥
ઉત્તિષ્ઠોતિષ્ઠ ગોવિન્દ, ઉત્તિષ્ઠ ગરુડધ્વજ ।
ઉત્તિષ્ઠ કમલાકાન્ત, ત્રૈલોકયે મંગલં કુરુ ।
આગચ્છ ભગવન્ દેવ, સ્વસ્થાનાત્પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ, સદા ત્વં સન્મુખો ભવ ॥

ઉપરના મંત્રો વડે ભગવાનનું પટ મૂર્તિઓમાં આવાહન કરવું. પછી પોતાના નિયમાનુસાર શ્રીસ્વામિનારાયણ મહામંત્રની માળા ફેરવવી. પૂજા કરતી વખતે કોઈ સાથે વાત ન કરવી. પછી તપની એક માળા એક પગે ઉભા રહીને ફેરવવી. પછી પ્રદક્ષિણાઓ કરવી. પછી પુરુષોએ આઠ અંગે સહિત સાષ્ટાંગ દંડવત્ ઓછામાં ઓછા

૬ ભગવાનની પ્રતિમાને કરવા બહેનોએ પાંચ અંગે સહિત પંચાગ પ્રણામ કરવા, પછી ભગવાનની પ્રાર્થના નીચે મુજબ કરવી.

**: ક્ષમાયાચના મંત્ર :**

અપરાધ સહસ્રાણિ ક્રિયંતેડહર્નિશં મયા ।
દાસોડયમિતિ માંમત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ ॥

ઉપરના મંત્રથી બે હાથ જોડી પ્રાર્થના કર્યા બાદ વિસર્જન મંત્રથી પૂજાની સમાપ્તિ કરવી.

**: વિસર્જન મંત્ર :**

સ્વસ્થાનં ગચ્છ દેવેશ, પુજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામ પ્રસિધ્યર્થં, પુનરાગમનાય ચ ॥

ઉપરનો મંત્ર બોલી પૂજાની સમાપ્તિ કરી શિક્ષાપત્રીનો પાઠ કરવો, પછી ગુરુમંત્રની માળા ફેરવવી પછીથી મંદિરમાં જઈને દેવદર્શન અને સંતો, ભકતોનાં દર્શન કરવાં. પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું.

## ૧૦૭ માનસી પૂજાની વિધિ

**૧.પ્રાતઃકાળની માનસી પૂજા**

પ્રથમ પોતાના આત્માને વિષે મુકત મંડળ સહિત દિવ્ય મૂર્તિ શ્રી હરિનું ધ્યાન કરવું. શ્રીહરિ પલંગમાં પોઢ્યા છે, એમ ભાવના કરી પ્રાર્થના-કીર્તન કરીને જગાડવા ત્યાર પછી મનુષ્ય લીલાના સ્મરણ માટે ભગવાનને, દંતધાવનાદિ ક્રિયા કરાવવી ને ઋતુ અનુસાર ઘણા જળથી સ્નાન કરાવવું, ત્યાર બાદ ઋતુ અનુસાર શ્રીજીના દરેક અંગમાં યથાયોગ્ય વસ્ત્ર અલંકાર ધારણ કરાવવા, ત્યારબાદ ઋતુ અનુસાર ચંદનાદિક ઉપચારોથી શ્રીજીની પૂજા કરવી. ઋતુ પ્રમાણે પુષ્પના હાર ધરાવવા, ત્યાર પછી પોતાને મન ભાવતા ભોજન ભગવાનને ધરાવવા. સાકર, કેસર, કસ્તુરી, બદામ વગેરેથી યુકત ઉકાળેલ દૂધ તથા મગસ,જલેબી, અડદીયા, પુરી, વગેરે પકવાનો તથા રોટલા, ઘી, સાકર, માખણ, અથાણા વગેરે શ્રીજીને જમાડવા અને જળપાન કરાવી પાનબીડું, તજ,એલચી, લવીંગ, સોપારી, જાવંતરી વગેરે મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી પ્રદક્ષિણા,દંડવત્,પ્રણામ,સ્તુતિ આદિક કરીને શ્રીહરિને મળવું, પ્રસાદીના ભોજનથી મુકતોને જમાડવા અને મને પણ શ્રીહરિએ એ પ્રસાદ આપ્યો તે હું જમ્યો એવી ભાવના કરવી. શ્રીહરિ મારા આત્મામાં વિરાજમાન છે. અથવા મુકતોની સભામાં વિરાજમાન છે. અને હું તેમની સેવામાં હાજર છું,એમ ભાવના કરી પ્રથમ માનસી પૂજા પૂર્ણ કરવી.

**૨.મધ્યાહ્‌ન (બપોર) વખતની માનસી પૂજા**

ભોજન કરાવતી વખતે અક્ષરધામ રૂપ પોતાના આત્મામાં વિરાજી રહેલા શ્રીહરિનું ચિંતવન કરી શ્રીહરિને ભોજનને અનુકુળ પીતામ્બર, ખેસ, આદિ વેષ ધારણ કરાવવા. પછી બાસુંદી, દૂધપાક, શીખંડ, પૂરી, મૈસુબ, મોહનથાળ, સાટા, જલેબી, ગુલાબજાંબુ, પુરણપોળી, શીરો, કંસાર, માલપુવા, એ આદિક વિવિધ પ્રકારના પાક, શાક, તથા અથાણાં, ભાત, દાળ, દહીં, દૂધ વગેરે ભોજનો સુવર્ણનાં બાજોઠ પર કંચનના થાળમાં ધારણ કરવા અને ત્યાર પછી શ્રીસહજાનંદ સ્વામી મહાપ્રભુને બેસવા માટે સુવર્ણનો બાજોઠ મુકીને તેના ઉપર એક મખમલનું કે કસુંબલનું  આસન પાથરીને શ્રીહરિને ભોજન કરવા બોલાવવા “હે મહારાજ ! હે ભકતવત્સલ ! હે ભગવન્ ! મેં સર્વ પ્રકારના ભોજનો તૈયાર કરેલ છે. માટે આપ કૃપાળુ જમવા પધારો.” એમ પ્રાર્થના કરીને શ્રીજીને સુવર્ણના બાજોઠ ઉપર બેસાડીને ચંદન, અક્ષત્, પુષ્પાદિકથી પૂજવા, પછી સુવર્ણના થાળમાં રહેલાં ચાર પ્રકારના જે ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય ભાવતા ભોજનો તે શ્રીજીને જમાડવા ત્યાર પછી જમીને તૃપ્ત થયેલા જાણીને આચમન સહિત જળપાન કરાવીને દરેક પ્રકારના મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી, પ્રદક્ષિણા, દંડવત્ સ્તુતિ, એ આદિક કરી શ્રીજીને મળવું. ત્યાર પછી પ્રસાદિના ભોજનોથી મુકતોને જમાડવા અને શ્રીહરિએ મને પણ પ્રસાદી આપી છે, એવી ભાવના કરી અને મુકતમંડળ સહિત શ્રીહરિને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં સુંદર પલંગ

પર પોઢાડવા અને હું શ્રીજીના ચરણાર્વિંદની સેવામાં રહેલ છું એવી ભાવના કરવી.

**૩.ઉત્થાપન સમયની માનસી પૂજા :**

(ત્રણ થી ચારના સમય વચ્ચે કરવી) " હે મહારાજ ! બધાજ ભકતો આપના દર્શનની રાહ જુએ છે, આપ જાગ્રત થાઓ" એમ પ્રાર્થના કરીને પછી જાગ્રત થયેલા ભગવાનને સ્નાન કરાવવું અથવા સુગંધીમાન જળ મુખારવિંદ ધોવા માટે આપવું અને સુગંધીમાન પુષ્પોના હાર, તોરા, ગુચ્છ, ગજરા, બાજુબંધ વિગેરેથી પૂજન કરવું ત્યારબાદ દ્રાક્ષ, દાડમ, સફરજન,કેરી, ચીકુ જ્યુસ, ઓળા વગેરે લીલા સુકા દેશી, પરદેશી ઋતુ અનુસાર અનેક પ્રકારના મેવા જમાડી જળપાન કરાવવું ત્યાર પછી પ્રસાદીના ઉપચારોથી મુકતોનું પુજન કરવું અને પ્રસાદીના ફળો તેમને જમાડવા અને શ્રીહરિ મુકતમંડળે સહિત અક્ષરધામ રૂપી મારા આત્મામાં વિરાજમાન રહેલ છે એવી ભાવના કરવી.

**૪.સાયંકાળ માનસી પૂજા :**

સંધ્યા સમયે પહેલાની પેઠે બ્રહ્મરૂપની ભાવના કરીને મહારાજાધિરાજની શોભાથી યુકત અનંત કોટિ મુકતોએ સેવેલ અને પોતાને અનુરૂપ છે રૂપ તથા અવયવો જેમના એવા દિવ્ય અદ્ભુત મનોહર, લાવણ્યમય મૂર્તિ ધર્મપૂત્ર શ્રીહરિકૃષ્ણ મહારાજનું ચિંતવન કરીને આરતી ઉતારી ધુન્ય, સ્તુતિ, દંડવત્, પ્રદક્ષિણા વિગેરે કરીને મળવું ત્યાર પછી ભારે વસ્ત્ર અલંકાર, પુષ્પોના હારાદિક ઉતારીને સૂક્ષ્મ, કોમળ, ઘાટું એક વસ્ત્ર

પહેરીને અને બીજું એક ઓઢીને બેઠેલા શ્રીહરિનું ચંદનાદી ઉપચારોથી પુજન કરીને શિરો, પૂરી, ભજીયાં, ખીચડી, કઢી, દૂધ, ભાત, સાકર, પાપડ, અથાણાં, શાક, વડા, આદિક ભોજન જમાડી જળપાન કરાવવું. ત્યાર પછી મુખવાસ અર્પણ કરવો પછી શ્રીહરિને સુંદર સિંહાસન પર વિરાજમાન કરીને આરતી ઉતારીને ધુન્ય સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત્ કરીને શ્રીજીને હેત મુજબ એક બે ત્રણ વાર મળવું ત્યાર પછી પ્રસાદીના ઉપચારોથી મુકતોનું પૂજન કરીને પ્રસાદીના ભોજનો જમાડી, જળપાન કરાવી મુખવાસ આપવો પછી મને પણ શ્રીજીએ પ્રસાદ આપ્યો તે હું પણ જમ્યો અને શ્રીહરિ મુકતમંડળ સહિત મોટી સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન છે અને વચનામૃતનું પાન કરાવે છે. અને સર્વમુકતો શ્રીહરિના મુખકમળ તરફ જોઈ રહ્યા છે અને હું તેમની સેવામાં હાજર છું, એવી ભાવના કરવી.

**૫. રાતની માનસી પૂજા :**

શયન આરતી સમયે શ્રીહરિનું ચંદનાદિક ઉપચારોથી પુજન કરી સાકર સહિત ઉકાળેલા તથા બદામ, પિસ્તા, કેસર, એલચી વિગેરે નાખેલું દૂધ પાન કરાવવું તેમજ જ્યુસ ઈત્યાદિનું પાન કરાવવું. પછી પ્રસાદીના ઉપચારોથી મુકતોનું પૂજન કરી દૂધપાન કરાવવું અને મને પણ શ્રીહરિએ પ્રસાદી આપી તે હું જમ્યો એવી ભાવના કરવી, પછી શ્રીજીને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં પ્રેમરૂપી પલંગ ઉપર અથવા સુંદર કોમળ મખમલનું ગાદલું, ગાલ મસુરીયુ, ઓશિકુ, ઓછાડ, મચ્છરદાની આદિક સામગ્રીયુકત સુંદર છપ્પર પલંગ ઉપર શયન કરાવવું પછી

આરતી ઉતારવી. પછી સર્વે મુકતો શ્રીજીના ધ્યાનમાં નિમગ્ન છે. અને હું શ્રીહરિના ચરણ દબાવું છું. એ સેવા કરતા તેમના મુખનું દર્શન કરું છું. આવી ભાવના કરી માનસી પૂજાની સમાપ્તિ કરવી.

**: વિશેષ :**

પાંચેય માનસી પૂજા ઋતુ અનુસાર કરવી. માનસી પૂજા કરતી વખતે બ્રહ્મસ્વરૂપની ભાવના કર્યા પછી જે સમયની માનસી પૂજા કરવાનો પ્રારંભ કર્યો હોય તેથી પહેલાની માનસી પૂજામાં ભગવાનને કેવા વસ્ત્ર અલંકાર ધારણ કરાવ્યા હતા અથવા કેવી રીતે પોઢાડયાં હતા તે સર્વનું અનુસંધાન રાખીને શ્રીહરિ સ્વરૂપનું ચિંતવન કરીને ત્યાર પછી સમયસર માનસી પૂજા કરવી.

આ પ્રમાણે જે ભકતજન હંમેશાં પાંચ વખત માનસી પૂજા કરે છે, તેને ભગવાન વશ થઈ જાય છે અને કોઈથી જીતાય નહીં એવું મન, ભગવાનની કૃપાથી સરળતાથી જરૂર જીતાઈ જાય છે.

**૧૦૭ રાગ : ગોડી પદ=૪ પદ-૪/૧**

લગની લાગી રે મારે લગની લાગી;
સખી ! શામળિયા સંગાથે, મારે લગની લાગી..ટેક૦
મીઠે સ્વરે મોહનજીની મોરલી વાગી;
સાંભળતામાં ચટકી લાગી, ઝબકી જાગી..લગની૦ ૧
વૃંદાવનની વાટે ચાલી, કુળલજ્જા ત્યાગી;
વાંસળી વગાડતા જોયા, શ્યામ સોહાગી..લગની૦ ૨

રસિયા સંગે રમતાં સર્વે ભ્રમણા ભાંગી;
મેં તો અખંડ સોહાગ લીધો, મુખડે માગી..લગની૦ ૩
મુકતાનંદ કહે પળ એક ન્યારા, નહિ મેલું વા'લો;
શિરને સાટે ક્યાંથી મળે, નંદનો લાલો..લગની૦ ૪

**૧૦૮** **પદ-૪/૨**

ગિરધારી રે સખી ! ગિરધારી
મારે નિરભે અખૂટ નાણું ગિરધારી..ટેક૦
ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે;
દામની પેઠે રે, ગાંઠે બાંધ્યું નવ છુટે..ગિર૦ ૧
અનગણ નાણું સંચી અંતે, નિરધનિયા જાયે;
તેની પેઠે નિરભે નાણું, દૂર ન થાયે..ગિર૦ ૨
સંપત્ત વિપત્ત સર્વે સ્વપ્નું જાણું;
હરિના ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું..ગિર૦ ૩
મુકતાનંદ કહે મોહનવરને, ઉરમાં ધારી;
હવે દુઃખને દારિદ્ર થકી, થઇ છું હું ન્યારી..ગિર૦ ૪

**૧૦૯** ફૂલના પે'રી રે જામા પદ=૪ **રાગ : ગોડી** **પદ-૪/૩**

નેણને બાણે રે મારી નેણને બાણે;
મુને મોહનજી મરમાળે મારી, નેણને બાણે..ટેક૦
નેણુંને નજારે પ્રીતમ પ્રાણ હર્યા મારા;
એક ઘડી અલબેલો વા'લો, નહીં મેલું ન્યારા..નેણ૦ ૧
નંદકુંવરનાં નેણું કેરાં, જાદુડાં ભારી;

એની આંખડિયુંને જોતાં સર્વે મોહી રહી નારી.. નેણ૦ ૨
જોયા વિના જંપ ન થાય, શું કરીએ બે'ની ?
હું તો વાલાને વશ થઈ છું, લાગી મોહની એની..નેણ૦ ૩
મુકતાનંદને વા'લે મારું ચિત્ત લીધું ચોરી;
એનું મુખ જોઈ જીવું જેમ, ચંદ ચકોરી..નેણ૦ ૪

**૧૧૦** **પદ-૪/૪**

પ્રીતડી વાધી રે મારે પ્રીતડી વાધી;
સખી શામળિયા સંગાથે, મારે પ્રીતડી વાધી..ટેક૦
નંદકુંવર નવરંગી સંગે, લાગી રંગઝડી;
મારે ગોવરધનધારી શું ગાંઠ, પ્રેમની પડી..પ્રીત૦ ૧
હૈડાં કેરો હાર મોહન, નહિ મેલું ન્યારો;
મારા જીવડલા સંગાથે જડયો, નંદદુલારો..પ્રીત૦ ૨
સુંદરવરને સંગે મારું અંગ રહ્યું ફુલી;
એને સુખે હું સંસાર કેરો, મારગડો ભૂલી..પ્રીત૦ ૩
મુકતાનંદને પ્યારે પ્રેમે બાંહ્ય ગ્રહી મારી;
પ્રીતમને પ્રતાપે સે'જે, થઈ રહી જગન્યારી..પ્રીત૦ ૪

**૧૧૧** **રાગ : ગોડી પદ=૪** **પદ-૪/૧**

શ્યામની છબી રે સખી ! શ્યામની છબી;
જોને ફુલડાંથી છાઈ, સખી ! શ્યામની છબી..ટેક૦
ફુલોના તોરાની ફોરે, ભ્રમર કરે ગુંજાર;
અંગોઅંગ હરિને શોભે, ફુલોના શણગાર..શ્યામની૦ ૧

કાનુમેં ફુલડાનાં કુંડળ, ફુલોના ભુજબંધ;
ફુલતણા ગજરા ફાવે છે, સુંદર માંહી સુગંધ..શ્યામની૦ ૨
ફુલતણો શિર મુગટ જોઈને, મગન ફરે વ્રજનાર;
ફુલતણી શોભા પર જાયે, બ્રહ્માનંદ બલિહાર..શ્યામની૦ ૩

૧૧૨ પદ-૪/૨

ફુલની માળા રે શોભે ફુલની માળા;
બે'ની સુંદરવરને શોભે, ગળે ફુલની માળા...ટેક૦
નવલ કસુંબી પટકા ઉપર, તોરે હદ વાળી;
ફુલતણી પછેડી ઓઢી, ઉભા વનમાળી..ફુલની૦ ૧
ફુલડાંની વૈજયંતીમાળા, હરિવરને ફાવે;
એ માળાને જોવા સારુ, ઈન્દ્રાદિક આવે..ફુલની૦ ૨
ફુલ કલંગી માથે લટકે, છબી નૌતમ સારી;
બ્રહ્માનંદ કહે નટવર મૂર્તિ, નેણુંમાં ધારી..ફુલની૦ ૩

૧૧૩ રાગ : ગોડી પદ=૪ પદ-૪/૧

સંત સમાગમ કીજે, હો નિશદિન..સંત-ટેક૦
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે હો..નિશ૦ ૧
અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે હો..નિશ૦ ૨
ભવ દુ:ખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે હો..નિશ૦ ૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફલ કરી લીજે હો..નિશ૦ ૪

૧૧૪ પદ-૪/૨

સંત પરમ હિતકારી જગતમાંહિ..સંત-ટેક૦

પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીત, ભરમ મિટાવત ભારી..જગત૦ ૧
પરમકૃપાળુ સકળ જીવન પર, હરિ સમ સબ દુઃખહારી..જગત૦ ૨
ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી..જગત૦ ૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હે પ્રગટ મુરારી..જગત૦ ૪

**૧૧૫ રાગ : ગોડી પદ=૪ પદ-૪/૧**

પ્રગટ પ્રમાણ હરિને ભજ મન, પ્રગટ પ્રમાણ હરિને;
કામ ક્રોધ મદ લોભ તજીને, દ્રઢ ઉર ટેક ધરીને..ભજ૦ ૧
ગર્ભવાસનું સંકટ પ્રાણી, જાઈશ માં વિસરીને;
કુબુદ્ધિ કૂડ કપટ પરહરજે, ભરજે પાવ ડરીને..ભજ૦ ૨
માલ મિલકત સરવે મેલીને, જાવું જરૂર મરીને;
જાઈશ માં જમરાને આગે, ઝાઝો ભાર ભરીને..ભજ૦ ૩
ભવદુઃખ ટળે મીટે સર્વે ભ્રમણા, સંતનો સંગ કરીને;
બ્રહ્માનંદ કહે આવો અવસર, નહિ પામીશ ફરીને..ભજ૦ ૪

**૧૧૬ પદ-૪/૨**

નારાયણ સુખકારી ભજી લેને, નારાયણ સુખકારી;
સાધુ જનની માન શિખામણ,વિષય વિકાર વિસારી..ટેક૦ ૧
માત પિતા ધન બાંધવ મેડી, નહિં તારા સુત નારી;
જમને દ્વાર એકલા જાવું, કરજે કરમ વિચારી..ભજીલે૦ ૨
રાજા રંક ગુણિજન પંડિત, ખેડુ ને વેપારી;
સગાં કુટુંબી સહિત સહુને, લે જાવે જમ મારી..ભજીલે૦ ૩
ભરતખંડમાં દેહ મનુષ્યનો, મળે નહિં વારંવારી;

બ્રહ્માનંદ કહે થાને સુખિયો, સંત વચન ઉર ધારી..ભજીલે૦ ૪

**૧૧૭** **પદ-૪/૩**

અલખપુરુષ અવિનાશી ભજ મન , અલખપુરુષ અવિનાશી;
કર્મ કટે તારાં અનંત જનમનાં, ફંદ મિટે ચોરાશી..ભજી૦ ૧
સગાં કુટુંબી સુત ને દારા, માતા મામો ને માસી;
અંતે ભેળું કોઈ ન આવે, અંતર દેખ તપાસી..ભજી૦ ૨
ઘરમાં બેઠો ગાળો બોલે, દેખી તીરથવાસી;
પરધન હરે કરે નિત્ય કુબુદ્ધિ, પરનારીની હાંસી..ભજી૦ ૩
મારું મારું કરતો મૂરખ, મેલી ધન મરી જાસી;
બ્રહ્માનંદ કહે હજી સમરી લે,રસિક શ્યામ સુખરાશી..ભજી૦ ૪

**૧૧૮** **પદ-૪/૪**

પ્રગટ હરિ ભજ પ્રાણી, સમજીને પ્રગટ હરિ ભજ પ્રાણી;
પાપ દ્રોહ પરિત્યાગ કરીને, દયા ધર્મ ઉર આણી..સમજી૦ ૧
પરધન પરત્રિયા મદ્ય માટી, નરક તણી નિશાણી;
તે પાપે કરી અવશ્ય પિલશે,ઘાલી જમરા ઘાણી..સમજી૦ ૨
સમજ્યા વિના ન બોલીશ કેદી મુખથી મિથ્યા વાણી;
મમતા કેરો માથે મૂરખ, ભાર મ લેજે તાણી..સમજી૦ ૩
એળે દેહ અમૂલખ ખોયો, કીધી ધુડ કમાણી;
બ્રહ્માનંદ કહે તત્પર થઈ ભજ, જગપતિ સાચા જાણી..સમજી૦ ૪

**૧૧૯** **રાગ : ગોડી પદ=૪** **પદ-૪/૧**

હિતકારી હરિ રે, સખી હિતકારી હરિ;

છપૈયામાં પ્રીતે પ્રગટયા; હિતકારી હરિ..ટેક૦
અક્ષરવાસી અલબેલોજી કરૂણા કરી;
ધર્મને ભક્તિ થકી, દુર્લભ દેહ ધરી..હિત૦ ૧
બાળ સ્વરૂપ બનાવ્યું, વ્હાલે સૌને અનુસારી;
મોહનજીનું મુખડું જોતાં નેણાં રે ઠરી..હિત૦ ૨
ભવ બ્રહ્માદિક જેવા જેને, ભજે પ્રેમ ભરી;
કાળ કઠોર કહાવે તે તો, ભાગે દૂર ડરી..હિત૦ ૩
આશ્રિત જનના ટાળે વાલો, અંતરના અરિ;
દયાનંદ કહે નિર્ભય થાવું, એ વાલો વરી..હિત૦ ૪

**૧૨૦** **પદ-૪/૨**

લટકાળો લહેરી રે સખી, લટકાળો લહેરી;
છપૈયામાં રમે છેલો, લટકાળો લહેરી..ટેક૦
અનુપમ અંગી પ્યારે, પ્રીતશું પહેરી;
જીવનજીને જોવા ઉભા, જન ઘણા ઘેરી..લટકાળો૦ ૧
મરમાળાની મૂર્તિ સૌના, મનમાં ઠેરી;
વ્હાલ વધારી બોલે વ્હાલો, વાણી મુખ ઘેરી..લટકાળો૦ ૨
પ્રાણપતિને કાજે આવે, કફની પહેરી;
શિવજી સરખા હૈયે હરખે, શ્યામને હેરી..લટકાળો૦ ૩
છબી અલૌકિક અંતર ધારો, છોગાળા કેરી;
દયાનંદ કહે આવો અવસર, નહિ આવે ફરી..લટકાળો૦ ૪

**૧૨૧** **પદ-૪/૩**

જીવનજી જોવા રે સખી, જીવનજી જોવા;
છપૈયામાં ચૂંપે ચાલો, જીવનજી જોવા..ટેવ૦

પ્રેમવતી સુત પાતળીયાને, ચિત્તમાં પ્રોવા;
શામળીયા સંગાથે રહીએ, મનના મળ ધોવા..જીવનજી૦ ૧
નૌતમ મૂર્તિ નટવરજીની, નેણામાં ઠોવા;
ખોટો ખેલ સંસારી કેરો, ખાંતે શું ખોવા..જીવનજી૦ ૨
શ્રી ઘનશ્યામ સલુણાજીને હેત તણા હેવા;
દર્શન કારણ દોડી આવે, સનકાદિક જેવા..જીવનજી૦ ૩
બાળચરિત્ર કરે છે મોહન, મનડાંને મો'વા;
દયાનંદ કહે હેતે જાઈએ, હરિનાં જોવા..જીવનજી૦ ૪

**૧૨૨** **પદ-૪/૪**

મનડે ભાવી રે, સખી મનડે ભાવી;
સહજાનંદ સલુણી છબી મનડે ભાવી..ટેક૦
પશ્ચિમ દેશ પધાર્યા પ્યારો, દયા દિલ લાવી;
અનંતજન ઓધાર્યા, વ્હાલે પાપ નસાવી..મનડે૦ ૧
મુક્તિ કેરો મારગ મોટો, ચલાવ્યો આવી;
શરણાગતને સુખીયા કીધા, અમૃતરસ પાવી..મનડે૦ ૨
હરિજન હરખે સુંદર વસ્ત્ર, પ્રેમે પહેરાવી;
પાઘ મનોહર મસ્તક ધારી, તોરા લટકાવી..મનડે૦ ૩
વેદ મગન થઈ હરિ મૂર્તિનો, મહિમા ગાવી;
દયાનંદ કહે એ મૂર્તિ મેં, દીલમાં ઠેરાવી..મનડે૦ ૪

## ૧૨૩ આરતી પદ=૩ પદ-૩/૩

જય સદ્‌ગુરુ સ્વામી, (પ્રભુ) જય સદ્‌ગુરુ સ્વામી,
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી....પ્રભુ જય૦ ૧
ચરણ સરોજ તમારાં, વંદુ કર જોડી, (પ્રભુ) (૨)
ચરણે શીશ ધર્યાથી (૨) દુઃખ નાખ્યાં તોડી....પ્રભુ જય૦ ૨
નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી, (પ્રભુ) (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી....પ્રભુ જય૦ ૩
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી, (પ્રભુ) (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી....પ્રભુ જુય૦ ૪
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે, (પ્રભુ) (૨)
કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે....પ્રભુ જય૦ ૫
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી, (વહાલે) (૨)
મુકતાનંદ કહે મુકિત (૨) સુગમ કરી સિધી....પ્રભુ જય૦ ૬

## ૧૨૪ આરતી

આરતી પ્રગટ પ્રભુજીકી કીજે; ચરણ કમળ લખી અંતર લીજે. આરતી૦ ૧
સનકાદિક નારદ ત્રિપુરારી; વિમળ નામ રટે વારંવાર. આરતી૦ ૨
અનંત કોટિ ભુવનેશ ભવાની; સબ વિધ મહિમા શકત નહિ જાની. આરતી૦ ૩
ધરત ધ્યાન દઢ યોગ મુનિશ્વર; શેષ સહસ્ર મુખ રટત નિરંતર. આરતી૦ ૪
નર નાટક ક્ષર અક્ષર ન્યારા; પુરુષોત્તમ પૂરણ જન પ્યારા. આરતી૦ ૫
નૌતમ રૂપ અકળ છબી ન્યારી; બ્રહ્માનંદ જાવત બલિહારી. આરતી૦ ૬

## ૧૨૫ થાળ (રાગ : ગરબી) પદ-૧

સખી આનંદની વાત કહું આજ રે, મેંતો નેહ કરી નોતર્યા મહારાજ રે. ૧
પ્રેમે ચોક વચ્ચે ચોકી ઢાળી રે, ઉઠયા ના'વા મોહન વનમાળી રે. ૨
અંગ ચોળી આનંદશું નવરાવ્યા રે; પે'રી પીતાંબર મન ઘણું ભાવ્યા રે. ૩
પે'રી પાવલાં પધાર્યા લટકાળો રે, મારે મંદિરિયામાં આવ્યા મરમાળો રે. ૪
પાટે બેસારીને પૂજીયા મોરારી રે, અતિ આનંદશું આરતી ઉતારી રે. ૫
બેઠા જમવા જગનો આધાર રે, મેં તો પ્રેમ કરી પીરસ્યો કંસાર રે. ૬
શિરો પૂરી સુંવાળી સાબુડી રે, ખાજાં ખાજલા ને ખાંડ ઘણી રૂડી રે. ૭
સાટા મેસુબ જલેબી જુગતાળી રે, ઘણા ઘેબર પેંડાની ભરી થાળી રે. ૮
દૂધપાક ને પુરણપોળી રે, ઘણે ઘીએ રસ રોટલી ઝબોળી રે. ૯
દહીંથરા ભાત ભજીયાં ને દાળ રે, કેળાં રોટલી ને પુડલા રસાળ રે. ૧૦
ગળી મોળી બિરંજ કડી ને કારેલાં રે, મગ મેથીએ વઘારી કર્યા ભેળાં રે. ૧૧
તળ્યું સૂરણ ઘણું ઘી ઘાલી રે, વડી વાલાને લાગે છે ઘણી વાલી રે. ૧૨
તળ્યાં પરવળ વાલોળ ને વૃંતાક રે, તળ્યાં તુરિયાં કંકોડા કેરાં શાક રે. ૧૩
ટાકો તાંદળજોને સુવાભાજી રે, મેથી મોગરી મૂળાથી ઘણું રાજી રે. ૧૪
જમે જુગતે શું દીનદયાળ રે, પાસે અનુપમ અથાણાં રસાળ રે. ૧૫
કેરી કાચરી તળેલાં આથ્યાં આદુ રે, ડાળાં ગરમર ને શેલરાં સ્વાદુ રે. ૧૬
કાજુ કેરડાં પાપડ પ્રભુ જમે રે, પીયે જળ ગ્રાસો ગ્રાસ મુને ગમે રે. ૧૭
જમે મધુર મધુર જદુરાય રે, હું તો વીંઝણે ઢોળું વાય રે. ૧૮
જમી આચમન કર્યું અવિનાશ રે, પ્રીતે પાનબીડી કરી મુખવાસ રે. ૧૯
સુર મુનિને દુર્લભ સ્વાદ રે, પામ્યા મુકતાનંદ પ્રસાદ રે. ૨૦

## થાળ

**૧૨૬ રાગ : રામકલી પદ=૪ પદ૪/૧**

આવો રે વહાલાજી તમને, માખણ જમાડું;
કહો તો તમારા ગોઠીડાને, ઘડી એક ખમાડું..આવો૦ ૧
રમત મેલો શ્યામ રંગીલા, થઈ ઝાઝી વેળા;
છોકરડાંને શીખ દીઓ, હરિ ચાલો હું ભેળા..આવો૦ ૨
સાકર કેરી સુખડી કીધી, તાજું ઘી નાખ્યું;
જીવન તમને જમતાં દેખું, થાય ટાઢી આંખ્યુ..આવો૦ ૩
લાલજી તમને ભૂખ લાગી હશે, પહેલેને પોરે;
બ્રહ્માનંદના નાથજી, હું તો જમાડીશ જોરે..આવો૦ ૪

**૧૨૭ થાળ રાગ : ગરબી**

વહાલા આવો અમારે ઘેર રે, વારી જાઉં વાલમજી,
સેવા કરીશું સારી પેર રે, વારી જાઉં વાલમજી...૧
કાંઈ નીર ઊને નવરાવું રે, વારી૦ કાંઈ જુગતે કરીને જમાડું રે. વારી૦ ૨
કાંઈ કંચન થાળ કટોરા રે, વારી૦ પાસે પાણી પીધાના અબખોરા રે. વારી૦ ૩
કંસાર ને ચુરમા ચોળી રે. વારી૦ રસ રોટલી ઘીમાં ઝબોળી રે. વારી૦ ૪
ભાજી તાંદળજાની સારી રે; વારી૦ માંહી ચોળાફળી છમકારી રે. વારી૦ ૫
કાજુ આદા કેરીના અથાણાં રે; વારી૦ લીંબુ મરચાં જોયે તો મેં આણ્યા રે. વારી૦ ૬
તમે ચોખા ને દૂધ શિરાવો રે, વારી૦ માંહિ સાકર બેક નખાવો રે. વારી૦ ૭
તમે જમોને ઢોળું હું તો વાય રે, વારી૦ ત્યારે કાંઈક સારું મારું થાય રે. વારી૦ ૮

જળ જમુનાની ભરી ઝારી રે, વારી૦ તમને ચળું કરાવે બ્રહ્મચારી રે. વારી૦ ૯
કાથો ચુનો પાન લવિંગ સોપારી રે, વારી૦ તમે મુખવાસ લ્યોને મોરારી રે. વારી૦ ૧૦
પ્રભુ પલંગ ઉપર પોઢાડું રે, વારી૦ ઝાઝીવાર થાયે તો જગાડું રે; વારી૦ ૧૧
ઘેલું ઘેલું બોલીને સુખ દેજો રે, વારી૦ કાંઇ કહેવાનું હોય તો કહેજો રે; વારી૦ ૧૨
આપો અબળાને આનંદ રે, વારી૦ બલિહારી બ્રહ્માનંદ રે; વારી૦ ૧૩

**૧૨૮ રાગ : ગરબી**

અવિનાશી આવો રે, જમવા કૃષ્ણહરિ;
શ્રીભક્તિ ધર્મસુત રે, જમાડું પ્રીત કરી. ૧
શેરડીઓ વાળી રે, ફુલડાં વેર્યાં છે,
મળિયાગરે મંદિર રે, લીંપ્યાં લેર્યાં છે. ૨
ચાંખડીયું પે'રી રે, પધારો ચટકંતા;
મંદિરિયે મારે રે, પ્રભુજી લટકંતા. ૩
બાજોઠે બેસારી રે, ચરણકમળ ધોઉં;
પાપણીયે પ્રભુજી રે, પાવલિયા લોઉં. ૪
ફુલેલ સુગંધી રે, ચોળું હું શરીરે;
હેતે નવરાવું રે, હરિ ઉને નીરે. ૫
પહેરાવું પ્રીતે રે, પીતાંબર ધોતી;
ઉપરણી ઓઢાડું રે, અતિ ઝીણી પોતી. ૬
કેસર ચંદનનું રે, ભાલે તિલક કરું;
વંદન કરી વિષ્ણુ રે, ચરણે શીશ ધરું. ૭
ઉર હાર ગુલાબી રે, ગજરા બાંધીને;

નીરખું નારાયણ રે, દૃષ્ટિ સાંધીને. ૮
શીતળ સુગંધ રે, કળશ ભર્યા જળના;
ઉલેચ બાંધ્યા છે રે, ઉપર મખમલના. ૯
કંચન બાજોઠે રે, બિરાજો બહુનામી;
પકવાનને પીરસી રે, થાળ લાવું સ્વામી. ૧૦
મોતૈયા લાડુ રે, સેવૈયા સારા;
તમ કાજ કર્યા છે રે, લાખણશાઈ પ્યારા. ૧૧
મગદળ ને સેવદળ રે, લાડુ દળના છે;
ખાજા ને ખુરમા રે, ચુરમા ગોળનાં છે. ૧૨
જલેબી ઘેબર રે, બરફી બહુ સારી;
પેંડા પતાસાં રે, સાટા સુખકારી. ૧૩
મરફી ને મેસુબ રે, જમો જગવંદનજી;
સુતરફેણી છે રે, ભક્તિનંદનજી. ૧૪
ગગન ને ગાંઠિયા રે, ગુંદવડાં વાલા;
ગુલાબપાક જમજો રે, ધર્મ તણા લાલા. ૧૫
એલાયચી દાણા રે, ચણા છે સાકરિયા;
ગુંદરપાક સુંદર રે, જમજો ઠાકરિયા. ૧૬
ટોપરાપાક ટાઢો રે, સકરપારા સારા;
સેવો ઘી સાકર રે, તમે છો જમનારા. ૧૭
કેસરિયો બીરંજ રે, ગળ્યો ને મોળો છે;
સાકરનો શીરો રે, હરીસો ધોળો છે. ૧૮
લાપસી કંસારમાં રે, ઘી બહુ રસબસ છે;
ખીર ખાંડ ઘી રોટલી રે, જમો બહુ સરસ છે. ૧૯

બદામ ચારોળી રે, દ્રાક્ષ તે નાખીને;
દૂધપાક કર્યો છે રે, જુઓ હરિ ચાખીને. ૨૦
પૂરી ને કચોરી રે, પૂરણ પોળી છે;
રોટલીયું ઝીણી રે, ઘીમાં ઝબકોળી છે. ૨૧
પાપડ ને પૂડલા રે, મીઠા માલપૂડા;
માખણ ને મીસરી રે, માવો દહીંવડા. ૨૨
ઘઉંની છે બાટી રે, બાજરાની પોળી;
ઝાઝી વાર ઘીમાં રે, હરિ મેં ઝબકોળી. ૨૩
તલસાંકળી સુંદર રે, બીજી ગોળપાપડી;
ગાંઠિયા ને કળી રે, ત્રીજી ફુલવડી. ૨૪
ભજીયાં ને વડાં રે, સુંદર દહીંથરીયાં;
વઘાર્યા ચણાં રે, માંહી મીઠું મરિયાં. ૨૫
ગુંજા ને મઠિયા રે, ફાફડા ફરસા છે;
અળવી આદાના રે, ભજીયાં સરસાં છે. ૨૬
કંચન કટોરે રે, પાણી પીજોજી;
જે જે કાંઇ જોઈએ રે, તે માગી લેજોજી. ૨૭
રોટલી રસ સાકર રે, જમજો અલબેલા;
રાયણ ને રોટલી રે, ખાંડ કેળાં છેલા. ૨૮
મુરબ્બા કર્યા છે રે, કેરી દ્રાક્ષ તણા;
સુંદરવર જમજો રે, રાખશો મા મણા. ૨૯
કટોરા પૂર્યા રે, સુંદર શાકોનાં;
કેટલાક ગણાવું રે, છે ઝાઝાં વાનાં. ૩૦
સૂરણ તળ્યું છે રે, સુંદર ઘી ઝાઝે;

અળવી ને રતાળુ રે, તળ્યાં છે તમ કાજે. ૩૧
મેં પ્રીત કરીને રે, પરવળ તળિયાં છે;
વંતાક ને વાલોળ રે, ભેળાં ભળિયાં છે. ૩૨
કંકોડા કોળાં રે, કેળાં કારેલાં;
ગલકાં ને તૂરિયાં રે, રૂડાં વઘારેલાં. ૩૩
ચોળી વાલોળો રે, પ્રીત કરી તળિયો;
દૂધિયાં ને ડોડા રે, ગુવારની ફળીઓ. ૩૪
લીલવાં વઘાર્યા રે, થયા છે બહુ સારાં;
ભીંડાની ફળીઓ રે, તળિયો હરિ મારા. ૩૫
ટાંકો તાંદળીયો રે, મેથીની ભાજી;
મૂળા મોગરીયો રે, સુવાની તાજી. ૩૬
ચણેચી ને ડોડી રે, ભાજી સારી છે;
કઢી ને વડી રે સુંદર વઘારી છે. ૩૭
નૈયાનાં રાઈતાં રે, અતિ અનુપમ છે;
મીઠું ને રાઈ રે, માંહી બે સમ છે. ૩૮
કેટલાંક ગણાવું રે, પાર તો નહિ આવે;
સારું સારું જમજો રે, જે તમને ભાવે. ૩૯
ખારું ને મોળું રે, હરિવર કહેજોજી;
મીઠું મરી ચટણી રે, માગી લેજોજી. ૪૦
અથાણાં જમજો રે, સુંદર સ્વાદું છે;
લીંબુ ને મરચાં રે, આમળાં આદું છે. ૪૧
રાયતી કેરી રે, કેરી બોળ કરી;
ખારેક ને રાઈમાં રે, નાખ્યાં લવીંગ મરી. ૪૨

કેરાં ને કરમદાં રે, તળી છે કાચરીયો;
બીલાં બહુ સારાં રે, વાંસ ને ગરમરીયો. ૪૩
પંખાળીના ભાતમાં રે, સુંદર સુગંધ ઘણો;
એલાઈચીનો પીરસ્યો રે, આંબામોર તણો. ૪૪
મેં કઠણ કરી છે રે, દાળ હરિ તુરની;
પાતળી પીરસી છે રે, કે દાળ મસુરની. ૪૫
મગ ને અડદની રે, કરી છે ધોઈને;
ચોળા ને ચણાની રે, ઘીમાં કરમોઈને. ૪૬
દાળ ને ભાત જમજો રે, તમને ભાવે છે;
ચતુરાઈ(એ) જમતાં રે, પ્રીતિ ઉપજાવે છે. ૪૭
દહીં ને ભાત જમજો રે, સાકર નાખી છે;
દૂધ ને ભાત સારુ રે, સાકર રાખી છે. ૪૮
દૂધની તર સાકર રે, ભાત જમો પહેલાં;
સાકર નાખીને રે, દૂધ પીઓ છેલા. ૪૯
જે જે કાંઇ જોઇએ રે, તે કે'જોજી અમને;
કાંઇ કસર કરો તો રે, મારા સમ તમને. ૫૦
જીવન જમીને રે, ચળુ કરો નાથ;
ચંદન ગારેશું રે, ધોવરાવું હું હાથ. ૫૧
તજ એલચી જાયફળ રે, જાવંતરી સારી;
કાથો ને ચુનો રે, સરસ છે સોપારી. ૫૨
નાગરવેલીનાં રે, પાન લાવી પાકાં;
ધોઈને લુછયાં છે રે, અનુપમ છે આખાં. ૫૩
માંહી ચૂરણ મેલી રે, બીડી વાળી છે;

લલિત લવીંગની રે, ખીલી રસાળી છે. ૫૪
મુખમાં હું મેલું રે, બીડી પ્રીત કરી;
આરતી ઉતારૂં રે, પ્રભુજી ભાવ ભરી. ૫૫
ફૂલસેજ બિછાવી રે, પોઢો પ્રાણપતિ;
પાવલિયા ચાંપુ રે, હૈડે હરખ અતિ. ૫૬
થાળ ગાયો પ્રીત રે, ધર્મકુલ મુગટમણિ;
આપો પ્રેમાનંદને રે, પ્રસાદી થાળ તણી. ૫૭

## ૧૨૯ થાળ : ૫૬-૧

જમોને જમાડું રે, જીવન મારા, હરિ રંગમાં રમાડું રે. જીવન મારા૦ ૧
વાલાજી મારા સોનાનો થાળ મંગાવું, મોતીડે વધાવું રે. જીવન ૨
વાલાજી મારા ઘેબર જલેબી ને લાડું, જમોને થાય ટાઢું રે. જીવન ૩
વાલાજી મારા ગૌરીનાં ઘૃત મંગાવું, માંહી સાકર નખાવું રે. જીવન ૪
વાલાજી મારા દૂધ કઢેલાં ભલી ભાંતે, જમોને આવી ખાંતે રે. જીવન ૫
વાલાજી મારા પાપડ પતાસા ને પોળી, જમોને ગળી મોળી રે, જીવન ૬
વાલાજી મારા તુવેરની દાળ ચડી ભારી, વિશેષે વધારી રે. જીવન ૭
વાલાજી મારા કઢી કરી છે બહુ સારી, જમોને ગીરધારી રે. જીવન ૮
વાલાજી મારા આદાં કેરીનાં અથાણાં, છે વાલને વટાણાં રે. જીવન ૯
વાલાજી મારા જે જે જોઈએ તે માગી લેજો, ખારૂં ને મોળું કહેજો રે. જીવન ૧૦
વાલાજી મારા જળરે જમુનાની ભરી ઝારી, ઉભા છે બ્રહ્મચારી રે. જીવન ૧૧
વાલાજી મારા લવીંગ સોપારી તજ તાજાં, જમોને લાવું ઝાઝાં રે. જીવન ૧૨
વાલાજી મારા પ્રેમાનંદના સ્વામી, છો અંતરજામી રે. જીવન ૧૩

મારે મંદિર પધારો પ્રભુ પદ=૪

**૧૩૦ થાળ રાગ : બિહાગ પદ-૪/૩**

તમે જમો જમો મારા ઠાકરિયા;
હરિવર મારે હાથે જમાડું, સુંદર લાડુ સાકરિયા. તમે૦ ૧
પેંડા બરફી ખાજાં જલેબી, મરફી મેસુબને ઘેબરિયા,
શીરો પુરી કંસાર હરિસો, બીરંજ જમો કા'ના કેસરિયા. તમે૦ ૨
ભજીયા વડા તળ્યા છે પાપડ, મીઠું જીરું નાખીને મરિયા,
શાક પાક સુંદરવર જમજો, રાય તણાં સુંદર દૈથરિયા. તમે૦ ૩
આંબામોરનો ભાત અનુપમ, દૂધ સાકર જમો ગિરિધરિયા,
વધે તે પ્રેમાનંદને આપો, ધર્મકુંવર રંગના ભરિયા. તમે૦ ૪

જીમત પિયા પ્રાન પદ=૪

**૧૩૧ રાગ : ઠૂમરી થાલ ત્રિતાલ પદ-૪/૨**

લાડીલો લાલ જીમત પૂરી દૂધપાક; લાડી૦ ટેક.
વિધ વિધકે પકવાન મીઠાઈ, બહુત પ્રકારકે શાક...લાડી૦ ૧
જીમત મેવા શ્યામ મનોહર, કદલીફલ અરુ દ્રાક્ષ...લાડી૦ ૨
આસપાસ બેઠી સખા મંડલી, સબહીકું દેત ચાખ ચાખ...લાડી૦ ૩
પ્રેમાનંદ માગે જુંઠ પ્રસાદી, બહુત અંતર અભિલાખ...લાડી૦ ૪

## ૧૩૨ થાળ રાગ : ગરબી

જમો થાળ જીવન જાઉં વારી, ધુઓ કર ચરણ કરો ત્યારી...જમો૦ ટેક.
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો૦ ૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો૦ ૨
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપુવા કઢી;
પુરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો૦ ૩
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો૦ ૪
ચળુ કરો લાવી હું જળઝારી, એલચી લવીંગ સોપારી;
પાનબીડી બનાવી સારી...જમો૦ ૫
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને...જમો૦ ૬

## ૧૩૩ થાળ રાગ : ગરબી

આવજો છોગલા ધારી, મારે ઘેર આવજો છોગલાં ધારી. ટેક૦
લાડુ જલેબીને સેવ સુંવાળી, હું તો ભાવે કરી લાવી છું ભારી. મારે૦ ૧
સૂરણ પૂરણ ને ભાજી કારેલાં, પાપડ વડી વઘારી;
વૈંતાક વાલોળનાં શાક કર્યાં મેં તો, ચોળાફળી છમકારી. મારે૦ ૨

કાજુ કમોદનો ભાત કર્યો, મેં તો દાળ કરી બહુ સારી;
લીંબુ કેરીનાં લેજો અથાણાં, કઢી કરી છે કાઠિયાવાડી. મારે૦ ૩
લવિંગ સોપારીને પાનબીડી, તજ લવિંગ એલચી સારી;
નિશદિન આવો તો ભાવે કરી ભેટું, એમ માગે જેરામ બ્રહ્મચારી. મારે૦ ૪

## ૧૩૪ થાળ રાગ : સામેરી

વાલા ભોજનિયાં બહુ ભાત, જમો ગિરધારી રે;
તમને જોવા કારણ આજ, આવી વ્રજનારી રે;
સોના કેરા પાટલા રે, સોના કેરા થાળ;
જળ જમુનાના નીરની, ઝારી ભરી મૂકી તત્કાળ...જમો૦ ૧
ઘેબર બહુ ઘીમાં કર્યાં રે, લાડુ સાકરના સાર;
સેવ સુંવાળી રે લાપસી, માંય ઘી ઘોણિયાની ધાર...જમો૦ ૨
બરફી પેંડા ને મોતીયા રે, જલેબી જગદીશ;
સુતરફેણી શામળા, કરી દળી ઝીણે અતિ પીસ...જમો૦ ૩
દૂધ પાક ને પુરીઓ રે, માલપુડા મેસુબ;
કેળાં સાકર રસરોટલી, આરોગો આજ હરિ ખૂબ...જમો૦ ૪
ભજિયાં વડાં ને રાયતાં રે, વાલોળ ને વંતાક;
કંકોડા કારેલડાં છમકાંર્યા સલૂણાં શાક...જમો૦ ૫
ટીંડોરાં ને તુરિયાં રે, ગલકાં પરવળ પરબ્રહ્મ;
તુવેરની તમ કારણે, વાલા દાળ કરી છે નરમ...જમો૦ ૬
વડી કડી સર્વે શાકમાં રે, વઘાર્યાં વાલમ;
આરોગો અલબેલડા, શરમ રાખો તો મારા સમ...જમો૦ ૭

નૈયાં સુરણનું શાક મેં રે, કીધું તમારે કાજ;
ફુલવડી ફળી ગુવારની રે, તળી ઘીમાં મેં મહારાજ...જમો૦ ૮
ભાજી ભૂધર બહુ ભાતની રે, અથાણાં અપાર;
દૂધ ભાતમાંય ઘોબલે, નાખું સાકર વારંવાર...જમો૦ ૯
તૃપ્ત થઈ ચળું કરો, આતમના આધાર;
પે'રાવું અતિ પ્રીત શું, ચંપા ચમેલીના હાર...જમો૦ ૧૦
લવીંગ સોપારી એલચી રે, કાથો ચુનો ને પાન;
ત્યાગાનંદના વા'લમા, મુખવાસ કરો ભગવાન...જમો૦ ૧૧

**૧૩૫ રાગ : કાફી પદ=૪ પદ-૪/૧**

નાના ગ્રાસ લેવત મનગમતા, નેણાં ભરી જોયા રે હરિ જમતાં...ટેક૦
ઓઢી ઉપરણી રાખી કાન ઉઘાડા, શોભાનિધિ ઘણું ગમતાં નેણાં૦ ૧
વારે વારે જળપાન કરત હે, રમુજ કરીને ઘણું રમતાં.નેણાં૦ ૨
એ છબી જોવા સારુ ભવ બ્રહ્માદિક, ભાવસહિત કેડે ભમતાં. નેણાં૦ ૩
દેવાનંદ કહે જન્મ સુફળ કરી, નિત્ય ચરણોમાં જઈ નમતાં. નેણાં૦ ૪

**૧૩૬ પદ-૪/૨**

લાડુ પીરસે પંગતમાં આઈ, સલૂણી છબી સહજાનંદ સુખદાઈ...ટેક૦
ખભા ઉપર આડો ખેસ બાંધીને, જોઈ રહ્યા જન લલચાઈ. સલુણી૦ ૧
બરફી જલેબી લાડુ સૂતરફેણી, બહુવિધ પાક બનાઈ. સલુણી૦ ૨
નિજદાસન સંગ હાસ કરી કરી, જોરાવરેશું જમાઈ. સલુણી૦ ૩
દેવાનંદના નાથ દયાળુ, હસી હસી હેત જણાઈ. સલુણી૦ ૪

## ૧૩૭ રાત્રીના ભોજનનો થાળ : પદ-૧

રૂડી રાંધી મેં રસિયાજી, ખાંતે ખીચડી રે. રૂડી૦ ટેક૦
ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ;
મધુરે મધુરે તાપે, માખણ શી ચડી રે. રૂડી૦ ૧
ઘી ઘણુંય જમો અલબેલા, અથાણાં પાપડ રંગછેલા;
ચોંપે શું ચોળાની કાજુ કરી વડી રે. રૂડી૦ ૨
દૂધ કઢી ને દહીં જમાવી, લલિત લવીંગે શું છમકાવી;
ભૂધરને જમવાને કાજે, કરી કઢી રે. રૂડી૦ ૩
દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી;
મોહનવરને હાથે મુજને, મોજ મળી રે. રૂડી૦ ૪

## ૧૩૮ રાગ : બિલાવલ પ્રભાતી

લાલ મનોહર લીજીએ, મુખવાસ મોરારી;
શ્યામ સોહાગી શામળા, જાઉં મુખ પરવારી - લાલ૦ ૧
જોઈએ તો લાવું જાયફળ, તજ સુંદર તાજી;
આરોગો મારા નાથજી, રસિયા થઈ રાજી - લાલ૦ ૨
લવિંગ સોપારી ને એલચી, કાથો ચુનો મેળાવું;
નાગરવેલી પાનની, કાજુ બીડી બનાવું - લાલ૦ ૩
હરિજન દર્શન કારણે, ઊભા ચહુ પાસ;
માવા મુખ તંબોળની, બ્રહ્માનંદને આશ - લાલ૦ ૪

## ૧૩૯ વડતાલ મંદિરમાં થતો નિત્ય ક્રમ

- પ્રભાતિયા
- મંગળા આરતી
- રામકૃષ્ણ ગોવિંદ
- જયનાદ
- હવે મારા વાલાના દર્શન સારુ
- સભા મંડપમાં કથાવાર્તા
  (મંગળા સ્તુતિ પ્રાર્થના પછી અને શણગાર પહેલા)
- શણગાર આરતી
- જયનાદ
- ધૂન
- **રાજભોગ આરતી**
- જયનાદ
- મુખવાસ
- બપોરે ભગવાન પોઢી જાય ૧૨:૦૦
- ઉત્થાપન ૩:૩૦
- સભા મંડપમાં કથાવાર્તા - ગોડી (સંધ્યા આરતી પહેલા)
- સંધ્યા આરતી
- શ્રી રાધિકાકૃષ્ણાષ્ટકમ્
- પ્રાર્થના
- જયનાદ
- સ્તોત્ર

- સભા મંડપમાં ધૂનકીર્તન કથાવાર્તા(શયન આરતી પહેલા)
- સ્વાભાવિક ચેષ્ટા
- શયન આરતી
- જયનાદ

**પ્રભાતિયા**

**૧૪૦ મંગળા આરતી : રાગ : ભૈરવ**

આરતી ઉમંગ સહિત મંગળા ઉતારૂં;
મંગળમય મૂરતીપર તન મન ધન વારૂં. ટેક.
મંગળમય મંડપમેં રાજત દોઉ ભાઈ;
નારાયણ નર સમેંત સંતન સુખદાઈ. આરતી૦ ૧
મંગળમય મુનિવર સબ મંગળ ગુન ગાવે;
મંગળમય સબ સમાજ બરન્યો નહિ જાવે. આરતી૦ ૨
મંગળમય દરશ કરત સતિસમાજ આઈ;
મુકતાનંદ મંગળમય પ્રભ પર બલ જાઈ. આરતી૦ ૩

**૧૪૧ ધુન**

રામ કૃષ્ણ ગોવિંદ ! જય જય ગોવિંદ ! (૨)
હરે રામ ગોવિંદ ! જય જય ગોવિંદ ! (૨)
નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે ! (૨)
શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે ! (૨)
કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે ! (૨)

જય જય કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે ! (૧)
વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે ! (૨)
જય જય વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે ! (૧)
વાસુદેવ ગોવિંદ ! જય જય વાસુદેવ ગોવિંદ ! (૨)
જય જય વાસુદેવ ગોવિંદ ! જય જય વાસુદેવ ગોવિંદ ! (૧)
રાધે ગોવિંદ, જય રાધે ગોવિંદ ! (૨)
વૃન્દાવનચંદ જય રાધે ગોવિંદ ! (૨)
માધવ મુકુંદ જય માધવ મુકુંદ ! (૨)
આનંદકંદ જય માધવ મુકુંદ ! (૨)
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! ...

**૧૪૨ રાગ : ગરબી પદ =૨ પદ-૨/૧**

હવે મારા વહાલાનાં દર્શન સારું,
હરિજન આવે હજારે હજારૂં. ૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી. ૨
સભામધ્યે બેઠા મુનિનાં વૃંદ;
તેમાં શોભે તારે વીંટયો જેમ ચંદ. ૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી. ૪
તાળી પાડે ઉપડતી અતિ પ્યારી,

ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી. ૫
પાઘડલીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે. ૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ અક્ષરધામના વાસી. ૭
ભાંગી મારી જન્મો જન્મની ખામી,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી. ૮

## ૧૪૩ જયનાદ

શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય
શ્રી લક્ષ્મીનારાયણ દેવની જય
શ્રી ધર્મભકિત વાસુદેવની જય
શ્રી હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી રણછોડરાયની જય
શ્રી વૃંદાવન વિહારીલાલની જય
શ્રી ગોપીનાથજી મહારાજની જય
શ્રી ઘનશ્યામ મહારાજની જય
શ્રી નરનારાયણ દેવની જય
શ્રી વિઘ્નવિનાયક દેવની જય
શ્રી કષ્ટભંજન દેવની જય

## સભા મંડપ કથાવાર્તા

(મંગળા સ્તુતિ પ્રાર્થના પછી અને શણગાર પહેલા)

## ૧૪૪ શણગાર આરતી રાગ:બિલાવર

કરત સિંગાર આરતી ભોર, વિરહકો તાપ સંતાપ મીટત સબ;
નિરખત નટવર નંદકિશોર.... ટેક૦.
કંચન થાર કપૂરકી બાતી, આરતી ઉતારે ઈન્દ્ર કર જોર;
નાચત નભ અપછરા મુદિતમન, દેવ કરન અતિ દંદુભિ ઘોર..કરત૦ ૧
ભવ બ્રહ્માદિક આએ દરશહિત, જય જય શબ્દ હોત ચહુકોર;
મુકતાનંદકો નાથ પ્રગટ પ્રભુ, શોભાધામ મદનમદ તોર..કરત૦ ૨

**જયનાદ**

**ધૂન**

## ૧૪૫ રાજભોગ આરતી રાગ : સારંગ

રાજભોગકી કીજે, આરતી શ્રી રાજભોગકી કીજે;
નિરખી વદન શ્રીપતીકો સુંદર, જનમ સુફલ કરી લીજે. આ.ટેક.
કંચન થાળ કપૂરકી બાતી, ધૃત જુત અનલ પ્રજારી;
અગ્ર ધૂપ જુત કરત આરતી, ભઈ શોભા અતિ ભારી. આ. ૧
ઘનન ઘંટા ધુની હોવત, શંખ ઝાલરી બાજે;
નોબત બજત માનઉં ઘન ગર્જત, ધ્વનિ સુની ત્રિભોવન ગાજે. આ. ૨
સોહે નીરાજન જુત શ્રીપતિમુખ, સબ વિધિ શોભા ધામ;
મુકતાનંદ કે નાથકી છબી પર, વારૂં કોટીક કામ. આ. ૩

**જયનાદ**

૧૪૬ **મુખવાસ**

લેતા જાઓ રે સાવરીયા ! બીડી પાનનકી;
બીડી પાનનકી, બીડી પાનનકી, લેતા જાઓ રે,
સાવરિયા ! બીડી પાનનકી...ટેક૦
કાથો ચુનો વળી, લવીંગ સોપારી;
એલચી મંગાવું મુલતાનનકી...લેતા૦ ૧
એક એક બીડી મોરી સાસુ નણંદકી;
દુસરી બીડી મોરે લાલનકી...લેતા૦ ૨
આવો શ્રીકૃષ્ણ હરિ પાટે બેસારું;
બાજી ખેલાવું સારી રેનનકી...લેતા૦ ૩
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી;
એટલી અરજ તોરે દાસનકી...લેતા૦ ૪

**બપોરે ભગવાન પોઢી જાય ૧૨:00**

**ઉત્થાપન 3:30**

**૧૪૭ રાગ : નટ પદ=૪ પદ- ૪/૧**

દીજીયે દરશન દાન દયાનિધિ, દીજીયે દરશન દાન;
સુર નર મુનિ તવ દરશ કે કારન, આયે હે પરમ સુજાન...દયા૦ ૧
ગંધર્વ સિદ્ધ ચારણ વિદ્યાધર, કરત હે તવ ગુનગાન;
ગુણીજન ગાન કરત અતિ સુંદર, તોરત નૌતમ તાન...દયા૦ ૨

વૈષ્ણવ વૃંદ કીએ તુમ ઉપર, તન મન ધન કુરબાન;
મુકતાનંદ કે પ્રભુ મન વાંછિત, કીજીએ શ્રીભગવાન...દયા૦ ૩

**સભા મંડપમાં સંધ્યા આરતી પહેલા કથાવાર્તા ગોડી**

**સંધ્યા આરતી**

રામ કૃષ્ણ ગોવિંદ ! જય જય ગોવિંદ ! (૨)

## ૧૪૮ શ્રીરાધિકાકૃષ્ણાષ્ટકમ્

નવીનજીમૂત સમાનવર્ણં, રત્નોલ્લસત્કુંડલશોભિકર્ણમ્;
મહાકિરીટાગ્રમયૂરપર્ણમ્, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ૧
નિધાયપાણીદ્વિતયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્;
નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ૨
વિશુદ્ધહેમોજ્જ્વલ પીતવસ્ત્રં, હતારિયૂથં ચ વિનાપિ શસ્ત્રમ્;
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ૩
અધર્મતિષ્યાર્દિતસાધુપાલં, સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્;
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ૪
ગોપીપ્રિયારંભિતરાસખેલં, રાસેશ્વરીરંજનકૃત્પ્રહેલમ્;
સ્કન્ધોલ્લસત્કુંકુમચિહ્નચેલં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ૫
વૃંદાવને પ્રીતતયા વસંતં, નિજાશ્રિતાનાપદઉદ્ધરન્તમ્;
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારીજીવાશ્રયણીયસારમ્;
સદૈવસત્પુરૂષસૌખ્યકારં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નન્દાદિસંદર્શિતદિવ્યલોકમ્;

વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ૮

૧૪૯ **પ્રાર્થના**

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્મ્ય જ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ. ॥૧॥
મોહિમે તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર. ॥૨॥
તુમારો તવ હરિભકતકો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ॥૩॥
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;
એહિ માગું કરી વિનય હરિ, સદા રખિયો પાસ. ॥૪॥
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ સુનો બાત;
દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત. ॥૫॥
સહજાનંદ મહારાજકે, સબ સત્સંગી સુજાણ;
તાકુ હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ. ॥૬॥
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિકિત કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય. ॥૭॥
હિંસા ન કરની જંતકી, પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડભાગ. ॥૮॥
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત. ॥૯॥
નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત;

વિમુખ જીવકે વદનસેં, કથા સુની નહિ જાત. ॥૧૦॥
એહી ધર્મકે નિયમમેં, બરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ. ॥૧૧॥
રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત;
પ્રમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત. ॥૧૨॥

**જયનાદ**

**૧૫૦ સ્તોત્ર**

ભવસંભવભીતિભેદનં, સુખસંપત્કરુણાનિકેતનમ્ ।
વ્રતદાનતપઃક્રિયાફલં સહજાનંદગુરું ભજે સદા ॥૧॥
કરુણામયચારુલોચનં, શરણાયાતજનાર્તિમોચનમ્ ।
પતિતોદ્ધરણાય તત્પરં સહજાનંદગુરું ભજે સદા ॥૨॥
નિજતત્ત્વપથાવબોધનં, જનતાયાઃ સ્વતઃ એવ દુર્ગમં ।
ઈતિ ચિન્ત્ય ગૃહીતવિગ્રહં સહજાનંદગુરું ભજે સદા ॥૩॥
વિધિશંભુમુખૈરનિગ્રહં, ભવપાથોધિપરિભ્રમાકુલં ।
અપિધાર્ય મનો નરપ્રભં સહજાનંદગુરું ભજે સદા ॥૪॥
નિજપાદપયોજકીર્તનં સતતં સ્યાદ્ભવજીવગોચરં ।
ઈતિ યઃ કુરુતે ક્રતૂત્સવં સહજાનંદગુરું ભજે સદા ॥૫॥
બહિરીક્ષણલોકમાનુષં, નિજદત્તામ્બકદર્શિનાંહરિં ।
ભજનીયપદં જગદ્ગુરું સહજાનંદગુરું ભજે સદા ॥૬॥
શરણાગતપાપપર્વતં ગણયિત્વા ન તદીય સદ્ગુણં ।
અણુમપ્યતુલં હિ મન્યતે સહજાનંદગુરું ભજે સદા ॥૭॥
ભવવારિધિમોક્ષસાધનં, ગુરુરાજપ્રકટસ્વસંગમં ।

પ્રકટીકૃતવાન્ કૃપાવશઃ સહજાનંદગુરું ભજે સદા ॥૮॥
ભગવન્ કૃપયા ત્વયા કૃતં જનતાયામુપકારમીદશં ।
ક્ષમતે પ્રતિકર્તુમત્રકઃ કુરુતે દીનજનસ્તતોંઙજલિમ્ ॥૯॥

## ૧૫૧ સ્તુતિ

વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા,
ત્રાતા તમે સકલ મંગલ શાંતિદાતા;
માટે તમારૂં કરૂણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ૦૧
અજ્ઞાનપાશ કરૂણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભકતોનું પાલન કરો પ્રભુ સર્વયામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ૦૨

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુંસમાં બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ.૦૧
આવી અક્ષરધામથી અવનીમાં જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભકત જનને દિલે ધરીને દયા;
કીધાં ચારુ ચરિત્ર ગાન કરવા જેણે કરુણા કરી,
વંદુ મંગલ મૂરતિ ઉર ધરી સર્વોપરી શ્રી હરિ.૦૨
જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લૈ તીર્થ માંહી ફર્યા,

રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી,
અંતરધાન થયા લીલા હરિ તણી સંક્ષેપમાં ઉચ્ચરી.૦૩

નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા,
સધર્મભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં,
તનોતુ કૃષ્ણોઙખિલમંગલં નઃ ॥
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ,
ત્વમેવ સર્વં મમ દેવ દેવ ! ॥
કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા,
બુધ્યાત્મના વા પ્રકૃતે; સ્વભાવાત્ ।
કરોમિ યદ્યત્સકલં પરસ્મૈ
નારાયણાયેતિ સમર્પયામિ ॥

સભા મંડપમાં શયન આરતી પહેલા ધૂનકીર્તન કથાવાર્તા સ્વાભાવિક ચેષ્ટા

## સ્વાભાવિક ચેષ્ટા

**૧૫૨ રાગ : ગરબી પદ=૧૦ પદ - ૧૦/૧**

પ્રથમ શ્રી હરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે નારાયણની ગાઉં...૧

મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાય વનને...૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે...૩
સહજ સ્વભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતાં સજની રે, બીક મટાડે જમની...૪
ગાઉં હેતે રે, હરિના ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી...૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે...૬
રમૂજ કરતાં રે, રાજીવનેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા...૭
બેવડી રાખી રે, બબે મણિકા જોડે;
ફેરવે તાણી રે, કંઈક માળા તોડે...૮
વાતો કરે રે, રમૂજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા...૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી...૧૦

**૧૫૩** **પદ-૧૦/૨**

સાંભળ સૈયર રે, લીલા નટનાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની...૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડા ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બા'રે...૨

કયારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતા જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે...૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે...૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે...૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા;
તેમને જોઈને રે, મગન થાય મહારાજા...૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય...૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી...૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે...૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી...૧૦

૧૫૪ પદ-૧૦/૩

મનુષ્યલીલા રે, કરતા મંગલકારી;
ભકત સભામાં રે, બેઠા ભવભયહારી...૧
જેને જોતા રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ...૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી;

હરિ સમજાવે રે, નિજજનને સુખકારી...૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત...૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે...૫
જાણી પોતાના રે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી...૬
ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ...૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઈન્દ્રિય મનને...૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ...૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન...૧૦

**૧૫૫** **પદ-૧૦/૪**

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી...૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે...૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી...૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોયે;

વાતો કરે રે, કથા વંચાય તોયે...૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે...૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે...૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે...૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય...૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બેની...૯
એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે...૧૦

૧૫૭ પદ - ૧૦/૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી...૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા...૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ...૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે...૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;

તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી...૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને...૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી...૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણ કમળ દે નાથ...૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગના વસ્ત્ર ઉતારી...૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભકતતણા પ્રતિપાળ...૧૦

**૧૫૭** **પદ - ૧૦/૬**

એવા કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી...૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે...૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાય રે, મુખ પર આડો દઈને...૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ...૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દીધાની ટેવ...૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;

પરદુઃખહારી રે, વારી બહુનામીનો...૬
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય...૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરૂણા દ્રષ્ટિ રે, દેખી વાનજ વાળે...૮
ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી...૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી...૧૦

**૧૫૮ પદ - ૧૦/૭**

નિત્યનિત્ય નૌતમરે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય...૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે...૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે...૩
ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી...૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેના નામ...૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ...૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણું પીરસતાં;

કોઈના મુખમાં રે, આપે લાડું હસતાં...૭
પાછલી રાત્રિ રે, ચાર ઘડી રહે ત્યારે;
દાતણ કરવા રે, ઊઠે હરિ તે વારે...૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશો રે, જળ ઢોળે વનમાળી...૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે...૧૦

૧૫૯ પદ-૧૦/૮

રૂડા શોભે રે, નાહીને ઉભા હોવે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે...૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી...૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલે;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે...૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા...૪
જમતા ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી...૫
જમણા પગને રે, રાખી ઉભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ...૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ...૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;

પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા...૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતા જીવન રે, હરિજનને મન ગમે...૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ...૧૦

**૧૬૦** **પદ - ૧૦/૯**

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને...૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે...૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો...૩
વર્ષાઋતુ રે, શરદ ઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી...૪
સંત હરિજનને રે, સાથે લઈને શ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ...૫
બહુ જળક્રીડા રે, કરતા જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય...૬
નાહીને બારા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી...૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે...૮
ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;

સુફળ કરે છે રે, નેણાં વારંવાર...૯
આવી બિરાજે રે, ઓસરીયે બહુનામી;
ઢોલીયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી...૧૦

૧૬૧ પદ-૧૦/૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટયા રે, પુરુષોત્તમ મહારાજ...૧
ફળીયામાંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે...૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને...૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઊભી રાખી ફેરે...૪
સુતાં સુતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને...૫
ભૂલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ...૬
ભર નિદ્રામાં રે, પોઢયા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય...૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ...૮
એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર...૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;

પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે...૧૦

૧૭૨ રાગ : ગરબી પદ=૮ પદ - ૮/૧

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વહાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વહાલા૦ ૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વહાલા;
નખશિખ નીરખી નૌત્તમ મારા, ઉરમાં ઉતારૂં વહાલા૦ ૨
અરુણકમળ સમ જુગલ ચરણની, શોભા અતિ સારી વહાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા૦ ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વહાલા;
ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વહાલા૦ ૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતાં, ભકતને મન ભાવી વહાલા૦ ૫
જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વહાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા૦ ૬
અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વહાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વહાલા૦ ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વહાલા૦ ૮
જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિહ્ન વહાલા;
તે તો નીરખે જે કોઈ ભકત, પ્રીતિએ પ્રવીણ વહાલા૦ ૯
એ જ અંગૂઠાને બારે, તિલ એક નૌત્તમ ધારું વહાલા;

પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારૂં વહાલા૦૧૦

**૧૬૩ રાગ : ગરબી પદ =૨ પદ -૨/૨**

હવે મારા વા’લાને નહિ રે વિસારું રે;
શ્વાસ ઉચ્છવાસે તે નિત્ય સંભારું રે. ૧
પડયું મારે સહજાનંદજી શું પાનું રે;
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે. ૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે;
એ વર નહિ મળે ખરચે નાણું રે. ૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે;
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે. ૪
દુરિજન મન રે માને તેમ કહેજો રે;
સ્વામી મારા હૃદયની ભીતર રહેજો રે. ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે;
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે. ૬

## માનસી

**૧૬૪ રાગ : ગરબી પદ= ૮ પદ - ૮/૧**

વંદુ સહજાનંદ રસરુપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ૦ ૧
સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ;
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ૦ ૨

જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ૦ ૩
વર્ણવું સુંદર રૂપ અનુપમ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ,રહો ઉરમાં રમી રે લોલ૦ ૪

૧૬૫ પદ - ૮/૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ;
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ૦ ૧
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલા ખોસું છેલ, ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ૦ ૨
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યા રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યા રે લોલ૦ ૩
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ૦ ૪

૧૬૬ પદ-૮/૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલમ તારા વ્હાલમાં રે લોલ;
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ૦ ૧
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ;
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ૦ ૨
વહાલા તારા દંત દાડમના બીજ, ચતુરાઈ ચાવતાં રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ૦ ૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારૂં પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ.૦૪

૧૯૭ પદ-૮/૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ૦ ૧
વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ૦ ૨
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ૦ ૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ૦ ૪

૧૯૮ પદ-૮/૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ૦ ૧
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ૦ ૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ૦ ૩
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ૦૪

૧૯૯ પદ - ૮/૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ૦ ૧
વહાલા મારે સુખ સંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવન પ્રાણ, હસીને બોલાવતા રે લોલ૦ ૨

વહાલા તારું રૂપ અનુપમ ગૌર,મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ૦ ૩
આવો મારા રસિયા રાજીવ નેણ, મરમ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ૦ ૪

**૧૭૦** **પદ-૮/૭**

વહાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જાઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ૦ ૧
વહાલા તારી નાભી નૌતમરૂપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ૦ ૨
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પીંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ૦ ૩
વહાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ૦ ૪

**૧૭૧** **પદ-૮/૮**

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ૦ ૧
વહાલા તારે જમણે અંગૂઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ૦ ૨
વહાલા તારા નખની અરુણતા જોઈ, શશીકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ૦ ૩
વહાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત,રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ૦ ૪

રે પ્રાણજીવન પ્રીતમ પ્યારા પદ=૫

૧૭૨ રાગ : ગરબી પદ-૫/૫

રે શ્યામ તમે સાચુ નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું; રે શ્યામ૦ ટેક.
રે તમ વિના સુખ સંપત્ત કા'વે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ ના'વે....રે શ્યામ૦ ૧
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મનવૃત્તિ અટકી....રે શ્યામ૦ ૨
રે અખંડ અલૌકિક સુખ સારું, તે જોઈ જોઈ મન મોહ્યુ મારું;
ધરા ધન તમ ઉપર વારું....રે શ્યામ૦ ૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું;
મુકતાનંદ મન તમ સંગ મોહ્યું....રે શ્યામ૦ ૪

૧૭૩ શયન આરતી રાગ:બીહાગ પદ=૨ પદ-૨/૧

શીતલ આરતી કીજે, શ્રીકૃષ્ણકી શીતલ આરતી કીજે;
શોભાધામ શ્યામમુખ નિરખત,જન્મ સુફલ કરી લીજે ટેક૦.
અગ્રબાતી ધૃતબાતી અનોપમ, સો પાવકસેં પ્રજારી;
અંગોઅંગ ભુષનમની ઝલકત, ભઈ શોભા અતિભારી શ્રી૦ ૧
સુરિનર મુનિસબ આયે દર્શહિત, બોલત જય જયબાની;
મધુર મધુર વાજીંત્ર બજાવત, હોવત ધૂની સુખદાની શ્રી૦ ૨
શ્રીઘનશ્યામકી યા છબી નિરખત, આનંદ ઉર ન સમાવે;

મુક્તાનંદ મદનમોહન પર, વારવાર બલજાવે શ્રી૦ ૩

જયનાદ

૧૭૪ રાગ : બિહાગ પદ=૪ પદ-૪/૧

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ (૨) સંતનકે વિશ્રામ..પોઢે૦ ૧
અક્ષર પર આનંદ ઘન પ્રભુ, કીયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા (૨) લહત અક્ષરધામ..પોઢે૦ ૨
શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી (૨) હોવત જન નિષ્કામ..પોઢે૦ ૩
પ્રેમકે પર્યંકપર પ્રભુ, કરત સુખ આરામ;
મુકતાનંદ નિજ ચરન ઢિગ ગુન (૨) ગાવત આઠો જામ..પોઢે૦ ૪

૧૭૫ રાગ : મલાર પદ - ૧

મારા વાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ. ટેક૦
સન્મુખ જાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મે'હ વરસે રે;
હંસ જઈ હરિજનને રે મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૧
શૂળી ઉપર શયન કરાવે, તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૨
અમૃતપે અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૩

નરક કુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુકતાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૪

## ૧૭૬ રાગ : મલાર પદ-૧

મારા હરજી શું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગ શીદ રહીએ રે. તેને. ટેક૦
હેત વિના હુંકારો ન લેવો(દેવો), જેનું હરખે શું હૈડું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુમાં પ્રેમ ન દીસે રે. તેને૦ ૧
ભકિત ભાવનો ભેદ ન જાણે, ભૂરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારૂં ટાળે રે. તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઉને કૂપ ખોદે રે. તેને૦ ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા,ઓલ્યા મતિયાં કહે છે માયા રે. તેને૦ ૪

## એકાદશી જાગરણના પદો

## ૧૭૭ રાગ : ગરબી પદ =૪ પદ-૪/૧

એકાદશી આજનો દિન સારો રે, ગાઈએ નટવર નંદદુલારો..એકા૦
એના વ્રતનો મહિમા ભારી રે, જાણે બ્રહ્માદિક ત્રિપુરારી રે,
મળે પ્રગટ પ્રમાણ મુરારી..એકાદશી૦ ૧
વ્રત રાખીને હરિવર વરીએ રે, દઢ અંતર આંટી ધરીએ રે,

કોડે આનંદ ઉત્સવ કરીએ.. એકાદશી૦ ૨
બ્રહ્માનંદ કહે એ વ્રત રહ્યા છે રે, તે તો પાર સંસાર થયા છે રે;
એમ ઉદ્ધવજી કહી ગયા છે.. એકાદશી૦ ૩

૧૭૮ પદ-૪/૨

એકાદશી ઉત્સવનો દિન રૂડો રે, કોડે નીરખીએ છેલ કહાનુડો..એકા૦
રસિયા સંગ રંગભર રમીએ રે, દેહ પ્રાણ ઈન્દ્રિય મન દમીએ રે;
ત્યારે ગિરિધરને મન ગમીએ..એકાદશી૦ ૧
નિત્ય પ્રેમ સુધારસ પીજે રે, કરી વ્રત નવ રાચીએ બીજે રે;
રસિયો નટનાગર રીઝે..એકાદશી૦ ૨
જેણે વચન થકી વ્રત કીધું રે, તેનું સઘળું તે કારજ સીધું રે;
બ્રહ્માનંદ કહે જન્મ ફળ લીધું..એકાદશી૦ ૩

૧૭૯ પદ-૪/૩

એકાદશી ઉત્સવનો છે દહાડો રે; ખૂબ રચીએ તે રંગ અખાડો...એકા૦
કરીએ વ્રત અતિ ઉછરંગે રે, પહેરી વસન આભૂષણ અંગે રે;
રમીએ શ્યામ સુંદર વર સંગે..એકાદશી૦ ૧
સખી શ્યામ ચરણ ચિત્ત લાઈએ રે, વિષરૂપ વિષય વિસરાઈએ રે;
ગિરિધર નટનાગર ગાઈએ..એકાદશી૦ ૨
એનો મહિમા કહ્યામાં ન આવે રે, મોટા મોટા મુનિવર ગાવે રે;
બ્રહ્માનંદ કહે હરિને મેલાવે..એકાદશી૦ ૩

૧૮૦ પદ-૪/૪

એકાદશી પ્રગટ પ્રભુજીને પ્યારી રે, સર્વે હરિજનને સુખકારી..એકા૦
રહેશે વ્રત જે વચન પ્રમાણે રે, એમાં અસત્ય ભાવ નવ આણે રે,
તે તો મોક્ષ મહાપદ માણે..એકાદશી૦ ૧

કાજુ સબ જગ મંગળ કરણી રે, દુઃખ શોક સંતાપની હરણી રે;
સાચી મોક્ષતણી નીસરણી..એકાદશી૦ ૨
બ્રહ્માનંદ કહે ટળે ભ્રમભીતિ રે; રહે વ્રત સનાતન રીતિ રે;
થાય પૂરણ હરિપદ પ્રીતિ..એકાદશી૦ ૩

**૧૮૧ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

કોડે કોડે એકાદશી કીજીએ રે, એવું વ્રત જાવા નવ દીજીએ રે. કોડે૦ ૧
એ વ્રત કરે તે ધન્ય માનવી રે, તે તો નાહ્યો કોટિક વાર જાહ્નવી રે. કોડે૦ ૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે, તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે. કોડે૦ ૩
એનો મહિમા મુનિવર ગાય છે રે, અવિનાશી મળ્યાનો ઉપાય છે રે. કોડે૦ ૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે, કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે. કોડે૦ ૫

**૧૮૨ પદ-૪/૨**

હરિજન હોય તે હરિને ભજે રે, વ્રત એકાદશી તે કદી નવ તજે રે. હરિ૦ ૧
જાણે માત સમાન પરનારને રે, ગણે તુચ્છ સરીખો સંસારને રે. હરિ૦ ૨
મદ્ય માંસ હરામ જેને નવ ખપે રે, જીભે રાત દિવસ પ્રભુને જપે રે, હરિ૦ ૩
માયા જીવ ઈશ્વરના જાણે મર્મને રે, રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે. હરિ૦ ૪
બ્રહ્માનંદના વહાલાની છબી ઉર ધરે રે, મતવાલો થઈને જગમાં ફરે રે. હરિ૦ ૫

**૧૮૩ પદ-૪/૩**

ભલે આવી અનુપમ એકાદશી રે, મારે વહાલે મુજ સામું જોયું હસી રે. ભલે૦ ૧
આજ વાધી આનંદ કેરી વેલડી રે, થઈ રસિયા સંગાથે રંગ રેલડી રે. ભલે૦ ૨
લટકાળાં કુંવર નંદલાલની રે, ચિત્તડામાં ખૂંતી છે છબી ચાલની રે. ભલે૦ ૩
રંગભીનો રમે રસ રંગમાં રે, અતિ આનંદ થયો છે મારા અંગમાં રે. ભલે૦ ૪

પ્રીતિ જાણી રસીલો વચને પળ્યા રે, બ્રહ્માનંદનો વહાલો મુજને મળ્યા રે. ભલે૦ ૫

**૧૮૪** **પદ-૪/૪**

ધન્ય ધન્ય એકાદશી આજની રે, રૂડી નીરખી છબી વ્રજરાજની રે. ધન્ય૦ ૧
ફુલડાનાં છોગાં તે શિરપર ધર્યાં રે, તે જોઈને મારાં નેણાં ઠર્યાં રે. ધન્ય૦ ૨
ભાળી કેસર તિલક રૂડું ભાલમાં રે, મારી લગની લાગી છે નંદલાલમાં રે. ધન્ય૦ ૩
વાંકી ભ્રકુટિમાં મન મારું ભમે રે, હવે બીજું દીઠું તે મને નવ ગમે રે. ધન્ય૦ ૪
બ્રહ્માનંદ કહે રૂપાળી એની આંખડી રે, પ્યારી લાલ કમળ કેરી પાંખડી રે. ધન્ય૦ ૫

**૧૮૫** **રાગ : ગરબી પદ=૪** **પદ-૪/૧**

ઉત્સવની પ્યારી કેશવની, આજ એકાદશી ઉત્સવની;
કોટિક ગૌ કેરાં દાન કરે પણ, નાવે તોલે એના લવની...આજ૦
મંગળ રૂપ સદા સુખકારી, વહાલી નિધિ જન વૈષ્ણવની...આજ૦
વચન પ્રમાણે કરે વ્રત તેને, ત્રાસ મટે રે મૃત્યુ ભવની...આજ૦
બ્રહ્માનંદ કહે એ વ્રત કરવું, એમ આજ્ઞા સ્વામી ઉદ્ધવની...આજ૦

**૧૮૬** **પદ-૪/૨**

હરખ અતિ ભેટયા કૃષ્ણપતિ, આજ એકાદશી હરખ અતિ;
મનમોહન મારે મંદિર આવ્યા, અધિક થઈ હુંતો પુણ્યવતી...આજ૦
પીતાંબર આભૂષણ પહેરી, ચાલંતા વહાલો હંસ ગતિ...આજ૦
પુરૂષોત્તમ પૂરણવર પામી, રહી નહિ ખામી હવે એક રતી...આજ૦
બ્રહ્માનંદ કહે હરિવર વરતાં, ચૌદ ભુવનમાં હું થઈ રે છતી...આજ૦

**૧૮૭** **પદ-૪/૩**

માવ મળ્યા ત્રય તાપ ટળ્યા, આજ એકાદશી માવ મળ્યા;

પૂર્વ ભવની પ્રીત જાણીને, આવીને અમ પર અઢળ ઢળ્યા...આજ૦
મુનિવર ધ્યાન ધરી ધરી થાકયા, કોઈથી વહાલો નવ જાય કળ્યા...આજ૦
મારું મંદિરીયું પોતાનું રે જાણી, ભૂધર સુખ દુઃખ માંહી ભળ્યા...આજ૦
બ્રહ્માનંદ કહે હરિવર પામી, આનંદ કેરા ઓઘ વળ્યા...આજ૦

**૧૮૮** **પદ-૪/૪**

સુફળ ફળી હું તો હરિને મળી, આજ એકાદશી સુફળ ફળી;
ચોંપે કરી નટ નાગર સારું, સેજ સજી કાજુ કુસુમ કળી...આજ૦
રસબસ હોય રહી રસિયા સંગ, જયું મીસરી પયમાંહી ભળી...આજ૦
નિત્ય નિત્ય પ્રેમ રહું ઉર ધરતી, હરિચરણે મન વૃત્તિ હળી...આજ૦
બ્રહ્માનંદ કહે હરિ ઉર ધરિયા, જન્મ મરણ કેરી શંકા ટળી...આજ૦

**૧૮૯** **રાગ : ગરબી પદ =૪** **પદ - ૪/૧**

અલબેલાજી પ્રાણઆધાર રે, તમ પર વારી રે;
તારે નેણે તે નંદકુમાર રે, મોહી વ્રજનારી રે. ૧
છોગાંવાળા મનોહર છેલ રે, નંદજીના લાલા રે;
ગુણવંતા આવીશ તારે ગેલ રે, વ્રજપતિ વહાલા રે. ૨
મીઠાબોલા રંગીલા માવ રે, લાગ્યો છે નેડો રે;
નહીં મેલું હું નટવર નાવ રે, કહાન તારો કેડો રે. ૩
છબી જોઈને અલૌકિક શ્યામ રે, મોહ્યું મન મારું રે;
બ્રહ્મમુનિ કહે તન ધન ધામ, તારા નામ પર વારું રે. ૪

**૧૯૦** **પદ - ૪/૨**

મારા જન્મ સંગાથી જદુરાય રે, ગિરિવર ધારી રે;

તારી મૂર્તિ વસી છે મનમાંય રે, ન મેલું ઘડી ન્યારી રે. ૧
તમ સાથે રંગીલા નાથ રે, બાંધી છે બેલી રે;
મારો હેતે ઝાલ્યો છે તમે હાથ રે, મા દેશો મેલી રે. ૨
મારા પ્રીતમ જીવનપ્રાણ રે, જીવું છું જોઈને રે;
તમ સંગે કરી છે ઓળખાણ રે, લોકલજ્જા ખોઈને રે. ૩
રસિયાજી મારે ઘેર રાત રે, આવીને રહોને રે;
બ્રહ્મમુનિ કહે દિલડાંની વાત રે, એકાંતે આવી કોને રે. ૪

૧૯૧ પદ - ૪/૩

આજ ગઈ'તી કાલિંદ્રીને તીર રે, ભરવાને પાણી રે;
મેં તો જોયા ત્યાં બળભદ્ર વીર રે, મોહન દાણી રે. ૧
શોભે ફુલડાંનો તોરો એને શીશ રે, કસુંબલ ફેંટો રે;
ઊભો ડોલરીયો જગદીશ રે, રંગીલો ઓઢી રેંટો રે. ૨
કર્યું તિલક કેશર કેરું ભાલ રે, ફુલડાંની માળા રે;
વાલો ચાલે છે હંસ કેરી ચાલ રે, લાગે છે રૂપાળા રે. ૩
ખેલે સરવે ગોવાળોને સાથે રે, આનંદી અલબેલો રે;
જોયા બ્રહ્મ મુનિનો નાથ રે, રંગડાનો રેલો રે. ૪

૧૯૨ પદ - ૪/૪

તારી નવલ છબી નંદલાલ રે, પ્રીતમ પ્યારા રે;
હું તો નિરખીને થઈ છું નિહાલ રે, જીવન મારા રે. ૧
મુખે બોલો મનોહર વેણ રે, અતિ સુખકારી રે;
મારી લગની લાગી છે દિન રેણ રે, કુંજવિહારી રે. ૨
શોભે સોનેરી શિર પાઘ રે, કાનુમાં મોતી રે;
મારા રસિયા માણીગર માવ રે, રહું નિત્ય જોતી રે. ૩

મારા હૈડામાં નાથ હંમેશ રે, દરશન દેજો રે;
બ્રહ્મમુનિ કહે નટવર વેશ રે, આંખડલીમાં રેજો રે. ૪

૧૯૩ રાગ : ગરબી પદ =૪ પદ - ૪/૧

આવોને ઓરા છેલ છબીલા મારી શેરીએ,
આવોને ઓરા હેત કરીને સામું હેરીએ...૧
આવોને ઓરા લાવો મળ્યાનો આપણ લીજીએ,
આવોને ઓરા કહાના એકાંતે વાતો કીજીએ...૨
આવોને ઓરા ખાંતે કરીને આપણ ખેલીએ,
આવોને ઓરા માથે કલંગી સુંદર મેલીએ...૩
આવોને ઓરા ફુલડે બિછાવી મેં તો સેજડી,
આવોને ઓરા હાથ જોડીને આગે છું ખડી...૪
આવોને ઓરા મનડાં મળ્યાં તે નથી છૂટતાં,
આવોને ઓરા દુરિજન દેખીને છોને કૂટતાં...૫
આવોને ઓરા પ્રગટ થયા અમારે કારણે,
આવોને ઓરા બ્રહ્માનંદ જાય તમારે વારણે...૬

૧૯૪ પદ - ૪/૨

પધારો નાથ વાટ જોઈને ઊભી કયારની,
પધારો નાથ શંકા તજી મેં સંસારની...૧
પધારો નાથ મંદિર અમારે રંગ માણીએ,
પધારો નાથ અવગુણ અમારા ચિત્ત ન આણીએ...૨
પધારો નાથ તમને વધાવું મોતીડે કરી,

પધારો નાથ પ્યારા રાખીશ હૈયા ઉપરી...૩
પધારો નાથ માથા સાટે વરી છું રાજને,
પધારો નાથ મેલી લોકડિયાની લાજને...૪
પધારો નાથ ચિત્તડું મોહ્યું તમારી ચાલમાં,
પધારો નાથ ભૂધર લખ્યા છો મારા ભાલમાં...૫
પધારો નાથ છેલ છબીલા કુંવર નંદના,
પધારો નાથ વહાલા રસીલા બ્રહ્માનંદના...૬

**૧૯૫** **પદ - ૪/૩**

છબીલા છેલ દૂર ફરો છો શીદ ડોલતા,
છબીલા છેલ અમથી શા માટે નથી બોલતા...૧
છબીલા છેલ અમને તમારો એક આશરો,
છબીલા છેલ મનમાં ન ગોઠે પિયર સાસરો...૨
છબીલા છેલ વાલપ લાગી તમારા વેણમાં,
છબીલા છેલ આવોને રાખશું જો નેણમાં...૩
છબીલા છેલ મુજને લાગી તમારી આંખડી,
છબીલા છેલ પ્યારા પધારો પે'રી ચાંખડી...૪
છબીલા છેલ ભાવ કરીને આવો ભેટવા,
છબીલા છેલ મનડાની દાઝ સરવે મેટવા...૫
છબીલા છેલ આળસ મેલીને હવે આવીએ;
છબીલા છેલ બ્રહ્માનંદને હસી બોલાવીએ...૬

**૧૯૬** **પદ-૪/૪**

રંગીલા કાન અરજી અમારી એક ઝીલીએ;
રંગીલા કાન મનની આંટી તે હવે મેલીએ...૧

રંગીલા કાન રહોને આવીને અહીં રાતડી;
રંગીલા કાન વાલપની કરીએ જો વાતડી...૨
રંગીલા કાન ઝાઝું તમને શું કહી દાખીએ;
રંગીલા કાન રાંકુથી રીસ નવ રાખીએ...૩
રંગીલા કાન છેટે રહેવું તે વારી નવ ઘટે;
રંગીલા કાન મળ્યા વિના તે પીડા નવ મટે...૪
રંગીલા કાન પ્રીત કરીને અમને પરહર્યાં;
રંગીલા કાન કુબ્જાનાં ઘર તે પોતાનાં કર્યાં...૫
રંગીલા કાન બ્રહ્માનંદની તે અરજી સાંભળો;
રંગીલા કાન આવીને એકાંતે મુજને મળો...૬

**૧૯૭ રાગ : ગરબી પદ=૪ પદ – ૪/૧**

સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ;
રમે રાસ રંગીલો રંગમાં રે...ટેક.
ચહુ કોરે સખાની મંડળી રે,ઊભા વચમાં છેલો અલબેલ. રમે૦ ૧
સખી ચાલોને જઈએ દેખવા રે,વા'લે પેર્યાં છે વસ્ત્ર શોભીત. રમે૦ ૨
તાળી પાડે રૂપાળી તાનમાં રે, મુખે ગાવે મનોહર ગીત. રમે૦ ૩
શોભા બણી સલુણા શ્યામની રે,ઉભી વ્રજની નારી જોવા કાજ. રમે૦ ૪
હસી હેરે છબીલો હેતમાં રે, બ્રહ્માનંદનો વહાલો વ્રજરાજ. રમે૦ ૫

**૧૯૮ પદ – ૪/૨**

સખી નંદમહરને આંગણે રે, ગોપી આનંદ મંગળ ગાય,
છબી જોને સનેહી શ્યામની રે, ટેક.

મરમાળે અખાડો માંડિયો રે,કાજુ આસોપાલવની છાંય..છબી૦ ૧
વા'લે પ્રીત કરીને પહેરિયો રે,રૂડો સોનેરી સુરવાળ..છબી૦ ૨
સખી ફરતાં લાગે છે ફુટડી રે,ઝીણી અંગરખીની ચાળ..છબી૦ ૩
બહુ મૂલુ મોળીડું બાંધીયું રે,કાજુ ઝળકે સોનેરી કોર..છબી૦ ૪
રૂડાં લટકાં કરે છે હાથનાં રે,બ્રહ્માનંદનો વા'લો ચિત્તચોર..છબી૦ ૫

**૧૯૯** **પદ-૪/૩**

સખી જોને ગોવાળોના સાથમાં રે, વાલો ફરે અલૌકિક ફેર,
કહી શોભા ન જાય પ્યારા કાનની રે૦ ટેક.
છેલો ઠમકે માંડે પાવ ઠાવકા રે, વાજે ઘૂઘરડીનો ઘેર..કહી૦ ૧
છાયું નવલ મોળીડું ફુલ છોગલે રે, રાજે નવલ કલંગી છબીદાર.. કહી૦ ૨
રૂડો જામો પહેર્યો છે જરકસી રે, શોભે અંગોઅંગ શણગાર..કહી૦ ૩
રંગભીના કા'ના કેરા રાસની રે, છબી જોવા આવ્યા સુરવૃંદ..કહી૦ ૪
સખી નવલ રંગીલી છબી ઉપરે રે, વારી જાય છે બ્રહ્માનંદ..કહી૦ ૫

**૨૦૦** **પદ - ૪/૪**

સખી આજ ગઈ'તી હું તો પાણીએ રે, ઉભો છોગાવાળો રંગછેલ.
મને વહાલો લાગે છે કુંવર નંદનો રે ટેક૦
સખી જમુનાને આરે ઝીલતા રે,જોઈ ભરવી ભૂલી જળહેલ..મને૦ ૧
સખી મંત્ર ભણીને નાખી મોહની રે,થઈ થકિત ન ચાલે મારા પાવ..મને૦ ૨
સખી શું રે જાણું મુને શું કર્યું રે,મરમાળે રંગીલે માવ..મને૦ ૩
સખી એની અલૌકિક આંખડી રે,મારે ચોંટી છે ચિત્તડા માંય..મને૦ ૪
બ્રહ્માનંદના વહાલાની મૂર્તિ રે,ઘડી છેટે મેલી કેમ જાય..મુને૦ ૫

૨૦૧ રાગ : ગરબી પદ =૪ પદ - ૪/૧

વા'લા લાગો છો વિશ્વ આધાર રે, સગપણ તમ સાથે;
મેં તો સર્વે મેલ્યો સંસાર રે...સગ-૧
મારા મનમાં વસ્યા છો આવી શ્યામ રે...સગ૦
તમ સારુ તજ્યા ધન ધામ રે...સગ-૨
મારું મનડું લોભાણું તમ પાસ રે...સગ૦
મુને નથી બીજાની આશ રે...સગ-૩
મારે માથે ધણી છો તમે એક ર...સગ૦
મારી અખંડ નિભાવજો ટેક રે...સગ-૪
મેં તો દેહ ધર્યો છે તમકાજ રે...સગ૦
તમને જોઈ મોહી છું વ્રજરાજ રે...સગ-૫
હું તો હેતે વેચાણી તમ હાથ રે...સગ૦
છો બ્રહ્માનંદના નાથ રે...સગ-૬

૨૦૨ પદ-૪/૨

મારે આવ્યો અલૌકિક દાવ રે, કોઈ મુને શું કરશે;
માથા સાટે વર્યા મેં તો માવ રે...કોઈ-૧
હવે બળે છે જગમાં બલાય રે...કોઈ૦
મેંતો ભેટયા છે ભૂધર રાય રે...કોઈ-૨
અતિ આનંદ થયો છે મારે અંગ રે...કોઈ૦
લાગ્યો રસિયાજીનો રંગ રે...કોઈ-૩
થઈ જગમાં અલૌકિક જીત રે...કોઈ૦

લાગી પૂરણ સલૂણા સાથે પ્રીત રે...કોઈ-૪
મારે વા'લે દીધું છે મુને માન રે...કોઈ૦
મુને કીધી સોહાગણ કહાન રે..કોઈ-૫
હવે થયો સંસારિડો ઝેર રે...કોઈ૦
બ્રહ્માનંદને વા'લે કીધી મેહેર રે...કોઈ-૬

**૨૦૩** **પદ – ૪/૩**

જોઈ છેલ છબીલાની ચાલ રે, મન મારું લોભાણું;
વળી ભૂરકી નાખી છે નંદલાલ રે...મન-૧
સહુ ઘેલી કહે છે સંસાર રે...મન૦
મેં તો નિરખ્યા છે નંદ કુમાર રે...મન-૨
કોઈ શાને કરો છો મારી છેડ રે...મન૦
નહીં મેલું કાનુડાની કેડ રે...મન-૩
સર્વે ભૂલી છું ઘરડાનું કાજ રે...મન૦
એક વહાલા કીધા છે વ્રજરાજ રે...મન-૪
હવે રટના લાગી છે દિન રાત રે...મન૦
થઈ શિરસાટાની વાત રે...મન-૫
મુને કીધી માનિતી સહુ માંહ્ય રે...મન૦
બ્રહ્માનંદને વહાલે ઝાલી બાંહ્ય રે...મન-૬

**૨૦૪** **પદ – ૪/૪**

બા'રી કાઢી જગતની બીક રે, વરી હુંતો વનમાળી;
મેં તો સમઝી વિચારી કીધું ઠીક રે...વરી-૧
તુચ્છ જાણીને કીધું સર્વે ત્યાગ રે...વરી૦
મોહી રસિક સલુણાને રાગ રે...વરી-૨

મુને ચટકી લાગી છે ચિત્તમાંહ્ય રે...વરી૦
બીજું વહાલા વિના ન સોહાય રે...વરી-૩
મુને કાંઈ ન સુઝે કામ રે...વરી૦
થયું હરિ વિના સર્વે હરામ રે...વરી-૪
હવે નિઃશંક થઈ છું નચિંત રે...વરી૦
થઈ જગમાં અલૌકિક જીત રે...વરી-૫
સમઝી કીધું છે તન કુરબાન રે...વરી૦
બ્રહ્માનંદના વહાલાથી બાંધ્યા પ્રાણ રે...વરી-૬

**૨૦૫ રાગ : ગરબી પદ=૮ પદ - ૮/૧**

મન લીધું મોરલડી તાનમાં રે, હુંતો મોહી છું છેલાજીના વાનમાં રે...મન૦ ટેક૦
સખી આજ ગઈતી હું તો પાણીએ રે, વહાલે મુજને બોલાવી મીઠી વાણીએ રે...મન૦૧
વહાલો ઊભા'તા ગોવાળોના સાથમાં રે, લીધી બંસી મનોહર હાથમાં રે...મન૦૨
રૂડાં છોગાં મેલ્યાં રળીયામણાં રે; ભાળી લીધાં ભૂધરજીનાં ભામણાં રે...મન૦૩
મારી લગની લાગી છે નંદલાલમાં રે; બ્રહ્માનંદને વહાલે જોયું વ્હાલમાં રે...મન૦૪

**૨૦૬ પદ-૮/૨**

ઓરા આવોને નાગર નંદના રે, આવી વાળોને ઓઘ આનંદના રે...ઓરા૦ ટેક.
વહાલા હોંસ ઘણી છે મારા મનમાં રે, તમ આવે ટાઢું થાય તનમાં રે...ઓરા૦૧
વહાલા એકલાં તે કેમ કરી રીજીએ રે, કહાના આવોને ગોઠડી કીજીએ રે...ઓરા૦૨
તમ સાથે બંધાણી પ્રીત ઘાટડી રે, મારી ઉઘડી હૈડા કેરી હાટડી રે...ઓરા૦૩
બ્રહ્માનંદના તે શ્યામ સુજાણ છો રે, પ્યારા પરમ સ્નેહી મારા પ્રાણ છો રે...ઓરા૦૪

**૨૦૭** **પદ - ૮/૩**

મન માની મોહન તારી મૂરતિ રે; એક નિમિષ ન મેલું મારા ઉરથી રે...મન૦ ટેક.
મને નેહડો જણાણો તારા નેણમાં રે; રઢ લાગી ન ભૂલું દીન રેણમાં રે...મન૦૧
જોયું રૂપ તારૂં રળીયામણું રે; બીજું સરવે થયું અળખામણું રે...મન૦૨
હું તો ગરક થઈ તારા ગીતમાં રે; ચડયો કેફ અલૌકિક ચિત્તમાં રે...મન૦૩
પિયા પ્રેમેથી સેજડી પધારજો રે; બ્રહ્માનંદને ઘડી માં વિસારજો રે...મન૦૪

**૨૦૮** **પદ - ૮/૪**

વા'લી લાગે વા'લા તારી વાતડી રે; છેલા મળીયે ઠરે મારી છાતડી રે. વા'લી૦ ટેક૦
રંગભીના રંગાણી તારા રંગમાં રે; અતિ આનંદ થયો છે મારા અંગમાં રે. વા'લી૦૧
હું તો જીવું મોહન તુંને જોઈને રે; વળી રાખું આંખડલીમાં પ્રોઈને રે. વા'લી૦૨
કા'ના નેણુમાં કામણ કીધલાં રે; રૂડાં લટકાં કરી મન લીધલાં રે. વા'લી૦૩
વારી એકાંતે રંગભર આવજો રે; બ્રહ્માનંદને હસીને બોલાવજો રે. વા'લી૦૪

**૨૦૯** **રાગ : ગરબી પદ=૪** **પદ - ૪/૧**

નંદલાલો રે નંદલાલો, છે જો પ્રાણથકી મુને વહાલો રે. નંદ૦ ૧
એનાં ચરણકમળની રેખું, જોઈ જન્મ સફળ મારો લેખું રે. નંદ૦ ૨
નખમંડળ અધિક તેજાળું, અંતરમાં કરે છે અજવાળું રે. નંદ૦ ૩
પગ ઘુંટી અજબ ગોળ પ્યારી, એનું ધ્યાન ધરે છે ત્રિપુરારી રે. નંદ૦ ૪
ગિરિધરની નવલ પીંડી ગોરી, બ્રહ્માનંદની છે જીવનદોરી રે. નંદ૦ ૫

**૨૧૦** **પદ - ૪/૨**

રંગભીનો રે રંગભીનો, એનો નિત્ય નિત્ય ભાવ નવીનો રે. રંગ૦ ૧
જાનું જુગલ જોઈને સુખી થાયે, નિત્ય કમળા ચાંપે છે ચતુરાયે રે. રંગ૦ ૨

દીલ હરખ વાધે છે ઉરૂ દીઠે, તે તો શોભે ગરૂડ કેરી પીઠે રે. રંગ૦ ૩
કટી નવલ પીતાબંર ભારી, કંદોરો જડીત સુખકારી રે. રંગ૦ ૪
નાભી અજને ઉપજ્યાનું ઠેકાણું, બ્રહ્માનંદનું ત્યાં મન લોભાણું રે. રંગ૦ ૫

**૨૧૧** **પદ-૪/૩**

અલબેલો રે અલબેલો, છોગાવાળો રે છેલ છબીલો રે. અલ૦ ૧
ઉદર ત્રિવળી અધિક રૂપાળી, જોઈ મગન રહે છે મહીવાળી રે. અલ૦ ૨
પેટ નરમ પોયણ કેરૂં પાનું, માંહી રહે છે બ્રહ્માંડ જૂથ છાનું રે. અલ૦ ૩
છબીદાર ઉપડતી પો'ળી છાતી, રહે લક્ષ્મી અખંડ રંગરાતી રે. અલ૦ ૪
કંઠ શંખ સરીખો કાજુ શોભે, બ્રહ્માનંદનું તે મનડું લોભે રે. અલ૦ ૫

**૨૧૨** **પદ-૪/૪**

ગિરધારી રે ગિરધારી, એની મૂર્તિ લાગેછે મને પ્યારી રે. ગિર૦ ૧
ભુજ દંડ પ્રચંડ શોભે ભારી, કંઠ નાખી ડોલે છે વ્રજનારી રે. ગિર૦ ૨
રૂડાં કુંડળ જડાઉ કાને રાજે, મુખ જોઈ કમળ શશી લાજે રે. ગિર૦ ૩
તિલ ત્રાજુ છે ગૌર કપોળે, સુખ અનંત રહ્યાં છે એને ઓળે રે. ગિર૦ ૪
નાસા નેણ તિલક છબી જોઈને, બ્રહ્માનંદ કહે રાખું છું ચિત્ત પ્રોઈને રે. ગિર૦ ૫

**૨૧૩** **રાગ : ગરબી પદ=૪** **પદ-૪/૧**

વા'લા મારી શુધ બુધ તેં હરી લીધી રે, તારે લટકે વેરાગણ કીધી-વાલા૦ ટેક.
તારી નવલ કલંગી દીઠી રે, મનડામાં લાગે અતિ મીઠી રે;
જાણે જબર જાદુડાની ચીઠી...વાલા૦ ૧
જોયું મોળીડું આંટે ફરતું રે, પળ એક નથી વીસરતું રે;
મારૂં હૈડું ધીરજ નથી ધરતું...વાલા૦ ૨

ભાલે આડ કેસર કેરી ભાળી રે, રેખું ત્રણ ઉપડતી રૂપાળી રે;
જાણે મન પકડયાની છે જાળી...વાલા૦ ૩
વાંકી ભ્રુકુટી ઘણી મન ભાવી રે, બ્રહ્માનંદને વસી ઉર આવી રે;
જાણે શ્યામ કબાણ ચડાવી...વાલા૦ ૪

**૨૧૪** **પદ - ૪/૨**

પ્યારા તારી પ્યારી લાગે છે પાંપણિયાં રે, જોઈ ભેખ લીધો મેં જોગણિયાં-પ્યારા૦ ટેક.
તારાં લોચન બાણ તીખડિયાં રે, ઘણાં જાદુ હથોડીનાં ઘડિયાં રે;
આવી ઓચિંતાં મુજ પર પડિયાં...પ્યારા૦ ૧
તારી નાસિકા સુંદર નમણી રે, છે જો દીપક કીર લજમણી રે;
એ તો જીવનદોરી છે અમણી...પ્યારા૦ ૨
કાને કુંડળ નૌત્તમ ધરીયાં રે, ભારી નંગ વળી રંગ ભરીયાં રે;
આવી અંતરમાં ઊંડાં ગરીયાં...પ્યારા૦ ૩
દીઠું મુખડું ચંદા કેરે ડોળે રે, તિલ દક્ષિણ ગૌર કપોળે રે;
બ્રહ્માનંદ કહે મુનિ તેને ખોળે...પ્યારા૦ ૪

**૨૧૫** **પદ - ૪/૩**

રૂડી તારી મૂછની રેખા ઉપડતી રે, ચિત્ત ચોર્યું ચાલુ લડથડતી-રૂડી૦ ટેક;
હૈડામાં વસી મારે હાંસી રે, એને સમરે છે જોગ અધ્યાસી રે;
જાણે પ્રેમ તણી માંડી ફાંસી...રૂડી૦ ૧
હેતે દંત બત્રીસી હેરી રે, ઠીક થઈને વૃત્તિ મારી ઠેરી રે;
કાજુ કળિયું તે દાડમ કેરી...રૂડી૦ ૨
વા’લા મોરલી ધીરે સ્વરે વાજો રે, પ્રીતે અધર અમૃત રસ પાજો રે;
જ્યાં જાઓ ત્યાં સાથે તેડી જાજો...રૂડી૦ ૩
જ્યારે ચાવો છો પાન સોપારી રે, છોળ્યુ આવે તંબોળની બા’રી રે;

તેનો બ્રહ્માનંદ અધિકારી...રૂડી૦ ૪

**૨૧૬** **પદ-૪/૪**

કા'ના તારો કંઠ કહ્યામાં ન આવે રે, એ તો કૌસ્તુભ મણિને શોભાવે-કા'ના૦ ટેક.
હૈડે પહેર્યો છે હાર હજારી રે, ભુજદંડ પ્રચંડ છે ભારી રે;
નાખી કંઠ જીવે વ્રજનારી...કા'ના૦ ૧
શોભે કમરે રેંટો સુધો સારો રે, જ્ઞાની ધ્યાનીનો દિવસ ગુજારો રે;
ચાલ જોઈ લાજે હંસ બિચારો...કા'ના૦ ૨
રૂડી લાગે છે પગની આંગળીયું રે, નખતેજ જાય નહીં કળિયું રે;
જાણે ચંદ્રતણી છે મંડળિયું...કા'ના૦ ૩
રાજે ચરણે લાંબી ઉર્ધ્વરેખું રે, હું તો ધ્યાન વિના એને દેખું રે;
બ્રહ્માનંદ કહે જન્મ ધન્ય લેખું...કા'ના૦ ૪

**૨૧૭** **રાગ : ગરબી પદ=૮** **પદ - ૮/૧**

તારે ચટક રંગીલો છેડલો અલબેલા રે, કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે,
શિર અજબ કલંગી શોભતી-અલ૦ હૈડામાં રાખ્યા લાગ...રંગ૦ ૧
મોળીડું છાયું મોતીએ-અલ૦ ફુલડાંની સુંદર ફોર...રંગ૦ ૨
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના-અલ૦ જોઈ ભ્રમર ભમે તે ઠોર...રંગ૦ ૩
તારી પાઘડલીના પેચમાં-અલ૦ મારૂ ચિત્તડું થયું ચકચૂર...રંગ૦ ૪
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ-અલ૦ વણદીઠે ઘેલી તુર...રંગ૦ ૫

**૨૧૮** **પદ-૮/૨**

કેસરનું તિલક સોહામણું ગિરિધારી રે, ઝળકે છે સુંદર ભાલ જાઉં બલિહારી રે,
રસ રેખડલી વિલસી રહી-ગિર૦ નીરખીને થઈ છું નિહાલ...જાઉં૦ ૧

વારી બેહદ ભ્રકુટી વાંકડી-ગિર૦ જાણે કરડી શ્યામ કબાણ...જાઉં૦ ૨
રૂપાળી ટસરૂં રાતડી-ગિર૦ લોચનિયાં તિખાં બાણ...જાઉં૦ ૩
નાસા અણિયાળી નમણી-ગિર૦ જોઈ લાજે દીપક કીર...જાઉં૦ ૪
બ્રહ્માનંદ કહે જોઈ રહેતી નથી-ગિર૦ ઉર દેવ ત્રિયાને ધીર...જાઉં૦ ૫

**૨૧૯** **પદ-૮/૩**

કુંડળ બેઉં રાજે કાનમાં વ્રજચંદા રે, સુંદર માંહી બિંદુ શ્યામ નંદના નંદા રે,
રંગભીના તારા રૂપમાં-વ્રજ૦ જોઈ લાજે કોટિક કામ...નંદ૦ ૧
તિલનું એક નૌતમ ત્રાજવું-વ્રજ૦ કંકોળેલ ગૌર કપોળ,,,નંદ૦ ૨
તારા અધર પ્રવાળા સરખા-વ્રજ૦ છબી વદનકમળની ગોળ...નંદ૦ ૩
તારા દાંત ડોલરિયાની કળી-વ્રજ૦ વળી દાડમ કેરાં બીજ...નંદ૦ ૪
બ્રહ્માનંદ કહે હાસ્ય વિલાસમાં-વ્રજ૦ રહી વ્રજનારી રંગભીંજ...નંદ૦ ૫

**૨૨૦** **પદ-૮/૪**

બાંયે બાજુ કાજુ બેરખા મને પ્યારા રે, બહુમૂલી લટકે બોર કામણગારા રે,
હાથુમાં પોંચી હેમની-મને૦ ખાસી તન ચંદન ખોર...કામ૦ ૧
બની શોભા વીંટી વેઢની-મને૦ હૈયે નવલ ગુલાબી હાર...કામ૦ ૨
તારૂં રૂપ જોઈ ઘેલી ફરે-મને૦ ગોકુળિયા કેરી નાર...કામ૦ ૩
જોઈ તેજ અલૌકિક અંગનું-મને૦ થયા ઝાંખા સુરજ ચંદ...કામ૦ ૪
તારી નવલ છબીની ઉપરે-મને૦ બલિહારી બ્રહ્માનંદ...કામ૦ ૫

**૨૨૧** **રાગ : ગરબી પદ=૮** **પદ - ૮/૧**

ઓરા આવો નટવર નાનડીયા;
તમે મારા જીવ સાથે જડીયા. ઓરા...ટેક૦.

શોભ્મો છો સોનેરી પટકે, છબી રંગ ચોળતણે ચટકે;
લીધું મન હાથ તણે લટકે.ઓરા૦ ૧
કરી મેં તમ અર્થે કાયા, લાગી છે મુખડાની માયા;
જીવો ઘણું જશોદાના જાયા.ઓરા૦ ૨
સુંદરવર લાગો છો સારા, ન મેલું એક ઘડી ન્યારા;
છોજી મારા પ્રાણ થકી પ્યારા.ઓરા૦ ૩
વાતું થકી દુઃખડાં વીસરીયે, જોઈ જોઈ અંતરમાં ઠરીયે;
કહાના ! આવો ગોઠડલી કરીયે.ઓરા૦ ૪
કટિ પર પીતાંબર કસીયા, હેતે નિત્ય બોલો છો હસીયા;
બ્રહ્માનંદના વ્હાલા રસીયા.ઓરા૦ ૫

**૨૨૨** **પદ-૮/૨**

વાઓ હરિ વાંસલડી વ્હાલા,
લાડીલા નંદતણા લાલા. વાઓ હરિ...ટેક૦.
મોહ્યું મન વંશીના સ્વરમાં, ભરી છું આનંદના ભરમાં
નથી હવે રેહેવાતું ઘરમાં.વાઓ૦ ૧
બુઝી સરવે અંતરની બલગું, વંશીમાં ચિત્ત આવી વળગ્યું;
અર્ધક્ષણ નવ થાયે અળગું.વાઓ૦ ૨
વેંધાણી વંશીને નાદે, સુણું છું સુંદર સ્વાદે;
ગાવો હરિ ઊંચે રે સાદે.વાઓ૦ ૩
આવી છું સાંભળવા ઓળે, વંશી અતી મરમાળી બોલે;
સુણી દિલ વસીયર જ્યું ડોલે.વાઓ૦ ૪
વંશી મુને લાગે છે પ્યારી, ઘેરી ઘેરી વાજો ગિરધારી;
બ્રહ્માનંદ જાયે બલિહારી.વાઓ૦ ૫

૨૨૩ પદ - ૮/૩

આવો આવો સુંદર વર ઓરા,
જોઉં માથે ફુલોના તોરા...આવો ટેક૦.
મારું સર્વે આવ્યું છે મજરે, દેખો છો અમૃતની નજરે;
ગોઠ્યું મન ફુલડાંને ગજરે.આવો૦૧
શોભે મુખ ઉપર તિલ ત્રાજુ, કપોળે ટીબકડી કાજુ;
બહુ રૂડા લાગે છે બાજુ.આવો૦૨
મનોહર મૂર્તિ મનમાની, છપાડી કેમ કરી રહે છાની;
દેખી હું તો થઈ છું દીવાની.આવો૦૩
કેશરની આડ કરી ભાલે, વળી વળી બોલો છો વહાલે;
ચાલો છો હંસતણી ચાલે.આવો૦ ૪
સુરંગી સુંથણલી ચંગી, અનુપમ પહેરી છે અંગી;
બ્રહ્માનંદના વહાલા રંગી.આવો૦ ૫

૨૨૪ પદ - ૮/૪

છો જી તમે નંદતણા નંદા,
ચતુર વર ગોકુળના ચંદા, છોજી...ટેક૦.
કોડીલા કુંવર કહાનુડા, નટવર સુંદર નાનુડા;
રાજેશ્વર દીસો છો રૂડા.છોજી૦ ૧
આંખ્યું તારી અતિશે અણીયાળી, મનોહર સુંદર મરમાળી;
રંગીલી મૂર્તિ રૂપાળી.છોજી૦ ૨
આવો ઘેર આવા ને આવા, ખાંતે મહી માખણીયું ખાવા;
મીઠું મીઠું બોલોને માવા.છોજી૦ ૩
પહેરી તન જરકશીયા જામા, ચાલી આવો વાલમજી સામા;

વાઓ રૂડી વંશી વીસામા.છોજી૦ ૪
કોઈવિધ જાઓ નહીં કળીયા, હેતે તમે કુંણતણે હળીયા;
વારી બ્રહ્માનંદના વહાલા છળીયા.છોજી૦ ૫

**૨૨૫ રાગ : ગરબી પદ=૪ પદ - ૪/૧**

લાગ્યો મારે નટવરથી નેડો,
કે હવે મેંતો શિર નાંખ્યો છેડો રે; ટેક.
કે સહુ મળીને મુજને વારી, કે અટકી મનવૃત્તિ મારી;
કે ધણી મેં તો ધાર્યા ગિરિધારી રે. લાગ્યો૦ ૧
કે શું મતલબ મારે કોઈ સાથે, કે મે'ણું મારે મોહનનું માથે;
કે હરિવરે મુંને ઝાલી હાથે રે. લાગ્યો૦ ૨
કે મોડું વેહેલું સહુ જાવાનું, કે તેને ખિજ્યે તે શું થાવાનું;
કે મે'ણું મારે અવિચળ માવાનું રે. લાગ્યો૦ ૩
કે કોઈ કહી મુજને શું કરશે, કે ગજ ચઢી શંકા કોણ ધરશે;
કે શ્વાન ભસી ભસીને મરશે રે. લગ્યો૦ ૪
કે સમઝીને મેંતો પગ ભરીયા, કે સર્વે વિષયરસ વિસરીયા;
કે બ્રહ્માનંદનો વહાલો વરીયા રે. લાગ્યો૦ ૫

**૨૨૬ પદ - ૪/૨**

લાગી મારી નટવરથી લગની,
કે મર્યાદા મેલી જગની રે; લાગી૦ ટેક.
કે એક ટેક અંતર ધારી, કે સગાં કુટુંબ સહુ વિસારી;
કે મન કર્મે વરિયા મોરારી રે. લાગી૦ ૧

કે કર્યું મેં તો તન ધન કુરબાણી, કે હરિ વિના ન વદું અન્ય વાણી;
કે કહાન કુંવરથી અટકાણી રે. લાગી૦ ૨
કે સુખ મેં તો સંસારી છોડયું, કે સહુ સાથે સગપણ તોડયું;
કે જગજીવન સાથે જોડયું રે. લાગી૦ ૩
કે મે'ણાં જગકેરાં સહીને, કે સ્થિર મન મતવાલી થઈને;
કે ચાલી હું તો શિર કરમાં લઈને રે. લાગી૦ ૪
કે બેઠી હું તો ભય જગનો ખોઈને, કે મન નિશદિન રહ્યું છે મોહીને;
કે બ્રહ્માનંદનો વહાલો જોઈને રે. લાગી૦ ૫

**૨૨૭** **પદ - ૪/૩**

મોહી હું તો નટવરને વાને,
કે કીધી વશ ડોલરિયે કહાને રે; મોહી૦ ટેક.
કે ચિત્તડામાં લાગી ચટકી, કે લોકતણી લજ્જા પટકી;
કે નંદના નંદન સાથે અટકી રે. મોહી૦ ૧
કે જીવ જીવને શું પરણું, કે જેના શિર ઉપર મરણું;
કે સમરથનું લીધું શરણું રે. મોહી૦ ૨
કે થઇ પુરુષોત્તમથી પ્રીતિ, કે નથી હું લોકથકી બીતી;
કે જગપતિ વરી હું તો જગ જીતી રે. મોહી૦ ૩
કે અસલ વાત મુને ઓળખાણી, કે થઇ મારે સર્વ દુઃખની હાણી;
કે પ્રીતમ મુખ રાખ્યું પાણીરે. મોહી૦ ૪
કે સ્થિર થઇ અંતરમાં ઠરીયું, કે કહાને મારું મન ગમતું કરીયું;
કે બ્રહ્માનંદનું કારજ સરીયું રે. મોહી૦ ૫

**૨૨૮** **પદ - ૪/૪**

કે વર્યા મેંતો રંગભર વહાલાને,

કે લટકાળા નંદલાલાને રે; વર્યા૦ ટેક.
કે કીધું મેંતો નિશ્ચય વિચારીને, કે દુરિજન થાકયાં મુને વારીને;
કે ધાર્યા એક વર ગિરિધારીને રે. વર્યા૦ ૧
કે જેમ રણ શૂરાની લગની, કે ઉડે તોપ બાણ અને અગ્નિ;
કે પાની ન ધરે પાછી પગની રે. વર્યા૦ ૨
કે સતી જેમ પાછું નવ ભાળે, કે તન કેરાં સુખને ટાળે;
કે અગ્નિમાં અંગ પરજાળે રે. વર્યા૦ ૩
કે શૂરો કાયર થાય ડરી, કે સતી ઘર આવે પાછી ફરી;
કે માત પિતામાં તેને ખોટ ખરી રે. વર્યા૦ ૪
કે બ્રહ્માનંદ એમ જોવું પહેલું, કે દેખીને નવ થાવું ઘેલું;
કે કામ કઠણ છે નથી સહેલું રે. વર્યા૦ ૫

**૨૨૯ રાગ : સોલા પદ=૪ પદ-૪/૧**

મારે મો'લે આવો હસીને બોલાવો, રે રંગભીના, છેલા નંદજીના...છોજી રાજ૦ ૧
પાઘડલી પેચાળી બાંધી છે રૂપાળી, રે લટકાળા, મોતીડાંવાળા...છોજી રાજ૦ ૨
કા'ના ગિરધારી મૂરતિ તારી, રે મનમાની, છેલ ગુમાની... છોજી રાજ૦ ૩
બ્રહ્માનંદના પ્યારા શોભે છો સારા, રે કેસરિયા, રંગના ભરિયા... છોજી રાજ૦ ૪

**૨૩૦ પદ-૪/૨**

નંદજીના લાલા લાગો છો વા'લા, રે નવરંગી, લેર તોરંગી. છોજી... રાજ૦ ૧
નેણુંનો નજારો મને અતિ પ્યારો, રે અળવીલા, છેલ છબીલા. છોજી... રાજ૦ ૨
કુંજના વિહારી મૂરતિ તારી, રે હરિ મોરી, જીવનદોરી. છોજી... રાજ૦ ૩
બ્રહ્માનંદ કહે છે મન મારૂં રહે છે, રે વેણામાં, મારા નેણામાં. છોજી... રાજ૦ ૪

**૨૩૧** **પદ-૪/૩**

આંખ્યું અણીયાળી માવા મરમાળી, રે કાંઇ કીધું, મન મારૂં લીધું... છોજી રાજ૦ ૧
મંદિર પધારો જનમ સુધારો, રે છોગાં મેલી, બળવંત બેલી... છોજી રાજ૦ ૨
સુંદર સોહાગી લગની લાગી, રે તમ સંગે, ભીના રંગે... છોજી રાજ૦ ૩
બ્રહ્માનંદ ગાવે મૂરતિ સોહાવે, રે રહો તાજા, વ્રજના રાજા... છોજી રાજ૦ ૪

**૨૩૨** **પદ-૪/૪**

શોભે માથે તોરા આવોને ઓરા, રે ધીરે ગાતા, રંગના રાતા... છોજી રાજ૦ ૧
કોટે પરવાળાં લાગે છે રૂપાળાં, રે નેણું ઘેરી, લાલજી લે'રી... છોજી રાજ૦ ૨
શ્યામ સલુણા નેણુંમાં ટુંણા, રે વ્રજદાણી, હું લોભાણી... છોજી રાજ૦ ૩
બ્રહ્માનંદ વારૂં તન મન મારૂં, રે તમ માથે, સદા મારે સાથે... છોજી રાજ૦ ૪

**૨૩૩ રાગ : સોલા પદ=૫ પદ - ૫/૧**

પ્યારા ધનશ્યામ; પુરણકામ, રે આવો ઓરા, ખોસું માથે તોરા...મારા રાજ ૦ ૧
ધર્મકુમાર, જાઉં બલિહાર, રે લાગે પ્યારી, મૂરતિ તમારી...મારા૦ ૨
નખશિખ જોવું, ચિત્તડું પરોવું, રે ચરણોમાં, કરૂં પરણામ...મારા૦ ૩
ઊર્ધ્વરેખા રૂડી, અંત સમે મૂડી, રે નખમાંહી, ચિહ્‌ન સુખદાઇ...મારા૦ ૪
જોઇ પ્રેમાનંદ, આનંદકંદ, રે નખમણિ, શોભા જગતણી...મારા૦ ૫

**૨૩૪** **પદ-૫/૨**

કૃષ્ણ શ્રીહરિ, ઉભા રહોને જરી, રે નેણાં આગે, મન મારૂં લાગે, મારા...રાજ૦ ૧
જોઉં ફણાં ઘુંટી, પિંડી સાથળ ડુંટી, રે શ્યામ કટિ, જાયે દુ:ખ મટી...મારા૦ ૨
ઉદર નિરખી, કરૂં માંહી બકી, રે વળીવળી, નિરખું ત્રિવળી...મારા૦ ૩
હૃદય વિશાળ, માંહી મોતી માળ, રે અતિ શોભે, જોઇ મન લોભે...મારા૦ ૪

જોવા છાપ ચિહ્ન, પ્રેમાનંદ દીન, રે સ્તન શ્યામ, અતિ સુખધામ...મારા૦ ૫

**૨૩૫** **પદ-૫/૩**

નારાયણ નામ, રટું આઠું જામ, રે મારા સ્વામી, અંતર જામી, મારા રાજ૦ ૧
શોભાના ભંડાર, જાઉં બલિહાર, રે ભુજા જોઈ, મન રહ્યું મોહી, મારા૦ ૨
અભય ઉદાર, ચિહ્ન તે અપાર, રે જોઈ બળ, જનમ સુફળ, મારા૦ ૩
કરી કર સમ, ઓધાર્યા અધમ, રે માથે મેલી, ચાંપ્યાં મેં સાહેલી, મારા૦ ૪
રાતી હથેળીમાં, રેખા સુખસીમા, રે નખચંદ, નીરખે પ્રેમાનંદ, મારા૦ ૫

**૨૩૬** **પદ-૫/૪**

નમું કર જોડી, બુદ્ધિ છે થોડી, રે શું ગાવું, પાર ન પાવું...મારા રાજ૦ ૧
જોઈ કંબુકંઠ, મદન અટંટ, રે થયો દીન, પરમ પ્રવીણ ...મારા૦ ૨
વદન વિલોકી, ભકતજન શોખી, રે જોઈ ફુલ્યા, તન સૂધ ભૂલ્યા...મારા૦ ૩
ચંદ્રનો પ્રકાશ, શશી મુખ હાસ, રે કુંદ કળી, દંત આવળી...મારા૦ ૪
અધર પ્રવાળ, રૂપની જાળ, રે નાની રેખે, પ્રેમાનંદ દેખે...મારા૦ ૫

**૨૩૭** **પદ-૫/૫**

મળ્યા ભકત ટોળે, જમણે કપાળે, રે તીલ જોવા, ચિત્તમાં પરોવા...મારા૦ ૧
નાસિકા નમણી, સીમા શોભાતણી, રે અણિયાળા, નેણાં મરમાળાં...મારા૦ ૨
નેણુંને ચાળે ભ્રકુટિ ઉલાળે, રે ઘેલાં કીધા, ચિત્ત ચોરી લીધાં...મારા૦ ૩
ભાલ વિશાળ, તિલક રસાળ, રે કેસરનું, શોભે હરિવરનું...મારા૦ ૪
શિખા છબીદાર, નીરખે વારંવાર રે, એક મન, પ્રેમાનંદ ધન્ય...મારા૦ ૫

**૨૩૮** **રાગ : ધોળ પદ=૮** **પદ - ૮/૧**

**હેલી જોને આ નંદકુમાર, સલુણો શોભતા;**

ચાલે મદઝર ગજની ચાલ, રસિક ચિત્ત લોભતા. ૧
પ્યારી લાલ સુરંગી પાઘ, અલૌકિક બાંધણી;
છૂટા પેચ ઝુકયા ચહુકોર, અધિક શોભા બણી. ૨
રૂડી રાજે છે નલવટ રેખ, મનોહર માવને;
જોતાં કેસર તિલક અનુપ, વધારે ભાવને. ૩
ઊભા અળવ કરે અલબેલ, સખાના સંગમાં;
ખેલે બ્રહ્માનંદનો નાથ, રાજેશ્વર રંગમાં. ૪

**૨૩૯** **પદ - ૮/૨**

શોભે નટવરજીને શીશ, કલંગી વાંકડી;
પોખરાજ પિરોજા લાલ, મોતીડેથી જડી. ૧
તોરો ફૂલતણો નવરંગ, મોળીડા ઉપરે;
જોઈને કાનકુંવરનું રૂપ, મારાં નેણાં ઠરે. ૨
સખી આંટાદાર અનુપ, પીયાજીની પાઘડી;
તે તો વિસરે નહીં પળ એક, જીવડલામાં જડી. ૩
લળકે કુંડળ કાનુમાંય, કે મોઘાં મૂલનાં;
બાંધ્યાં બ્રહ્માનંદને નાથ, કે બાજુ ફૂલનાં. ૪

**૨૪૦** **પદ - ૮/૩**

આંખડલી શરદ સરોજ, રસીલા લાલની;
દેખી મનડું પામે મોહ, તિલક છબી ભાલની. ૧
નાસા સુંદર દીપ સમાન, અધિક શોભી રહી;
મુખ નીરખીને શશીયર જ્યોત, ગગન ઝાંખી થઈ. ૨
લીધી લટકાળે નંદલાલ, કે હાથ કબાંણને;
એની ચટક રંગીલી ચાલ, હરે મન પ્રાણને. ૩

કાજુ મોતીડે જડીત કટાર, કમર કસી લીધલો;
નીરખી બ્રહ્માનંદ કહે જન્મ, સુફળ મારો કીધલો. ૪

૨૪૧ પદ-૮/૪

સખી કેસરભીનો કા'ન, ઠરે જોઈ છાતડી;
રૂડી આંખડલીમાં રેખ, મનોહર રાતડી. ૧
બેની સાંભળતાં ગુલતાન, થઈ એનાં ગીતમાં;
રસિયા વર કેરો રંગ, ચડયો મારા ચિત્તમાં. ૨
સમજાવી મુજને શ્યામ, નેણું કેરી સાનમાં;
મને મગન કરી મસ્તાન, અમૃતરસ પાનમાં. ૩
કાજુ રાજે છે ગૌર કપોળ, સુભગ તિલ ત્રાજવી;
શોભે બ્રહ્માનંદનો નાથ, રસીલો રાજવી. ૪

૨૪૨ રાગ : ગરબી પદ=૪ પદ - ૪/૧

તારા મુખની લાવણતા મીઠી રે, મોહન વનમાળી;
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂરતિ મરમાળી...તારા૦ ટેક.
ચટક રંગીલા તારા મોળીડાને છેડે, મનડું ડોલે છે કેડે કેડે રે...મો૦ ૧
રંગડો જામ્યો છે ફૂલડાંને તોરે, ભ્રમર ભમે છે ચહુ કોરે રે...મો૦ ૨
ભાલ તિલક કેસર કેરું રાજે, મુખ જોઈ શશિયર લાજે રે...મો૦ ૩
બ્રહ્માનંદ કહે સરસવ વારું, રૂપ જોઈને વહાલા તારું રે...મો૦ ૪

૨૪૩ પદ - ૪/૨

તારાં લટકાં પ્યારાં મુને લાગે રે, લહેરી લટકાળા;
હું તો રીઝી સલુણા ઘેરે રાગે રે, છેલા છોગાળા...તારાં૦ ટેક.

સુંદર નેણ કમળદળ જેવી, ભ્રૂકુટી ભ્રમર રહ્યા સેવી રે...લહે૦ ૧
ગૌર કપોળ સુભગ તિલ ત્રાજુ, કોમળ નાસા કાજુ રે...લહે૦ ૨
અધર ઉપર જાણે કુંકુમ ઢળીયું, દંત દાડમ કેરી કળિયું રે...લહે૦ ૩
બ્રહ્માનંદ કહે સામું જોઈને, મનડું લીધું છે મારુ પ્રોઈને રે...લહે૦ ૪

**૨૪૪** **પદ - ૪/૩**

વહાલી લાગે છે મુખડાંની વાણી રે, પ્રીતમજી પ્યારા;
મીઠે મરકલડે લોભાણી રે, સુંદરવર સારા.
નટવર આડી નજરે નિહાળી,રંગડાની રેલું વાળી રે. પ્રીતમજી૦ ૧
મધુર મધુર મુખ હાસ કરીને,લીધા છે પ્રાણ હરીને રે. પ્રીતમજી૦ ૨
મનમોહન તારી નૌતમ મૂરતિ,નિમખ ન મેલું મારા ઉરથી રે. પ્રીતમજી૦ ૩
બ્રહ્માનંદ કહે રીઝી તારે રાગે,અહોનિશ રહેજો મારે આગે રે. પ્રીતમજી૦ ૪

**૨૪૫** **પદ - ૪/૪**

તારાં છોગલિયાની છબી ભારી રે, કુંવર કાનુડા;
છેલા ગુણવંતા ગિરધારી રે, લાગો છો રૂડા.
પ્રાણજીવન શિર કેશ રૂપાળા, કાળા ખીંટલિયાળા રે. કુંવર૦ ૧
લાલ કસુંબી તારા મોળીડાને ચટકે,જોઈને મોહી છું કર લટકે રે. કુંવર૦ ૨
કુંડળની છબી નથી રે કહેવાતી,નીરખી ઠરે છે મારી છાતી રે. કુંવર૦ ૩
બ્રહ્માનંદ કહે રહોને રંગીલા, આંખલડીમાં અલબેલા રે. કુંવર૦ ૪

**૨૪૬** **રાગ : ગરબી પદ=૪** **પદ - ૪/૧**

ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણતણા આધાર; જોઈને જીવું છું...ટેક૦
તન મન ધન તમ ઉપરે, લઈ વારૂં વાર હજાર...જોઈને-૧

સુંદર મૂરતિ મોહની, મારા મનમાં ખૂંતી રાજ...જોઈને૦
તમ વિના મને કહાનજી, બીજું કાંઇ નવ સુઝે કાજ...જોઈને-૨
પાંપણ પર આંટો દઈ તમે, બાંધી પાઘ અનુપ...જોઈને૦
કોટિક કંદર્પ વારણે લઈ વારૂં, એવું રૂપ...જોઈને-૩
ભાલ તિલક શોભે ઘણું, જાણે ભ્રકુટિ કામ કબાણ...જોઈને૦
કમળ નયન કટાક્ષમાં, મારા તાણી લ્યો છો પ્રાણ...જોઈને-૪
મધુર મધુર હસવું જોઈને, મને વાધે પ્રેમ અપાર...જોઈને૦
ત્રિભુવનમાં એવી કોણ છે, જે વશ નવ થાયે નાર...જાઈને-૫
વામ કરણમાં શ્યામ છે, તિલ નિરખ્યા જેવો નીત...જાઈને૦
તિલ જોઈ જમણા ગાલમાં, વાધે પ્રેમાનંદને પ્રીત...જોઈને-૬

**૨૪૭** **પદ-૪/૨**

શી કહું શોભા અંગની, જોઈ લોચનીયાં લોભાય; ચિતડું ચોરે છે ...ટેક૦
નિરખી નાસા કીરને, મારાં ભવના પાતક જાય...ચિતડું-૧
અધર પ્રવાળાની ઉપમા, જાણે કુંદકળી સમ દાંત...ચિતડું૦
ચિબુકતણી શોભા ઘણી, કંબુ કંઠ જોયાની ખાંત...ચિતડું-૨
વક્ષઃસ્થળ વહાલું ઘણું, મને મળવા વાધે પ્રીત...ચિતડું૦
આજાન બાહુ ઉર ધરી, આવો મળીએ મોહન મીત...ચિતડું-૩
ઉદરમાંહી ત્રિવળી પડે, ઊંડી નાભિ નૌતમ જોઇ...ચિતડું૦
શ્યામ કટિ સોહામણી, ઉરૂમાંહી રહ્યું મન મોઇ...ચિતડું-૪
જાનુ જુગલ છબી જોઈને, મારો સુફળ થયો અવતાર...ચિતડું૦
પિંડી પાની નિરખતાં, મારો દૂર થયો સંસાર...ચિતડું-૫
સોળે ચિહ્ને જુકત છે, એવી જુગલ ચરણની જોડ...ચિતડું૦
અખંડ રહો આવી ઉરમાં, પુરો પ્રેમાનંદના કોડ ચિતડું-૬

૨૪૮ પદ - ૪/૩

નવલ સનેહિ નાથજી, રૂપાળા રાજીવનેણ; વહાલા લાગો છો...ટેક૦
હસતાં હસતાં હેતમાં, બોલો છો મીઠાં વેણ...વહાલા-૧
આંખડલી અમૃતે ભરી, કાંઈ કરૂણા ક્હી નવ જાય...વહાલા૦
ચિત્ત ચોરાણું ચાલમાં, મરકલડે મન લોભાય...વહાલા-૨
આતુરતા નથી અંગમાં, દીસે છે શીલ સ્વભાવ...વહાલા૦
પ્રેમતણો પ્રવાહ વહે, નેણામાં નટવર નાવ...વહાલા-૩
ભૂધર ભાવિક ભાવના, નથી અરથા અરથી શ્યામ...વહાલા૦
પરમારથને કારણે, પધાર્યા પૂરણકામ...વહાલા-૪
દીન ઉપર દયા કરી, તમે દુર્લભ દર્શન દેવ...વહાલા૦
કલ્પતરૂ છો કહાનજી, જાણે મોટા મુનિવર ભેવ...વહાલા-૫
કરૂણાનિધિ કરૂણા કરીને, છોગાળા રંગછેલ...વહાલા૦
પ્રેમાનંદ કહે અખંડ રહો, આંખડલીમાં અલબેલ...વહાલા-૬

૨૪૯ પદ-૪/૪

ધર્મકુંવર હરિકૃષ્ણજી, તમે ભકતપતિ ભગવાન; એ વર માગું છું...ટેક૦
દયાનિધિ તમે દાસને, નિત્ય આપો છો એ દાન...એ વર-૧
નિર્વિકલ્પ ઉત્તમ અતિ, એવો નિશ્ચે થાય તમારો...એ વર૦
અલબેલા તમ આગળે, હું અરજ કરૂં એ સારૂં...એ વર-૨
માહાત્મ્યજ્ઞાને સહિત હરિ, એવી એકાંતિકી ભકિત...એ વર૦
પ્રીત રહે તવ ચરણમાં, બીજે રહે સદા વિરકિત...એ વર-૩
હુંમાં તમારૂં ભક્તપણું, હરિ એમાં કોઈ પ્રકાર...એ વર૦
દોષ ન રહે કોઈ જાતનો, એ આપો ધર્મકુમાર...એ વર-૪
તમારા કોઈ ભક્તનો, મારે દ્રોહ ક્યારે નવ થાય...એ વર૦

સંગ એકાંતિક ભક્તનો, મને નિત્ય આપો મુનિરાય...એ વર-૫
દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજૂર...એ વર૦
પ્રેમાનંદની વિનતિ, સાંભળજો શ્યામ જરૂર...એ વર-૬

**૨૫૦ રાગ : કાફી પદ=૪ પદ - ૪/૧**

કાનુડા કેડે ફરવું રે કોઈથી ન ડરવું...કાનુ૦
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તે હૈડે નવ ધરવું રે...કોઈ-૧
સગાં કુટુંબી સરવે સંગાથે, હેતલડું પરહરવું રે...કોઈ-૨
સંસારીથી સગપણ તોડી, કા'નકુંવરથી કરવું રે...કોઈ-૩
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને, વ્રજ જીવનને વરવું રે...કોઈ-૪

**૨૫૧ પદ-૪/૨**

કાનુડા કેડે જાવું રે સમજી છું આવું...કાનુ૦
મોહનનું મેણું મારે માથે, કોઈ દિ' બીજાની નહીં કા'વું રે...સમ-૧
ચૌદ લોકમાં સરવે અબળા, તેને વરીને ખોટી થાવું રે...સમ-૨
વરીયે તો નટનાગર વરીયે, અખંડ એવાતન છાવું રે...સમ-૩
બ્રહ્માનંદ કહે અવર પુરુષને, વરવાથી રૂડું વિખ ખાવું રે...સમ-૪

**૨૫૨ પદ-૪/૩**

કાનુડા કેડે ચાલી રે, થઈ મતવાલી...કાનુ૦
હું જાણું લોકડિયાં કાલાં, લોક કહે છે મુને કાલી રે...થઈ-૧
જે ચાલે કાનુડાની કેડે, તેની ખેપ ન જાય કે'દિ ખાલી રે...થઈ-૨
શીર જાતાં નટવર નહીં છોડું, ટેક અચળ ઉર ઝાલી રે...થઈ-૩

બ્રહ્માનંદના નાથ સંગાથે, લાગી છે રંગડાની તાલી રે...થઈ-૪

**૨૫૩** **પદ-૪/૪**

કાનુડા કેડે જાઈએ રે શીદને લજાઈએ...કાનુ૦
લાજ વિના લોકડિયાં તેથી, દુર્બળ થઈ ન દબાઈએ રે...શીદ-૧
વ્રજજીવનને ભજતાં વારે તો, નામ તેનું લઈ નાહીએ રે...શીદ-૨
કહોને સારૂં શું થવાનું, લોક તણી મોટાઈએ રે...શીદ-૩
બ્રહ્માનંદ કહે નિઃશંક થઈને, ગોવિંદના ગુણ ગાઈએ રે...શીદ-૪

**૨૫૪ રાગ : ગરબી પદ=૪** **પદ - ૪/૧**

ઓરા આવો મારા લેરખડા લે'રી, કીધો તમ સારૂ મેં જગ વેરી. ઓરા૦ ટેક.
કાજુ નૌતમ જામા જરકસીયા, શોભે પાઘડલી શિર સોનેરી. ઓરા૦ ૧
નંગ જડીએલ બાજુ બેરખડા, કર પોંચી હેમકડાં પે'રી. ઓરા૦ ૨
તમે રસિયા રંગડાના ભરીયા, મુખ મોરલડી વાતા ઘેરી. ઓરા૦ ૩
બ્રહ્માનંદના છેલા છોગાળા, ચાલો ચાલ મલપતા ગજ કેરી. ઓરા૦ ૪

**૨૫૫** **પદ-૪/૨**

મરમાળા મનમાન્યા માવા, રો'ને આંખડલી આગે આવા મર૦ ટેક.
તારાં મનમોહન મીઠાં વેણાં, આવો શ્યામ તમે મને સંભળાવા. મર૦ ૧
નિત્ય વાલમ આવો મારે મંદિરિયે, રૂડી ચાલ ચતુરાઈ શીખાવા. મર૦ ૨
તમે નાવો તો હું નંદજીને ફળીએ, બહુ હેત કરીને આવું બોલાવા. મર૦ ૩
બ્રહ્માનંદના બાળ સનેહીડા, રાખું જોર કરીને નહીં દઉં જાવા. મર૦ ૪

**૨૫૬** **પદ-૪/૩**

વા'લું લાગે મને મોહન મુખ તારૂં, છે જો પૂરણચંદ્ર થકી સારૂં. વા૦ ટે૦

તારા મુખડાની મીઠી લાવણ્યતા, જોઈ કોટી કોટી કંદર્પ વારૂં. વા૦ ૧
શુભ ગૌર કપોળે તિલ ત્રાજુ, તેમાં લોભાણું મનડું મારૂં. વા૦ ૨
તારા મુખની શોભા મરમાળા, નિત્ય નીરખી અંતરમાં ધારૂં. વા૦ ૩
બ્રહ્માનંદ કહે વશ કીધી મુજને, છે જો કોડીલું કામણગારૂં. વા૦ ૪

**૨૫૭** **પદ-૪/૪**

તારી મૂરતિ મન માની મારે, હવે શંકા જગની કોણ ધારે. તારી૦ ટેક.
લટકાળા તમને લાડકડા, મેં તો દીઠેલ જમુનાને આરે. તારી૦ ૧
મનમોહન સુંદર મોળીડે, તોરા ફુલતણા ઝુકીયા તારે. તારી૦ ૨
શુભ નાસા દીપ સમાન બણી, કાજુ નેણ કમળ કેરે અનુસારે. તારી૦ ૩
બ્રહ્માનંદના હાર હજારીડા, હું તો જીવું છું તમને દેખું જ્યારે. તારી૦ ૪

**૨૫૮** **રાગ : ગરબી પદ=૬** **પદ - ૬/૧**

શોભા શી કહું રે રૂડી, વરણન કરતા જાય ચિત્ત બૂડી;
હરિવર જોયા રે રંગમાં, મોહી હું તો રસિયાજીના અંગમાં. ૧
ઉદર અનુપમ રે નિરખી, ઉપમા પીપળ પાનના સરખી;
ત્રિવળી સુંદર રે શોભે, જોઈ જોઈ ચિત્તડાં મારાં લોભે. ૨
નાભિ ઊંડી રે રૂપાળી, બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી;
કટિલંક જોઈને રે મનમાં, મૃગપતિ લાજી રહ્યો મહા વનમાં. ૩
હરિએ ઉપવીત રે ધારી, મુનિના મનને આનંદકારી;
નિરખી આનંદ રે પામી, આવા રૂડા પ્રેમસખીના સ્વામી. ૪

**૨૫૯** **પદ-૬/૨**

હરિને નિરખ્યા રે નેણે, વહાલાને વરણવું સુંદર વેણે;

શ્યામ શરીરે રે શોભે, આજાન બાહુ ચિત્તડાં લોભે. ૧
મૂરતિ ઉંચી રે વખાણું, સવા ચોસઠ તસુ પરમાણું;
સુંદર શોભે રે શરીરે, પીત્તપટ પહેર્યા છે બળવીરે. ૨
ઘેરે સાદે રે ગાજે, સાંભળી મેઘ નગારાં લાજે;
હસતા આવે રે પાસે, કેસર સરખો સુગંધ શ્વાસે. ૩
કૌતુહલના રે ભરિયા, જોગ કળાના પૂરણ દરિયા;
બ્રહ્મવિદ્યાના રે સ્વામી, આવા રૂડા પ્રેમસખી વર પામી. ૪

**૨૯૦** **પદ-૭/૩**

રંગનો ભીનો રે જોઈ, હરિના જુગલ ચરણ પર મોહી;
સાથળ રૂડા રે કેવા, નિરખી મનમાં રાખ્યા જેવા. ૧
ગોળ છે જાડા રે સ્વરૂપે, ઉપમા કદળી સ્તંભની ઓપે;
શોભિત શોભા રે ધામ, વ્રજવનિતાના પૂરણકામ. ૨
સુંદર શોભે રે જાનું, નિરખી ધન્ય ભાગ્ય કરી માનું;
જંઘા જુગલને રે નિરખી, ચંદન ચરચી મનમાં હરખી. ૩
ઘુંટી અનુપમ રે પાની, નિરખી મનમાં રાખું છાની;
એ પદ ઉરમાં રે ધારી, પૂજી પ્રેમસખી બલિહારી. ૪

**૨૯૧** **પદ-૭/૪**

ચરણ હરિના રે શોભે, જોઈ જોઈ મુનિમન મધુકર લોભે;
છબી અલૌકિક રે ન્યારી, સોળે ચિહ્ન તણી બલિહારી. ૧
મત્સ્ય તે મહાસુખ રે આપે, ત્રિકોણ ગોપદ દુઃખડાં કાપે;
કળશ ધનુષને રે ધારે, વ્યોમ તે તાપ હૈયાના ઠારે. ૨
અર્ધ ચંદ્ર ઊગ્યો રે ભારી, સ્વસ્તિક અષ્ટકોણ મંગળકારી;
જવ ને જાંબુ રે વિરાજે, વજ્ર ધ્વજ અંકુશે અતિ છાજે. ૩

અંબુજ શોભા રે સારી, લાગે ઊર્ધ્વરેખા અતિ પ્યારી;
શુક જેવા જોગી રે વિચારે, નિત્ય ઊઠી પ્રેમસખી ઉર ધારે. ૪

૨૭૨ પદ-૭/૫

એ ચરણના રે ભોગી, શિવ સનકાદિક શુક જેવા જોગી;
મનમાં વિચારે રે પ્રીતે, તેણે કરી કામાદિક રિપુ જીતે. ૧
ધ્યાનમાં નખમણિ રે દેખે, ઝીણી આંગળીયોની રેખે;
જોઈ ચિહ્ન જમણે રે અંગૂઠે, બીજે નવ રાચે ભામે જુઠે. ૨
ઋષિગણ પૂજે રે આનંદે, ભવ બ્રહ્માદિક નિત્ય ઊઠી વંદે;
શેષ સંભારે રે મનમાં, પૂજે ગોવાળ વૃંદાવનમાં. ૩
કુચને કુમકુમ રે સમારી, ઉર પર રાખે વ્રજની નારી;
ઉપનિષદનો રે સાર, પ્રેમસખી કરી રાખે ઉર હાર. ૪

૨૭૩ પદ-૭/૭

સુંદર શોભે રે રસિયો, વહાલો મારા હૃદયકમળમાં વસિયો;
રૂપ અલૌકિક રે જોઈ, ઉપમા તોલે ન આવે કોઈ. ૧
નિત્ય ઊઠી નારદ રે ગાવે, શેષ સહસ્ર મુખ પાર ન આવે;
શ્રીનારાયણ રે સ્વામી, હું તો એ જોઈને આનંદ પામી. ૨
નખશિખ શોભા રે વખાણી, સુફળ કરૂં છું મારી વાણી;
અંગો અંગને રે ગાવું, હવે હું પાછી ભવમાં નાવું. ૩
હવે હું તો થઈ છું રે મા'તી, હરિના ગુણ સાગરમાં ના'તી;
વહાલે મને ઝાલી રે હાથે, રસિયે પ્રેમસખીને નાથે. ૪

**૨૬૪ રાગ : ગરબી પદ=૪ પદ - ૪/૧**

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે;
વિપત્તે વરચી રે, કેદી દીન વચન નવ ભાખે-૧
જગનું સુખદુઃખ રે, માયિક મિથ્યા કરી જાણે;
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે-૨
પર ઉપકારી રે, જન પ્રેમ નિયમમાં પૂરા;
દૈહિક દુઃખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા-૩
હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરિયા;
સર્વ તજીને રે, નટનાગર વહાલા કરિયા-૪
બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી;
મસ્તક જાતાં રે, નવ મેલે ટેક વિસારી-૫

**૨૬૫ પદ-૪/૨**

ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી;
ત્રિવિધિ તાપે રે, કેદી અંતર ડોલે નાહીં-૧
નિધડક વરતે રે, દઢ ધીરજ મનમાં ધારી;
કાળ કર્મની રે, શંકા તે દેવે વિસારી-૨
મોડું વહેલું રે, નિશ્ચે કરી એક દિન મરવું;
જગ સુખ સારૂ રે, કેદી કાયર મન નવ કરવું-૩
અંતર પાડી રે, સમજીને સવળી આંટી;
માથું જાતાં રે, મેલે નહિ તે નર માટી-૪
કોઈની શંકા રે, કેદી મનમાં તે નવ ધારે;

બ્રહ્માનંદના રે, વહાલાને પળ ન વિસારે-૫

૨૯૬ પદ-૪/૩

જો હોય હિંમત રે, નરને ઉરમાંહી ભારી;
દઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારી-૧
બીક તજીને રે, નિત હિંમત સોતો બોલે;
મસ્તક માયા રે, સર્વે તૃણ જેવું તોલે-૨
કેસરી સિંહને રે, જેમ શંકા મીલે નહિ મનમાં;
એકાએકી રે, નિરભે થઈ વિચરે વનમાં-૩
પંડે છોટો રે, મોટા મેંગળને મારે;
હિંમત વિનાનો રે, હાથી તે જોઈને હારે-૪
બ્રહ્માનંદ કહે રે, એમ સમજે તે જન શૂર;
તન કરી નાખે રે, ગુરૂ વચને ચૂરે ચૂરા-૫

૨૯૭ પદ-૪/૪

પેટ કટારી રે, પહેરીને સનમુખ ચાલ્યા;
પાછા ન વળે રે, કોઈના તે ન રહે ઝાલ્યા-૧
આમા સામા રે, ઊડે ભાલાં અણિયાળાં;
તે અવસરમાં રે, રહે રાજી તે મતવાલા-૨
સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે;
જીવિત જૂઠું રે, મરવું તે મંગળ જાણે-૩
તેની પેરે રે, હરિજન પણ જોઈએ તીખા;
અંતરશત્રુને રે, લાગે અતિ વજ્ર સરીખા-૪
માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે;
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિ મન ભાવે-૫

૨૭૮ રાગ : ગરબી પદ=૪ પદ - ૪/૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવીયા રે, સુંદર છોગાંવાળો છેલ. ૧
નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રીઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ. ૨
ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહોને હરિ કયાં હતા રે, કયાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાય નેણ. ૬
ઉપર ઓઢીયો રે, ગૂઢો રેંટો જોયા લાગ;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય. ૭
મસ્તક ઉપર રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ. ૯

૨૭૯ પદ-૪/૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;

મૂર્તિ સંભારતા રે, મુજને ઉપજ્યો અતિ સનેહ. ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે,તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંયે કપૂરના શોભિત;
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત. ૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળનયનની કોર. ૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂરતિ રે, શ્રીહરિ કેવળ કરૂણાકંદ. ૬
અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂરતિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વાલપ વેણમાં રે, નેણાં કરૂણામાં ભરપુર;
અંગો અંગમાં રે, જાણે ઊગિયા અગણિત સૂર. ૮
કરતાં વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

**૨૭૦** **પદ-૪/૩**

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વારતા રે, સહુને સંભળાવ્યાનું છે મન. ૧
મારી મૂરતિ રે, મારા લોક ભોગ ને મુકત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુકત. ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;

સર્વે સામ્રથી રે શકિત ગુણે કરી અભિરામ. ૩
અતિ તેજોમય રે રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. ૫
જીવ ઈશ્વરતણો રે માયા કાળ પુરૂષ પ્રધાન;
સહુને વશ કરૂં રે, સહુનો પ્રેરક હું ભગવાન. ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી. ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામથકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃતમેહ. ૯

૨૭૧ પદ-૪/૪

વળી સહુ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ. ૧
સહુ હરિભકતને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. ૨
સહુ હરિભકતને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચ વિષયની આશ. ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સૌ આકાર;
પ્રીતિ તોડજો રે, જુઠા જાણી કુટુંબ પરિવાર. ૪
સહુ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારાં નેમ;

તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ. ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતાં શોભે નટવર વેશ. ૬
નિજજને ઉપરે રે, અમૃત વરસ્યા આનંદકંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ. ૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનનાં કાજ. ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. ૯

**૨૭૨ રાગ : ગરબી પદ=૪ પદ - ૪/૧**

લટકાળા તારે લટકે રે, લેરખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકે રે, ચિત્તડાંને લીધું તાણી. ૧
છોગલિયું તારૂં છેલા રે, આવી અટક્યું અંતરમાં;
વણ દીઠે રંગના રેલા રે, બેઠી અકળાઉં ઘરમાં. ૨
રાતી આંખડલીની રેખું રે, મનડામાં ખૂંતી મારે;
ડોલરિયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે. ૩
મરમાળી મૂરતિ તારી રે, વાલમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી. ૪

**૨૭૩ પદ-૪/૨**

રૂડું ભાલ તિલક રૂપાળું રે, કોડે કીધું કેસરનું;

ભાવે હું સુંદર ભાળું રે, કામડલું મેલી ઘરનું. ૧
વાંકી ભ્રકુટી જોઇ વનમાળી રે, મારૂં લોભાણું મનડું;
મોહન નાસા મરમાળી રે, દોહ્યલી વેળાનું ધનડું. ૨
તારાં લોચનીયાં નંદલાલા રે, રંગભીનાં રંગનાં ભરીયાં;
વ્રજ જીવન નટવર વા'લા રે, ગુણીયલ અંતરમાં ગરીયાં. ૩
લટકાળા મોહની લાગી રે, ભાવે મુખડું ભાળીને;
બ્રહ્માનંદના શ્યામ સુહાગી રે, બેઠી જગ ભય ટાળીને. ૪

**૨૭૪** **પદ-૪/૩**

માણીગર મોળીડું તારૂં રે, સુંદર ફુલડેથી છાયું;
મોહન તેમાં મન મારૂં રે, ઠીક કરીને ઠેરાયું. ૧
રૂપાળું રંગનું ભરિયું રે, શોભે કોરું સોનેરી;
છોગલિયું નૌતમ ધરિયું રે, લાડકડા વાલમ લે'રી. ૨
કાજુ નવલ કલંગી નીરખી રે, ચિત્તડામાં લાગી ચટકી;
થઇ ગઇ દીવાની સરખી રે, લોકલજ્જા સરવે પટકી. ૩
બહુ અત્તરમાં રસ બસિયું રે, ગરક કસુંબે બોળીડું;
બ્રહ્માનંદના મનમાં વસિયું રે, મોહન તારૂં મોળીડું. ૪

**૨૭૫** **પદ-૪/૪**

વ્રજજીવન શ્યામ વિહારી રે, લાવણ્યમાં હું લેવાણી;
મેં તો મેલ્યો જગ વિહારી રે, કાનડ તારી કે'વાણી. ૧
સુંદર વર રંગડો ચડિયો રે, મરમાળા મોહન તારો;
જગ તૃણ સરખો ત્રેવડિયો રે, કુણ માને એનો ડારો. ૨
મારે તમથી પ્રીતિ બંધાણી રે, કોઇની શંકા કેમ ધરૂં;
ચિંતામણિ સુંદર લાધી રે, રાંક થઇને શીદ ફરૂં. ૩

તમ સાથે રંગના ભીના રે, દિલડું માન્યું ડોલરિયા;
બ્રહ્માનંદના નાથ નવીના રે, વાલમ મેં તમને વરિયા. ૪

૨૭૬ રાગ : ગરબી પદ=૯ પદ - ૯/૧

વાલા રમઝમ કરતા કાન, મારે ઘેર આવો રે,
મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે૦ ૧
મારે તમસંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે,
મેં તો તમસંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે૦ ૨
વ્હાલા અબળા ઉપર મહેર, કરજો મોરારી રે,
હું તો જન્મો જનમની નાથ, દાસી તમારી રે૦ ૩
મારા પ્રાણતણા આધાર, પ્રીતમ પ્યારા રે,
પળ રહો મા નટવર નાવ, મુજથી ન્યારા રે૦ ૪
આવો છોગાં મેલીને શ્યામ, ધડક મ ધારો રે,
મેં તો ફુલડે સમારી સેજ, શ્યામ સુધારો રે૦ ૫
વ્હાલા નયણાં તણું ફળ આજ, મુજને આપો રે,
મુકતાનંદ કહે મહારાજ, દુઃખડાં કાપો રે૦ ૬

૨૭૭ પદ-૯/૨

હું તો છું ઘણી નગણી નાર, તોય તમારી રે,
તમે ગુણસાગર ગોપાળ, દેવ મોરારી રે૦ ૧
મુને કરી પોતાની કા'ન દોષ ન જોયા રે,
તમે ગુણ ગ્રાહક ગોપાળ,મુજ પર મોહ્યા રે૦ ૨
તમે શ્યામ સુંદર સુખરૂપ, કુંજવિહારી રે,

મારે મંદિર આવો માવ,તમ પર વારી રે૦ ૩
મુને કરી કૃતારથ કા'ન, શ્યામ સોહાગી રે,
મારે ભવની ભાવટ આજ, સર્વે ભાગી રે૦ ૪
મારે અમૃત વર્ષ્યા મેહ, થઈ અનુરાગી રે,
મારી તમ સંગ ત્રિભુવનરાય,લગની લાગી રે૦ ૫
મારા પુણ્યતણો નહિ પાર, તમસંગ મળતાં રે,
મુકતાનંદ કહે મહારાજ, અંતર ટળતાં રે૦ ૬

**૨૭૮** **પદ-૯/૩**

મારું મનગમતું કરી માવ, સુખડું દીધું રે,
મારું મંદિરીયું મહારાજ, અક્ષર કીધું રે૦ ૧
હવે રહો રસિયા દિનરાત, કરી મન હેઠું રે,
મુને મળી ચિંતામણિ શ્યામ,દુઃખ નહિ વેઠું રે૦ ૨
મને સરવે સૈયરમાં શ્યામ, કીધી સમોતી રે,
મારા હૈડા કેરી હામ, સર્વે પોતી રે૦ ૩
વાલા મુજ નગણી પર નાથ, અઢળક ઢળિયા રે,
તમે એકાંતે અલબેલ, આવીને મળિયા રે૦ ૪
મુને મુખથી દીધો તંબોળ, હસીને બોલાવી રે,
મારા મનની ઈચ્છા આજ, સઘળી ફાવી રે૦ ૫
તમે રસિયાજી રસરીત, શું સુખ આપ્યું રે,
મુકતાનંદ કહે મહારાજ, દુઃખડું કાપ્યું રે૦ ૬

**૨૭૯** **પદ-૯/૪**

મારા મંદિરિયામાં માવ, મોજું માણો રે,
મને શું કરશે સંસાર, ધડક મ આણો રે૦ ૧

હું તો તરણા તુલ્ય સંસાર, સઘળો જાણું રે,
વાલા એક તમારી બીક, ઉરમાં આણું રે૦ ૨
તમે ભૂપતણા છો ભૂપ, મહા સુખકારી રે,
વા'લા તમ મન ધન પરિવાર, તમ પર વારી રે૦ ૩
તોય અધર અમૃતથી નાથ, હું ન ધરાઉં રે,
વાલા નિત્ય નૌતમ શણગાર,સજી સુખ આપું રે૦ ૪
તમે રસિયા રંગની રેલ, વાલમ વાળી રે,
હું તો મગન થઈ મસ્તાન, મુખડું ભાળી રે૦ ૫
મને આપ્યો અખંડ સોહાગ, કુંજવિહારી રે,
મુકતાનંદ કહે મહારાજ, જાઉં બલિહારી રે૦ ૬

**૨૮૦ રાગ : ધનાશ્રી પદ-=૪ પદ - ૪/૧**

મારા કેસરીયા વર કહાન, જાઉં તારે વારણીયે;
મોહી છું મોરલડીને તાન, આવી ઊભી બારણીયે...ટેક૦
આવી વસ્યું છે મારે અંતરે રે, વાલા રૂપ અલૌકિક તારું;
છેલ છબીલું તારૂં છોગલું રે, મને પ્રીતમ લાગે પ્યારું...જાઉં૦ ૧
સુભગ સોના કેરાં સાંકળાં રે, માંહે ચુની રતન જડાઉં;
નવલ રંગીલા મારા નાથજી રે, હું તો પ્રેમ કરીને પેરાવું...જાઉં૦ ૨
ફુલતણી રે માળા ફુટડી રે, વારી પ્રાણજીવન તમે પે'રી;
બ્રહ્માનંદના વાલમા રે, મારા લાડકડા રંગ લે'રી...જાઉં૦ ૩

**૨૮૧ પદ-૪/૨**

મોહી છું વાલમ ભીને વાન, મોહન મરમાળા રે;

થઈ રૂપ જોઈને ગુલતાન, રસિયા રૂપાળા રે...ટેક૦
રસિક સલુણા રૂડા રૂપમાં રે, વારી મનડું આવી મોહ્યું;
છેલ છબીલા મારૂં ચિત્તડું રે, તારી પાઘડલીમાં પ્રોયું...મોહન૦ ૧
ભાલ તિલક સોયામણું રે, મીઠી મુખડાં કેરી વાણી;
કુંડળીએ રે તારે કાનજી, મારું મનડું લીધું તાણી... મોહન૦ ૨
અંબર આભૂષણ અંગમાં રે, નિત્ય પહેરીને દર્શન દેવું;
બ્રહ્માનંદના વહાલમા રે, વહાલા બીજું નહીં તમ જેવું... મોહન૦ ૩

૨૮૨ પદ-૪/૩

મારા શ્યામળીયા સુખધામ, મોહી છું મરકલડે રે;
તમને જોઈને સુંદર શ્યામ, ચિત્તડે રંગ ચડે રે. ટેક૦
તમ કારણ મારા નાથજી રે, મેં તો જગની લજ્જા ત્યાગી;
રસીયા તારા રૂપમાં રે, મારી લગની અહોનિશ લાગી. મોહી૦ ૧
હાથ કડાં બેઉ હેમનાં રે, તમે પેર્યાં પ્રીતમ પ્યારા;
નટવર રાખું નયણમાં રે, નિત્ય મોહન જીવન મારા. મોહી૦ ૨
છબી જોઈને તારી છેલવર, મારી મનવૃત્તિ લોભાણી;
બ્રહ્માનંદના વાલમા રે, આવી તમ સંગ પ્રીત બંધાણી. મોહી૦ ૩

૨૮૩ પદ-૪/૪

મારા લેરખડા નંદલાલ, વા'લી તારી વાતલડી રે;
જોઈને ચટક રંગીલી રૂડી ચાલ, ઠરે છે મારી છાતલડી રે. ટેક૦
વ્રજજીવન તારી વાતડી રે, મારે પ્રીતમ અંતર પેઠી;
નીમખ ન મેલું મારા નાથજી રે, હું તો સમરૂં સૂતી બેઠી. વા'લી૦ ૧
રાજેશ્વર તારા રૂપમાં રે, મેં તો મનવૃત્તિ ઠેરાવી;
મોહન તારી મૂરતી રે, રહી આંખડલીમાં આવી. વા'લી૦ ૨

અજબ સોનેરી પહેરી ઉતરી રે, મહીં માણેક જડીયેલ મોતી;
બ્રહ્માનંદના વાલમા રે, હું તો જીવું છું નિશ દિન જોતી. વા'લી૦ ૩

૨૮૪ રાગ : ગરબી પદ=૮ પદ - ૮/૧

મારે આજ પ્રીતમ ઘેર આવશે;
મુને હેતે કરીને બોલાવશે જીરે...મારે આજ૦ ૧
એના સાથીડાને સાથે લાવશે;
કરી લટકાં તાળી દઈ ગાવશે જીરે...મારે આજ૦ ૨
હરિ હેતે કરીને સામું ભાળશે;
રંગડાની તે રેલું વાળશે જીરે...મારે આજ૦ ૩
કરી ખ્યાલ અલૌકિક ખેલશે;
માથે ફૂલડાંનાં છોગલાં મેલશે જીરે...મારે આજ૦ ૪
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળો;
સુખ દેશે આવીને ઉતાવળો જીરે...મારે આજ૦ ૫

૨૮૫ પદ-૮/૨

જોઈ રહી છું પ્રીતમજીની વાટડી;
મેં તો ખાંતે ઢાળી છે ખાટડી જીરે...જોઈ૦ ૧
અગર ચંદને લીંપાવું ઓરડા;
જળ કુંભ ભરાવું કોરડા જીરે...જોઈ૦ ૨
રૂડાં ભોજન કર્યાં છે રસભર્યાં;
તાજાં તરત તૈયાર ઢાંકી ધર્યાં જીરે...જોઈ૦ ૩
મેં તો સજ્જ કરાવી શેરીયો;

ચોકે ચોકે તે ફુલડાં વેરીયાં જીરે...જોઈ૦ ૪
બ્રહ્માનંદના સ્વામીને કોડલે;
મેં તો તોરણ બંધાવ્યા ટોડલે જીરે...જોઈ૦ ૫

૨૮૬ પદ-૮/૩

ધન્ય ધન્ય ઘડી છે આજની;
રૂડી ખબર આવી છે મહારાજની જીરે...ધન્ય૦ ૧
સખી મળી મળી મંગળ ગાય છે;
અતિ આનંદ ઉભરાયો જાય છે જીરે...ધન્ય૦ ૨
મોતી થાળ ભરી ટોળે મળી;
સખી હરિને વધાવા થઈ આકળી જીરે...ધન્ય૦ ૩
સર્વે ઘરનો તે ધંધો વિસરી;
હરિને મળવા આતુર થઈ સુંદરી જીરે...ધન્ય૦ ૪
ઘરમાંથી આવી ઊભી બારણે;
બ્રહ્માનંદના સ્વામીને કારણે જીરે...ધન્ય૦ ૫

૨૮૭ પદ-૮/૪

મારે આજ પ્રીતમ ઘેર આવિયા;
ભરી થાળ મોતીડે વધાવિયા જીરે...મારે આજ૦ ૧
પહેલાં નીર ઉને તે નવરાવિયાં;
પછી પ્રીતમ મહીં પધરાવિયા જીરે...મારે આજ૦ ૨
મેં તો ભોજન જમાડયાં ભાતભાતનાં;
વહાલે આપ્યાં તે સુખ એકાંતના જીરે...મારે આજ૦ ૩
પહેલું પરઠયું હતું તે વેણે પળ્યા;
વહાલો હેતે કરીને મુજને મળ્યા જીરે...મારે આજ૦ ૪

બ્રહ્માનંદ કહે આજની ધન્ય ઘડી;
મારો વહાલો પધાર્યા સેજડી જીરે...મારે આજ૦ ૫

૨૮૮ રાગ : ગરબી પદ=૪ પદ - ૪/૧

મેં તો સગપણ કીધું રે, શામળિયા સાથે,
માવાનું મેણું રે, કે લીધું છે માથે. ૧
તન મન ધન સર્વે રે, કે મિથ્યા ધારીને,
વરી મગન થઈ ને રે, કે કુંજવિહારીને. ૨
તુચ્છ જાણી સર્વે રે, કે લજ્જા ત્યાગીને;
મોહનનું મેણું રે, કે લીધું માગીને. ૩
દુર્મતિ દુર્જનિયાં રે, કે કહીને શું કરશે,
પોતાને પાપે રે, કે બળી બળીને મરશે. ૪
મતવાલા સંગે રે, કે થઈ છું મતવાલી,
માથાથી મોંઘા રે, કે કીધા વનમાળી. ૫
ખાંતે હું ખેલું રે, કે સુંદરવર સંગે,
બ્રહ્માનંદ કહે રીઝી રે, કે રસિયાને રંગે. ૬

૨૮૯ પદ-૪/૨

મારે મંદિર ના'વો રે, કે મોહન શા માટે,
શિર જાશે ઘોળ્યું રે, કે વાલમ તમ સાટે. ૧
શું કરશે ઘોળ્યાં રે, કે જુઠા સંસારી,
ઘરશોમાં શંકા રે, કે મનમાં ગિરધારી. ૨
જગજીવન તમને રે, કે સાચા જાણીને,

કોણ માને જગની રે, કે ખોટી વાણીને. ૩
મારે મનડે ભાવ્યા રે, કે મોહન મરમાળા,
સો માથાં જાતાં રે, કે સોંઘા છોગાળા. ૪
તમ સાથે જોડી રે, કે સૌથી તોડીને,
દુરિજન શું કરશે રે, કે મુખડાં મોડીને. ૫
શિર સાટે સમજી રે, કે બાંધ્યું છે બેલું,
બ્રહ્માનંદના વહાલા રે, કે તમને કેમ મેલું. ૬

૨૯૦ પદ-૪/૩

સમજીને સાયો રે, કે હરિ તારો છેડો,
મનમોહન મેલું રે, કે કેમ કરીને કેડો. ૧
તમ સાથે બંધાણી રે, કે આવી પ્રીતલડી,
ભૂધર ભાંગી છે રે, કે ભવની ભીતલડી. ૨
પિયર સાસરિયું રે, કે સૌ લાગે ખારૂં,
મોહન તમ સાથે રે, કે મન માન્યું મારૂં. ૩
નિશ્ચયની નોબત રે, કે વાલમ વાગી છે,
તમ સારૂં જગની રે, કે લજ્જા ત્યાગી છે. ૪
નટવર તમ સંગે રે, કે લાગ્યો છે નેહડો,
ડોલરિયા ઘોળ્યો રે, કે તમ ઉપર દેહડો. ૫
બ્રહ્માનંદના વા'લા રે, કે વ્હાલ વધારોને,
પોતાની જાણી રે, કે સેજ પધારોને. ૬

૨૯૧ પદ-૪/૪

અવસર આવ્યો રે, કે તમને ભજવાનો,
તનની ઉપાધિ રે, કે સર્વે તજવાનો. ૧

ધારું નહિ માથે રે, કે ધણી દેહ ધારીને,
તમ ઉપર સર્વે રે, કે નાખું વારીને. ૨
અવતાર ધર્યો છે રે, કે તમને વરવાને,
કુળની મર્યાદા રે, કે ખોટી કરવાને. ૩
અમૃતરસ મેલી રે, કે વિખ હું નહિ ચાખું,
રસિયા તમ વિના રે, કે વહાલું નહિ રાખું. ૪
શું કરશે મુજને રે, કે કૂડાં લોકડિયા,
જગજીવન મારે રે, કે જીવડલે જડિયા. ૫
બ્રહ્માનંદના વહાલા રે, કે મા દેશો વિસારી;
તન મન ધન સોંપી રે, કે થઈ રહી છું તારી. ૬

૨૯૨ રાગ : ધોળ પદ=૪ પદ - ૪/૧

મેં તો સરવે સંગાથે તોડી રે સાહેલી;
એક જગના જીવન સાથે જોડી રે સાહેલી૦ ૧
શું કરશે પિયર સાસરિયાં રે...સાહેલી;
મેં તો સમજીને પગલાં ભરિયાં રે. સાહેલી૦ ૨
મેં તો નિશ્ચે કર્યું મનમાંથી રે...સાહેલી;
શિર સાટે એ વર ક્યાંથી રે. સાહેલી૦ ૩
પહેલું માથું પાસંગમાં મેલ્યું રે...સાહેલી;
પછી વરવાનું બીડું ઝીલ્યું રે. સાહેલી૦ ૪
હું તો રહું નહિ કોઈની વારી રે...સાહેલી;
ધાર્યા એક ધણી ગિરિધારી રે. સાહેલી૦ ૫

છાની વાત નહી એ છાવી રે...સાહેલી;
બ્રહ્માનંદના વહાલાની કહાવી રે. સાહેલી૦ ૬

૨૯૩ પદ-૪/૨

જોયું સરવે જગત તપાસી રે.૨ઢ લાગી;
એક પુરૂષ દીઠા અવિનાશી રે.૨ઢ લાગી૦ ૧
બીજે અબળાની સર્વે ટોળી રે...૨ઢ લાગી;
દીઠું ચૌદ ભુવન લગી ખોળી રે.૨ઢ લાગી૦ ૨
અબળા અબળાને શું પરણું રે...૨ઢ લાગી;
માટે બળીયાનું લીધું શરણું રે.૨ઢ લાગી૦ ૩
કાન કુંવરથી સગપણ કીધું રે...૨ઢ લાગી;
એનું મહેણું મેં માથે લીધું રે.૨ઢ લાગી૦ ૪
શિશ નાંખ્યો હવે મેં તો છેડો રે...૨ઢ લાગી;
લાગ્યો નંદના નંદન સાથે નેડો રે.૨ઢ લાગી૦ ૫
સર્વે અવર પુરૂષ પરહરિયા રે...૨ઢ લાગી;
બ્રહ્માનંદના વહાલાને વરિયા રે.૨ઢ લાગી૦ ૬

૨૯૪ પદ-૪/૩

શું કરશે સંસારી કહીને રે હરિ વરિયા;
ચાલી જગ માથે પગ દઈને રે.હરિ વરિયા૦ ૧
જેમ શૂરો રણમાં ખેલે રે, હરિ વરિયા;
શત્રુ સન્મુખ પગલાં મેલે રે.હરિ વરિયા૦ ૨
થઈ નિઃશંક લડાઈ લેવે રે, હરિ વરિયા;
કેદી પાછા પગ નવ દેવે રે.હરિ વરિયા૦ ૩
એમ સમજીને હું તો ચાલી રે, હરિ વરિયા;

મનમાં મરવાની આંટી ઝાલી રે.હરિ વરિયા૦ ૪
સૌ સાથે તે નાતો તોડયો રે, હરિ વરિયા;
હથેવાળો તે હરિશું જોડયો રે.હરિ વરિયા૦ ૫
બ્રહ્માનંદ કહે થઈ મતવાલી રે, હરિ વરિયા;
માથા સાટે વર્યા વનમાળી રે.હરિ વરિયા૦ ૬

૨૯૫ પદ-૪/૪

એવી અંતર આંટી પાડી રે સુણ બે'ની;
ઉખડે નહીં કોઈની ઉખાડી રે.સુણ બે'ની૦ ૧
જેમ ચાતક આંટી રાખે રે સુણ બે'ની;
વિના સ્વાતિ નીર નવ ચાખે રે.સુણ બે'ની૦ ૨
જેમ કેસરી ઘાસ ન ખાયે રે, સુણ બે'ની;
સો લાંઘણ કરી મરી જાય રે.સુણ બે'ની૦ ૩
એમ નિશ્ચે વિઠ્ઠલને વરવું રે, સુણ બે'ની;
નહીં તો સાવ કુંવારાં મરવું રે.સુણ બે'ની૦ ૪
બીજા પુરૂષ સામું નવ જોવું રે, સુણ બે'ની;
ચિત્ત પાતળિયામાં પ્રોવું રે.સુણ બે'ની૦ ૫
બ્રહ્માનંદ કહે પહેલું વિચારી રે, સુણ બે'ની;
પછી વાત કાઢી મેં બા'રી રે..સુણ બે'ની૦ ૬

૨૯૬ રાગ : ગરબી પદ=૪ પદ - ૪/૧

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું; ટેક.
રે સૌ સાથે પ્રીતિ ટાળી રે, ભાગ્યું મન મિથ્યા ભાળી;

છે વરવા જેવા એક વનમાળી...રે સગ૦ ૧
રે સ્થિર નહિ આવરદા થોડી, રે તુચ્છ જાણી આશા તોડી;
મેં જગના જીવન સાથે જોડી...રે સગ૦ ૨
રે ફોગટ ફેરા નવ ફરીએ, રે પરઘર પાણી શું ભરીએ;
રે વરીએ તો નટવરને વરીએ...રે સગ૦ ૩
રે ભૂધર ભેટયા ભય ભાગ્યો, રે સૌ સાથે તોડયો ધાગો;
એ રસિક રંગીલાથી રંગ લાગ્યો...રે સગ૦ ૪
રે એવું જાણીને સગપણ કીધું, રે મે'ણું તે શિર ઉપર લીધું;
બ્રહ્માનંદનું કારજ સીધું...રે સગ૦ ૫

**૨૯૭** **પદ-૪/૨**

રે લગની તો હરિવરથી લાગી, મેં તન ધનની આશા ત્યાગી; ટેક.
રે વાત કહું સુણ સાહેલી, રે બળિયોજી કીધા બેલી;
માથું પે'લું પાસંગમાં મેલી...રે લગ૦ ૧
રે ન ડરૂં હું લોકતણી લાજે, રે શિર ઉપર ગિરિધર ગાજે;
આ દેહ ધર્યો નટવર કાજે...રે લગ૦ ૨
રે શિરપર જો બીજો ધારૂં, રે તો બગડે જીવતર મારું;
હું જીતી બાજી તે કેમ હારું...રે લગ૦ ૩
રે હરિ વિના બીજાને વરવું, રે ગજ તજી ખર ચડીને ફરવું;
એ જીવ્યાથી રુડું મરવું...રે લગ૦ ૪
રે મરજાદા જગની મેટી, રે બાંધી મેં પ્રેમતણી પેટી;
બ્રહ્માનંદનો વ્હાલો ભેટી...રે લગ૦ ૫

**૨૯૮** **પદ-૪/૩**

રે શિર સાટે નટવરને વરીએ, રે પાછાં તે પગલાં નવ ભરીએ; ટેક.

રે અંતર દૃષ્ટિ કરી ખોળ્યું, રે ડહાપણ ઝાઝું નવ ડોળ્યું;
એ હરિ સારૂ માથું ઘોળ્યું...રે શિર૦ ૧
રે સમજ્યા વિના નવ નિસરીએ, રે રણ મધ્યે જઈને નવ ડરીએ;
ત્યાં મુખપાણી રાખી મરીએ...રે શિર૦ ૨
રે પ્રથમ ચડે શૂરો થઈને, રે ભાગે પાછો રણમાં જઈને;
તે શું જીવે ભૂંડું મુખ લઈને...રે શિર૦ ૩
રે પહેલું જ મનમાં ત્રેવડીએ, રે હોરે હોરે જુદ્ધે નવ ચડીએ;
જો ચડીએ તો કટકા થઈ પડીએ...રે શિર૦ ૪
રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હટીએ;
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ...રે શિર૦ ૫

**૨૯૯** **પદ-૪/૪**

રે ધરિયા અંતર ગિરિધારી, શું કરશે ઘોળ્યાં હવે સંસારી; ટેક.
રે હું કોઈની ન રહું ઝાલી, રે વહાલાને થાવા વહાલી;
રે શિર કરમાં લઈને ચાલી...રે ધરિયા૦ ૧
રે જેમ ગજ જાય બજારે ધસી, રે શ્વાન મરે બહુ ભસી રે ભસી;
તે હાથીને નહિ શંકા કશી...રે ધરિયા૦ ૨
રે બળવા ગઈ જો સતી સાચી, રે રોમ રોમ પીયા સંગ રાચી;
તે પડમાં જઈ ન વળે પાછી...રે ધરિયા૦ ૩
રે જો પડથી પાછી આવે, રે લાજ તજી મન લલચાવે;
તે સતી મટીને કુત્તી કહાવે...રે ધરિયા૦ ૪
રે બ્રહ્માનંદ એમ વિચારી, રે બી'ક સર્વે કાઢી બા'રી;
રે મળિયા મોહન સુખકારી...રે ધરિયા૦ ૫

## 300 રાગ : ગરબી પદ=૧

ભજો ભાવ શું અખંડ જપમાળા રે,
માળા ટાળે છે મન કેરા ચાળા રે...ભજો૦ ૧
હરિનું એક એક અંગ ઉર ધારો રે,
સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે...ભજો૦ ૨
જપો જુગલ ચરણ સુખકારી રે,
ઊર્ધ્વરેખાદિક ચિહ્ન સંભારી રે...ભજો૦ ૩
દશ આંગળીની માળા દશ જાણો રે,
ફણા જુગલની જુગલ પ્રમાણો રે...ભજો૦ ૪
પાની જુગલ ગુલફ જુગ શોભે રે,
માળા ચાર ફેરી જન મન લોભે રે...ભજો૦ ૫
જંઘા જુગલ જાનુ જુગ વન્દે રે,
માળા ચાર ફેરી સંત આનંદે રે...ભજો૦ ૬
ઉરુ જુગલની માળા જુગ ફેરે રે,
નાભિ વર્તુલ સમાન પ્રીતે હેરે રે...ભજો૦ ૭
નાભિ ઉદર જુગલ સ્તન જોઈ રે,
માળા ચાર ફેરી રહે જન મોહી રે...ભજો૦ ૮
ભુજ જુગલ હરિના સુખકારી રે,
માળા ફેરી જાય દાસ બલિહારી રે...ભજો૦ ૯
કર આંગળીની માળા દસ કા’વે રે,
જોતા ભક્તને આનંદ ઉપજાવે રે...ભજો૦ ૧૦

કંઠ ચિબુકની માળા જુગ ફેરી રે,
મુખ પંકજ ઉમંગે રહે હેરી રે...ભજો૦ ૧૧
મુખ નાસિકા જુગલ દ્રગ હેરે રે,
માળા ચાર ચારે અંગ જોઈ ફેરે રે...ભજો૦ ૧૨
કાને કુંડલ વહાલાને જુગ કા'વે રે,
ફેરી માળા ઉભય દાસ મન ભાવે રે...ભજો૦ ૧૩
જોતાં જુગલ ભ્રૂકુટિ ડરે કાળ રે,
પ્રેમે જોઈ દાસ જપે જુગ માળ રે...ભજો૦ ૧૪
ભાલ તિલક સહિત વહાલું લાગે રે,
જપે માળા એક દાસ અનુરાગે રે...ભજો૦ ૧૫
માથે પાઘ તોરા સહિત રૂપાળી રે,
ફેરે માળા જન જુએ વનમાળી રે...ભજો૦ ૧૬
એવી રીતે થઈ માલિકા પચાસ રે,
જપે જન્મ મરણ કરે નાશ રે...ભજો૦ ૧૭
સ્વામિનારાયણ દેવે માળા દીધી રે,
પ્રેમે મુકતાનંદે ઉર ધારી લીધી રે...ભજો૦ ૧૮

**૩૦૧ રાગ : સામેરી પદ=૬ પદ - ૬/૧**

આજ મારૂં ભાગ્ય અલૌકિક સજની,અલબેલા ઘેર આવ્યા રે;
ભૂધરજીને ભાવ કરીને, મંદિરમાં પધરાવ્યા રે...આજ૦ ૧
જેહનું ધ્યાન ધરીધરી મુનિવર, મોહાદિક રિપુ મારે રે ;
તે મારો વા'લો આલિંગન કરવા, પ્રેમે શું હાથ પ્રસારે...આજ૦ ૨

નૌતમ જોબન નાથ રંગીલો, રંગ વાધ્યો અતિ ભારી રે;
મોહનવર ઉપર મેં સજની, સરવસ નાખ્યું વારી રે...આજ૦ ૩
જાળવિયું જોબન હરિ સારૂં, પ્રેમે પાતળિયે પીધું રે;
મુકતાનંદનો નાથ સુહાગી, અખંડ એવાતન દીધું રે...આજ૦ ૪

**૩૦૨ પદ - ૬/૨**

મેહુલો તે વરસે હરિ મંદિરમાં, રમઝમ કરતા આવે રે;
મોરલીના સ્વરમાં મલાર આલાપે, રાગ રાગણી ગાવે રે...મેહુ૦ ૧
શ્યામ ઘટા ઘનની ચઢી આવી, શ્યામ કોકિલા બોલે રે;
શ્યામ સુંદરની બંશી સુણીને, દીલ મણિધર વસિયર થઇ ડોલે રે...મેહુ૦ ૨
મોરલીને તાને ભીને ભીને વાને, મોહી રહ્યું મન મારું રે;
રસિકરાય વિના પળ જુગ જેવી, ક્યાંઇ ન લાગે સારું રે...મેહુ૦ ૩
રાત દિવસ મુખપંકજ જોતાં, નયણાં તૃપ્તિ નવ પામે રે;
મુકતાનંદનો નાથ રસિલો, ખુબ લગાડી લગની ભામે રે...મેહુ૦ ૪

**303 પદ-૬/3**

વિઠ્ઠલવરને વરે જે સજની, પતિવ્રતા કહાવે રે;
ચોરાશીનું ભ્રમણ ભમતાં, પતિનો પાર ન આવે રે...વિઠ્ઠલ૦ ૧
જીવ જીહાં જીહાં જનમ ધરે તિહાં, ન ટળે ભુંડા હેવા રે;
અનંત ભાતના પતિ શિર થાયે, શ્વાન શુકર ખર જેવા રે...વિઠ્ઠલ૦ ૨
પ્રભુ વિના ટેક ધરે જે પ્રાણી, તે સર્વે જુઠી થાય રે;
તે માટે અમે હરિવર વરિયા, સમઝી સમઝી મન માંય રે...વિઠ્ઠલ૦ ૩
કોટી જનમનાં કલંક ટળ્યા છે, પુરૂષોત્તમ વર પામી રે;
મુકતાનંદના નાથને મળતાં, કોઇ વિધ ન રહી ખામી રે...વિઠ્ઠલ૦ ૪

**૩0૪ પદ-૬/૪**

નંદનંદન મારે જીવન દોરી, નિમિષ ન મેલું ન્યારા રે;

ઉર ઉપર રાખું અલબેલો, પ્રાણ થકી છે પ્યારા રે...નંદ૦ ૧
મેહુલો તે વરસે હરિ મંદિરમાં, થઈ આનંદની એલી રે;
લોકની લાજ મરજાદ ન માનું, મોહન મુખ જોઈ ઘેલી રે...નંદ૦ ૨
રસિકરાય સંગ નેહ કરીને, દેહ ગેહ સૂધ ભૂલી રે;
શ્યામ સુંદરનું રે સુખડું પામી, ફરૂં છું મગન થઈ ફુલી રે...નંદ૦ ૩
રૂપ અલૌકિક રસિકરાયનું, જોતાં તૃપ્તિ ન પામું રે;
મુકતાનંદના નાથે જોયું, કરૂણાની દૃષ્ટિએ સામું રે...નંદ૦ ૪

ઓધાજી અમે શ્યામને શું પદ=૪

**૩૦૫ રાગ : મેવાડ પદ-૪/૨**

ઓધાજી અમને શ્યામ વિના, સુખ ના'વે રે.ટેક૦
સગાં ન દીઠાં સોહાયે, મંદિરિયું ખાવાને ધાયે;
ભોજનિયું તે નવ ભાવે રે.ઓધાજી૦ ૧
રજનીમાં નીંદ ત્યાગી, લગની એ સાથે લાગી;
કહાન ન સંદેશો કા'વે રે.ઓધાજી૦ ૨
દીવાની થઈને ડોલું, બપૈયાની પેરે બોલું;
મોહની લગાડી માવે રે.ઓધાજી૦ ૩
મુકતાનંદ માવ પાસે, અમને કોઈ રાખે વાસે;
કાનને કોઈ તેડી લાવે રે.ઓધાજી૦ ૪

**૩૦૬ રાગ : મેવાડો પદ=૪ પદ-૪/૧**

અંતકાળે આવી રે સંભાળી લેજો શામળા રે,
જોશો માં અમારા અવગુણ શ્યામ;
પણ છે પોતાનું રે પ્રભુજી તમે પાળજો રે,
અધમ ઓધારણ કરૂણાના ધામ...અંત૦ ૧
ગજને છોડાવ્યો રે ગ્રહના મુખ થકી રે, કરતા કાંઈ અરધ નામ ઉચ્ચાર;
એવી રીતે આવો રે સુંદર શામળા રે,
વાટડી જોઉ છું વારંવાર...અંત૦ ૨
નારાયણ નામે રે ઉધાર્યો અજામિલને રે, કરતા તે પુત્ર તણો રે પોકાર;
એવું તે વિચારી રે અલબેલા આવજો રે;
અમારે છે તમારો રે આધાર...અંત૦ ૩
દોયલી વેળામાં રે દીનાનાથજી રે, કહાને અમે કોની કરીએ આશ;
મુકતાનંદના સ્વામી રે સુંદર શામળા રે;
અબળાને તેડી રાખો પાસ...અંત૦ ૪

**૩૦૭ પદ-૪/૨**

દોયલી વેળામાં રે કોઈ કેનું નથી રે, જ્યારે કરે જમડા આવીને જોર;
તેણી વેળા આવી રે દયાળુ મુજ દીનની રે,
બાંહ્ય ગ્રહી રહેજો નંદકિશોર-દોયલી૦ ૧
જ્યારે ત્રુટે નાડી રે ઝલાઈ જાય જીભડી રે, વાજે કફસહિત શ્વાસનો ઘોર;
સગાં ને સંબંધી રે લાગે સહુ લૂંટવા રે,
કૂડા કૂડા કરીને શોર બકોર-દોયલી૦ ૨

સ્વારથનાં સગા રે સર્વે સંસારમાં રે, તમ વિના જુઠા સર્વે જન;
તમે ને તમારા રે જન પ્રભુ પરમારથી રે,
બીજે નવ માને મારું મન-દોયલી૦ ૩
ત્રાહિ ત્રાહિ કરી રે પોકારું જોઇ તમ ભણી રે, સેવકની કરજો શ્યામ સંભાળ;
મુકતાનંદના સ્વામી રે જાણ સુજાણ છો રે,
વર્ણવે છે વેદ દીનદયાળ-દોયલી૦ ૪

૩૦૮ પદ-૪/૩

આ અવસર રે દયાળુ બહુ દયા કરી રે, ટાળવાને જન્મમરણના તાપ;
વાહને ચડીને રે આવો છો મારા વાલમા રે,
નારાયણ નામ જપતાં જાપ-આ૦ ૧
અનેકને આવ્યા રે અંતસમે તેડવા રે, સાથે સંતજનનો સાથ;
એવા તે તમારા રે ગુણ અનંત અપાર છે રે,
સાંભળતામાં સર્વે થાય સનાથ-આ૦ ૨
અધમ જાતિ રે ઉદ્ધારી બહુ નારીને રે, જેને નિંદે શાસ્ત્ર વેદ પુરાણ;
ગુણ ને અવગુણને રે નાથ ગણતા નથી રે,
શરણે આવ્યા તેના શ્યામ સુજાણ-આ૦ ૩
કરુણારસને રે પ્રગટ કર્યો કાનજીરે, કરવાને અનેક જનનો ઉદ્ધાર;
મુકતાનંદના વહાલે રે મહાસુખ આપીયું રે,
કરી નિત્ય નવલા નેહ વિહાર-આ૦ ૪

૩૦૯ પદ-૪/૪

ભલેને પધાર્યા રે ગિરધર ગાજતા રે, હવે મુને કરી કૃતારથ કાન;
નયણાં ઠરે છે રે નાથને નીરખતાં રે,
જેનું નિત્ય ધરીને રહેતા ધ્યાન-ભલેને૦૧

દુ;ખડાના દહાડા રે હવે તો દૂર પડ્યા રે, લીધી છેલછબીલે મારી સાર,
જીવન જોઈને રે જગ જૂઠો થયો રે,
તમ સંગ લાગ્યો રંગ એકતાર-ભલેને૦૨
કમળા સરખી રે કરી મુને કાનજી રે, ગ્રહી ગુણવંત મારો હાથ;
ભલે મારું ભાગ્ય રે ફળ્યું કોઈ કાળનું રે,
પામી પતિ અખિલ ભુવનનો નાથ-ભલેને૦૩
અખંડ સોહાગી રે તમને જે જાણશે રે, માણશે મહાસુખ મોજ અપાર;
મુકતાનંદ કહે છે રે તમને પરહરી રે,
ભવજળ કોઈ ન પામે પાર-ભલેને૦૪

**૩૧૦ રૂક્ષ્મણી વિવાહ રાગ : ધોળ પદ= ૧૫ પદ-૧૫/૧**

કુંદનપુર વિવાહ રચ્યો, સુણી ભૂપતિ ભીમકરાય;
કન્યા તે દેવા શ્રીકૃષ્ણને, આનંદ ઉર ન સમાય. ૧
રૂકમૈયે તે જાણિયું, ઉર વ્યાપ્યો અતિશે કાળ;
કન્યા ન આપું શ્રીકૃષ્ણને, એ છે ગાયો તણો ગોવાળ. ૨
રૂકમૈયાનું મન મેલું ને, તેડાવ્યો શિશુપાળ;
રૂક્મણિએ તે ખબર જાણી, ને અંતર ઊઠી ઝાળ. ૩
દુર ઘણી દ્વારામતિ, રહ્યો લગન વચ્ચે દિન એક;
અંતરજામી આવજો, રાખજો મારી ટેક. ૪
એવું તે કહીને કુંવરી, કરી કાગળ લખવા આશ;
મુકતાનંદ કહે માનિની, થઈ જગ થકી રે ઉદાસ. ૫

૩૧૧ પદ-૧૫/ ૨

મારી સાર લેજો અવિનાશી રે, જાણી જનમોજનમની દાસી રે;
વાંચી કાગળ વેલેરા આવો રે, મારા તનના તે તાપ બુઝાવો રે. ૧
દિન એક લગન વચ્ચે જાણી રે, વહેલા આવજો સારંગપાણી રે. ૨
મેં તો તમ અર્થે તન કરીયું રે, મેં તો તમ ચરણે ચિત્ત ધરિયું રે. ૩
જોતાં વાટ નહી આવો વહેલા રે, તજુ પ્રાણ લગન પહેલા રે. ૪
કહે મુકતાનંદ મોરારી રે, વ્હાલા રાખજો ટેક અમારી રે. ૫

૩૧૨ પદ-૧૫/ ૪

માનિની મનમાં ચિંતવે, કેમ ના'વ્યા સુંદર શ્યામ;
વાર થઈ કેમ વિપ્રને, નવ સરીયું મારું કામ. ૧
જો નહિ આવે જદુપતિ, તો તજીશ મારા પ્રાણ;
એવામાં દ્વિજ આવીયો, જેમ આવે રામનું બાણ. ૨
વિપ્ર વદન જોઈ વનિતા, મન આનંદ વાધ્યો અપાર;
પ્રાણજીવન પધારિયા, જગજીવન જગદાધાર. ૩
કુંદનપુર હરિ આવીયા, સુણી ભૂપતિ ભીમકરાય;
સામા જઈ સનમાન કીધું, આનંદ ઉર ન સમાય. ૪
ત્રિકમ તોરણ આવિયા, વરત્યો તે જયજયકાર;
મુકતાનંદ કહે માનિનીના, પુણ્યતણો નહિ પાર. ૫

૩૧૩ પદ-૧૫/૭

માધવપુરનો માંડવો, આવે જાદવકુળની જાન;
પરણે તે રાણી રૂક્મણી, વર વાંછિત શ્રીભગવાન. ૧
જાદવ જાનૈયા થયા, વળી માંડવીયા પણ સોય;
વિધિસહિત વિવા' રચ્યો, કસર ન રાખી કોય. ૨

માણેકસ્થંભ મંડપ રચ્યો, મધ્યે ચોરી બાંધી સાર;
મોહન આવ્યા માયરે, કોટી ભુવનના કરતાર. ૩
માથે તે મુગટ જડાવનો, કાને કુંડળ મકરાકાર;
બાંયે બાજુબંધ બેરખા, કોટે કૌસ્તુભ મણિનો હાર. ૪
શોભે ઘણા શણગારમાં, પીતાંબર અતિ ઉદાર;
હેમકડાં બેઉ હાથમાં, પાયે ઝાંઝરનો ઝમકાર. ૫
વહાલાનું વદન સોહામણું, જાણે ઉગ્યો પૂનમનોચંદ;
મુકતાનંદ કહે મોહન વરને, જોઈ થયો આનંદ. ૬

૩૧૪ રાગ : ધોળ પદ =૪ પદ -૪/ ૧

ગોપીનાથ આવો મારે ઓરડે, તમ સાથે રે વાધ્યો પૂરણ પ્યાર...નાથ૦૧
મેં તો શેરી વળાવીને સજ્જ કરી, શેરડીએ રે વેર્યા ફુલ અપાર...નાથ૦૨
મેં તો મોતીડે ચોક પૂરાવિયા, પ્રેમે બાંધ્યા રે તરિયાં તોરણ દ્વાર...નાથ૦૩
મેં તો જુગતેથી તમને જમાડવા, ભાવે ભોજન રે કીધાં વિવિધ પ્રકાર...નાથ૦૪
મેં તો પલંગ બિછાવ્યો પ્રીતશું, વેગે સજિયા રે સોળે શણગાર...નાથ૦૫
હું તો ચાતક સરખી થઈ રહી, તમ કારણે રે પ્યારા પ્રાણ આધાર...નાથ૦૬
મારે તમ સંગ પૂરણ પ્રીતડી, તેણે વિષ સમ રે થયો સર્વે સંસાર...નાથ૦૭
મુકતાનંદના શ્યામ સુજાણ છો, હવે શું કહું રે ઘણું વારંવાર...નાથ૦૮

૩૧૫ પદ -૪/ ૨

ગોપીનાથ રહો મારા મો'લમાં, સુખદાયક રે પ્યારા શ્રી ઘનશ્યામ...નાથ૦૧
મેં તો તન ધન તમ અર્થે કર્યું, મારી પૂરો રે હૈડા કેરી હામ...નાથ૦૨
મેં તો શંકા તજી રે સંસારની, તમ સાથે રે કીધી પૂરણ પ્રીત...નાથ૦૩

હું તો હાથ જોડી હાજર રહું, તમને સેવું રે રસિયા રસરીત...નાથ૦૪
એક નિમિષ ન મેલું વેગળા, કરી રાખું રે મારા હૈડાનો હાર...નાથ૦૫
મારે તમથી વા'લું બીજું કોઈ નથી, પુરુષોત્તમ રે પ્યારા પ્રાણ આધાર...નાથ૦૬
ક્યારે મરજી લેશ લોપું નહિ, જે જે જોઈએ રે તે તે રાખીશ તૈયાર...નાથ૦૭
મુકતાનંદના શ્યામ છબીલડા, તમ સાથે રે વાધ્યો પ્રેમ અપાર...નાથ૦૮

**૩૧૬** **પદ-૪/૩**

પ્યારા મુજને લાગી તારી મોહની, રસિયા વર રે તારું જોઈને રૂપ...મુજ૦ ૧
તારાં નેણ ચપળ ચિત્તને હરે, મીઠી મુખની રે સુણી વાણી અનુપ...મુજ૦ ૨
વાંકી પાઘમાં તોરા ઝુકી રહ્યા, જોતાં હૈડે રે ફુલડાં કેરા હાર...મુજ૦ ૩
અંગોઅંગમાં આભરણ ફુલનાં, તેને નીરખી રે વાધ્યો વિરહ અપાર...મુજ૦ ૪
તારા મુખપંકજને માવજી, જોતાં નેણાં રે મારાં તૃપ્ત ન થાય...મુજ૦ ૫
તમને અણદીઠે થાઉં આંધળી, જોતાં રસિયા રે હૈડે હરખ ન માય...મુજ૦ ૬
હું તો પ્રેમદીવાની થઈ રહી, તેણે ભૂલી રે જૂઠો જગવહેવાર...મુજ૦ ૭
મુકતાનંદના પ્રીતમ નહીં તજું, કરી રાખીશ રે મારા હૈડાનો હાર...મુજ૦ ૮

**૩૧૭** **પદ-૪/૪**

મારાં નેણાં ઠરે છે જોઈને, મનમોહન રે તારું રૂપ રસાળ...નેણાં૦ ૧
માથે મોર મુગટ સોહામણો, કાને કુંડળ રે ઉર મોતીની માળ...નેણાં૦ ૨
રૂડું મંદ હાસ્ય મનને હરે, વાંકી ભ્રકુટિ રે શોભે ભાલ વિશાળ...નેણાં૦ ૩
તારાં લોચનની છબી લાલજી, જોતાં રસિયા રે વશ થઈ તત્કાળ...નેણાં૦ ૪
કોટી પતિતને પાર ઉતારવા, દગ ગોચર રે રસિયા તારું રૂપ...નેણાં૦ ૫
મને પ્રગટ મળ્યા તમે માવજી, સુખદાયક રે કોટિ ભુવનના ભૂપ...નેણાં૦ ૬
મારું મન તમ સાથે માનીયું, મુને લાગ્યો રે રસિયા તારો રંગ...નેણાં૦ ૭
મુકતાનંદના નવલ સનેહીડા, મારા ઉરમાં રે ન સમાય ઉમંગ...નેણાં૦ ૮

**૩૧૮ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

જનમ સુધાર્યો રે હો મારો, મળિયા નટવર નંદદુલારો;
કરુણા અતિશે રે હો કીધી, ભવજળ બૂડતાં બાંય ગ્રહી લીધી...૧
મુજ પર અઢળક રે હો ઢળિયા, કરુણા કરી ઘેર બેઠા મળિયા...૨
મન દઢ કરિયું રે હો મોરારી, હવે હું થઈ રહી જગથી ન્યારી...૩
આનંદ ઉરમાં રે હો ભારી, શિર પર ગાજે ગિરિવરધારી...૪
નિરભે નોબત રે હો વાગી, કહે મુકતાનંદ ભ્રમણા ભાંગી...૫

**૩૧૯ પદ-૪/૨**

ભ્રમણા ભાંગી રે હો હૈયાની, નથી એ કે'ને વાત કહ્યાની,
વીતી હોય તે રે હો જાણે, અણ સમજ્યા મર ઈર્ષ્યા આણે...૧
જે રસ મુનિવર રે હો માણે, વાલે મારે સુગમ કર્યો આ ટાણે...૨
પ્રેમીજનનો રે હો પ્યારો, મુજને મળિયા નંદ દુલારો...૩
મહારસ મુજને રે હો આપ્યો, સંશય ભ્રમ સમૂળો કાપ્યો...૪
હવે હું મહાસુખ રે હો પામી, મળિયા મુકતાનંદના સ્વામી...૫

**૩૨૦ પદ-૪/૩**

મહાસુખ મુજને રે હો આપ્યું, સંકટ જન્મ મરણનું કાપ્યું;
પુણ્ય પૂરવનાં રે હો મળિયા, મળતા તાપ હૃદયના ટળિયા...૧
દર્શન દુર્લભ રે હો પામી, હવે મારી સકળ વેદના વામી...૨
આનંદ ઉરમાં રે હો ભારી, હવે હું ન રહું કોઈની વારી...૩
હરિસંગ હેતે રે હો બંધાણી, હવે મને ન ગમે બીજી વાણી...૪
અખંડ એવાતન રે હો દીધું, કહે મુકતાનંદ કારજ સીધું...૫

૩૨૧ પદ-૪/૪

બાંય ગ્રહી છે રે હો વા'લે, કરૂણા કરી નટવર નંદલાલે;
હવે નહીં કોઈની રે ઓશિયાળી, શિરપર વિઠ્ઠલવર વનમાળી...૧
ભવ બ્રહ્માના રે હો સ્વામી, મુજને મળિયા અંતરજામી...૨
ઘેર ઘેર લોકડાં રે હો કહે છે, મેણું મુને નંદના નંદનનું દે છે...૩
લાજ ન મનમાં રે હો આણું, અતિશે ભાગ્ય ભલું કરી જાણું...૪
કોઈ વિધિ ન રહી રે હો ખામી, મળિયા મુકતાનંદના સ્વામી...૫

મારે ઘેર આવ્યા રે પદ= ૧૦

૩૨૨ રાગ:ગરબી પદ-૧૦/૯

તમ સંગ લાગી રે, ત્રિકમ મુજને તાળી...ટેક૦
અસત જગતની આશ તજીને, વરિયા વર વનમાળી રે...ત્રિકમ-૧
સગા સંબન્ધી સહુ મળી મુજને, કહે છે કા'નુડાવાળી રે...ત્રિકમ-૨
તમને ભજતાં આડ્ય કરે તે, સુખ સંપત દેઉં બાળી રે...ત્રિકમ-૩
શિર જાયે તોય શ્યામ ન મુકું, લોકની લાજ પણ ટાળી રે...ત્રિકમ-૪
ત્રિભુવનનાથ વરી હું તમને, નહિ કોઈની ઓશિયાળી રે...ત્રિકમ-૫
મુકતાનંદ કહે મહેર કરીને, સબળ લીધી સંભાળી રે...ત્રિકમ-૬

૩૨૩ રાગ : કાફી પદ=૪ પદ-૪/૧

પ્રગટકે ગુન હમ ગાવે, પ્રગટ દરસકું પાવે; ટેક૦
પ્રગટ વિના જે ભૂત ભવિષ્ય હે, સો સુપનેમે ન ભાવે...પ્રગટ૦ ૧

જોગી જંગમ તપસી સંન્યાસી, પ્રોક્ષ હી મોક્ષ બતાવે;
પ્રગટ પ્રીછ વિના પચી હારે, કુકસ કુટી ઉડાવે...પ્રગટ૦ ૨
પ્રગટ ભકિત અરુ પ્રગટ પ્રાપ્તિ, પ્રગટ વિના મન ના'વે;
પ્રગટ મોક્ષકા પંથ બતાવે, પ્રગટ ભાવ ઉર લાવે...પ્રગટ૦ ૩
પ્રગટ નવલ પ્રભુ પ્રગટ પ્રેમરસ, પ્રગટ સોં ભરભર પાવે;
પ્રગટ પ્રમાણ પ્રાણજીવન પર, દાસ મુકુંદ બલ જાવે...પ્રગટ૦ ૪

મનવા ભજ વ્રજ પદ=૪

**૩૨૪ રાગ:કાફી પદ-૪/૪**

માધુરી મૂરતિ છે પ્યારી રે, માધુરી તારી મૂરતિ છે પ્યારી...ટેક૦
સુંદર વદન કમળદળ લોચન, ભ્રકુટી ભાલ બલિહારી...માધુરી૦
જરકસી પાઘ કસુંબી જામાં, પીતાંબર પટ ધારી...માધુરી૦
કરમાં કનક કડાં ઉર કંઠી, કુંડળની છબી ન્યારી...માધુરી૦
મુકતાનંદ લીધું મન લટકે, વ્રજપતિ અધિક વિહારી...માધુરી૦

**૩૨૫ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

મારું તમ સાથે મન મોહ્યું રે,સુંદર શામળિયા, મુજ સામું જે દિનથી જોયું રે...ટેક૦
મને નેણુંની સાને વશ કીધી રે..સુંદર૦, મને પોતાની કરી લીધી રે...સુંદર૦
મને હસીને હેતશું બોલાવી રે..સુંદર૦, મને લાલચ ખુબ લગાવી રે...સુંદર૦
વાલા આવો અમારે ઘેર રે..સુંદર૦, કરો મુકતાનંદ પર મહેર રે...સુંદર૦

**૩૨૬ રાગ : ગરબી પદ=૧૦ પદ-૧૦/૧**

મારે ઘેર આવ્યા રે, સુંદર વર શ્યામળિયો;
હરખભરી હું હરિને નીરખું, પિયું પ્રિતમ પાતળીયો...મારે૦ ૧
સુખડું દેવા ને મન હરી લેવા, અમ પર અઢળક ઢળિયો...મારે૦ ૨
જાળવિયું જોબન જે સારૂં, તે અવસર આજ મળિયો...મારે૦ ૩
લક્ષ્મીનો વર લાડકવાયો, અકળ ન જાયે કળિયો...મારે૦ ૪
આશ્ચર્ય વાત સેજડિએ આવ્યા, બોલ પોતાને પળિયો...મારે૦ ૫
મુકતાનંદ મોહનની મહેરે, ખોયા દિનો ખંગ વળીયો...મારે૦ ૬

**૩૨૭ પદ-૧૦/ ૨**

મારે મન માન્યો રે, મોહન મોરલીવાળો;
કસુંબલ પાઘ કેસરિયો જામો, નિરખી નયણનો ચાળો...મારે૦ ૧
કોઈ કહેશે તમે શું લઈ બેઠાં, કુળનો ધર્મ ન પાળ્યો...મારે૦ ૨
ત્રિભુવનમાં એવી નારી ન દેખું, ન ચળે જોઈ કાન કાળો...મારે૦ ૩
જેને વર્યે જમ ત્રાસ ન નાશે, તે વરને લઈ બાળો...મારે૦ ૪
એવું વિચારી લાડકડી લક્ષ્મી, વરી મોહન મરમાળો...મારે૦ ૫
મુકતાનંદ મોહન વર મળતાં, ઢળ્યો અલૌકિક ઢાળો...મારે૦ ૬

**૩૨૮ પદ-૧૦/૩**

સુખની સીમા રે, વ્રજના વાસી માણે;
લોકડીયાંની લાજે બંધાણાં, અવળાને સવળું જાણે...સુખની૦ ૧
ષટ દર્શનમાં ખોળ્યા ન લાધે, નરહરિ નેતરાં તાણે...સુખની૦ ૨
જે સુખને બ્રહ્મા ભવ ઈચ્છે, સુગમ થયું આ ટાણે...સુખની૦ ૩
વેદીયા વાદ કરી કરી થાકયા, અગમ અગાધ વખાણે...સુખની૦ ૪

ચતુરાઈએ સ્વપનામાં ન આવે, ન મળે નટવર નાણે...સુખની૦ ૫
મુકતાનંદ એ મરમ અલૌકિક, પ્રેમી ઉરમાં આણે...સુખની૦ ૬

૩૨૯ પદ-૧૦/ ૪

મારે મન વસિયા રે, ગુણવંતા ગિરધારી;
શ્યામ વિના મુને કામ ન સૂઝે, વિરહની વેદના ભારી...મારે૦ ૧
કા'ન કુંવર સારું મેં સજની, લોકની લાજ વિસારી...મારે૦ ૨
દીવાની સરખી થઈ ડોલું, હાંસી કરે નરનારી...મારે૦ ૩
કાળજડું કોરીને પેઠી, કાન નયન કટારી...મારે૦ ૪
ઘાયલની ગતિ ઘાયલ જાણે, શું જાણે સંસારી...મારે૦ ૫
મુકતાનંદ મોહનને મળતાં, થઈ રહી જગથી ન્યારી...મારે૦ ૬

૩૩૦ પદ-૧૦/૫

મારું મન હરિયું રે, શ્યામળીએ સુખ દઈને;
હાવ ભાવ કરી હેત ઘણેરું, કામણગારું કહીને...મારૂં૦ ૧
છોકરડે છેતરિયાં સજની, વિઠ્ઠલે વ્રજમાં રહીને...મારૂં૦ ૨
વિરહનો તાપ દીધો વાલીડે, મોહન મથુરાં જઈને...મારૂં૦ ૩
ધરના એ નો'તા ધુતારા આવડ્યું ઉપદેશ લઈને...મારૂં૦ ૪
ધૂર્તપણું એ અધુર્તામાં પેઠું, ધુતીને સંગે થઈને...મારૂં૦ ૫
મુકતાનંદ મોહન વિના વ્રજમાં, કેમ રહેશું દુઃખ સહીને...મારૂં૦ ૬

૩૩૧ પદ-૧૦/૬

ધરનો એ છે રે,ધૂર્તપણામાં પુરો;
કુબજ્યાને કોઈ દોષ મ દેજ્યો, નહિ વ્રજચંદ અધૂરો...ધરચ્યનો૦ ૧
વૃંદાનું વ્રત ભંગ કરાવ્યું, તે દિ'નો છળમાં શૂરો...ધરચ્યનો૦ ૨
એને જે અનુસરિયાં સજની, જ્યાં જીવો ત્યાં ઝુરો...ધરચ્યનો૦ ૩
સુર્પણખાનું નાક છેદાવ્યું, એવો સદાય અલુરો...ધરચ્યનો૦ ૪

અમશું પ્રીત કરી એણે પહેલી, રહેતો હમેશ હજૂરો...ધસ્યનો૦ ૫
મુકતાનંદ મતલબનો ગરજુ, ગરજ સર્યે થયો દૂરો...ધસ્યનો૦ ૬

૩૩૨ પદ -૧૦/૭

બાળ સનેહી રે, મોહન મુજને ગમતા;
મથુરા જઈ મોંઘા થઈ બેઠા, પહેલાં તો ભેળા ભમતા...બાળ૦ ૧
આજ તો અમને દર્શન દુર્લભ, જોડે બેસીને જમતા...બાળ૦ ૨
અણતેડ્યા વાંસે આવીને, રસિયો રંગભર રમતા...બાળ૦ ૩
જે કહેતાં તે કામ જ કરતા, નટવર રહેતા નમતા...બાળ૦ ૪
બાળ જોગી જેવો વેશ જણાવી, દેહ પ્રાણને દમતા...બાળ૦ ૫
મુકતાનંદ મોહનની લીલા, રાખતા શીલ ને સમતા...બાળ૦ ૬

૩૩૩ પદ-૧૦/૮

પ્રીત પૂરવની રે, નાથ ન મુકી દેજ્યો;
બહુનામી તમ સાથે બંધાણી, શ્યામ સંભાળી લેજ્યો...પ્રીત૦ ૧
બોલ કોલ દીધા જે બળવંતા, ગુણવંત દઢ કરી ગ્રહેજ્યો...પ્રીત૦ ૨
નગણી નાર્ય વરે સમરથને, અવગુણ એની પેરે સહેજ્યો...પ્રીત૦ ૩
પોતાની જાણીને પ્રીતમ, કહેવું ઘટે તે કહેજ્યો...પ્રીત૦ ૪
પાસે રાખો તો પાડ ઘણો માનું, નજર કરતાં રહેજ્યો...પ્રીત૦ ૫
મુકતાનંદ કહે મહેર તમારી, નિર્ભય ફરકે નેજો...પ્રીત૦ ૬

૩૩૪ રાગ : ગરબી પદ=૨ પદ-૨/૧

મારે તમ સંગ પ્રીત બંધાણી રે, ગુણવંત ગિરધારી,
મેં તો જુગતિ તમારી જાણી રે...ટેક૦
તારૂં રૂપ જોઈને રહું ફુલી રે, હું તો લોકનો મારગ ભૂલી રે...ગુણ૦ ૧
મારે ભક્તિ ઉદય થઈ સાચી રે, હું તો રંગે તમારે રાચી રે...ગુણ૦ ૨
મારે તમ સરખા શિર સ્વામી રે, હું તો પૂરણ પદવી પામી રે...ગુણ૦ ૩
કહે મુકતાનંદ રંગ લાગ્યો રે, મારે જીતનો ડંકો વાગ્યો રે...ગુણ૦ ૪

૩૩૫ પદ-૨/૨

તમે મુજ પર અઢળક ઢળિયા રે, પુરુષોત્તમ પ્યારા;
મુને કુંજભુવનમાં મળિયા રે...ટેક૦
મારો કરુણા કરી કર સાયો રે-પુ૦ મને અધર અમૃતરસ પાયો રે...પુરૂ૦ ૧
હું તો થઈ અતિશે બડભાગી રે-પુ૦ મારે તમસંગ લગની લાગી રે...પુરૂ૦ ૨
મેં તો જાણી અલૌકિક રીતિ રે- પુ૦ હું તો તમને મળી જગજીતી રે...પુરૂ૦ ૩
કહે મુકતાનંદ મોરારી રે-પુ૦ હું તો થઈ રહી નાથ તમારી રે...પુરૂ૦ ૪

૩૩૬ રાગ : ધોળ પદ=૪ પદ-૪/૧

મારે પ્રીત બંધાણી રે કે શામળીયાને સંગે,
મારું મન રંગાણું રે કે રસીયાને રંગે...૧
એનું રૂપ જોઈને રે કે મન મારું મોહી રહ્યું,
મારે હરિ વિના બીજું રે કે સુખ વિખતુલ્ય થયું...૨

મીઠી મુખડાની વાણી રે કે સુણી હું તો લોભાણી,
તજ્યું હરિ વિના બીજું રે કે દુઃખદાયક જાણી...૩
તજી લોકલજ્જા રે કે હરિવરને ગમવા,
મારે હોંસ ઘણી છે રે કે રસીયા સંગ રમવા...૪
હવે નિમિષ ન મેલું રે કે નટવરને ન્યારા,
વ્હાલો મુકતાનંદનો રે કે પ્રભુ મુને અતિ પ્યારા...૫

૩૩૭ પદ-૪/૨

મેં તો સગપણ કીધું રે કે સુંદરવર સાથે,
કરૂણા કરી પુરણ રે કે હરિવર ગ્રહી હાથે... ૧
મેં તો જપ તપ તીર્થ રે કે સાધન નવ કીધું,
મારું મન મોહનથી રે કે સર્વ કારજ સીધું...૨
જેનું ધ્યાન ધરે છે રે કે અજ શંકર જેવા,
તેના ચરણકમળની રે કે મળી મુજને સેવા...૩
મુજને કીધી પોતાની રે કે હરિ અંતરજામી,
થયા રસીયોજી રાજી રે કે બળવંત બહુનામી...૪
મારે શ્યામ સુંદરશું રે કે દઢ લગની લાગી,
વ્હાલે મુકતાનંદને રે કે કીધી મને બડભાગી...૫

૩૩૮ માયા જગ ઠગની પદ=૮ રાગ:જંગલો પદ-૮/૩

મેં તો સ્વામિનારાયણકો ઉપાસી...ટેક૦
દ્વિજકુલ દેહ ધર્યો સંતન હિત, અક્ષરધામ નિવાસી...મેં૦ ૧
અડસઠ તિરથ શ્યામ ચરનમેં, કહારી કરું જાય કાશી...મેં૦ ૨

અષ્ટ સિધ્ધિ નવ નિધિ ચતુરધા, ઈનસેં અધિક ઉદાસી...મેં૦ ૩
મુકતાનંદ મહાસુખ પાયો, પ્રગટ મિલે અવિનાશી...મેં૦ ૪

૩૩૯ પદ-૮/૬

મીલે મોય નીલકંઠ સુખકારી...ટેક૦
જાહિ મિલત મેરો જનમ સફલ ભયો, ઉરકી અવિદ્યા ટારી...મીલે૦ ૧
સબ સુખધામ કામ મદગંજન, પતિત પાવન અઘહારી...મીલે૦ ૨
ભવભય હરન કરત અતિ આનંદ, અકલ રૂપ અવતારી...મીલે૦ ૩
મુકતાનંદ કહે શ્યામ ચરન પર, વારંવાર બલિહારી...મીલે૦ ૪

૩૪૦ રાગ : ઈમન - કલ્યાણ પદ=૬ પદ-૬/૧

મેરે તો તુમ જીવન બાલ મુકુંદા...મેરે૦
બીન દેખે મોયે કલ ન પરત હે, જયું ચકોર બિન ચંદા...મેરે-૧
એહી કારન રહો નેનુકે આગે, નટવર નંદજીકે નંદા...મેરે-૨
કરુણા દગન કરી મોયે વિલોકો, મેટન ભવદુઃખ ફંદા...મેરે-૩
મુકતાનંદકે નેહ નિભાવન, પિયા પ્રીતમ સુખકંદા...મેરે-૪

૩૪૧ પદ-૬/૨

મેરે તો સુખદાયક તુમહી મોરારી...મેરે૦
તુમ બિન ઓર દેવ નહીં જાચું, એહી દઢ ટેક હમારી...મેરે-૧
લોભીનકું જેસે ધન સુખદાયક, કામીનકું જૈસે નારી...મેરે-૨
તુમ કારન જોગન હોઈ બેઠી, અસત આશ સબ ટારી...મેરે-૩
રસિક સલુના પિયા તેરે મુખ ઉપર, મુકતાનંદ બલિહારી...મેરે-૪

૩૪૨ પદ-૬/૩

રસિક તેરે નેનુમેં જાદુ ભારી...રસિક૦
શ્માામ રે સલુના તેરે નેન બાનસમ, મોયે કસી ભરમારી...રસિક-૧
વ્રેહકી પીર બઢી મેરે તનમે, ટરત ન કોઈ બિધિ ટારી...રસિક-૨
લોકનકી લાજ ન રહી મેરે મનમેં, કર ડારી મતવારી...રસિક-૩
મુકતાનંદકે નાથ દગનસેં, કર ડારી જગ ન્યારી...રસિક-૪

૩૪૩ પદ-૬/૪

નયન શર તીખે હે નાથ તિહારે...નયન૦
જીન જીનકું લગી ચોટ નયનકી, લોટ પોટ કર ડારે...નયન-૧
દેખનમેં તો કમળ હુંસે કોમળ, ભેદત અંતર ભારે...નયન-૨
ચોટ લગી સનકાદિક નારદ, હો રહે જગસેં ન્યારે...નયન-૩
મુકતાનંદ કહે કહા કહું મુખસે, જાનત જાનનહારે...નયન-૪

૩૪૪ અધિક પ્યારે મોહે પદ=૪ રાગ:પૂરવ પદ-૪/૩

મેરો મન હરલીનો પ્રગટ ગોવિંદ,
કોન કરે અબ લાજ લોકનકી, મેં તો પ્રેમકે ફંદ...મેરો૦ ૧
લોગ કહે યહ ભઈ હે બાવરી, હાંસી કરત મતિ મંદ...મેરો૦ ૨
લગી પ્રીત મેરી શ્યામ સુંદરસે, ભઈ મેંતો પરમાનંદ...મેરો૦ ૩
મુકતાનંદ મર્મકે દાતા સદ્‌ગુરૂ સહજાનંદ...મેરો૦ ૪

૩૪૫ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧

મોહન તારી મૂરતિ મુને પ્યારી રે, એક નિમિષ ન મેલું ન્યારી...ટેક૦

મેં તો તન મન તમને દીધું રે, સર્વે કારજ સુધારી લીધું રે;
મારૂં તમ થકી કારજ સીધું...મોહન-૧
તારા મુખડાની માયા લાગી રે, મારા મનની તે ભ્રમણા ભાગી રે;
હું તો મોહ નિદ્રામાંથી જાગી...મોહન-૨
મેં તો તમ સંગ પ્રીતિ જોડી રે, બીજા સર્વ સંઘાથે ત્રોડી રે;
શું કરશે મુરખ મો મોડી...મોહન-૩
છબી જોઈ અલૌકિક તારી રે, તારે વશ થઈ રહી ગિરધારી રે;
જાય મુકતાનંદ બલિહારી...મોહન-૪

**૩૪૬ રાગ : હમીર કલ્યાણ પદ=૪ પદ-૪/૧**

મોહન મતવારે રે (૨) પ્રીતમ મેરે પ્યારે, ના રહો મોસેં ન્યારે રે...ટેક૦
એક પલક મોસેં ન્યારે રહો તો, વિરહ અગનિ તન જારે રે...મોહન-૧
અબ ન દૂર તજો મોય પ્રીતમ, હાથ બિકાનીમેં તુમારે રે...મોહન-૨
તન મન ધનમેં તુમકું દીનો, ઓર સનેહ નિવારી રે...મોહન-૩
મુકતાનંદ કહે મેં તેરી દાસી, તુમ હો નાથ હમારે રે...મોહન-૪

**૩૪૭ લગી મોઇ પ્રિત પદ= ૪ રાગ : પૂરવ પદ-૪/૪**

લગન મેરી તુમસેં લગી ઘનશ્યામ...ટેક૦
મેરે મન આય વસી છબી તેરી, ભઈ મેં તો પૂરનકામ...લગન૦ ૧
તેરે હી ચરણ કમલ ચિત્ત મેરો, પાયો હે અતિ આરામ...લગન૦ ૨
સબ ભઈ મગન પાય પતિ તુમસે, પ્રભુ પૂરન સુખધામ...લગન-૩
મુકતાનંદ કહે તેરે સંગ પ્રીતમ, રહુંગી મૈં આઠો જામ...લગન-૪

સખી ધન્ય ધન્ય વ્રજનો વાસ પદ=૯

૩૪૮ રાગ : ગરબી ધોળ પદ-૯/૨

સખી ગોકુળ ગામનું ભાગ્ય, નવ જાયે કળીયું રે;
વ્હાલે સર્વે લોકથી સરસ, કર્યું નંદ ફળીયું રે...ટેક૦
સખી નિત્ય નિત્ય નંદને દ્વાર ઉત્સવ થાય રે;
ઉઠે આનંદ કેરી છોળ, ગોપીયો ગાય રે...સખી-૧
સખી ધન્ય આ ભૂમિનાં ભાગ્ય, જયાં હરિ નાચે રે;
તેને નિરખી ગોપી ગોવાળ, રંગમાં રાચે રે...સખી-૨
સખી સ્નેહની નજરે નાથ, સહુને ભાળે રે;
ઘણું મગન કર્યા મસ્તાન, કા'નડ કાળે રે...સખી-૩
સખી નિત્ય નિત્ય આનંદ કેળ્ય, કરે અવિનાશી રે;
જેના દર્શન કારણ દેહ, દમે વનવાસી રે...સખી-૪
સખી શારદા નારદ શેષ, વ્રજરજ વંદે રે;
જીહાં મુકતાનંદનો નાથ, રમે આનંદે રે...સખી-૫

૩૪૯ રાગ : સાંરગ પદ - ૧

સજની કોડે આનંદ મારે ઘેર શ્રીજી પધાર્યા;
આવી મારા તનડાના તાપ સમાવ્યા રે...સજની૦ ૧
હરખે શું ઊઠી હું તો સનમુખ ચાલી; તેડી બેસાડયા મેં તો બાયલડી ઝાલી;
અક્ષરના વા'લીડાને થાવાને, વા'લી(૩)...સજની૦ ૨

સનમુખ બેસી હું તો નિરખવા લાગી; લોકડીયાંની મેં તો લજ્જા રે ત્યાગી;
મુખડું નિરખીને મારી ભૂખલડી, ભાંગી(૩)...સજની૦ ૩
હરિને જમાડ્યા મેં તો હાથે સાહેલી; કુળની મર્યાદા મેં તો કોરે લઈ મેલી;
ગોવિંદને જોઇ હું તો થઈ છું રે, ઘેલી(૩)...સજની૦ ૪
પાનની બીડી મેં તો પ્રેમશું આલી; હસીને હોંશીલે વા'લે મુખડામાં ઝાલી;
પ્રીતે ચાવીને મારા મુખડામાં, આલી(૩)...સજની૦ ૫
મનગમતી મોજું વાલે મુજને રે આપી; વચને કરીને વા'લે સ્થિર કરી સ્થાપી;
કોટિ જનમનાં દુઃખડાં નાખ્યાં છે, કાપી(૩)...સજની૦ ૬
વણ તેડ્યા વે'લા મારે મંદિરીયે આવો; મરકલડે મોહન મીઠી વેણું બજાવો;
હેતે કરીને મુજને હસીને, બોલાવો(૩)...સજની૦ ૭
રંગના રંગીલા મુજને રંગ લાગ્યો તારો; કેડે ફરે છે જીવન પ્રાણ અમારો;
મુકતાનંદ કહે છે મારો જનમ, સુધાર્યો(૩)...સજની૦ ૮

## ૩૫૦ રાગ : મંગળ મૂર્તિશ્રી ઘનશ્યામને વંદન

સ્નેહભર્યા નયણે નિહાળતા હો, વંદન આનંદ ઘનશ્યામને;
અમીમય દષ્ટિએ નિહળતા હો, વંદન આનંદ ઘનશ્યામને. ટેક૦
છપૈયાપુરમાં વા'લો આપે પ્રગટ થયા, ધર્મ ભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા;
સંતોને આનંદ ઉપજાવતા હો, વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહભર્યા૦ ૧
બાળચરિત્ર કરી આપે વન વિચર્યા, તીર્થો માંહી ફરી જીવો પાવન કર્યા;
નિલકંઠ નામ ધરાવતા હો, વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહભર્યા૦ ૨
વલકલ વસ્ત્ર ધરી પુલહાશ્રમે રહ્યા, બ્રહ્મરૂપ તેજ કરી મોટા જોગી થયા;
નિજ સ્વરૂપ સમજાવતા હો, વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહભર્યા૦ ૩
લોજપુર ધામ રહી સર્જુદાસ કા'વિયા; સર્વોપરી જ્ઞાન કહી સંતોને રીઝાવિયા;

મુકતાનંદ પ્રેમ થકી પૂજતા હો, વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહભર્યા૦ ૪

**૩૫૧ સાંભર સૈયર અમે પદ=૬ રાગ : રામકલી પદ-૬/૨**

સાંભળ સૈયર કહું સતીયોની રીતિ;
જેને સુણી પ્રભુસંગ, થાય દઢ પ્રીતિ રે...સાં૦૧
આભુષણ વસ્ત્ર કેરી આશ નવ રાખે;
નિશદિન ભાવ ભક્તિ, અદકેરી દાખે રે...સાં૦૨
સતીને પતિ જો લેશ સુખ નવ આપે;
તોય તે પતિને શિર, દોષ ન થાપે રે...સાં૦૩
મનગમતું મેલીને જે સેવે ગિરધારી
મુકતાનંદના વ્હાલાને તે, પ્રાણથકી પ્યારી રે...સાં૦૪

**૩૫૨ પદ-૬/૩**

પતિવ્રતા નારીને પિયુ સંગ પ્રીતિ;
પતિને સેવ્યાની તેતો, જાણે સર્વે રીતિ રે...પતિ૦ ૧
જેમ હરિ કહે તેમ તાન મીલાવે;
વણતેડ્યા વ્હાલો તેને, મંદિર આવે રે...પતિ૦ ૨
અંતરજામી ઉપરને ચટકે ન રીઝે;
શીરને સાટે સેવે તેનું, કારજ સીજે રે...પતિ૦ ૩
જેવા જેને વ્હાલા લાગે રસીયો વિહારી;
મુકાતાનંદ કે' માવને તે,તેવી લાગે પ્યારી રે...પતિ૦ ૪

**૩૫૩ પદ - ૬/૪**

નયણુંથી ન્યારા મારા નાથજી મ રહેજો;

રસીયા રસીલી વાતો, કૃપા કરી કહેજો રે...નય૦ ૧
તમને ન દેખું ત્યારે ચટપટી લાગે;
વદન વિલોકી મારાં, સહુ દુઃખ ભાગે રે...નય૦ ૨
મૂર્તિ તમારી મને પ્રાણથકી પ્યારી;
અંગોઅંગ શોભા જોઈ, મોહી ગિરધારી રે...નય૦ ૩
અમૃત ચખાડ્યું વ્હાલા હવે વિષડુ ન ભાવે;
મુકતાનંદના વ્હાલા તમ વિન, સુખ ન આવે રે...નય૦ ૪

૩૫૪ પદ - ૬/૫

નયણા ઠરે છે મારાં તમને નિહાળી;
રસના રસિલા લાગી, તમસંગ તાળી રે...નયણા૦ ૧
મુખની મધુરતા ને નયણુંની સાને;
વશ કરી લીધી મીઠી, મોરલીને તાને રે...નયણા૦ ૨
સુખનું સદન શોભા ધામ છો મુરારી;
કોટિ કંદર્પ નાખું, તમ પર વારી રે...નયણા૦ ૩
સુળી જેવાં જાણી તજ્યાં સગાને સંસારી;
મુકતાનંદના નાથ તારો,રંગ લાગ્યો ભારી રે...નયણા૦ ૪

૩૫૫ ધોળ પદ=૪ પદ-૪/૧

સુખદાયક રે સ્વામી સહજાનંદ, પ્રગટ પુરૂષોત્તમ શ્રીહરિ...ટેક૦
જેનું સ્વામિનારાયણ નામ છે, જેને ભજને રે પામે ભવજળપાર...પ્ર-૧
જેનાં દર્શન ઈચ્છે મહામુની, કરૂણાનિધિ રે પ્રભુ પરમ ઉદાર...પ્ર-૨
વહાલે કળિ મધ્યે અતિ કરૂણા કરી, ધાર્યો દ્વિજકુલ રે ગુણ નિધિ અવતાર...પ્ર-૩

વહાલે સતજુગ સમ ધર્મ સ્થાપિયો, ટાળ્યા નિજજનના, મનથી મદમાર...પ્ર-૪
એનો જે જને કીધો આશરો, તે તો તરી ગયા રે, કુળ સહિત સંસાર...પ્ર-૫
મુકતાનંદ કહે મહિમા અપાર છે, કરે નિશદિન રે, નેતિ નિગમ પોકાર...પ્ર-૬

૩૫૬ પદ-૪/૨

**પ્રેમે પ્રગટયા રે સુરજ સહજાનંદ, અધર્મ અંધારૂં ટાળિયું...ટેક૦**
માયા રાત મુમુક્ષુની ટળી, થયું હરિ મળતાં, પૂરણ પરભાત...અ-૧
સંશય શોક હર્યા સર્વે જીવના, જેણે માની રે, પ્રેમે વહાલાની વાત...અ-૨
જૂઠા જ્ઞાની ઉલુક જગમાં હતા, તે સંતાણા રે, પાપી પર્વતમાંય...અ-૩
કામ ક્રોધને લોભ જે ચોર તે, ડરી ભાગ્યા રે, રહેવા ઠામ ન કયાંય...અ-૪
દેખી સંત-કમળ વન ફુલિયાં, દુઃખ પામ્યા રે, પાપી કુમુદ અપાર...અ-૫
મુકતાનંદ કહે મહાસુખ આપિયું, એને વારણે રે, જાઉં વારંવાર...અ-૬

૩૫૭ પદ-૪/૩

**કરી કરુણા રે સ્વામી સહજાનંદ, પધાર્યા અખંડ સુખ આપવા...ટેક૦**
જેનાં દર્શનથી દુષ્કિત ટળે, જેને સ્પર્શે રે, પામે પાતક નાશ...પધા-૧
જેનું શરણું ગ્રહે સુખ પામીએ, વેગે નાસે રે, મોહ-માયાના પાશ...પધા-૨
જેનો મહિમા અનંત અપાર છે, શુક શારદ રે, મુનિ નારદ ગાય...પધા-૩
મતિમંદ ન જાણે એ મર્મને, જેમ ઉલુકને રે, રવિ નવ દેખાય...પધા-૪
વહાલો નારદ નિગમનાં વેણને, સત્ય કરવા રે, પોતે લઈ મુનિસાથ...પધા-૫
મુકતાનંદ કહે અધર્મ ઉથાપિયો, ભકિત જ્ઞાન વૈરાગ્ય સ્થાપ્યા ગ્રહી હાથ...પધા-૬

૩૫૮ પદ-૪/૪

**પોતે પરબ્રહ્મ રે સ્વામી સહજાનંદ, નારાયણ પ્રબળ પ્રતાપ છે...ટેક૦**
વા'લો ભરતખંડના નરનારીને, પોતે તપ કરી રે, આપે ફળ સોય...ના-૧
હરિના તપ કેરાં પુણ્ય પ્રતાપથી, થયા શુદ્ધ મન રે, હરિજન સર્વ કોય...ના-૨
સ્વામિનારાયણ મુખે ઉચ્ચરે, તેને જન્મ મરણ, જમનો ભય જાય...ના-૩

સરવે નરકના કુંડ ખાલી થયા, ભૂખ્યા જમગણ રે, કર ઘસી પસ્તાય...ના-૪
પામ્યા અનંત જીવ હરિધામને, તેની ગણના રે, કે'તાં શેષ લજાય...ના-૫
મુકતાનંદ કહે મહિમા અતિ ઘણો, તેને એક મુખે રે, કવિ કેટલોક ગાય...ના-૬

૩૫૯ લે લાગી રે પદ=૪ **રાગ : પરજ** પદ-૪/૪

હરિ વરિયા રે હરિ વરીયા, શિર પાસંગમાં દઈ હરિ વરીયા...ટેક૦
જાુઠી જગતની આશ તજીને, જગનો જીવન વ્હાલા કરીયા...શીર૦ ૧
જેને વરે રે જમત્રાસ ન નાશે, તે સર્વે નર પરહરિયા...શીર૦ ૨
વ્હાલે પહેરાવ્યો મને અખંડ ચુડો, જેને દેખીને જમડા ડરીયા...શીર૦ ૩
મુકતાનંદના નાથને મળતાં, કાળતણે શિર પગ ધરીયા...શીર૦ ૪

૩૬૦ **રાગ : ગરબી પદ=૯** પદ-૯/૧

હરિ હેયાના હાર છો, જીરે તમે હરિ હેયાના હાર છો,
સેજ તણા શણગાર છો...જીરે૦
મુખથી શું ઘણું કહીએ મોહન રે, પ્રાણતણા આધાર છો...જીરે૦ ૧
વાલપણામાં અતિશે વહાલા રે, નટવર નંદકુમાર છો...જીરે૦ ૨
દુરિજનિયાંને દૂર ઘણા છો રે, પ્રેમી તે જનના પ્રાણ છો...જીરે૦ ૩
મુકતાનંદ નર નાટક ધારી રે, શરણાગતના સાર છો...જીરે૦ ૪

૩૬૧ પદ-૯/૨

નયણાં ઠરે છે જોઈને રે, મારાં નયણાં ઠરે છે જોઈને;
રહી છું મોહન સંગ મોહીને રે...મારાં૦
જે દિનમાં દર્શન નવ પામું રે, તે દિન વીતે રોઈને રે...મારાં૦ ૧

લોકડિયાની લાજ ન રાખું રે, કે મારાં વેણ વગોઈને રે...મારાં૦ ૨
શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે, રંગે ન રાચું કોઈને રે...મારાં૦ ૩
મુકતાનંદ મોહનવર પામી રે, કુળ મરજાદા ખોઈને રે...મારાં૦ ૪

**૩૬૨ હો ગીરધારી મુગટ પદ=૬ રાગ : જંગલો પદ-૬/૫**

હો પીયા પાયા તો ફીર કયા સોના, હો પીયા...ટેક૦
પીયા પાયા જબ સાર સબનકો, હાડચામ કયા જોના...હો પીયા૦ ૧
મગન ભયે મનમોહન સંગે, મગન હોય કયા રોના...હો પીયા૦ ૨
બખ્તર પહેરકે રનમેં નીકસે, નરમ ગરમ કયા હોના...હો પીયા૦ ૩
મુકતાનંદ મોહ સબ તજીકે, શ્યામ ચરન મન પ્રોના...હો પીયા૦ ૪

**૩૬૩ રાગ : પરજ પદ=૪ પદ-૪/૧**

અમે કો' વ્રજમાં કેમ રૈયે, મૈયાં રે તારો લાલ અટારો...ટેક૦
રાત દિવસ મારી કેડે પડયો છે, કેટલુંક આવીને કૈયે...મૈયાં૦ ૧
ચોરી કરે મારા ઘરમાં છાની, દાડીનાં દુઃખ કેમ સૈયે...મૈયાં૦ ૨
ખેલ કરે જમુનાજીને આરે, આવી બાઝે મારે મૈયે...મૈયાં૦ ૩
બ્રહ્માનંદ કહે ગોકુળ મેલી, કહો તો મથુરામાં જૈયે...મૈયાં૦ ૪

**૩૬૪ પદ-૪/૨**

મારી આળ કરે શીદ આવી, એને રે તમે વારો જશોદા...ટેક૦
પાણીડું ભરતાં પાલવ ઝાલે, છાની નહિ વાત ચાવી...એને૦ ૧
મારગ જાતાં મહિડું લૂંટે છે, છોરાંને સાથે બોલાવી...એને૦ ૨
તમારી આગે સાચો રે થાવા, વાતું કરે છે બનાવી...એને૦ ૩

બ્રહ્માનંદ કહે એ નંદલાલે, અમને તે હાર મનાવી...અને૦ ૪

૩૯૫ પદ-૪/૩

જોઈ મૂરતિ મનોહર તારી, માવા રે મારાં નેણાં લોભાણાં...ટેક૦
મોળીડા ઉપર નવલ કલંગી, શોભે છે અતિ સારી...માવા૦ ૧
હેત કરીને હૈડાની ઉપર, માળા મોતીડાની ધારી...માવા૦ ૨
અતિ રે શોભે છે છાતી ઉપડતી, ચાલ જગતથી ન્યારી...માવા૦ ૩
બ્રહ્માનંદ કહે એ છબી ઉપર, સરવસ નાખું વારી...માવા૦ ૪

૩૯૬ પદ-૪/૪

તારી લાવણ્યમાં લેવાણી, વા'લા રે મારા નવલ વિહારી...ટેક૦
મૂરતિ મનોહર જોઈને તારી, ભૂલી હું ભરવું પાણી...વા'લા૦ ૧
પૂરણ ચંદ્ર સરીખું મુખડું, ભ્રૂકુટિમાં ભરમાણી...વા'લા૦ ૨
છોગલિયે ચકચૂર થઈ છું, ડોલરિયા વ્રજદાણી...વા'લા૦ ૩
બ્રહ્માનંદ કહે જોઈ તારાં નેણાં, વેણામાં વેંધાણી...વા'લા૦ ૪

૩૯૭ રાગ : ખમાચ પદ=૧

આજની ઘડી રે ધન્ય આજની ઘડી;
મેં નિરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી...ટેક ૦
કામ ક્રોધ ને લોભ વિષય, ન શકે નડી;
માવજી કેરી મૂર્તિ મારા હ્રદયમાં ખડી રે...ધન્ય૦ ૧
જીવની બુદ્ધિ જાણી ન શકે, એ મોટી અડી;
સદ્‌ગુરૂની દષ્ટિ જોતાં, વસ્તુ એ જડી રે...ધન્ય૦ ૨
ચોરાશી ચહુ ખાણમાં હું તો, થાકયો આથડી;

અંતર હરિશું એકતા તારે, દુગ્ધા દૂર પડી રે...ધન્ય૦ ૩
જ્ઞાનકુંચિ ગુરૂ ગમસેં, ગયાં તાળાં ઉઘડી;
લાડુ સહજાનંદ નીરખતાં, મારી ઠરી આંખડી રે...ધન્ય૦ ૪

## ૩૬૮ આજનો દિવસ...

આજનો દિવસ રળીયામણો રે,
આવ્યા આવ્યા વા'લો પ્રાણનો આધાર રે...આજનો૦
વહેલા જઈને વ્હાલાને વધાવીએ, વારણા લઈને વારંવાર રે...આ-૧
મેંતો ભાવ સહિત હરિને ભાળીયા, મારે હૈડે રે બહેની હરખ ન માય રે...આ-૨
મેંતો તોરણ બાંધ્યાં રે બેની ટોડલે, સર્વ માનુની મળી મળી મંગળીયા ગાય રે...આ-૩
મેંતો થાળ ભર્યો રે ગજ મોતીડે, મારા વ્હાલાને વધાવાને કાજ રે...આ-૪
આવી ઉભા રે હેલી મારે આંગણે, રૂપાળો રસિયો વ્રજરાજ રે...આ-૫
મારો જન્મ સુફળ કર્યો વાલમે, મારા હૈડાની પુરી જોને હામ રે...આ-૬
બ્રહ્માનંદના વ્હાલાની ઉપરે, વારી નાંખું મારું ધન અને ધામ રે...આ-૭

## ૩૬૯ રાગ : ગરબી પદ=૧ પદ-૮/૧

આજ મેંતો દીઠા વા'લાને વાટ વે'તાં;
નેણાં રોકયાં નથી રે'તાં રે બેની... ટેક.
પાઘડી બાંધી છે ત્રિલોક થકી ન્યારી;
ધીરજ રે'તી નથી મારી રે બેની...આજ૦ ૧
ચોળ રંગીલો રૂડો મોળીડાંનો છેડો;
ભૂલી ભાળીને જળ બેડો રે બેની...આજ૦ ૨

ટુણાં ભર્યાં છે એના ફુલડાંને તોરે;
મનને તાણે છે જોરે જોરે રે બેની...આજ૦ ૩
બ્રહ્માનંદનો વા'લો કુંજનો વિલાસી;
હૈડે વસી છે એની હાંસી રે બેની...આજ૦ ૪

૩૭૦ પદ-૮/૨

આજ વા'લો ઉભા છે જમુનાને આરે;
મૂર્તિ વસી છે મન મારે રે હેલી...ટેક.
કેશરની આડ રૂડી નલવટ કીધી;
આંખ્યું વેચાતી કરી લીધી રે હેલી...આજ૦ ૧
વાંકડી ભ્રુકુટી મને લાગે અતિ વા'લી;
સર્વે મેલીને જાઉં ચાલી રે હેલી...આજ૦ ૨
લોચન રંગીલાં તીખાં બાણ જેમ લાગ્યાં;
ઊંડા ગરી ગયાં આઘાં રે હેલી...આજ૦ ૩
બ્રહ્માનંદનો વા'લો કુંજનો વિહારી;
છબી પર જાઉં બલિહારી રે હેલી...આજ૦ ૪

૩૭૧ પદ-૮/૩

આજ મુંને સામે મળ્યો છે અલબેલો;
છોગાવાળો રંગ છેલો રે આલી... ટેક.
મોંઘા મૂલી રે પહેરી મોતીડાંની માળા;
ભાલ કપોળ કેસરાળા રે આલી...આજ૦ ૧
ગજરા પે'ર્યા છે ઘેરા રંગના ગુલાબી;
શોભા ત્રિલોક કેરી દાબી રે આલી...આજ૦ ૨
બાજુ કાજુ રે લીધા ફુલડાંના બાંધી;

ભ્રમર ભમે છે તાર સાંધી રે આલી...આજ૦ ૩
બ્રહ્માનંદનો વા'લો રંગડાનો ભરીયો;
લઈને હૈયા માંહી ધરીયો રે આલી...આજ૦ ૪

૩૭૨ પદ-૮/૪

આજ મારે નંદનો નંદન ઘેર આવ્યા;
મોંઘે મોંઘે મોતીડે વધાવ્યા રે સૈયરો... ટેક.
હસીને બોલાવી મુને હેત માંહી હેરી;
રેંટો બાંધેલ સોનેરી રે સૈયરો...આજ૦ ૧
સોનેરી કોરનું નાખેલ ખંભે શેલું;
રસિયે કીધી છે રંગ રેલું રે સૈયરો...આજ૦ ૨
ફુલડાંનાં મેલ્યાં માથે છોગલાં રે ફરતાં;
મુને નથી વિસરતાં રે સૈયરો..આજ૦ ૩
બ્રહ્માનંદના વા'લાથી પ્રીતડી બંધાણી;
મહેણું લીધું છે માથે તાણી રે સૈયરો...આજ૦ ૪

૩૭૩ રાગ : કાફી પદ=૪ પદ-૪/૧

આજ મેં તો ભેટયા રે, અંકભર પ્રગટ હરિ;
આનંદ ઉદીયો રે, નિરખી નજર ઠરી...ટેક૦
ધન્ય સખી દિન આજનો વળી ધન્ય મુહૂરત ધન્ય વાર;
કરૂણાનિધિ મુજ કારણે, મારે મંદિર પધાર્યા મોરાર;
દુર્બલ જાણી રે, મુજ પર મહેર કરી...આજ-૧
સ્વ ઈચ્છા આવ્યા ચાલીને, આગુની ઓળખાણ;

તન મન ધન મોહન છબી ઉપર, કરી નાખું કુરબાણ;
અઢળક ઢળીયા રે, સખી મુને અભર ભરી...આજ-૨
હું સૂતી'તી ભર નિદ્રામાં, જગવી શ્યામ જરૂર;
ભેટંતા અંતરથી ભાગ્યું, મોહ માયાનું પૂર;
અંખિયા ઉઘડી રે, થઈ છે ખબર ખરી...આજ-૩
સુંદર શ્યામ મનોહર સુરત, મૂરતિ બેઉ સમાન;
બ્રહ્માનંદ થઈ છું રસબસ, દેખંતાં ગુલતાન;
શંકા મેટી રે, હું તો વર અમર વરી...આજ-૪

૩૭૪ પદ-૪/૨

મંદિર પધાર્યા રે, મોહન મન ગમતા;
બંસી વાતા રે, રસિયો રંગ રમતા...ટેક૦
આવીને આંગણામાં રે, ઊભા ઓચિંતા અલબેલ,
હું જાગી પ્રીતમ ગલ લાગી, મચી છે રંગની રેલ;
રૂપે રૂડા રે, કોમળ પદ ક્રમતા...મંદિર-૧
નૌતમ ચાલ ખ્યાલ પુનિ નૌતમ, રાજત નૌતમ રીત,
નૌતમ લાલ નિરખતા સજનિ, પૂરણ વાધી પ્રીત;
આંનદ વાધ્યો રે, ગઈ સબ ઉન્નમત્તા...મંદિર-૨
ચમકા કરતી ચાંખડી પગે, છડી જડી નંગ હાથ,
જરકસી પાઘ જરીમય જામો, નિરખ્યા દીનાનાથ;
લોભિત નેણાં રે, શોભિત લાવણ્યતા...મંદિર-૩
અદ્‌ભુત રૂપ અજબ આભૂષણ, નટવર નંદકુમાર,
બ્રહ્માનંદ પ્રગટ પ્રીતમ પર, વારી વારમવાર;
ભૂધર ભેટયા રે, થઈ અંતર સમતા...મંદિર-૪

૩૭૫ પદ-૪/૩

મોટો મહિમા રે, જગમાં હરિજનનો;
મોહ નિવારે રે, દુષ્કર આ મનનો...ટેક૦
અગમ અગાધ સ્વરૂપ અગોચર, વદત નેતિ કરી વેદ,
પ્રગટ પ્રમાણ હરિ પુરુષોત્તમ, સાધુ જાનત ભેદ;
વેરો ભાંગે રે, મનકૃત ભિન્ન ભિન્નનો...મોટો-૧
સાધે પ્રાણ સમાધિ ચડાવે, આસન દૃઢ એકાંત,
મનની ભ્રમણા તબ મિટે, જબ ભેદ બતાવે સંત;
તેને સંગે રે, અધ્યાસ ટળે તનનો...મોટો-૨
અડસઠ તીર્થ કરી ફરી આવે, દેત વિધિવત દાન;
સતસંગ બિન સમજે નહીં, કોઈ સાચી વાત નિદાન;
સંશય ભાંગે રે, અંતર પાપ પુણ્યનો...મોટો-૩
શ્રુતિ સ્મૃતિ સબ હી મિલ ગાવત, સંત સમાગમ સાર;
ભવસાગર તરવાને કારણ, નાવ રચ્યો કીરતાર;
બ્રહ્માનંદ શરણો રે, ન તજીએ સંત જનનો...મોટો-૪

૩૭૬ પદ-૪/૪

હરિજન સંગે રે, શ્રીહરિ તરત મળે;
આનંદ વાધે રે, ભ્રાંતિ સર્વે ટળે...ટેક૦
અષ્ટસિદ્ધિ નવનિધિ આદિ સબ, ચૌદ લોક સુખ સોય,
આરત જનને આ ભવમાંહી, સંત સમો નહીં કોય;
આતુર જાણી રે, હરિજન અઢળ ઢળે...હરિ-૧
કલ્પતરૂ પારસ ચિંતામણી, ઉપમા સબ અલપાન,
વે પ્રાપત વિષયા દુઃખદાયક, વે કરે આપ સમાન;
જેને સંગે રે, અક્ષર માંહ્ય ભળે...હરિ-૨

કાયા કલેશ કરંતાં કે’દિ, નવ ટળે ભવ પાશ,
આ ભવસાગર પાર ઊતારે, હરિ કે હરિ કો દાસ;
સંત સમાગમ રે, જાયે ત્રિય તાપ ટળે...હરિ-૩
માયાનો જન તો જ મટે, જો હરિજન શરણે જાય,
બ્રહ્માનંદ કહે વાર ન લાગે, તરત જીવ શિવ થાય;
મહાપદ પામી રે, પાછો કે’દિ ન વળે...હરિ-૪

૩૭૭ આવ સખી એકાંતે કહું પદ=૪ **રાગ : ગરબી પદ-૪/૪**

આજ સખી અલબેલો મુજને, મારગમાં મળીયા સજની;
મેહર કરી મુજ ઉપર વહાલો, અઢળક ઢળીયા સજની...૧
હેત ઘણે હૈડામાં ભીડી, આલિંગન લીધું સજની;
જે જે મારા મનનું ગમતું, તે સરવે કીધું સજની...૨
અચરજ સરખો આનંદ મારા, ઉરમાં ન માયે સજની;
આમા સામો પ્રેમ મધુર રસ, પીધો ને પાયો સજની...૩
પ્રેમ સહિત નિરખીને વહાલે, લીધી હાથ તાળી સજની;
તેણે મારા મનમાં હું તો, થઈ છું મતવાલી સજની...૪
હું તો વહાલાને કંઠે વળગી, મરજાદા મેલી સજની;
શ્યામળિયાને સંગે થઈ છે, આનંદની એલી સજની...૫
સર્વે મળીને જાતી હતી, સૈયરની ટોળી સજની;
તેમાંથી મુજને કર ઝાલી, રંગડામાં રોળી સજની...૬
વહાલાનાં મુખડાની વાતુ, વર્ણવી નવ જાયે સજની;
જેવું છે તેવું સમજીને, જાણી રહેવાયે સજની...૭
મોહનજીને મળતાં આનંદ, વાધ્યો છે અંગે સજની;

બ્રહ્માનંદ મહા સુખ પામી, શ્યામળિયા સંગે સજની...૮

૩૭૮ રાગ : સોરઠ - પદ=૪ પદ-૪/૧

આવો હરિ મંદિરિયે મારે, આવો૦
કુંવર રંગીલા કાનજી, મોહી છોગલિયે તારે. આવો૦ ૧
આંગણે મારે આવજો, તમે સાંજ સવારે;
સુખ થાય છે શામળા, તમને જોઉં છું જ્યારે. આવો૦ ૨
સાસુ સસરો સહુ મળીને, મુજને નિત વારે;
જીવન તમને જોઈને, એની શંકા તે કુણ ધારે. આવો૦ ૩
તોડી સહુ સંસારથી રે, જોડી તમ હારે;
બ્રહ્માનંદના વાલમા, હવે જાણ્યું જગ સારે. આવો૦ ૪

૩૭૯ પદ-૪/૨

રહેજો મારી આંખલડી આગે, રહેજો૦
નીરખી તમને નાથજી, મારી ભૂખડલી ભાગે. રહેજો૦ ૧
ચમકા કરતી ચાખડી રે, કેસરીયે વાઘે;
શીશ કલંગી શોભતી, વાલા જરકસિયે પાઘે. રહેજો૦ ૨
રસિક સલૂણા રાજને, હું તો રીઝી છું રાગે;
જોઈ જોઈ તમને જાદવા, નીત પ્રીતલડી જાગે. રહેજો૦ ૩
કમર કટારો વાંકડો રે, અતિ પ્યારો લાગે;
અર્ધક્ષણ રહો માં વેગળા, એમ બ્રહ્માનંદ માગે. રહેજો૦ ૪

૩૮૦ પદ-૪/3

વાલાજીના લટકામાં લોભાણી, વાલા૦

લાગે છે વાલી લાલની, રૂડી મુખડાની વાણી. વાલા૦ ૧
સર્વે સૈયરના સાથમાં, ગઈ તટ જમુના પાણી;
સાન કરી મુને શ્યામળે,મારું ચિત્ત લીધું તાણી. વાલા૦ ૨
છેલ છબીલો નંદનો રે, મહીડાનો દાણી;
મીઠી વાઈ મોરલી, સુણી પ્રીતે પ્રોવાણી. વાલા૦ ૩
લટકાળા નંદલાલની, હું તો ઠાવી ઠેરાણી;
બ્રહ્માનંદના વાલમે, મુને પોતાની જાણી.વાલા૦ ૪

૩૮૧ પદ-૪/૪

પધારોને મોહન મરમાળા, પધારો૦
મનમાં ચોંટ્યા મારે રાવળા,વા'લા નેણુંનાં ચાળા. પધા૦ ૧
સેજ બિછાઈ ફુલડે, અતિ દીપક અજુવાળા;
નટવર તારા નામની, ઊભી ફેરુ છું માળા. પધા૦ ૨
જામા પહેરો જરકસી, બાંધો ફેંટા રૂપાળા;
મીઠી વાજો મોરલી, લાવી પરજતણા ઢાળા. પધા૦ ૩
તમ વિના ખૂલતાં નથી, મારાં અંતરનાં તાળા;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર છોગાળા. પધા૦ ૪

૩૮૨ રાગ : ગરબી પદ=૮ પદ- ૮/૧

એકલડાં કેમ રહેવાય, તમ વિના વા'લાજી; મંદિરીયું ખાવા ધાય...તમ૦ ૧
હૈયાંની કોણ પુરે હામ..તમ૦ મારે હાથ ન લાગે કામ...તમ૦ ૨
કોણ માને દિલની વાત..તમ૦ સુખ ના'વે દિ ને રાત...તમ૦ ૩
મારે જુગ તુલ્ય રજની જાય..તમ૦ મહાદુઃખ છે હૈયામાંય...તમ૦ ૪

બ્રહ્માનંદના સ્વામી જાણ..તમ૦ હું કેમ કરી રાખું પ્રાણ...તમ૦ ૫

૩૮૩ પદ-૮/૪

આવોને રમીએ આજ, જગના જીવનજી; રસમાં ચતુર છો રાજ, જગ૦ ૧
સેજલડી બની છે સાર..જગ૦ માણોને નંદકુમાર...જગ૦ ૨
મુજ દાસી ઉપર મે'ર જગ૦ આવી કરોને લીલા લે'ર...જગ૦ ૩
મારૂં તનડું ટાઢું થાય..જગ૦ હૈડામાં હરખ ન માય...જગ૦ ૪
બ્રહ્માનંદ કહે વારમવાર..જગ૦ તમ સાથે લાગ્યો પ્યાર...જગ૦ ૫

**૩૮૪ રાગ : પરજ ખમાચ પદ=૪ પદ-૪/૧**

આંગણિયે ઝાઝું શું ભણિયે, આવો કા'ના મારે આંગણિયે...ટેક૦
ભાવ કરી નટ નાગર ભેટો, હૈડાના તાપ પિયા હણિયે...આવો૦ ૧
હાથકડાં મોતીડાં કેરી માળા, સુંદર છેલ બણી ઠણીયે...આવો૦ ૨
નૌતમ સુંદર પાઘડલીના, પેચ ઝુક્યા આવી પાંપણીયે...આવો૦ ૩
બ્રહ્માનંદ કહે પ્રેમ કરીને, તૃપ્ત કરૂં મહી માંખણીયે...આવો૦ ૪

૩૮૫ પદ-૪/૨

ઓસરીએ મનડાં હરીએ, આવો પ્યારા મારી ઓસરીએ...ટેક૦
મારું મંદિરિયું તે શ્યામ તમારૂં, છેટે છેલા શીદને ફરીએ...આવો૦ ૧
પ્રીતમ નૌતમ પાઘડલીમાં, સુંદર છોગલિયાં ધરીયે...આવો૦ ૨
ફુલડાંના હાર અનુપમ પે'રી, કોડે કોડે લટકાં કરીએ...આવો૦ ૩
બ્રહ્માનંદના નાથ છબી તારી, જોઈ જોઈ અંતરમાં ઠરીએ...આવો૦ ૪

૩૮૬ પદ-૪/૩

ડોલરિયા રંગના ભરિયા, હસીને બોલો હરિ ડોલરિયા...ટેક૦

નટવર સુંદર નાથજી રે, તમને મેં અંતરમાં ધરિયા...હસીને૦ ૧
મિથ્યા જગની મેં લાલચ મેલી, પ્રાણ થકી પ્યારા કરિયા...હસીને૦ ૨
જગજીવન તારા રૂપને જોઈને, સર્વે વિષયરસ વિસરિયા...હસીને૦ ૩
બ્રહ્માનંદના છેલ છબીલા, કા'ન ચતુર વર કેસરિયા...હસીને૦ ૪

૩૮૭ પદ- ૪/૪

વાતડલી રો'ને રાતડલી, વાલા પૂછું એક વાતડલી...ટેક૦
પીતાંબર સાટે મારા પ્રીતમ, સાડી લાવ્યા નવી ભાતડલી...વાલા૦ ૧
મોરલડી લઈને મનમોહન, દીધું વેલણ કોણે દાતડલી...વાલા૦ ૨
જેને ઘેર રજની તમે જાગ્યા, કોણ હતી તેની જાતડલી...વાલા૦ ૩
બ્રહ્માનંદ કહે સંશય થયો નહીં, ધન્ય છે તમારી છાતડલી...વાલા૦ ૪

**૩૮૮ રાગ : કલ્યાણ પદ=૪ પદ- ૪/૧**

કેશર તિલક કરે, આવત હરિ કેશર તિલક કરે-આવત હરિ. ટેક૦
ધરત શ્વેત ઝીને તન અંબર, અમૃત ઝરત નજરે - આ૦ ૧
દોનું ભુજા સખા ગળે નંખિયા, અંખિયા પ્રેમ ભરે - આ૦ ૨
ફૂલન કે ભુજ બંધ મનોહર, ફૂલન કે ગજરે - આ૦ ૩
બ્રહ્માનંદ ઘનશ્યામકી મૂર્તિ, નિરખી નજર ઠરે - આ૦ ૪

**૩૮૯ ચાલો ચાલો સૈયરો પદ=૨ રાગ : ધોળ પદ- ૨/૨**

ગઈ'તી ગઈ'તી ભરવાને નીર;કેસરિયે વાઘે રે નટવર દીઠડાજી..મારા રાજ૦
ઊભા ઊભા જમુનાને તીર; લાજડલી મેલીને મેંતો લીધા મીઠડાજી..મારા રાજ-૧

લાગી લાગી આંખલડીની ચોટ;ડોલરિયો દેખીને ઘાયલ હું થઈજી..મારારાજ-૨
દોડી દોડી કાઢી મેં તો દોટ;દિલડામાં દિવાની સરખી હોય રહીજી..મારારાજ-૩
અલબેલાનાં નેણું કેરાં બાણ;અચાનક લાગ્યાં રે હેલી હું શું કરુંજી..મારારાજ-૪
હરિયાં હરિયાં મનડાં ને પ્રાણ;કાનુડા કેડે રે સૈયર હું ફરુંજી..મારારાજ-૫
રૂડું રૂડું સુંદરવરનું રૂપ;આંખડલી અણિયાળી બળભદ્ર વીરનીજી..મારારાજ-૬
આંગી પે'રી અજબ અનુપ;નીરખી શોભા રે નવલ આહીરનીજી..મારા રાજ-૭
લીધી લીધી બંસી વાલે હાથ; ઊભા ને આલાપે રસિયો રાગમાંજી.. મારા રાજ-૮
શોભે શોભે બ્રહ્માનંદનો નાથ; છોગલીયાં બિરાજે સુંદર પાઘમાંજી..મારા રાજ-૯

**૩૯૦ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

ગઈતી ગઈતી ભરવાને નીર, સૈયરના સંગમાં રે લોલ;
રમતા દીઠા શ્યામ સુજાણ, રંગીલો રંગમાં રે લોલ. ૧
જોયું રસિયાજીનું રૂપ, અલૌકિક આજનું રે લોલ;
જાણે શરદ પુનમનો ચંદ, વદન વ્રજરાજનું રે લોલ. ૨
સનમુખ આવે ગજગતિ ચાલ, કે અંગ મરોડતા રે લોલ;
રસિયો નેણું સાથે નેણ કે, જોરે જોડતા રે લોલ. ૩
નાખી બ્રહ્માનંદને નાથ, અચાનક આંખડી રે લોલ;
મારા ચિત્તમાં લાગી ચોટ કે, ઘાયલ થઈ પડી રે લોલ. ૪

**૩૯૧ પદ-૪/૨**

રૂડી કેસર કેરી આડ, મનોહર ભાલમાં રે લોલ;
ચોર્યાં વ્રજનારીનાં ચિત્ત, લટકતી ચાલમાં રે લોલ. ૧
શોભે નટવરજીને સંગ, મનોહર મંડળી રે લોલ;

કરે છે યમુના તીરે ખેલ, સખા સરવે મળી રે લોલ. ૨
હેલી મારાં લોચન પામ્યાં લોભ કે, નીરખી નાથને રે લોલ;
કીધાં સુખડાંમાં ગુલતાન, ગોપીજન સાથને રે લોલ. ૩
જોતાં આડી નજરે જોર કે, કાંઈક કોડ રાખતાં રે લોલ;
શોભે બ્રહ્માનંદ કે ચોટ, નયનની નાંખતાં રે લોલ. ૪

૩૯૨ પદ-૪/૩

હેલી મારે મંદીરીએ મોરાર, પધાર્યા પ્રીતથી રે લોલ;
રસિયે બોલાવી ગ્રહી બાંહ્ય કે, રસની રીતથી રે લોલ. ૧
સુંદર છોગાં મેલ્યાં શીશ, કલંગી શોભણી રે લોલ;
પહેર્યા ફુલડા કેરા હાર, અલૌકિક છબી બની રે લોલ. ૨
અતિશે આનંદ વાધ્યો અંગ, થઈ રંગ રેલડી રે લોલ;
આવી અલબેલાને સાથ, બંધાણી બેલડી રે લોલ. ૩
સજની આમા સામા આજ, અધર રસ પીધલા રે લોલ;
નીરખી બ્રહ્માનંદનો નાથ કે, ઉર પર લીધલા રે લોલ. ૪

૩૯૩ પદ-૪/૪

હેલી હું તો સંધ્યા ટાણે આજ,ઉભીતી ઘર બારણે રે લોલ;
રસિયો છેલ છબીલો શ્યામ કે, જોવા કારણે રે લોલ. ૧
આવે ગાયો કેડે નાથ, અલૌકિક ગાવતા રે લોલ;
ઘેરી મોરલડીને સાદ કે, ધેન બોલાવતા રે લોલ. ૨
પહેરી વનમાળાં વ્રજરાજ, કુંડળિયાં કાનમાં રે લોલ;
જોઈ મારૂં મનડું પામ્યું મોહ,સલુણાના વાનમાં રે લોલ. ૩
જાણી મુજને આડી મીટ કે, હેતે હેરતા રે લોલ;
ચાલ્યા બ્રહ્માનંદનો નાથ, કમળ કર ફેરતા રે લોલ. ૪

૩૯૪ રાગ : ઠૂમરી આદિ ત્રિતાલ પદ=૪ પદ- ૪/૧

ચાલ સખી ચાલ જોવાને જાઈએ, ખાંતીલો વનમાં ખેલે રે;
લટકાં કરી નંદજીનો રે લાલો, રંગભીનો રંગ રેલે રે. ચાલ.૧
મોરલીને તાને મનોહર વાને, ચિતડાંને લલચાવે રે;
વ્રજનારીનો જીવન વ્હાલો, ગીત મધુરાં ગાવે રે. ચાલ.૨
જોરે જોરે ગળે બાંહડલી રે નાખે, હેત કરી ઝાલે હાથે રે;
ફુલડાંના હાર પહેર્યા છે રે કોટે, મેલ્યાં છે છોગલાં માથે રે. ચાલ. ૩
ગોવાળાને મનડે રે ગમતાં, ચરિત્ર કરે વનમાળી રે;
જલદીથી જાઈયે તો સુખીયાં રે થાયે, ભૂધરજીને ભાળી રે. ચાલ. ૪
ઊઠ મારી હેલી જોઈએ વેહેલી વેહેલી, ધીરજ નથી ખમાતી રે;
બ્રહ્માનંદના સ્વામીને ભેટી, શીતળ કરશું છાતી રે. ચાલ.૫

૩૯૫ કહાનસે નેડો પદ=૪ રાગ : કરાઇડો પદ- ૪/૪

છોગલું તારું, છોગલું તારું, છોગલુ તારું, રંગીલું છોગલું તારું;
લોભાણું મનડું મારું રે, રંગીલું છોગલું તારું...ટેક૦
લાલા નંદજીના લેહેરી, ફેંટો છબીદાર સોનેરી;
જોઈને લઈ શોભા, ત્રિલોકની વારું...રંગી૦ ૧
મોળીડું બાંધ્યું તાણી, છબી નવ જાય વખાણી;
નેણું કેરી રેખ રાતી, જોઈ ઉરમાં ધારું...રંગી૦ ૨
મોતીની માળા ધારી, છબી ત્રૈલોકથી ન્યારી;

ગુણિયલ રૂપ અલૌકિક કામણગારું...રંગી૦ ૩
કેસર તિલક કીધું, જોઈ મારુ કારજ સીધ્યું;
પાતળિયા પ્રાણ થકી, બ્રહ્માનંદને પ્યારું...રંગી૦ ૪

**૩૯૬ નંદના નંદન સાથે પદ=૮ રાગ : ભૈરવ પદ-૮/૪**

જીવું છું રસીલા, તારા મુખડાને જોતી રે;
હૈડાના હાર પ્યારા, નથડીનાં મોતી રે.જીવું.ટેક૦
મુખડું જોઈને તારૂં, મોહ્યું મન મારૂં રે;
પીયર સાસરિયું સર્વે, થયું મુને ખારૂં રે...જીવું૦ ૧
અધર-અમૃત પાને, થઈ હું તો ઘેલી રે;
નિઃશંક થઈ છું લજ્જા, લોક કેરી મેલી રે...જીવું૦ ૨
નટવર નિરખી તુંને, અંતર ઠરે છે રે;
દુરિજન લોક ઘોળ્યાં, દાઝીને મરે છે રે...જીવું૦ ૩
મન-કર્મ વચને હું, થઈ રહી તારી રે;
મુખડાં ઉપર જાયે, બ્રહ્માનંદ વારી રે...જીવું૦ ૪

**૩૯૭ રાગ : ધોળ પદ=૧૩ પદ- ૧૩/૧**

જેઠે જીવન ચાલિયા નિર્મોહી મારા નાથ;
દર્શન વિના દુઃખીયો ઘણો, સરવે વ્રજનો સાથ...જેઠે-૧
અંતર તાપ વિયોગનો, બાહેરથી લૂ’ વાય;
મળ્યા વિના હવે માવજી, જુગ તુલ્ય રજની જાય...જેઠે-૨

ફળિયામાં ઘોડી ફેરતાં, છોગલાં ધરતાં શીશ;
તે દિન કે'દી દેખાડશો, ડોલરીયા જગદીશ...જેઠે-૩
પ્રાણજીવનજી પૂરીએ, હૈડા કેરી હામ;
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રી ઘનશ્યામ...જેઠે-૪

૩૯૮ **રાગ : ગરબી પદ=૮** પદ- ૮/૧

**તમે મીઠું બોલીને મન લીધું રે મીઠડા બોલાજી;**
**કાંઈ કામણ મુજને કીધું રે મીઠડા બોલાજી...ટેક૦**
સુણી મુખની મીઠી વાણી રે, મી૦ કરૂં તન મન ધન કુરબાણી રે. મી૦ ૧
તારૂં રૂપ અલૌકિક જોયું રે મી૦ જોઈ મનડું મારૂં મોહ્યું રે. મી૦ ૨
મેંતો સેજડી બીછાવી તમ સારૂં રે, મી૦ આવો કોઈ નથી કહેનારૂં રે મી૦ ૩
શીદ ડરતા ડરતા ચાલો રે, મી૦ મારા મંદિરીયામાં મા'લો રે. મી૦ ૪
સર્વે વશ કીધી વ્રજનારી રે, મી૦ જાય બ્રહ્માનંદ બલિહારી રે. મી૦ ૫

૩૯૯ પદ-૮/૩

**કોડે કોડે તમે પ્રિતડી કીધી રે, કહાનવર કોડીલા,**
**મારી બુડતા બાંહ્ય ગ્રહી લીધી રે, કહાનવર કોડીલા,**
કોડે કોડે જુઓ મુજ સામું રે, કહા૦ સર્વે પૂરો મારા હૈયાની હામું રે, કહા૦
કોડે કોડે આવીને કાંઈ કે'જો રે, કહા૦ વહાલા દરશન નીત નીત દેજો રે, કહા૦
કોડે કોડે કરો આવી આળું રે, કહા૦ તારા ભુધર લટકાં ભાળું રે, કહા૦
કોડે કોડે પે'રોને હાર કોટે રે, કહા૦ ચિત્ત ચોરો નયનની ચોંટે રે, કહા૦
કોડે કોડે બોલોને કાલું કાલું રે, કહા૦ લાગે બ્રહ્માનંદને વહાલું રે. કહા૦

૪૦૦ ચાલોચાલોસૈયર પદ=૮ રાગ : ગરબી પદ-૮/૭

તારા મુખડાની મોરાર, માયા લાગી રે,
મેં તો લોકડીયાંની લાજ, સરવે ત્યાગી રે...તારા-૧
હવે છેડો નાખ્યો શીશ, થઇ દિવાની રે,
તારી છબી અલૌકિક છેલ, મનડે માની રે...તારા-૨
મેં તો તમથી બાંધી પ્રીત, બીજેથી તોડી રે,
હવે શામળિયા તમ સાથ, બની છે જોડી રે...તારા-૩
વાલા ગાવો છો સુંદર ગીત, અલૌકિક લટકે રે,
તારા છોગલિયામાં છેલ મન મારું અટકે રે...તારા-૪
છબી જોઇને સુંદર શ્યામ, ઠરે છે નેણાં રે,
રૂડા લાગે છે રંગરેલ,વા'લા તારાં વેણાં રે...તારા-૫
અલબેલા પ્રાણ આધાર, પધારોને પ્રીતે રે,
વાલા બ્રહ્માનંદના નાથ, રમો રસ રીતે રે...તારા-૬

૪૦૧ રાગ : કરાઇડો પદ=૪ પદ- ૪/૧

તારું છોગું આવીને મારે ચિત્તમાં રહ્યું...તારું૦
જગના જીવન રૂડું છોગું જોઈને, અંતરમાં અજવાળું થયું. તારું૦ ૧
સુંદર શ્યામ સોહાગી તારું, મુખ નીરખીને દુઃખ દૂર ગયું. તારું૦ ૨
આનંદ સહિત થયું સુખ અંતર, એકે જીભે નવ જાય કહ્યું. તારું૦ ૩
બ્રહ્માનંદ કહે એ છોગા સારું, લોકડીયાનું અમે મે'ણું સહ્યું. તારું૦ ૪

૪૦૨ પદ-૪/૨

કા'ના નેણે તારે કીધાં મુને કામણીયાં...કાના૦

નેણાં તારાં નાગર નંદના, બાણ સરીખાં તીખાં બણીયાં. કાના૦ ૧

જાદવ રંગભર સામું જોઈને, હેત કરીને મનડાં હણીયાં. કાના૦ ૨

ઘાયલ થઈને હું તો ઘેલી ફરું છું, શું જાણું જે મંત્ર શું ભણીયાં. કાના૦ ૩

બ્રહ્માનંદના નાથ રંગીલા, ભાવે હું લેઉં તારાં ભામણિયાં. કાના૦ ૪

૪03 દીનાનાથ દીન સુખદાઇ પદ=૪ **રાગ : કાનડો** પદ-૪/૪

તુમ પ્રભુ અશરન-શરન કહાયે;

જાકો કોઈ નહીં આ જગમેં, તાકે હો તુમ નાથ સહાયે. તુમ૦ ૧

બહુત જતન કરકે બહુનામી, નિજ જનકે તુમ બિઘન મિટાયે;

જૈસે હરિ કુરુરી કે બાલક, મહાભારતમેં લિયેરી બચાયે. તુમ૦ ૨

શરણાગત વત્સલ તુમ સમરથ, બેદ પુરાન કવિજન ગાયે;

દુષ્ટવિનાશન બિરુદ તિહારો, સો તુમ કયું બેઠે બિસરાયે. તુમ૦ ૩

રાખ્યો તુમ પ્રહ્લાદ અગ્નિતેં, ગજ કે કાજ ગરુડ તજી ધાયે;

બ્રહ્માનંદ કહે બેર હમારી, કહો તુમકું કુણને અલસાયે. તુમ૦ ૪

૪0૪ કરલે ખુબ ફકીરી **રાગ : આશાવરી** પદ=૪ પદ-૪/3

**(મોહનને ગમવાને ઇચ્છો માનની...એ ઢાળ છે)**

તું સાચો વેપારી રે, મનુવા, તું સાચો વેપારી;

લે લે લાભ અપારી રે, મનુવા, તું સાચો વેપારી. ટેક૦

વાર વાર ન મિલે યે મોસમ, કર લે વણજ વિચારીરે. મ૦ ૧
ત્રિવિધ કર્મ લેકે તન હટિયાં, સબ આયે નર નારી;
એકુ લાભ લીયા બહુતેરા, એકુ પૂંજી હારી રે. મ૦ ૨
પહેલા તોલ અદલ કર પિંડમે, કુંણ અહંતા ધારી;
યાકુ કાઢ સાફ કર અંતર, ભર લે માલ હજારી રે. મ૦ ૩
ઐસા વણજ ન કીજે મનુવા, જાતે હોવત ખ્વારી;
સાહેબ આગળ અદલ ચૂકત હે, રાખો રંક એક બારી રે. મ૦ ૪
અબકી ખેપ પાર જો ઉતરે, તો હોત નફા અતિ ભારી;
બ્રહ્માનંદ અચળ રહી આવે, સદ્ગુરુ સેં શાહુકારી રે. મ૦ ૫

**૪૦૫ રાગ : ગઝલ**

તેરી શરણ મેં આયકે ફીર આશ કીસકી કીજીએ. તેરી...ટેક૦
નહિ દેખ પડતા હૈ મુજે, દુનિયા મેં તેરી સાનકા;
ગંગા કિનારે બેઠકે, ક્યું કુપ કા જલ પીજીએ...તેરી૦ ૧
હરગીઝ નહિ લાયક હું મૈં, ગરચે તેરે દરબાર કા;
મેરી ખતા કો માફ કર, દીદાર અપના દીજીએ...તેરી૦ ૨
પતિતપાવન નામ સુન કે, મેં શરન તેરી પડા;
સુફલ કર ઈસ નામ કો, અપના મુજે કર લીજીએ...તેરી૦ ૩
મિલતા હૈ બ્રહ્માનંદ જીસકે, નામ લેને સેં સહી;
એસે પ્રભુ કો છોડ કર, ફીર કોન સેં હેત કીજીએ...તેરી૦ ૪

**૪૦૬ રાગ : કાફી પદ= ૪ પદ-૪/૧**

દિલ લાગ્યા હમારા ફકીરી સે...દિલ૦
દુનિયાદાર દુઃખી સબ દેખે, રાંક અરુ રાવ દિલગીરીસે...દિલ-૧
તીન તાપ જગવ્યાપ રહ્યો હે, જરત હી મોહ જંજીરીસે...દિલ-૨
પાયા ધન સો રહન ન પાવે, મર ગયે કર મેરી મેરીસે...દિલ-૩
બ્રહ્માનંદ આનંદ પાયા હે, અદલ બ્રહ્મ અમીરીસે...દિલ-૪

**૪૦૭ રાગ : પરજ પદ-૧ પદ-૪/૧**

પાતળિયે હર્યા પ્રાણ રે, બેની મારા...પાત૦ ટેક.
મુજ સામું વાલે જોઈને માર્યાં, આંખડલીનાં બાણ રે...બેની-૧
લટકાળે રે મુને ચટકી લગાડી, છેલે ચતુર સુજાણ રે...બેની-૨
શામળિયાને જોવા સારૂ, તનડામાં થાયે છે તાણ રે...બેની-૩
બ્રહ્માનંદ કહે અંતર વીંધ્યું, ડોલરિયે દીવાન રે...બેની-૪

**૪૦૮ પદ-૪/૨**

દિલડાના દરિયાવ રે, ગિરિધર...દીલ૦ ટેક.
જગજીવન રૂડી શોભા જોઈને, અંતર થાયે છે ઉછાવ રે...ગિર-૧
રૂપ રહ્યું છે મારે હ્રદિયે તારું, રૂપાળા વ્રજરાવ રે...ગિર-૨
પ્રાણ જાતાં રે પાતળિયા પ્યારા, મેલું નહી કેદી માવ રે...ગિર-૩
બ્રહ્માનંદ કહે શિરને સાટે, ઠીક કીધેલ ઠેરાવ રે...ગિર-૪

**૪૦૯ રાગ : પરજ પદ= ૪ પદ-૪/૧**

પ્રાણસ્નેહી ઘર આવો અબ પિયરા, હીયરા ધીર ધરત નહી મેરા.
દર્શ વિના દીલ દાહ ન બુજત, નહિ સુજત કછુ કાજ અનેરા...પ્રા૦ ૧
રસિક પિયા ઘનશ્યામ મનોહર, રજની દિવસ રહો દગ નેરા...પ્રા૦ ૨
ચાતક નિરંતર ચિત્તમેં તલખત, નામ રટત હરિ તેરા...પ્રા૦ ૩
બ્રહ્માનંદ ઉર નેહ વધારન, ભવજલ તારન હો તુમ બેરા...પ્રા૦ ૪

**૪૧૦ રંગભીના રંગની રેલ પદ= ૪ રાગ : ગરબી પદ-૪/૩**

મનની તે આંટી મેલીયે, મરમાળાજી;
ખાંતે એકાંતે ખેલીયે, મરમાળાજી.
મેં સેજ બીછાઈ સજ કરી, મર૦ આવો તો આરત છે ખરી. મર૦ ૧
શણગાર સજ્યા તમ કારણે, મર૦ વહાલમ આવો જાઉં વારણે. મર૦ ૨
રમીયે તે રંગભર રાતડી, મર૦ વળી રસની કરીએ વાતડી. મર૦ ૩
આલિંગન ચુંબન લીજીએ, મર૦ કરી પ્રેમ અધર-રસ પીજીએ. મર૦ ૪
બ્રહ્માનંદની અરજી સાંભળો, મર૦ આવીને એકાંતે મળો. મર૦ ૫

**૪૧૧ રાગ : ગરબી પદ= ૪ પદ-૪/૧**

મારાં નેણા તણા શણગાર રે, મંદિર પધારો તમે માવજી રે. ટેક૦
હાં રે વહાલા, તમ રે વિના ગમતું નથી રે;

મારા હરિવર હૈડાના હાર રે. મંદિર૦ ૧
હાં રે વહાલા, ચટક રંગીલી પેહેરી ચાખડી રે;
ઓરા આવોને પ્રાણઆધાર રે. મંદિર૦ ૨
હાં રે વહાલા, પ્યારી રંગીલી બાંધી પાઘડી રે;
રૂડા ઝળકે સોનેરી મહીં તાર રે. મંદિર૦ ૩
હાં રે વહાલા, બ્રહ્માનંદ કહે હવે તમ વિના રે;
મુને ઝેર થયો સંસાર રે. મંદિર૦ ૪

**૪૧૨** પ્રિતમ પધારો રે પદ=૪ **રાગ : ગરબી પદ-૪/૩**

મારે ઘેર આવો રે, મોહન મોરલી વાતા. મા૦ ટેક.
ફુલડાંના ગજરા પેહેરીને, ગીત મધુરાં ગાતા. મા૦ ૧
પ્રાણજીવન નટવર પાતળીઆ, રસીયા રંગના રાતા. મા૦ ૨
હેત સહિત મુખ મંદ હસીને, પ્રેમ અમૃત રસપાતા. મા૦ ૩
વ્રેહવંતી વ્રજની નારીને, જોઈ સામું ઝીવાતા. મા૦ ૪
બ્રહ્માનંદના વહાલાજી જોજો, વીચમાં કયાંઈક લોભાતા. મા૦ ૫

**૪૧૩ રાગ : મારૂ પદ=૧૨ પદ-૧૨/૧**

મીટડલી મારી, માવે મુને મીટડલી મારી...ટેક૦
સહેજે હું ઘરમાંથી આંગણીએ, ઉભી હતી બારી રે...માવે મુને૦ ૧
સામું જોતા હું તો સૂધબૂધ ભૂલી, ઘાવ લાગ્યો ભારી રે...માવે મુને૦ ૨
મન વેંધ્યું મારા તન માંહી, પેઠી કાળજ કટારી રે...માવે મુને૦ ૩

બ્રહ્માનંદ કહે શુંય કરી નાખ્યું, ગુણીઅલ ગિરધારી રે...માવે મુને૦ ૪

૪૧૪ રાગ : મેવાડી પદ=૪ પદ-૪/૧

મુખડાની માયા લાગી રે, મોહન તારા, મુખડાની માયા લાગી...ટેક૦
મુખડાંની મીઠી વાણી, તેણે મન લીધું તાણી;
ઝબકીને સૂતી જાગી રે...મોહન૦ ૧
મુખડું મેં જોયું તારૂં, બીજું સર્વે થયું ખારૂં;
હવે હું તો બડભાગી રે...મોહન૦ ૨
મુખડું જોવાને માટે, સહી કીધું શિર સાટે;
મહેણું મેં તો લીધું માગી રે...મોહન૦ ૨
બ્રહ્માનંદ જાયે વારી, આશા એક મુને તારી;
તરછોડી મ થાશો ત્યાગી રે...મોહન૦ ૪

૪૧૫ પદ-૪/૨

વર્યા મેં તો વનમાળી રે, શિરને સાટે, વર્યા મેં તો વનમાળી...ટેક૦
તનડાની આશા ત્યાગી, લગની એ સાથે લાગી;
મોહી હું ભૂધર ભાળી રે...શિર૦ ૧
સંસારનાં સુખ એવાં, ઝાંઝવાનાં પાણી જેવાં;
તુચ્છ જાણી આશા ટાળી રે...શિર૦ ૨
પરણી પ્રીતમ પ્યારો, અખંડ સોહાગ મારો;
રંડાપાની બીક ટાળી રે...શિર૦ ૩
બ્રહ્માનંદ કેરે વહાલે, કર સહાયો નંદલાલે;
થઈ હું તો મતવાલી રે...શિર૦ ૪

**૪૧૬ ઢાળ: સ્વામી પ્રગટ થયા તે સહુ સાંભળો રે પદ-૧**

ધન્ય ધન્ય તે વડતાલધામને રે,મારે વાલે કીધો વિશ્રામઃ
સ્વામી નીરખીને મહાસુખ પામીએ..ટેક
હરિને પાયે પીયા જળ મોજડી,હરિને રેશમિયો રૂમાલ-સ્વામી૦ ૧
હરિને જરકશી જામો શોભતો,હરિને સોનેરી સુરવાળ-સ્વામી૦ ૨
હરિને માથે મેવાળું રે મોળિયું,હરિને ખંભે ખંભાતી ખેસ-સ્વામી૦ ૩
હરિને પોંચી કડાં રે શોભતાં,હરિને દશે આંગલીએ વેઢ-સ્વામી૦ ૪
હરિને કેડે કટારો રે વાંકડો,હરિને ખંભે ઢલકતી ઢાલ-સ્વામી૦ ૫
હરિને બાંયે બાજુબંધ બેરખા,હરિને કંઠે એકાવન હાર-સ્વામી૦ ૬
બ્રહ્માનંદના સ્વામીને વિનવું, વાલા ઉતારો ભવજળ પાર-સ્વામી૦ ૭

**૪૧૭ રાગ : પરજ પદ= ૪ પદ-૪/૧**

મોરલીવાળા રે, મીઠી મોરલી બજાવ;
મોરલી બજાવ ઢાળ, પરજ કેરા લાવ...મો૦ ટેક.
મોરલી સુણવા હું આવી, મેલી ઘરડાં કેરું કામ;
વાલમ રાજી થઈ વજાડો, છોગાળા ઘનશ્યામ...મોરલી૦ ૧
સુણ્યા વિના ચિત્તડામાં, નહીં આવે નિરાંત;
તે માટે હું સૌથી છાની, આવી છું એકાંત...મોરલી૦ ૨
મોરલી સુણીને મેલ્યો મેં તો, સૈયરું કેરો સાથ;
પ્રેમ સુધારસ પાવોને વહાલા, બ્રહ્માનંદના નાથ...મોરલી૦ ૩

**૪૧૮ પદ-૪/૨**

તારી મૂરતિ રે, છે જો નેણુંનો શણગાર;

નેણુંનો શણગાર, મારા હૈડા કેરો હાર. તા૦ ટેક.
મોહન તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું, ગજરામાં ગુલતાન. તારી૦ ૧
માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારું રૂપ નિહાળી, વ્રજનારીને ધીર. તારી૦ ૨
બાંય જડાઉં બાંધેલ બાજુ, કાજુ નંદકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર. તારી૦ ૩

૪૧૯ પદ-૪/૩

નાગર નંદના રે, મારે તમથી લાગી પ્રીત;
તમથી લાગી પ્રીત, મારું ચોરી લીધું ચિત્ત. નાગર૦ ટેક.
ફુલનો તોરો સુંદર ફાવ્યો, પાઘનો આવ્યો તાલ;
પાતળિયા અતિ લાગે છે પ્યારાં, લટકાં તારાં લાલ. નાગર૦ ૧
મોતીડાંના હારની શોભા, વર્ણવી નવ જાય;
ખાંતીલા તારી આવીને ખૂંતી, મૂરતિ અંતરમાંય. નાગર૦ ૨
અધર ઉપર જાણે કુંકુમ ઢળીયું, દાડમ કળિયું દાંત;
બ્રહ્માનંદના વાલમા તમથી,ખેલ કર્યાની ખાંત. નાગર૦ ૩

૪૨૦ પદ-૪/૪

સુંદર શ્યામળા રે, આવો છોગાંવાળા છેલ;
છોગાંવાળા છેલ, વા'લા આવીશ તારે ગેલ. સુંદર૦ ટેક.
છેલ છબીલા રંગના રેલા, કેસર ભીના કાન;
સંભળાવો મને શ્યામ સલૂણા, મોરલડીની તાન. સુંદર૦ ૧
મોહન તારી મૂરતિ મારા, નેણાંમાં રાખીશ;
ભૂધર તારી ચાલ ત્રિભંગી, લાલ કલંગી શીશ. સુંદર૦ ૨

તમ વિના રે મારે ઘડી ન ચાલે, પડી પટોળે ભાત;
બ્રહ્માનંદના વાલમા આવી, રહો મારે ઘેર રાત. સુંદર૦ ૩

**૪૨૧** લાલન અસા વટ પદ= ૪ **રાગ : કરાઇડો પદ-૪/ ૩**

મોહન મો’લ પધારો, રંગભીના રે; મો’લ પધારો રે;
મો’લ પધારો મારો જનમ સુધારો...રંગ૦ ટેક
ગજગતિ ચાલે, ગુલતાન થઈ છું હું તો;
ચિત્તને ચોરે છે, રાવરો કમર કટારો...રંગ૦ ૧
આડી આડી મીટે જોતાં, મનડાંને મો’તા વારી;
નિપટ લાગે છે, વા’લો નેણુંનો નજારો...રંગ૦ ૨
નવલ કલંગી નીકી, રસિક રસીલી લાગે રે;
મોળીડું શોભે છે, જાણે ફુલડાંનો ભારો...રંગ૦ ૩
બ્રહ્માનંદના રે વા’લા, છેલ છબીલા વારી;
આવી મારા તનડા કેરા તાપ નિવારો...રંગ૦ ૪

**૪૨૨** **પદ-૪/૪**

મોહન મનડું હરો છો, મરમાળા રે; મોહન મનડું હરો છો;
મનડું હરો છો છેલા, રંગમાં ફરો છો...મર૦ ટેક
મોરલી વજાડતા ઘેરી, લાલ તો રંગીલા લેરી;
રસના રંગીલા મારા, ઉરમાં ગરો છો...મર૦ ૧
જરકસી પેરી રે જામા, આવો છો સામા વારી;
ભાવ સહિત પ્રેમે, પગલાં ભરો છો...મર૦ ૨
પાઘડલી પેચાળી બાંધી, રો’ છો દગ સાંધી વાલા;

રંગના રંગીલા છોગાં, શીશ ધરો છો...મર૦ ૩
બ્રહ્માનંદના રે વા'લા, છેલ ગુમાની રે લાલા;
લોચન અમારાં, તમે સુફળ કરો છો...મર૦ ૪

૪૨૩ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧

રહ્યું છે મારા હૃદિયામાં રૂપ તમારું...ટેક૦
રૂપ તમારું એક હૃદિયામાં રાખ્યું,
મેં તો બીજું સર્વે કાઢયું છે બારું;
જગના જીવન વાલા તમને રે જોઈને,
વારી મનડું લોભાણું છે જો મારું...રહ્યું૦ ૧
તમ રે વિના શ્યામળિયા રે સ્નેહી,
વા'લા બીજું નથી લાગતું સારું;
દુરિજન લોક ઘોળ્યાં દાઝી મરે,
તેની ધડક હૈયામાં શીદ ધારું...રહ્યું૦ ૨
માથું જાતાં મન માન્યા રે માવા,
કેદી હેત માંઈથી નવ હારું;
બ્રહ્માનંદના વા'લા પ્રાણ સંગાથી,
ઘડી તમને તે કેમ વિસારું...રહ્યું૦ ૩

૪૨૪ પદ-૪/૨

હૈડામાં મુને વાલા લાગો છો વનમાળી...ટેક૦
વહાલા લાગો છો લટકાળા રે લાલા,
મારા નયણા ઠરે છે ભાળી ભાળી;

આઠો પહોર આવી વસી અંતરમાં,
મૂરતિ તમારી મરમાળી...હૈ૦ ૧
બાંધ્યાં છે બાજુ કાજુ ફુલડાની માળા,
ગળે લાગે છે અતિ રૂપાળી;
મનડાં હરો છો તમે મોરલી વજાડતાં,
વળી ગાતા નાખો છો રંગ ઢાળી...હૈ૦ ૨
શું રે કરે સંસારી રે ઘોળ્યા,
મેં તો લોક લજ્જા સર્વે ટાળી;
બ્રહ્માનંદના વાલા તમ સંગ રમતા,
મારે દહાડી દહાડી તે દીવાળી...હૈ૦ ૩

**૪૨૫ રાગ : કાફી પદ= ૪ પદ-૪/૧**

રાજ મારે મંદિરીયે તમે રહો રહો...ટેક૦
મોહન મારે મંદિરીયે તમે રહો રહો;
દરસ પરસ કેરે દાને કરીને, દુરમતિ દુબધા દહો દહો...રાજ-૧
કાનકુંવર અતિ હેતે કરીને, ગુણિયલ બાંયલડી ગ્રહો ગ્રહો...રાજ-૨
જગના જીવન અમને પોતાના જાણીને, કહેવું હોય તે કહો કહો...રાજ- ૩
બ્રહ્માનંદના નાથ રંગીલા, અવગુણ અમારા સહો સહો...રાજ-૪

**૪૨૬ પદ-૪/૨**

વ્હાલા મારે મંદિરીયે વસો વસો...ટેક૦
નવલ પાઘ શીર અજબ કલંગી, ફેંટો કમર કસો કસો...વ્હાલા-૧
બાંહ્ય ગ્રહી મુજને બોલાવીને, હેત સહિત હસો હસો...વ્હાલા-૨

પ્રાણજીવન રંગરેલ પધારો, અવસર નહિ મળે અસો અસો...વ્હાલા-૩
બ્રહ્માનંદના નાથ હઠીલા, જોરે હું તો રાખીશ કયાં જશો જશો...વ્હાલા-૪

૪૨૭ પદ-૪/૩

માવા તારી મૂર્તિમાં મોહી મોહી રે, પ્યારા...માવા૦ ટેક.
તમ વિના નાથ ત્રિલોકમાંહી, વાલુ બીજું નથી કોઈ કોઈ રે. માવા. ૧
કમર કટારો લાગત પ્યારો, જીવું છું છોગલીયું જોઈ જોઈ રે. માવા. ૨
મન મોહન તારી નવલ છબીમાં, રહી છું ચિત્તડું પ્રોઈ પ્રોઈ રે. માવા. ૩
બ્રહ્માનંદ કહે તમ સારૂ, કુળ મરજાદા ખોઈ ખોઈ રે. માવા. ૪

૪૨૮ રાગ : પરજ પદ=૪ પદ-૪/૧

લગાડી તે પ્રીતિ લાલ રે, (૨) પ્રીતડલી તો લગાડી...ટેક૦
પ્રીતમ માર્યાં પ્રેમનાં, તમે તીખાં રે તીખાં બાણ;
જોતાં તમને જાદવા રે, થિયા પરવશ મારા પ્રાણ રે...પ્રીતડ-૧
વા'લી ભ્રુકુટી વાંકડી, વા'લાં લાગે છે સુંદર વેણ;
નટવર તમને નીરખવા, મારાં નાખે છે ઝડપું નેણ રે...પ્રીતડ-૨
હાર હજારી પે'રીયો, નેણુંનો નજારો જોર;
બ્રહ્માનંદ કે' હૈડે વસ્યા, કોડીલો નંદકિશોર રે...પ્રીતડ-૩

૪૨૯ પદ-૪/૪

મરમાળી છે આંખ્યું માવ રે, આંખડલી મરમાળી...ટેક૦
આંખડલી અણિયાળીયું, વારી જાણું રે તીખાં બાણ;
ચિત્તડામાં ચોટી ગઈ, મને કરી લીધી વેચાણ રે...આંખડ-૧
નેણ તમારાં નાથજી છે છેલા રે રાતાં ચોળ;

અંતરમાં ઊંડા ગર્યા, થયું હૈડું હાલકલોળ રે...આંખડ-૨
અતિશે દીઠાં આકરાં, આડી દીધી રે ધીરજ ઢાલ;
બ્રહ્માનંદ કહે મારકાં, લોચનીયાં તારાં લાલ રે...આંખડ-૩

**પ્રાણનાથ ઘનશ્યામ પીયા પદ=૪**

**૪30 રાગ : ટોડી પદ-૪/3**

લાગી લગન ઘનશ્યામ ચરનકી, ટરત નહીં અંતરસે આલી, લા૦ ટેક.
સુંદર વદન મનોહર થોભિત, લલિત અલૌકિક નેનકી લાલી. લા૦ ૧
રૂપ મિલ્યો ઘનશ્યામ છબી મેહી; ચૌદ ભુવન અબ હો ગયે ખાલી. લા૦ ૨
શોભા ધામ દેખી સુખસાગર, નિશંક ભઈ મેં તો નિપટ નિહાળી. લા૦ ૩
બ્રહ્માનંદ વસો અખિયનમેં, મનમોહન છેલો વનમાળી. લા૦ ૪

**૪૩૧ મારે સગપણ નટવરજી પદ= ૫ રાગ : ગરબી પદ-૫/૨**

વહાલા આવોને કરીએ વાતલડી, તમને જોઈને ઠરે છે મારી છાતલડી રે. વા૦ ૧
અણીઆળી રે તારી આંખલડી, જાણે લાલ કમલ કેરી પાંખડલી રે. વા૦ ૨
રૂડાં લાગે છે કાનોમાં મોતી, તારી નાસા દીપતણી જ્યોતિ રે. વા૦ ૩
મુખ જોઈને દુઃખ મારું ટળીયું, તારા દાંત દાડમ કેરી કળીયું રે. વા૦ ૪
બ્રહ્માનંદ કહે રીઝી છું જોઈને, હવે દેખું નહિ જો બીજા કોઈને રે. વા૦ ૫

**૪૩૨ રાગ : કાફી પદ=૪ પદ-૪/૧**

વા'લીડા કુંજવિહારી, વદનકમળ પર વારી રે. વા'લી૦

અજબ અલૌકિક મસ્તક ઉપર, સુંદર પાઘ સમારી રે. વા’લી૦ ૧
ફુલતણાં છોગલિયાં ફરતાં, ધાર્યા ગિરિવરધારી રે. વા’લી૦ ૨
અંતરમાંહી વસી છે આવી, મૂરતિ મનોહર તારી રે. વા’લી૦ ૩
બ્રહ્માનંદ કહે વ્રજજીવન, મોહન છો નિધિ મારી રે. વા’લી૦ ૪

૪૩૩ પદ-૪/૪

શ્યાને હવે રાખું છાની, મૂરતિ તમારી મન માની રે. શ્યાને૦
દુરિજનિયાં પાડોશી દેખીને, છોને બળીને થાતાં વાની રે. શ્યાને૦ ૧
નટવર તમથી નેહ કરીને, પાછી ન ધરું પગપાની રે. શ્યાને૦ ૨
રસિક સલુણા પિયા તમ સંગ રમવું, નથી વાતડલી એ નાની રે. શ્યાને૦ ૩
બ્રહ્માનંદના નાથ તમારો, મહિમા જાણે છે મોટા જ્ઞાની રે. શ્યાને૦ ૪

૪૩૪ રાગ : પરજ પદ=૪ પદ-૪/૧

વાલે વજાડી છે વાંસળી રે, માવે વજાડી છે મોરલી રે, કાલિંદ્રીને તીર,
નાગ પિયાલે ડોલિયો રે, એવો શબ્દ ગંભીર; હો બે’ની...વાલે૦ ૧
ધેનું તૃણ ભૂલી ગઈ રે, વાછરું ભૂલ્યાં ખીર;
જોને સખી જમુના તણાં રે, વે’તાં થંભ્યાં નીર, હો બે’ની...વાલે૦ ૨
ઘેલી થઈ સરવે ગોપિકા રે, ભૂલી ગઈ રે શરીર;
કામ રહ્યાં સરવે હાથમાં રે, ઓઢણ ભૂલી ચીર; હો બે’ની...વાલે૦૩
વેણ અલૌકિક વિઠ્ઠલે રે, વાઈ બળભદ્ર વીર;
બ્રહ્માનંદ સૂર સાંભળી રે, અંતર ન રહી ધીર; હો બે’ની... વાલે૦ ૪

૪૩૫ રાગ : ગરબી પદ=૪ પદ- ૪/૧

વા'લો વધાવું, મારો વા'લો વધાવું; આજની ઘડી રળિયામણી રે, ટેક૦
પ્રાણજીવન મારે મંદિર પધાર્યા, હાર પેરાવું હીરામણિ રે...મારો૦ ૧
કાનકુંવર અળવીલાને કારણે, જતને રાખ્યાં છે દહીં જામણી રે...મારો૦ ૨
ચોખા રાંધીને કાજુ આપીશ સવારમાં, સાકરને દૂધની શીરામણી રે...મારો૦ ૩
બ્રહ્માનંદના રંગભીના વા'લાની કરું, પ્રીતે સહિત પધરામણી રે...મારો૦ ૪

૪૩૬ પદ-૪/૨

કાન રંગીલો, છેલો કાન રંગીલો, આજ મારે ઘેર આવિયા રે...ટેક૦
ટોડલે ટોડલે તોરણ બંધાવિયાં, ફુલડે ચોક પુરાવિયા રે...છેલો૦ ૧
ગજમોતીડાંનો થાળ ભરીને મેં તો, સરવે પહેલા જઈને વધાવિયા રે...છેલો૦ ૨
અગરચંદન કેરી ગાર કરી બે'ની, પ્રીત કરી ઓરડા લિપાવિયા રે...છેલો૦ ૩
બ્રહ્માનંદનો વા'લો છેલ ચતુરવર, મંદિરમાં પધરાવિયા રે...છેલો૦ ૪

૪૩૭ પદ-૪/૩

વા'લો પધાર્યા તે વા'લો પધાર્યા, જેની નિત્ય વાટડી હેરતાં રે...ટેક૦
કાન કુંવરના સમાચાર કારણે, વટેમાર્ગુને જઈ ઘેરતાં રે...તે વા'લો૦ ૧
દર્શન કારણે દિલગીર થઈ અંતરે, જેને કાજે આંસુડાં ખેરતાં રે...તે વા'લો૦ ૨
કાગ ઉડાડતાને જોશ જોવરાવતાં, માળા જેનાં નામની ફેરતાં રે...તે વા'લો૦ ૩
બ્રહ્માનંદના વા'લાની વધામણી, સુણી ફુલ શેરીએ વેરતાં રે...તે વા'લો૦ ૪

૪૩૮ પદ-૪/૪

શ્યામ સલૂણો, આવ્યા શ્યામ સલૂણો, ધન્ય ઘડી છે આજની રે...ટેક૦
વા'લો પધાર્યા એવી સાંભળી વધામણી, સુરત ભૂલી ઘરકાજની રે...આ૦ ૧

સામૈયું લઈને ચાલી વા'લાને વધાવવા, શંકા ન રાખી લોકલાજની રે...આ૦ ૨
વાજાં નગારાં ઢોલ શરણાઇ વજાડી, કરો ધૂન તાલ પખાજની રે...આ૦ ૩
બ્રહ્માનંદ કહે આવી વસી મારે અંતરે, સુરત રસિક વ્રજરાજની રે...આ૦ ૪

**૪૩૯ રાગ : મેવાડો પદ=૪ પદ-૪/૧**

શેરી ભલી પણ સાંકડી રે, નગર ભલું પણ દૂર રે, કેસરિયા;
એકવાર ગઢડે પધારજો રે-ટેક૦
શેરીએ આવતાં શોભતા રે, ઘોડલીએ અસવાર રે...કેસરિયા-૧
માણેક ચોકમાં મલપતા રે, ઊડે છે અબીલ ગુલાલ રે...કેસરિયા-૨
ઓસરીએ ઢોલિયો ઢળાવતા રે, બેસતાં બહુ વાર રે...કેસરિયા-૩
ગોપીનાથનાં મંદિરિયાં રે, તમ વિના સૂના દેખાય રે...કેસરિયા-૪
સહજાનંદજી સુજાણ છો રે, બ્રહ્માનંદના રાય રે...કેસરિયા-૫

**૪૪૦ પદ-૪/૨**

સૂનું મૂકયું તમે ગઢડું રે, કયાં ગયા ધર્મકુમાર રે, શામળિયા;
સુણો કહું એક વિનતિ રે...ટેક૦
ઉન્મત્ત ગંગાનાં નીરમાં રે, લીલા કરતા અપાર રે...શામળિયા-૧
તમ વિના પુરનાં જનને રે, અન્ન વિષ તુલ્ય થાય રે...શામળિયા-૨
અક્ષર ઓરડીમાં બેસતાં રે, તમ વિના સૂની દેખાય રે...શામળિયા-૩
રાજ માર્ગમાં ચાલતા રે, સર્વે મુનિ ચારે પાસ રે...શામલિયા-૪
બ્રહ્માનંદના નાથજી રે, આવો વહેલા અવિનાશ રે...શામળિયા-૫

**૪૪૧ પદ-૪/૩**

સહજાનંદજી સુખરૂપ છો રે, શોભાતણાં શણગાર રે, મોહનવર;

દયા કરી દર્શન આપજો રે...ટેક૦
પૂર્વે કહ્યું તું ઉદ્ધવને રે, લઈશ બીજો અવતાર રે...મોહનવર-૧
પુરૂષોત્તમ તમે પ્રગટી રે, કર્યાં સહુનાં કાજ રે...મોહનવર-૨
સુખસાગર ઘનશ્યામજી રે, ભકતોના સુખ જહાજ રે...મોહનવર-૩
શ્રીજી તમે ભકિત ધર્મથી રે, ભૂપર ધર્યો અવતાર રે...મોહનવર-૪
બ્રહ્માનંદ કહે મારે તમ થકી રે, અંતરે સુખ અપાર રે...મોહનવર-૫

**૪૪૨** **પદ-૪/૪**

સ્વામિનારાયણ સત્ય છો રે, પ્રગટ થયા પરબ્રહ્મ રે, પુરૂષોત્તમ;
અક્ષરપતિ અલબેલડા રે...ટેક૦
કૌશલ દેશથી આવિયા રે, આંહી રહ્યા પૂરણકામ રે...પુરૂષોત્તમ-૧
સહજાનંદજી હું તમ વિના રે, ઘેલી ફરું જગમાંય રે...પુરૂષોત્તમ-૨
મુજને સંભાળજો શામળા રે, રહેજો મારા ઉરમાંય રે...પુરૂષોત્તમ-૩
તમ વિના મારા નાથજી રે, કોઈનો નહિ મારે ભાર રે...પુરૂષોત્તમ-૪
બ્રહ્માનંદના શામળા રે, મેલોમાં ઘડી દૂર રે...પુરૂષોત્તમ-૫

**૪૪૩** **રાગ : કલ્યાણ પદ=૪** **પદ-૪/૧**

સલૂણી છબી સુંદર સહજાનંદ, સલૂણી છબી સુંદર સહજાનંદ...ટેક૦
જન અંતરકી જાનત સબે વિધ, કરુણાનિધિ સુખકંદ...સલૂણી૦ ૧
ભાલ વિશાલ ચાલ પગ ઠવની, માનુ હું મત ગયંદ...સલૂણી૦ ૨
જાકે ધ્યાન અજ્ઞાન વિનાસત, ત્રાસત હે ભવ ફંદ...સલૂણી૦ ૩
એ છબી આય વસો ઉર અંતર, નિશ દિન બ્રહ્માનંદ...સલૂણી૦ ૪

૪૪૪ મોરલી માધુરી વાઇ રે પદ=૪ **રાગ : મેવાડી પદ-૪/૩**

સહજાનંદ સુખકારી, સહજાનંદ સુખકારી રે;
સલૂણી છબી સહજાનંદ સુખકારી રે...ટેક૦
વેદાંતી અરૂપી કે' છે ન્યાય અનુમાને લે છે;
તે વહાલો સંતોમાં રે' છે રે. સલૂણી૦ ૧
નિગમ કહે અનુમાને, મુનિવરને નાવે ધ્યાને;
વહાલો તે આ ભીને વાને રે. સલૂણી૦ ૨
સર્વ કરતા સર્વાધારો, સર્વ માંહિ સર્વથી ન્યારો;
પ્રગટ રૂપ તે આ પ્યારો રે. સલૂણી૦ ૩
જગજીવન અંતરજામી, નામ સર્વનો છે નામી;
તે આ બ્રહ્માનંદનો સ્વામી રે. સલૂણી૦ ૪

**૪૪૫ રાગ : સોરઠ પદ=૪ પદ -૪/ ૧**

સુણ સાહેલી (૨) સહજાનંદ સંગાથે મારે પ્રીતડી;
તે તો નવ છૂટે, અંતર માંહે અલૌકિક એવી ટેવ પડી...ટેક૦
હું ડરપું નહિ હવે કોઈ ભાગી, મેં તો લોક લાજ સર્વે ત્યાગી;
મારી લગની એ સાથે લાગી...સુણ૦ ૧
મુને ઘર ધંધો દીઠો ન ગમે, મારું મનડું તો તે પાસ ભમે;
વહાલો હૃદિયામાં દિન રાત રમે...સુણ૦ ૨
મેં તો સમજી કીધું અચળ સહી, બહુ કૂટી થાકયાં લોક કહી;

હવે તો શિર સાટાની વાત થઈ...સુણ૦ ૩

સહુ વિસાર્યું તન ધન કુટુંબ સગું, એથી અધક્ષણ મન ન રહે અળગું;

બ્રહ્માનંદ કહે મારું મન વળગ્યું...સુણ૦ ૪

૪૪૬ પદ-૪/૨

ઉરમાંહી વસી(૨) સહજાનંદ સલુણી મૂર્તિ માધુરી;

થઈ નિઃશંક નિહાલ, લાલ છબી નીરખતાં મારી નજર ઠરી...ટેક૦

પગે ચમકા કરતી ચાખડી, છબી નટવર સુંદર હાથ છડી;

કરે ખ્યાલ અલૌકિક ઘડી ઘડી...ઉર૦ ૧

વ્હાલો જરકસના જામા પહેરી, ચાલે ચાલ ચમકતી ગજ કેરી;

તેણે લીધું મન મારું હેરી...ઉર૦ ૨

જે કોઈ એ સાથે પ્રીત કરે, તેના અંતરમાં જગ જાળ ન રહે;

તે ફેરા ભવમાં કેદી ન ફરે...ઉર૦ ૩

આવે અંગ આભૂષણ ઉલસિયો, કટિ જરકસનો કસણો કસિયો;

વ્હાલો બ્રહ્માનંદને મન વસીયો...ઉર૦ ૪

૪૪૭ પદ-૪/૩

મારા હૃદિયામાંય (૨) રાત દિવસ એક રટના સહજાનંદની;

દગ આય વસી, (૨) સુંદર શ્યામ સ્વરૂપ છબી જગવંદની...ટેક૦

દિલ છૂટી આંટી ડગમગની, મેલી મરજાદા સર્વે જગની;

મારી લાગી એ સાથે લગની...મારા૦ ૧

જે એ સાથે લગની લાવે, તેની જન્મ મરણ સંસૃતિ જાવે;

ભાગ્ય બડાં હોય તેને ભાવે...મારા૦ ૨

મેં તો ઓથ ગ્રહી અવિચળ એની, મુંને આશ નહિ બીજા કેની;

એ વિના બીજું કાંઈ છેની...મારા૦ ૩

એ વસ્તુ વેચાયે નહિ કોઈ હાટે,મિલે નહિ દીધા દ્રવ્ય માટે;
બ્રહ્માનંદ કહે એ તો શિર સાટે...મારા૦ ૪

૪૪૮ પદ-૪/૪

ધન્ય સંત સુજાન(૨) સહજાનંદ ભજનમાં મન લેલીન હે;
કરી અચળ વિવેક, એક ટેક ઉર ધારી રહે સો પરવીન હે...ટેક૦
જેણે તન ઉપાધિ સર્વે ત્યાગી; ઉર ભરમ કરમ ગ્રંથી ભાંગી;
રહે અખંડ ભજનમાં અનુરાગી...ધન્ય૦ ૧
નહીં કામ ક્રોધ મદ લોભ કદા, રહે રામ નિરંતર માંહી હૃદા;
તે સમદર્શી બ્રહ્મરૂપ સદા...ધન્ય૦ ૨
ધુન અખંડ ન ભૂલત એક ઘડી, ઉર માંહી અલૌકિક ટેવ પડી;
જેની સુરતી અહોનીશ ગગન ચડી...ધન્ય૦ ૩
નિત્ય બ્રહ્માનંદ ઉર સુખ વાસી, જેને અષ્ટસિદ્ધિ નવનિધિ દાસી;
એવા પ્રગટ પ્રભુના ઉપાસી...ધન્ય૦ ૪

૪૪૯ **રાગ : ગરબી** પદ=૧

સુણો ચતુર સુજાણ, (૨) એમ ન ઘટે રે તમને દીનાનાથજી
મારા પ્રાણનાં આધાર, જેમ રાખો તેમ રહીએ વચનને સાથજી...ટેક૦
અમે તમ કારણ સહ્યાં મેણાં, નાથ નીરખવાને સુણવાં વેણાં;
અમે તૃપ્ત નવ કીધાં નેણાં...સુણો૦ ૧
અમે લોકલાજ કુળની લોપી, અમે કહેવાયા ગિરધરની ગોપી;
અમે તમ કારણ પહેરી ટોપી...સુણો૦ ૨
પહેલી પ્રીત કરી શીદને આગે, દૂધ દેખાડીને માર્યા ડાંગે;

પછી તેને તે કેવું વસમું લાગે...સુણો૦ ૩
કાંઈ દયા આવે તો દર્શન દેજો, નહિ તો અખંડ અંતરમાં રહેજો;
એમ શ્રીરંગના સ્વામીને કહેજો...સુણો૦ ૪

**૪૫૦ રાગ : ભૈરવ પદ=૪ પદ - ૪/૧**

સુંદર વર શણગાર કરીને, સિંહાસન પર શોભે રે;
જદુવર કેરું રૂપ જોઈને, મુનિવરનાં મન લોભે રે...સુંદર૦ ૧
છોગલિયાં ફૂલડાં કેરાં છાયાં, મોલીડાંને માથે રે;
ફોરે ભમરા મતવાલા થઈ, ડોલે સાથે સાથે રે...સુંદર૦ ૨
કાજુ ભાલ તિલક કેસરનું, રૂડું રંગ ભરેલું રે;
ભ્રકુટી નેણ નાસિકા ભાળી, તન કુરબાન કરેલું રે...સુંદર૦ ૩
ગોળ કપોલ કર્ણ શુભ કુંડળ, હરિનું મુખડું હસતું રે;
બ્રહ્માનંદ કહે તે જોઈને પળ, મન છેટે નથી ખસતું રે...સુંદર૦ ૪

**૪૫૧ રાગ : ખંભાતી પદ=૪ પદ - ૪/૧**

હરખ ભર્યા રે નેણાં હરખ ભર્યા, મારે નાથ નિહાળી નેણાં હરખ ભર્યા. ટેક૦
પ્રાણજીવન ઝીણી પાઘડલીમાં, છોગલીયાં રે છબીદાર ધર્યાં રે. મારે. ૧
છોગાળે નટવર રંગ છેલે, હરિવર જોઈને સામું મનડાં હર્યાં રે. મારે. ૨
લટકાળા મોહન કેરાં લટકાં, આવીને અંતરમાંહી ગર્યાં રે. મારે. ૩
બ્રહ્માનંદને નટવર વા'લે, કરી પોતાનાં અમને ન્યાલ કર્યાં રે. મારે. ૪

**૪૫૨ રાગ : પુર્વી પદ પદ=૪ પદ - ૪/૧**

હરિ તુમસેં મેં તો પ્રીત કરી. હ૦ ટેક.
નહી દૂર રહો ઘનશ્યામ, પિયા અબ એક ઘરી. હ૦ ૧
પ્રીત કરી તુમસેં મોરે પ્રીતમ, લોકલાજ સબ જાઓ જરી. હ૦ ૨
પ્રાન પિયા મોરે ભુવન પધારો, નવલ કલંગી શિશ ધરી. હ૦ ૩
આય રહો ઠાઢો મોરે અંગન, ભૂધર નિરખું નેન ભરી. હ૦ ૪
બ્રહ્માનંદ કહે દૂર રહો નહીં, એહી માગત પ્રિયા પાય પરી. હ૦ ૫

**૪૫૩ પ્રાણ થકી છે મુને પ્યારા પદ=૪ રાગ : પરજ પદ - ૪/૪**

હરિવર હીરલો રે હીરલો લાધ્યો રે મંદિરમાં.
હાથ આવ્યો છે હીરો અજબ અલૌકિક;
મોંઘા મૂલો છબીલો માધો...હીરલો-૧
ખાતાં પીતાં રે સૂતાં બેઠાં સ્વપનામાં;
અળગો ન મેલું ક્ષણુ આઘો...હીરલો-૨
કોડે કોડે રે ઝાઝાં જતન કરીને;
મારા જીવ સંગાથે મેં તો બાંધ્યો...હીરલો-૩
બ્રહ્માનંદ કહે શું મુખથી વખાણું;
બહેની જેમ ગુંગે ગુડ ખાધો...હીરલો-૪

**૪૫૪ રાગ : મેવાડી પદ=૪ પદ-૪/૧**

હૈડાનો હાર હરિ રે, મારે રંગભીનો, હૈડાનો હાર હરિ;
મંદિરમાં પધરાવી મોહનને, ભેટું હું અંક ભરી રે...મારે૦ ૧
જગના જીવનને હું નહીં દેઉં જાવા, રાખીશ જતન કરી રે...મારે૦ ૨
રસિક નવલ વર રાજેશ્વરને, નિરખીને નયણ ઠરી રે...મારે૦ ૩
બ્રહ્માનંદના નાથને સજની, મન કર્મ વચને વરી રે...મારે૦ ૪

**૪૫૫ પદ-૪/૨**

વર નંદલાલ વરું રે, સખી અલબેલો, વર નંદલાલ વરું;
મૂરખ લોક દાઝી છો ને મરતાં, કોઈની શંકા ન ધરું રે...સખી૦ ૧
કહાન કુંવર સંગે નેહ કરીને, જગથી તે શીદ ડરું રે...સખી૦ ૨
પરણું તો વર પુરૂષોત્તમ પરણું, નહીં તો કુંવારી મરું રે...સખી૦ ૩
બ્રહ્માનંદના નાથને માથે, તન કુરબાન કરું રે...સખી૦ ૪

**૪૫૬ પદ-૪/૩**

ઘોળી હું ગિરિધરિયા રે, માથે તારે મોહન ઘોળી હું ગિરિધરિયા;
પ્રાણજીવન મારે મહોલ પધારો, ભૂધર રંગ ભરિયા રે...માથે૦ ૧
પહેલી પ્રીત કરીને મારા, પ્રાણ તમે હરિયા રે...માથે૦ ૨
મસ્તકને સાટે મેં તમને, વહાલમજી વરિયા રે...માથે૦ ૩
બ્રહ્માનંદ કહે એક ઘડી દૂર, રહો માં ડોલરિયા રે...માથે૦ ૪

**૪૫૭ પદ-૪/૪**

લાગેલ રંગ ઝડી રે, મારે રસિયાજીશું, લાગેલ રંગ ઝડી;
મોહન લાલ રંગીલાની મૂરતી, જીવડલામાં જડી રે...મારે૦ ૧

પ્રાણજીવન પાતળિયાને આગે, હાથ જોડીને ખડી રે...મારે૦ ૨
મીટ થકી ક્ષણું દૂર ન મેલું, પ્રેમને પાશ પડી રે...મારે૦ ૩
બ્રહ્માનંદના નાથને ભેટી, ધન્ય ધન્ય આજ ઘડી રે...મારે૦ ૪

### ૪૫૮ મન લે ગયો રે પદ=૪ **રાગ : ઠૂમરી** પદ-૪/૪

અબ ન જીયુંગી અબ ન જીયુંગી. નંદકુંવર બિના અબ ન જીયુંગી; અબ૦ટેક.
શ્યામ બિયોગ સહ્યો નહીં જાવત, જાયકે કાશી કરવત લીયુંગી...અબ૦ ૧
યા જીવનતેં મરન ભલોહે, વિખકો પ્યાલોમેં ઘોરી પીયુંગી...અબ૦ ૨
રચિકે ચિતા કાષ્ટકી સજની, તામેં બેઠ હૂતાસ છીયુંગી...અબ૦ ૩
પ્રેમાનંદકો નાથ મિલાવેતો, જો મુખ માંગે સોઇ દીયુંગી...અબ૦ ૪

### ૪૫૯ દોઉ ઠાડે વે પદ= ૪ **રાગ : ઠૂમરી** પદ-૪/૪

આજ બંગલેમેં ઘુંઘરું બાજે...
બ્રિંદાવનકી કુંજમે બંગલા, તહાં રાધેશ્યામ બિરાજે...આજ૦ ૧
બાજત મૃદંગ ગત ગાવત ગોપીગન, થેઇ થેઇ હોત સમાજે...આજ૦ ૨
નાચત સુંદર શ્યામ રાધિકા, નીરખી રતિપતિ લાજે...આજ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી, અબિલોકીત દુઃખ ભાજે...આજ૦ ૪

**૪૬૦ રાગ : સામેરી પદ=૪ પદ-૪/૧**

આવો આવોને સુંદર શ્યામ, મારે ઘેર આવોરે;
મારા પૂરોને મનના કોડ, હસીને બોલાવોરે. આવો૦ ટેક.
તમ કારણ શામળિયારે વાલા, રહું છું મારગ જોઈ;
લોક તણી મરજાદારે મેલી, તમ ચરણે ચિત પ્રોઈ...મારે૦ ૧
પ્રેમ ભરી પાતળિયારે વાલા, આવીને ઉભી છું બાર;
મંગલ થાળ ભર્યા સગ મોતી, વધાવાને વારમવાર...મારે૦ ૨
મસમસતા મંદિરીયે મોહન, આવોને સુંદર છેલ;
અંગો તે અંગ આલિંગન લઈને, વાળોને રંગડાની રેલ...મારે૦ ૩
હસ્ત કમલ મૂકો મારે માથે, હરોને હૈયાના તાપ;
પ્રેમાનંદના ઉરપર મોહન, મૂકો ચરણની છાપ...મારે૦ ૪

**૪૬૧ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

આવોને અલબેલા અલબેલા મંદિરિયે મારે છેલા રે...ટેક૦
શેરડિયો સુંદર વાળું, ઓસરીયે ઢોલીડો ઢાળું રે...આવોને૦ ૧
કેશર ચંદન સરસ રીતે, ચતુર વર ચરચું પ્રીતે રે...આવોને૦ ૨
હળવા રહી હાર પેરાવું, કહો તો વાલમ આગે ગાવું રે...આવોને૦ ૩
વહાલા પ્રેમાનંદ એ માગે, રે'જો આંખડલીને આગે રે...આવોને૦ ૪

**૪૬૨ આવો મોહન મારે પદ=૪ રાગ : ગરબી પદ-૪/૩**

આવો પાડોશી પાતળિયા, પાતળિયા તમે કયાં હળિયા...આવો૦ ટેક.
આપણું મંદિર મેલીને પ્યારા, બીજે અઢળક કયાં ઢળિયા...આવો૦ ૧
મારે આંગીણયે થઈને જાઓ છો,કેને ભુવન કો'ને શામળિયા...આવો૦ ૨
અમને તે કોલ દઈને કેશવ, બોલ્યે હજી કે દિન પળિયા...આવો૦ ૩
અમને તમારી આશ ઘણી છે, પ્રેમાનંદના વહાલા છળિયા...આવો૦ ૪

**૪૬૩ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

આવો રાજીવ લોચન રંગ રસિયા, જોઉં સુંદર મુખ પૂરન શશિયા...આવો૦
નથી વિસરતો મુખ મરકલડો, તમે મુજ સામું જોઈને હસિયા...આવો-૧
નથી વિસરતાં દર્શન દિધાં, તમે જામા પહેરી જરકસિયા...આવો-૨
તમે લટકા કરતાં હાથતણાં, એમના એમ અંતરમાં વસિયા...આવો-૩
પ્રેમાનંદ કે' બીજું કોઈ નવ જાણે, એમ અવિગત અંતરમાં વસિયા...આવો-૪

**૪૬૪ રાગ : રેખતા-કવ્વાલી પદ=૨ પદ-૨/૧**

આશકોંદી યારીવે, માશુક ન જાના ભૂલી. આશકો.
સુન સાંવરે સાહેબા મોહબત હમારીવે;
ખાવંદ ખુશી હોય રખના દિલમેં વિચારીવે. આશકો૦ ૧
એક તેરા હે આશરા, કહે કયા પુકારીવે;

પરવરદીગાર દિલકી, તું જાનતા સારીવે. આશકો૦ ૨
સુરત લગી કદમોંસે, ન ટરેગી ટારીવે;
પ્રેમાનંદકે પ્યારે હમકું, લેના સંભારીવે. આશકો૦ ૩

૪૭૫ પદ-૨/૨

દીખલા દીદાર પ્યારા, મહેબુબ હમારા...દીખલા૦
માશુક જરા દે દેના, નેનો કા નજારા;
ઈતનેમેં તો હોવેગા, આશકુંદા ગુજારા...દીખલા૦ ૧
કુરબાન કિયા તેરે નામ પર, ઘરબાર સંસારા;
ફકીરી લેકે ફીરતા હું, કરનેકું દીદાર...દીખલા૦ ૨
તકસીર માફ કરના, સુન સરજનહારા;
પ્રેમાનંદકું મુલાકાત દેના, નંદદુલારા...દીખલા૦ ૩

૪૭૬ રાગ : જંગલો પદ=૮ પદ-૮/૧

ઈન મોહનાને મેરો મન હર લીનો માઈ; ઈન૦ ટેક.
ચાલે લટકંતી ચાલ, બાંધે શિર ફેંટો લાલ;
કેશરકો ટીકો નીકો, ભાલ બીચ કીનો માઈ. ઈન૦ ૧
કાન બીચ મોતી સોહે, ચિતવની ચિત્ત મોહે;
ઉર બનમાલા ઓઢે પીતપટ ઝીનો માઈ. ઈન૦ ૨
ચંદનકી કીને ખોર, ચિતવત મોરી ઓર;
રસકો રસિલો છેલો રંગઉસેં ભીનો માઈ. ઈન૦ ૩
ચાવતહેં બીરી પાન, દેખી ભઈ ગુલતાન;
પ્રેમાનંદ કહે પ્યારો પ્રીતમ પ્રવીનો માઈ. ઈન૦ ૪

૪૬૭ પદ-૮/૩

લાગે તેરે નેનાં મોસે સાંવરા ગુમાની; લાગે૦ ટેક.
હસત આયકે કહાન, મારે મોયે નેના બાન;
ભલાવે બેદરદી મોરી પીરઉં ન જાની...લાગે-૧
લાગે તીખે નેનાં શ્યામ,ભૂલી મેં તો ધન ધામ;
જપું તેરા નામ મેં તો ભઈહું દીવાની...લાગે-૨
કેસી કરૂં કીત જાઉ, કલ ન પરત કાઉ;
સહી ના સકુંવે મૈ તો દરસકી હાની...લોગ-૩
પ્રેમાનંદ કહે પ્યારે, કરી રાખું દ્રગ તારે;
સંગઉ ચલુંગી તેરે, તજી કુલ કાની. લાગે-૪

મોરી બુંદન ભીજત સારી પદ=૪

૪૬૮ રાગ : સારંગ મલાર પદ-૪/૨

ઈન મોરન સોર મચાયો રે, મોહન પિયા ઘન બરસન આયો...ટેક૦
ગરજે ગગન ઘન દામિની દમકત, બોલત દાદુર ડર ઉપજાયો રે. મોહન૦ ૧
કમલ નયન મોયે કંઠ લગાયો, કંપત તન મન અકુલાયો રે. મોહન૦ ૨
હરી હરી કુંજન ટપકત બુંદન, ભીંજત ચુંનર જીયરા ડરાયો રે. મોહન૦ ૩
પ્રેમાનંદ કહે શ્યામ સ્વામિની બિહરત, બન કરત મન ભાયો રે. મોહન૦ ૪

૪૬૯ રાગ : હમીર કલ્યાણ પદ=૪ પદ-૪/૧

એરી એરી આજ રંગમહલ મધ્ય બેઠે મોહન પિયા,

ગજરા ગુલાબી ગુંથકે હું લઈરી; આજ૦ ટેક.
રાજત શ્રીઘનશ્યામ અમીત આનંદ ધામ,
લેકે મેરો નામ નીકટ બોલાયે લઈરી. આજ૦ ૧
કરીકે પ્રનામ ઉર ધારી લે મેં ફુલદામ,
ગજરા પે'રાયે કર મગન હું ભઈરી. આજ૦ ૨
બાજત મૃદંગ તાલ ગાવત મુનિ મરાલ,
મોસું કહે એક તાન ગા તું નઈરી. આજ૦ ૩
ગાઈ મેં તો એક તાન દુશાલો ઊતારી કહાન,
પ્રેમાનંદ રીઝે હરિ મોજ જ્યું દઈરી. આજ૦ ૪

**૪૭૦ રાગ : ધોળ પદ=૮ પદ- ૮/૧**

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વહાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વહાલા૦ ૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વહાલા;
નખશિખ નીરખી નૌત્તમ મારા, ઉરમાં ઉતારૂં વહાલા૦ ૨
અરુણકમળસમજુગલચરણની,શોભાઅતિસારીવહાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા૦ ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્‌ન વહાલા;
ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વહાલા૦ ૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વહાલા૦ ૫
જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વહાલા;

શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા૦ ૬
અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વહાલા;
વ્રજ અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વહાલા૦ ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વહાલા૦ ૮
જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વહાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વહાલા૦ ૯
એ જ અંગૂઠાની બા'રે, તિલ એક નૌત્તમ ધારું વહાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વહાલા૦૧૦

૪૭૧ પદ-૮/૨

ચરણકમળની છબી ચિંતવતાં, લાગે અલૌકિક રૂડી વહાલા;
સરવે ચિહ્ન સંભારી ધારૂં, અંતસમાની મૂડી વહાલા૦ ૧
જમણા પગના અંગૂઠા, પાસેની આંગળિયે વહાલા;
ડાબે પડખે તિલ એક સુંદર, નિરખી દુઃખડાં દળીએ વહાલા૦ ૨
જમણા પગની નૌતમ છેલી, આંગળીની બારે વહાલા;
તિલ એક નખને પાસે જોતાં, વ્હાલપ વધારે વહાલા૦ ૩
ડાબા પગની ઊર્ધ્વરેખાની, ડાબી તે કોરે વહાલા;
બે ચિહ્ન પાસે પાસે શ્યામ, ચિતડાને ચોરે વહાલા૦ ૪
બે પગની આંગળિયું તળાં, મનોહર રાતાં વહાલા;
અંગૂઠા આંગળિના નખ, રાતા છે ચડિયાતા વહાલા૦ ૫
બે ચરણના અંગૂઠા ને, આંગળિયો ઉપર વહાલા;
જોયા જેવા ઝીણા ઝીણા, રોમ અતિ સુંદર વહાલા૦ ૬
બે અંગૂઠા પાસેની બે, આંગળિયે જોઉં વહાલા;

ચાંખડીયોનાં રૂડા ચિહ્ન, તે પાંપણીયે લ્હોઉં વહાલા. ૭
બે પગની બહારની ઘૂંટી, તે હેઠે કેવા વહાલા;
આસનના ઘસારાનાં ચિહ્ન, છે જોયાં જેવાં વહાલા૦ ૮
જમણા પગની ઘૂંટી ઉપર, પાંચ તસું છે જો વહાલા;
નળીને ઉપર તિલ એક તેમાં, મન મારું રહેજો વહાલા૦ ૯
મોટું એક ચિહ્ન જમણા પગની, સાથળને બા'રે વહાલા;
પ્રેમાનંદ કહે પ્રીતે નિરખું, વારે ને વારે વહાલા૦૧૦

૪૭૨ પદ-૮/૩

શોભા નિરખી નેણાં મારાં, તૃપ્ત ન થાયે વહાલા;
મનડું મગન થયું છે હૈડે, હરખ ન માય વહાલા૦ ૧
ડાબા પગની ઘૂંટી ઉપર, પાંચ તસુ કહીએ વહાલા;
નળી ઉપર મોટો તિલ,મનમાં ધારી લઈએ વહાલા૦ ૨
તેને પાસે નાનો તિલ છે, તેમાં ચિત્ત ચોટ્યું વહાલા;
એ પગના ઘૂંટણની બા'રે,એક ચિહ્ન છે મોટું વહાલા૦ ૩
શ્યામ કટિ રૂપાળી જોઈને, કંદર્પ લાજે વહાલા;
શીતળ ઉદરમાંહી ત્રિવળી, સુંદર વિરાજે વહાલા૦ ૪
ઊંડી ગોળ અનુપમ નાભિ, તેની બે કોરે વહાલા;
બે તિલ છે બહુ રૂપાળા,તે ગમિયા મન મોરે વહાલા૦ ૫
નાભિથી પણ બે તસુ ઉપર, ત્રણ તિલને ધારૂં વહાલા;
બે તિલ ઉપર એક એક છે,એક વચ્ચે સંભારૂં વહાલા૦ ૬
વચલા તિલથી બે તસુ ઊંચો, એક તિલ નીરખીને વહાલા;
જમણી કુખમાં બે તિલ મોટા, જોઉં હરખીને વહાલા૦ ૭
ડાબે પડખે કુખથી ઉપર, મોટા તિલ ચારે વહાલા;

તેની પાસે બીજા નાના,ચાર તિલ એક હારે વહાલા૦ ૮
રોમતણું રૂપાળું શ્રીવત્સ, ચિહ્ન, એક ઉરમાંહી વહાલા;
વિનગુણ હાર હૈયામાં શોભે, સુંદર સુખદાયી વહાલા૦ ૯
છાતી વચ્ચે એક ચિહ્ન, અર્ધ ચંદ્ર આકારે વહાલા;
પાંચ તસુ પહોળું જોઈ, પ્રેમાનંદ પ્રાણ વારે વહાલા૦૧૦

૪૭૩ પદ-૮/૪

એ ચિહ્ન વચ્ચે રૂડો લગાર, ડાબી તે કોર વહાલા;
સુંદર એક તિલ મોટો મારા, ચિતડાને ચોરે વહાલા૦ ૧
એ તિલથી છે ડાબી કોરે, બે તસુ છેટે વહાલા;
એક તિલને જોતાં સરવે, ભવદુ:ખને મેટે વહાલા૦ ૨
તે તિલથી બે તસુ છેટે, ડાબી કોર માંહી વહાલા;
સ્તન ઉપર એક તિલ તેમાં, ચિત્ત ચોટ્યું જઈ વહાલા૦ ૩
બે સ્તનથી ઉપર છે, બે છાપતણાં ચિહ્ન વહાલા;
એ છબી જોવા સારું મારું, મન છે આધીન વહાલા૦ ૪
કરિના બે કર સરખી ભુજા, તે દીર્ઘ ઉદાર વહાલા;
સંભારતાં તરત તે, ઉતારે ભવપાર વહાલા૦ ૫
જમણી ભુજાને પાસે છે, માંહે ઊભી તે હારે વહાલા;
જોયા જેવા સુંદર મોટા, તિલ રૂડા ચારે વહાલા૦ ૬
જમણી ભુજાના મૂળ થકી છે, ત્રણ તસુ હેઠે વહાલા;
એક છાપનું ચિહ્ન જોતાં, જન્મ મરણ મેટે વહાલા૦ ૭
તે છાપનું ચિહ્ન રૂડું, તેને પડખે બા'રે વહાલા;
નાના તિલ છે ચાર તેને, જોઉં વારે વારે વહાલા૦ ૮
કોણિયું છે શ્યામ બેઉ કર, કઠણ છે પોંચા વહાલા;

બે તિલ છે બહુ રૂડા, જમણા પોંચાથી ઊંચા વહાલા૦ ૯
જમણા હાથની છેલી આંગળી, તે ઉપર સારો વહાલા;
પ્રેમાનંદ કહે મોટો તિલ એક, લાગે અતિ પ્યારો વહાલા૦ ૧૦

૪૭૪ પદ-૮/૫

રૂપાળા છો રાજીવલોચન, ધર્મતણા કુમાર વહાલા;
શોભાની છો સીમા મારા, નેણ તણાં શણગાર વહાલા૦ ૧
ડાબી ભુજાના મૂળથી હેઠે, ત્રણ તસું છે જો વહાલા;
છાપતણા એક ચિહ્નમાંઇ, નિત્ય મન મારું રહેજો વહાલા૦ ૨
ડાબી કુણીથી હેઠો નૌતમ, ઉપરલે ભાગે વહાલા;
તિલ એક જોતાં મારા મનને, રૂડો બહુ લાગે વહાલા૦ ૩
ડાબા હાથના અંગુઠા, પાસેની આંગળિએ વહાલા;
નખને પાસે નાનો તિલ, મનમાં ધારી લહીએ વહાલા૦ ૪
એ આંગળી ને વચલી આંગળી, એ બેઉને મધ્યે વહાલા;
એક તિલ છે અતિ નૌતમ, જોયા જેવો સંધે વહાલા૦ ૫
ડાબા હાથના પોંચા ઉપર, સુંદર તિલ છે એક વહાલા;
એ માંહી તે મનડું મારૂં, વળગ્યું વિશેક વહાલા૦ ૬
બે હાથના નખ નૌતમ, છે રાતા ચડિયાતા વહાલા;
અગ્ર ભાગે તિક્ષણ છે, અતિ રૂડા દેખાતા વહાલા૦ ૭
બે હાથની હથેળી છે, રાતી સુખધામ વહાલા;
હથેળીમાં રેખા થોડી, થોડી છે જો શ્યામ વહાલા૦ ૮
બે હથેળીના મુળ ઉપર, આઠ તસુ જોતાં વહાલા;
છાપતણાં બે ચિહ્નો અનુપમ, ચિત્તમાં પરોતાં વહાલા૦ ૯
કંઠ વચ્ચે તિલ એક અનુપમ, જોતાં દુઃખ જાયે વહાલા;

તેની પાસે નાનો તિલ એક, પ્રેમાનંદ ગાયે વહાલા૦ ૧૦

૪૭૫ પદ-૮/૬

રૂપ તમારું રસિયાજી, નિરખતાં સુખદાયી વહાલા;
ચિહ્નતણો નહિ પાર વધારે, વાલપ ઉરમાંહી વહાલા૦ ૧
ડાબા ખભાથી હેઠો વાંસામાં, છે મરમાળો વહાલા;
રોમ સહિત મોટો તિલ રૂડો, જોતાં રૂપાળો વહાલા૦ ૨
એ તિલથી હેઠો વાંસામાં, એક તિલ છે બીજો વહાલા;
તેને હેઠે જોયા જેવો, એક તિલ છે ત્રીજો વહાલા૦ ૩
કરોડની જમણી કોરે, ડોક થકી હેઠે વહાલા;
સુંદર એક તિલ જોયા જેવો, બે તસુ છેટે વહાલા૦ ૪
જમણી ખરપડી ઉપર નૌતમ, એક તિલ છે નાનો વહાલા;
પ્રીત કરીને રાખું મારા, મનમાંહી છાનો વહાલા૦ ૫
કરોડની જમણી કોરે, વાંસામાંહી સારા વહાલા;
ચાર તિલ છે જોયા જેવા, લાગે બહુ પ્યારા વહાલા૦ ૬
ડાઢીથી હેઠો એક તિલ છે, અતિશે અનૂપ વહાલા;
ડાઢી ઉપર કેશની રેખા, સુંદર સુખરૂપ વહાલા૦ ૭
મધુર અધરપર શોભે રૂડી, રોમતણી રેખું વહાલા;
હસતું કમળ સરીખું મુખ, ઓરા આવો દેખું વહાલા૦ ૮
મુખમાંહે જમણી કોરની, હેઠલી જે ડાઢ વહાલા;
તેમાં શ્યામ સુભગ ચિહ્ન એક, જોઉં રાખી ચાડ વહાલા૦ ૯
શ્યામ ચિહ્ન છે જોયા જેવું, જીભમાં સુખકારી વહાલા;
સુંદર વદન કમળપર જાયે, પ્રેમાનંદ વારી વહાલા૦૧૦

૪૭૬ પદ-૮/૭

હરિજનના જીવન છો મોહન, ભક્ત ચિન્તામણિ વહાલા;
શી કહું શોભા સુંદરવરજી, અંગોઅંગ તણી વહાલા૦ ૧
જમણી કોરે કપોળમાં, નાસિકા પાસે વહાલા;
એક મોટો તિલ જોતાં સરવે, દુઃખ મારાં નાસે વહાલા૦ ૨
એ તિલને પાસે એક નાનો, તિલ તેને જોઈએ વહાલા;
નેત્રતણા ખૂણાથી હેઠો, તેમાં ચિત્ત પ્રોઈએ વહાલા૦ ૩
બે નેત્રની પાંપણ ઉપર, ભ્રકુટીને થડે વહાલા;
તેને હેઠે ઉપર ઝીણી, કરચલિયો પડે વહાલા૦ ૪
નાસિકા ઉપર છે ઝીણાં, ચિહ્ન તે અભિરામ વહાલા;
ડાબા કાનમાં શ્યામ બિન્દુ તે, છબી તણું ધામ વહાલા૦ ૫
અમળ કમળદળ સમ આંખડી, રૂડી રૂપાળી વહાલા;
કંદર્પની કમાન સરખી, ભ્રકુટી મેં ભાળી વહાલા૦ ૬
ચડિયાતા વિશાળ ભાલમાં, રસાળી તે શોભે વહાલા;
તિલક આકારે ઉભી રેખા બે, જોઈ ચિત્ત લોભે વહાલા૦ ૭
ભાલમાંહી મનોહર જોતાં, જમણી તે કોરે વહાલા;
કેશથી હેઠું એક અનુપમ,ચિહ્ન તે ચિત્ત ચોરે વહાલા૦ ૮
કેશર કેરી આડ મનોહર, ભાલ વચ્ચે કીધી વહાલા;
કુમકુમને ચાંદલિયે મારી, બુદ્ધિ હરી લીધી વહાલા૦ ૯
તાળવા ઉપર એક રૂપાળો, મોટો તિલ જોઈ વહાલા;
પ્રેમાનંદ કહે મારૂં મન ત્યાં, રહ્યું જોઈ મોહી વહાલા૦૧૦

૪૭૭ પદ-૮/૮

શોભાના શણગાર હરિ મારા, હેડાના છો હાર વહાલા;

ધર્મતણા કુમાર મારા, પ્રાણતણા આધાર વહાલા૦ ૧
અતિશે રૂપાળા સુંદર, શિખાના છે કેશ વહાલા;
છબીપર બલહારી જાયે, શારદા ને શેષ વહાલા૦ ૨
શિખાને સમીપે રૂડો, એક તિલ છે આગે વહાલા;
એ છબી નિરખતાં મારાં,સરવે દુઃખ ભાગે વહાલા૦ ૩
શિખાને પછવાડે જમણી, કોરે તે કહીએ વહાલા;
ત્રણ તિલ છે અતિ રૂડા,સામું જોઈને રહીએ વહાલા૦ ૪
નખશિખ નિરખી સુંદર સરવે, ચિહ્ન મેં ગાયાં વહાલા;
ચિંતવન કરી નિત્યે મારાં, ચિત્તમાં ઠેરાયાં વહાલા૦ ૫
બાવન છે સરવે ચિહ્ન, ત્રેસઠ તિલ છે જો વહાલા;
રૂપ શીલ ને ગુણે સોતા, અંતરમાં રહેજો વહાલા૦ ૬
એ વિના ઝીણાં તિલ ચિહ્ન છે, અંગમાં અપાર વહાલા;
ગાયા મેં તો જોઈ મારી, બુદ્ધિને અનુસાર વહાલા૦ ૭
આવી રીતે મૂરતિને જે, અંતરમાં ધારે વહાલા;
પ્રીત કરીને ચિહ્ન અનુપમ, સરવે સંભારે વહાલા૦ ૮
તેના ઉરમાં આવી તમે, નાથ કરો વાસ વહાલા;
કામ ક્રોધ ને કાળ માયા,તે સહુ પામે નાશ વહાલા૦ ૯
એ પદ જે કોઈ શીખે સુણે, પ્રીત કરીને ગાશે વહાલા;
પ્રેમાનંદ કહે તે પર સ્વામી, બહુ રાજી થાશે વહાલા૦૧૦

**૪૭૮ રાગ : સામેરી પદ=૪ પદ-૪/૧**

ઓરા આવોને સુંદર શ્યામ, આંખડલીમાં રાખું રે;

કેદી કઠણ વચન સુખધામ, કહી નવ દાખું રે...ઓરા-૧
એ સુખ સંપત્ત તમે શ્યામળા મારે જીવન પ્રાણઆધાર;
જનમ સંગાથી જાદવા મારા, નેણ તણા શણગાર...ઓરા-૨
બેસો તો પાથરૂ પામરી રે, હીંડો તો મૂકું હાથ;
ક્ષણુએ ન મેલું વેગળા મારા, નવલ સનેહિ નાથ...ઓરા-૩
અણદીઠે થાઉં આંધળી રે, દીઠે જોબનપૂર;
પ્રેમાનંદના પ્રાણથી હવે, રહી નવ શકું દૂર...ઓરા-૪

૪૭૯ **રાગ : ઠૂમરી પદ=૪** **પદ-૪/૧**

અંખિયાંમેં જાદુ ભારી ગિરધારી રાજ. અંખિયાં.
કર કર ટોના શ્યામરે સલોના,
રસબસ કીની સકલ વ્રજનારી રાજ. અંખિયાં. ૧
ભ્રકુટિ કુટિલ ચપળ દ્રગ સુંદર,
અજબ ઠગારી હે બીચે શાઈકારી રાજ. અંખિયાં. ૨
અમલ કલમ દલ સમ, અખિયન બીચ,
અતહિં અનોખી રેખેં રતનારી રાજ. અંખિયાં. ૩
શ્રીઘનશ્યામકી દ્રગન છટા પર,
પુલકી પ્રેમાનંદ જાત બલહારી રાજ. અંખિયાં. ૪

૪૮૦ ક્યારે હવે મલશે રે પદ=૪ **રાગ : ઠૂમરી પદ- ૪/૩**

ક્યારે હવે દેખું રે હરિ હસતા, મારા મંદિરિયામાં વસતા...ક્યારે૦

જરકસીયા જામા પે'રીને, ગૂઢો રેંટો કટિ કસતા...કયારે-૧
ફુલડામાં ગરકાવ થઈને, અત્તરમાં મસમસતા...કયારે-૨
મુનિવર સારુ રસોઈ કરાવીને, પંગતમાં પીરસતા...કયારે-૩
પ્રેમાનંદ આગે ગાવે ત્યારે, આવે ઓરા ઓરા ખસતા...કયારે-૪

**૪૮૧ રાગ : ઠૂમરી પદ=૮ પદ- ૮/૧**

કૈસે જાઉં પનિયાં રોકયો પનઘટવા...કૈસે૦
ખાંધે કામરિયા ને હાથ લકુટિયાં,
બાંસુરી બજાવે ઠાડો જમુનાકે તટવા...કૈસે૦ ૧
મોર મુગટ બનમાલ બિરાજે,
બાંધે બાજુબંધ ભુજ પહેરે પીતપટવા...કૈસે૦ ૨
ભૂષન બસન મનોહર પે'રે,
ગાવત હે નીકી તાન નાચત જયું નટવા...કૈસે૦ ૩
ગ્વાલ-બાલ સંગ બિહરત બનમેં,
પ્રેમાનંદ દેખે છબી ભવદુઃખ મટવા...કૈસે૦ ૪

**૪૮૨ પદ-૮/૨**

જમુના કિનારે કાન બાંસુરી બજાવેરે...જમુના૦
સપ્ત સૂર તીન ગ્રામ મૂર્છના સુનાવે,
સ્વરકે લપેટઉમેં મન લલચાવે રે...જમુના૦ ૧
મોહી બ્રજવધૂ સુની કછુ ન સોહાવે,
ભૂલી જલ ભરવો વિરહ તન તાવે રે...જમુના૦ ૨
ઠાડી પનઘટ પર ઘરઉં ન આવે,

ચિતવતી એક ટક તપત બુજાવે રે...જમુના૦ ૩
કરત પ્રશંસા નીકે કા'ન ગાવે,
પ્રેમાનંદ કહે પ્યારો અતિ મન ભાવે રે...જમુના૦ ૪

૪૮૩ પદ-૮/૩

રસિયાકે રૂપમેં અટક ગઈ અંખિયા...ટેક૦
તરુંન કિશોર મનોહર છેલો;
રૂપકો રસિલો દેખી મોહી બ્રજ સખિયાં...રસિયા-૧
રૂપ સુધામહિં ગરક ભઈ સબ;
મધુમહિં મગન ભઈ જેસેં મખિયાં ...રસિયા-૨
સુંદરતાકી ખાન સાંવરો;
ચતુર ચિતારે નિરખી છબી લખિયાં...રસિયા-૩
પ્રેમાનંદ વારી તન મન ધન સબ;
નિરખી નિરખી છબી નેનમેં રખિયાં...રસિયા-૪

**૪૮૪ રાગ : જંગલો ખ્યાલ પદ=૪ પદ- ૪/૧**

ગોવિંદા થારા ગજરા દેખ ભૂલ ગઈ કજરા; ગો૦ ટેક.
ભૂલ ગઈ કજરા ઔર અંગ આભૂષણ, નાથ થાને નિરખ્યા ભરી નજરા. ગો૦ ૧
ગજરામેં ગુલતાન હોઈ હૂં, દેખી થારા બાજુબંધ ભજરા. ગો૦ ૨
હાર તો હજારો થારો ગુચ્છ ગુલાબી, તોરા થારા પાઘમાંહી અજરા. ગો૦ ૩
શ્યામળિયા સરદાર છો મારા, પ્રેમાનંદ કરે થાને મજરા. ગો૦ ૪

**૪૮૫ પદ-૪/૨**

બિહારી થારી અંખિયા અજબ જાદુગારી; બિહારી૦ ટેક.

જાદુગારી અંખિયા થારી, ચિતવની જગસું ન્યારી. બિહારી૦ ૧
બોલનીમેં સબ વશ કર લીની, ગોકુળ ગામકી નારી. બિહારી૦ ૨
ચલનીમેં ચિત્ત ચોર લીયો હે, ભૂપતિ ભયે ભેખધારી. બિહારી૦ ૩
મુસકનીમેં મોહ્યો રતિનાયક, પ્રેમાનંદ જાત પ્રાન વારી. બિહારી૦ ૪

૪૮૬ પદ-૪/૩

સલુના થાને સેવતીરો સેહરો ધરાવું; સલુના૦ ટેક.
સેવતીરો સેહરો કલંગી કેતકીરી, માલતીરા મોતી લટકાવું. સલુના૦ ૧
બકુલરા બાજુ ગજરા ગુલાબી, હારતો હજારી ગુંથી લાવું. સલુના૦ ૨
જાઈ જુઈ મોગરા ચંપા ચમેલી, દાઉદીરો દુપટો બનાવું. સલુના૦ ૩
ફુલરારી સેજપર શ્યામ બિરાજો, પ્રેમાનંદ કે' આગે ગાવું. સલુના૦ ૪

૪૮૭ પદ-૪/૪

ચાલોને લાલા માલતીરા બાગમેં બિરાજો, ચાલો૦ ટેક.
સેવતીરી સુંદર કલિયાં બીન બીન, મારું થારો મુકુટ ભરાજો. ચાલો૦ ૧
ગજરા બાજુ તોરા હાર પેહેરાવીને, નેણાં ભરી નાથ નિરખ્યાંજો. ચાલો૦ ૨
અંબ કદંબરી કુંજમેં કહાના, મીઠી મીઠી મોરલી બજાજો. ચાલો૦ ૩
પ્રેમાનંદ કહે પ્રીત કરીને, પ્યારા થારો પ્રેમરસ પાજો. ચાલો૦ ૪

૪૮૮ મેં તેરા ગુન ગાઉ પદ=૪ **રાગ : બિહાગ** પદ-૪/૩

જપું તેરે નામકી માલા રે મૈં તો, જપું તેરે નામકી માલા;
પ્યારે નંદલાલ રે, મૈં જપું તેરે નામકી માલા...ટેક૦
રાત દિવસ મોયે ધ્યાન હે તેરા, ગુનસાગર ગોપાલ રે...મૈં જપું૦ ૧
ચિંતવત હું તેરે ચરન કમલ છબી, મેટન ભવ જંજાલ રે...મૈં જપું૦ ૨

અખંડ રહો મોરે નૈનકે આગે, મોહન રૂપ રસાલ રે...મૈં જપું૦ ૩
પ્રેમાનંદ કહે યહ વર મોયે, દીજે દીનદયાલ રે...મૈં જપું૦ ૪

**૪૮૯ રાગ : જંગલો પદ=૪ (વચ.ગ.અં.૩૧) પદ-૪/૧**

જમુનાને તીરે ઠાડો જમુના કે તીર,
બાંકો બલવીર ઠાડો જમુના કે તીર; ઠાડો૦ ટેક૦
નેના બેના બાંકે બાંધે બાંકી પાઘ શિર,
ચંદન કી ખોર કીને સાંવરે શરીર...ઠાડો-૧
બાંકી ભ્મોંહેં સોહે ચિત્ત મોહે નાસા કીર,
દેખત ચકિત રતિપતિ હતધીર...ઠાડો-૨
બાંકે લાલ બાંકે ગ્વાલ લિયે સંગ ભીર,
બાંસુરી બજાવે બાંકી ફિર ફિર ફિર...ઠાડો-૩
ભરવા ગઈથી હું તો જમુના કો નીર,
પ્રેમાનંદ કો નાથ દેખી ગઈ પીર...ઠાડો-૪

**૪૯૦ પતીયા ન આઇ પદ=૪ રાગ : કાલિંગડો પદ-૪/૩**

જીયરો નિકારી રે લે ગયો, જીયરો નિકારી, બંસીવારો જાદુગારો; જીય૦
કર કર નેહ છેહ દે સટકયો, કેશવ કુંજબિહારી રે...લે ગ૦
પ્રીત લગાયકે પરબસ કીની, મોત બિના ગયો મારી રે...લે ગ૦
દે બિસવાસ અવધિ કહી આવન, અજહું ન આયો ગિરિધારી રે...લે ગ૦
પ્રેમાનંદ ઘનશ્યામ પિયા બિના, વ્યાકુળ સબ બ્રજનારી રે...લે ગ૦

**ઓરા આવો ને ધર્મકુમાર પદ=૬**

**૪૯૧ ઓરા આવો ને ધર્મકુમાર પદ=૬ રાગ : ગરબી પદ-૬/૬**

તમારી મૂરતિ વિના મારા નાથ રે, બીજું મને આપશો મા;
હું તો એજ માગું છું જોડી હાથ રે, બીજું મને આપશો મા...ટેક૦
આપો તમારા જનનો સંગ રે, મારા જીવમાં એજ ઉમંગ રે...બીજું- ૧
મારા ઉરમાં કરો નિવાસ રે, મને રાખો રસિયા તમ પાસ રે...બીજું- ૨
એજ અરજી દયાનિધિ દેવ રે, આપો ચરણ કમળની સેવ રે...બીજું- ૩
કરો ઈતર વાસના દુર રે, રાખો પ્રેમાનંદને હજુર રે...બીજું- ૪

**૪૯૨ રાગ : ઠૂમરી પદ =૪ પદ-૪/૧**

તેરી મુસકનીમેં મન લાગી રહ્યો રે,
બિસરત નાહી ઘનશ્યામ પિયા; તેરી...ટેક૦
મુસકની બંકી બિલોકની નીરખી,
હાંરે પિયા રતિપતિ અતિ સકુચિત ભયો રે...બિસરત-૧
નીરખી બદન હાસજુત સુંદર,
હાં રે મોયે ઉઠત હે પ્રેમ સો નયો નયો રે...બિસરત-૨
જબ તુમ હસી શ્યામ મોયે હેરત,
હાં રે પિયા સો સુખ મુખ ન જાત કયો રે...બિસરત-૩
સુંદર હસિત બદન છબી ઉપર,
હાં રે પુલકિત પ્રેમાનંદ બલિહારી ગયો રે...બિસરત-૪

૪૯૩ મેરે એક આશરા પદ=૪ રાગ : ઠુમરી પદ-૪/૨

તેરે દ્વારે પર્યો ગુન ગાઉં રે, ધર્મકુંવર ઘનશ્યામ નાથ; તેરે૦ ટેક.
અધમ ઓધારક શરણાગત પાલક, નાથ રટું તેરો નાઉં રે...ધર્મ૦ ૧
અખિલ લોકપતિ પરમ પુરૂષ તુમ; તુમકું ગાઈ રીઝાવું રે;
તુમ બીના તુમ મોયે ઓર ન દૈયો, યેહી મોજ મેં પાઉં રે...ધર્મ૦ ૨
કરો ક્ષમા અપરાધ નાથ મેરો, શ્યામ તેરી બલજાઉં રે;
યેહી બિનય મેરો કરૂનાસાગર, ઓર કછુ નહી ચાઉં રે...ધર્મ૦ ૩
નિત્ય નિત્ય નીરખું વદન કમલ છબી, ઉરમહીં આનંદ વધાઉં રે;
પ્રેમાનંદ યે હી વર માંગત, દાસ રાવરો કહાઉં રે...ધર્મ૦ ૪

૪૯૪ રાગ:ઠૂમરી પદ-૪/૧

તેરી સાંવરી સૂરત છટાદાર (૨), મનહરે પ્રાન હરે; તેરી૦ ટેક.
ચલત મેરો રે હસી ચિત્ત ચોરે, હાં રે બસ કર લીની સબ બ્રજનાર. મન૦ ૧
શિર જરકસી ચીરા પેહેરે પટ પીરા, હાં રે તેરે ઉર બીચે મોતિયુંદા હાર. મન૦ ૨
નંદકે સલોના જાને કછુ ટોના, હાં રે મેરો મન બસ કિનો મોરે યાર. મન૦ ૩
પ્રેમાનંદ હરિકૃષ્ણ છબી તેરી, હાં રે નિત રાખત ઉર બીચ ધાર. મન૦૪

૪૯૫ તેરી અજબ બાનક પદ=૪ રાગ : ભૈરવી પદ-૪/૪

તેરો બદન દેખે બિના શ્યામ રે, ફિરુ મેં તો બાવરી...ટેક૦

મુખ દેખે બીન મોહન મોહ, કછુ ન સુઝે ઘરકામ રે...તેરો૦ ૧
સુંદર બદન લલિત લોચનમેં, રેખા રસિક સુખ ધામ રે...તેરો૦ ૨
જબ દેખુ શશિ બદન પ્રફુલ્લિત, તબ આનંદ સબ જામ રે...તેરો૦ ૩
પ્રેમાનંદ પુલકી મુખ નિરખત, રટન રેન દિન નામ રે..તેરો૦ ૪

**૪૯૬ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂરતિ મારે મનમાની;
જીવન જોયા લાગે છે રે...ટેક૦
તરુણ મનોહર મૂરતિ રે, રેખા ઊઠે નાની નાની...જીવન૦ ૧
મસ્તક મુગટ જડાવનો રે, કુંડળ મકરારાર...જીવન૦ ૨
કેસર તિલક લલાટમાં રે, જોઈ જોઈ વાધે પ્યાર...જીવન ૩
ઉરમાં અનુપમ ઊતરી રે, કંચન કેરી અનુપ...જીવન ૪
રતને જડિત બાજુ બાંધિયા રે, સુર નર મુનિને ભૂપ...જીવન ૫
વેઢ વીટીયું કડાં સાંકળા રે, શોભે છે કરવર માંય...જીવન૦ ૬
પ્રેમાનંદ છબી ઉપરે રે, તન મન ધન બલજાય...જીવન૦ ૭

**૪૯૭ પદ-૪/૨**

મદન મનોહર મૂરતિ રે, રાજહંસ ગતિ ચાલ;
નીરખી નેણાં ઠરે રે...ટેક૦
જરકસી જામા પહેરિયા રે, સોનેરી સુરવાળ...નિરખી૦ ૧
કનક રેંટો કમરે કસ્યો રે, કરમાં રેશમી રૂમાલ...નિરખી૦ ૨
કનક હિંડોળે હિંચતા રે, શોભે છે ધર્મનો લાલ...નિરખી૦ ૩
પુરૂષોત્તમ પરિબ્રહ્મને રે જોવા મળ્યું સરવે જકત...નિરખી૦ ૪

નારી નરનો પાર નહીં રે, લાખો મુનિ હરિભક્ત...નિરખી૦ ૫
વ્રતપુરીના ચોકમાં રે, જાદવરાય જોવાય...નિરખી૦ ૬
ઘોડલાની ઘુંમરમાં જોઈ રે, પ્રેમાનંદ વારી જાય...નિરખી૦ ૭

૪૯૮ પદ-૪/૩

નવીન આંબાનું જોડલું રે, તે વચ્ચે અતિ અભિરામ;
હિંડોળો હેમનો રે...ટેક૦
બાંધ્યો બેઉ આંબા ડાળમાં રે, સુંદર શોભાધામ...હિંડોળો૦ ૧
રમણિક હિંડોળા તણી રે, શોભા કહી નવ જાય...હિંડોળો૦ ૨
શોભા ત્રિભુવનની આવી રે, ઊગી ઉઠી હરખાય...હિંડોળો૦ ૩
હિંડોળામાં શ્રીહરિ રે, શોભે છે સૂર્ય સમાન...હિંડોળો૦ ૪
કરે લીલા ભાત ભાતની રે, પુરૂષોત્તમ ભગવાન...હિંડોળો૦ ૫
જોઈ મૂરતિ મહારાજની રે, લોચન તૃપ્ત ન થાય...હિંડોળો૦ ૬
પ્રેમાનંદ હરિ ઉપરે રે, તન મન પ્રાણ વારી જાય...હિંડોળો૦ ૭

૪૯૯ પદ-૪/૪

કનક છડી લઈ કરમાં રે, ઉભા હિંડોળે નાથ;
ધર્મસુત લાડીલો રે...ટેક૦
મુનિવર હરિજન ઉભલા રે, ચારે પાસે જોડી હાથ...ધર્મ૦ ૧
કેસર ચંદન કંકુ લઈને રે, સરસ કુસુમના હાર...ધર્મ૦ ૨
અગર ધૂપ દીપ આરતી રે, ઉતારે કરી પ્યાર...ધર્મ૦ ૩
હાર પે'રાવે હેતમાં રે, હરિજન ઊભા અપાર...ધર્મ૦ ૪
કર ચરણે કરી કેટલા રે, લે છે ધર્મકુમાર...ધર્મ૦ ૫
કેટલાક લે છડીયે કરી રે, હાર હરિ ઘનશ્યામ...ધર્મ૦ ૬
પ્રેમાનંદ ગાયે નીરખી રે, નિર્ગુણના ગુણ ગ્રામ...ધર્મ૦ ૭

**૫૦૦ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

નવલ સનેહી નાથજી જીરે, પ્રેમી જનના છો પ્રાણ;
વ્હાલા સાંભળજો વિનતિ (૨) જીરે છોજી જાણ સુજાણ...નવલ૦ ૧
મેલી વનમાં એકલી જી રે ગયા ધરમકુમાર;
ન ઘટે તમને નાથજી (૨) જી રે અમે અબળા અવતાર...નવલ૦ ૨
આવ્યા તમારે આશરે જી રે, મેલી કુટુંબ પરિવાર;
જાણું અમને પાળશો (૨) જી રે હરિવર હૈડાના હાર...નવલ૦ ૩
તમે કરી જે આ સમે જી રે એવી ન કરે કોઈ નાથ;
પડતાં મેલ્યાં આભથી (૨) જી રે બળવંત ઝાલી ને હાથ...નવલ૦ ૪
બહુ દયાળુ જાણતાં જી રે, કઠણ થયા કેમ આજ;
પ્રેમાનંદના નાથજી (૨) જી રે દયા આણો મહારાજ...નવલ૦ ૫

**૫૦૧ પદ-૪/૨**

પ્રાણજીવન ઘનશ્યામજી જી રે, આવો ભક્ત પ્રતિપાળ;
દાસ તમારા દુઃખિયા (૨) જી રે દરશન વિના દયાળ...પ્રાણ૦ ૧
તમ વિના અમે દુઃખની જી રે, કેને કહીએ હરિ વાત;
મીન વછોયાં નીરથી (૨) જી રે એમ જાયે દિનરાત...પ્રાણ૦ ૨
સુંદર મૂરતિ સાંભરે જી રે, સુંદર કરતાં વિહાર;
કામ રહે સૌ હાથમાં (૨) જી રે નેણે આંસુની ધાર...પ્રાણ૦ ૩
ઘેરે સાદે બોલતાં જી રે, દેતાં સાદ લઈ નામ;
તે જ્યારે અમને સાંભરે (૨) જી રે ખટકે ઉરમાં ઘનશ્યામ...પ્રાણ૦ ૪
ચટ ચટ વાજતી ચાંખડી જી રે, જાણું આવ્યા અલબેલ;

ઊઠી ઉતાવળી હેરતી (૨) જી રે પ્રેમાનંદના રંગછેલ...પ્રાણ૦ ૫

**૫૦૨** **પદ-૪/૩**

લોચન વ્યાકુળ કાનજી જી રે, જોવા ગજગતિ ચાલ;
સામા મળતા શેરીએ (૨) જી રે, હસીને કરતાં નિહાલ...લોચન૦ ૧
રૂમાલ જમણા હાથામાં જી રે, કટિપર ડાબો કર મેલી;
ખેસ ખભે હરિ ઓઢતાં (૨) જી રે માથે પાઘ અલબેલી...લોચન૦ ૨
આવી ઓસરીએ બેસતાં, જી રે, દરશન દેવાને દાન;
તે દિન કયારે દેખાડશો (૨) સહજાનંદજી ભગવાન...લોચન૦ ૩
હાર પેરાવી હેતમાં જી રે, મુખડું જોતી મુનિરાય;
એ સુખ જ્યારે સાંભરે (૨) જી રે કરવત મેલ્યું ઉરમાંય...લોચન૦ ૪
નૌતમ નિતનિત દેખતી જી રે, લટકાં કરતાં હો લાલ;
પ્રેમાનંદ કહે વિધિ પાપીએ (૨) જી રે એ દુઃખ લખ્યું મારે ભાલ... લોચન૦ ૫

**૫૦૩** **પદ-૪/૪**

વા’લા તમારી વાટડી જી રે, જોઉં વારંવાર;
વહેલા આવજો વરતાલથી (૨) જી રે રસિયા ધરમકુમાર...વા’લા૦ ૧
તમ વિના ઘનશ્યામજી જી રે, જીવનમાં જંપ નવ થાય;
વિરહતણી બહુ વેદના (૨) જી રે પાપી પ્રાણ ન જાય...વા’લા૦ ૨
ઓસરીયે ઊભી એકલી જી રે, મુખડું જોવા જીવન;
ફાળ પડે અતિ ઉરમાં (૨) જી રે રોતાં જાય રાત દિન...વા’લા૦ ૩
મુનિ સભામાં બેસતાં જી રે, મારા પિયુનો પર્યંક;
સાંભરતાં સૂધ વિસરે (૨) જી રે રોઉં થઈને નિઃશંક...વા’લા૦ ૪
મુજ દુઃખણીના દુઃખનો જી રે, ના’વે અંત ઘનશ્યામ;
પ્રેમાનંદ કહે નાથજી (૨) જી રે લેજો સાર સુખધામ...વા’લા૦ ૫

**૫૦૪ રાગ : પરજ પદ=૪ પદ-૪/૧**

નેણામાં રાખું રે, નેણામાં રાખું રે, નાથજીને જતન કરીને મારા...ટેક૦
શિવ સનકાદિક શુક જેવા જોગી, હાં રે જેની વાટું જુવે છે લાખું રે, નાથ૦ ૧
છેલ છબીલાજીની મૂરતિ ઉપર, હાં રે મારા પ્રાણ વારી વારી નાખું રે, નાથ૦ ૨
નયણે નિરખી હરિને ઉરમાં ઊતારું, હાં રે એના ગુણલા નિશદિન ભાખું રે, નાથ૦ ૩
પ્રેમાનંદ કહે હરિરસ અમૃત, હાં રે હું તો પ્રેમે કરી નિત્ય ચાખું રે, નાથ૦ ૪

**૫૦૫ પદ-૪/૨**

અળગા ન મેલું રે, અળગા ન મેલું રે, નાથ તમને આંખડલીથી રે...ટેક૦
મદન મોહન તારી મૂરતિ જોઈને, હાં રે મારું મનડું થયું છે ઘેલું રે, નાથ૦ ૧
લોક કુટુંબ પરિવાર તજીને, હાં રે મેં તો તમ સંગ બાંધ્યું છે બેલું રે, નાથ૦ ૨
પ્રાણજીવન તમે પાસે રાખ્યાનું, હાં રે મને વચન દીધું છે વે'લું રે, નાથ૦ ૩
પ્રેમાનંદ કહે જોઈ જોઈ જીવું, હાં રે તારૂં મોળિડું રંગનું ભરેલું રે, નાથ૦ ૪

**૫૦૬ પદ-૪/૩**

નહિ દઉં જાવારે નહિ દઉં જાવા રે, નાથ તમને આંખડલીથી રે...ટેક૦
જીવની પેઠે હું તો જાળવીને રાખીશ, હાં રે એક લગારે ન દઉં દુખાવા રે, નાથ-૧
મન ગમતાં રે ભોજન રાંધી જમાડું, હાં રે લાવું સાકર નાંખીને દૂધ પાવા રે, નાથ-૨
શ્વેત અંબર અતિ ઝીણાં રે લાવું, હાં રે મારા પ્રાણ તમને પે'રાવા રે, નાથ-૩
જાવાનું રે તમે નામ લીયો તો, હાં રે પ્રેમાનંદના સમ છે માવા રે, નાથ-૪

**૫૦૭ પદ-૪/૪**

આવાને આવા રે, આવાને આવા રે, રહેજો મારી આંખડલીમાં રે...ટેક૦
આવાને આવા મારા નાથ બિરાજો, હાં રે મારા તનના તાપ બુઝાવા રે, રે'જો૦ ૧

ડોલરિયાના નિત્ય હાર પે'રાવું, હાં રે રૂડા તોરા લાવું લટકાવા રે, રે'જો૦ ૨
અમૃત વેણે સુકોમળ નેણે, હાં રે અતિ અમૃત ઝડી વરસાવા રે, રે'જો૦ ૩
પ્રેમાનંદ કહે નાથજી આગે, હાં રે રહું હાજર નિશદિન ગાવા રે, રે'જો૦ ૪

**૫૦૮** નટવર છબી દેખીરી પદ= ૪ **રાગ : ઝીંઝોટી** પદ-૪/૪

પલકનમેં રાખું સાવરે, આવો નંદરાવરે. પલકન...ટેક૦
પલકનસું પ્યારે પલક ન મેલું, આવો આવો આવો જ્યું ઉતાવરે...પલ૦ ૧
નટવર સુંદર રહો દગ ભીંતર, દેખો જ્યું સનેહી મેરો ભાવરે...પલ૦ ૨
કબહુક પલમેં કબહુક દલમેં, કબહુક દગ આગે ગાવરે...પલ૦ ૩
પ્રેમાનંદકે પિયા તનમન મેરો જીયા, તુમ પર કરુંગી ન્યોછાવરે...પલ૦ ૪

**૫૦૯** **રાગ : લાવણી પદ=૮** **પદ-૮/૧**

પધારે વટપત્તન સ્વામી, (૨)
સહજાનંદ મહારાજ પૂરન પુરૂષોત્તમ બહુનામી...પધારે- ૧
ચલે વરતાલસેં અવિનાશી, (૨)
આયે કીયા મુકામ ગામ સાંકરદે સુખરાશી...પધારે-૨
સંગ લે સેના અતિ ભારી, (૨)
ચતુરંગની બલવાન લગત હૈ દેખત અતિ પ્યારી...પધારે-૩
પદાતિ ઘોડે રથ હાથી, (૨)
શૂરવીર મહા સુભટ દુર્જય દેખી કંપે છાતી...પધારે-૪
આયે ગામ છાની ગિરધારી, (૨)
પ્રેમાનંદ કહે સનમુખ આઈ નૃપ કી અસવારી...પધારે-૫

૫૧૦ પદ-૮/૨

દેખી હરિ મગન ભયે સબ હી, (૨)
ઉતરી ગજ રથ ઘોડે પરસે પરે ચરન તબ હી...દેખી-૧
બડા એક ગજ આગે આના, (૨)
બેઠો પ્રભુ ઈસ ગજ પર યું કહે નારૂપંત નાના...દેખી-૨
ચઢે તેહી ગજપર બહુનામી, (૨)
દુસરે ગજપર બેઠે શુકમુનિ મુકતાનંદ સ્વામી...દેખી-૩
તિસરે ગજપર દોઉ ભાઈ, (૨)
પાંડે શ્રીરઘુવીર અવધ્યપ્રસાદજી સુખદાઈ...દેખી- ૪
ઓર મુનિ અગનિત સંગ આવે (૨)
પ્રેમાનંદ કહે રથપર કેતે, કેતે પગ ધાવે...દેખી-૫

૫૧૧ પદ-૮/૩

ચલે ગજ બૈઠ કે મહારાજા, (૨)
બોલત જય જય ચોપદાર બાજત હૈં બહુ બાજા...ચલે-૧
ચમર શિર નાનાસાહેબ ઢોરે, (૨)
મંદમંદ ગજ ચલત સંત કી ભીર ચહું કોરે...ચલે-૨
છબી અતિ અદ્ભુત બિરાજે, (૨)
કંચન કે બીચ કલશ અંબાડી કંચન કી છાજે...ચલે-૩
ચલત હૈ ઘોડે ગજ આગે, (૨)
પીછે પાલખી પેદલ રથ છબી બહુત નીકી લાગે...ચલે-૪
રૂપ ઘનશ્યામ કો અતિ સોહે, (૨)
પ્રેમાનંદ કે' નિરખી કોટિક મનમથ મન મોહે...ચલે-૫

**૫૧૨** **પદ-૮/૪**

બજત હૈ બાજે બહુ આગે, (૨)

પ્રણવ દુંદુભી ગોમુખ ઘોસા બહુત નીકે લાગે...બજત-૧

સરનાઈ પડગમ ડફ ભેરી, (૨)

સુની તાંસેકી શોર દોરી જન આયે સબ શહેરી...બજત-૨

ઉડતહે નિશાન પંચરંગી, (૨)

દૌરત ઘોડે ઘુમત નેજા બાજત રણશીંગી...બજત-૩

બજાવે ઝાંઝ મૃદંગ ગાવે, (૨)

પ્રેમાનંદ છબી નીરખી આનંદ અંગ નહીં સમાવે...બજત-૪

**૫૧૩** **પદ-૮/૫**

કીયો જબ પ્રવેશ પુરમાંહી, (૨)

ખબર સુની પુરવાસી ભાવિક ધાયે હરખાઈ...કીયો-૧

ઠાડે સબ સનમુખ કરજોરી, (૨)

થકીત ભયે લખી રૂપ ભૂપ હરિ ધર્મકુંવર કોરી...કીયો-૨

ભલે તુમ આયે બહુનામી, (૨)

બહુત દિનકે પ્યાસે લોચન સુફળ કીયે સ્વામી...કીયો-૩

કહત યું પુરજન મન હરખી, (૨)

પ્રેમાનંદ કે' નાથ પધારે જાની અંતરકી...કીયો-૪

**૫૧૪** **પદ-૮/૬**

ચલી જબ આગે અસવારી, (૨)

હરિ મુખ નિરખન રાજમારગમેં ભીર ભઈ ભારી...ચલી-૧

અટારી ચઢી સબ પુરનારી, (૨)

નિરખે શ્રીમહારાજ બદન છબી લેતી હે બલિહારી...ચલી-૨

મુદિત મન કુસુમ કળી બરખે, (૨)
ભયો સફળ અવતાર આજ યું બોલી મન હરખે...ચલી-૩
નિગમ કહે નેતિ નેતિ જાહી, (૨)
પ્રેમાનંદ કે' નાથ સો આયે વટપત્તન માંહી...ચલી-૪

૫૧૫ પદ-૮/૭

લીયો ભરી લોચન ઉર લા'વો, (૨)
હોઈ હે દુર્લભ દરશન કર લો ફેરી મન પછતાઓ...લીયો-૧
પુરુષ યહ પૂરન અવતારી, (૨)
ઘર બૈઠે ચલે આયે મૂરત લીજે ઉર ધારી...લીયો-૨
સૃષ્ટિ કો કારન હે યેહી, (૨)
અંનત જીવ ઓધાર કાજ ધરી, સુંદર નર દેહી...લીયો-૩
ઐસી સબ શુદ્ધ ભાવવારી, (૨)
પ્રેમાનંદ મહારાજકો મહિમા, ગાવતી પુરનારી. લીયો-૪

૫૧૬ પદ-૮/૮

ચલત હરિ ચિતવત ચહુ ઓરે, (૨)
ઝુક રહી સુંદર ભુવન અટારી, ઘટા ચહું કોરે...ચલત-૧
ભામિની ઠાડી સબ ઠોરે, (૨)
કરી પ્રણામ કર કુસુમ માળ લઈ ડારતી હે હોરે...ચલત-૨
હસી મુખ મંદ મંદ સ્વામી, (૨)
આનંદ ઉપજાવત હેં ઊંચે ચિતવી બહુનામી...ચલત-૩
ચલત જબ નૃપદ્વારે આયે, (૨)
પ્રેમાનંદ કહે નીરખી ભૂપતિ, સનમુખ ઊઠ ધાયે...ચલત-૪

**૫૧૭ રાગ : માંડ - પદ-૧**

પધારોને સહજાનંદજી હો, ગુન્હા કરીને માફ-ટેક૦
પ્રણામ છે ધર્મ તાતને, ભક્તિ માતાને પ્રણામ;
પ્રણામ છે જેષ્ઠ ભ્રાતને, ઈચ્છારામને પ્રણામ રે હો-ગુન્હા૦ ૧
પતિ મેલ્યા પિયુ તમ કારણે, મેલી કુળ મરજાદ;
માતાપિતા મૂકયાં છે સ્વામી, એક તમારે કાજ રે હો-ગુન્હા૦ ૨
ગરુડ તજીને પાળા પધાર્યા, ગજ સારુ મહારાજ;
એવી રીતે તમે આવો દયાળુ,કરવા અમારાં કાજ રે હો-ગુન્હા૦ ૩
અમ જેવા પ્રભુ તમને ઘણા પણ, તમો અમારે એક;
પ્રેમસખી વિનંતિ કરે છે, રાખો અમારી ટેક રે હો-ગુન્હા૦ ૪

**૫૧૮ રાગ : ઠૂમરી પદ=૪ પદ-૪/૧**

પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે...પ્યારે૦
લગી પ્રીત તોસું શ્યામસુંદર જૈસે, હીરો ફોર્યો ન ફુટે રે...પ્યારે૦ ૧
સમજી વિચારી પ્યારે તોસું જોરી, કાહુંકી તોરાઈ ન તુટે રે...પ્યારે૦ ૨
જોરી પ્રીત જાની સાચે સનેહી, ઓર સનેહી સબ જુઠે રે...પ્યારે૦ ૩
પ્રેમાનંદ કહે પ્યારે અબ ના છોડું, છોને જગત શિર કુટે રે...પ્યારે૦ ૪

**૫૧૯ પદ-૪/૨**

તોરી મોરી લગની લાગી રે લાલ...તોરી૦
લાગી લગન તોસે જીવન જૈસે, સોના મિલત સોહાગી રે...લાલા૦ ૧

લગન લગત મેરો સુફલ જનમ ભયો, દુર્મતિ સબ દૂર ભાગી રે...લાલા૦ ૨
શ્યામ મિલત સબ કાજ સુધરી ગયો, બાત બની ગઈ આગી રે...લાલા૦ ૩
પ્રેમાનંદકે નાથ અખંડ રહો દગે, યહી દેહો મોજ માગી રે...લાલા૦ ૪

**પ૨૦** **પદ-૪/૩**

તોસું મોરે મનવા માન્યો રે પ્યારે...તોસું૦
મન કર્મ વચ બસ ભઈ હું તિહારે, અંતર રંચ ન આન્યો રે...પ્યારે૦ ૧
પરમ સત્ય એક શ્યામસુંદર તુમ, ઓર સ્વપ્ન સમ જાન્યો રે...પ્યારે૦ ૨
મન માન્યો મોહત તુમ ચરને, સબ જગસું પછતાન્યો રે...પ્યારે૦ ૩
પ્રેમાનંદકે નાથ અબ ના છોડું, ચરને ચિત અટકાન્યો રે...પ્યારે૦ ૪

**પ૨૧** **પદ-૪/૪**

તોરા મોરા જીયરા એક રે પ્યારે...તોરા૦
તુમ જ્યું રહત મોરે જીયમેં જૈસે, કાચ મેં કંચન રેખ રે...પ્યારે૦ ૧
તુમ તો પ્યારે મોરે જીયકે જીવન, સબ વિધિ સુખદાયક રે...પ્યારે૦ ૨
તુમ મેરે સ્વામી મેં ચેરી ચરનકી, યેહી અચળ મેરી ટેક રે...પ્યારે૦ ૩
પ્રેમાનંદકે નાથ ચરનતેં, દૂર ન રહુંગી મેં નેક રે...પ્યારે૦ ૪

**એસે ચાતુર માસમેં પદ=૪**

**પ૨૨** **રાગ : ધનાશ્રી ઠૂમરી** **પદ-૪/૩**

પંથ પિયા પરદેશીકો, ઠાડી અટારિયાં હેરે રે; પંથ૦ ટેક.
સુંદર શ્રીઘનશ્યામ નામકી, એક પગ માલા ફેરે રે. પંથ૦ ૧
નેનન નીર ધરી ધરી ચિતવતી, ચરન ચિહ્ન પિયા કરે રે. પંથ૦ ૨
બિનય બચન કહી બોલતી રાધે, નાથ દયા નહીં તેરે રે. પંથ૦ ૩
પ્રેમાનંદ કહે નાથ સાંવરે, કબ આવોંગે મેરે રે. પંથ૦ ૪

**પ૨૩ રાગ : દાદરા પદ=૪ પદ-૪/૧**

પિયા મેરા પ્યારા, મોહન મતવાલા...પિયા૦
મોહનલાલકી મોહની મૂરત, ચંચલ નેન વિશાલા...પિયા-૧
ચાલ ચલત કલહંસકી સુંદર, કર ગહી રેશમી રુમાલા...પિયા-૨
હસત હસત આવત મન ભાવત, ગાવત તાન દેત તાલા...પિયા-૩
પ્રેમાનંદકો નાથ મનોહર, ગોપીવર ગોપાલા...પિયા-૪

**પ૨૪ પદ-૪/૨**

જીયા મેરા બંકા, મેવાસી કા'ના...જીયા૦
બંસીમેં સબ બ્રજ બસ કીનો, નંદગામ બરસાના...જીયા-૧
જમુના પેઠી કાલીનાગ નાથ્યો, દાવાનલ કીયો પાના...જીયા-૨
નખપર લે ગોવરધન ધાર્યો, મઘવાકો હર્યો માના...જીયા-૩
પ્રેમાનંદ ઘનશ્યામ કુંવર પર, તન મન ધન કુરબાના...જીયા-૪

**પ૨પ પદ-૪/૩**

જીયા મેરા જાદુ લગાય બસ કીના...જીયા૦
પાનનકી પુડીયામેં પ્યારે, ક્યા જાનું કછુ દીના...જીયા-૧
મનમોહનાને મનવા મેરો, હંસ હંસકે હર લીના...જીયા-૨
તરૂન ત્રિયા મન પ્રાન હરનકું, પરમ ચતુર પરવીના...જીયા-૩
પ્રેમાનંદને જાદુગારેકું, અંતરમેં લખ લીના...જીયા-૪

**પ૨૬ પદ-૪/૪**

જરા ચીરેવાલે મેરી ઓર હેરિયે...જરા૦
નેક નજર ભર હેરી હરિ મેરે, શિર કર પંકજ ફેરિયે...જરા-૧

બની ઠનીકે બહુનામી મેરે, નેક નેના આગે ઠેરિયે...જરા-૨
ગજરા હાર ગુલાબી બાજુ, પ્રીત કરી ભલા પેરિયે...જરા-૩
પ્રેમાનંદ પરમ સુખ પાયો, કમળનયન ક્રીપા તેરિયે...જરા-૪

**૫૨૭ રાગ : ભૈરવી પદ=૪ પદ-૪/૧**

પીરીસી પીછોરી તાપર ઓઢે પીરી સાલ જોરી,
પીરી પાઘ વામ ભાગ ઢરક રહી ઢીલીસી...પીરી૦ ૧
પે'રે પીરો સુરવાલ હાથમેં રૂમાલ પીરો,
ચટક ચટક ચલત પે'રે પાદુકા છબીલીસી...પીરી૦ ૨
પીરો ચંદન લેપ અંગ પે'રે હાર પીરે રંગ,
લીયે હાથ છરી પીરે રંગસુ રંગીલીસી...પીરી૦ ૩
નિરખી છબી વ્રજચંદ વારત પ્રાન પ્રેમાનંદ,
હસત મંદ મંદ શ્યામ મૂરત રસીલીસી...પીરી૦ ૪

**૫૨૮ પદ-૪/૨**

બને આજ લાલ લાલ ઓઢત દુશાલ લાલ,
થરક રહી લાલ પાઘ ઢરક વામ ભાલસું...બને૦ ૧
અંગમેં અંગરખી લાલ પે'રે લાલ સુરવાલ,
બાંધે કટી કસી લાલ રેશમી રૂમાલસું...બને૦ ૨
ચરન લાલ નખ લાલ પે'રી હેં પનૈયા લાલ,
ચલતહેં દયાલ રાજહંસ ગતિ ચાલસું...બને૦ ૩
લોચન વિશાલ લાલ અધર પ્રવાલ દેખી,
પ્રેમાનંદ ભયો નિહાલ મીલ મીલ ગોપાલસું...બને૦ ૪

**૫૨૯** **પદ-૪/૩**

હરે હરે રંગકે ભૂષન બસન પે'રે,
હરિ શાલ જોરી ઓરી હર્યો મેરે ચીતકું...હરે૦ ૧
હર્યો વાગો હરિ પાઘ હર્યો પીતાબંર કંઠી,
હરે નંગ જડિત હાર પે'રી જોરે પ્રીતકું...હરે૦ ૨
હરે રંગ જડિત નંગ અંગદ કંકન કર,
હરિ મોજરી ચરન પે'રી આવત ઈતકું...હરે૦ ૩
હર્યો બાજ હર્યો સાજ ચઢે તાપર મહારાજ,
પ્રેમાનંદ થકિત ભયો લખી મોહન મીતકું...હરે૦ ૪

**૫૩૦** **પદ-૪/૪**

બાંધે શ્વેત પાઘ બાંકી મોહન સુછિય રહી,
તાપર શ્વેત ફૂલનકો છાય રહ્યો સેહરા...બાંધે૦ ૧
શ્વેત સૂક્ષ્મ વાગો પે'રે શ્વેત દુપટો ધરે,
શ્વેત હાર ગજરા પે'રે શામરો સનેહરા...બાંધે૦ ૨
શ્વેત હે પલંગ ગાદી બેઠે તાપર શ્યામ સિદ્ધ,
શ્વેત તન તેજઉંતે છાય રહ્યો ગેહરા...બાંધે૦ ૩
શ્વેત સભા મધ્ય બેઠે કરત હે વિનોદ હાસ,
પ્રેમાનંદ કહે બરસત વચનામૃત મેહરા...બાંધે૦ ૪

**૫૩૧** ધર્મકુંવર ઘનશ્યામજી પદ=૪ **રાગ : ગરબી** **પદ-૪/૪**

પુરુષોત્તમ પોતે પ્રગટ્યા, સ્વયં મૂર્તિ સાક્ષાત્;
સોળે કળા સંપુરણ, કહ્યામાં નાવે વાત...પુરુ૦ ૧

મારી પે'લીવે'લી આવીને, મત પંથ માથે મેખ;
મેલાવ્યાં માન મહંતનાં, અસદ ભેખ ગુરુ ટેક...પુરૂ૦ ૨
ધર્મ એકાંતિક થાપીયો, ધરા ઉપર ધર્મ લાલ;
ઉખેડ્યાં મૂળ અધર્મનાં, કામને કીધો બેહાલ...પુરૂ૦ ૩
કામ ક્રોધ લોભ મોહ માન, વાંકા મેવાસી અસૂર;
જીતી બ્રહ્મા ભવ ઈંદ્રને, માનમાં ફરે મગરૂર...પુરૂ૦ ૪
એવા અસૂર આજ મારીયા, શું જાણે મતિમંદ;
પ્રબળ પ્રતાપ દેખાડિયો, સ્વામી સહજાનંદ...પુરૂ૦ ૫
અનંત જીવને ઓધારિયા, શરણે આવ્યા જોડી હાથ;
મહા સુખ દીધાં નિજ જનને, પ્રેમાનંદને નાથ...પુરૂ૦ ૬

**પ૩૨ રાગ : ઠૂમરી પદ=૪ પદ-૪/૧**

બાલાપન મેં બેરાગન કર દીની રે...બાલા૦ ટેક.
કર કર પ્રીત મીત બાલાપનમેં,
સુધ બુધ મોરી હરિ હર લીની રે...બાલા૦ ૧
શ્રીઘનશ્યામ સુંદરકી બતિયાં,
છતિયાં છેદી પરબસ કીની રે...બાલા૦ ૨
બાવરી ફીરું મોયે કછુ ન સોહાવે,
જાત કલપ સમ પલ છીની રે...બાલા૦ ૩
પ્રેમાનંદકે અટક રહી ઉર બીચ,
શ્યામરીસી મૂરત રંગભીની રે...બાલા૦ ૪

રસીયાજી મેરે જીવનપ્રાન પદ=૪

**૫૩૩ રાગ : બિહાગ પદ-૪/૨**

બીસર ન જાજો મેરે મીત, યહ વર માગું નીત; બીસર૦ ટેક૦
મેં મતિમંદ કછું નહીં જાનું, નહીં કછું તુમસે હીત;
બાંય ગ્રહેકી લાજ હે તુમકું, તુમ સંગ મેરી જીત. બીસર૦ ૧
તુમ રીઝો એસો ગુન નાહી; અવગુનકી હું ભીંત;
અવગુન જાની બિસારોગે જીવન, હોવહું બહુત ફજીત. બીસર૦ ૨
મેરે દઢ ભરોસો જીયમેં, તજીહો ન મોહન પ્રીત;
જન અવગુન પ્રભુ માનત નાહીં, યેહી પુરવકી રીત. બીસર૦ ૩
દીનબંધું અતિ મૃદુલ સુભાઉ, ગાઊં નિશદિન ગીત;
પ્રેમસખી સમજુ નહીં ઊંડી, એક ભરોસો ચિત. બીસર૦ ૪

**૫૩૪ પદ-૪/૩**

સાવરીયોજી કબ દેખું ભરી નેન, પ્રાનજીવન સુખદેન; સા૦ ટેક.
જનમ સુફલ જીય તબહી જાનું, સુનીહું કમલ મુખ બેન;
તનકી તપત તબહી બુજે, જબ અંકભર મીલહે શેન. સા૦ ૧
અરુન ચરન પંકજ ઉર ધરી હે, કરી હે નેનન સેન;
પૂરન શશીમુખ હાસ મનોહર, વારું કોટિક મેન. સા૦ ૨
તપ તીરથ વ્રત સાધન જેતે, વાંમે નહીં કાહું ચેન;
પ્રેમસખી સમજ યહ મેરી, રહું પાસ દિન રેન. સા૦ ૩

હમારે ભક્તિ ધર્મ સુત શ્યામ પદ=૪

**પ૩પ રાગ : ઠૂમરી પદ-૪/૨**

બેઠે દિવ્ય સભાપતિ રાય, બેઠે એજું નીરખત સબ દુઃખ જાય; બેઠે...ટેક૦
દિવ્ય સિંહાસન, દિવ્ય સુખાસન, દિવ્ય તેજકે માંય...બેઠે- ૧
દિવ્ય રમાપતિ, દિવ્ય કરત રતિ, દિવ્ય ચરન ચિત્ત લાય...બેઠે- ૨
દિવ્ય રતન જરે, દિવ્ય મુગટ ધરે, દિવ્ય પરત નિત પાય...બેઠે- ૩
દિવ્ય છત્ર ધરે, દિવ્ય ચમર ઢરે, પ્રેમાનંદ આગે ગાય...બેઠે- ૪

**પ૩૬ પદ-૪/૩**

હમારે સત્સંગકે ઉજીયારે (૨), એજું સહજાનંદ પ્રાન પ્યારે...હમા૦.ટેક
ભવ બિરંચી, સનકાદિક નારદ, છીન છીનમેં પ્રાન વારે...હમા૦ ૧
ત્રિભુવનનાયક, સબ સુખદાયક, જુગ જુગ પ્રતિ તનુ ધારે...હમા૦ ૨
થાપત ધર્મ, અધર્મ ઉથાપત, ગૌબ્રાહ્મણ પ્રતિપારે...હમા૦ ૩
ધર્મ સુનંદન, સબ જગબંદન, પ્રેમાનંદકે દ્રગ તારે...હમા૦ ૪

**પ૩૭ રાગ : ઠૂમરી પદ=૪ પદ-૪/૧**

ભલાજી મેરો કંગના નિકારી ગયોરે, કદમકી કુંજમેં; મેરો...ટેક૦
આય અચાનક નિઠુર નંદકે, ભલાજી મેરો પોંચા પકરી ગહ્યો રે-કદ૦ ૧
કંગના નિકારી ગારી મોયે દીની, નાહક મોસું ઝગરો મચાય દયો રે-કદ૦ ૨
ઈત ગોકુળ ઉત મથુરા નગરી, ભલાજી મેરો કોન સુને કયો રે-કદ૦ ૩
પ્રેમાનંદકો નાથ સાંવરો, છકયો મદ જોબન તરુન ભયો રે-કદ૦ ૪

**૫૩૮ રાગ : ખમાચ પદ=૪ પદ-૪/૧**

મન વસિયો રે મારે મન વસિયો, વ્રજરાજ કુંવર મારે મન વસિયો; ટેક૦
છેલ છોગાળો વા'લો અતિ મરમાળો,રંગભીનો રસનો રસિયો રે...મારે-૧
હળવે શું વા'લો હેત કરીને, મુજ સામું જોઈને હસિયો રે...મારે-૨
કસુંબલ પાઘ કેશરનો ભીનો, પીતાંબર કમરે કસિયો રે...મારે-૩
પ્રેમાનંદનો નાથ છબીલો, સોળ કળા પૂરણ શશિયો રે...મારે-૪

**૫૩૯ રાગ : ગરબી ધોળ પદ=૪ પદ-૪/૧**

મને મળીયા સહજાનંદ સ્વામી, સચ્ચિદાનંદ અંતરજામી. ૧
હુંતો થઈ છું હવે સતસંગી, મારે પ્રભુ સાથે પ્રીત અભંગી. ૨
મારાં સરવે તે કારજ સિધ્યાં, વ્રતમાન સ્વામીજીના લીધાં. ૩
મારે માથે સ્વામિની છાપ, સરવે પુરૂષ કીધા ભાઈ બાપ. ૪
દુરિજનિયાંને વેણે ન દાઝું, સ્વામિનારાયણ કે'તાં ન લાજું. ૫
હું તો બેઠી છું હરિવર ધારી, પ્રેમાનંદના સ્વામી પર વારી. ૬

**૫૪૦ પદ-૪/ ૨**

મારે સ્વામિનારાયણ ભજવા, દુરિજનિયાંના સંગને તજવા...૧
મેં તો મેલ્યો સંસારીયો માડી, જોવા સ્વામિનારાયણ દા'ડી...૨
મને સ્વામિનારાયણ ભાવે, લોક સ્વામીની કહીને બોલાવે...૩
વાટે ઘાટે ને જાતાં વળતાં, સ્વામિનારાયણ શ્રવણે સાંભળતાં...૪
મુખે સ્વામિનારાયણ ગાઉં, લોકલાજ થકી ન લજાઉં...૫

પ્રેમસખી કે' સ્વામીને સારું, કુરબાન કર્યું શિર મારૂં...૬

૫૪૧ પદ= ૮ રાગ : ધોળ પદ-૮/૧

મહારાજ આજ વડતાલથી આવશે,
સંગે લાવશે સંત સમાજ, મોહનવર પધારશે-૧
જયા કહે લલિતાને વાતડી;
આવ્યો કાગળ દિવસ વિત્યા સાત, વાંચીને ઠરી છાતડી-૨
અક્ષર કાગળમાં, ઉત્તમ ભૂપના;
કાગળ અવધી પુરી થઈ આજ, દર્શન સુખરૂપનાં-૩
સાત દિવસે મહારાજ સંત આવશે;
લખ્યા વરતાલથી સમાચાર, જરૂર પધારશે-૪
આવી માણકી દાદાના દરબારમાં;
નીરખી સહજાનંદ ભગવાન, શોભે અસવારમાં-૫
પ્રેમાનંદ કહે ગઢપુરવાસી આવિયા;
લાવ્યા ભેટ સામગ્રી ને હાર, વહાલાને પહેરાવિયા-૬

૫૪૨ પદ-૮/૨

ઊતર્યા માણકીએથી અલબેલડો;
ધર્મકુંવર ડોલરિયો દિવાન શોભે રંગરેલડો-૧
રૂડો ઓરડો વાસુદેવ દેવનો;
લાવો બિછાવણાં રંગરેલ, તાલ રાખો ટેવનો-૨
શોભે ઓસરી ઉત્તરાદા બારની;
બેઠા ગાદી તકીયે રંગરેલ, શોભા કહું ત્યારની-૩

લીંબતરુ તળે સભા સંતની;
ચારે પાસ લાખું હરિભક્ત, શોભા છે અત્યંતની-૪
શોભે દીર્ઘ સભા કોઈ ભાતની;
બોલ્યા સંત પ્રત્યે ધર્મલાલ, રસોઈ કરો ખાંતની-૫
પ્રેમાનંદ કહે ઉત્તમ ભૂપ આવિયા
થયો થાળ જમવાનો મહારાજ, ખબર એવી લાવિયા-૬

૫૪૩ પદ-૮/૩

વા'લે શીખ દીધી સભા સાથને;
ઉઠયા ના'વા નારાયણ આપ, મળ્યા ભરી બાથને-૧
ના'વા બેઠા ડોલરિયો દરબારમાં;
નાતા નીરખે છે જે નરનાર, તે ન રહે મન્યુ મારમાં-૨
વર્ણી મુકુંદ નવરાવે પ્રીતશું;
ચોળે અત્તર કરી કરી પ્યાર, વા'લાને રસરીતશું-૩
નાહી પહેર્યું પીતાબંર જોઈ આંખડી;
ચાલ્યા જમવા સહજાનંદ શ્યામ, પે'રી ચરણે ચાંખડી-૪
બેઠા જમવા ઓરડે અલબેલડો;
છત્રીસ વ્યંજનનો ધર્યો આગે થાળ, જમે રંગ રેલડો-૫
પ્રેમાનંદ કહે બરફી ને કંસાર છે;
હરિસો હલવો મોતીચુર દળ, ભોજન સરસ સાર છે-૬

૫૪૪ પદ-૮/૪

સાટા પેંડા પતાસાં ને ચુરમા;
ગાંઠિયા કળી ફુલવડી ઘેબર, ભજીયાં વડા ખૂરમા-૧
રૂડાં શાક વંતાક વાલોળ વાલ ને;

પરવળ કારેલાં કંકોડા શાક, જમાડયા ધર્મલાલને-૨
ટાંકો તાંદળજો સુવા ભાજી છે;
કેરી કાચરી અથાણાં કરેલ, ગોળ કેરી ઝાઝી છે-૩
ભાત દાળ ને કઢી અનૂપ છે;
ચટણી પાપડ ફાફડા દૂધ, સાકર સુખરૂપ છે-૪
જમી ચળું કરી બીડી લીધલી;
સંત પંકિત કરો તત્કાળ, આજ્ઞા એમ કીધલી-૫
પ્રેમાનંદ કે' હરે શબ્દ કીધલા;
આવ્યા પીરસવા નારાયણ આપ, મોતૈયા કર લીધલા-૬

**૫૪૫** **પદ-૮/૫**

વારંવાર જમાડી દર્શન દિધલાં;
ફર્યા પંગતમાં પંચવાર, વળતી શયન કિધલાં-૧
પોઢી જાગ્યા રાજેન્દ્ર રળિયામણો;
મતવાલો ડોલરિયો ભુપાળ, કાનડવર કોડામણો-૨
વરણી મુકુંદ અક્ષર-ઓરડી આવિયા;
દીઠા ડોલરિયો દિવાન, સાકર-જળ પાવિયા-૩
સાંજે ઓરડે સભા કરી શોભતી,
બેઠા ગાદી તકિયે રંગત પાટ, મુનિ મન લોભતી-૪
એવી સભા જોઈને શત્રુ હારિયા;
કામ ક્રોધ લોભ મોહ માન, મોત વિના મારિયા-૫
પ્રેમાનંદ કે' દેશોદેશ પૂરના;
આવ્યા પૂજા કરવા હરિજન દેશાંતર દૂરના-૬

૫૪૬ પદ-૮/૬

હવે સાંભળજો એક વારતા;

પૂજ્યા નારાયણ કરી પ્યાર, છબી ઉર ધારતા-૧

કાશ્મીર ઈન્દુ ચંદન ચરચી કીધલો;

પેરી ડગલી સોનેરી સુરવાળ, લાખેણો લાવે લીધલો-૨

માથે પાઘ બાંધી મોંઘા મૂલની;

ઓઢી શાલ કોટે શેલું સાર, શોભા સૂરજ તુલ્યની-૩

હવે કુંડળ પેરાવો કરણમાં;

પેર્યો કંદોરો કટિલંક સાર, તોડા જુગલ ચરણમાં-૪

વેઢ વીંટી કડાં સોનાં સાંકળાં;

પોંચી ઊતરી નંગ જડેલ, જોવા જન આકળાં-૫

પ્રેમાનંદ કે' પે'રાવી ફુલહારને;

પછે આરતી ઉતારી કરી પ્યાર, લહે કોણ પારને-૬

૫૪૭ પદ-૮/૭

એવી પૂજા કરી પાયે લાગીયા;

આ મૂરતિ અખંડ રહેજો ઉર, એ વર અમે માગિયા-૧

હવે વસ્ત્ર ઓઢાડો સંત વા'લને;

સર્વે ફેલ મેલાવ્યા તત્કાળ, ઓળખાવ્યા ધર્મલાલને-૨

ધન્ય ધન્ય સત્સંગી સાથને;

પૂજ્યા ધર્મકુંવર કિરતાર, મોહન સુખપાથને-૩

ધન્ય ધન્ય ઘેલો ગઢપુર ધામને;

ધન્ય અભયપુત્ર ઉત્તમરાય, રાખ્યા ઘેર શ્યામને-૪

એવી લીલા તેર દિવસ કીધલી;

કરે પંકિત જમાડે સાધુ નિત્ય, લીલા લખી લીધલી-૫
ધન્ય પ્રેમાનંદ ગઢપુર લોકને;
રહ્યા નારાયણ કરી નિવાસ, ટાળ્યા સંશે શોકને-૬

૫૪૮ પદ-૮/૮

નિત્ય થાય કથા સભા ગાવણાં;
કરે કથા નિત્યાનંદ નિત્ય, પુસ્તક લઈ રળિયામણાં-૧
ધન્ય ધન્ય નિત્યાનંદ નામને;
વાંચી રાજી કર્યા ભગવાન, ધર્મતનય શ્યામને-૨
હાથ જોડી સત્સંગી બોલિયા;
ઘેરે ચાલ્યા ફરવા મેલો સંત, દેશિક ઘણું ડોલિયા-૩
એમ કરતાં દિવસ બહુ વીતિયા;
જાઓ ફરવા સંતો ઉર્વી આજ, અરિ તમે જીતિયા-૪
ચોરી આદિક નિયમ ધરાવજો;
કરી વાતો કથા દેશોદેશ, સમૈયે વહેલા આવજો-૫
સંત ફરવા ગયા દેશ દૂરમાં;
લખી શોભા ચરિત્ર ગુન ગાન, પ્રેમાનંદ હજૂરમાં-૬

### એકવાર મંદિર આવો વહાલાજી પદ=૪

૫૪૯ રાગ : ગરબી પદ-૪/૪

મંદિર પધાર્યા સ્વામી રે, સાહેલી મારે મંદિર પધાર્યા સ્વામી;
દુ:ખ સર્વે દૂર વામી રે, સાહેલી મારે મંદિર પધાર્યા સ્વામી...ટેક૦
કપૂર આરતી કરી, મોતીડાંનો થાળ ભરી;

વધાવ્યા અંતરજામી રે...સાહેલી-૧
પહેરાવ્યા ચંપાના હાર, પગે લાગી વારંવાર;
ચરણે મસ્તક નામી રે...સાહેલી-૨
સેજડી સંવારી ખાંતે, ભોજનિયાં રાંધ્યા છે ભાતે;
નોતર્યા અક્ષરધામી રે...સાહેલી-૩
વ્યંજન થાળ આગે ધરી, પ્રીત શું જમાડ્યા હરિ;
હવે મારે ન રહી ખામી રે...સાહેલી-૪
જમીને ઉઠ્યા દયાળ, પ્રેમસખીને આપ્યો થાળ;
અંગોઅંગ આનંદ પામી રે...સાહેલી-૫

**૫૫૦ રાગ : કાલિંગડાની ગરબી પદ=૪ પદ-૪/૧**

માણકીએ ચડયા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી..મા૦
માણીગર સૌને કહે છે થાઓ ત્યાર, મુનિ વર્ણિ પદાતિને અસવાર;
વ્રતપુરી જાવા કર્યો નિરધાર...માણકીએ૦ ૧
કેસર બેરી બોદલી ને ફુલમાળ, તાજણ તીખી વાંગળીનો ઘણો તાળ;
શોભે ઘણા વહાલા લાગે છે મરાળ...માણકીએ૦ ૨
પ્રેમી ભક્ત વિનંતિ કરે દોડી દોડી, લોહચુંબક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી...માણકીએ૦ ૩
આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી, જાઓ પ્રભુ રામનવમી નથી દુરી;
સેવક દાસ પ્રેમાનંદ હજૂરી...માણકીએ૦ ૪

**૫૫૧ પદ-૪/૨**

વાલમજી વે'લા વળજો ગઢપુરી,વ્રતપુરી નથી દેશાંતર દૂર; વાલમજી૦

માણકીનો વેગ દેખ્યો સુણ્યો કોઇ, આકાશેથી તારો ખર્યો જાણ્યું જોઇ;
ગરુડ લાજ લોપી માણકીએ સોઇ...વાલમજી૦ ૧
મન વેગે ગાંફ જઇ રહ્યા રાત, સીંજીવાડે સ્વામી ગયા પરભાત;
હાં હાં કરતા વડતાલમાં ગઇ વાત...વાલમજી૦ ૨
વ્રતપુરી હાલ કિલોલ આનંદ, સમૈયે ચાલો આવ્યા જગવંદ;
ભલે ભલે સ્વામી તમે સહજાનંદ...વાલમજી૦ ૩
વાજાં વાગે આવ્યા નારાયણ સ્વામી, સભામધ્યે શોભે હેલી બહુનામી;
પ્રેમાનંદ કહે અક્ષર ધામના ધામી...વામલજી૦ ૪

**પપર** **પદ-૪/૩**

ડોલરિયો જમવા ઊઠયા રંગરેલ, માણીગર અળવ ભર્યો અલબેલ...ડોલરિયો૦
જમ્યા વ્હાલો સંતને પીરસવા આવ્યા, મોતીચૂર થાળ ભરીને મંગાવ્યા;
પંચ વાર ફર્યા સંતને હરાવ્યા...ડોલરિયો૦ ૧
પોઢયા વ્હાલો બંગલે જઇને સુખકારી, જાગ્યા સાંજે સભા કરી ઓટે સારી;
ધન્ય ધન્ય બે આંબા અઘહારી...ડોલરિયો૦ ૨
જુગલ કુંડ રંગના કરાવેલ તાલ, ત્યાં તો શોભે ઉર્વી ઘણી રે વિશાળ;
આવ્યા સંઘ ઘણા ઘણા સાયંકાળ...ડોલરિયો૦ ૩
દર્શન બહુ આપ્યા તૈયેં સુખધામ, ઘોડે ચડી સંઘમાં ફર્યા ઘનશ્યામ;
પ્રેમાનંદ કહે બંગલે ગયા ભગવાન...ડોલરિયો૦ ૪

**પપ૩** **પદ-૪/૪**

સવારે ગોમતી ગયા ભગવાન, રટે ત્રણ લોક નારાયણ નામ...સવારે૦
આજ રામનવમી જનનો હિલોળ, સત્સંગી સર્વે કરે છે કિલોલ;
ગાન તાન ઉત્સવ ઝાંઝ ઝકોળ...સવારે૦ ૧
આવ્યા હેલી મંદિરમાં મતવાલો, સંતસભા મધ્યે શોભે ધર્મલાલો;

સત્સંગી પૂજા કરવાને ચાલો...સવારે૦ ૨
પૂજા કરી આરતી ભક્ત ઉતારે, સંતસભા મૂર્તિ અંતરમાં ધારે;
રઢિયાળો લટકાં કરીને રીઝવે...સવારે૦ ૩
દસ દિવસ જમી જમાડી સિધાવ્યા, વ્રતપુરીવાસી ગઢપુર આવ્યા;
પ્રેમાનંદ કહે મોંઘે મોતીડે વધાવ્યાં...સવારે૦ ૪

**૫૫૪ રાગ : માંડ પદ-૧**

મારા કેસરભીના કહાન રે, ઉભા ગંગાજીને તીર-ટેક૦
ઉન્મત્ત ગંગા સોહામણી રે, ઉન્મત્ત વહે છે નીર;
ઘણું નાયા ઘનશ્યામજી રે, જળમાંય બળવીર રે. ઉભા૦ ૧
ખળખળીયા ખળકે ઘણું રે, ઘેલો ગુણ ગંભીર;
જેની ઉપમા નવ જડે રે, કયાંથી મતિ રહે સ્થિર રે. ઉભા૦ ૨
પૂર્વદિશામાં પાણી વહે છે, સુવર્ણ કેરી રેલ;
પાપ પુંજ દેખી ડરે રે, દાઝે દુષ્ટ હૃદિયાના હીર રે. ઉભા૦ ૩
સહજાનંદજી સ્નાન કરીને, પેહેર્યાં વસ્ત્ર અમુલ્ય;
પ્રેમસખી કહે ન્યાલ કરી, નાવે તેની તુલ્ય રે. ઉભા૦ ૪

**૫૫૫** જોયા જેવા રે કેશરીયો પદ =૪ **રાગ : ગરબી પદ-૪/૪**

મારાં પુણ્ય ઉદય થયાં પાછલાં રે, મુને પ્રગટ મળ્યા મહારાજ રે,
સુંદર વર મારા શ્રીહરિ રે...ટેક૦
જેનાં દર્શન દુર્લભ દેવને રે, મોટા મુનિવર ધરે નિત્ય ધ્યાન રે...સુંદર. ૧
જેના શિવ બ્રહ્મા પૂજે પાવલા રે, શેષ શારદ નિગમ ગુણ ગાય રે...સુંદર. ૨

એવા અખિલ ભુવનના અધિપતિ રે, પુરૂષોત્તમ પરબ્રહ્મ રાય રે...સુંદર.૩
માયા કાળ કરમના પ્રેરક પોતે રે, ક્ષર અક્ષરના આતમારામ રે...સુંદર.૪
કૃપા કરીને ભૂતળે તે પધારિયા રે, કરવા પતિતોને પૂરણ કામ રે...સુંદર.૫
આવ્યા પ્રગટ પ્રતાપ દેખાડવા રે, ઉતારવા ભૂમિનો ભાર રે...સુંદર.૬
રૂડા ધરમ ધરા પર સ્થાપવા રે, દેવા પ્રેમાનંદને સુખ અપાર રે...સુંદર.૭

### વંદુ હરિકૃષ્ણ પ્રગટ પરમેશ્વર પદ = ૬

**૫૫૬ રાગ : ધોળ પદ-૬/૩**

મારે લગની લાગી છે ઘનશ્યામની જીહો, નહિરે ડરુ લોક લાજથી,
મારે રટના લાગી છે એના નામની જીહો, નિર્ભે થઇ હુંતો આજથી...નહિ-૧
મારા પ્રાણના જીવન ઘનશ્યામ છે, મારે સુખ સંપત એનુ નામ છે જીહો...નહિ-૨
મારે એક આશ છે ઘનશ્યામની, હું તો માળા જપું છું એના નામની જીહો...નહિ-૩
મારે સર્વસ્વ શ્રી ઘનશ્યામ છે, મારે એહ વિના બીજુ હરામ છે જીહો...નહિ-૪
મારે ઈષ્ટ ઘનશ્યામ સુખધામ છે, પ્રેમાનંદ જોઈ જોઇ પૂરણકામ છે જીહો...નહિ-૫

**૫૫૭ પદ-૬/૬**

હાંરે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે જીહો; જોઈને જીવું છું, સુંદર મૂરતિ રે,
હાંરે મારાં નેણાં તણો શણગાર છે જીહો; અળગો ન મેલું હવે ઉરથી રે - ૧
હાંરે મારું ચિતડું ચોરાણું એની ચાલમાં;
હાંરે હું તો વશ થઈ છું એના વાલમાં જીહો. જોઈને - ૨
હાંરે મારા ઉરમાં ખુંત્યો છે છેડો પાઘનો;
હાંરે કાંઈ પાર નહીં મારા ભાગ્યનો જીહો. જોઈને - ૩
હાંરે હું તો દાસી છું કૃપાનિધાનની;

હાંરે મને ચાવીને આપી છે બીડી પાનની જીહો. જોઈને - ૪
હાંરે દયા હેતનો ભર્યો છે અલબેલડો;
હાંરે પ્રેમાનંદનો વા'લો રંગ છેલડો જીહો. જોઈને - ૫

**૫૫૮** સુંદર છબી આજકી કહી પદ=૪ **રાગ : કલ્યાણ પદ-૪/૪**

મુગટ છબી અદ્ભુત આજ બની...ટેક૦
નિરખી કોટિક મદન લજાયે, કોટિ શશિ તરની. મુગટ૦ ૧
બરનત મુગટ છબી કવિ હારે, શારદ સહસ્ત્રફની. મુગટ૦ ૨
નટવર નાગર શોભા સાગર, સુંદર ત્રિભોવનધની. મુગટ૦ ૩
પ્રેમાનંદકે ઉર અખંડ બિરાજો, કરત હે અરજ ઘની. મુગટ૦ ૪

ઓરા આવો ને વારી જાઉ પદ=૪

**૫૫૯ રાગ : ગરબી પદ - ૪/૩**

મુને વાલા છો પ્રાણથી નાથ રે, સુંદર શામળિયા;
મારુ મનડું તમારે સાથ રે, સુંદર શામળિયા...ટેક૦ -૧
મારાં નેણાં ચકોર તમે ચંદ રે, સું૦ તમને જોઉં ત્યારે આનંદ રે...સુંદર૦-૨
પ્રીત કોયલ તમે ઋતુરાજ રે, સું૦ તમ વિના થાયે છે ઘણી દાઝ રે...સુંદર૦-૩
મારુ ચિત્ત ચાતક સ્વાત શ્યામ રે, સું૦ તમ વિના બીજું છે હરામ રે...સુંદર૦-૪
મન મીન તમે સાગર પીવ રે, સું૦ તમ વિના તલફી જાયે જીવ રે...સુંદર-૫
ઘન શ્યામ તમે હું છું મોર રે, સું૦ તમ વિના મરુ છું કરી શોર રે...સુંદર-૬
હું તો ભ્રમર કમળ તમે માવ રે, સું૦ આજ આવ્યો છે મારો દાવ રે...સુંદર-૭
તારું મુખડું જોયાની મને તાણ રે, સું૦ આવો પ્રેમસખીના પ્રાણ રે...સુંદર-૮

**૫૭૦ આવોતો ગોઠડી કીજે પદ=૪ રાગ : ગરબી પદ-૪/ ૪**

મૂરતિ મારે મનમાની, મોહન તારી મૂરતિ મારે મન માની;
રાખું નેણામાં છાની છાની, મોહન તારી મૂરતિ મારે મનમાની. ટેક૦
છાની રાખું કોઈને નવ દાખું રે, રસિયા છેલ ગુમાની. મોહન૦ ૧
નટનાગર હરિ રૂપ ઉજાગર રે, સુંદરવર સુખ ખાની. મોહન૦ ૨
મુખ મંદહાસ અધરબિંબ રાતા રે, રેખા ઊઠે છે નાની નાની. મોહન૦ ૩
પ્રેમસખી એ શોભા નિરખી રે, રાત દિવસ હું દિવાની. મોહન૦ ૪

**૫૭૧ રાગ : જંગલો પદ=૪ પદ-૪/ ૧**

મેં તો તેરે બીરુદ ભરોસેં બહુનામી, મેંતો૦ ટેક.
સેવા સુમરન કછુવે ન જાનું, સુનીયો પરમ ગુરુ સ્વામી. મેંતો૦ ૧
ગજ અરુ ગીધ તારીહે ગનીકા, કુટીલ અજામિલ કામી. મેંતો૦ ૨
યેહી સાખ શ્રવને સુની આયો, ચરનશરન સુખધામી. મેંતો૦ ૩
પ્રેમાનંદ કહે તારો કે મારો, સમરથ અંતરજામી. મેંતો૦ ૪

**૫૭૨ પદ-૪/૨**

અપનો બિરુદ બીચારો નાથ; અપ૦ ટેક.
અશરન શરન અધમ ઓધારન, નિગમ ગાવત યહ ગાથ. અપ૦ ૧
બનચર મલીન ગીધ બંધુસમ, મીલે હરખી ભરી બાથ. અપ૦ ૨
ગૌતમ નારી તારી જડ જોની, ચરન પરસી સુખપાથ. અપ૦ ૩
પ્રેમાનંદ વિશ્વાસ આની ઉર, પર્યો ચરન ધરી માથ. અપ૦ ૪

**૫૭૩** **પદ-૪/૩**

રાખો પ્રભુ અપને બિરૂદકી લાજ; રાખો૦ ટેક.
હમ હેં પતિત તુમ પતિતકે પાવન, સુનીયે ગરીબ નીવાજ. રાખો૦ ૧
જુગ જુગ અધમ ઓધારત અગનીત, નઈ ન કરી કછુ આજ. રાખો૦ ૨
ગનીકા ગીધ અજામિલ આદીક, કીતને ગીનું મહારાજ. રાખો૦ ૩
પ્રેમાનંદ પતિત તીહારો, તુમ સમરથ શિરતાજ. રાખો૦ ૪

**૫૭૪** **પદ-૪/૪**

અબ તો નાથ નિભાઈ લિજે; અબ૦ ટેક.
જેહી ભુજ તારે પતિત બહુ તાકો, નેક સહારો દીજે. અબ૦ ૧
કૃપાસિંધુ કૃપા કરી અબ તો, નેક સુદષ્ટિ કીજે. અબ૦ ૨
તુમ બિના ઓર સબ હીં હમ જેસે, કા'કો શરન ગ્રહીજે. અબ૦ ૩
પ્રેમાનંદકે' નાથ તિહારો, બદન વિલોકી જીજે. અબ૦ ૪

**૫૭૫** **રાગ : ગરબી પદ=૪** **પદ-૪/ ૧**

મોહન મૂરતિ તારી રે, વા'લી લાગે છે;
મોહન મૂરતિ તારી રે, નીમખ ન મેલું ન્યારી રે...ટેક૦
સુંદરવર અતિ શોભો છો સારા, ઉરપર હાર હજારી રે...હો વા'લી૦ ૧
પાંપણ ઉપર શોભી રહી છે, પાઘડલી ઘણી સારી રે...હો વા'લી૦ ૨
છેલછબીલા તારા છોગલા જોઈને, મોહી છે પાડોશણ મારી રે...હો વા'લી૦ ૩
પ્રેમસખી કહે નાથજી તમને, રાખું રુદામાં ધારી રે...હો વા'લી૦ ૪

**૫૯૬ રાગ : ઠૂમરી પદ=૪ પદ-૪/ ૧**

યાર કનૈયા નીકો જારે, પ્યારે ન મારો નેન રસિયા; યાર૦-ટેક.
નેન સેનકી પીરા જીયરા, પરત નાહીં પલ ચેન રસિયા. યાર૦ ૧
તોરે નેન અતહિં અનિયારે, ખટકતહેં દીન રેન રસિયા. યાર૦ ૨
નેનો રાતે મદન રસમાતે, રેખે રસભરી એન રસિયા. યાર૦ ૩
પ્રેમાનંદ કહે પ્યારે પીન ન જાનો, ના માનો સુખદેન રસિયા. યાર૦ ૪

**૫૯૭ પદ-૪/૨**

છાંડ કનૈયા બૈયાં મોરી, જી ના બોલો ગ્વાલ બતિયા૦-ટેક.
નંદકુંવર નખરે ન કરોરે, ના છુવો મોરી લાલ છતિયાં. છાંડ૦ ૧
અબહિ શ્યામ તેં છોટો લરીકા, થોરી હે ગોપાલ મતિયાં. છાંડ૦ ૨
હમ પરનારી રાજ કંસકો, ના સીખો કુચાલ ઘતિયાં. છોડ૦ ૩
પ્રેમાનંદકે પ્યારે માનો, પકરી જહો કાલ રતિયાં. છાંડ૦ ૪

**૫૯૮ પદ=૪ રાગ : ખમાચ પદ-૪/૧**

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર આવતા રે-રૂડા૦ ટેક.
જરકસિયો જામો હરિ પેરી, માથે બાંધી પાઘ સોનેરી;
ગૂઢો રેટો ઓઢી મન લલચાવતા રે...રૂડા૦ ૧
હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે...રૂડા૦ ૨
કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને;

ચિત્તડું ચોરો(છો) મીઠું મીઠું ગાવતા રે...રૂડા૦ ૩
પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી;
હેતે શું બોલાવી તાપ શમાવતા રે...રૂડા૦ ૪

**૫૬૯** **પદ-૪/૨**

વહાલી લાગે છે વરણાગી તારી વાંકડી રે; વહાલી૦ ટેક.
લલિત ત્રિભંગી સુંદર શોભે, સુરનર મુનિના મનને લોભે;
ચાલો ચાલ ચટકતી પે'રી ચાંખડી રે...વહાલી૦ ૧
સુંદર હસિત વદનની વાણી, સુણતાં વ્રજવનિતા લલચાણી;
જોઈને મોહી અણિયાળી ચંચળ આંખડી રે...વહાલી૦ ૨
નવલ મનોહર સુંદર છેલા, ઓરા આવોને અલબેલા;
મળિયે મોહન બાંધી બાંયે રાંખડી રે...વહાલી૦ ૩
શ્રી ઘનશ્યામ છબીના ધામ, પ્રેમાનંદ ભજે આઠો જામ;
જોયાની લાગી છે નિશદિન ધાંકડી રે...વહાલી૦ ૪

**૫૭૦** **પદ-૪/૩**

તારી બાનકની બલિહારી, મારા નાથજી રે; તારી૦ ટેક૦
સુંદર રૂપ કહ્યામાં ના:વે, શેષ સહસ્રમુખ પાર ન પાવે;
કોટિક કામ લજાઈ જોડે હાથજી રે. તારી૦ ૧
મોહ્યું મન મુખને મરકલડે, ગિરિધરજી ગમિયા છો દલડે;
ક્ષણું ન મેલે સાગરતનયા સાથજી રે. તારી૦ ૨
રૂપ શીલ ગુણ રસના સાગર, તરુણ કિશોર સદા નટનાગર;
વ્રજવનિતાના પ્રાણજીવન સુખપાથજી રે, તારી૦ ૩
કરુણા રસમય જોવું હસવું, કરુણા કરી જન ઉરમાં વસવું;
પ્રેમાનંદ નિત્ય ગાવે એ ગુણ ગાથજી રે. તારી૦ ૪

**૫૭૧** **પદ-૪/૪**

વારે વારે જાઉં વહાલાજી તારે વારણે રે; વારે૦ ટેક.
આદિપુરુષ ઈશ્વર અવતારી, કરૂણારસમય મૂર્તિ ધારી;
પતિતપાવન પ્રગટયા આજ અમ કારણે રે...વારે૦ ૧
નરનારી અગણિત અથડાતાં, ભવસાગરમાં ડૂબકાં ખાતાં;
બળવંત બાંહ્ય ગ્રહીને કાઢયા બારણે રે...વારે૦ ૨
અધમ ઉધારણ નામના નામી, બિરૂદ તમારૂં સદાયે સ્વામી;
કીધું સત્ય કળીમાં બહુ જન તારણે રે...વારે૦ ૩
મળિયા પુરૂષોત્તમ એમ જાણી, અચળ આશરો ઉરમાં આણી;
પ્રેમાનંદ ઠરીને બેઠો ઠારણે રે...વારે૦ ૪

**૫૭૨** **રાગ : ગરબી પદ=૪** **પદ-૧/૧**

રે સ્વામિનારાયણ સાંભરે, ગાતાં તે સાતે વાર રે;
રે વાણી તે રસ ભરી આપજો, ધર્મતણા કુમાર રે...સ્વામિ૦ ૧
રે આદિત્ય સહજાનંદ ઉદિયા, કરવા પતિત ભવ પાર રે...સ્વામિ૦ ૨
રે સોમ સરખા શીતળ સદા, ક્રુરતા ન મળે લગાર રે...સ્વામિ૦ ૩
રે મંગળકારી મૂર્તિ, ધર્મકુંવર કીરતાર રે...સ્વામિ૦ ૪
રે બુધ પુજે જેની પાદુકા, હરખ ભર્યા વારંવાર રે...સ્વામિ૦ ૫
રે ગુરુ સુર મુનિ ભૂપના, સહજાનંદજી સરદાર રે...સ્વામિ૦ ૬
રે શુક્ર સરખા સ્વભાવના, રિપુ સદા સુખ સાર રે...સ્વામિ૦ ૭
રે શનિ સરખા નરનારનો, કીધો તે આજ ઓધાર રે...સ્વામિ૦ ૮
રે આ પદ ગાયે ને શીખે સાંભળે, વાધે પ્રભુ પદ પ્યાર રે...સ્વામિ૦ ૯

રે સ્વામિનારાયણ નામ પર, પ્રેમાનંદ જાય બલિહાર રે...સ્વામિ૦૧૦

**પ૭૩ રાગ : દેશી પરજ પદ=૪ પદ-૪/૧**

લઈને ગયા મન પ્રાણ રે, માવો મારાં લઈને ગયા મન પ્રાણ રે; માવો૦ ટેક
પ્રાણ લઈને વહાલે પરવશ કીધી, ભૂલી હું તનડાનું ભાન રે...માવો-૧
જોયા વિનારે જીવડલો જાયે છે, થાય છે જો તનડામાં તાણ રે...માવો-૨
નેણાંને આગે કોઈ આણી મીલાવે, સુંદરશ્યામ સુજાણ રે...માવો-૩
પ્રેમાનંદના નાથની છું હું તો, દામ વિનાની વેચાણ રે...માવો-૪

**પ૭૪ પદ-૪/૨**

આંખડિયો અકળાયે રે, જોયા વિના આંખડિયો અકળાયે રે; જોયા૦ ટેક.
રાત દિવસ જોઉં વાટ વહાલાની, આંસુડાં ન સુકાયે રે...જોયા૦ ૧
સૂની સેજ જોઈ મંદિરમાં, કાળજડું કોરાયે રે...જોયા૦ ૨
શ્રીઘનશ્યામ વદન જોયા વિના,પળ પળ જીુગ સમ જાયે રે...જોયા૦ ૩
પ્રેમાનંદ કહે તનડું તપે છે, મળવાને મોહનરાયે રે...જોયા૦ ૪

**પ૭૫ પદ-૪/૩**

મુખડું જોયાનું હતું નેમ રે, દા'ડી મારે મુખડું જોયાનું નેમ રે; દા'ડી૦ ટેક.
મુખડું જોયા વિના પાણીએ ન પીતી, ચંદને ચકોર જોતી જેમ રે...દા'ડી૦ ૧
વદન જોવાને ઘનશ્યામ વહાલાનું, રહેતી હાજર એમની એમ રે...દા'ડી૦ ૨
કામ ને કાજ ઘરબાર સંસાર મેં તો, મેલ્યો પડતો જેમ તેમ રે...દા'ડી૦ ૩
પ્રેમાનંદનો નાથ જોયા વિના, હવે કરીશ હું કેમ રે...દા'ડી૦ ૪

**પ૭૬ પદ-૪/૪**

કોઈ દેખાડો ઘનશ્યામ રે, મોળીડાવાળો કોઈ દેખાડો ઘનશ્યામ રે; મોળી૦ ટેક.

શ્રીઘનશ્યામ નારાયણ મારે, સરવે સુખનું ધામ રે. મોળી૦ ૧
એ સારૂં ઘરબાર જગત સુખ, સરવે કીધું મેં હરામ રે...મોળી૦ ૨
શત્રુ કંપે છે જેનું નામ સુણીને, માન ક્રોધાદિક કામ રે...મોળી૦ ૩
પ્રેમાનંદના નાથ વિના સરવે, વ્યાકુળ ગોકુળ ગામ રે...મોળી૦ ૪

**૫૭૭ કુંવર મત પકરો પદ= ૬ રાગ : કાલિંગડો પદ- ૬/૬**

લટક મન બસ ગઈ લાલનકી, લાલનકીરે ગોપાલનકી...ટેક૦
લટકત આવત દગ લલચાવત, ગાવત તાન ખ્યાલનકી...લટ૦ ૧
શ્વેત પાગ બીચ લટકત શેખર, તિલક રૂચિર છબી ભાલનકી...લટ૦ ૨
સુમન હાર ભુજબંધ રુ કંકન, ઓઢત જોરી દુશાલનકી...લટ૦ ૩
પ્રેમાનંદ વામ કર કટિ પર, એક કર લટક રૂમાલનકી...લટ૦ ૪

**૫૭૮ નયન મુજ ફરકત પદ=૮ રાગ : ધનાશ્રી પદ-૮/૭**

લટક યહ આય બસી ઉર મૈંયા,
લટપટી પાઘ લટકતે તોરે, લટકત ચાલ કનૈયા,
લટક લટક આવત ઘર મોરે, પાય તેરે પનૈયા...લટક૦ ૧
લટક હસત મધુર મુખ બોલત, ચિતવની ચિત્ત હરૈયા,
પ્રેમાનંદ ઘનશ્યામ લટક પર, બારબાર બલ જૈયા...લટક૦ ૨

**૫૭૯** મંદિર મુરારી પદ=૪ **રાગ :ગરબી પદ-૪/૨**

લટકાળા લે'રી, પધારો લટકાળા લે'રી...ટેક૦
શેરી વળાવી સજ્જ કરાવી, ફૂલડાં મેલ્યાં વેરી...પધારો૦ ૧
પ્રીત કરી જગજીવન જામા, જરકસિયા પેરી...પધારો૦ ૨
પાલખીયે બેસીને પધારો, હરિવર મારી શેરી...પધારો૦ ૩
વાજા વાગે આગે ઓછવ થાયે, ઝાલર્યું ઝણણેરી...પધારો૦ ૪
ઊભ્મી વધાવા થાળ ભરીને, ગજ મોતીડાં કેરી...પધારો૦ ૫
પ્રેમાનંદ આનંદ અતિશે, સુંદર મુખ હેરી...પધારો૦ ૬

જાઓ જાઓ છબીલે છેલ પદ=૪

**૫૮૦ રાગ:ઠૂમરી આદિ ત્રિતાલ પદ-૪/૪**

લાગે લાગે કરેજે બાન રે, તેરે નેનાં રસિક રતના રે; લાગે૦ ટેક.
નેન બાનકે મારે પ્યારે, ભૂલ ગઈ તન ભાન રે...તેરે૦ ૧
ચંચળ નેન ચપળ ચિતવનીમેં, બસ કીને મોરે પ્રાન રે...તેરે૦ ૨
બીનું દેખે બ્યાકુળ ફિરત બાવરી, તેરે લીયે શ્યામ સુજાન રે...તેરે૦ ૩
સુંદર વર પિયા તેરી છબીપર, પ્રેમાનંદ કુરબાન રે...તેરે૦ ૪

**૫૮૧ રાગ : કલ્યાણ ભોપાલી પદ=૨ પદ-૨/૧**

શ્યામ આજ શોભિત રંગ ભરે; શ્યામ૦ ટેક.

અટપટી પાઘ બાંકે પેચન મેં, લટકત મોતી લરે હો. શ્યામ૦ ૧
ઉર બનમાલ પુનિત બાજુબંધ, તા બીચ નંગ જરે;
પ્રેમસખી પ્રિતમ છબી નિરખી, કામ કો ગરવ હરે હો. શ્યામ૦ ૨

**૫૮૨ રાગ : ગરબી પદ=૪(વચ. પં. ૩) પદ-૪/૧**

સખી આજ મોહન દીઠારે, શેરીએ આવતા રે;
મોરલીમાં ગીત મધુરાં રે, ચાલ્યા આવે ગાવતા રે...૧
આવે વાલો હસતા ને રમતા રે, ગોવાળોનાં સાથમાં રે;
ઉછાળતા આવે મોહન રે, ફુલદડી હાથમાં રે...૨
રંગડાનો રાતો માતો રે, ચાલ્યો આવે શોખમાં રે;
રસિયો જોવાને કાજે રે, ઊભી છું ગોખમાં રે...૩
મોહનજીનું મુખડું જોયું રે, ઘુંઘટની ઓટમાં રે;
જોઈને ઘાયલ થઈ છું રે, નેણાં કેરી ચોટમાં રે...૪
હૈયા પર હાર ઝળકે રે, રહ્યું મન મોહીને રે;
બ્હેની પ્રેમસખીના નાથને રે, રહું છું જોઈને રે...૫

**સજની પૂછોને નંદજીનો લાલ પદ=૮**

**૫૮૩ રાગ : ગરબી પદ-૮/૮**

સજની મનડે વાળી ગાંઠ, તે છોડું કેમ કરી રે લોલ;
ટાળી ન ટળે કરમની રેખ, તેમ મારે હરિ રે લોલ...૧
મન કર્મ વચને ઝાલી હાથ, હાલરે જેમ લાકડી રે લોલ;

તેમજ પ્રાણ સંગાથે લીધા, મનમોહન જડી રે લોલ...૨
તેલે પલાળીને વાળે જેમ ગાંઠ, કે રૂડી હીરની રે લોલ;
સજની એમ પડી મારે આંટી, કે મોહન આહીરની રે લોલ...૩
જોતાં લોચન ત્રપત ન થાય, કે એવી ટેવ પડી રે લોલ;
સજની પ્રાણજીવન જોયા વિના, ચાલે નહી ઘડી રે લોલ...૪
રસિયા સાથે લાગી પ્રીત, કે દુઃખ સર્વે ટળ્યા રે લોલ;
સજની પ્રેમસખીનો નાથ, કે આજ અઢળક ઢળ્યા રે લોલ...૫

**૫૮૪ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હૈડે હરખ રહ્યો ઉભરાય; સ૦
નેણે આંસુની ધારા વહે રે, વિરહે મનડું વ્યાકુળ થાય...સ૦ ૧
સુંદર મૂર્તિ શ્રીમહારાજની રે, સુંદર કમળ સરીખાં નેણ...સ૦ ૨
સુંદર કરતા લટકાં હાથનાં રે, સુંદર અમૃત સરીખાં વેણ...સ૦ ૩
શી કહું શોભા અંગોઅંગ તણી રે, નીરખી લાજે કોટિક કામ...સ૦ ૪
હસતાં હસતાં હેત વધારતા રે, એવા સુખનિધિ શ્રીઘનશ્યામ...સ૦ ૫
સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે, અંબર જરકસિયાં કોઈ વાર...સ૦ ૬
ગુચ્છ કલંગી તોરા ખોસતા રે, ગજરા બાજુ ગુલાબી હાર...સ૦ ૭
એ છબી જોવા તલપે આંખડી રે, મધુરાં વચન સાંભળવા કાન...સ૦ ૮
એ હરિ મળવાને હૈડું તપે રે, પ્રેમાનંદના જીવનપ્રાણ...સ૦ ૯

**૫૮૫ પદ-૪/૨**

મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે, ચિંતવન કરવા ચિત્ત આતુર; મનડું૦
તરુણ મનોહર મૂર્તિ નાથની રે, રાજીવલોચન જોબનપુર...મનડું૦ ૧

સોળે ચિહ્ન સહિત અતિ શોભતી રે, સુંદર ચરણકમળની જોડ...મનડું૦ ૨
હળવી રહીને હેતે ચાપતી રે, કયારે હવે પૂરશે મનના કોડ...મનડું૦ ૩
પિંડી જાનું નિત્ય નિરખતી રે, રૂડા સાથળ ચિહ્ન સહિત...મનડું૦ ૪
શ્યામ કટિ જોઈ જાદવરાયની રે, નિત્ય નિત્ય નૌતમ ઉપજે પ્રીત...મનડું૦ ૫
ઊંડી નાભ્મી કમળ સરીખડી રે, ત્રિવળી નિરખી ઉદર માંય...મનડું૦ ૬
છાતી ઉપડતી અતિ ઓપતી રે, હવે કયારે ભુજગ્રહી બાથ ભરાય...મનડું૦ ૭
મુખની શોભ્મા જોઈ મહારાજની રે, લાજે પંકજ પૂરણચંદ...મનડું૦ ૮
નાસા નેણ ભ્રુહ જોઈ ભાલને રે, જાય બલિહારી પ્રેમાનંદ...મનડું૦ ૯

**૫૮૬** **પદ-૪/૩**

સજની નિમખ ન વિસરે નાથજી રે, નિત્ય નવા તરુણપણાના ખેલ; સ૦
આ ઓસરીયે આવી બેસતા રે, આ ઢોલીડે નટવર છેલ...સ૦ ૧
આ તકિયોં તે વાંસે મેલતા રે, આ માળા ફેરવતા શ્યામ...સ૦ ૨
ગાતા ગોઠીડાના સાથમાં રે, ઘેરે સાદે પૂરણકામ...સ૦ ૩
આ મોજડિયું વહાલો પહેરતાં રે, આ છડી લેતા કરવરમાંય...સ૦ ૪
આ પાદુકા પે'રી આવતા રે, મારે મંદિર મુનિના રાય...સ૦ ૫
આ ફળિયામાં ઘોડી ફેરવતા રે, માણકી મતવાલી મહારાજ...સ૦ ૬
સંતની સભા કરી આંહી બેસતા રે, શ્રીહરિ સુરનર મુનિ શિરતાજ...સ૦ ૭
કીર્તન મુનિવરને ગવરાવતા રે, ભેળા ગાતા સહજાનંદ...સ૦ ૮
એવા ધર્મકુંવર હરિ ઉપરે રે, તન મન વારી પ્રેમાનંદ...સ૦ ૯

**૫૮૭** **પદ-૪/૪**

લટકાં લટકાળા ઘનશ્યામનાં રે, ખટકે ઊંડાં અંતર માંય; લટકાં૦
પ્રીત કરી મુજને બોલાવતા રે, તે સંભારી બહુ દુઃખ થાય. લટકાં૦ ૧
આ સજ્યા તે શ્રી મહારાજની રે, આ બાજોઠે બેસતા લાલ. લટકાં૦ ૨
આ ઠેકાણે ન્હાતા નટવરજી રે, લુતા અંગ કર લઈ રૂમાલ. લટકાં૦ ૩

આ ઠેકાણે જમવા બેસતા રે, જમતા વિધવિધના પકવાન. લટકાં૦ ૪
સુંદર શાક કરી વંતાકના રે, જમીને દેતા પ્રસાદી કહાન. લટકાં૦ ૫
આ ખળખળિયે ના'તા નાથજી રે, નાહીને હરિજન મુનિ લઈ સાથ. લટકાં૦ ૬
આવતા માણેકચોકમાં મલપતાં રે, પુરજન થાતાં જોઈ સનાથ. લટકાં૦ ૭
વહાલો બેસતા જઈ ફુલ બાગમાં રે, પહેરતા ગજરા ગુલાબી હાર. લટકાં૦ ૮
જેમ જેમ સાંભરે તેમ થાય વેદના રે, પ્રેમાનંદના આધાર. લટકાં૦ ૯

**૫૮૮ પદ=૪ રાગ : પરજ પદ-૪/૧**

સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયું (૨) ધર્મકુંવરનું;
મોતીડે મોળિયું સુંદર, મોતીડે મોળિયું (૨) રસિક સુંદરનું. ૧
ભાલ વિશાળમાં સુંદર, ભાલ વિશાળમાં (૨) તિલક કેસરનું;
ભ્રકુટિ સુંદર જાણીએ, ભ્રકુટિ સુંદર રે (૨) ઘર મધુકરનું. ૨
કરણે કુંડળિયાં કાજુ, કરણે કુંડળિયાં (૨) જડિયલ મોતીએ;
ગૌળ કપોળમાં રૂડાં, ગૌળ કપોળમાં (૨) ઝળળળ જ્યોતિએ. ૩
નેણાં રંગીલાં લાલ, નેણાં રંગીલાં (૨)લાલ કમળની પાંખડી;
પ્રેમાનંદ નીરખી છબી, પ્રેમાનંદ નીરખી (૨) ઠરી છે આંખડી. ૪

**૫૮૯ પદ-૪/૨**

નાસિકા નમણી હરિની, નાસિકા નમણી (૨) પોપટ સરીખડી;
નીરખી વદન ચંદ્ર, નીરખી વદન રે (૨) કિરણું જાંખી પડી. ૧
કંઠ જ નીરખી હરિનો, કંઠ જ નીરખી (૨) વાધી છે પ્રીતડી;
છાતી ઊપડતી માંહી, છાતી ઊપડતી (૨) મોતી માળા બેવડી. ૨
સુંદર ઉદર હરિના, સુંદર ઉદર માંહી (૨) પડે છે ત્રિવળી;

નાભિ ગંભીર ગોળ, નાભિ ગંભીર જોઈ (૨) મનડું ગયું ગળી. ૩
કટિલંક નીરખી હરિનો, કટિલંક નીરખી (૨) મોહ પામ્યો કેસરી;
પ્રેમાનંદ નીરખી છબી, પ્રેમાનંદ નીરખી (૨) નટવર વેષરી. ૪

**૫૯૦** **પદ-૪/૩**

લટકંતા આવો લાલ, લટકંતા આવો રે (૨) મારે મંદિરે મોરારી;
ગજગતિ ચાલ રૂડી, ગજગતિ ચાલ રે (૨) જોઈ બલિહારી. ૧
સાથળ ઘૂંટણ સુંદર, સાથળ ઘૂંટણ રે, (૨) જોઈ પીંડીને પાનીયું;
ઘૂંટી પેનીની છબી, ઘૂંટી પેનીની રે (૨) મારે મન માનીયું. ૨
અરુણ તળામાં સુંદર અરુણ તળામાં રે(૨) સોળ ચિહ્‌ન શોભતાં.
ઉર્ધ્વરેખામાં રૂડી, ઉર્ધ્વરેખામાં રે (૨) મુનિ મન લોભતાં. ૩
મૂર્તિ મહારાજની શ્રી મૂર્તિ મહારાજની (૨) ગાઈ મેં પ્રીતે કરી;
પ્રેમાનંદ કહે નાથ, પ્રેમાનંદ કહે રે (૨) અંતરમાં રહો હરિ. ૪

**૫૯૧** **પદ-૪/૪**

ફુલડે ગરકાવ ફુલ્યા, ફુલડે ગરકાવ રે (૨) આવો ડોલરિયા;
અત્તરની ફોરમાં પ્યારા, અત્તરની ફોર માંહી (૨) ભીના રંગ ભરિયા. ૧
હાર હજારી ઉર, હાર હજારી રે (૨) ગુચ્છ બેઉ કાનમાં;
બાજુ કાજુ છે બાંયે, બાજુ કાજુ છે રે (૨) નીરખું નિત્ય ધ્યાનમાં. ૨
ગજરા ગુલાબી કરમાં, ગજરા ગુલાબી રે (૨) ખુંત્યા મારા ચિત્તમાં;
જીવન જાણો છો બહુ, જીવન જાણો છો રે (૨) પાતળિયા પ્રીતમાં. ૩
મોહી છું માણીગર હું તો , મોહી છું માણીગર રે (૨) મુખને મરકલડે;
ગમિયા છો ગિરધર, ગમિયા છો ગિરધર (૨) પ્રેમાનંદને દેલડે. ૪

**૫૯૨ રાગ : નાયકી ખ્યાલ પદ**

હમરે પિયાજીકી ચાલ દેખોરી સખી; હમરે...ટેક૦
ચટક ચટક હરિ લટકત આવત, માનું ગજબાલ મરાલ. દેખોરી-૧
વામ પાની ધરે વામ કટિ પર, લીયે કર દછન રૂમાલ. દેખોરી-૨
ચિતવની ચારૂ સુધા દ્રગ બરસત, નિજ્જન કરત નિહાલ. દેખોરી-૩
પ્રેમાનંદ હરિકૃષ્ણ નારાયન, કૃપાસિંધુ કૃપાલ. દેખોરી-૪

**૫૯૩ ગરબી પદ= ૪ પદ- ૪/૧**

હાંરે નંદજીના હો લાલ, વહાલા મારે ઘેર તમે આવજો...હાંરે૦
પહેરી પિતાંબર પ્રેમશું, વળી રેંટો રંગ સોરંગ;
શોભા કોટિક કામની, તમે ધરજો અંગો અંગ...નંદ૦ ૧
મોતી માળા કોટમાં ને, હેમકડાં બેઉ હાથ;
શિવ બ્રહ્માદિક સરખાં જોઇ, રાજી થાશે નાથ...નંદ૦ ૨
વહાલા માથડે મુગટ ફુલનો, પે'રો ફુલડા કેરા હાર;
જીવન તમને જોઇને, મોહી જાશે નગરની નાર...નંદ૦ ૩
કંદર્પ કોટિક વારણે, એવી ધરજો શોભા શ્યામ;
પ્રેમસખી કહે ઉરમાં હું તો, રાખીશ આઠો જામ...નંદ૦ ૪

**૫૯૪ પદ=૪ રાગ : ગરબી પદ- ૪/૧**

હું તો જાઈશ ગિરિધર જોવા રે, મા મુને વારીશ માં;
મારા ઉરમાં છબીલાજીને પ્રોવા રે, મેણલે મારીશ મા - ટેક૦
જાઈશ જોવા હુંતો નંદજીનો લાલો,
હાંરે મુને પરમ સનેહી લાગે વહાલો રે - મા મુને૦ ૧
છેલ છબીલો વહાલો કુંજવિહારી,
હાંરે એ તો જીવનદોરી છે મારી રે - મા મુને૦ ૨
વારીશ માં રે તુંને કહું છું રે વહેલું,
હાંરે હું તો માથું જાતાં નહી મેલું રે - મા મુને૦ ૩
પ્રેમાનંદના સ્વામીને સારું,
હાંરે કુરબાન કર્યું જીવન મારું રે - મા મુને૦ ૪

**૫૯૫ પદ-૪/૨**

હાંરે મેં તો જોયા ચતુર નંદલાલ રે, ઊભા ઓસરિએ;
હાંરે કર્યા તિલક કેસર કેરાં ભાલ રે, સુંદર વર હરિએ...ટેક૦
શ્વેત પાઘ શિર ઉપર શોભે,
હાંરે જોઈ છોગલિયાં ચિત્ત લોભે રે. ઊભા૦ ૧
શ્વેત હાર પહેર્યા ઉર પર કાજુ,
હાંરે બાંધ્યા શ્વેત ફુલોના બાજુ રે. ઊભા૦ ૨
શ્વેતાંબર સરવે અંગે બિરાજે,
હાંરે જોઈ કોટિક કામ છબી લાજે રે. ઊભા૦ ૩
પ્રેમાનંદ કહે પલવટ વાળી,

હાંરે ચડયા ઘોડલડે વનમાળી રે. ઊભા૦ ૪

**૫૯૬** **પદ-૪/૩**

વહાલો ઘોડલાં ખેલાવે ઘનશ્યામ રે, બાઈ મારે આંગણીયે;
મારુ ચિતડું ચોરે છે સુખધામ રે, આંખડલીની અણિયે...ટેક૦
ઘોડલાં ફેરે ને વહાલો મુજ સામું હેરે,
હાંરે મને ન્યાલ કીધી આણે ફેરે રે. બાઈ૦ ૧
ચપળ તોરંગ અતિ વેગે ફરે છે,
હાંરે એ તો ગરુડનો ગરવ હરે છે રે. બાઈ૦ ૨
સુરનર મુનિજન નીરખે છે પ્રીતે,
હાંરે જાણે ચિત્ર આલેખ્યાં છે ભીંતે રે. બાઈ૦ ૩
રૂડો લાગે છે ખભે ફરકે છે પટકો,
હાંરે રીઝયો પ્રેમાનંદ જોઈ લટકો રે. બાઈ૦ ૪

**૫૯૭** **પદ-૪/૪**

હાંરે સખી ના'વા પધારે મહારાજ રે, જીવન જમુનામેં;
સાથે લીધો છે સરવે સમાજ રે, વ્રજને વિસામે...ટેક૦
હળવા રે હળવા વહાલો હાલે બજારે,
હાંરે ઊભા નગરવાસી પ્રાણ વારે રે...જીવન૦ ૧
છત્ર ચમર શિર ઉપર રાજે,
હાંરે આગે અગણિત વાજાં વાજેરે...જીવન૦ ૨
ઊતર્યા ગોવિંદ જમુનામેં ના'વા,
હાંરે આવ્યા સુરમુનિ પુષ્પે વધાવા રે...જીવન૦ ૩
ગિરિધર નહાય ને ગોપીયો ગાય,
હાંરે જોઈ પ્રેમાનંદ વારી જાય રે...જીવન૦ ૪

**૫૯૮ રાગ : જંગલો પદ= ૪ પદ- ૪/૧**

**હો મહારાજ તેરો બદન બતાજા રે; હો મ૦ ટેક.**
**બદન દેખાયકે સુખ ઉપજાયકે, આયેકે ઉરમેં ઠેરાજા રે. હો મ૦ ૧**
**બચન સુધા ઝરી બરખી નાથ હરિ, તન મન તાપ મીટાજા રે. હો મ૦ ૨**
**નેહસું બોલાયકે બિરહ સમાયકે, નવરંગ નેહ બઢાજા રે. હો મ૦ ૩**
**પ્રેમાનંદકે પ્રાન દેકે દરશ દાન, જીવન બ્રહનિ જીવાજા રે. હો મ૦ ૪**

**૫૯૯ રાગ : પરજ પદ=૪ પદ- ૪/૧**

અંતકાળે આવી રે મારી, શ્રીઘનશ્યામ કરો સાય રે...અંત૦
રોમ કોટિ વીંછીની તનમાં થાય વેદના, કફજાળે કંઠ રૂંધાય છે...અંત૦ ૧
શુધ ન રહે જ્યારે પોતાના શરીરની, તનડાની નાડી તૂટી જાય છે...અંત૦ ૨
ઘરનાં માણસ જ્યારે ઘેરી બેસે પાસળે, પૂંભડું લઈને જળ પાય છે...અંત૦ ૩
દેવાનંદ કહે દેહ તજ્યા ટાણે, હૈડું હાલકલોલ થાય છે...અંત૦ ૪

**૬૦૦ પદ-૪/૨**

કાયાગઢ ઘેર્યો રે કાળે, વિઠ્ઠલ વારે વહેલા આવજો...કાયા૦
જોર ન ચાલે તમ વિન બીજા કોઈનું, તનડાના તાપ બુઝાવજો...કાયા૦ ૧
જીભ ટૂંકી થઈ વાણી તોતળી બોલાય ત્યારે, કોટિ ગુના વિસરાવજો...કાયા૦ ૨
પાપ કર્યા તે આડાં આવે જ્યારે પીડવા, મોહન તે થકી મુકાવજો...કાયા૦ ૩
દેવાનંદ કહે અધમ ઓધારણ, તનડાની વાસના તોડાવજો...કાયા૦ ૪

**૬૦૧** **પદ-૪/૩**

મરવા ટાણે આવી રે માવા, દરશન ઘો છો હરિ દાસને...મર૦
જન અપરાધ તમે ઉર નથી ધારતા, આપો છો બ્રહ્મપુર વાસને...મર૦ ૧
ગુના અમારા હોય કોટિ કોટિ ગિરધર, નટવર કરજો હવે નાશને...મર૦ ૨
શ્રીઘનશ્યામ તમે કરુણાના સાગર, ટાળો છો જનના ભવત્રાસને...મર૦ ૩
દેવાનંદ કહે દોયલી વેળામાં, અમને તમારી એક આશ રે...મર૦ ૪

**૬૦૨** **પદ-૪/૪**

કે'જો ઓધા આવે રે વા'લો, પ્રાણ કરે જાવા પરિયાણને...કેજો૦
પરમ સ્નેહી તમે રે'જો મારી પાસળે, સહજાનંદજી સુજાણને... કેજો૦ ૧
બોંતેર કોઠા ખાલી થાય મળ ઝરી ઝરી, વાઢીને મેલે જ્યારે વાણને...કેજો૦ ૨
ખમ ખમ ખાંસી કરે હૈયામાં આવે હેડકી, પડખામાં શૂળ મારે બાણને...કેજો૦ ૩
દેવાનંદ કહે વા'લા અંતે વેલા આવજો, ભકત વત્સલ દ્રગ ભાણને...કેજો૦ ૪

**૬૦૩** **રાગ : પરજ** **પદ=૪** **પદ- ૪/૧**

વ્હાલા વિના વ્રેહનીરે, મુને અંતર પીડા અતિ થાય છે...વ્હાલા૦
સુના મંદિરીયામાં સેજ બીછાવેલ, ભાળીને ચિત્ત ભરમાય છે...વ્હાલા-૧
ખાતા રે પીતાં બેઠાં સુતાં સ્વપ્નામાં, ઝબકીને તરત જગાય છે...વ્હાલા-૨
ઘરડાનો ધંધો મને હાથ ન લાગે, મળવાને મન લલચાય છે...વ્હાલા-૩
દેવાનંદ કહે કયારે હવે દેખશું, જીવ જરૂર અકળાય છે...વ્હાલા-૪

**૬૦૪** **પદ-૪/૩**

ક્યારે હવે મળશું રે મારા, ડોલરિયાજી સુખદેણને...ક્યારે૦
મીનસરીખાં રૂડા ચંચળ સોહામણાં, નીરખીને જોશું કાજુ નેણને-ક૦

જમવાને ટાણે મુને પોતાની પ્રસાદી, દેશે મધુરાં કહી વેણને-ક૦
પાસે બેસીને હવે પ્રાણ આધારને, દેખું શામળિયા મારા સેણને-ક૦
દેવાનંદ કહે ભાવે કરી ભેટશું, મન મારું કરવા સારું મેણને-ક૦

**૬૦૫** **પદ-૪/૪**

જોવા સારુ જાશું રે અમે, નવલ સનેહી ઘનશ્યામને...જોવા૦
જોગણ કેરો તન વેશ ધરીને, ગિરધર વસવા કેરા ગામને...જોવા૦
લોકડિયાની તજી લાજ સંસારમાં, કરવું મેલીને ઘરકામને...જોવા૦
વિરહને તાપે દાડી તનડું તપે છે, અંતર ઠરવા કેરા ઠામને...જોવા૦
દેવાનંદ કહે દીલડામાં રાખશું, દો'યલી વેળાના કરી દામને...જોવા૦

**૬૦૬** **રાગ:જંગલો**

ગિરિધર ગેલ પડ્યો રે, માઈરી મેરી, ગિરિધર ગેલ પડ્યો,
કર પકરી મોરી હસીકે બોલાઈ, કછુ મોઈ જાદુ કર્યો...માઈરી૦ ૧
ના ના કરત મેરી નવલ ચુંદરીયા, ફારી ન દિલમેં ડર્યો...માઈરી૦ ૨
યે ગોકુલમેં કિસ બિધ રહીયે, મોહન મદને ભર્યો...માઈરી૦ ૩
દેવાનંદકો નાથ નવલ પિયા, હસનીમેં ચિત્ત હર્યો...માઈરી૦ ૪

**૬૦૭** બાવરીસી ડોલું મધુવન પદ=૪ **રાગ : કાફીપદ- ૪/૨**

પીયા પીયા સોચત હો ઉર સખીયા, બેઠ રહે જ્યું પંખ બીન પંખીયા..ટેક.
બિરહ કે તાપમેં જાપ જપત હું, મધુ બીન વ્યાકુલ મંખિયાં...પીયા૦ ૧
દરશન બીના દુઃખ હોવત દિલમેં, ડોલત હો જન દુઃખીયાં...પીયા૦ ૨

મુખ દેખે બિન સુખ નહીં સજની, આતુર રહત હે અંખિયાં...પીયા૦ ૩
દેવાનંદ કહત મેરે દિલ મેં, ધીર ન અંતર ધખિયાં...પીયા૦ ૪

**૬૦૮ રાગ : બિહાગ પદ=૪ પદ- ૪/૧**

હસીને બોલાવી ચિત્ત ચોરી લીધું, હસીને બોલાવી કાને આવી...ટેક૦
નાથ નવીનો છેલો રંગડાનો ભીનો, બહુ વિધ વેશ બનાવીને...હસીને-૧
મોરલી વજાવી મુખ મરમ ભરેલી, ગીત મધુરા નીત ગાવીને...હસીને-૨
ડોલરીયોજી સુખ દેણ મનોહર, સાન કરીને સમજાવીને...હસીને-૩
દેવાનંદ કહે દિલડામાં વસિયો, મોહન મન લલચાવીને...હસીને-૪

**૬૦૯ રાગ : ગોડી (પ્રગટ પ્રમાણ હરિને એ ઢાળ)**

અજબ બન્યો હે આજ, અવસર અજબ બન્યો હે આજ;
જામે પ્રગટ મીલે પરમાનંદ, સરી ગયે સબ કાજ...અવસર-૧
દેવ વાંછિત પાયે નર દેહ, ભવજળ તરને કો ઝાજ;
તામે સદ્ગુરુ મીલે મેહરમી, ભલો બન્યો હે સમાજ...અવસર-૨
અબકી વેર સો ફેર ન આવે, જામે મિલે મહારાજ;
મનુષ્ય દેહકો લ્હાવો જ લીનો, ભલી રીતે રહી લાજ...અવસર-૩
ધન્ય સત્સંગ ધન્ય સદ્ગુરુ, ધન્ય ધન્ય અવસર આજ;
નિષ્કુળાનંદ આનંદ પદ પાયે, ગુરૂ મીલે ગિરધર રાજ...અવસર-૪

**૬૧૦ રાગ : ગરબી પદ- ૨/૧**

આજ મેં તો દીઠા રે અલબેલો આવતા રે લોલ, ગિરિધર ગોવાળીયાને સંગ જો;
સુંદર મોળીડું રે શોભે શિર ઉપરે રે લોલ, જરકસી જામા પે'ર્યા અંગ જો. આ૦
ફૂલડાના તોરા રે ખોસ્યા બાઈ ખૂપમાં રે લોલ, ગજરા બાંધ્યા છે બેઉ હાથ જો;
ફુલડાના હાર રે હીંચે ઘણું હૈડે રે લોલ, નખશિખ શોભે છે ઘણું નાથ જો. આ૦
સાથીડા સંગાથે રે હાથે હરિને વાંસળી રે લોલ, વાતા ગાતા આવે ગિરિધર ગીત જો;
લટકંતા આવે રે લેવા મન માહરું રે લોલ, જોઈ મોહી રહ્યું મારું ચિત જો. આ૦
શું કરું સાહેલી રે ઘેલી થઈ હું ઘણું રે લોલ, હૈયું તો રહ્યું નહીં મારું હાથ જો;
રસબસ થઈ રે બાઈ એના રૂપમાં રે લોલ, નિરખી નિષ્કુળાનંદનો નાથ જો. આ૦

**૬૧૧ પદ- ૨/૨**

ચિત્તડામાં ચોટી રે, છબી બાઈ છેલની રે લોલ, મનમાં મારી ગયો મુને બાણ રે;
ઘાયલ થઈ છું રે બાઈ હું તો ઘટમાં રે લોલ, પરવશ પડ્યા છે મારા પ્રાણ રે. ૧
સુખ નાવે સુતારે ઊઠું હું તો ઓઝપી રે લોલ, જાગું ત્યાં જંખે મારો જીવ રે;
અંતર આલોચે રે અલબેલા કારણે રે લોલ, જાણું જે ક્યારે પામું મારો પિવ રે. ૨
કહ્યું ન જાય રે બાઈ બીજા કોઈને રે લોલ, દરદી દલડા કેરી વાત રે;
સંભારુ ત્યાં સાલે રે, માહેરા શરીરમાં રે લોલ, તેણે તન દાઝે દિનને રાત રે. ૩
શાંતિ નથી થાતી રે મળ્યા વિના માવને રે લોલ, અકળાઈ ઊઠું છું એહ કાજ રે;
હવે કયારે મળે રે મન માન્યો મુજને રે લોલ, રસિયો નિષ્કુળાનંદનો રાજ રે. ૪

## ૬૧૨ રાગ:ધોળ

આજ રહો રસિયા મારે મંદિરે, હૈયું હેઠું કરી હેત વા'લા...આજ૦
હું તો સારી પેરે સેવા કરું, સોંપી તન મન ધન સમેત વા'લા...આજ- ૧
જેમ કે'શો તેમ કરશું, રે'શું પગભર ઊભાં પાસ વા'લા;
દીન જાણીને દયા કરો, અમે છૈયે તમારાં દાસ વા'લા...આજ- ૨
તમ વિના ત્રણ લોકમાં, નથી ઠરવા અમારે ઠામ વા'લા;
વણદીઠે વીતે દન વસમો, તે તોં કોયે ન આવે કામ વા'લા...આજ- ૩
મુને મુખ જોયે સુખ ઉપજે, વળી જાય દલડાની દાઝ વા'લા;
મુને પ્યારા લાગો છો પ્રાણથી, તમે નિષ્કુળાનંદના રાજ વા'લા...આજ- ૪

## ૬૧૩ રાગ:ધોળ

આનંદ આપ્યો અતિ ઘણો રે,
આ સમામાં અલબેલ પુરૂષોત્તમ પ્રગટી રે; ટેક.
અમૃતના સિંધુ ઉલટ્યા રે,રંગડાની વાળી છે રેલ...પુ૦ ૧
નિર્ભયની નોબત્યું વાગિયું રે,મળીયા મોહન રાય...પુ૦ ૨
વિધવિધ થયાં વધામણાં રે,કસર ન રહી કાંય...પુ૦ ૩
ખોટ ગઈ છે ખોવાઈને રે,જીત્યના જાંગીર ઢોલ...પુ૦ ૪
દુઃખ ગયું બહુ દિનનું રે,આવિયું સુખ અતોલ...પુ૦ ૫
કળશ ચઢાવ્યો કલ્યાણનો રે,સહુના મસ્તક પર મોડ...પુ૦ ૬
ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહિ જોડ...પુ૦ ૭

સહુની પારે સહુ ઉપરે રે,એવી ચલાવી છે રીત...પુ૦ ૮
નો'તી દીઠી નો'તી સાંભળી રે,પ્રગટાવી એવી પુનિત...પુ૦ ૯
સર્વેના સ્વામી શ્રીહરિ રે, સર્વેના કહાવિયા શ્યામ...પુ૦ ૧૦
સર્વેના નિયંતા નાથજી રે, સર્વેનાં કરિયાં કામ...પુ૦ ૧૧
સ્વામિનારાયણ નામનો રે, સિક્કો બેસારિયો આપ...પુ૦ ૧૨
એ નામને જે આશર્યા રે, તેના તે ટાળિયા તાપ...પુ૦ ૧૩
ધામી જે અક્ષરધામના રે, તેણે આપ્યો છે આનંદ...પુ૦ ૧૪
અખંડ આનંદ આપી જીવને રે,કાપ્યાં ભારે ભવફંદ...પુ૦ ૧૫
ખાતાં વળાવ્યાં છે ખોટનાં રે,ખરી કરાવી છે ખાટ્ય...પુ૦ ૧૬
બંધ કીધાં બીજાં બારણાં રે,વહેતી કીધી અક્ષર વાટ...પુ૦ ૧૭
તમ ટાળ્યું ત્રિલોકનું રે, પ્રકાશી પૂરણબ્રહ્મ...પુ૦ ૧૮
અંધારુ રહ્યું તું આવરી રે, તે ગયું થયું સુગમ...પુ૦ ૧૯
સૂરજ સહજાનંદજી રે, આપે થયા છે ઉદ્યોત...પુ૦ ૨૦
પૂર્વની દિશાએ પ્રગટી રે, ખોટા મોટા તે કર્યા ખદ્યોત ...પુ૦ ૨૧
અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝાં બીજા ઝાકળ...પુ૦ ૨૨
પૂર ચાલ્યાં પૃથવીયે રે, ધોયા ધરતીના મળ...પુ૦ ૨૩
ગાજ વીજ ને વરસવું રે, અગમ સુગમ કર્યું સોય...પુ૦ ૨૪
સહુ જનને સુખ આપીયું રે, દુઃખી રહ્યું નહિ કોઈ...પુ૦ ૨૫
શર્મનો ઢોલ સુણાવિયો રે, દેવા લાગ્યા પોતે દાત્ય...પુ૦ ૨૬
દુર્બળનાં દુઃખ કાપીયાં રે, ન જોઈ જાત કુજાત...પુ૦ ૨૭
ધન્ય ધન્ય મારા નાથજી રે, ધન્ય ઉદ્ધારિયા જન...પુ૦ ૨૮
ધન્ય ધન્ય આ અવતારને રે, બલે મળ્યા ભગવાન...પુ૦ ૨૯
વારી વારી જાઉં વારણે રે, કર્યાં અમારાં કાજ...પુ૦ ૩૦

ઘણે હેતે ઘનશ્યામજી રે, મળ્યા અલબેલો આજ...પુ૦ ૩૧
કહીએ મુખથી કેટલું રે, આપિયો છે જે આનંદ...પુ૦ ૩૨
નિષ્કુળાનંદ જાય વારણે રે, સહેજે મળ્યા સહજાનંદ...પુ૦ ૩૩

૬૧૪ રાગ : કાફી પદ =૮ પદ- ૮/૧

આવજો આવજો આવજો રે, વાલા આજ અમ ઘેરે આવજો રે;
મારે તમને ભેટ્યાનો છે ભાવજો રે...વાલા૦
સુંદર સારી શોભા તમારી રે, દયા કરીને દેખાડજો રે...વાલા-૧
દયા કરી હરિ દર્શન દેજો રે, મહેર મુજ પર લાવજો રે...વાલા-૨
વાલા વળી વળી વાટડી જોઉં છું રે, આવી આનંદ ઉપજાવજો રે...વાલા- ૩
નિષ્કુળાનંદના નાથજી અમને રે, હેતે હસીને બોલાવજો રે...વાલા-૪

૬૧૫ પદ-૮/૨

આપજો આપજો આપજો રે, વાલા આજ આનંદ મને આપજો;
તમે મળે ટળે મારા તાપ જો રે...વાલા૦
મુખ જોયા વિના દુઃખ છે દિલમાં રે, કૃપા કરીને તે કાપજો રે...વાલા- ૧
અંગોઅંગ આલિંગન લઈને રે, હેતે હૈયામાં મને ચાંપજો રે...વાલા- ૨
ચંદને ચર્ચી ચરણ તમારાં રે, છબીલાજી છાતી મારી છાપજો રે...વાલા-૩
નિષ્કુળાનંદના નાથ મન મારું રે, અસ્થિર સ્થિર કરી સ્થાપજો રે...વાલા-૪

૬૧૬ પદ-૮/૩

મળજો મળજો મળજો રે, મીઠા બોલા વા'લા મને મળજો;
મારો થાયે જનમ સફળ જો રે...મીઠા૦
દૂર રહ્યાનું જે દુઃખ છે દિલમાં રે, તે તો દર્શન દઈ હરિ દળજો રે...મીઠા- ૧

પોતાનાં જાણી દયા દિલ આણી રે, પિયુ પ્રીતે કરી પાળજો રે...મીઠા- ૨
હું તો છઉં દાસી ચરણ ઉપાસી રે, મુજપર વાલા વા'લ્પે વળજો રે...મીઠા- ૩
નિષ્કુળાનંદના સ્વામી શામળીયા રે, આજ અઢળક હરિ ઢળજો રે...મીઠા- ૪

**૬૧૭** **પદ-૮/૪**

ભેટજો ભેટજો ભેટજો રે, ભાવે ભરી ભૂધર મને ભેટજો;
મને રાખી હૈયાની હેત જો રે...ભાવે૦
તમ વિના મારૂં તન મન તપે રે, મળી મનના તાપ મેટજો રે...ભાવે- ૧
અંગોઅંગે જે અનંગની વેદના રે, તે શ્યામ મળીને સમેટજો રે...ભાવે- ૨
અંક ભરી આલિંગન લેતાં રે, મારા પંડ્યનું પોત પલેટજો રે...ભાવે- ૩
નિષ્કુળાનંદના નાથ મળો જ્યારે રે, ત્યારે ઠરે મારું પેટ જો રે...ભાવે- ૪

**૬૧૮** **રાગ : મેવાડી પદ=૪** **પદ- ૪/૧**

અંતરની કેને કહીએ રે, (૩) ઓધાજી અમે અંતરની કેને કહીએ રે, ટેક૦
**વ્હાલે પ્રીત કરી પહેલી, મથુરાં ગયા છે મેલી;**
**કહોને હવે કેમ રહીએ રે...ઓધાજી-૧**
**સ્નેહનું શલ્ય સાલે, પીયુ વિના કોણ પાળે;**
**હરિએ ન જાણ્યું હૈયે રે...ઓધાજી-૨**
**આંખડીએ આવે છે આંસુ, લોકડિયાં કરે છે હાંસું;**
**તે તો અમે સર્વે સહીયે રે...ઓધાજી-૩**
**નિષ્કુળાનંદને નાથે, અમને ન માર્યા હાથે;**
**આવું કરવું તું તો જૈયે રે...અધિાજી-૪**

૬૧૯ પદ-૪/૨

અંતર દાઝે છે અતિ રે, (૩)ઓધાજી મારું અંતર દાઝે છે અતિ રે, ટેક૦

જે દિ'ના સધાવ્યા શ્યામ, તે દિ'નું ન સુઝે કામ;
મુંઝાઈ ગઈ છે મતિ રે...ઓધાજી-૧

દરદે દીવાની ડોલું બોલતાં બેફામ બોલું;
ઘેલાના જેવી છે ગતિ રે...ઓધાજી-૨

બોલ્યુ નવ ગમે કેનું, મુખ જોયા વિના એનું;
હૃદે સુખ નથી રતી રે...ઓધાજી-૩

નિષ્કુળાનંદનો સ્વામી, જાણે છે અંતરજામી;
તોયે કહેજો મારી વતી રે...ઓધાજી-૪

૬૨૦ રાગ : પરજ પદ=૪ પદ- ૪/૧

તારી મીટે રે મોહન મન હરિયા રે,
મન હરિયા રે જાણું જાદુ કરીયા રે...તારી૦

મીટડી તમારી વારી કામણગારી રે વાલા,
નજરે ચઢ્યા તે નવ ઉગરિયા રે...તારી૦

વાંકે વદને જોઈ પ્રાણ લ્યો પરોઈ રે વાલા,
નયણાનાં બાણ ઘટમાં ગરિયા રે...તારી૦

ઘાયલ થઈ રે હું તો ન શકું રહી રે વાલા,
રોઈ રોઈ આંખ્યે આંસુ ઝરિયા રે..તારી૦

નિષ્કુળાનંદના સ્વામી અંતરજામી રે વાલા,
તમને જોઈને મારા નયણા ઠરિયા રે...તારી૦

## ૬૨૧ રાગ : ધોળ પદ - ૧

ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં, કોટિ થયા કલ્યાણ;
ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ...ભાગ્ય-૧
અનાથપણાનું મે'ણું ઉતર્યું, સદા થયા સનાથ;
ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો હરિએ હાથ...ભાગ્ય-૨
કંગાલપણું કે'વા ન રહ્યું, સદા મનાણું સુખ;
મસ્તી આવી રે અતિ અંગમાં, દૂર પલાણાં દુઃખ...ભાગ્ય-૩
અણસમજણ અળગી થઈ, સમી સમજાણી વાત;
પાપ(ળાં) સર્વે પરાં પળ્યાં, મળ્યા શ્રીહરિ સાક્ષાત...ભાગ્ય-૪
કસર ન રહી કોઈ વાતની, પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ;
ખોટ મટીને ખાટ્ય થઈ, રહી ગયો છે રંગ...ભાગ્ય-૫
ભૂધર મળતાં ભલું થયું, ફેરો ફાવ્યો આ વાર;
સુખ તણી સીમા શી કહું, મને મોદ અપાર...ભાગ્ય-૬
આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માય;
અમળતી વાત તે આવી મળી, શી કહું સુખની સીમાય...ભાગ્ય- ૭
આજ અમૃતની હે'લી થઈ, રહી નહિ કાંઈ ખોટ;
એક કલ્યાણનું કયાં રહ્યું, થયા કલ્યાણ કોટ...ભાગ્ય-૮
રાંકપણું તો રહ્યું નહિ, કોઈ મ કે'શો કંગાલ;
નિરધનિયા તો અમે નથી, મહા મળ્યો છે માલ...ભાગ્ય-૯
કોણ જાણે આ કેમ થયું, આવ્યુ અણચિંતવ્યું સુખ;
ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખોમુખ...ભાગ્ય-૧૦

ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળિયા મહારાજ;
નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ...ભાગ્ય-૧૧

**૬૨૨ રાગ : પરજ પદ=૪ પદ-૪/૧**

મુખડું જોવા મુખડું જોવા મુખડું જોવા રે,
મીઠા તારું મુખડું જોવા, દાડી ગઉં આવીશ દોવા રે-મીઠા૦ ટેક.
ઊઠી હું ભરી આશે આવું તમ પાસે રે,
વળી નહી રહું વાલા મહી વલોવા રે-મીઠા૦ ૧
જોઉં હરિ મુખ જૈયે થાઉં સુખી તૈયે રે
નથી બીજો ઉપાય દુઃખ દિલનું ખોવા રે-મીઠા૦ ૨
મનડું મોહ્યું મારૂં જોવા રૂપ તારું રે,
ઠાલું કોણ આવશે હવે મુજને ઠોવા રે-મીઠા૦ ૩
નિષ્કુળાનંદના વાલા જોઉં નંદલાલા રે,
મોહન જીવન મારું મનડું મોવા રે-મીઠા૦ ૪

**૬૨૩ પદ-૪/૩**

આવજો ઓરા આવજો ઓરા આવજો ઓરા રે,
અમભણી આવજો ઓરા, કરું હું નાથજી નોરા રે-અમ૦ ટેક.
ચટકંતી ચાલી ચાલ આવો નંદલાલ રે,
પાઘડીના પેચમાં ફુલના તોરા રે-અમ૦ ૧
ફૂલને હારે ફૂલ્યા આવો ઝુલ્યા ઝુલ્યા રે,
જીવન જોઈને કરું કોડ હું પુરા રે-અમ૦ ૨
શણગાર સજી સારા આવો મારા પ્યારા રે,

સુંદર શોભતા અંગે ગોવિંદ ગોરા રે-અમ૦ ૩
નિષ્કુળાનંદના નાથ મારી છો મીરાંથ રે,
હૈયું હરિ તમને જોવા કરે હિસોરા રે-અમ૦ ૪

૬૨૪ રાગ : પરજ પદ=૪ પદ- ૪/૧

મોહનજીને મળવાને, ભૂધરજીને ભેટવાને તલપે છે મારું મન;
રાત્રે ન આવે નિંદરા રે, દિવસે ન ભાવે અન્ન. હો બેની...૧
સુતા બેઠા જાગતા રે, ભીતર માંહે ભજન;
લોચન રહ્યા લલચાઈને રે, જોવાને જીવન. હો બેની...૨
જંખે છે મારો જીવડો રે, વાલાનું જોવા ને વદન;
દિઠા વિના દાઝે દલડું રે, કેમ કરી કાઢું દન. હો બેની...૩
ભુદરજીને ભેટવા રે, મનસુબો કરે મન;
નિષ્કુળાનંદના નાથશું રે, કયારે લેશું આલિંગન. હો બેની...૪

૬૨૫ રાગ : ગરબી પદ=૮ પદ- ૮/૧

રસિલા લાલ રસે ભરી છે તારી આંખડી;
રસિલા લાલ કમળદળના જેવી પાંખડી. રસિલા૦ ર૦
હસીને હેરો છો તમે હેતશું-ર૦ તન મન પ્રાણ લો સમેતશું. ર૦
નાસિકા દીસે છે તારી નમણી-ર૦ કપોળ જોઈને રહ્યાં કામણી. ર૦
વાલપ ઘણી છે તારી વાતમાં-ર૦ એકવાર મળીએ એકાંતમાં. ર૦
વારી વારી જાઉં હું વદનને-ર૦ કરને લટકે તે લીધું મનને. ર૦

ચટકંતી ચાલ લાલ જોઈને-૨૦ મન તો રહ્યું છે મારું મોઈને ૨૦
ચિત્તડું ચોર્યું છે તમે ચાલમાં - ૨૦ ચંચળ ચપળ મારા વાલમાં ૨૦
નિષ્કુળાનંદના હો નાથજી - ૨૦ સદાય રેજો હો મારે સાથજી. ૨૦

૬૨૬ રાગ : ગરબી પદ=૮ પદ- ૮/૧

લટકાળો લટકંતો રે આવે, મોહન મોરલી વાતો રે; લટ૦ ટેક૦
સખાને સંગે અતિ ઉછરંગે, ગીત મધુરાં ગાતો રે. લટ૦ ૧
કેસરીએ વાઘે કસુંબલ પાઘે, કેસર રંગમાં રાતો રે. લટ૦ ૨
ફુલડાના તોરા ગજરા ને ટોપી, ફુલડાંને હારે ફુલાતો રે. લટ૦ ૩
નિષ્કુળાનંદનો સ્વામી શ્યામળિયો, આવે અમીરસ પાતો રે. લટ૦ ૪

૬૨૭ પદ-૮/૨

શામળિયો સનેહનો બાંધ્યો, આવે છે અલબેલો રે; શામ૦ ટેક૦
રંગમાં રાતો ને વાંસળી વાતો, છોગાળો છેલછબીલો રે. શામ૦ ૧
અતિ પ્રસન્ન વદન વ્હાલાનું, અળવે ભર્યો અળવીલો રે. શામ૦ ૨
દર્શન દેવાને કાંઈક કહેવા, રસબસ કરવા રસિલો રે. શામ૦ ૩
નિષ્કુળાનંદનો સ્વામી શામળિયો, આવે વ્હાલપશું વ્હેલો રે. શામ૦ ૪

૬૨૮ પદ-૮/૬

સાચું કહોને શ્યામળીયા રે વા’લા, અમ ઘેર કેમ ન ગોઠે રે...સાચું-૧
કઈ સખીએ કહોને કામણ કીધું, પ્રેમે ફરો તેની પૂઠે રે...સાચું-૨
કોઈક સખીને હેતે હળ્યા છો, જેમ વુઠા વરસે વુઠે રે...સાચું-૩
ઉપલે મને બોલાવો છો અમને, હૈયાનું જણાય હોઠે રે...સાચું-૪
નિષ્કુળાનંદના નાથ તમ વિના, અંતર અકળાઈ ઊઠે રે...સાચું-૫

**૬૨૯ પદ-૮/૭**

મોહનનું મુખ જોવાને માટે, લાલચ અમને લાગી રે...ટેક૦
પ્રેમનો પ્યારો નાથ અમારો, સુંદર શ્યામ સોહાગી રે...મોહ૦ ૧
સુંદર વદન કમળદળ લોચન, નીરખતા ભાવટ ભાગી રે...મોહ૦ ૨
આપ્યું રે સુખ દુઃખ દૂર કાપ્યું, તે કેમ મૂકાય ત્યાગી રે...મોહ૦ ૩
નિષ્કુળાનંદનો નાથ નીરખતાં, આનંદ વધાઈ વાગી રે...મોહ૦ ૪

**૬૩૦ પદ-૮/૮**

ભાગ્ય અમારે ભેટ્યા ભૂધરજી, અલબેલો અવિનાશી રે...ટેક૦
છેલ છબીલો રાજ રસીલો, વૃંદાવનનો વાસી રે...ભાગ્ય૦ ૧
નિર્મળ કોમળ નાથ અમારો, રૂપાળો રૂપનો રાશી રે...ભાગ્ય૦ ૨
મૂર્તિ સારી નિરાંતે નીરખતાં, કોટી કર્મ જાય નાશી રે...ભાગ્ય૦ ૩
નિષ્કુળાનંદના નાથની છઉં, ચરણકમળની હું દાસી રે...ભાગ્ય૦ ૪

**૬૩૧ રાગ : સામેરી પદ=૪ પદ- ૪/૧**

સહજાનંદ સિંધુ રે આજ મારે ઉલટ્યા રે, ભાંગી મારી ભવો ભવની રે ભુખ;
કંગાલપણું રે બાઈ મારૂં કાઢીયું રે, દુર કીધું દારીદાર ને દુઃખ...સહ૦ ૧
આનંદની લેરું રે એમાં અતિ ઘણી રે, મરજીવા કરે છે માંયે મોજ;
મૂઠડીને ભરી રે જેણે મુકતાફળની રે, ભાંગી બેઠા જન્મ મરણ ભોજ...સહ૦ ૨
નવ નિધિની રે નથી મારે વંછના રે, સિદ્ધિ તે સામું શીદ હવે જોય;
સર્વેનું કારણ રે મળિયા ચિંતામણી રે, હવે જે જે ચિંતવિયે તે હોય...સહ૦ ૩
અનાથ અભાગી રે બાઈ જો અમે નહિ રે, અમે છૈયે સભાગિયા શાહુકાર;
રંક ટાળીને રે કિધાં અમને રાજવી રે, દીન ટાળી કીધાં છે જો દાતાર...સહ૦ ૪
માલ અતોલ રે બાઈ અમ પાસળે રે, તેણે હું તો મગન રહિ મનમાંયે;

નિષ્કુળાનંદ રે આનંદ અતિ ઘણો રે, સઈ કયે સુખતણી જો સીમાયે...સહ૦ ૫

**૬૩૨** **પદ-૪/૨**

સહજાનંદ સિંધુ રે દયાળુ દયા તણા રે, ઉલટિયા આજ ન રાખી ઓછ;
નિહાલ જો કિધાં રે કંઈક કંગાળને રે, આપી આપી અધમ જનને જો મોછ...સહ૦ ૧
જેહી નર પાસે રે નોતિ એક નાસરી રે, જેમ તેમ કરીને ભરતા જો પેટ;
ભૂખ તેની ભાગી રે લાગી હૂંડી હાલવા રે, થયા થયા સુખી સભાગિયા શેઠ...સહ૦ ૨
કણ કણ કાજે રે જે જણ જણ જાચતા રે, રેતા રેતા આઠે પોર જે આધેન;
તેને લઈ સોંપી રે સદાવ્રત સુખડી રે, ભાંગી ભાંગી ભૂખ થયું સુખ ચેન...સહ૦ ૩
પરિશ્રમ વિના રે પારસમણિ મળી રે, રળી રળી વળી ન મળે જે મૂલ્ય;
ઢળિ ઢળિ વળી રે લેર્ય સુખ વારની રે, ટળી ટળી ભીખ બુદ્ધિની જે ભૂલ્ય...સહ૦ ૪
ઉદધિ ઉલટે રે નિધિ નવ માંય છે રે, થાયે છે સેવતા ઘણું જો સુખ;
નિષ્કુળાનંદ રે આનંદ અતિ ઘણો રે, મહિમા તે મોટો ન કહેવાયે મુખ...સહ૦ ૫

**૬૩૩** **પદ-૪/૩**

સહજાનંદ સિંધુ રે સખી સદા સેવિયે રે, જો સુખ ઈછીયે મનમાંયે;
ડગમગ કરી રે દલ ન ડોલાવીયે રે, જેણે કરી જીત્યો અવસર જાયે...સહ૦ ૧
અવસર આવો રે અવર આવે નહિ રે, જેમાં કાંયે મળીયા સુંદર શામ;
એવાને મૂકીને રે અન્ય ન આરાધિએ રે, જેણે કરી જીવિત થાયે હરામ... સહ૦ ૨
સુપના સરીખાં રે સુખ આ સંસારનાં રે, પશુ વિના બીજો ન કરે પરતિત;
વણસીને જાતા રે વાર જો લાગે નહીં રે, દેહ ગેહ દારાદિક સુત વિત્ત...સહ૦ ૩
તે ઈછયું નવ્ય આવે રે હાથ્ય છે હરિ તણે રે, આપ્યા વિના લેવાય નહીં તે લેશ;
પરિશ્રમ કરી રે જાયે કોયે પામવા રે, કરે ઉપજાવી ઉલટો કલેશ...સહ૦ ૪
અન્ય જો ભરોસો રે અંતરથી ઉવેખીયે રે, દેખીયે કાંઈ દલમાં કરી વિચાર;
નિષ્કુળાનંદ રે સખી તે સભાગણી રે, જેને ઉપર પ્રસન્ન પ્રાણ આધાર...સહ૦ ૫

૬૩૪ પદ-૪/૪

સહજાનંદ સિંધુ રે સખી જો સભર ભર્યા રે, એક રસ અખંડ ને અવિનાશ;
અંતરની આંખેથી રે જે જોશે તે જાણશે રે, આવે ન જાયે જેમ આકાશ-સહ૦ ૧
લેર્ય તરંગ રે બુદ બુદા બહુ થયાં રે, દેવ દૂનિ મુનિ નર ને જો નાર્ય;
સ્થાવર જંગમ રે દિસે જોતા જુજવાં રે, આદ્યે અંત્યે મધ્યે વિલસ્યું વાર્ય. સહ૦ ૨
હિમ કરા ને રે લૂણ બહુ લેખતાં રે, જોતાં દિસે જુજવી તેહની જાત્ય;
ઉત્તમ મધ્ય રે એથી અળગું નહીં રે, પોત એક પાડી ભિન્ન ભિન્ન ભાત- સહ૦ ૩
ભાંડું ભરીયે રે જેમ કોયે જળનું રે, રાખીયે તે રતનાકર ને માંયે;
ભીતર બાહિર રે ભર્યું જળ ભાળીયે રે, ભાજન ભાંગતે તોય રહ્યું ત્યાંય-સહ૦ ૪
આવે ન જાયે રે અખંડ એ આત્મા રે, જેહ સ્થિર અસ્થિર તે નવ્ય થાયે;
નિષ્કુળાનંદ રે લેર્ય આનંદની રે, ઉપની તે સાયર માંયે સમાયે-સહ૦ ૫

## ૬૩૫ સહજાનંદ સ્વામી...

**સહજાનંદ સ્વામી અંતર્યામી, મૂરતિ મનોહર મારા શ્યામની રે,
મુને તાળી લાગી રે,ઘનશ્યામની, હો મુને તાળી લાગી રે ઘનશ્યામની.
સુંદર શ્યામળા હૃદયે બિરાજો, છોગલાવાળા છેલ;
છેલ છબીલા રંગના રેલા, કેસરભીના મારા કાનજી હો. મુને૦
સોળે ચિહ્ન સહિત શોભે, ચરણ કમળની જોડ,
તેમાં અમારૂં ચિત્તડું લાગ્યું, ફીકર છોડી સારા ગામની હો. મુને૦
ધર્મકુંવર ઘનશ્યામજી રે, મારા પ્રાણતણા આધાર,
નિષ્કુળાનંદના નાથજી દેજ્યો મુને, કૂંચી અક્ષરધામની હો. મુને૦**

૬૩૬ રાગ : યમન કલ્યાણ પદ=૪ પદ- ૪/૧

સ્વામિનારાયણ દેવ રે, ભજ મન નરનારાયણ દેવ રે...ટેક૦
શિવ સનકાદિક નારદ સરખા, નિત્ય કરે છે જેની સેવ રે...ભજ-૧
વિશાળાવાસી સબ સુખરાશી, જોગ અભ્યાસી અભેવ રે...ભજ-૨
જેને ભજતાં ભવદુઃખ નાશે, ત્રાસે તાપ તતખેવ રે...ભજ-૩
નિષ્કુળાનંદ કહે નાથ ભજયાની, પાડી અંતરમાં ટેવ રે...ભજ-૪

૬૩૭ પદ-૪/૨

સ્વામિનારાયણ નામ રે, વ્હાલું લાગે સ્વામિનારાયણ નામ રે...ટેક૦
રાત દિવસ મારા હૃદિયા ભીતર, જપીશ આઠું જામ રે...વ્હાલું-૧
ભવજળ તરવા પાર ઉતરવા, ઠરવાનું છે મારે ઠામ રે...વ્હાલું-૨
સર્વોપરી શ્યામ છે નરવીર નામ, સુંદર સુખડાનું ધામ રે...વ્હાલું-૩
નિષ્કુળાનંદના નાથને ભજતાં, વારે તેનું નહિં કામ રે...વ્હાલું-૪

૬૩૮ પદ-૪/૩

સ્વામિનારાયણ નાથ રે, મારે શિર સ્વામિનારાયણ નાથ રે...ટેક૦
અવર દેવને હું સ્વપ્ને ન ઈચ્છું, મન માનીયું મારું એ સાથ રે...મારે૦ ૧
ભરતખંડના ભૂપને ભાળી, હવે શીદને રહું અનાથ રે...મારે૦ ૨
સર્વેના સ્વામી અંતરજામી, એવા જાણી સોંપ્યો એને હાથ રે...મારે૦ ૩
નિષ્કુળાનંદ કહે નિઃશંક થઈને, ગાઈશ એના ગુણગાથ રે...મારે૦ ૪

૬૩૯ પદ-૪/૪

સ્વામિનારાયણ વીર રે, વસ્યા હૃદે સ્વામિનારાયણ વીર રે...ટેક૦
અસ્થિર મન સ્થિર થયું છે, ગયું અંતરનું અધીર રે...વસ્યા૦ ૧

શમ્યો સંશય ને શોક સર્વે, થઈ શાંતિ સુખ શરીર રે...વસ્યા૦ ૨
નિર્ભય થયાં ગયાં દુઃખ દિલનાં, થઈ ચિત્તની વૃત્તિ સ્થિર રે...વસ્યા૦ ૩
નિષ્કુળાનંદ કહે આનંદ આવ્યો, હવે દિલે નહિં દિલગીર રે...વસ્યા૦ ૪

**૬૪૦ રાગ : સોરઠ** પદ=૪ **પદ- ૪/૧**

આવો હરિ આંગણીએ મારે, આવો હરિ આંગણીએ મારે;
મોહન લઈને મીઠડાં, જાઉં વારણીએ તારે...આવો૦ ટેક.
સેજ બિછાવી ફુલડે મેં તો, કાજે તમારે;
પ્રીતમ તમને પોઢાવી સર્વે ઘરનાં કાઢું બારે...૧
બણી ઠણી તમ કારણે, જોઉં વાટ વારંવાર;
તમ વિના ત્રિલોકમાં મારું, અંતર કોણ ઠારે...૨
જરકસી જામો પહેરીને, ગળે ગુલાબના હારે;
છોગાં મેલી પાઘમાં, ચાલ્યા ઉભી બજારે...૩
જોબન રાખ્યું જાળવી મેં તો, રમવા તમારે;
ભૂમાનંદ કહે આવોને, વાલા જાણ્યું જગ સારે...૪

વરસે ઘનશ્યામ ઘટા ચડી વ્રજમાંહી પદ=૪

**૬૪૧ રાગ : મલાર સોમેરી પદ- ૪/૨**

ચડી ચાખડીયે ચાલી આવ્યા; શ્યામ સુંદર ઘરે આવ્યા રે;
નિરખ્યા આંખડીયે પ્યારો, પ્રેમ ઘણે પધરાવ્યા રે૦...ચડી. ટેક.
નિલાંબર ઉતારી નિચોવ્યાં, પિતાંબર લીધું પેરી રે;

અંગરખી પહેરી શિર બાંધી, પાઘ કસુંબી ઘેરી રે. ચડી૦...૧
મંદિરમાં મોહનને અર્થે, છાયો ઢોલિયો ઢાળી રે;
ગાદી તકીયા ગાલ મસુરીયાં, બિરાજ્યા વનમાળી રે. ચડી૦ ...૨
માળા મોતીની પેરાવી મોહન ને, બોર બાજુના લળકે રે;
કુંડલીયાં મકરાકૃત માનું, વીજ વારંવાર શળકે રે. ચડી૦...૩
હાસ વિલાસ કરી હોંશિલે, સુખ અલૌકિક દીધું રે;
ભૂમાનંદના સ્વામીને સંગે, અધર અમૃત પીધું રે. ચડી૦...૪

૬૪૨ રાગ : ધોળ પદ=૪ પદ- ૪/૧

ચાલો જાઈએ ચોંપે નિરખવા...ટેક૦
મારા વાલાની આવી વધામણી,
જેની જોતાં'તાં આપણ વાટ્ય રે,
પુરૂષોત્તમ પ્રગટ મૂરતિ,
આવ્યા દર્શન દેવા માટ્ય રે...ચાલો૦ ૧
ગજ ઘોડા સંગે છે ઘણા,
માવો માણકી પર અસવાર રે;
સખા ચારે કોરે શોભતા,
રથ મેનાનો નહિ પાર રે...ચાલો૦ ૨
વાજે વાજીંત્ર બહુ ભાત્યનાં,
આગે નેકી કરે પોકાર રે;
ચારે કોર ચમર હરિને કરે,
ભૂમાનંદ કહે વારંવાર રે...ચાલો૦ ૩

૬૪૩ **રાગ : ધોળ પદ=૪** **પદ- ૪/૧**

ચાલો સૈયરો જીવન જોવા જઈએ રે;
નાથ નીરખીને સુખિયાં થઈએ રે. ચાલો૦ ૧
ચાલ્યા આવે છે સુંદરવર શેરી રે;
એને વધાવશું ફૂલડાં વેરી રે. ચાલો૦ ૨
લીઓ સર્વે પુજાનો સમાજ રે;
રાજી થાશે રસિક વ્રજરાજ રે. ચાલો૦ ૩
હેતે મુખ કમળ એનું હેરી રે;
જામો જરકસી પાઘ સોનેરી રે. ચાલો૦ ૪
કાને કુંડળો મકરાકારી રે,
ભૂમાનંદના વાલાની છબી સારી રે...૫

૬૪૪ આવોનેઅલબેલોજોવા પદ=૪ **રાગ : પરજ પદ- ૪/૨**

જીવન જોઈને જોઈને જોઈને જોઈને રે, રહ્યું મન મોહીને રે...ટેક.
માણેક ચોકમાંથી મોહનને, લીધાં અંતરમાં પ્રોઈને રે૦...૧
એ સમાની શોભા તે તો, કહી ન જાય કોઈને રે૦...૨
પુરવાસી પ્રેમે કરીને આવ્યા, સન્મુખ સાવધાન હોઈને રે૦...૩
ભૂમાનંદના સ્વામી સારૂં, કુળ મરજાદા ખોઈને રે૦...૪

**૬૪૫ રાગ : ધોળ પદ- ૧**

જીવનને જોવાને ચાલો સુંદરી, ઊભા આવી વૃન્દાવન મોજાર જો;
આભૂષણ પહેરીને અંગે ઓપતા, હિંડળતાને હૈડે ધારી હાર જો...જીવન૦ ૧
જેની તે જોતાતા આપણ વાટડી, આવ્યા તેતો કૃપા કરીને કાન જો;
વાલોજી વજાડે ઘેરી વાંસળી, તેમાં ગાવે છે તોડીને તાન જો...જીવન૦ ૨
બંસી સુણી મોહ પામ્યા મૃગલાં, વ્હેતા થંભ્યા જમુનાના નીર જો;
ગાયું તો ત્યાગી છે ઉભી તૃણને, વચ્છુ ભુલી ગયા પીવું ખીર જો...જીવન૦ ૩
ગોકુળવાસી ગોવાળામાં ખેલતા, જોઈએ એનું મુખડું જોડી નેણ જો;
ભૂમાનંદના વા'લા કેરા સાંભળો, અતિ સુખદાયક એના વેણ જો...જીવન૦ ૪

**૬૪૬ રાગ : પરજ પદ=૪ પદ- ૪/૧**

તારી મૂર્તિ રે મનમાની રે, દેખી ડોલરીયો છેલગુમાની૦ ટેક.
મૂર્તિ તારી મુને પ્યારી પ્રાણથી, છુપાવી રાખું છાની...૧
રંગીલી રૂપાળી મરમાળી, સુંદર સુખની ધાની...૨
હાર કરી હૈયા પર રાખું, દેખીને થઈ છું દિવાની...૩
ભૂમાનંદ કહે જીવન જોઉં, રસિયો રૂપની ખાની...૪

**૬૪૭ રાગ : ગરબી પદ=૪ પદ- ૪/૧**

ધર્મકુંવર ઘનશ્યામજી, મોહન તમને મળવાને;

તલપે મારું તન, મંદિર મહાલોને;
વાલા તારા વિયોગે, અમને ન ભાવે અન્ન;
મંદિર મહાલોને...ટેક૦ ૧
રાત્રી દિવસ રાખુ તમને, કરી હૈયાનો હાર,
પ્રાણ થકી પ્યારા મુજને, નેણુંના શણગાર...મંદિર. ૨
તમ વિના ત્રિલોકમાં, નથી અમારે કોઈ,
માથે છેડો નાખ્યો મેં તો, જીવન તમને જોઈ...મંદિર. ૩
વાલા જોઉં છું વાટડલી, ઉભી આઠુ જામ;
જોબન મારું જાય વહ્યું, કાંઈ ન આવે કામ...મંદિર. ૪
તુચ્છ જાણી મેં તો ત્યાગી, લોકડીયાંની લાજ,
ભૂમાનંદ તણા વાલીડા, તમ સંગ રમવા કાજ...મંદિર. ૫

### ૬૪૮ કુળ ધર્મતણો વિસ્તાર પદ=૪ **રાગ : સામેરી પદ-૪/૪**

પ્રભુ પ્રકટ્યા પૂરવ દેશ, અક્ષરથી આવ્યા;
દ્વિજ સરવરીયા સુરેશ, સામવેદી કાવ્યા...ટેક૦
દેશ સરવારને ગામ છપૈયા, અવધ્યપુરીની પાસ રે;
સંવત અઢાર સાડત્રીસ શુકલ, નવમી ચૈત્રી માસ...અક્ષરથી૦ ૧
યજ્ઞોપવિત પામીને જીવન, કરી કુટુંબનો ત્યાગ રે;
સોરઠમાં ચાલીને આવ્યા, રૈવતાચળ વિતરાગ...અક્ષરથી૦ ૨
રામાનંદ રહેતા હતા તેમાં, ઉદ્ધવને અવતાર રે;
જોઈ જીવનને ઓળખ્યા એણે, કાંઈ ન લાગી વાર... અક્ષરથી૦ ૩
સત્સંગ ચાલુ કીધો આવી, આ જગમાં જન કાજ રે;

ભૂમાનંદના વાલે બાંધી, પરમ પદની પાજ...અક્ષરથી૦ ૪

**૬૪૯ ચાલો સમીપે શ્યામનીરે પદ=૪ રાગ:ગરબી પદ-૪/૨**

પ્રેમ ઘણે કરી પૂજીયે રે, રસિયો રાજીવ નેણ;
સનેહી શામળો વધાવીયે રે, વાલાં લાગે એનાં વેણ... સનેહી૦ ૧
પેરાવીએ પ્રેમે કરી રે, આભૂષણ અનુપ;
માલા મોતીની કંઠમાં રે, જોયે જીવનજીનું રૂપ...સનેહી૦ ૨
છોગાં પેચાળી પાઘમાં રે, ધારી ગુલાબી ગુચ્છ;
કમરે કટારો વાંકડો રે, કરે ત્રિલોકીને તુચ્છ...સનેહી૦ ૩
જોઈ જીવનજીની મૂરતી રે, હૈડામાં હરખ ન માય;
ભૂમાનંદના ઉરમાં રે, આનંદ ઓછવ થાય...સનેહી૦ ૪

**૬૫૦ આદિત્ય સમ ઉદય થયા પદ=૭ રાગ : ધોળ પદ- ૭/૩**

મંગલકારી મૂર્તિ, થયો આ અવતાર,
કૃષ્ણે કર્યો તો વાયદો, હરીને ભુનો ભાર...૧
અક્ષરધામથી આવીને, જે થયા જુગલ રૂપ,
નરનારાયણ એ જ આ, સહજાનંદ અનુપ...૨
બદરી આશ્રમની રીતમાં, વરતાવ્યા પુરૂષ ને વામ,
એ એંધાણીયે ઓળખો, ભૂમાનંદનો શ્યામ...૩

જીવનને જોવાને ચાલો સુંદરી જો પદ=૪

**૬૫૧ રાગ : ગરબી પદ- ૪/૨**

મંદિર બિરાજો મારે માવજી રે,
પધરાવું હું બિછાવી પલંગ જો;
પ્રેમ કરીને ચાંપુ પ્યારા પાવને જો,
અર્પણ કરું અલબેલાજી અંગ જો૦ ૧
ગજરા હું ગુંથી પહેરાવું હાથમાં જો,
તોરા ખોસું પ્યારી પાઘમાંહી જો;
હાર પહેરાવું હૈયે સુગંધી ફૂલના જો,
મળો માવા મુજને ઝાલી બાંહી જો૦ ૨
જે જોઈએ તે તમને આણી આપશું જો,
નટવર મારા નેણુંના શણગાર જો;
રાત દિવસ રસિયાજી તમને રાખશું જો,
હૈડા કેરો કરી તમને હાર જો૦ ૩
લાવો લઈએ અલૌકિક ભેટી ભુજમાં જો;
સર્વે અંગે કરી ચંદન ખોર જો;
ભૂમાનંદના વા'લા રહોને આંખની જો,
આગે તમે જગના જીવન દોર જો૦ ૪

ધન્ય મુને મળ્યા સહજાનંદ સ્વામી પદ=૪

૬૫૨ રાગ : ધોળ પદ- ૪/૪

લોકમાં તો સહુ સાથે મારે લેણું;
બોલાવે છે સત્સંગનું દઈ મેણું૦...૧
કોઈ મુને કહે છે જ્યારે સત્સંગી;
બોલું અતિ હર્ષ સહિત ઉમંગી૦...૨
મળ્યા સ્વામી સહજાનંદ આપોઆપ;
ત્યાંથી મારે સત્સંગીની છાપ૦...૩
હવે શીદ સત્સંગ કરતાં લાજે;
સ્વામી મારે સહજાનંદ શીર ગાજે૦...૪
કેમ કરી સત્સંગ વિના ચાલે;
વશ કીધી ભૂમાનંદને વા’લે૦...૫

૬૫૩ રાગ : ધોળ પદ=૪ પદ- ૪/૧

સર્વે સખી જીવન જોવાને ચાલો રે, શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે. ૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે, જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે. ૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે, છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે. ૩
મળ્યાં આવે મહા મુનિનાં વૃંદ રે, તેમાં શોભે તારે વીંટયો જેમ ચંદ રે. ૪
શુક સનકાદિક ઉત્તમ જશ ગાવે રે, નૃત્ય કરી નારદ વીણા વજાવે રે. ૫
નિજ સખા ચમર કરે લઈ હાથ રે, આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે. ૬

**૬૫૪** **પદ-૪/૨**

જુવો છબી શ્યામ સુંદરવર કેરી રે, હીરની નાડી સુંથણલી સોનેરી રે. ૧
જરકસી જામો બુટ્ટાદાર રે, કસીયો કમર સોનેરી કટાર રે. ૨
શિર પર પાઘ પેચાળી નવરંગી રે, કાને ગુચ્છ ગુલાબી માથે કલંગી રે. ૩
ગજરા તોરા ગળે ગુલાબના હાર રે, આવી ઉપર ભ્રમર કરે છે ગુંજાર રે. ૪
પોંચી કડાં બાંયે બાજુ બંધ રે, નંગ જડયાં કુંડળ મોતીનાં વૃંદ રે. ૫
વેગે જુઓ વરણાગિયો વનમાળી રે, શીતળ થાયે ભૂમાનંદ કે'ભાળી રે. ૬

**૬૫૫** **પદ-૪/૩**

મૂર્તિ ચંચળ જુઓ ચટકંતી ચાલ રે, નેત્ર છડી કરમાં ફૂમકિયાળી લાલ રે. ૧
મંદ હાસ ચપળ નેણા ચિત્ત ચોરે રે, કરનાં લટકાં કરી કાળજડાને કોરે રે. ૨
મીઠા બોલો ઘેરે રાગે ગાય રે, અધર ધરી મોરલી મનોહર વાય રે. ૩
ઝળકે ભાલ વિશાળ શોભાનું ધામ રે, નાસા અણિયાળી ભ્રમર અતિ શ્યામ રે. ૪
અધર લાલ માંહી મધુરું હાસ રે, દંત પંકિત કરે અતિશે પ્રકાશ રે. ૫
જમણે ગાલે ટીબકડી રૂપાળી રે, તાપ ટળ્યા ભૂમાનંદ કહે ભાળી રે. ૬

**૬૫૬** **પદ-૪/૪**

ઘરે ચાલી આવ્યા બ્રહ્મમોલવાસી રે, જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે. ૧
જુઓ જીવ મોહ નિદ્રામાંથી જાગી રે, વરી એને થાઓ અખંડ સોહાગી રે. ૨
જોતાં વાટ આવી મારે જાન રે, પોતે વર પુરૂષોત્તમ ભગવાન રે. ૩
શુક સનકાદિક ધરે જેનું ધ્યાન રે, મારાં લોચન કરે તે મુખડાનું પાન રે. ૪
એની સર્વે દેખી અલૌકિક રીતે રે, ચોટયું મારું સુંદરવરમાં ચિત્ત રે. ૫
હથેવાળો હરિ સંગાથે મેં કીધો રે, ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે. ૬

રંગ ભરીયા રે રંગ ભરીયા પદ=૮

૬૫૭ રાગ : ગરબી પદ- ૮/૩

હું તો જાણું રે, (૨) હું તો જાણું જીવન તારો ડોડ;
આવોને મારે બારણે (૨) હું તો૦ - ટેક.
નવાં આભૂષણ અંગે ધરી (૨) કરું પુરા રે, કરું પુરા;
વાલા સર્વેકોડ,ખાટ ઢાળી તમ કારણે...હું તો૦ ૧
કોઈ કહેનારું તમને નથી (૨) તેની કરું રે, તેની કરું,
આગળથી હું હોડ, આવો ધીરા રહી ધારણે...હું તો૦ ૨
મારી સાસુ તો ગામ સધાવિયાં (૨) નણદી તો રે, નણદી તો,
સુતી તાણીને સોડ, ઘોંટી વળી છે બારણે...હું તો૦ ૩
મારા મનમાં પણ ગમતું ઘણું (૨) ભૂમાનંદ કે, ભૂમાનંદ કે,
મળી જોતાં જોડ, જાઉં વારંવાર વારણે (૨)...હું તો૦ ૪

૬૫૮ રાગ : કાફી પદ=૪ પદ- ૪/૧

અમરના સરદાર, હરિ મારા નેણતણા શણગાર;
નેણ તણા શણગાર, ગુણવંત માણકીના અસવાર. અમર૦ ૧
માથે ધોળી પાઘ મનોહર, છોગું મુગટ અનુસાર;
ધોળાં અંબર તન પર શોભે, રૂમાલ ધોળો સાર. અમર૦ ૨
ભાલ વિશાળ તિલક કેસરનું, કુંકુમચંદ્ર ઉદાર;
કામ તણા મદને હરનારી, ભ્રકુટિ ધનુષ આકાર. અમર૦ ૩
દીપશિખા શુક ચંચુલ ભારી, નાસા નમણી સાર;

દંત છબી જોઈને લાજે છે, અધોમુખ ઝુરે અનાર. અમર૦ ૪
બિંબ નવાંકુર પરવાળાથી, સારા અધર અપાર;
કૃષ્ણાનંદ કહે મુખપર વારું, ચંદ્ર સરોજ હજાર. અમર૦ ૫

**૭૫૯** **પદ-૪/૨**

પ્રાણતણા આધાર, હરિવર કેસરના અસવાર;
કેસરના અસવાર કમરે, સોનેરી કટાર. પ્રાણતણા૦ ૧
પાઘ સોનેરી છોગે જુત શિર, અટપટી આંટાદાર;
નવલ કલંગી મણિ મોતીના, તોરા શોભાદાર. પ્રાણતણા૦ ૨
સુંદર જરકસી અંબર ધાર્યા, રાજે તેજ અંબાર;
સોના કેરી લગામ કરમાં, ધારી ધર્મકુમાર. પ્રાણતણા૦ ૩
ઘોડાને ઘૂમરમાં ઘેર્યો, નટવર પરમ ઉદાર;
બીજા કરમાં છડી સોનાની, ઝળકે છે અતિ સાર. પ્રાણતણા૦ ૪
હરિની કીરતિ ગાન કરે છે, ચહુ કોરે અસવાર;
કૃષ્ણાનંદ એ શોભા ઉપર, વારી વારમવાર. પ્રાણતણા૦ ૫

**૭૬૦** **પદ-૪/3**

મુનિ તણા શણગાર, હરિ મારે તમ સંગ લાગ્યો પ્યાર;
તમ સંગ લાગ્યો પ્યાર, સમરથ મુક્તિના દાતાર. મુનિતણા૦ ૧
શિર પર પાઘ સુમનનો તોરો, શોભે છે ઉદાર;
ફુલનો સુંદર જામો પહેર્યો, તેની ફોર અપાર. મુનિતણા૦ ૨
ફુલના કાજુ બાજુ ગજરા, પ્યારા ઉર પર હાર;
ફુલની સૂંથણલી નેપુર પદમાં, ધાર્યા કરીને પ્યાર. મુનિતણા૦ ૩
અંગોઅંગમાં રાજે હરિને, કુસુમ તણા શણગાર;
બાગ કુસુમનો ફુલ્યો જાણી, ભ્રમર કરે ગુંજાર. મુનિતણા૦ ૪

ફૂલ કલંગી ફૂલનાં કાને, કુંડળ મકરાકાર;
કૃષ્ણાનંદ કહે ફૂલદડો, ઉછાળે વારંવાર. મુનિતણા૦ ૫

૬૬૧ પદ-૪/૪

કરતા નૌતમ ખ્યાલ, હરિવર ભક્તતણા પ્રતિપાલ;
ભક્ત તણા પ્રતિપાલ, અંગે ધરિયાં અંબર લાલ. કરતા૦ ૧
છટા મુગટ સમ છોગું છાજે, લાલ પાઘનો તાલ;
લલિત કલંગી લળકે ઝળકે, લટકે તોરા લાલ. કરતા૦ ૨
જોઈને ખંજન પંકજ લાજે, ચંચળ લોચન લાલ;
કાજુ તિલ ત્રાજુ અતિ રાજે, સુંદર જમણે ગાલ. કરતા૦ ૩
ચાલે ચાલ લટકતી ચાખડી, ચટકતી પે'રી લાલ;
ચાલ જોઈને લાજ્યા મનમાં, કુંજર રાજમરાલ. કરતા૦ ૪
કરવરમાં લઈને ફેરવે છે, છડી અનુપમ લાલ;
કૃષ્ણાનંદ કહે ઉર પર રાજે, મોતીડાની માલ. કરતા૦ ૫

૬૬૨ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧

(વદું સહજાનંદ રસરૂપ એ ઢાળ...)

આવો મારે મંદિર સહજાનંદ, મનોહર શ્રી હરિ રે લોલ;
વા'લા તારી મૂરતિ પરમ અનુપ, જોઉં નેણાં ભરી રે લોલ. ૧
વા'લા તારા અરૂણ ચરણ દુઃખ હરણ, ચિહ્ન શોભા ઘણી રે લોલ;
કોમળ અંગુલી લલિત રસાળ, હાર્ય નખમણિ તણી રે લોલ. ૨
પાવન પાની ઘૂંટી ગોળ, કર બહુ શોભતા રે લોલ;
જંઘા જાનુ સાથળ સાર, કે જનમન લોભતા રે લોલ. ૩

મૃગપતિ માન હરણ કટિલંક, નીરખવા લાગ્ય છે રે લોલ;
કૃષ્ણાનંદ જે ચિંતવે એહ, તેનાં બહુ ભાગ્ય છે રે લોલ. ૪

૬૬૩ પદ-૪/૨

શીતળ પીપળ પાન સમાન, ઉદર ચિત્તને હરે રે લોલ;
ત્રિવળી નાભી ગોળ ગંભીર, જોઈને નેણાં ઠરે રે લોલ. ૧
છાતી ઊપડતી ચિત્ત ચોર, વિશાલ અનુપ છે રે લોલ;
શ્રીવત્સ અર્ધચંદ્ર શુભ ચિહ્‌ન, અતિ સુખરૂપ છે રે લોલ. ૨
શોભે કંચન મોતી હાર, નીરખી મન લોભતા રે લોલ;
જાણે ગગન મંડળ માંય, તારા ને વીજ શોભતાં રે લોલ. ૩
રાજે ઉર પર પરમ ઉદાર, કે વિનગુણ હાર છે રે લોલ;
કૃષ્ણાનંદ કહે જોઈ લાજે શેષ, કે ભુજ અતિ સાર છે રે લોલ. ૪

૬૬૪ પદ-૪/૩

જાણે ફૂલ્યાં ગુલાબનાં ફૂલ, હથેળી લાલ છે રે લોલ;
અંગુલી ચોરાફળી નખ ચંદ્ર, કાંતિ વિશાળ છે રે લોલ. ૧
વાલા તારા અધર બિંબફળ તુલ્ય, રહે જન જોઈને રે લોલ;
ભાળી કુંદકળી સમ દંત, રહ્યું મન મોહીને રે લોલ. ૨
વા'લા રૂડા ખંભા, શંખ સમ કંઠ, ચિબુક શોભા ઘણી રે લોલ;
પ્યારા તારા ગાલમાં તિલ એક શ્યામ, જાણે ઝળકે મણી રે લોલ. ૩
વારું કમળ કોટિ ઉડુરાજ, વદન છબી ઉપરે રે લોલ;
કૃષ્ણાનંદ કહે પ્રેમ સહિત, મુનિ જેનું ધ્યાન ધરે રે લોલ. ૪

૬૬૫ પદ-૪/૪

કામણગારાં કરુણા સહિત, સુધા રસના ભર્યા રે લોલ;
કમળ સરીખાં ચંચળ નેણ, જોઈ નેણાં ઠર્યા રે લોલ. ૧

વા'લા તારી નાસિકા તિલનું ફૂલ, કે કીર સમાન છે રે લોલ;
લોચન લોભન કાન સમાન, કાંતિનિધાન છે રે લોલ. ૨
લોભે નેણ કમળ પર ભ્રૂહ, ભમર આધીન છે રે લોલ;
જેને જોવા થાય આતુર, કે મન અતિ દીન છે રે લોલ. ૩
ભાલે કેસર આડ બનાવ, કુંકુમ ચંદ્ર ગોળ છે રે લોલ;
કૃષ્ણાનંદ કહે તેને જોઈ, કે મન રંગ ચોળ છે રે લોલ. ૪

## ૬૬૬ રાગ : જંગલો ત્રિતાળ પદ-૧

ગુલતાન ગાનકી તાન મઈ, હરિ સોહત રાસ રસીલેકી(૨)..ગુલ૦
નાચત થોમ થનનન થનનનન, નેપુર ધૂની ઝનનન ઝનનનન;
ભુજ બાજુન ઘુઘરી ખનનનન, ગીતન છબી રંગ રંગીલેકી. ગુલ૦
પદ ઠનનન ઠનનન ઠનનનન, ધરની ધુની ધધન ધનનનન,
તોરત તાનન તોમ તનનનન, છોગન છબી છેલ છબીલેકી. ગુલ૦
મોહત જલચર થલચર ગાન ધૂની, તજે ખાનપાન તનભાન સૂની;
વીધુ રવિરથ સ્થિર જીમી હોત પુનિ, કૃષ્ણાનંદ ચિત્ત બસીલેકી. ગુલ૦

## ૬૬૭ રાગ : ભૈરવ પ્રભાતી

ચાલો રે વ્હાલાજી ચાલ લટકંતી પ્યારી રે,
પાદુકા પહેરી રૂમાલ કરમાં રૂડો ધારી રે...ચાલો-૧
રૂપાળા રંગીલા વ્હાલા પુષ્ટ તરૂણ તન રાજે રે,
નિરખી અંગની શોભા જોઈ કોટી કામ લાજે રે...ચાલો-૨

પ્યારા મુખની શોભા જોઈ કોટિ ઈન્દુ વારૂં રે,
મદન લજારી ભ્રુહ પ્રીત કરી ઉર ધારૂ રે...ચાલો-૩
કૃષ્ણાનંદ કહે નાસા પ્યારી, દિપક કીર લજારી રે,
હસની બોલી સારી રાખું અંતર ધારી રે...ચાલો-૪

## ૬૬૮ રાગ: ઝીંજોટી ઠુમરી પદ-૧

દિલદાર છટા દગ અટક રહી, નટવર હરિ પ્યારે સાંવરિયા...ટેક૦
તન સફેદ ધોતી પે'ર લિયા કેસર ચંદનકી ખોર કીયા;
ધરે ફૂલ ગેંદ કર ગિરધરિયા, પચરંગી શિર પર પાઘરિયા...દિલ-૧
સોહતહે કમળકલિ અખિયાં, ગલે ફૂલમાલ પ્યારી નખિયાં;
કાજુ બાજુ ગજરા ધરિયાં, મોતીન સહાર મન ભાવરિયા...દિલ-૨
કાબીલ કામીલ રંગરેલ પિયા, નેનનસે તન મન છીનલિયાં;
હેરત હે રૂપ ઉજાગરિયા, સિરદાર યાર નટનાગરિયા...દિલ-૩
સબ રાજનકે રાજા વરિયા, પ્રાનનહુસે પ્યાર કરિયા;
ઓરનકું ઉરમેં ના ધરિયા, કહે કૃષ્ણાનંદ સુખસાગરિયા...દિલ-૪

## ૬૬૯ રાગ: માંડ પદ-૧

મારા છેલછબીલા લાલ રે, મહારાજા મેરા યાર.
વાટ જોઈને હું ઊભી છું, ઘણી ઘડી થઈ આજ;
તમે પધારો નાથજી તો, સરે મારાં કાજ રે...મહા૦ ૧
તમ વિના મારા નાથજી, મારી કોણ લેશે સંભાળ;

જો તમે સામું નહિ જુવો તો, દુરિજન દેશે ગાળ...મહા૦ ૨
આંખેથી આંસુ ઝરે રે, હૈડે આગ અપાર;
ચાલો તો મંદિરીયે જઈએ, માણકીના અસવાર રે...મહા૦ ૩
શરણાગતની સામું જુઓ, રાખો બાંહ્ય ગ્રહ્યાની લાજ;
સહજાનંદજી નામ તમારું, સહેજે પધારો આજ રે...મહા૦ ૪
રાત દિવસ મને ઝંખના રહે છે, અક્ષરપર નિવાસ;
ચરણ સમીપે રહેવાની પુરો, કૃષ્ણાનંદની આશ રે...મહા૦ ૫

**૬૭૦ રાગ : ઠુમરી પદ= ૪ પદ- ૪/૧**

શોભે શોભે રસિકવર છેલ રે, હરિ ધર્મકુંવર સુખકારી...ટેક૦
રાજત શિર પર જરકસી પગિયાં, બંકી કલંગી લટકેલ રે. હરિ૦ ૧
ગજરા શેખર હાર બાજુબંધ, ગુચ્છ ગુલાબી ધરેલ રે. હરિ૦ ૨
કેસર તિલક મનોહર કીનો, કુંડળ નંગ જડેલ રે. હરિ૦ ૩
કૃષ્ણાનંદકે નાથ નિરંતર, ઉરમાં વસો અલબેલ રે. હરિ૦ ૪

**૬૭૧ પદ-૪/૨**

પ્યારે પ્યારે લગત દિલદાર રે, મનમોહન છેલ ગુમાની...ટેક૦
અતિ સોહત સુંદર ઉર ઉપર, મોતીન હાર ઉદાર રે. મન૦ ૧
નંગ જડિત છબીદાર મનોહર, નૌતમ કમર કટાર રે. મન૦ ૨
બંકી પાઘમેં સુમન શેખર પર, ભમર કરત ગુંજાર રે. મન૦ ૩
કૃષ્ણાનંદકે નાથ કૃપાનિધિ, લિજે મોહન મેરી સાર રે. મન૦ ૪

૬૭૨ પદ-૪/૩

ગાવે ગાવે ચતુર ઘનશ્યામ રે, ગુણસાગર નિજ જન સંગ...ટેક૦
ખેલત જમુના નીર વિહારી, ભક્તવત્સલ સુખધામ રે. ગુણ૦ ૧
નભસુર નીરખે ફુલન બરસે, બિસર ગયે તન ધામ રે. ગુણ૦ ૨
મોહે વ્રજજન તન સુધ ભલે, નિરખત મન અભિરામ રે. ગુણ૦ ૩
કૃષ્ણાનંદ નટનાગર છબી પર, વારત કોટિક કામ રે. ગુણ૦ ૪

૬૭૩ પદ-૪/૪

આવો આવો પરમ પરવીન રે, મોરે જીવન ધર્મદુલારે...ટેક૦
ચંદન ખોર કરે સુંદર તન, ભૂષન બસન નવીન રે. મોરે૦ ૧
કુંડલ કાનુમેં બદન સુધાકર, દેખન દોરત મીન રે. મોરે૦ ૨
ઝુક રહે લોચન પંકજકે પર, ભ્રકુટિ ભમર આધીન રે. મોરે૦ ૩
કૃષ્ણાનંદકે દીજે દરશન હરિ, જાનીકે અબ મોયે દીન રે. મોરે૦ ૪

૬૭૪ રાગ : કલ્યાણ પદ-૧

સોહત હરિ સહજાનંદ ધર્મ વર્મ પ્યારે...ટેક૦
નૂતન ઘન નીલ બરન, કોટિ મદન માન હરન;
પાવન તન શ્વેત બસન, મોહનવર ધારે રે...સોહત-૧
શ્વેત પાઘ છબી અથાગ, નિરખત અનુરાગ જાગ;
રાજત બિચ છોગે જુત, દેખત દુઃખ ટારે...સોહત-૨
સુમન શેખર ગુચ્છ હાર, ગજરા બાજુ ઉદાર;
તા પર અલી ફહર લેત, ગુંજત મતવારે...સોહત-૩
ધર્મલાલ કર રૂમાલ, ચલત અતિ ચટક ચાલ;

કૃષ્ણાનંદ બાનક પર, તન મન ધન વારે...સોહત-૪

### ૬૭૫ રાગ : ખમાચ-ઠૂમરી પદ- ૧

હરિ બાનક બસ ગઈ અંતરમેં, રતિવર ગર્વ હરે રે...હરિ૦
ઐસી છબી કોઈ આ દુનિયામેં, ઓર નજર નહિ આવે રે;
અંગોઅંગ સુંદર છબિ છાઈ, હેરત નજર ઠરે રે. હરિ૦ ૧
જાકી ઉપમા કવિ નહિ પાવે, કહત શેષ સંકુચાવે રે;
જેહી દેખી નહિ ઓર સોહાવે, દેખત પાપ જરે રે. હરિ૦ ૨
લાવણ્યસાર દયાદિલ જાને, દેખી વદન વિધુ લાજે રે;
કૃષ્ણાનંદ હરિ સુરત હેરી, ભુવન ભોગ વીસરે રે. હરિ૦ ૩

### ૬૭૬ રાગ : ગરબી પદ=૨ પદ- ૨/૧

તમારે ચરણે શિશ નમાવું, સહજાનંદજી રે; પ્રેમે ગુણ તમારા ગાવું. સ૦ ૧
દેજો બુદ્ધિ દીનદયાળ, સ૦ તમે છો ભકતોના પ્રતિપાળ. સ૦ ૨
તમારો મહિમા કહું મુરારી, સ૦ પાવન કરજો બુદ્ધિ મારી. સ૦ ૩
તમે નિત્ય અક્ષરધામ નિવાસી, સ૦ તમે છો પુરૂષોત્તમ સુખરાશી. સ૦ ૪
તમારે હાજર રહે નવ નિધિ, સ૦ તમને સેવે આઠે સિદ્ધિ. સ૦ ૫
મુકિત ચાર તમારી દાસી, સ૦ તમે રવિ ઈન્દુ અનળ પ્રકાશી. સ૦ ૬
તમને નિગમ નેતિ કરી ગાવે, સ૦ તમારા ગુણનો પાર ન આવે. સ૦ ૭
કમળા ચરણ તમારાં સેવે, સ૦ મુનિવર નામ તમારાં લેવે. સ૦ ૮
તમારો મહિમા શેષ વખાણે, સ૦ સંત મધુકર પદરસ માણે. સ૦ ૯

તમારી બીકે ઈંદ્ર જેહ, સ૦ ભૂપર જળ વરસાવે તેહ. સ૦ ૧૦
પ્રીતે ભવ બ્રહ્માદિક દેવ, સ૦ તમારા પદરજની કરે સેવ. સ૦ ૧૧
પાળ વિનાનો સિંધુ નીર, સ૦ તમારી બીકે રહે છે સ્થિર. સ૦ ૧૨
આભમાં તારામંડળ કહે છે, સ૦ તમારૂં રાખ્યું અધર રહે છે. સ૦ ૧૩
તમે છો અનંત બ્રહ્માંડના કર્તા, સ૦ તમે છો દૈત્યોના મદ હર્તા. સ૦ ૧૪
તમે છો ધર્મધુરંધર દેવ, સ૦ અધર્મ નાશ કરો તતખેવ. સ૦ ૧૫
તમે છો અગણિત લોકના ઈશ, સ૦ તમને મહામુનિ નામે શીશ. સ૦ ૧૬
જે કાંઈ અચરજકારી કહાવે, સ૦ તે તવ મૂર્તિમાંહી રહાવે. સ૦ ૧૭
ષડ ઐશ્વર્ય સહિત મુરારી, સ૦ ભૂમિ ઉપર નરતનુ ધારી. સ૦ ૧૮
કરવા અનેક જીવ ઉદ્ધાર, સ૦ પ્રગટ્યા કૌશળ દેશ મોઝાર. સ૦ ૧૯
તમે થઈ ભક્તિધર્મના બાળ, સ૦ તાર્યાં જનની તાત દયાળ. સ૦ ૨૦
તજીયું ઘર પામી વૈરાગ્ય, સ૦ ફરિયા તીરથમાં બડભાગ્ય. સ૦ ૨૧
જનોને દેતા સત ઉપદેશ, સ૦ આવ્યા ફરતા સોરઠ દેશ. સ૦ ૨૨
તમે હરિ કોઈના નવ જાઓ કળિયા,સ૦ મંજુકેશાનંદને મળિયા. સ૦ ૨૩

**૬૭૭** **પદ-૨/૨**

તમે છો પોતે પૂરણ બ્રહ્મ, સ૦ તમારો મૂઢ ન જાણે મર્મ. સ૦ ૧
શુક સનકાદિક નારદ યોગી, સ૦ તમારા ચરણકમળ રસ ભોગી. ૨
દીધા જનને દર્શન દાન, સ૦ તેનાં પાપ હર્યાં ભગવાન. સ૦ ૩
ભૂપર પ્રગટ કર્યો પ્રતાપ, સ૦ ધ્યાન સમાધિ કરાવી આપ. સ૦ ૪
તાર્યાં અગણિત જન બહુનામી, સ૦ અગણિત સંત કર્યા નિષ્કામી. સ૦ ૫
ધારી નૈષ્ઠિક વર્ણી વેષ, સ૦ ફરીયા ગુર્જર આદિ દેશ. સ૦૬
ફરતા આવ્યા ગઢપુર શહેર, સ૦ કરવા નિજજન ઉપર મહેર. સ૦ ૭
લીલા કીધી ગઢપુર માંય.સ૦ તે સૌ મુખથી કેમ વર્ણવાય. સ૦ ૮

ભૂપર વિષ્ણુયાગ બહુ કીધા, સ૦ જમાડ્યા બ્રાહ્મણને દઈ સીધાં. સ૦ ૯
દીધાં દક્ષિણાદાન ઉદાર, સ૦ તેનો ગણતાં ન આવે પાર. સ૦ ૧૦
તમે બહુ મંદિર ભૂપર કીધાં, સ૦ જનને જીવતદાન જ દીધાં. સ૦ ૧૧
તેમાં પધરાવ્યા બહુ દેવ, સ૦ નીરખી પાપ બળે તતખેવ. સ૦ ૧૨
ધર્મ સનાતન સ્થાપન કીધો, સ૦ ચલાવ્યો મુક્તિમાર્ગ સીધો. સ૦ ૧૩
તમે દૈત્યોને મોહ પમાડી, સ૦ નાખ્યું અધર્મ મૂળ ઉખાડી. સ૦ ૧૪
તમે હરિજનનું હિત વિચારી, સ૦ નિજ બંધવના સુત બેઉ ભારી. સ૦ ૧૫
તેને દત્તપુત્ર કરી દેવ, સ૦ દીધી નિજ ગાદી તતખેવ. સ૦ ૧૬
રૂડા અવધપ્રસાદ રઘુવીર, સ૦ બેઉને જાણી ગુણગંભીર. સ૦ ૧૭
મંદિર દેશ કરી વિભાગ, સ૦ દીધાં બેઉ જણને બડભાગ. સ૦ ૧૮
સંતકમળ ફુલાવ્યાં સ્વામી, સ૦ લીલા બહુ કીધી સુખધામી. સ૦ ૧૯
તેનો શેષ ન પામે પાર, સ૦ તમે છો ભક્તતણા આધાર. સ૦ ૨૦
હેતે શીખે સુણે ગાય, સ૦ તે જન બ્રહ્મપુર સહેજે જાય. સ૦ ૨૧
ઈર્ષ્યા માન કરી જે નિંદે, સ૦ તે જન પડશે જમને ફંદે. સ૦ ૨૨
મંજુકેશાનંદ કર જોડી. સ૦ ગાયો મહિમા સૌથી તોડી. સ૦ ૨૩

**૬૭૮ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે, શ્રી ઘનશ્યામ હરિ;
રૂડી ચાલ જગતથી ન્યારી રે, શ્રી ઘનશ્યામ હરિ...ટેક૦
ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે-શ્રી૦ રૂડા લાગો છો શ્યામ શરીર રે. શ્રી૦ ૧
તારી છાતી ઉપડતી શ્યામ રે-શ્રી૦ છે જો લક્ષ્મી કેરું ધામ રે. શ્રી૦ ૨
તારા મુખની શોભા જોઈ રે-શ્રી૦ રાખું અંતરમાં પ્રોઈ રે. શ્રી૦ ૩

તારાં નેણાં કમલ પર વારી રે-શ્રી૦ મંજુકેશાનંદ બલિહારી રે. શ્રી૦ ૪

૬૭૯ પદ-૪/૨

કીનખાપની ડગલી પે'રી રે સહજાનંદ સ્વામી;
સુરવાળામાં નાડી હીર કેરી રે, સહજાનંદ સ્વામી...ટેક૦
માથે મોળિડું નૌતમ ભાળી રે-સહ૦ મોટી ભવની વેદના ટાળી રે. સહ૦ ૧
કેડે રેંટો કસુંબી શોભે રે-સહ૦ જોઈ મનડું મારું લોભે રે. સહ૦ ૨
ખભે ધોતી અતિ રૂપાળી રે-સહ૦ હાથે સોટી છે ફુમકાવાળી રે. સહ૦ ૩
ભવ બુડતાં ઝાલ્યો મારો હાથ રે-સહ૦ મંજુકેશાનંદના નાથ રે. સહ૦ ૪

૬૮૦ પદ-૪/૩

પે'રી નેપૂર ચાલતાં ઠમકે રે, શોભે શામળિયો;
કેડે કંદોરો ઘુઘરી ઘમકે રે, શોભે શામળિયો...ટેક૦
વેઢ વીંટી છે નંગ જડાવ રે, શો૦ હેમ બાજુ છે ખૂબ બનાવ રે. શોભે૦ ૧
પેર્યાં કનક કડાં બેઉ હાથે રે, શો૦ સોના સાંકળાં પેર્યાં છે મારે નાથે રે. શોભે૦ ૨
બેઉ કાનમાં કુંડળ લળકે રે, શો૦ ઉર મોતીડાંની માળા ઝળકે રે. શોભે૦ ૩
પે'રી સાંકળી ને સોનાદામ રે. શો૦ મંજુકેશાનંદના શ્યામ રે. શોભે૦ ૪

૬૮૧ પદ-૪/૪

ખોસ્યા ગુચ્છ ગુલાબી કાન રે, મોહન મનગમતા;
રૂડા લાગો છો ગુણનિધાન રે, મોહન મનગમતા...ટેક૦
માથે ફૂલડાંનાં તોરા લટકે રે-મો૦ જોઈ ભાલ તિલક મન અટકે રે. મોહન૦ ૧
ઓઢી ફૂલની પછેડી અંગ રે-મો૦ નીરખી લાજે કોટિ અનંગ રે. મોહન૦ ૨
ફૂલ બાજુ ને ગજરા પે'રી રે-મો૦ શોભે પંક્તિ તે ફુલહાર કેરી રે. મોહન૦ ૩
વા'લો ફુલડે થયા ગરકાવ રે-મો૦ મંજુકેશાનંદના માવ રે. મોહન૦ ૪

૬૮૨ રાગ : ગરબી પદ=૪ પદ- ૪/૧

આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી-૧
મહા રે મુનિના ધ્યાનમાં નાવે, તે રે શામળિયોજી મુજને બોલાવે-૨
જે સુખને ભવ બ્રહ્મા રે ઈચ્છે, તે રે શામળિયોજી મુજને રે પ્રીછે-૩
ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠાં મળ્યા અક્ષરવાસી-૪
તપ રે તીરથમાં હું કાંઇ નવ જાણું, સહેજે સહેજે હું તો સુખડાં રે માણું- ૫
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા; વાતની વાતે વ્હાલો અઢળક ઢળિયા- ૬

૬૮૩ પદ-૪/૨

મહેર કરી મારે મંદિરે આવ્યા, થાળ ભરીને મોતીડે વધાવ્યા- ૧
આનંદ અંગે ન માય મારી બેની, હરિવર ભેટતાં લજ્જા રે શેની- ૨
દુરિજન મન રે માને તેમ કહેજો, સ્વામીજી મારા હૃદિયામાં રહેજો- ૩
જે રે જોઈએ તે માગજો માવા, ત્રિકમ તમને હું નહિ દઉં જાવા- ૪
મુખથી તે ઝાઝું શું કહી દાખું, હરિવર મારા હૃદિયામાં રાખું- ૫
કોણ રે પુણ્યે હું(તો) હરિવર પામી, ભલે મળ્યા જેરામના સ્વામી- ૬

૬૮૪ પદ-૪/૩

પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળીયા રે ત્યારે-૧
નેણે મોહનવર નીરખ્યા જ્યારે, પૂરણ કામ થયું મારૂં ત્યારે-૨
પ્રેમે કરી મંદિર પધરાવ્યા, શ્યામ સુંદરવર મનડે રે ભાવ્યા-૩
નીરખી નારાયણ મૂરતિ જ્યારે, ત્રિવિધ તાપ ટળ્યા મારા ત્યારે-૪
કેસર ચંદન ચરચ્યું છે ભાલે, હસતાં સુંદર ખાડા પડે છે ગાલે-૫
કાનુમાં કુંડળ મકરાકાર શોભે, જેરામ કહે મન જોઈ જોઈ લોભે-૬

૬૮૫ પદ-૪/૪

શિર પર કેશ શોભે અતિ સારા, મોહનવર મારી આંખ્યોના તારા-૧
ભ્રૂકુટી કુટિલ શોભી રહી સારી, જોઇ જોઇ મોહી સર્વે વ્રજનારી-૨
હાર હૈયામાં પહેર્યા વનમાળી, ભ્રમર આવે તિયાં સુગંધ ભાળી-૩
બે સ્તન શ્યામ શોભે અતિ સારા, જાણે ઊગ્યા આકાશમાં તારા-૪
નાભિ નૌતમ ઊંડી છે ભારી, બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી- ૫
જાનુ જુગલ શોભે અતિ સારા, જેરામ કહે દેખે દાસ તમારા-૬

૬૮૬ રાગ : ગરબી પદ-૧

વસ્યો છે છોગલાંવાળો, મારે મન વસ્યો છે છોગલાંવાળો...ટેક૦
છેલ છબીલો ને અજબ રંગીલો, એનો ચપળ છે નેણનો ચાળો...મા૦
જરકસી જામો ને પાઘ કસુંબી, કમર કસ્યો છે કટારો;
કાને કુંડળ કંઠે મોતીડાંની માળા, એના સુરવાળનો ઝળકારો...મા૦
કપુરની માળા કંઠે વિરાજે, હેમકડાં બે હારો;
જમણી આંગળીએ વેઢ વીંટી વિરાજે, એનો તોરો કુસુમનો ન્યારો...મા૦
હૈડા પર હેમચંદ્ર પાયે છે પાવડી, ઘૂઘરીનો ઘમકારો;
અટક મટક એની ચાલ ચટક, બ્રહ્મચારી જેરામનો પ્યારો...મા૦

૬૮૭ રાગ : લાવણી

મારે મંદિર પધાર્યા શ્યામ, થઇ બડભાગી (૨)
મારે હરિવર સાથે હેતશું લગની લાગી. મારે૦ ૧

મારા મનની પુરી હામ, કૃતારથ કીધી (૨)
ભવ બુડતાં મારી બાંય ગ્રહીને લીધી. મારે૦ ૨
મારા મનમાં વસિયા માવ, તાપ સર્વે ટાળ્યા (૨)
મને મગન કરી મહારાજ દુરગપુર ચાલ્યા. મારે૦ ૩
મને કરવું ન સુઝે કામ, કહો કેમ કરિયે (૨)
જબ મિલે ન સહજાનંદ ઠામ ક્યાં ઠરિયે. મારે૦ ૪
એ સુખની શી કહુ વાત, કહી નથી જાતી (૨)
એ સુખ સંભારતાં આજ ફાટે મારી છાતી. મારે૦ ૫
કહે યોગાનંદ મુનિરાય, ભજી લ્યો પ્રીતે (૨)
નહિ આવે જમના દૂત શાસ્ત્રની રીતે. મારે૦ ૬

## ૬૮૮ કારણરૂપ કહાવે ધરમસુત...

કારણ રૂપ કહાવે ધરમસુત કારણ રૂપ કહાવે,
ધર્મદેવ આ પુત્ર તમારા, કારણ રૂપ કહાવે;
અનંત અવતારના એ અવતારી, સર્વેનો ભાવ દેખાવે...ધરમ૦ ૧
અક્ષરધામના આપ નિવાસી, મનમાં મે'ર ઘણી લાવે;
કૃતારથ કરવાને કાજે, ઘેર તમારે આવે...ધરમ૦ ૨
દિવ્ય રૂપ છુપાવી વાલો, બાળકરૂપ બનાવે;
મનુષ્ય નાટક દેખી મોહનનું, સહુના તે મનમાં ભાવે...ધરમ૦ ૩
અનંતજીવ ઉદ્ધારવા કારણ, અલબેલો અહિં આવે;
દયાનંદના નાથને સેવો, મોહ સંસારી મેલાવે...ધરમ૦ ૪

૬૮૯ રાગ : ધોળ પદ=૨ પદ- ૨/૧

એક દિન સભા કરી શ્રીહરિ, બોલ્યા વાણી પોતે બલવીર;
થઈ દિલગીર...શ્રીજી કહે સંતને૦
સર્વે સંત હરિજન સાંભળો,
મારે કે'વાની છે એક વાત, સાચી સાક્ષાત...શ્રીજી-૨
સર્વે કરવાનું કામ કરી રહ્યો,
નથી બાકી રહ્યું લવલેશ, સુણો ઉપદેશ...શ્રીજી-૩
ધ્યાન ધારણા જોગની જુગતિ;
સૌને શીખવી મેં કરી પ્રીત, પરમ પુનિત...શ્રીજી-૪
મોટા મોટા મહારુદ્ર ઘણા કર્યા;
દીધાં બ્રાહ્મણને ઘણાં દાન, કરી સન્માન...શ્રીજી-૫
નરનારાયણાદિક દેવનાં;
કીધાં મંદિર મોટાં અપાર, કરી અતિ પ્યાર...શ્રીજી-૬
દેશો દેશમાં ડંકો વગાડિયો;
સ્વામિનારાયણ રટે નામ, જન આઠો જામ...શ્રીજી-૭
મતપંથી મોટા મોટા જીતિયા;
લીધા છોડી તેના શિષ્ય જન, મુમુક્ષુ પાવન...શ્રીજી-૮
આપ્યા પરચા ઘણાને મેં આ સમે;
નો'તા દીઠા નો'તા સુણ્યા કાન, ધરે મુનિ ધ્યાન...શ્રીજી-૯
સર્વે અધર્મ ભૂમિનો ટાળિયો;
થાપ્યો ધર્મ ધરા પર શુદ્ધ, વખાણે વિબુદ્ધ...શ્રીજી-૧૦

સૌને મોક્ષનો પંથ દેખાડિયો;
આંખ્યું મીંચી સહુ જાય, સુખી અતિ થાય...શ્રીજી.૧૧
મારી મૂર્તિઓ મેં સ્થાપન કરી;
તેમાં અખંડ રહું કરી વાસ, ટાળું જમત્રાસ...શ્રીજી-૧૨
વળી ધર્મનું કુળ તેડાવિયું;
મોટા બાંધવ રામપ્રતાપ, ઈચ્છારામ આપ...શ્રીજી-૧૩
બેઉ ભ્રાતના પુત્રને લઈને;
કીધા દત્તપુત્ર કરી પ્યાર, નિશ્ચય નિરધાર...શ્રીજી-૧૪
મોટા ભ્રાતના અવધપ્રસાદજી;
નાના ભ્રાતના શ્રી રઘુવીર, મહા દઢ ધીર...શ્રીજી-૧૫
તે બન્ને સુપુત્રને લઈને;
સ્થાપ્યા ગાદીએ કરી પ્યાર, અધિક ઉદાર...શ્રીજી-૧૬
દેશ સંત સહુ વહેંચી આપિયા;
મારા તુલ્ય જાણી તતખેવ, કરો સહુ સેવ...શ્રીજી-૧૭
રહેજો વચન પ્રમાણે સહુ મળી;
જેમ કે'તેમ કરજો જરુર, કરી માન દૂર...શ્રીજી-૧૮
શિક્ષાપત્રી જાણો મારી મૂરતિ;
વાંચી વર્તજો સહુ નરનાર, લોપો મા લગાર...શ્રીજી-૧૯
મોટા મોટા ગયા તજી દેહને;
રામ-કૃષ્ણાદિક અવતાર, અનંત અપાર...શ્રીજી-૨૦
તેમ હું પણ આ તન ત્યાગીને;
જાણો જાઈશ અક્ષરધામ, તજીને આ ઠામ...શ્રીજી-૨૧
લેશ કલેશ વાંસે કરશો નહિ;

રહું સત્સંગ માંહી સદાય, કરીને ઉચ્છાવ...શ્રીજી-૨૨
કોઈ સ્નેહે કરી તન ત્યાગશે;
તો તે પામશે કષ્ટ અપાર, વચન લોપનાર...શ્રીજી-૨૩
સૌ સંપ રાખી સત્સંગમાં;
કરો કરાવો સૌ સત્સંગ, કરીને ઉમંગ...શ્રીજી-૨૪
મૂકી સત્સંગ દૂર જાઉં નહીં;
રહું પાસ કરી નિત વાસ, જાણી મારા દાસ...શ્રીજી-૨૫
થોડા દિન પછી વળી તમને;
તેડી રાખીશ હું મારી પાસ, થાશો ન ઉદાસ...શ્રીજી-૨૬
એમ અવિનાશાનંદનો નાથજી;
બોલ્યા વાણી તે વજ્ર સમાન, ભૂલ્યા સૂણી ભાન...શ્રીજી-૨૭

**૬૯૦ પદ-૨/૨**

સૂણી વાણી તે શ્રી ઘનશ્યામની;
સૌ સંત થઈને ઉદાસ કે'છે લઈ લઈ શ્વાસ...શ્રીજી-૧
તમે જીવના જીવન જગપતિ;
શરણાગત પાલક શ્યામ, સદા સુખધામ...શ્રીજી-૨
પે'લું અમૃત પાઈને પ્રીતથી;
હવે ઝેર ન પાશો જરૂર, દયા કરી દૂર...શ્રીજી-૩
તમ વિના જે જગતમાં જીવવું;
તેથી મરવું ભલું મારા નાથ, કહીએ જોડી હાથ...શ્રીજી-૪
વા'લા હસવું તમારું જે હેરવું;
તે તો વિસરે નહીં પળ એક, કરીને વિવેક...શ્રીજી-૫
જોઈ તમને દિવસ વા'લા જાય છે;

દિલે થાય છે સુખ અપાર, પ્રાણના આધાર...શ્રીજી-૬
જેહ વાત કરી તમે વાલમા;
તેને સૂણી તપે ઘણું તન, મૂંઝાય છે મન...શ્રીજી-૭
નિશ્ચે મેલીને જાશો જો નાથજી;
ઝૂરી ઝૂરી પડશે તન, વિના દરશન...શ્રીજી-૮
જળ વિના નોખી પડી માછલી;
તેને દૂધમાં સુખ ન થાય, જરૂર જીવ જાય...શ્રીજી-૯
વાલા પતિ વિના સતિ વનિતા;
તેને દુઃખના દિવસ જાય, શાંતિ નવ થાય...શ્રીજી-૧૦
જેમ ચંદ્ર વિજોગી ચકોરને;
જાણો ચોગણી ચિંતા તે ચિત્ત, કહીએ કરી પ્રીત...શ્રીજી-૧૧
જેમ કર વિના કરિ દુઃખિયો;
વળી પાંખ વિના પંખી દીન, મનમાં મલિન...શ્રીજી-૧૨
જેમ આંખ વિના જન આંધળો;
તેને સુખ નહિ લવલેશ, કાયા પામે કલેશ...શ્રીજી-૧૩
જેમ ચક્રવર્તી ભૂપાલને;
એક પુત્ર હોય મરી જાય, તેને કેવું થાય...શ્રીજી-૧૪
જેમ સરિતા નીર વિના વળી;
જન દેખી પામે મન ત્રાસ, હોય અતિ પ્યાસ...શ્રીજી-૧૫
જેમ વેલી દઝાણી દાહમાં;
પાછી લીલી કે'દી નવ થાય, જોઈ નવ જાય...શ્રીજી-૧૬
જેમ ચંદ વિના જાણો જામની;
વળી દિપક વિનાનું ઘર, દેખી લાગે ડર...શ્રીજી-૧૭

જેમ રવિ વિના દિન જાણીએ;
તેમ તમ વિના અમે નાથ, દુઃખી સહુ સાથ...શ્રીજી-૧૮
તમ વિનાનું સુખ ત્રિલોકમાં;
થાય ઝેર તે શ્યામ સુજાણ, પ્યારા જન પ્રાણ...શ્રીજી-૧૯
તમ મૂકીને જાઓ જો ધામમાં;
તજીએ અમે તરત પ્રાણ, ધરમકુલ ભાણ...શ્રીજી-૨૦
પણ આજ્ઞા અદ્રિ ઉલ્લંઘતાં
બહુ લાગે છે મનમાં બીક, કહીએ ઠીકાઠીક...શ્રીજી-૨૧
આવું ના ઘટે તમને આ સમે;
શરણાગત મૂકીને શ્યામ, જાવું નિજ ધામ...શ્રીજી-૨૨
વા'લા વિરહ અમે કેમ વેઠીયે;
કયારે લેશો આવીને સંભાળ, દીનના દયાળ...શ્રીજી-૨૩
તમે તરણ તારણ ત્રિભુવન તણાં;
સર્વે સુખના સાગર શ્યામ, અતિ અભિરામ...શ્રીજી-૨૪
તમે કર્તા અકર્તા છો નાથજી;
નથી તમારા ઉપર કોઈ, કહીએ ચિત પ્રોઇ...શ્રીજી-૨૫
જેમ સુખ થાય સૌ સાથને;
તેમ કરજો વે'લો ઉપાય, કહીએ લાગી પાય...શ્રીજી-૨૬
ઘણું શું કહીએ તમને નાથજી;
તમે અંતરજામી અનુપ, સદા સુખરૂપ...શ્રીજી-૨૭
સૂણી અરજી તે નિર્મોહી સંતની;
પછી અવિનાશાનંદનો નાથ, મુકી સંત સાથ, શ્રીજી ગયા ધામમાં...શ્રીજી-૨૮

## ૬૯૧ બાલા જોગી આવ્યા...

બાલા જોગી આવ્યા વાવે, બાલા જોગી આવ્યા,
લોજની વાવે આજે, બાલા જોગી આવ્યા,
નાસાગ્રે નજરું રાખી પદ્માસનવાળી, તપે કરીને કાયા કૃશ થઈ ભારી,
તપોનિધિ લાગે છે સૂરજ સરાયા, બાલા૦ ૧
બ્રહ્મપુર વાસીને વિનંતી કરીને, પાયે પડીને બહુ વંદના કરીને,
સ્નેહે વર્ણીને આશ્રમ માંહિ લાવ્યા. બાલા૦ ૨
નયણા કરવાને પાવન દર્શન કરીને, નરનારી આવ્યા સહુ સાથે મળીને,
સુખાનંદને મન અતિશે રે ભાવ્યા. બાલા૦ ૩

## ૬૯૨ રાગ : લાવણી

સહજાનંદકે દર્શન કરકે, મગન ભયે સબ ગુરૂજ્ઞાની,
અદ્‌ભુતરૂપ વિચારત મનમેં, નહિ આવે મુખસેં બાની...ટેક.
અનંતકોટિ જાકે ચરન પરત હૈ, બ્રહ્મ મહોલકે સુખદાની;
સો હરિકો હમ પ્રગટ બતાવે, ભેદ વિના ભટકત પ્રાની...સહ૦ ૧
કોટિ વિષ્ણુ બ્રહ્મા કર જોડી, શંકર કોટિ સુરત આની;
શારદ શેષ નારદ યું પ્રણવે, નહિ માનત નર અભિમાની...સહ૦ ૨
નિઃસ્વાદી નિઃસ્પૃહી નિર્લોભી, નિષ્કામી જન નિર્માની;
પાયો ભક્તિપદારથ મોટો, તન મન કીનો કુરબાની...સહ૦ ૩
પરબ્રહ્મ પૂરણ પુરૂષોત્તમ, સ્વામિનારાયણ સુમરાની;

સુખાનંદ શરણે સુખ પાયો, ભજન ભરુંસા ઉર આની...સહ૦ ૪

## ૬૯૩ રાગ : ત્રિતાળ-ઝીલ્યો

અવતારી થયા ભકિત ધરમના, પુત્ર તમે પ્યારા.....ટેક૦
પુર છપૈયે પ્રભુજી પ્રગટ્યા સુંદર શ્રીઘનશ્યામ;
થઈ બાલક રે, જનપાલક રે, દુઃખટાલક રે, અઘજાલક રે
અધમ ઉદ્ધારણ ધર્મ ભુવનને પદ રજ કરનારા...અવ૦૧
બાળ સ્વરૂપે બની બિહારી, ભકિત ધરમને નાથ;
ઘર ભમિયા રે, મન ગમિયા રે, રસ જમિયા રે, બહુ રમિયા રે
અંક વિષે રહી માત-પિતાને, જન મન હરનારા...અવ૦૨
બાળલીલા જોઈ બહુ પ્રકારે પુરવાસી જનનાંજ;
મન અટકે રે, કર લટકે રે, ક્યાંઈ ન ટકે રે, વણ મટકે રે
ધર્મ નિવાસે દર્શન કરવા, આવે નર દારા...અવ૦૩
નેપુર પહેરી ભકિતધર્મને, આંગણ કરત વિહાર;
પદ ઠમકે રે, ચિત્ત ચમકે રે, ખુબ ખમકે રે, ઘણી ઘમકે રે
ઘુઘરીયું ઘનશ્યામ સુણી પ્રિય, લાગે ઘમકારા...અવ૦૪
પુર છપૈયે છેલછબીલા આનંદ બહુ ઉભરાય;
પદ પરસે રે, ચિત્ત ઠરશે રે, સુખ વરસે રે, બહુ દરસે રે
હરખ હરખ જગદીશાનંદ કહે, નીરખી પ્રભુ પ્યારા...અવ૦૫

૭૯૪ રાગ: ઝુલડીનો પદ-૧

દિયરજી દૂર ન ફરજો, વાલમજી વાર ન કરજો,
આપો મારી અંગૂઠડી...ટેક૦
એમાં હીરો, એક જડેલો કિંમતવાળો કોડે,
અંગૂઠડી કોઈ અન્ય ન આવે, જગમાં એની જોડે...દિયરજી૦ ૧
હવે હઠીલા હઠ કરશો તો, બહુ ખીજાશે બાપો;
ઝક ઝાઝી ન કરો સમજીને, શ્યામ અંગૂઠી આપો...દિયરજી૦ ૨
વઢશે ભાઈ તમારા તમને, માટે ખોલો મૂઠી;
શાણા સરલપણાથી આપો, એ મારી અંગૂઠી...દિયરજી૦ ૩
આ ઘડીએ અંગૂઠી લઈને, જો કદી નાસી જાશો;
દેવી પડશે દેર અંગૂઠી, પછી બહુ પસ્તાશો...દિયરજી૦ ૪
આજ થકી ઘનશ્યામ તમે જો, આવો કરશો અન્યા'(ય);
ચોરીનો ગુન્હો શિર ઠરશે, નહિ આપે કોઈ કન્યા...દિયરજી૦ ૫
વણ કન્યાએ વાલમ રહેશો, ભવ આખો બ્રહ્મચારી;
ગૃહસ્થની ગણતીમાં તમને, ગણશે નહિ સંસારી...દિયરજી૦ ૬
લક્ષણવંતા લાલ થશો તો, કન્યા ક્યાંથી જડશે;
ઘર મુકી ઘનશ્યામ પછી તો, વનમાં ફરવું પડશે...દિયરજી૦ ૭
આપો શ્રી ઘનશ્યામ અંગૂઠી, અવિનાશી અવિકારી;
વદનકમળ પર પ્રીત કરી, જગદીશાનંદ બલિહારી...દિયરજી૦ ૮

## ૭૯૫ રાગ : વૈદર્ભી

ધર્મકુંવર કયારે આવશો, વ્હાલા શ્યામ સુજાણ;
તમરે વિના મારા નાથજી, પડ્યા પરવશ પ્રાણ...ધર્મ૦ ૧
વિરહે વ્યાકુળ ચિત્ત માહરું, અતિશે અકળાય;
જીવન તમને જોયા વિના, ઘડી જંપ ન થાય...ધર્મ૦ ૨
દિવસે તો દિલમાં ગોઠે નહિ, રાત રોઈ રોઈ જાય;
નેણે આંસુની ધારા વહે, કયાંઈ શાંતિ ન થાય...ધર્મ૦ ૩
મંદિર મોહન તમ વિના, ખાલી ખાવાને ધાય;
નિત્યે નિશ્વાસ મૂકું હરિ, કેમે દિવસ ન જાય...ધર્મ૦ ૪
વાધે છે વિરહની વેદના, વ્હાલા જાણો જરૂર;
ક્ષીણ શરીરે ખમાય નહિ, ન થાય દુઃખ દૂર...ધર્મ૦ ૫
જેમ ચકોર ને ચંદ છે, તેમ છો તમે નાથ;
વણદીઠે અકળાઉં છું, ચિત્ત છે તમ સાથ...ધર્મ૦ ૬
દીનદયાળુ કહી સદા, નિગમાગમ ગાય;
દુઃખ દેખી શકો દાસનું, એ આશ્ચર્ય ગણાય...ધર્મ ૭
વિનતી સુણી વ્હાલા માહરી, શ્રીહરિ તતખેવ;
જીવન જગદીશાનંદના, દેજો દર્શન દેવ...ધર્મ૦ ૮

૬૯૬ રાગ : ધોળ પદ-૧

(સુખદાયક રે સ્વામી સહજાનંદ-એ રાગ)

**સખી જોયા રે મેં તો મોહનરાય, પાતળિયા પ્રીતમ પ્રાણને;**

એની ડાબી ભુજાના મુળથી, ત્રણ્ય આંગળ રે હેઠી છાપ દેખાય...પા૦ ૧

ડાબી કુંણીથી હેઠો બે તસુ, એક તિલ છે રે હાથે ઉપલે ભાગ...પા૦ ૨

બીજો વચલી ને તર્જની બે વિચે, ત્રિજો તર્જની રે નખથી માયલી જાગ...પા૦ ૩

ડાબે હાથે તે પોંચા ઉપરે, એક તિલ છે રે હું તો નિરખું હંમેશ...પા૦ ૪

નખ રકત ઉપડતાં બે હાથના, એના તીક્ષણ રે અગ્ર ભાગના લેશ...પા૦ ૫

વળી કરતલ કોમળ લાલ છે તેમાં રેખાઉં રે થોડી થોડી છે શામ...પા૦ ૬

છાપું હથેળીનાં મૂળથી, આઠ આંગળ રે ઉંચી બેઉ સુખધામ...પા૦ ૭

કુણી સુંદર તે બેઉ શામ છે, કંઠ બીચમાં રે સુંદર એક તિલ...પા૦ ૮

તેને પાસે બીજો તિલ એક છે, ડાઢી હેઠે રે ત્રીજો જોઇ ડોલે દીલ...પા૦ ૯

ખભા ડાબાથી હેઠો બે તસુ, રોમે સહિત રે મોટો તિલ વાંસામાંય...પા૦ ૧૦

બીજો હેઠો તિલ એક તે થકી, તેથી હેઠો રે તિલ ત્રીજો સોહાય...પા૦ ૧૧

વળી જમણી કરોડ પાસે છે, હેઠો ડોકથી રે તસુ બે તિલ એક...પા૦ ૧૨

વળી જમણી ખરપડી ઉપરે, તિલ સુંદર રે એ તો નાનો છેક...પા૦ ૧૩

વળી કરોડથી જમણી કોર રે, વાંસા મધ્યે રે તિલ સુંદર ચાર...પા૦ ૧૪

એક નાસાથી જમણી કોર છે, તિલ સુંદર રે મોતી અનુસાર...પા૦ ૧૫

તેથી ઉંચે ને નીચો નેત્રથી, ખુણા પાસે રે તિલ ઝીણો એક...પા૦ ૧૬

રૂડી આંખલડી અલબેલની, પૂર્ણાનંદ કે'રે અતિ અરૂણ વિશેક...પા૦ ૧૭

## ૭૯૭ રાગ : ધનાશ્રી પદ-૧

એક કપટી ન તરે રે મહારાજ, શરન આયે સબહી તરે...ટેક૦
પાંડવ પાંચ દ્રૌપદી તરી ગયે; ન તરે કૌરવ સમાજ...શરન-૧
નારદ શુક સનકાદિક તરી ગયે; ન તરે સો રાવન રાજ...શરન-૨
ભકત વિભીષણ ઉદ્ધવ તરી ગયે; ન તરે યવન શિરતાજ...શરન-૩
ધ્રુવ પ્રહ્લાદ પરીક્ષિત તરી ગયે; ન તરે અધમ જરાજ...શરન-૪
પ્રગટ પ્રતાપસેં અગણિત તરી ગયે, અવધ પ્રસાદ કહે આજ...શરન-૫

## ૭૯૮ રાગ : ગરબી પદ=૫ પદ- ૫/૧

પ્રગટ થયાં સુખકારી છપૈયામાં, પ્રગટ થયા સુખકારી...ટેક
શ્રીહરિ આજ અવતારી, છપૈયામાં પ્રગટ થયા સુખકારી...છપૈયા.૧
બ્રહ્મા ને ભવ શેષ શારદ ગાવે રે,ગાવે જેને વેદ ચારી... છપૈયા.૨
કોટી કલ્પ જેનું ધ્યાન ધરે છે રે, દઢ મુનિ વ્રત ધારી...છપૈયા.૩
કારક પ્રેરક સર્વના કહાવે રે, ભક્ત વત્સલ ભયહારી...છપૈયા.૪
અવધપ્રસાદ કહે અવની ઉપર રે, તારવા અનંત નરનારી...છપૈયા.૫

## ૭૯૯ પદ-૫/૨

ખેલ કરે બહુનામી છપૈયામાં,ખેલ કરે બહુનામી...ટેક
અક્ષરધામના ધામી છપૈયામાં,ખેલ કરે બહુનામી...છપૈયા.૧
બાલક સહુને પાસે બોલાવી રે, રાખે નહીં ખામી...છપૈયા.૨
સહુજનને સુખ આપે અલૌકિક રે, શ્રીસહજાનંદ સ્વામી...છપૈયા.૩
ખેલ ખેલાવીને અગણીત જનને,કીધા પોતે નિષ્કામી... છપૈયા.૪

અવધપ્રસાદ કહે એ છબિ નિરખી રે, હૈયાની પુરી મેંતો હામી...છપૈયા.૫

**૭૦૦** **પદ-૫/૩**

નારાયણ સરમાં નાવે, છપૈયામાં નારાયણ સરમાં નાવે...ટેક
ખાંતેથી ખેલ મચાવે, છપૈયામાં નારાયણ સરમાં નાવે...છપૈયા.૧
ના'વે વાલો ને બહુતાળી બજાવે રે, જોવાને સુરમુનિ આવે...છપૈયા.૨
જોઈ લીલા જગના જીવનની રે,આનંદ ઉર ન સમાવે...છપૈયા.૩
જય જયકાર કરે દેવ જોઈને રે, ધાઈને પુષ્પે વધાવે...છપૈયા.૪
અવધપ્રસાદના નાથની લીલા રે, જોઈને ભવદુઃખ જાવે...છપૈયા.૫

**૭૦૧** **પદ-૫/૪**

શ્યામ સુંદર સુખદાઈ છપૈયામાં, શ્યામ સુંદર સુખદાઈ...ટેક૦
ખેલ કરે હરખાઈ છપૈયામાં, શ્યામ સુંદર સુખદાઈ... છપૈયા.૧
બહુનામી બાલક બહુ લઈને રે, રમે ભમે પુરમાઈ... છપૈયા.૨
કોઈક દિન વિશ્વામીત્રીમાં જાઈ રે, ધોમ મચાવે ધાઈ... છપૈયા.૩
કોઈક દિન ધર્મ તલાવ જાઈ ને રે,નાવે તે કીર્તન ગાઈ... છપૈયા.૪
અવધપ્રસાદ કે નારાયણ સરમાં રે, બહુ નાવે બળભાઈ... છપૈયા.૫

**૭૦૨** **પદ-૫/૫**

છપૈયા ધામ મોટું જગ કા'વે,છપૈયા ધામ મોટું જગ કા'વે...ટેક૦
તેની તોલે બીજું નાવે,છપૈયા ધામ મોટું જગ કા'વે...છપૈયા.૧
સાતપુરી ચારધામ ધરાપર રે, તે પણ તે તોલ્યે નાવે...છપૈયા.૨
કુળ અનંત ભવ તરે તે તેના રે, જાઈ શ્રાદ્ધ કરાવે...છપૈયા.૩
કોટીક પાપ કર્યા જન જેણે રે, નામ લેતા પાપ જાવે...છપૈયા.૪
અવધપ્રસાદ કહે જાતા છપૈયામાં રે, જન અક્ષરધામ જાવે...છપૈયા.૫

### ૭૦૩ રાગ : ધન્યાશ્રી પદ-૧

પ્રીત લગાઈ રહે દૂર રે, ઘનશ્યામ પિયા રે પ્રીત૦...ટેક૦
ધર્મકુંવર બિના તલફત જીયરા, પિયરા ગયે મધુપુર...પ્રીત૦ ૧
જબ તે શ્યામ સિધારે તબતે, વિરહ સતાવે ભરપુર...પ્રીત૦ ૨
શ્રીહરિકૃષ્ણ મિલે બીનુ મોરી, સુખ સંપત્તિ હો સબ દૂર...પ્રીત૦ ૩
અવધપ્રસાદ અંતર દુઃખ પાવત, જીવન બિના જરૂર...પ્રીત૦ ૪

### ૭૦૪ રાગ : ધન્યાશ્રી પદ-૧

સાંવરિયા સુખદેન રે, મેરો મન હર લેન રે, સાંવરિયા૦ ૧
કૃપા કરી મોય દરશન દીજે, અરૂન કમલદલ નેન રે. સાંવરિયા૦ ૨
તિહારે મિલનકું જીયરા જરત હે, ખટકત હે મીઠે બેન રે. સાંવરિયા૦ ૩
મૂરતિ શ્રી ઘનશ્યામ તિહરી, બિસરત નહિ દિન રેન રે. સાંવરિયા૦ ૪
અવધપ્રસાદકે આય બસો ઉર, તુમ બિન નહિ સુખ ચેન રે. સાંવરિયા૦ ૫

### ૭૦૫ રાગ:ભૈરવી

સાંવરિયા લાગો પ્યારે હો ધર્મદુલારે...સાંવરિયા૦
ધર્મદુલારે પ્યારે પ્રાન હમારે, પળ એક રહો નહિ ન્યારે...સાંવરીયા-૧
ફુલંદા હાર બાજુ બંધ ગજરા, નૈનસે નિત્ય નિહારે...સાંવરીયા-૨
નિશદિન ધ્યાન ધરુ મે તુમ્હારો, ઉરકે માંહી ઉતારે...સાંવરીયા-૩

અવધપ્રસાદ પ્રિત કરી તુમ સંગ, મગન ભયે મતવારે...સાંવરીયા-૪

**૭૦૬ રાગ : દાદર : પદ-૧**

હમસેં કાહે રીસાને કનૈયા, ટેક૦
એસી કોન ચુક પરી મોસે, બાત ન કહી નિર્દૈયા...હમસેં૦ ૧
લોક કુટુંબ મરજાદ ત્યાગ કરી, હાથ તીહારે બીકૈયા...હમસેં૦ ૨
કુબ્જાસંગ હરિ વાસ કરીકે, ખબરી ન લઇ સુખદૈયા...હમસેં૦ ૩
અવધપ્રસાદકે નાથ વિના અબ, તલફી તલફી જીવજૈયા...હમસેં૦ ૪

**૭૦૭ રાગ : ઠૂમરી પદ - ૨ પદ -૨/ ૧**

હરિ મીલે બોરસડીકી છૈયાં...હરિ૦
મેં જ્યું ગઇ'તી જલ ભરનેકું, હસી બોલાઇ મોરી સૈયાં...હરિ૦ ૧
શ્વેત પાઘ શિર સોહત સુંદર, ફુલ-તોરા લટકૈયાં...હરિ૦ ૨
કેસર તિલક ભાલ બીચ નીરખી, લપકી લપકી પરી પૈયાં...હરિ૦ ૩
અવધપ્રસાદકે મન હર લીનો, સહજાનંદ સુખ દૈયાં...હરિ૦ ૪

**૭૦૮ પદ ૨/૨**

પ્યારી લાગે મોહનજીકી બતિયાં...પ્યારી૦
બતિયાં સુનત મેરો મન હર લીનો, કરીકે નેહ દિન રતિયાં...પ્યારી૦ ૧
સુંદર મૂરતિ ધરમકુંવરકી નીરખી હરખી ઠરી છતિયાં...પ્યારી૦ ૨
લટક લટક હરિ ચાલ ચલત હે, લાજત રતિપતિ અતિયાં...પ્યારી૦ ૩
અવધપ્રસાદકે ચિતમેં ગર ગઇ, ચલત હંસ હરિ ગતિયાં...પ્યારી૦ ૪

### ૭૦૯ રાગ:આશાગોડીપદ-૧

ઉભા શ્રી ગોમતી તીરે, જુઓ પ્રભુ ઉભા શ્રી ગોમતી તીરે...ટેક
શ્વેત વસન તન ઉપર રાજે, નાહ્યા છે નિરમલ નીરે...જુઓ૦ ૧
કેશર ચંદન અરચા કરી છે, અલબેલે આખે શરીરે...જુઓ૦ ૨
ફૂલના હારને ગજરા ધર્યા છે, રસિયાને શ્રી રઘુવીરે...જુઓ૦ ૩
શિતળ થાવા શ્રીજી સંબંધે, સેવ્યા છે પોતે સમીરે...જુઓ૦ ૪
મુનિજનનાં મન હરવા મોહન, ચાલે જુઓ ધીરે ધીરે...જુઓ૦ ૫
નિજ જનનાં મન મૂરતિથી અળગાં, થાતાં નથી લગીરે...જુઓ૦ ૬
મોહનનું મુખ જોઈ મરમાળું, આશા અન્ય શમીરે...જુઓ૦ ૭
રઘુવીર સુત સુત હરિની મૂરતિ, જીવે ઉર ધરીરે...જુઓ૦ ૮

### ૭૧૦ રાગ: ગરબીપદ-૧

જુઓ જુઓને હાંહાં રે, જુઓ જુઓને સાહેલીઓ આજ, રસિયો રાસ રમે,
પંચાળામાં હાં રે, પંચાળામાં શ્રીજીમહારાજ...રસિયો૦
નિર્મળ રજની છે અજવાળી, નિર્મળ વેલી વન રે;
નિર્મળ મનના નિજ સખામાં, નિર્મળ પ્રાણજીવન...રસિયો૦ ૧
દીવાની માંડવડી વચ્ચે, જાણે દીપક ઝાડ રે;
ફરફર જનમાં ફેરા ફરતાં, કરતાં રસની રાડ...રસિયો૦ ૨
તાળી પાડે શ્રીવનમાળી, મુનિ સાથે મુનિનાથ રે;
ઈન્દ્રાદિક જોવાને આવ્યા, શિવ બ્રહ્મા સંગાથ...રસિયો૦ ૩

શ્યામ વર્ણના નિજ શરીરે, સોનેરી શણગાર રે;
ગગન વિશે જેમ વિજળી ઝબકે, શોભે એમ અપાર...રસિયો૦ ૪
પાઘ વિશે છોગાં છેલાને, કમર કસી કરી જોર રે;
ઊલટ સૂલટ નટવર નાચે છે, શ્રીહરિ ધર્મકિશોર...રસિયો૦ ૫
ઊંચા સ્વરથી તાન ઉપાડે, જન સંગ જીવનપ્રાણ રે;
સારો સ્વર કોઈ સુણી સખાનો, વહાલો કરે વખાણ...રસિયો૦ ૬
ધીમ ધીમ ધીમ ધીમ દુડક વાગે, તનનન તનન સિતાર રે;
ઝાંઝ વગાડે ઝણણણ ઝણણણ, ભેરીના ભણકાર...રસિયો૦ ૭
ધન્ય ધન્ય પંચાળાની ધરણી, ધન્ય ધન્ય ઝીણાભાઈ રે;
ધન્ય ધન્ય ધન્ય છે ધર્મકુંવરને, રાસ રમ્યા સુખદાઈ...રસિયો૦ ૮
પંચાળામાં એવા જનને, આપ્યાં સુખ અપાર રે;
વિશ્વવિહારીલાલજી કેરો, ધન્ય ધન્ય આ અવતાર...રસિયો૦ ૯

## ૭૧૧ રાગ : ધનાશ્રી

જોયા શ્રીધર્મકુમાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર,
પ્રીતમ પ્રાણ આધાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર...ટેક૦
લક્ષ્મી બાગમાં વા'લો બિરાજે, સાથે છે મુકત અપાર...ચતુર૦ ૧
પાઘ ઝુકી વામ ભાગ પેચાળી, છોગું મુગટ અનુસાર...ચતુર૦ ૨
આંબાના વૃક્ષ નીચે શ્રીહરિ બેઠા, મુકત સભા મોઝાર...ચતુર૦ ૩
જરકસી જામો સુંદર શોભે, શેલામાં સોનેરી તાર...ચતુર૦ ૪
પહેર્યો સુંદર સુરવાળ સોનેરી, રુપેરી બુટ્ટાદાર...ચતુર૦ ૫
રેશમી કરમાં રૂમાલ બિરાજે, કંઠે હજારી હાર...ચતુર૦ ૬

અંગો અંગ આભૂષણ ઓપે, ભારે ભભકાદાર...ચતુર૦ ૭
વિશ્વવિહારીની છબી નીરખી, પૂરણ ઉપજે પ્યાર...ચતુર૦ ૮

## ૭૧૨ રાગ : વેરાડી

દુ:ખી દિવસને રાત શ્રીજી વિના, દુ:ખી દિવસને રાત;
સાંભળ સખી મુજ વાત; શ્રીજી વિના દુ:ખી...ટેક૦
ઘડીયો જુગ જેવી થઈ રે, દિવસ કલ્પ સમાન,
માસ પક્ષ જાતા નથી રે, મને ભાવે ન ભોજન પાન...શ્રીજી-૧
ચિત્ત મારું અતિ ચરચરે રે, આંખે આંસુડાની ધાર,
પંથ નિહાળું પ્રેમથી રે , કયારે આવશે ધર્મકુમાર...શ્રીજી-૨
અવગુણ અબળા રાંકનાં રે, શો સમજ્યા હશે શ્યામ;
કાંતો કર્યા વશ કોઈએ રે, કાંતો ભુલી ગયા મુજ નામ...શ્રીજી-૩
બાળપણામાંથી તજ્યાં રે, નિર્દય થઈને નાથ;
મહાવગડામાં મેલિયાં રે, કોઈ નહિ સંગાથ...શ્રીજી-૪
કોમળ કમળાનાથ છો રે, કઠણ કેમ થયા આજ;
શ્રીજી વિના સાહેલડી રે, આપે કોણ મુને સુખ આજ...શ્રીજી -૫
એક ભરોંસો એહનો રે, ચાત્રક સરખી ટેક;
રાત દિવસ સંભારીએ, એના અખંડ ગુણ અનેક...શ્રીજી-૬
મંગળ મૂરતિ વિશ્વમાં રે, વિશ્વવિહારીજી લાલ;
પ્રેમ સહિત નિત્ય પાળશે રે, સમે તે લેશે સંભાળ...શ્રીજી-૭

**૭૧૩ રાગ : કેરવા**

ધારી ધારી ધારી રે, હરિ મૂરતિ ઉરમાં ધારી,
શિશ સુમનની પાઘ બિરાજે, છોગા સહિત સુખકારી રે...હરિ મૂરતિ-૧
ફૂલતણી પ્રભુએ ઓઢી પછેડી, કંઠમાં હાર હજારી રે...હરિ મૂરતિ-૨
ફૂલતણો સૂરવાળ શ્રીજીને, ઓપે છે અદ્‌ભુતકારી રે...હરિ મૂરતિ-૩
ફૂલતણા ગજરા બાજુબંધ, ધાર્યા શ્રી ગિરધારી રે...હરિમૂરતિ-૪
વિશ્વવિહારી લાલજી ઉપર, નાખુ સરવસ વારી રે...હરિમૂરતિ- ૫

**૭૧૪ રાગ : જંગલો**

પ્રેમવતી સુતથી પ્રેમ, બંધાણો બેની, પ્રેમવતી સુતથી પ્રેમ;
એ રંગરસીયો, મુજ મન વસિયો, કહો ભૂલું હવે કેમ...બંધાણો બેની૦
દરશન કરીએ અંતર ધરીએ, નિત નિતનું થયું નેમ,
જીવનને જીવ સાથે જડ્યા છે, જડે સોનામાં મણી જેમ...બંધાણો બેની૦
જેવી પટોળે ભાત પડે છે, મુજ ઉરમાં થયું એમ,
ચકોર ચંદ્રને જોઇ રહે જેમ, ટેવ પડી મને તેમ...બંધાણો બેની૦
પ્રભુ પ્રસંગે અંગ ઉમંગે, અનેક ટળીયા વ્હેમ,
શ્રીભગવતસુતનું ભલી ભાતે,ખુશી થઈ કરો ક્ષેમ...બંધાણો બેની૦

## ૭૧૫ રાગ:જંગલો પદ-૧

બોલો બોલો રે જોગી બાલુડા, કયાંથી આવિયા આપજી; ટેક૦
દેહ ધર્યો કિયા દેશમાં, કોણ માય ને બાપજી...બોલો૦ ૧
બાળપણામાં બટુક તમે, કેમ લીધો વૈરાગ્યજી;
સગાં ને સંબંધી તણો તમે, કહો કેમ કર્યો ત્યાગજી...બોલો૦ ૨
માતપિતાએ પ્રેમે કરી, ન લડાવ્યા શું લાડજી;
કે ભાઈ ને ભોજાઈથી, રીસાયા કરી રાડજી...બોલો૦ ૩
કાયા તમારી છે કોમળી, પાદુકા નથી પાયજી;
વાટમાં કાંટા ને કાંકરા, તેમાં કેમ ચલાયજી...બોલો૦ ૪
ટાઢ ને તડકો બહુ પડે, કેમ સહન કરાયજી;
ઝડીઓ પડે રે વરસાદની, કહો કેમ ખમાયજી...બોલો૦ ૫
પૃથ્વી ઉપર પોઢતાં હશો, પાથર્યો નહિ પલંગજી;
ખરેખરૂં ખૂંચતું હશે, આવે કોમળ અંગજી...બોલો૦ ૬
કોણ સેવા કરતા હશે, સાચો રાખી સ્નેહજી;
ભૂખ તરસ વેઠતા હશો, દીસે દુર્બળ દેહજી...બોલો૦ ૭
કમળ કે પુષ્પ ગુલાબનું, એવું શોભે શરીરજી;
દેખી દયા અમને ઊપજે, આવે નયનમાં નીરજી...બોલો૦ ૮
ચન્દ્ર કે ઈન્દ્ર દિનેશ છો, કે શું શંભુ સ્વરૂપજી;
કાં તો અક્ષરપતિ આપ છો, કોટિ ભુવનના ભૂપજી...બોલો૦ ૯
છત્ર ચમર ધરવા યોગ્ય છો, ભાગ્યવંત છો ભ્રાતજી;
તે જોગી થઈ જગમાં ફરો, એ તો આશ્ચર્ય વાતજી...બોલો૦ ૧૦

હાથી ઘોડા રથ પાલખી, તમને વાહન હોયજી;
તે તમે વિચરો છો એકલા, કેમ કળી શકે કોયજી...બોલો૦ ૧૧
જે તન ઉપર જોઈએ, હીરા મોતીના હારજી;
તે તન ઢાંકયું મૃગચર્મથી, નથી સજ્યા શણગારજી...બોલો૦ ૧૨
જે શિર ઉપર જોઈએ, મણિ જડિત મુગટજી;
તે શિર ઉપર જણાય છે, જોતાં આજ જટાજુટજી...બોલો૦ ૧૩
કંચન કેરી કટોરીએ, જળ પીવાને જોગજી;
તે તમે રાખી છે તુંબડી, તેવા ભોગવો ભોગજી...બોલો૦ ૧૪
વર્ણી લાગો છો વહાલા ઘણા, આવો અમારે ઘેરજી;
જુગતે કરીને જમાડીએ, રસોઈઓ રૂડી પેરજી...બોલો૦ ૧૫
આશિષ અમને આપીએ, ધરી ઉરમાં વહાલજી;
નિત્ય અમારું રક્ષણ કરો, વિશ્વવિહારીલાલજી...બોલો૦ ૧૬

## ૭૧૯ રાગ : ઠૂમરી પદ-૧

ભાડું ભાડું ભાડું રે, નહિ લઉં હું નાવનું ભાડું,
પાર સામે મફત પહોંચાડું રે નહિ લઉં...ટેક૦
હું કર્ણ ધાર છું સરયુ નદીનો, સાચું કહી દેખાડું રે, નહિ૦ ૧
આ કર્ણધાર છે ભવસાગરનો, તે બાળને હું રમાડું રે, નહિ૦ ૨
ભાડાને બદલે રમાડવા દ્યો, માનીશ મોટું સપાડું રે, નહિ૦ ૩
આ કર્ણધાર ને હું કર્ણધાર છું, નામને કેમ લજાડું રે, નહિ૦ ૪
નાતીલે નાતીલાનું ભાડું ન લેવું, તે રીતે કેમ મટાડું રે, નહિ૦ ૫
ભાડું લીધું નહિ ગુહરાજાએ, ચાલ નવો કેમ પાડું રે, નહિ૦ ૬

કુટુંબ સહિત હું તમને ઉતારું, કહો તો ઉતારું ગાડું રે, નહિ૦ ૭
લાલ વિહારીના ધામમાં જાતાં, આવે નહિ મને કંઈ આડું રે, નહિ૦ ૮

## ૭૧૭ રાગ : ગિરધારીની ગરબીનો

મનમોહન રે, સુંદર મૂર્તિ તમારી, છે જીવનદોરી અમારી;
હરખું છું રે, અંતર માંહી ઉતારી, વ્હાલા સ્નેહ વડે સંભારી;
શિર પાઘ પ્રિતમજી પેચાળી, છોગાની છટા રૂપાળી;
તોરે ફુલતણે હદવાળી;
નટવરજી રે, રીઝું હૃદયમાં ધારી, છે જીવનદોરી અમારી...મન-૧
મુખડાની રે, છબી છે ચંદ્ર સમાન, કરે જોતામાં ગુલતાન;
આંખડલી રે, જાણે પદમનું પાન, રંગીલી રૂપ નિધાન;
મુખ હાસ્ય કરો હરિ જ્યારે, દિસે દંત દાડમ કળી ત્યારે,
મને મનમાં મોદ વધારે;
છે ભૃકુટી રે, કાજુ કામણગારી, છે જીવનદોરી અમારી...મન-. ૨
રેશમનો રે, રાતો જામો પહેરી, ખભે શેલું ધર્યું સોનેરી;
બની શોભા રે, હારની કંઠે ઘણેરી, હરખું છું તેને હેરી;
બાંયે બાજુ જડીયલ નંગ, હાથે હેમકડાં સોરંગ,
ઉર ઉપજે જોઈ ઉછરંગ;
કટી શેલું રે બાંધ્યું શ્યામ સમારી, છે જીવનદોરી અમારી...મન-૩
ભર ગચ્ચીનો રે, સરસ ધર્યો સુરવાળ, તેમાં રેશમ નાડી રસાળ;
પગ ઝાંઝર રે, ઝળકે ઝાકઝમાળ, ગતિ જોઈ ને લાજે મરાળ
ઉર્ધ્વરેખા ચરણે જોઈ, દુઃખ નાખું સઘળાં ખોઈ,

રાખું ચિત્ત વિષે નિત્ય પ્રોઇ;
આવો મળવા રે, વેગથી વિશ્વવિહારી, છે જીવનદોરી અમારી...મન-૪

૭૧૮ રાગ : મારૂ

મુખ નીરખી સુખ થાય, મોહનજીનું મુખ નીરખી...ટેક૦
કમળ સરીખું કોમળ મુખડું, શારદ ચન્દ્ર લજાય...મોહન-૧
પરમ પ્રસન્ન પ્રફુલ્લિત મુખને, લોચન જોઇને લોભાય...મોહન-૨
ભાલ વિશાળમાં કેસર અરચા, પેખીને પ્રેમ પમાય...મોહન-૩
કામ કબાણ સમાન ભ્રકુટી, ભાળીને ભવદુઃખ જાય...મોહન-૪
અણિયાળી આંખલડી રૂપાળી, ચોંટી છે ચિત્તડા માંહ્ય...મોહન-૫
શુકના સરખી નાસિકા નમણી, દીપક શિખા ઓલાય...મોહન-૬
મલક મલક હસી જન સામું હેરે, ગીત કયારે રૂડાં ગાય...મોહન-૭
દંત તણી છબી જોઇને દાડમ, ઊંધે માથે ઝોલા ખાય...મોહન-૮
વ્હાલાનું વદન વિલોકીએ જ્યારે, હૈયું ત્યારે હરખાય...મોહન-૯
અખિલ ભુવનની શોભા જે સર્વે, મુખપર વારી નંખાય...મોહન-૧૦
વિશ્વવિહારીલાલના મુખને, જોવા આવે સુરરાય...મોહન-૧૧

૭૧૯ રાગ : ગરબી પદ-૧

મેં નિરખ્યા શ્રી ગઢપુરમાં સુખકારી રે,
મહાગુણિયલ ગોપીનાથ ભવભયહારી રે;
છે શ્યામ શરીરે શોભતા સુખકારી રે,

રાસેશ્વરી રાધા સાથ ભવભયહારી રે...મેં નિરખ્યા-૧
શીશ મુગટ મણીએ જડયો, કુંડળ મકરાકાર;
નંગ જડિત ઝળકી રહ્યાં હૈડા ઉપર હાર;
હૈડા ઉપર હાર હરિવર હસિયા રે,
મુજ હૃદય કમળની માંહ્ય મોહન વસિયા રે...મેં નિરખ્યા-૨
જામો ઝરિયાની ધર્યો, સોનેરી સુરવાળ,
શેલું બુરાનપુરનું, શોભે ખંભે રસાળ;
શોભે ખંભે રસાળ પોંચી હાથે રે,
દશ આંગળીઓમાં વેઢ ધરિયા નાથે રે...મેં નિરખ્યા-૩
ફુલદડો ઉછાળતા, લટકાં કરીને લાલ,
ડાબા કરમાં રેશમી રાજે એક રૂમાલ;
રાજે એક રૂમાલ બંસી વગાડે રે,
પ્રેમી જનને આનંદ, પૂર્ણ પમાડે રે...મેં નિરખ્યા-૪
કેડે છે કટિ મેખલા, રેશમ નાડી અનુપ,
ચારૂ ઝાંઝર ચરણમાં, શોભી રહ્યાં રસરૂપ;
શોભી રહ્યાં રસરૂપ પગ આંગળિયું રે,
જાણે ચળકે છે નખ તેજ, ચંદ્રમંડળિયું રે...મેં નિરખ્યા-૫
મરમાળી છે મૂર્તિ નટવર નંદકિશોર,
વિશ્વવિહારીલાલજી, કોટિક જન ચિત્તચોર;
કોટિક જન ચિત્તચોર મંગલકારી રે,
હરો આપત્તિ અલબેલ, એહ અમારી રે...મેં નિરખ્યા-૬

**૭૨૦ રાગ : પીલુ**

લોજની વાવ ઉપર અવતારી, આવી બેઠા બટુક બ્રહ્મચારી...ટેક૦
નારીનગરનીઆવીજળભરવા,તેણે નિરખ્યાત્યાંનવલવિહારી...૧
દુર્બળ દેહ દેખી દયા ઉપજી, નાથજી પ્રત્યે બોલી સહુ નારી...૨
બટુક તમે કિયે દેશ વસો છો, કોણ પિતા કોણ માત તમારી...૩
કેમ તજ્યું ઘરબાર કહોજી, રીસથી કે વૈરાગ્યે વિચારી...૪
કોમળ કમળ સમાન તનુ છે, દેખી દયા ઊપજે ઉર ભારી...૫
વિચર્યા હશો કેમ કરી મહાવનમાં, જેમાં વાઘ વરૂ ભયકારી...૬
ભૂખડીમાં કોણ સુખડી દેતું, વિમળ કોણ પાતું હશે વારિ...૭
ઝડીઓ પડે વરસાદની જ્યારે, કોણ ધરતું હશે છત્ર સંભારી...૮
આ તનને ઘટે શાલ દુશાલા, તે તમે વલ્કલ લીધાં છે ધારી...૯
કંચન ઝારી ઘટે જળ પીવા, તે તમે કરમાં ધરી છે કઠારી...૧૦
જે શિર ઉપર મુગટ શોભે, તે શિર પર જટા આપે વધારી...૧૧
વાહન હાથી ઘોડા ઘટે છે, મોજડી પણ તમે મેલી વિસારી...૧૨
વર્ણીજી વહાલા વિશેષ લાગો છો, જોઈ મૂર્તિ ઠરે વૃત્તિ અમારી...૧૩
બોલો બોલો બાળા બ્રહ્મચારી, આપ તણી છબી વિશ્વથી ન્યારી...૧૪
સૂરજ છો કે સદાશિવ છો જી, કે અક્ષરપતિ આવ્યા મુરારી ?...૧૫
જે પિતુ માત થકી તમે પ્રગટ્યા, ધન્ય ધન્ય તે જગમાં જયકારી...૧૬
ચાલો બટુક તમે ભુવન અમારે, જુગતે રસોઈ જમાડીશું સારી...૧૭
શોભા જોઈ તમારા શરીરની, કોટિક કામ તણી છબી હારી...૧૮
શાલીગ્રામનો બટવો ગળામાં, કર જપમાળ ધરી અઘહારી...૧૯
વિશ્વવિહારીલાલ અમારું, રક્ષણ કરજો સદા સુખકારી...૨૦

**૭૨૧ રાગ : ચમન કલ્યાણ**

શ્રીજી મહારાજ માગું શરણ તમારું;
શરણ તમારું માગું, શરણ તમારું...શ્રીજી૦ ૧
અખંડ છતાં મુરારિ, થયા અવતારી;
મનુષ્ય લીલા બતાવી, ગુણ શા ઉચ્ચારું...શ્રીજી૦ ૨
પ્રગટ પ્રભુ પિછાન્યા, ધન્ય ભાગ્ય મારાં;
મળ્યા સહજાનંદ સ્વામી, અદ્ધમ ઉધાર્યા...શ્રીજી૦ ૩
રામરૂપે રાવણ માર્યો, કૃષ્ણરૂપે કંસ સંહાર્યો;
નારાયણનું નામ જ લેતાં, અજામિલ તાર્યો...શ્રીજી૦ ૪
ગઢડું ગોકુળ સમ કીધું, ઘેલા નીર પ્રેમે પીધું;
દાદાખાચરને દીધું, મોક્ષપદ પ્યારું...શ્રીજી૦ ૫
ભગવત્સૂત કહે છે પ્રીતે, પ્રભુ ભજો રૂડી રીતે,
ભવજળ તરવાનું નાવ, છે આ સારું...શ્રીજી૦ ૬

**૭૨૨ રાગ : ગરબી**

સખી વાત વીતી કહું મારી, મળ્યા વાટમાં કુંજવિહારી...ટેક૦
દશ વીશ સખા લઈ સંગે, પીળી પામરી ઓઢી અંગે;
રોકયો માર્ગ આવી મોરારી...મળ્યા૦ ૧
મારે માથે હતી મહી ગોળી, નાખી નાનકડે તે ઢોળી;
મને મુખથી બોલ્યા ધૂતારી...મળ્યા૦ ૨

મારો હાથ ઝાલ્યો જદુનાથે, કર્યો ઝઘડો મુજ સંગાથે;
લીધો કંઠથી હાર ઉતરી...મળ્યા૦ ૩
હતી છબી એની મરમાળી, જાણે મન પકડ્યાની જાળી;
લીધી મૂર્તિ મનમાં ઉતારી...મળ્યા૦ ૪
છે એ જાદુગરો જગદીશ, કર્યું જાદુ એણે ધરી રીસ;
મારી સૂધબૂધ સઘળી વિસારી...મળ્યા૦ ૫
હવે રોગ થયો ઉર એવો, દાડી દાડી જદુપતિ જોવો;
વધે છે ઉર પ્રેમ ખુમારી...મળ્યા૦ ૬
કાં તો બુટી કશીક સુંઘાડી, મને પ્રેમના પાશમાં પાડી;
બહુનામી ઉપર બલિહારી...મળ્યા૦ ૭
રઘુવીર સુત સુતના સ્વામી, વસ્યા ઉરમાં અંતર જામી;
અમે જીવીએ એને સંભારી...મળ્યા૦ ૮

**૭૨૩ રાગ - કાફી પદ=૪ પદ- ૪/૧**

અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે;
જીવનમુકત જોગિયા અંતર અરોગી રે...અનુ-૧
જે શીખે જે સાંભળે ત્રિપુટીને તાને રે;
મનનું કૃત્ય તે મન લગી અસત્ય માને રે...અનુ-૨
જહાં લગી જગ વિસ્તર્યો મૃગ તૃષ્ણા પાણી રે;
તેમાં મોહ ન પામે મહામુનિ સ્વપ્નું પ્રમાણી રે...અનુ-૩
જે વડે આ જગત છે તેને કોઈ ન જાણે રે;
મુકતાનંદ કહે ગુરૂમુખી તે સુખડાં માણે રે...અનુ-૪

**૭૨૪** **પદ-૪/૨**

અનુભવીને આપદા અંતરથી ભાગી રે;
અંતરજામીને ઓળખ્યા તહાં લગની લાગી રે...અનુ-૧
ઊરમિ ને ત્રણ ઈષણા અહંતાને ત્યાગી રે;
જગત જીવન જોઈને તીહાં બુદ્ધિ જાગી રે...અનુ-૨
ચૌદ લોક વૈકુંઠ લગી માયાની પાગી રે;
તેથી અનુભવી અળગા રહે ત્રય તાપ આગી રે...અનુ-૩
અષ્ટ સિદ્ધિ નવ નિધિ તે નિર્માલ્ય ત્યાગી રે;
મુકતાનંદ કહે ગુરુમુખી રહે રામરાગી રે...અનુ-૪

**૭૨૫** **પદ-૪/૩**

અનુભવીને અંતરે રહે રામ વાસે રે;
તે બોલે તે સાંભળે દૃષ્ટિ પ્રકાશે રે...અનુ-૧
જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે;
ભ્રાત્ય દેખી ભૂલે નહીં અનુભવ ઉજાસે રે...અનુ-૨
કેસરી કેરા ગંધથી કરિ કોટિ ત્રાસે રે;
તેમ આત્માના ઉદ્યોતથી અજ્ઞાન નાસે રે...અનુ-૩
હું ટળ્યે હરિ ઢુંકડા તે ટળાય દાસે રે;
મુકતાનંદ મહા સંતને પ્રભુ પ્રગટ પાસે રે...અનુ-૪

**૭૨૬** **પદ-૪/૪**

અનુભવી આનંદમાં ગોવિંદ ગાવે રે;
પ્રીત કરી પરિબ્રહ્મ શું ભવમાં ન આવે રે...અનુ-૧
મરજીવાને માર્ગે જન કોઈક જાવે રે;
પેલું પરઠે મોતને તે મુકતાફળ પાવે રે...અનુ-૨

વેગે વહેતાં વારિમાં પ્રતિબિંબ ન ભાસે રે;
તેમ ડગમગે દિલ જહાં લગી નવ બ્રહ્મ પ્રકાશે રે...અનુ-૩
બ્રહ્મ થઈ પરબ્રહ્મને જુવે તે જાણે રે;
એવાં મુક્તજનનાં ગુણ વેદ વખાણે રે...અનુ-૪
કાયા માયા કૂડ છે જેમ ધૂમ છાયા રે;
મુકતાનંદ કહે ગુરુમુખીમાં પદ સમાયા રે...અનુ-૫

**૭૨૭** લગન લગી મુરત માધુરી પદ=૫ **રાગ : જંગલો પદ- ૫/૪**

**ગુરુ બિન જ્ઞાન કોઉ નહિ પાયો...ટેક૦**
શુક નારદ શીખે સદ્‌ગુરુસેં, જબ વર્ણાશ્રમ માન મીટાયો...ગુરુ૦ ૧
શ્રીમુખ સાંખ દઈ સદ્‌ગુરુકી, લખચોરાસી સઘ છોડાયો...ગુરુ૦ ૨
સંત અનંતકે કારજ સીધે, જબ ગુરુ ગોવિંદ એક જનાયો...ગુરુ૦ ૩
દાસ મુકુંદ વાસ ગુરુ ચરને, જીનકી કૃપાસેં ભર્મગઢ ઢાર્યો...ગુરુ૦ ૪

**૭૨૮ રાગ : ભૂપાલી કલ્યાણ પદ=૪ પદ- ૪/૧**

સંત જન સોઈ સદા મોઈ ભાવે;
દેહ ઈન્દ્રિય અરુ મન આદિકકે, સંગમેં નહીં લપટાવે...સંત-૧
કામ ક્રોધ અરુ લોભ મોહ વશ, હોય ન મન લલચાવે;
મેરો હિ ધ્યાન રટન મુખ મેરો, સો તજી અન્ય ન જાવે...સંત-૨
ક્ષર અક્ષર અરૂ અક્ષર પરકી, સબહી સમજ ઉર લાવે;
સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુનકો માન ન આવે...સંત-૩

પિંડ બ્રહ્માંડસે પર નિજ આતમ, જાનીકે મમ ગુન ગાવે;
મુકતાનંદ કહત યું મોહન, સોઈ જન સંત કહાવે...સંત-૪

૭૨૯ પદ-૪/૨

નારદ એસે સંત સદા મોઈ પ્યારા;
જડ ચૈતનકું જાની જથારથ, રહત જગતસેં ન્યારા...નારદ-૧
જ્ઞાન વૈરાગ્ય ભક્તિકે ભાજન, જાનત સાર અસારા;
બ્રહ્મભુવન લગી કાલ ચવીના, માનત જુઠ પસારા...નારદ-૨
મેરે વચન અચલ ઉર રાખત, મમ ગુન મગન ઉદારા;
સબ પર મોય જાની ઉર ધારત, મમપદ પ્રેમ અપારા...નારદ-૩
મમ ગુન શ્રવન મનન ઉર મેરો, મમજશ કરત ઉચારા;
મુકતાનંદ કહત યું મોહન, તેહી ઉર વાસ હમારા...નારદ-૪

૭૩૦ પદ-૪/૩

નારદ મેરે સંતસે અધિક ન કોઈ;
મમ ઉર સંતન અરુ મે સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ...નારદ-૧
કમલા મેરો કરત ઉપાસન, માન ચપળતા ધોઈ;
યદ્યપિ વાસ દિયો મેં ઉર પર, સંતન સમ નહિ સોઈ...નારદ-૨
ભૂકો ભાર હરૂં સંતન હિત, કરૂં છાયા કર દોઈ;
જો મેરે સંતકુ રતિ એક દૂવે, તેહી જડ ડારૂં ખોઈ...નારદ-૩
જીન નરતન ધરી સંત ન સેવે, તીન નિજ જનની બિગોઈ;
મુકતાનંદ કહત યું મોહન, પ્રિય મોયે જન નિર્મોહી...નારદ-૪

૭૩૧ પદ-૪/૪

નારદ ઐસી સાચે સંતકી રીતિ,
જેહી સુની સાધુ પરત પિછાને, જીનકો મમ પદ પ્રીતિ...નારદ-૧
ખટ વિકાર જીત અનધ આનંદિ, મેરે વચનમેં વાસા;

બ્રહ્માદિકક્ષર જાની જગતકી, છોડત સબ વિધિ આશા...નારદ-૨
અક્ષરપદ જાનત અવિનાશી, તેહી મધ્યે મુકત અપારા;
પંચ વિષય ત્યાગી સબ સમરથ, કરત કાલકા ચારા...નારદ-૩
ક્ષર અક્ષર પર મોકું જાનત, સબ અક્ષરકો સ્વામી;
અપનો રૂપ શુદ્ધ બ્રહ્મ માનત, મેરો જન નિષ્કામી...નારદ-૪
એસે મેરે જન એકાંતિક, તેહી સમ ઓર ન કોઈ;
મુકતાનંદ કહત યું મોહન, મેરો સર્વસ્વ સોઈ...નારદ-૫

૭૩૨ રાગ : ગરબી પદ=૮ પદ- ૮/૧

સત્સંગી સૌ પરમ વિવેકી, ગૃહી ત્યાગી નરનારી રે;
અતિ સુખદાયક વચન અમારાં, લેજો તે ઉર ધારી રે...ટેક૦
પાંડે અવધપ્રસાદ ભત્રીજા, દત્તપુત્ર અમે કીધાં રે;
તેમ પાંડે રઘુવીર અમારાં, દત્તપુત્ર કરી લીધાં રે...સત્સંગી-૧
બેઉને ગૃહી ત્યાગી સૌના, ગુરૂ કીધાં આજ એહ રે;
બેઉના વચનમાં સહુએ વર્તવું, મારી આજ્ઞા છે એહ રે...સત્સંગી-૨
પોતાની સામર્થી પ્રમાણે, અન્ન વસ્ત્રાદિક લાવી રે;
ઈશ્વર જાણી સેવા કરવી, સેવક ભાવ જણાવી રે...સત્સંગી-૩
ગૃહી ત્યાગી સૌના હિતકારી, ઈશ્વર અંતરજામી રે;
મુકતાનંદ કહે એવી રીતે, બોલ્યા શ્રીમુખ સ્વામી રે...સત્સંગી-૪

૭૩૩ પદ-૮/૨

વળી ઉત્તમ ઉપદેશ અમારો, સુણજો સૌ હરિજન રે;
પ્રેમ મગન થઈ મન કર્મ વચને, માનજો મારૂં વચન રે...ટેક૦
આપત્કાળ પડે જો પોતાને, તોપણ હૃદે વિચારી રે;

એ બેઉ ગુરૂનું કરજ ન લેવું, મારા વચન ઉર ધારી રે...વળી-૧
તેમ એ બેઉના મંદિરમાંથી પણ, કરજ ન કાઢવું લેશ રે;
તો રહેશે ગુરૂ ભક્તિ તમારી, એ મારો ઉપદેશ રે...વળી-૨
તેમ એ બેઉના વસ્ત્ર આભૂષણ, કોઈ દિ' માંગી ન લેવાં રે;
તેમ તેહના વાહન નવ લેવાં, જાણવાં પૂજ્યા જેવાં રે...વળી-૩
તેમ તાંબા પીત્તળનાં વાસણ, આચારજનાં જે હોય રે;
મુકતાનંદ કહે શ્રીમુખ વાણી, માગી ન લેવાં સોય રે...વળી-૪

૭૩૪ પદ-૮/૩

તેવી રીતે હરિમંદિર કેરાં, પાત્ર વસ્ત્રાદિક જેહ રે;
ઘોડા વેલ્યો આદિક જે વાહન, માગી ન લેવાં તેહ રે...ટેક૦
એ આદિક જે જે કોઈ વસ્તુ, ગુરૂ કે શ્રીહરિની હોય રે;
પોતાના ઘરકામ સારૂં, માંગી ન લેવી કોય રે...તેવી-૧
તેમજ કોઈ સારૂં હરિ ગુરૂનું, પાત્રાદિક જે કાંઈ રે;
તેપણ કોઈ દિ' માગી ન લેવું, ટેક ધરી મનમાંઈ રે...તેવી-૨
જે જે પદાર્થ ગુરૂ કે હરિના, પૂજ્યા જોગ્ય કહેવાય રે;
તે જો પોતાના અર્થે લગાવે, તો અપરાધી થાય રે...તેવી-૩
ભવજળ પાર્ય કર્યાને સારૂં, શિખામણ સુખકારી રે;
મુકતાનંદ કહે શ્રીમુખ વાણી, લેજો ને ઉર ધારી રે...તેવી-૪

૭૩૫ પદ-૮/૪

વળી બીજી સુખદાઈ શિખામણ, પ્રેમે કરી ઉર ધારો રે;
વચન પ્રમાણે રહી ભજો હરિને, મોહાદિક રિપુ મારો રે...ટેક૦
પોતાને ઘેર વિવાહ આદિક, મંગળ કારજ હોય રે;
અમ ઉપર કંકોતરી તેની, ક્યારેય ન લખવી કોઈ રે...વળી-૧
આચારજ કે મોટેરા સાધુ, મંદિરના અધિકારી રે;

તે પર પણ કંકોતરી ક્યારેય, લખવી નહીં એ વિચારી રે...વળી-૨
તેમ મરણની કાળાખરી પણ, હરિ ગુરૂ પર ન લખાય રે;
લેણ-દેણ વ્યવહાર કર્યેથી, જન અપરાધી થાય રે...વળી-૩
હરિ ગુરૂ સંગે વ્યવહાર કરીને, શિષ્યને અવગુણ આવે રે;
મુકતાનંદ કહે શ્રીમુખ વાણી, તે ભવપાર ન પાવે રે...વળી-૪

(અહીંથી બીજો ઢાળ છે:-)

૭૩૬ રાગ : ધોળ પદ- ૮/૫

આ જે વાત લખી છે રે, કે વ્યવહારિક રીતિ;
કરે હરિ ગુરૂ સાથે રે, કે તો ન રહે પ્રીતિ...ટેક૦
લેવા આપવામાંથી રે, કે ગુરૂ ગોવિંદ સંગે;
થાય વાદ જરૂર જ રે, કે થાય અહંતાને રંગે...આ જે-૧
પછી ગુરૂ ગોવિંદનો રે, કે અવગુણ આણી;
તે પાપને જોગે રે, કે નરકે પડે પ્રાણી...આ જે-૨
પરલોક બગાડી રે, કે જમપુરીમાં જાવે;
આ લોકમાં એની રે, કે અતિ નિંદા થાયે...આ જે-૩
એમ સ્વાર્થ સારૂં રે, કે જે ગુરૂદ્રોહ કરે;
તેનું લોક પરલોકમાં રે, કે કોઈ કારજ ન સરે...આ જે-૪
સત્સંગી સૌને રે, કે શિખામણ દીધી;
વ્હાલે મુકતાનંદને રે, કે અતિ કરૂણા કીધી...આ જે-૫

૭૩૭ પદ-૮/૬

વળી આ શિખામણ રે, કે ઉરમાં લેજો ધરી;

અમે વચને કરીને રે, કે સુંદર રીત કરી...ટેક૦
જ્યારે હરિ ગુરૂ સંતના રે, કે દર્શન હિત જાવું;
ત્યારે હરિજન સૌને રે, કે ગાંઠ ખરચ ખાવું. વળી-૧
મારગના હરિજન રે, કે તાણ્ય કરે જ્યારે;
તોય હરિજનને ઘર રે, કે જમવું નહીં ક્યારે. વળી-૨
ગૃહી ત્યાગી અજાણે રે, કે સત્સંગી જેવો;
નિજ ઘર ઉતરવા રે, કે ક્યારે નવ દેવો. વળી-૩
સંત ને આચારજ રે, કે અમ સારૂં આવી;
કોઈ માગે પદારથ રે, કે આપવું નહીં લાવી. વળી-૪
શિખામણ સુંદર રે, કે આપવી સુખકારી;
વ્હાલે મુકતાનંદને રે, કે મે'ર કરી મુરારિ. વળી-૫

૭૩૮ પદ-૮/૭

સુણો વચન અમારાં રે, હરિજન બડભાગી;
જે જે હોય જાણ્યાં રે, ગૃહી અથવા ત્યાગી...ટેક૦
તે પત્ર અમારો રે, કે મહોર સહિત લાવે;
કોઈ માગે પદારથ રે, કે ધૂતવા ઠગવા દાવે...સુણો-૧
તેને જાણી ઠગારો રે, કે કાંઈ નવ દેવું;
એવું વચન અમારૂં રે, કે અંતર ધરી લેવું...સુણો-૨
જેને હોય ઓળખતાં રે, કે તે પાસે કૈ'યે;
આજ દિન મો'રનો રે, કે છાપનો પત્ર હોયે...સુણો-૩
તે પત્ર છે જુઠો રે, કે લખશું પત્ર ફરી;
તે પત્ર મનાવશું રે, કે દિવસની અવધ કરી...સુણો-૪
તે અવધિથી બાહેર રે, કે જૂઠો જાણી તજો;

વ્હાલે મુકતાનંદને રે, કે કહ્યું એમ કૃષ્ણ ભજો...સુણો-૫

૭૩૯ પદ-૮/૮

સત્સંગી હરિગુણ રે, કે સુણવા મન ધારે;
તે હરિજન દ્વિજને રે, કે બોલાવે ત્યારે...ટેક૦
તે બ્રાહ્મણ પાસે રે, કે ભક્તમાં આવ્યાનો;
હોય મો'રનો કાગળ રે, કે કથા વંચાવાનો...સત્સંગી-૧
તે બ્રાહ્મણ પાસે રે, કે કથા સુણજો પ્રીતે;
અન્ય પાસે ન સુણવી રે, કે રહેવું એવી રીતે...સત્સંગી-૨
આ આઠ પદમાં રે, કે જે જે વાત લખી;
તેમ જે નહીં વર્તે રે, કે તે સહુ થાશે દુઃખી...સત્સંગી-૩
તે વચનદ્રોહીને રે, કે ગુરૂદ્રોહી જાણી;
સત્સંગથી બાહિર રે, કે ગણજો તે પ્રાણી...સત્સંગી-૪
સંવત અષ્ટાદશ રે, કે પંચાસી વર્ષે;
માઘવદી દ્વાદશિયે રે, કે પત્રી લખી હરખે...સત્સંગી-૫
આ પત્રીના પદને રે, કે અતિ પ્રગટ કરજો;
વ્હાલે મુકતાનંદને રે, કે કહ્યું તેમ ઉર ધરજો...સત્સંગી-૬

૭૪૦ રાગ - ધોળ પદ=૪ પદ- ૪/૧

સુખદાયક રે,(૨) સાચા સંતનો સંગ, સંત સમાગમ કીજીએ૦ ટેક.
જીરે સંત સમાગમથી ટળે, આશા તૃષ્ણા રે (૨) ઈર્ષ્યા અભિમાન;
મોહ મત્સર મમતા બળે, પ્રગટે ઉરમાં રે(૨) પ્રભુનું દૃઢ જ્ઞાન...સંત-૧
જી રે સંત સમાગમથી થયા, મુનિ નારદ રે (૨) હરિનું મન આપ;

અનેક પતિત ઉદ્ધારીયા, જેના જશનો રે (૨) મોટો પરતાપ...સંત-૨
જીરે સિદ્ધ થયા સતસંગથી, શુક આદિક રે (૨) મુનિવર સુખરૂપ;
ચિત્ત ચોંટયું હરિ ચરણમાં, જાણ્યો સંતથી રે (૨) મોટો મર્મ અનુપ. સંત-૩
જીરે મહિમા મોટો છે મહંતનો, જેને સેવે રે (૨) છૂટે માયાનું જાળ;
પ્રીત વધે પરબ્રહ્મમાં, મુકતાનંદ કહે રે (૨) તજી આળ પંપાળ. સંત-૪

**૭૪૧** **પદ-૪/૨**

બડભાગી રે (૨) પામે સંતનો સંગ, સંતથી મહાસુખ પામીયે૦ ટેક.
જીરે સંત બડા પરમારથી, ટાળી ઉરથી રે (૨) અવિદ્યા અભિમાન;
જનમસફળ કરે જંતનો, આપે અનુભવી રે (૨) પ્રભુ પ્રગટનું જ્ઞાન...સંત-૧
જીરે પ્રભુસંગ પ્રીતિ વધારવા, ફરે જગમાંરે (૨) સાચા સંત સુજાણ;
પરમાત્મા પ્રિછાડવા, પરમારથી રે (૨) આપે પદ નિરવાણ...સંત-૨
જીરે સંતના જશ શ્રીમુખે કહ્યા, ગીતા મધ્યે રે (૨) ગોવિંદ સુખધામ;
અનુભવી મારો આત્મા, જેના મનથી રે (૨) ટળ્યા ક્રોધને કામ...સંત-૩
જીરે સંત વચન ભાવે સુણે, તેનાં પાતક રે (૨) પામે સર્વનાશ;
પ્રીત વધે પરબ્રહ્મમાં, મુકતાનંદ કહે રે (૨) પામે પદ અવિનાશ...સંત-૪

**૭૪૨** **પદ-૪/૩**

સાચા સાધુ રે (૨) સુંદર ગુણધામ, સમઝીને સતસંગ કિજીએ૦ ટેક.
જીરે સંત સુલક્ષણના ભર્યા, અવગુણનો રે (૨) ઉરમાં નહિ લેશ;
મહાનુભાવ તે મુનિ ખરા, આપે સૌને રે (૨) સાચો ઉપદેશ...સમ-૧
જીરે સંત સદા શીતળ રહે, કયારે ન તપે રે (૨) કામ ક્રોધની જાળ;
લોભ તજી હરિને ભજે, ધારે ઉરમાં રે (૨) દઢ કરી શ્રી ગોપાળ...સમ-૨
જીરે ત્રિભુવનની સંપત્ત મળે, તોય ન તજે રે (૨) અર્ધ પળ હરિધ્યાન;
બ્રહ્મરૂપ થઇ હરિ ભજે, એવા સંતને રે (૨) કીચ કંચન સમાન...સમ-૩

જીરે એમ શુભ લક્ષણ ઓળખી, શુદ્ધભાવે રે (૨) કરવી સંતની સેવ;
હરિસમ હરિજન જાણવા, મુકતાનંદ કહે રે (૨) તે તરે તતખેવ...સમ-૪

૭૪૩ પદ-૪/૪

સદા કરવો રે (૨) હરિજનનો રે સંગ, દુર્લભ દર્શન સંતનાં૦ ટેક.
જીરે સંત સભામાં શ્રીહરિ, સદા રહે છે રે (૨) વાલો વૈકુંઠનાથ;
સર્વે તિરથ તેનાં ચરણમાં, એવા સંતથી રે (૨) વેગે થાયે સનાથ...દુ-૧
જીરે સંત મળ્યા તેને હરિ મળ્યા, એનો મહિમા રે (૨) વદે વેદ પુરાણ;
સાખ્ય પ્રગટ સંસારમાં, શુક નારદ રે (૨) પામ્યા પદ નિરવાણ...દુ-૨
જીરે સંત વચન સાચાં ગણી, ગયો વનમાં રે (૨) ધ્રુવ નાનો બાળ;
પ્રગટ પ્રભુને પામિયો, થયો અવિચળ રે (૨) જશ વાધ્યો વિશાળ...દુ-૩
જીરે એવું જાણી અહંતા તજી, શુદ્ધ ભાવે રે (૨) કરવી સંતની સેવ;
મનુષ્યભાવ મનથી તજો, મુકતાનંદ કહે રે (૨) સાચા સંત છે દેવ...દુ-૪

સ્વામિનારાયણ કૃષ્ણ હરિભજ પદ=૪

૭૪૪ **રાગ : માલીગાડો** પદ- ૪/૨

હરિજનને ઘેર બેઠાં તીરથ, નિત્ય ગોવિંદ ગુણ ગાવે રે;
અડસઠ તીરથ સંતસભામાં, અણતેડ્યા નિત્ય આવે રે...હરિ-૧
સંત સભામાં શ્રીપુરુષોત્તમ, અખંડ રહે અવિનાશી રે;
રિદ્ધિ સિદ્ધિ હાજર રહે કરજોડી, મુકિત ચાર તેની દાસી રે...હરિ-૨
હરિના જન મુકિત નવ માગે, પ્રભુસંગ પ્રીત બંધાણી રે;
મુકતાનંદના નાથનો મહિમા, લીધો યથાર્થ જાણી રે...હરિ-૩

૭૪૫ (રાગ : ગરબી) પદ=૪ પદ- ૪/૧

બલિહારી ઘનશ્યામ સુંદરની, અક્ષરધામના સ્વામી રે;
ધર્મતણે ઘેર પ્રગટ થયું હરિ, જગપતિ અંતરજામી રે...ટેક૦
કરૂણારસ અતિ પ્રગટ કરીને, પાર કર્યાં નરનારી રે;
ભાગ્ય બડા તેને મન ભાવ્યા, અકળ કળા અવતારી રે...બલિ-૧
ધર્મવંશનો મહિમા છે ભારી, જગમાં રહ્યો અતિ છાઇ રે;
હરિના સંબંધી તે હરિની જ પેરે, પૂજવા યોગ્ય સદાઇ રે...બલિ-૨
દેહધારી સરખા દીઠ્યામાં, એની વાતું અતિ આધી રે;
કોમળ સુંદર જેના રે કુળમાં, જન્મ્યા તે શ્યામ સુહાગી રે...બલિ-૩
પૂરવ ભવના પુણ્ય વિના કાંઇ, એવો તે લાભ ન આવે રે;
બ્રહ્માનંદના નાથની ભાભીયું, ભૈયાજી કહીને બોલાવે રે...બલિ-૪

૭૪૬ પદ-૪/૪

કરૂણાનિધિનાં થયાં જે કુટુંબી, તે મોટા પુણ્યવાળા રે;
સર્વે તે પૂજવા જોગ સદાય, બુઢાં તરૂણા બાળા રે...ટેક૦
શ્યામળિયો જેના ઘરની રે ચિંતા, રાખે છે સાંજ સવારી રે;
ધર્મવંશના નરત્રિય તેને, મુખિયા તે મોરારી રે...કરૂણા-૧
કોઈને રિસાવે ને કોઇને મનાવે, કોઈને કહે કાંઈ માંગો રે;
કોઈને કહે તમે છેટે રહીને, પ્રેમથી પાય લાગો રે...કરૂણા-૨
કોઈનાં કયારે કુવખાણ કરે વળી, કોઈને કહે તમે સારા રે;
એમ કહીને આનંદ ઉપજાવે, ચરિત્ર મનોહર પ્યારાં રે...કરૂણા-૩
બહુનામી જેનાં બાળકડાંને, રાજી થઈને રમાડે રે;
બ્રહ્માનંદ કહે ભાભીયું હરિને, દહીંવડાં જમાડે રે...કરૂણા-૪

૭૪૭ (રાગ : સોરઠ) પદ=૪ પદ- ૪/૧

ધર્મકુળ તજીકે, દુજેકો જો શરનો લઈ હું જાઈકે;
તો મેં નીચ ખરો, સાચી નિશ્ચે વાત કહું સમ ખાઈકે...ટેક૦
સંપ્રદાય ઉદ્ધવકી છોડીકે, જાઉં દુજે મતમેં દોડીકે;
તો પગ ડારો મેરા તોડીકે...ધર્મકુળ-૧
વિના કૃષ્ણ જગત કે ઈશકું, ઈષ્ટ જાન નમાવું શિશકું;
તો મેરો શિર કાટો કરી રીસકું...ધર્મકુળ-૨
બ્રજરાજ નવલ વિચારકે, રહું ધ્યાન ઓરનકો ધારકે;
તો છાતી ડારો મેરી ફારકે...ધર્મકુળ-૩
બ્રહ્માનંદ કહે જાનો વાત ખરી, જો મેં ધર્મ નીમતેં જાઉં પરી;
તો જનની મેરી યુંહી ભાર મરી...ધર્મકુળ-૪

૭૪૮ પદ-૪/૨

મત ઉદ્ધવ વિના. ઓર ઠોર મોય સત્ય પ્રતીત ન આવહી;
મેરે હરખ અતિ, એહી કારન જો મસ્તક મેરો જાવ હી...ટેક૦
તજી ધર્મવંશકી રીતકું, અધર્મમેં બાંધુ પ્રીતકું;
તો મોઈ જારો જ્ઞાતિ સહિતકું...મત૦ ૧
હોય ઈષ્ટ જો કૃષ્ણ વિના મનમેં, અરૂ વૈર બુદ્ધિ જો હરિજનમેં;
તો મોય સિંધકું દેવો જાય વનમેં...મત૦ ૨
કરી અરૂચિ વ્રજકે ભૂપમેં, રૂચિ લાઉં જો દૂજે રૂપમેં;
તો મોઈ ડારો ઊંડે કૂપમેં...મત૦ ૩
બ્રહ્માનંદ કહે જોઈ ધન વિનતા, જો મન મેરે આવે દીનતા;
તો મેરી સાત પેઢીકું હીનતા...મત૦ ૪

૭૪૯ પદ-૪/૩

મેરે અંતર તે, ધર્મવંશકી દઢતા કબહું ના ટરે;
કોઉં શિર કાટો, ભાવે જેસી આયકે તન વિપતા પરે...ટેક૦
જો હટકે મન ઘનશ્યામતેં, જો રાજી રહું અન્ય નામતેં;
તો મેં હીનો કોટિ ગુલામતેં...મેરે૦ ૧
જો વ્રતમાન માંહી ફેર પડે, જેહી કરીકે નિંદા લોક કરે;
તો માતા મેરી લાજી મરે...મેરે૦ ૨
જો સંપ્રદાયકી રીત કહી, સો મોસે જો બની બાત નહીં;
તો ડારો મોકું લે સમુદ્ર મહીં...મેરે૦ ૩
બ્રહ્માનંદ કહે ધર્મસેં પાવ ડગે, હોય કાયર મન મેરો પીછો ભગે;
તો મેરે કુલકું મોટો કલંક લગે...મેરે૦ ૪

૭૫૦ પદ-૪/૪

ઘનશ્યામ વિના, ઈષ્ટ જાન શિર મેરે કોઈકું ના નમેં;
દેવી દેવ અનેક, ઓર ઠોર મન મેરો કબહું ના ભમે...ટેક૦
જો રીઝું ધન ત્રિય રાગમેં, જો પરે ફેર મેરે ત્યાગમેં;
તો ડારી દીયો મોકું આગમેં...ઘનશ્યામ૦ ૧
જો પક્ષ તજું સત્સંગકો, રખું તન કરી ચલન કુઢંગકો;
તોં મેં ગ્રાહક ગળી કે રંગકો...ઘનશ્યામ૦ ૨
જો તજુ શરન ધર્મવંશકો, સેવું દેવ ભોગી મદ્ય માંસકો;
તો મોય કુટુંબી જાનો કંસકો...ઘનશ્યામ૦ ૩
બ્રહ્માનંદ કહે લોક ડર જાની, જો મેં ભક્તિ કરૂં જગસે છાની;
તો મોસે અધમ ન કોઉ પ્રાની...ઘનશ્યામ૦ ૪

**૭૫૧ રાગ : કાફી પદ=૪ પદ- ૪/૧**

સ્વામી પ્રગટ થયા તે સહુ સાંભળો રે,
સાધુ જનને અલૌકિક સ્વાદ; ગુણ ગાઈયે પવિત્ર ધર્મવંશના રે...ટેક૦
જેની માતા ભક્તિ નામે મહાસતી રે, પિતા પાંડે હરિપ્રસાદ...ગુણ૦ ૧
ગુણવંત છપૈયા એક ગામ છે રે, પાસે અવધનગર મોટું ધામ...ગુણ૦ ૨
ચૈત્ર શુકલ નૌમીએ પ્રભુ જન્મીયા રે, હરિકૃષ્ણ ધર્યું છે શુભ નામ...ગુણ૦ ૩
બાળલીલા કરે છે બહુ ભાતની રે, માત પિતાને હર્ષ ન માય...ગુણ૦ ૪
વા'લો ચંદ્રકળાની પેરે વધતા રે, નરનારી જોઈને સુખી થાય...ગુણ૦ ૫
આઠ વર્ષે પામ્યા તે ઉપવીતને રે, તજ્યું ભુવન આણીને વૈરાગ...ગુણ૦ ૬
ગુણ ચરિત્ર મનોહર ગાવવા રે, મળ્યો બ્રહ્માનંદને માગ...ગુણ૦ ૭

**૭૫૨ પદ-૪/૨**

ચાલ્યા ઉત્તર દિશામાં પોતે એકલા રે,
વન પર્વત ઓળંગ્યા દશ વીશ; બલિહારી નવલ ઘનશ્યામની રે. ટેક૦
મુકતનાથ જઈને તપ કીધલું રે, સાધી યોગ કળા તે જગદીશ...બલિ૦ ૧
ત્યાંથી તીર્થ કરતા પોતે ચાલીયા રે, કરતા બહુ જનને ઉપદેશ...બલિ૦ ૨
જગન્નાથ જઈ દક્ષિણ પધારિયા રે, પછી આવ્યા તે પશ્ચિમ દેશ...બલિ૦ ૩
ગેહેરી છાયા અજબ ગિરનારની રે; ભેટ્યા રામાનંદ સુખકંદ...બલિ૦ ૪
દઈ દીક્ષા પોતાનું પદ સ્થાપિયું રે, ધર્યું નામ તે સહજાનંદ...બલિ૦ ૫
કચ્છ ગુર્જર ધરાને પાવન કરી રે, આવી વસ્યા દુર્ગપુર આપ...બલિ૦ ૬
બ્રહ્માનંદ કહે જગ ઉપરે રે, વધ્યો દિન દિન અધિક પ્રતાપ...બલિ૦ ૭

૭૫૩ પદ-૪/૩

ત્યાંથી નિજ કુટુંબીને તેડાવિયાં રે,
બેઉ ભાઈ ભાઈનો પરિવાર; વધી શોભા અધિક ધર્મવંશની રે...ટેક૦
મોટા ભાઈ તે રામપ્રતાપજી રે, છોટા ઈચ્છારામ ઉદાર...વધી૦ ૧
મોટા બંધુના અવધપ્રસાદજી રે, બંધુ છોટાના રઘુવીર...વધી૦ ૨
બેને આચાર્ય કર્યા સતસંગના રે, જાણી ધર્મ ધુરંધર ધીર...વધી૦ ૩
ધર્મવંશી હોય તે રહે ધર્મમાં રે, પરત્રિયા સુતા માત સમાન...વધી૦ ૪
પરપુરૂષ બાઈને પિતા સરખો રે, હોય છોટો તે પુત્ર નિદાન...વધી૦ ૫
કરે પુરૂષ પ્રબોધ રૂડા પુરૂષને રે, કરે ત્રિયા ત્રિયાને ઉપદેશ...વધી૦ ૬
એવી રીતિ ઉદ્ધવ સંપ્રદાયની રે, કહે બ્રહ્માનંદ પાપ નહિ લેશ...વધી૦ ૭

૭૫૪ પદ-૪/૪

સાવર્ણી ગોત્ર શાખા કૌથમી રે,
સરવરિયા બ્રાહ્મણ વેદ સામ; રૂડી ઉદ્ધવ મતની કહું રીતડી રે. ટેક૦
તેનાં રૂડાં પ્રવર વળી ત્રણ છે રે, સર્વે ત્યાગી નમે નિષ્કામ...રૂડી૦ ૧
નાયે ધોયે પૂજા લઈ હાથમાં રે, પ્રેમે નમવું ગ્રહીને ગુરુ પાય...રૂડી૦ ૨
ઉપદેશ દીયે તે ઉર ધારવો રે, જેથી જન્મમરણ દુઃખ જાય...રૂડી૦ ૩
દારૂ માટી ચોરી અવેરી મુકવા રે, એવા નિયમ ધરાવે સાક્ષાત...રૂડી૦ ૪
નહિં હિંસા વટલાવે વટલે નહિં રે, નહિ કરે પોતે પોતાની ઘાત...રૂડી૦ ૫
જેવો હોય અધિકારી તેવો જોઈને રે, પછી સંભળાવે મંત્રરાજ...રૂડી૦ ૬
કહે બ્રહ્માનંદ એ મત અનુસરે રે, તેનાં સરે અલૌકિક કાજ...રૂડી૦ ૭

આજ મારે હરિ પરોણા ઘેર આવ્યા પદ-૪

**૭૫૫ રાગ : ગરબી પદ- ૪/૪**

એવા સંતની બલિહારી રે, હાંરે જેને ગુણે રિઝ્યા ગિરિધારી રે;
એવા સંતની બલિહારી...ટેક૦
કામક્રોધ લોભ મનમાં ન આણે, સોનું ને ધૂળ તે સમ કરી જાણે;
હાંરે જેને ગીતાજી ગાય છે પોકારી રે...એવા૦ ૧
હરિ વિના બીજો ઘાટ ન લાગે, લોભ લહરનો લેશ ન લાગે;
હાંરે નારી ન શકે નયણ બાણ મારી રે...એવા૦ ૨
બ્રહ્મવિદ્યા જેણે દ્રઢ કરી સાધી, પિંડ બ્રહ્માંડની રજી રે ઉપાધી;
હાંરે ભૂતપ્રાણી તણા હિતકારી રે...એવા૦ ૩
બ્રહ્મસ્વરૂપમાં રહે નિત્ય ન્હાયા, પ્રગટ હરિગુણમાં ચિતડાં હરાયાં;
હાંરે પ્રેમસખી એવા સંત ઉપર વારી રે...એવા૦ ૪

**૭૫૬** પ્રગટ હરિ મુજને મલ્યા રે લોલ પદ=૪ **રાગ : ગરબી પદ- ૪/૩**

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર, નરનારી...જેને જોઈએ૦
આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,
વહાલો તરત ઉતારે ભવપાર, નરનારી...જેને જોઈએ૦ ૧
જન્મ મૃત્યુના ભય થકી છુટવારે લોલ,
શરણે આવો મુમુક્ષુ જન, નરનારી...જેને જોઈએ૦ ૨
શીદ જાઓ છો બીજે શિર કૂટવા રે લોલ,

ત્યાં'તો તરત થાશો પાવન, નરનારી...જેને જોઈએ૦ ૩
ભૂંડાં શીદને ભટકો છો મત પંથમાંરે લોલ,
આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ, નરનારી...જેને જોઈએ૦ ૪
આણો પ્રેમે પ્રતીતિ સાચા સંતમાંરે લોલ,
થાશે મોક્ષ અતિશે અનુપ, નરનારી...જેને જોઈએ૦ ૫
જુવો આંખ ઉઘાડીને વિવેકનીરે લોલ,
શીદ કરો છો ગોળ ખોળ એક પાડ, નરનારી...જેને જોઈએ૦ ૬
લીધી લાજ બીજા ગુરુ ભેખનીરે લોલ,
કામ ક્રોધે લગાડી છે રાડ, નરનારી...જેને જોઈએ૦ ૭
એવા અજ્ઞાની ગુરુના વિશ્વાસથી રે લોલ,
જાશો નરકે વગાડતાં ઢોલ, નરનારી...જેને જોઈએ૦ ૮
વહાલો તરત છોડાવે કાળ પાશથી રે લોલ,
પ્રેમાનંદ કહે આપે છે હરિ કોલ, નરનારી...જેને જોઈએ૦ ૯

**૭૫૭** **પદ-૪/૪**

ધર્મકુંવરને જાઉં વારણે રે લોલ,
ભવ બુડતાં ઝાલી મારી બાંય, અલબેલે...ધર્મ૦
બાંય ઝાલીને કાઢી લીધી બારણે રે લોલ,
નહિ તો વહી જાત કયાંયની કયાંય, અલબેલે...ધર્મ૦ ૧
વહાલે ઘોર કળિમાં કરુણા કરી રે લોલ,
લીધો ધર્મગૃહે અવતાર, અલબેલે...ધર્મ૦ ૨
પોતે અક્ષરપતિ આવ્યા શ્રી હરિ રે લોલ,
કરવા અધમતણો ઓધાર, અલબેલે...ધર્મ૦ ૩
વહાલે પ્રગટ પ્રતાપ જણાવીયો રે લોલ,
મેટ્યા લખ્યા વિધાતાના લેખ, અલબેલે...ધર્મ૦ ૪

જીવ જમના તે હાથથી છોડાવિયા રે લોલ,
મારી કર્મની રેખ પર મેખ, અલબેલે...ધર્મ૦ ૫
ચાર વર્ણ ને આશ્રમ ચારના રે લોલ,
થાપ્યા અચળ ધરા પર ધર્મ, અલબેલે...ધર્મ૦ ૬
મદ્ય માંસ ચોરી ફેલ જારના રે લોલ,
નરનારીનાં મેલાવ્યાં કર્મ, અલબેલે...ધર્મ૦ ૭
કીધાં શુદ્ધ અંતર નરનારીનાં રે લોલ,
ધર્મ ભક્તિ પધરાવ્યા માંહ્ય, અલબેલે...ધર્મ૦ ૮
એવા દિવ્ય ચરિત્ર ગિરિધારીનાં રે લોલ,
પ્રેમાનંદ જોઈને વારી જાય, અલબેલે...ધર્મ૦ ૯

પ્રાણી સ્વામિનારાયણ દેવ સત્ય   પદ=૪

**૭૫૮ રાગ : સોહની પદ- ૪/૪**

પ્રાણી સ્વામિનારાયણ સ્વામિનારાયણ ગાઈયે રે;
ગાઈયે દુરિજનથી લેશ ન લજાઈયે રે...ટેક૦
સ્વામિનારાયણ મહા મંત્ર છે પ્રગટ હરિનું નામ;
આ અવસર જે કોઈ લેશે, તેનાં સરશે કામ...પ્રાણી૦ ૧
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, ઊંચે સાદે ગાય;
સાંભળીને જમદૂત તેને, દૂરથી લાગે પાય...પ્રાણી૦ ૨
સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ;
અંતકાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ...પ્રાણી૦ ૩
સ્વામિનારાયણ સુમરીયે પ્રાણી, તજી લોકની લાજ;
પ્રેમાનંદ કહે રાજી થઈ, તેના ઉરમાં રહે મહારાજ...પ્રાણી૦ ૪

ધર્મકુવર હરિકૃષ્ણ ચરણ નખચંદ્ર પદ=૪

૭૫૯ રાગ : ધોળ પદ- ૪/૪

સ્વામિનારાયણ આજ પ્રગટ મહામંત્ર છે,
શ્રવણે સાંભળતા કંપે દિનકરદૂત જો;
ભવનાં બંધન સદ્ય કાપી સુખિયાં કરે,
શું કહી દાખું મહિમા અતિ અદ્‌ભુત જો. સ્વામિ૦ ૧
અનેક પતિત ઓધાર્યા પૂરવે આ મંત્રથકી,
અજામિલ ગનિકા આદિક અપાર જો;
તે મંત્ર આજ મહારાજે પ્રગટ કર્યો,
કળિમાં કરવા અનેક પતિત ભવપાર જો. સ્વામિ૦ ૨
સકામી જન સુમરી પામે ત્રિવર્ગને,
નિષ્કામી જન પામે પદ નિર્વાણ જો;
નામતણા નામી સ્વામી પ્રગટ મળ્યા,
તે જનના શું કરૂં મુખે વખાણ જો. સ્વામિ૦ ૩
ભવ બ્રહ્મા મુનિ મુકત જપે આ મંત્રને,
તે સહુ પામ્યા મનવાંછિત સુખ સાજ જો;
પ્રેમાનંદ કહે કર જોડી સહુ જનને,
ભૂલશો માં અવસર આવ્યો આજ જો. સ્વામિ૦ ૪

૭૬૦ રાગ : ગરબી પદ=૫ પદ- ૫/૧

વંદુ દુર્ગપુરધામ, (૨) સુંદર શોભે ઘનશ્યામનું જો;
પરમ પાવન અભિરામ, (૨) કૃષ્ણ પૂરણકામનું જો૦ ૧
પ્રગટ પુરુષોત્તમરાય, (૨) રાજે ગઢપુરમાં શ્રીહરિ જો;
જેને નિગમ નેતિ ગાયે, (૨) નિજ ઈછાયે દેહ ધરી જો૦ ૨
અક્ષરપતિ અવિનાશ, (૨) આવ્યા કરુણા કરી અતિ જો;
કીધો ગઢપુર નિવાસ, (૨) વરણી વેશે નૈષ્ટિક જતિ જો૦ ૩
ધન્ય ઉત્તમ નરદેવ, (૨) ઘેર રાખ્યા ઘનશ્યામને જો;
પરી પુરણ કરી સેવ, (૨) વશ કીધા સુખધામને જો૦ ૪
ઉત્તમ જાણીને નિજ ભકત, (૨) વશ થયા નિજ દાસને જો;
વરણી અતિશેં વિરકત, (૨) રહ્યા અખંડ કરી વાસને જો૦ ૫
કીધું અધીક ગઢપુર, (૨) સાત પુરી, ચાર ધામથી જો;
પ્રેમાનંદ કે' જમ દૂર, (૨) ભાગે ગોપીનાથ નામથી જો૦ ૬

૭૬૧ પદ-૫/૨

ધન્ય ઉત્તમ દરબાર, (૨) ધન્ય ઓરડાની ઓસરી જો;
થયો મુકિત દાતાર, (૨) અખંડ રાજે ત્યાં શ્રીહરિ જો૦ ૧
ધન્ય ઓરડી અનૂપ, (૨) પ્રીતે પોઢે ભગવાન જ્યાં જો;
થઈ અક્ષર સ્વરૂપ, (૨) સંત ધારે નિત્ય ધ્યાન ત્યાં જો૦ ૨
ધન્ય નિંબ વૃક્ષ છાંય, (૨) ઘોડી ફેરે હરિ ફરતા જો;
જન ત્રપત ન થાયે, (૨) ધન્ય દરશન કરતાં જો૦ ૩
ધન્ય ધરણીનાં ભાગ્ય, (૨) ધન્ય ગઢપુર ધામને જો;

ધન્ય હરિજન ગૃહ ત્યાગ, (૨) કરી નિરખે ઘનશ્યામને જો૦ ૪
ધન્ય ગઢપુરનાં લોક, (૨) ધન્ય હરિજન નરનારીને જો;
થયાં સરવે અવિશોક, (૨) પ્રગટ નિરખ્યા ગિરિધારીને જો૦ ૫
ધન્ય પૂજ્યા કરી પ્યાર, (૨) ધર્મકુંવર સુખકંદને જો;
પ્રીતે પે'રાવ્યા હાર, (૨) ધન્ય ધન્ય પ્રેમાનંદને જો૦ ૬

**૭૬૨** **પદ-૫/૩**

ધન્ય દુર્ગપુર ધામ, (૨) ધન્ય ઉત્તમ નરેશજી જો;
મહિમા અધિક અભીરામ, (૨) ગુણ ગાય જેના શેષજી જો૦ ૧
ધન્ય ગઢપુરની શેરી, (૨) ધન્ય ગઢપુરના વાસને જો;
હરિ ચાંખડિયું પેરી, (૨) ચાલી જાય ઘેર દાસને જો૦ ૨
ધન્ય ગંગા ઉન્મત્ત, (૨) નિત્ય ન્હાયે હરિ નીરમાં જો;
સંગે મુનિવર સમરથ, (૨) લઈ રમે હરિ તીરમાં જો૦. ૩
કરે લીલા બહુ ભાત, (૨) બેસી ગંગા મધ્ય પૂરમાં જો;
ગાયે કિરતન કરી ખાંત, (૨) પાડે તાળી બહુ સૂરમાં જો૦ ૪
ધન્ય ગંગાનો ઘાટ, (૨) ધન્ય ખળખળિયા નામને જો;
ધન્ય નારાયણ હ્રદની વાટ, (૨) રથ હાંકવો ઘનશ્યામને જો૦ ૫
ન્હાયીને મુનિવર લઈ સાથ, (૨) હરિ આવે નિજ મંદ્રમાં જો;
શોભે પ્રેમાનંદનો નાથ (૨) જેમ તારા મધ્ય ચંદ્રમાં જો૦ ૬

**૭૬૩** **પદ-૫/૪**

ધન્ય પુરની બજાર, (૨) ધન્ય લક્ષ્મીનો બાગ છે જો;
થઈને અશ્વ અસવાર, (૨) જાયે જીવન જોયા લાગ છે જો૦ ૧
ધન્ય આંબાની છાંય, (૨) ધન્ય બેઠક બેસે હરિ જો;
સંત કિર્તન ત્યાં ગાય, (૨) નિરખે નાથને નેણાં ભરી જો૦ ૨
ગુંથી ગુલાબના હાર, (૨) સંત પેરાવે પ્રિતશું જો;

બાંધે બાજુ કરી પ્યાર, (૨) ઘાલે ગજરા રસ રીતશું જો૦ ૩
સંત ગાયે કીર્તન વાજે, (૨) દોકડ સારંગીયો જો;
મેવા જમે જીવન, (૨) કેળાં દ્રાક્ષ નારંગીયો જો૦ ૪
ધન્ય રાધાની વાવ, (૨) ધન્ય બાગ રાધાતણો જો;
હરિ જાય કરી ભાવ, (૨) અતિ મહિમા તેનો ઘણો જો૦ ૫
પૂરણ પુરુષોત્તમ દેવ, (૨) એમ વિચરે ગઢપુરમાં જો;
મોટા મુનિવર કરે સેવ, (૨) પ્રેમાનંદ તો હજૂરમાં જો૦ ૬

**૭૬૪ પદ-૫/૫**

રાજે ગઢપુર મહારાજ (૨) પૂરણબ્રહ્મ પરમાતમા જો;
આવ્યા ગરીબનિવાજ (૨) એતો અક્ષરના આતમા જો૦ ૧
છાયો પ્રબળ પ્રતાપ (૨) કહ્યો નવ જાયે રસના જો;
કીધો અધર્મ ઉથાપ (૨) વાગ્યા ડંકા અતિ જશના જો૦ ૨
માર્યા અસુર અપાર (૨) કામ ક્રોધાદિક વાંકડા જો;
સુર અસુર નરનાર (૨) જેને આગે સહુ રાંકડા જો૦ ૩
મત પંથને માથે મેખ (૨) મારી લીધા જન છોડવી જો;
મુંડ્યા કંઈક ગુરૂ ભેખ (૨) પાડ્યા માહંતને ગોડવી જો૦ ૪
આપી પરચા અનૂપ (૨) માયિક મતને ઉખાડિયા જો;
જીવ માયા બ્રહ્મ રૂપ (૨) જથારથ તે દેખાડિયા જો૦ ૫
સમાધિમાં સહુ ધામ (૨) દેખાડિયાં નરનારને જો;
એવા સહજાનંદ શ્યામ (૨) પ્રગટ્યા પ્રેમાનંદ કારણે જો૦ ૬

**૭૬૫ રાગ : પ્રભાતી સિંધુડો પદ=૧૦ પદ-૧૦/૧**

ધીર ધુરંધરા શૂર સાચા ખરા, મરણનો ભય મનમાં ન આણે;

અર્વ ખર્વ દળ એક સામા ફરે, તૃણને તુલ્ય તેનેય જાણે. ધીર૦ ૧
મોહનું સૈન્ય મહા વિકટ લડવા સમે, મરે પણ મોરચો નવ ત્યાગે;
કવિગુણી પંડિત બુદ્ધેબહુ આગળા, એ દળ દેખતા સર્વ ભાગે. ધીર૦ ૨
કામ ને ક્રોધ મદ લોભ દળમાં મુખી, લડવા તણો નવ લાગ લાગે;
જોગીયા જંગમ તપસ્વી ત્યાગી ઘણા, મોરચે ગયે ધર્મદ્વાર માગે. ધીર૦ ૩
એવા અરિ સૈન્ય શું અડીખમ આથડે, ગુરૂમુખી જોગિયા જુક્તિ જાણે;
મુકતાનંદ મોહ ફોજ માર્યા પછી, અખંડ સુખ અટળપદ રાજ માણે. ધીર૦ ૪

**૭૬૬ પદ-૧૦/૨**

જ્યાં લગી જગત જંજાળ ઉરમાં ખરી, ત્યાં લાગી સુરતા ચિત્ત નાવે;
જે જે વિચારીને જુક્તિ કરવા જશે, તેજ કાયરપણું નામ કા'વે. જ્યાં૦ ૧
પરચો ઈચ્છે તેને પામર જાણવો, જન ન ઈચ્છવું જોગ્ય જાણે;
નિષ્કામ તે નારાયણ રૂપ છે, આશા ને તૃષ્ણા ઉરમાં ન આણે. જ્યાં૦ ૨
અક્ષર પર પુરૂષોત્તમ શ્રીહરિ, તેહને સુઝશે તે જ કરશે;
જન મતિમંદ હોવા છતાં ઊભા થઈ, તાણતાં તાણતાં તુટી મરશે. જ્યાં૦ ૩
કેસરી બાળને ભય નહિ કોઈનો, મત્ત મેંગળ તણાં જુથ ભાગે;
મુકતાનંદ તે શિષ્ય સદ્ગુરૂ તણા, જગતથી ઉલટી રીત જાગે. જ્યાં૦ ૪

**૭૬૭ પદ-૧૦/૩**

મતવાલાતણી રીત મહાવિકટ છે, પ્રેમરસ પીએ તે જન જાણે;
મૂંડા તે શું જાણે મજીઠના પાડને, ભીખતાં જન્મનો અંત આણે. મત૦ ૧
વર્ણ આશ્રમ તણી આડ મહા વિકટ છે, તે કેમ પાધરી વાત પ્રીછે;
શીશ અર્પ્યા વિના શ્યામ રીઝે નહિ, શીશ અર્પે જે કોઈ શરણ ઈચ્છે. મત૦ ૨
બાગ બગીચે પ્રેમ નવ નીપજે, દામ ખરચ્યે નવ પ્રેમ પામે;
મસ્તક ધડામાં જે જન મેલશે, તે ઘટે પ્રેમ પ્રવાહ સામે. મત૦ ૩

સુરનર મુનિ તણી ચાંચ ખૂંચે નહિં, ચૌદ લોકમાં એ અગમ સહુને;
મુકતાનંદ એ અગમ રસ અતિ ઘણો, સદ્‌ગુરૂ મોજથી સુગમ બહુને. મત૦ ૪

**૭૬૮** **પદ-૧૦/૪**

જ્યાં લગી જાત ને ભાત જંજાળ છે, ત્યાં લગી આત્મા જાણ અળગો;
જેહને હરિ વિના અન્ય અળખામણું, સત્ય સ્વરૂપ નર તેહ વળગ્યો. જ્યાં૦ ૧
ઊલટા અન્નની સે'જ ઈચ્છા ટળી, દેખતાં ઉબકો સૌને આવે;
તેહને જે ભખે મનુષ્યમાં નવ ખપે, શ્વાન સૂકર તણી જાત કા'વે. જ્યાં૦ ૨
જ્યાં લગી દેહને હું કરી જાણશે, ત્યાં લગી ભોગ વિલાસ ભાવે;
શ્વાન સૂકર તે મનુષ્યમાંથી ટળ્યો, હરિ તણો જન તે કેમ કા'વે. જ્યાં૦ ૩
હરિના જન તે હરિના ગુણે જુકત છે, મુકત તનનું નહીં માન જેને;
મુકતાનંદ તે સંત જન સૂરમા, આપમાં વ્યાપ હરિ હોય તેને. જ્યાં૦ ૪

**૭૬૯** **પદ-૧૦/૫**

ભેખને ટેક વર્ણાશ્રમ પાળતા, ઊલટો એજ જંજાળ થાયે;
ગાડર આણીએ ઊનને કારણે, કાંતેલા કોકડાં તે જ ખાયે. ભેખ૦ ૧
જે જેવો થઈ રહે સાર તેને કહે, એજ આવરણતણું રૂપ જાણો;
જેમ એ ધોલારી તેમ એ ધર્મરત, તેમાં તે શું નવલું કમાણો ? ભેખ૦ ૨
તજે ત્રણ ઈષણા તેજ વિચક્ષણા, જહદાજહદનો મર્મ જાણે;
ભાગ ને ત્યાગનો ભેદ ગુરુમુખથી ગ્રહે, પિંડ બ્રહ્માંડ ઉરમાં ન આણે. ભેખ૦ ૩
એ જ સન્યાસ શ્રીપાત તેણે કરી, શ્રીતણું કૃત્ય નવ સત્ય દેખે;
ભિક્ષુ તો તે ખરા ભ્રમ મનનો તજે, સત્ય મુકતાનંદ પ્રભુ પેખે. ભેખ૦ ૪

**૭૭૦** **પદ-૧૦/૬**

મેલ મનતાંણ ગ્રહી વચન ગુરૂદેવનું, સેવ તું રૂપ એ શુદ્ધ સાચું;
મન મત્ત થઈ કોટિ સાધન કરે, સદ્‌ગુરુ શબ્દવિણ સર્વ કાચું. મેલ૦ ૧

જજ્ઞ જાગે કરી સ્વર્ગ સુખ ભોગવે, પૂણ્ય ખુટયે પડે નક્કી પાછો;
તીર્થને વ્રતતણું જોર પણ ત્યાં લગી, ગુરુગમ વિના ઉપાય કાચો. મેલ૦ ૨
અડસઠ તીરથ સદ્‌ગુરુ ચરણમાં, જાણશે જે જન હશે પૂરા;
મન કર્મ વચને મોહ મનનો તજી, ભજે ગુરુબ્રહ્મ તે સંત શૂરા. મેલ૦ ૩
મનનાં કૃત્ય તે મિથ્યા જાણી તજ્યાં, મન પણ અમન થઈ મળ્યું ત્યારે;
મુકતાનંદ ગુરુમર્મ છે વચનમાં, વચન વિચારીને જોયું જ્યારે. મેલ૦ ૪

**૭૭૧** **પદ-૧૦/૭**

શૂર સંગ્રામને દેખતાં નવ ડગે, ડગે તેને સ્વપ્ને સુખ ન હોયે;
હય ગજ ગર્જના હાંક વાગે ઘણી, મનમાં ધડક નવ ધરે તોયે. શૂર૦ ૧
અડગ સંગ્રામને સમે ઊભા રહે, અર્પવા શીશ આનંદ મનમાં;
ચાકરી સફળ કરવાતણે કારણે, વિકસ્યું વદન ઉમંગ તનમાં. શૂર૦ ૨
અકથ અલૌકિક રાજને રીઝવે, જે નર મનતણી તાંણ મૂકે;
વચન પ્રમાણે તે વિપત્યે વર્તતા, એક પગ ભર ઊભા જ સૂકે. શૂર૦ ૩
એવાની આગળે મોહદળ નવ નડે, ભાગતાં ભોમ ભારેજ લાગે;
મુકતાનંદ તે શૂર સાચા વદે, જે ચાકરી કરી નવ મોજ માગે. શૂર૦ ૪

**૭૭૨** **પદ-૧૦/૮**

અવસર આવિયો રણ રમવા તણો, અતિ અમૂલ્ય નવ મળે નાણે;
સમજવું હોય તો સમજજો સાનમાં, તજી પરપંચ તક જોઈ ટાણે. અવ૦ ૧
મુનિ મન મધ્ય વિચાર એવો કરે, મોહ શું લડે તે મર્દ કેવા ?
પાખરિયા નર કૈક પાડયા ખરા, શૃંગી શશી સૂરરાજ જેવા. અવ૦ ૨
એવા તો કૈકની લાજ લીધી ખરી, એક ગુરુદેવથી એ જ ભાગે;
તે ગુરુદેવ તો તાહરી કોર છે, જડમતિ તોય નવ બુદ્ધિ જાગે. અવ૦ ૩
કરી લે કામ ઝટ રટ રામ ઉતાવળો, ગુરૂતણી મોજ ગોવિંદ મળશે;

મુકતાનંદ એ વચનમાં મર્મ છે, મર્મ જાણ્યે મદ મોહ ટળશે. અવ૦ ૪

**૭૭૩** **પદ-૧૦/૯**

ધાર તલવારની સોયલી ચપળ છે, વચનની ટેક તે વિકટ જાણો;
ભેખની ટેક તે વચનમાં નવ રહે, તે પ્રગટ ભક્તિ પ્રમાણો. ધાર૦ ૧
શૂરને એક પળ કામ આવી પડે, મરે કાં મોજ લઈ સુખ પામેં;
સંત સંગ્રામથી પળ ન પાછો હઠે, મન દમવા તણે ચડે ભામે. ધાર૦ ૨
મનશું લડવા કોણ સામો મંડે, સુર નર અસુર સહુ હાર માને;
ગુરુમુખી શિષ્ય વિન રૂંઢ રણમાં ફરે, જગતનો શબ્દ નવ સુંણે કાને. ધાર૦ ૩
શૂર ને સંતમાં અંતર અતિ ઘણો, સુરજ સંગ ખદ્યોત શોભા;
મુકતાનંદ તે સંતની આગળે, મોહ ને મન કરે ત્રાહિ તોબા. ધાર૦ ૪

**૭૭૪** **પદ-૧૦/૧૦**

કર્મનું કૂટણું સકલ સંસારમાં, લખ્યું લલાટમાં તેજ થાશે;
શુભાશુભ ભોગ તે લખ્યાં લલાટમાં, અલખ લખાઈ શું નામ જાશે. કર્મ૦ ૧
ભાગ્યમાં લખ્યા ભગવંત જો હોય તો, સાધન લેશ નવ ઘટે કરવું;
ભાગ્યમાં લખ્યું અણવાંછે આવી મળે, તેહને કાજ શું મથી મરવું ? કર્મ૦ ૨
સજનાતણો સંસ્કાર શો શુભ હતો ? ગીધ ગણિકા અજામેળ તેવાં;
એવા અધમ ઓધારણ પ્રભુને પરહરી, કર્મ કર્તા રહે પશુ જેવા. કર્મ૦ ૩
કર્મની રેખ કર્મજડને શિર ખરી, મર્મના જાણતલ ધર્મ પાળે;
મુકતાનંદ ગુરુચરણને સેવતા, બ્રહ્મ અગ્નિ સર્વે કર્મ બાળે. કર્મ૦ ૪

**૭૭૫** **રાગ : કાફી પદ=૪** **પદ- ૪/૧**

જાના હે નર જાના હે, ઘર છોડી અકેલા નર જાના હે...ઘર૦

મેડી મંદિર છોડ ચલોગે, એક દિન ભોંય બિછાના હે...ઘર-૧
નિજ તન નારી પુત્રકું પોખે, જારીકે છાર મિલાના હે...ઘર-૨
બ્રહ્મા આદિ ભુવનકે સ્વામી, વહાંભી સ્થિર ન રહાના હે...ઘર-૩
દાસ મુકુંદ આશ તજ જૂઠી, શ્રીહરિ ચરન ઠિકાના હે...ઘર-૪

**૭૭૬ પદ-૪/૨**

આવેંગે જમ આવેંગે, હરિભજન વિના જમ આવેંગે...હરિ૦
હરિજન દેખી કે હાંસી કરત વાકે, મુખમેં આગ જરાવેંગે...હરિ-૧
કીરતન કથારી સુને નહીં તાકે, શ્રવનમેં સીસા ઢરાવેંગે...હરિ-૨
કર્મ વિકર્મ કરે જિનકે હિત, ઈનમેંસે કોઈ ન બચાવેંગે...હરિ-૩
દાસ મુકુંદ ચલો ગુરુચરને, એક પલકમેં છુડાવેંગે...હરિ-૪

**૭૭૭ પદ-૪/૩**

પાવેંગે દુઃખ પાવેંગે, હરિભજન વિના દુઃખ પાવેંગે...હરિ૦
દુર્લભ દેહ ભજન બીન તજીકે, માર જમનકી ખાવેંગે...હરિ-૧
જમકે મનમેં મે’ર ન આવે, કાંટામાંહી ચલાવેંગે...હરિ-૨
પરનારી પ્રસંગ કરે વાંકું, લોહ થંભ લપટાવેંગે...હરિ-૩
દાસ મુકુંદ વાસ હરિચરને, ઈન મારગમેં ન આવેંગે...હરિ-૪

**૭૭૮ પદ-૪/૪**

તારેંગે સંત તારેંગે, ભવજળ મેં બૂડત સંત તારેંગે...ભવ૦
જનમ મરણ ભય તબહી ભાગે, સંત સાચા ઉર ધારેંગે...ભવ-૧
જો તરી ગયે સો સંત સમાગમ, અબહી સંત ઓધારેંગે...ભવ-૨
સંત શબ્દકું જો લોપી ચલેંગે, આગે બહુત સંભારેંગે...ભવ-૩
દાસ મુકુંદ નાવ સત્સંગ ત્યાં, પલમેં પાર ઉતારેંગે...ભવ-૪

૭૭૯ રાગ:ગરબી પદ-૧

મારો મત કહું તે સાંભળો વ્રજવાસિજી;
તજો સાધનનો ઉર આમળો...વ્રજ૦ ૧
ગુરૂ સંત તે હરિનું ભજન કરે, વ્રજ૦
જે પ્રગટ રૂપ હરિ વિચરે...વ્રજ૦ ૨
ચૈતન્ય સંમ રસ નહિ ભેદ ઘણા, વ્રજ૦
પરમેશ્વર ઈશ્વર જીવતણા...વ્રજ૦ ૩
અન્ય જીવ ને સંતમાં ભેદ ઘણા, વ્રજ૦
જેમ ગંગોદક મદિરા તણાં...વ્રજ૦ ૪
મેં લીલા સુંદર પ્રગટ કરી, વ્રજ૦
તેને ગાવી અતિ આનંદ ભરી..વ્રજ૦ ૫
અંતકાળે આવું દાસ કને, વ્રજ૦
રથ અશ્વ વિમાન વા સંત તને..વ્રજ૦ ૬
તે લીલાપુરણ પ્રીતશું, વ્રજ૦
કે'વી સાંભળવી રસ રીતશું..વ્રજ૦ ૭
જો રહેશો દાસના દાસ થઈ, વ્રજ૦
સુખ માનીશ ભકિત કરીશ સઈ..વ્રજ૦ ૮
મારા લોક ને મુર્તિ માહેરી, વ્રજ૦
છે પરમ સત્ય ગુણ બાહેરી..વ્રજ૦ ૯
એને અસત્ય કહી જે જાણે છે, વ્રજ૦
તેને જમ ઉંધે શિર તાણે છે..વ્રજ૦ ૧૦

મારૂં ધાર્યુ અસત્ય સત્ય થાય છે, વ્રજ૦
સમર્થ કરી ગુણલા ગવાય છે..વ્રજ૦ ૧૧
મારી દ્દષ્ટિએ જગત ઉપજે શમે, વ્રજ૦
થઈ રૂપ અનેક માયા રમે..વ્રજ૦ ૧૨
હું સદા રહું સત્સંગમાં, વ્રજ૦
હું રાચું તેહના રંગમાં..વ્રજ૦ ૧૩
સત્સંગ તજી જે જાય છે, વ્રજ૦
તે જમના કિંકર થાય છે..વ્રજ૦ ૧૪
હું રહું બ્રહ્માંડમાં રૂપ ધરી, વ્રજ૦
નૃપ જોગી વિપ્રને અનુસરી..વ્રજ૦ ૧૫
એવો મારો મત જે જાણશે, વ્રજ૦
મુકતાનંદ મહાસુખ માણશે..વ્રજ૦ ૧૬

**૭૮૦ રાગ : ગરબી પદ=૪ પદ- ૪/૧**

મોહનને ગમવાને ઈચ્છો માનની,
ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો.
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો;
હરિ ચરણે રહેજો અબળા થઈ છેક જો...મોહનને૦ ૧
વળી એક વાત કહું છું અધિક વિવેકની;
સાંભળ બેની તારા સુખને કાજ જો;
હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી,
ત્યાગો મદ મત્સર જુઠી કુળ લાજ જો...મોહનને૦ ૨

સુખદાયક તું જાણે સુંદર શ્યામને,
અતિ દુઃખદાયક મન પોતાનું જાણજો,
મુકતાનંદનો નાથ મગન થઈ સેવજો;
સમજી વિચારી બોલો અમૃત વેણજો...મોહનને૦ ૩

૭૮૧ પદ-૪/૨

સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળિયું પય સાકરમાં અહિ ઝેર જો...સાંભળ૦ ૧
દાસી થઈ તું રહેજે દીન દયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો;
ભવ બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો...સાંભળ૦ ૨
પ્રીત કરે પુરુષોત્તમ સાથે નિત્ય નવી,
દાઝીશમાં દેખી કેનું સન્માન જો;
મુકતાનંદનો નાથ મગન થઈ સેવજો,
તો રીઝે રસિયો સુંદરવર કહાન જો...સાંભળ૦ ૩

૭૮૨ પદ-૪/૩

કહાન કુંવરની રીત સુણી મનમાં ધરો,
તો તમે રહેશો મગન સદા હરિ સંગજો;
પુરુષોત્તમને નથી કોઈ પર પોતાતણું;
પૂરણકામ ન રાચે કેને રંગ જો...કહાન૦ ૧
કરુણાનિધિમાં કામાદિક વ્યાપે નહિ,

ઈર્ષ્યા માન તણો નહિ અંતર લેશ જો;
કડવાં વેણ કહે પોતાના દાસને,
ઔષધ સમ આપે ઉત્તમ ઉપદેશ જો...કહાન૦ ૨
જે જે વચન કહે સુંદરવર શ્યામળો,
સુખ ઉપજે તેમ કરવો શુદ્ધ વિચાર જો;
મુકતાનંદનો નાથ સદા સુખદાઈ છે,
એવું જાણી કરજો પૂરણ પ્યાર જો...કહાન૦ ૩

૭૮૩ પદ-૪/૪

સુખ સાગર હરિવર સંગે સુખ માણજો,
અતિ ઘણી મહેર કરી છે શ્રી મહારાજ જો;
પુરુષોત્તમ સાથે પૂરણ સગપણ થયું,
આપણ તુલ્ય નહિ કોઈ બીજું આજ જો...સુખ સાગર૦ ૧
રવિમંડળમાં રાત તણું દુઃખ નવ નડે,
પારસ પામ્યે ધન દુર્બળતા જાય જો;
તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,
તેનો મહિમા ભવ બ્રહ્માદિક ગાય જો...સુખ સાગર૦ ૨
તન અભિમાન તજે પૂરણ સુખ પામીએ,
શામળિયા સંગ વાધે સાચી પ્રીત જો;
મુકતાનંદ કહે મર્મ ઘણો છે વાતમાં,
જાણી લેજો અતિ ઉત્તમ રસ રીત જો...સુખ સાગર૦ ૩

૭૮૪ રાગ : ગરબી પદ=૪ પદ- ૪/૧

સહજાનંદ સ્વામી રે, ન પ્રગટત આ સમે રે, પ્રાણી કોઈ પામત નહિ ભવપાર રે;
મતિયાં ને પાખંડી રે, શબ્દની જાળમાં રે, બાંધી બાંધી બોળત જીવ અપાર રે-સહ૦ ૧
કામી ક્રોધી લોભી રે, ગુરુ થઈ બેસતા રે, જતી સતી જડત નહિ જગ માંય રે;
જ્ઞાન ને વૈરાગ્ય રે, ભક્તિ ઝુરીને રે, મરી ઝરી જાત ન લાધત ક્યાયં રે-સહ૦ ૨
કાળીંગાની ફોજુ રે, કરત અતિ જોરને રે, કરી ગુરૂ પંડિતમાં પ્રવેશ રે;
માંસ ને મદિરા રે, પરત્રિયા સંગથી રે, ધર્મનો રે રહત નહિ લવલેશ રે-સહ૦ ૩
વધત વટાળ રે, ઘણો આ સંસારમાં રે, વર્ણ અઢાર થઈ એકતાર રે;
સંત ને અસંતમાં રે, કોઈ સમજત નહિ રે, ભવજળ બુડત સઉ સંસાર રે-સહ૦ ૪
નરકના પંથથી રે, કોઈ ન નિવારતા રે; કોઈ ન કરત ભવસેતુ ઉદ્ધાર રે;
મુકતાનંદ કહે છે રે, તેનાં દુઃખ ટાળીયા રે, જાઉં એને વારણે વારમવાર રે-સહ૦ ૫

૭૮૫ પદ-૪/૨

સહજાનંદ સ્વામી રે, પોતે પરબ્રહ્મ છે રે, સ્વામિનારાયણ જેનું નામ રે;
સત્ય ધર્મ સ્થાપી રે, અધર્મ ટાળીયો રે, કીધા વ્હાલે નિજજન અતિ નિષ્કામ રે-સહ૦ ૧
પોતાના આશ્રમની રે, રીતિ પ્રગટ કરી રે, કળિ મધ્યે કામની લીધી લાજ રે;
સમજુ ને શાણા રે, જાણી એ પ્રતાપને રે, નિશ્ચે કરી જાણ્યા શ્રીમહારાજ રે-સહ૦ ૨
જમ ને પાખંડી રે, કુટે છે પેટને રે, જાણે ગયો આપણો સર્વે ગરાસ રે;
સત્સંગ ફેલાયો રે, સર્વે સંસારમાં રે, કેને ગળે નાખશુ જઈ હવે પાશ રે-સહ૦ ૩
એકાંતિક ધર્મ રે, પ્રગટ કરી આપીયો રે, કીધા વ્હાલે બ્રહ્મરૂપ નિજ દાસ રે;
મુકતાનંદ કહે છે રે, જાઉં એને વારણે રે, જેણે મુને આપ્યો બૃહદ વાસ રે-સહ૦ ૪

૭૮૬ પદ-૪/3

સદ્ગુરૂ સાચા રે, સેવો શુદ્ધ ભાવશું રે, જેથી ટળે મનના વિવિધ વિકાર રે;

જેને સંગે વાધે રે, પ્રભુજી સંગ પ્રીતડી રે, ટળી જાય જાત વર્ણ અહંકાર રે-સદ્૦ ૧
વર્તમાન પાંચ રે, પળાવે દઢ કરી રે, સંભળાવે હરિનાં ચરિત્ર પરમ ઉદાર રે;
એવા ગુરૂદેવ રે, ગોવિંદ સમ જાણજો રે, જેને સંગે પામીએ ભવજળ પાર રે-સદ્૦ ૨
ગુરૂ વિના જ્ઞાન રે, ન પામે મનમુખી રે, કહે છે એમ મહામુનિ વેદ પુરાણ રે;
એવું તે વિચારી રે, સદ્‌ગુરૂ સેવજો રે, જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે-સદ્૦ ૩
ગુરૂજીનાં વચન રે, વિચારી ઉર ધારજો રે, ટાળો તમે મોહ મમતા અભિમાન રે;
મુકતાનંદ કહે છે રે, એવી રીતે વર્તતાં રે, તેને ઉર વાસ કરે ભગવાન રે-સદ્૦ ૪

**૭૮૭** **પદ-૪/૪**

સંત સમાગમ રે, શુદ્ધ થઇ કીજીએ રે, સંત થકી લીજીએ વિવેક વિચાર રે;
કપટ કુબુદ્ધિ રે, ઉર થકી ટાળીએ રે, ટાળીએ જાુઠો તન અહંકાર રે-સંત૦ ૧
સંતજન સંગે રે, હરિગુણ ગ્રહીએ રે, અવગુણ ઉર થકી કરીયે ત્યાગ રે;
ઈર્ષા અભાવ રે, ન લેવો સંતનો રે, તન સુખ તજવાં ગ્રહી વૈરાગ્ય રે-સંત૦ ૨
ક્રોધ ન કરવો રે, હરિજન ઉપરે રે, વચન સુણી ન બાંધવું વેર રે;
સમજી વિચારી રે, વચન મુખે બોલીએ રે, વણસમજે ન વાવીએ ઝેર રે-સંત૦ ૩
શ્રીનારાયણ રે, સ્વામિના દાસ જે રે, તેને સંગે રહેવું થઈને ગુલામ રે;
મુકતાનંદ કહે છે રે, એવી રીતે વર્તતાં રે, સંત સંગે પામશો અક્ષરધામ રે-સંત૦ ૪

**૭૮૮** **રાગ : ગરબી પદ=૪** **પદ- ૪/૧**

**(મારે પ્રીત બંધાણી રે...એ રાગ)**

**સહજાનંદ સ્વામી રે, ભજ દઢ ભાવ કરી;**
**આવો અવસર દુર્લભ રે વારે વારે ના’વે ફરી...૧**
**તું તો સત્ય કરી માને રે, સંતની વાતલડી;**
**તજી દેજે તું વેગે રે, મન કેરી ઘાતલડી...૨**

પરધન પરનારી રે, તજી સતસંગ કરે;
હરિવિમુખની સંગત રે, વિષ જાણી પરહરે...૩
મારું કહ્યું સત્ય માને રે, જાવું છે જરૂર મરી;
કર પુણ્ય પરમારથ રે, સંપત રહેશે ધરી...૪
એવું સમજી વિચારી રે, પાણી પહેલી પાળ કરો;
વાલો મુકતાનંદનો રે, ભજી ભવ કષ્ટ તરો...૫

૭૮૯ પદ-૪/૨

સ્વામિનારાયણ કહેતાં રે, કેમ તું લાજે છે;
તારા શિર પર વેરી રે, જમરા ગાજે છે...૧
જમદૂત જોરાવર રે, લેશે તારા પ્રાણ હરી;
તારાં સગાં ને સંબંધી રે, રહેશે હાય હાય કરી...૨
જેને કાજે કરે છે રે, કુકરમ અતિ ભારી;
તેતો સંગે ન ચાલે રે, નવ જોબન નારી...૩
જાશે પાપે પોતાને રે, નરકમાં જમ સંગે;
પીશે લોહી તે તારુ રે, ચીરી ચીરી સહુ અંગે...૪
એવું સમજી વિચારી રે, શ્રીહરિને ભજજે;
મુકતાનંદ સત્ય કહે છે રે, સર્વે કુકરમ તજજે...૫

૭૯૦ રાગ - સારંગ પદ=૪ પદ- ૪/૧

સંત સુખી સંસાર મેં, ઉદ્ધવ સંત સુખી સંસારમેં;
ઓર સબે જગ જરત નિરંતર, તીન તાપકી ઝારમેં...ઉદ્ધવ-૧
રાજાબી દુ:ખિયા રંકબી દુ:ખિયા, ધનપતિ દુ:ખિત વિકારમેં;

વિના વિવેક ભેખ સબ દુઃખિયા, જુઠા તન અહંકારમેં...ઉદ્ધવ-૨
જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયા, માયા ઘોર અંધારમેં;
મુકતાનંદ મુનિવર વિજ્ઞાની, પો'ચે તેજ અંબારમેં...ઉદ્ધવ-૩

૭૯૧ પદ-૪/૨

મેરે જન મોકું ભજે, ઉદ્ધવ મેરે જન મોકું ભજે;
પંચ ઈન્દ્રિય અરુ મનકું જીતે, મો બિન સબ આશા તજે...ઉદ્ધવ- ૧
પ્રેમમગન મેરે ગુન ગાવત, જગ ઉપહાસસેં ન લજે;
જ્ઞાન-ખડગ લે મોહ-ફોજ પર, લડત શૂર હો કે સજે...ઉદ્ધવ- ૨
અઘ અવગુનકે મૂળ ઉખારન, મમ જશ નોબત નિત બજે;
મુકતાનંદ સો સંત વિવેકી, બ્રહ્મસ્વરૂપ અમર અજે...ઉદ્ધવ- ૩

૭૯૨ પદ-૪/૩

મેં જન હિત ભૂ પર ફીરું, ઉદ્ધવ મેં જન હિત ભૂ પર ફીરું;
સંતનકે મનવાંછિત વપુ ધરી, દુષ્ટ મારી રક્ષા કરું. ઉદ્ધવ-૧
ભુકો ભાર હરૂં સંતન હિત, સંતકી રૂચિ સમ અનુસરું;
સંતનકે તાપ સબહી મેટનકું, નિજકર છત્ર જયું શિર ધરું. ઉદ્ધવ-૨
જો મોય ભજત ભજું મેં વાકું, નિજજન પલક ન વિસરું;
મુકતાનંદ કહત યું મોહન, ભકતન હિત અભરા ભરું. ઉદ્ધવ-૩

૭૯૩ પદ-૪/૪

સોઈ સાચે મમ દાસ હે, ઉદ્ધવ સોઈ સાચે મમ દાસ હે;
પિંડ બ્રહ્માંડમેં પ્રીત ન જાકું મમ પદકંજ નિવાસ હે...ઉદ્ધવ-૧
કાંતા કનક જાળ જગ બાંધ્યો, તીનસેં અધિક ઉદાસ હે;
ગૃહમેં રહે મેમાન જયું મમજન, જેહી દઢ ભકિત અભ્યાસ હે...ઉદ્ધવ-૨
મન ઈદ્રિયકે કૃત્યસેં ન્યારો, એકાંતિક મન જાસ હે;

મુકતાનંદ સો સંતકે ઉર બીચ, મેરો પ્રબળ પ્રકાશ હે...ઉદ્ધવ- ૩

૭૯૪ રાગ : સોરઠ પદ=૪ પદ- ૪/૧

હરિગુણ ગાતાં(૨) દુરિજનિયાંનો ધડક ન મનમાં ધારીએ,
શિરને સાટે (૨) શ્વાસ-ઉચ્છ્વાસે સુંદરવર સંભારીએ,
જે સાચું સમરણ આદરે, તેનો મૂરખ માણસ દ્રોહ કરે;
તે ઊલટો નિજ શિર ભાર ભરે...હરિ૦ ૧
જે સૂરજ સામી રજ નાખે, તે ઊલટી આવી પડે આંખે;
રવિ રોષ રાગ મન નવ રાખે...હરિ૦ ૨
એમ સમજી મન દઢ રાખીએ, મુખ કાયરતા નવ ભાખીએ;
આ તન પ્રભુ પર વારી નાખીએ...હરિ૦ ૩
જે તન મન ધન હરિચરણે ધરે, તેની સુંદર શ્યામ સહાય કરે;
કહે મુકતાનંદ તે તારે ને તરે...હરિ૦ ૪

૭૯૫ પદ-૪/૨

સરવે માન તજી(૨) શામળિયા સંગાથે મન દઢ બાંધીએ,
તજી લોકલજ્જા(૨) સાધુજન સંગાથે પ્રીતિ સાંધીએ...સરવે૦
જે સાધુજનનો સંગ કરે, તેના કામાદિક સંતાપ હરે;
તેનું મન લઈ મોહન ચરણે ધરે...સર૦ ૧
એમ હરિ ભજતાં મોટપ પામે, તેનાં જન્મમરણના દુઃખ વામે;
ફરી મન ન ચડે બીજે ભામે...સર૦ ૨
ધ્રુવ આદિ અચળ થયા હરિ સેવી, તેની શિખામણ મન ધારી લેવી;
ભકિત પણ કરવી તેના જેવી...સર૦ ૩
દુરિજનના સંગથી દૂર રહીએ, હરિજનનો અવગુણ નવ લઈએ;

મુકતાનંદ દાસના દાસ થઈએ...સર૦ ૪

૭૯૬ પદ-૪/૩

તન ધન જાતાં (૨) હરિજન હોય તે હરિભકિતથી નવ ચળે,
જેમ નારી સતી (૨) સરવે મમતા છોડી પતિ સંગે બળે...તન૦
જુઓ પ્રહ્લાદે પણ નવ છોડ્યું, નિજ તાતતણું સગપણ ત્રોડ્યું;
દઢ કરી મોહન સંગ મન જોડ્યું...તન૦ ૧
જુઓ હરિશ્ચન્દ્રે હરિ નવ તજિયા, પર ઘેર વેચાઈ પ્રભુને ભજીયા;
ત્યારે મોહનના મનમાં રજિયા...તન૦ ૨
જુઓ બળીનું મન નવ હારિયું, ગુરુવચન રુદે નવ ધારિયું;
તન મન ધન પ્રભુ પર વારિયું...તન૦ ૩
એવી દઢતા ધારે તે સુખિયા, તે કોઈ કાળે નવ હોય દુઃખિયા;
કહે મુકતાનંદ તે મહા સુખિયા...તન૦ ૪

૭૯૭ પદ-૪/૪

હરિજન થઈને (૨) હાણ વરધ સુખ દુઃખ મનમાં નવ ધારીએ,
ટાળ્યા નવ ટળે (૨) ઘટ સાથે ઘડિયાં હિંમત નવ હારિએ...હરિજન૦
જુઓ કદરજ મહા દુઃખિયા કાવ્યા, તે સુખ દુઃખ મનમાં નવ લાવ્યા;
ત્યારે મોહનના મનમાં ભાવ્યા...હરિ૦ ૧
જુઓ વસુદેવ દેવકી બંધ રહ્યાં, બહુ કાળે બંધન દૂર થયાં;
જેને હરિ પુત્ર તોય દુઃખ સહ્યાં...હરિ૦ ૨
જુઓ પાંડવ હરિને અતિ પ્યારા, જેથી પળ એક નાથ ન રહે ન્યારા;
તે વન ભટકયા લઈ સંગ દારા...હરિ૦ ૩
એમ સમજી હરખ શોક તજીએ, થઈ એકમના પ્રભુને ભજીએ;
કહે મુકતાનંદ હરિને રજીએ...હરિ૦ ૪

૭૯૮ રાગ : સામેરી પદ=૮ પદ- ૮/૧

હરિ ભજતાં સહુ મોટપ પામે, જન્મ મરણ દુઃખ જાયે રે;
પારસ પરસી લોહ કંચન થઈ, મોંઘે મૂલે વેચાયે રે. હરિ૦ ૧
મુનિ નારદની જાતને જોતાં, દાસી પુત્ર જગ જાણે રે;
હરિને ભજી હરિનું મન કે'વાણા, વેદ પુરાણ વખાણે રે. હરિ૦ ૨
રાધાજી અતિ પ્રેમ મગન થઈ, ઉર ધાર્યા ગિરધારી રે;
હરિવર વરી હરિતુલ્ય થયાં, જેનું ભજન કરે નરનારી રે. હરિ૦ ૩
શામળીયાને શરણે જે આવે, તેનાં તે ભવ દુઃખ વામે રે;
મુકતાનંદના નાથને મળતાં, અખંડ એવાતણ પામે રે. હરિ૦ ૪

૭૯૯ પદ-૮/૨

પ્રેમી જનને વશ પાતળિયો, શ્યામ સુંદર સુખકારી રે;
જાતિ વરણને રૂપે ન રીઝે, પ્રભુજીને ભક્તિ પ્યારી રે. પ્રેમી૦ ૧
પ્રેમ ન નીપજે દેશ વિદેશે, પ્રેમ ન હાટે વેચાય રે;
પ્રેમના પાસંગમાં જે શિર સોંપે, તે જન પ્રેમી થાય રે. પ્રેમી૦ ૨
પ્રેમની વાત સુણી પરીક્ષિત, સવળી સમજણ નવ લીધી રે;
સમજીને શુક મુનિએ રસને છપાડ્યો,મોક્ષ રીતે કહી દીધી રે. પ્રેમી૦ ૩
વ્રજવનિતાના પ્રેમની આગે, ઉડ્યા કોટિ કબીરા રે;
મુકતાનંદ એ પ્રેમનો મારગ, સમજે તે સંત સુધીરા રે. પ્રેમી૦ ૪

૮૦૦ પદ-૮/૩

પ્રેમ ભક્તિ જેને ઘટ આવે, તેહને રંગ હરિ રાચે રે;
વ્રજવનિતા કરતાળી બજાવે, નટવર થેઈ થેઈ નાચે રે; પ્રેમ૦ ૧

મોટા મુનિવર દેહ દમીને, આત્મદર્શન ઈચ્છે રે;
પીંડ બ્રહ્માંડથી પ્રીત તજે પણ, પ્રેમનો રાહ ન પ્રીછે રે, પ્રેમ૦ ૨
પ્રેમનો મારગ શુકજી પ્રીછે, કાં પ્રીછે વ્રજનારી રે;
મુનિ નારદ રહે મગન પ્રેમ વશ, કાં વૃષભાન કુમારી રે. પ્રેમ૦ ૩
પ્રેમની આગળ સાધન સર્વે, રવિ આગળ જેમ તારા રે;
મુકતાનંદ કહે પ્રેમનો મારગ, પ્રીછે તે પ્રભુજીને પ્યારા રે. પ્રેમ૦ ૪

**૮૦૧** **પદ-૮/૪**

પ્રેમ રસાયન જે જન પામે, તેહનો તે મારગ ન્યારો રે;
પીંડ બ્રહ્માંડમાં પ્રીત ન રાખે, ઉર ધારે પ્રભુ પ્યારો રે. પ્રેમ૦ ૧
લોકલાજ મરજાદ ન માને, રહે હરિને રંગ રાચી રે;
ત્રિભુવનમાં તે ધન્ય ધન્ય અબળા, તેહની તે ભક્તિ સાચી રે. પ્રેમ૦ ૨
અબળાને આધીન શામળીયો, અજીત એ અબળા પાખે રે;
પ્રેમીજન એ મરમને પ્રીછે, હરિસંગ માન ન રાખે રે. પ્રેમ૦ ૩
કામ ક્રોધ મદ મોહતણાં દળ, પ્રેમી પાસ ન આવે રે;
મુકતાનંદ પ્રગટ પ્રભુ ઉર ધરી, લટકેશું લાડ લડાવે રે. પ્રેમ૦ ૪

**૮૦૨** વેદ પુરાન પોકારે પદ=૪ **રાગ : ગોડી** **પદ- ૪/૩**

હરિ બિન કોઈ ન તેરા, સમજ નર હરિ બિન કોઈ ન તેરા;
ચાર દીનકી ચાંદની વીતે, આગે બોત અંધેરા...સમ૦ ૧
મનુષ્ય દેહ દયા કરી દીની, તાતે ચેત સવેરા;
અબકો અવસર ભુલ જાયગો, સહેગો દુઃખ ઘનેરા...સમ૦ ૨
ભરતખંડ મધ્ય જનમ દિયો હે, જહાંપ્રભુ પ્રગટ બસેરા;

નરનારાયણ નામ રટણ કરિ, પાર કરો ભવ ફેરા...સમ૦ ૩
કામ ક્રોધ મદ લોભ માન તજી, હો સંતનકા ચેરા;
મુકતાનંદ કહે મહાસુખ પાવે, માન્ય બચન દ્રઢ મેરા...સમ૦ ૪

**૮૦૩ રાગ : જંગલો પદ=૪ પદ- ૪/૧**

જગમેં મત કીજો અભિમાન...જગત૦ ટેક.
પેટ અર્થે કોઉ પાપ ન કીજો, દો દિનકે મિજમાન...જગત-૧
બાજત સિરપર કાલ દદામા, સુનતા નહીં અજાન...જગત-૨
પલ છન ઘડી પહર દિન કરકે, લેત હે આયુષ તાન...જગત-૩
બ્રહ્માનંદ કહત હે સાચી, ધર લીજે નિજ કાન...જગત-૪

**૮૦૪ પદ-૪/૨**

અપના યે જગમેં નહિ કોય...અપના૦ ટેક.
મેહરી પૂત જનક અરૂ જનની, સબહી રહેંગે રોય...અપના-૧
દેશ વિલાયત હયગય છનમેં, સબહી બિરાને હોય...અપના-૨
દેવનકું દુર્લભ યા નરતન, કયું નાખત હે ખોંય...અપના-૩
બ્રહ્માનંદ કહત તેરે હિતકી, અંતર દગ કરી જોય...અપના-૪

**૮૦૫ રાગ : લાવણી પદ=૪ પદ- ૪/૧**

જગતમેં જીવના થોરા, મ ભૂલે દેખી તન ગોરા;
ખડા શિર કાળ સા વેરી, કરેગા ખાખકી ઢેરી...૧
કરમકું સમજકે કરના, શિરે નિજ ભાર ના ભરના;

કાગદ નિકસતહી જબહી, કઠિન હે બોલના તબહી...૨
નહિ ત્યાં સગા કોઈ અપના, અગનકી ઝાલમેં તપના;
લેખા જમરાજ જબ કરહી, કીયે કૃત ભોગને પરહી...૩
બ્રહ્માનંદ કહત હે તમકું, ન દીજે દોષ અબ હમકું;
પોકારે પિટકે તાલી, જાયેગા હાથ લે ખાલી...૪

૮૦૬ પદ-૪/૨

સમજ બે મૂઢ મતિહીના, મનુષતનું પાય કયા કીના;
ભજ્યા નહીં કૃષ્ણકું કબહી, આયુ તેરી બીત ગઈ સબહી...૧
બાલાપન ખેલમેં બીતા, હરિકા ભજન નહીં કીતા;
જુવાપન પ્રિયા સંગ ખોયા, બુઢાપન નિરબલા હોયા...૨
પિતા અરૂ માત સુત નારી, માયાકી ફાંસી હે ભારી;
ઘોડા અરૂ બેલ રથ હાથી, નહીં કોઈ અપના સાથી...૩
બ્રહ્માનંદ કહત સત્ય બાની, ચલી યહ જાત જિંદગાની;
તાતે તું ચેત રે અંધા, જગતકી જાલમેં બંધા...૪

૮૦૭ પદ-૪/૩

સાહેબકું ભૂલકે બન્દે, તું ગાફલ હો રહા ગન્દે;
ખજીના પાપકા કીના, ધરમકા રાહ નહીં ચીના...૧
કેતા દિન કરેગા મોજું, ચડી હે કાલકી ફોજું;
પકડકે લીયાકે લીતા, જાયગા હાથ લે રીતા...૨
ઘરે રહે ધામ ધન ઘરણી, ત્રિયા રહે આપકી પરણી;
ઘરે રહે છોકરા છોરી, લે જાવે ડાર ગલે દોરી...૩
બ્રહ્માનંદ કહત હે સાચી, તામેં તિલ ભાર નહીં કાચી;
સબનકું છોડકે જાના, જમનકા માર શિર ખાના...૪

૮૦૮ પદ-૪/૪

અજ્ઞાની સમજ ક્યા સૂતા, જમનકા ખાયગા જૂતા;
તહાં શિર ધૂની પછતાવે, ધની બીન કોન છોડાવે...૧
લિયા નહીં સંતકા શરના, શીખ્યા એક ઉદરકા ભરના;
રહા પરનારસેં રાજી, ગઈ સબ હાથસેં બાજી...૨
માયા અતિ પાપસેં જોડી, ચલે નહીં સંગ એક કોડી;
આગે તો કઠીન હે રસ્તા, જાયગા હાથકું ઘસ્તા...૩
બ્રહ્માનંદ કહત હે ભાઈ, ભજો હરિચરણ લેહ લાઈ;
મિટે સબ જન્મકા ફંદા, કરે જો મેહેર વ્રજચંદા...૪

૮૦૯ રાગ : ધોળ પદ-૮ પદ- ૮/૧

દાટ્યો રે'ને ચોર દૈવના, શું મુખ લઈને બોલેજી ?
સ્વારથ કારણ શ્વાનતણી પેરે, ઘેર ઘેર ફરતો ડોલેજી...૧
આતમ સાધન કાંઈ ન કીધું, માયામાં ભરમાણોજી;
લોક કુટુંબની લાજે લાગ્યો, સઘળેથી લુટાણોજી...૨
પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જોયુંજી;
કોડી બદલે ગાફલ કુબુદ્ધિ, રામ રતન ધન ખોયુંજી...૩
વિષય વિકાર હૈયામાં ધાર્યા, વિસાર્યા મોરારીજી;
મૂરખ તેં આમે દસ મહિના, જનની ભારે મારીજી...૪
સંત પુરુષની સોબત ન ગમે, ભાંડ ભવાઈમાં રાજીજી;
બ્રહ્માનંદ કહે નરતન પામી, હાર્યો જીતી બાજીજી...૫

૮૧૦ પદ-૮/૨

પ્રભુ ભજ્યા વિના ગાફલ પ્રાણી, આમે ઉંમર ખોઈજી;
મેડી મંદિર માલ ખજાના, કામ ન આવે કોઈજી...૧
માયા માયા કરતો મૂરખ, તૃષ્ણામાંહી તણાણોજી;
લોક તણી લજ્જાનો લઈને, કોટે બાંધ્યો પાણોજી...૨
ઉંચે કુળ અવતાર ધરીને, તેં શું સારું કીધુંજી;
લખ ચોરાશી કેરું લગડું, માથે તાણી લીધુંજી...૩
જીવતણું કાંઈ જતન ન કીધું, મન માયામાં મોહ્યુંજી;
રાત દિવસ તત્પર થઈ રળિયો, ઠાલું નીર વલોયુંજી...૪
લોક કુટુંબમાં મોટો થાવા, કામ બગાડ્યું તારુંજી;
બ્રહ્માનંદ કહે તું પ્રાણી, હજી સમજ તો સારુંજી...૫

૮૧૧ પદ-૮/૩

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી;
અસંખ્ય ગયા ધન સંપત્ત મેલી, તારી નજરૂં આગેજી...૧
અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી;
જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી...૨
જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલેજી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી...૩
મનમાં જાણે મુજ સરીખો, રસિયો નહિ કોઈ રાગીજી;
બારે તાકી રહી બિલાડી, લેતાં વાર ન લાગીજી...૪
આજ કાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશેજી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંતે ફજેતી થાશેજી...૫

૮૧૨ પદ-૮/૪

મનુષ્ય દેહ ધરીને મૂરખ, તેં શું કરી કમાણીજી;
શ્વાનતણી પેરે ફરતો ડોલે, બોલે મિથ્યા વાણીજી...૧
પેટ ભર્યાનો ઉદ્યમ કીધો, રાત દિવસ ધન રળિયોજી;
નરતનનું મહાતમ નવ જાણ્યું, પશુ જાતિમાં ભળિયોજી...૨
માત પિતા સુત બંધવ મેરી, અંતે નહીં કોઈ તારાંજી;
આવરદા હરવાને કાજે, સર્વે મળ્યાં ધૂતારાંજી...૩
સગાં કુટુંબી સૌ મળીને, લૂંછી ચૂસી લીધોજી;
છેલ્લી વારે સ્વારથ સાધી, જમને આગે દીધોજી...૪
કાગળ ઘડી ઘડીના કાઢી, લેખાં જમડા લેશેજી;
બ્રહ્માનંદ કહે સૌ વાંસેથી, કાંઈ ન માણ્યો કે'શેજી...૫

૮૧૩ પદ-૮/૫

દશ મહિના માના ઉદરમાં, ઉંધે માથે ઝુલ્યોજી;
જઠરા અગ્નિની ઝાળે દાઝ્યો, તે દા'ડા કેમ ભૂલ્યોજી...૧
આળા ચર્મતણા ઉદરમાં, આઠ પહોર અકળાતોજી;
રાત દિવસ મળ ભીંતર રહેવું, મળનો રસ તું ખાતોજી...૨
ખાટું ખારૂં માતા ખાતી, તેની થાતી પીડાજી;
કોમળ જાણી બહુ કરડતાં, કરમિયાં ને વળી કીડાજી...૩
ગર્ભતણા દુઃખમાં ઘેરાણો, ત્રાહિ ત્રાહિ તું કરતોજી;
કોલ દઈને બહારે આવ્યો, ત્રાસ હૈયે નથી ધરતોજી...૪
છેલ થઈ મરડાતો ચાલ્યો, જેમ કીધું તેમ ફાવ્યુંજી;
બ્રહ્માનંદ કહે હરિ ભજ્યા વિના, એ દુઃખ આગે આવ્યુંજી...૫

૮૧૪ પદ-૮/૬

જે તન દેખી છકયો ડોલે, તે તું દેખ વિચારીજી;
નખ શિખ સુધી નિંદ્યા જેવું, શી માંહી વસ્તુ સારીજી...૧
માંસ રુધિરને માંહી ભરીને, ઉપર મઢિયું આળુંજી;
મોહતણે વશ થઈને મૂરખ, દેખે છે રૂપાળુંજી...૨
હાડતણા પગ હાથ બનાવ્યા, કટકા કટકા સાંધીજી;
તે માંહી દઢ મમતા તુંજને, એ શી આવી આંધીજી...૩
ઉદરમાં આંતરડાં ભરિયાં, આવે ગંધ નઠારીજી;
રગ રગમાં રોગે વીંટાણું, મળ મૂત્રની કયારીજી...૪
ટળતાં એ વાર ન લાગે, આદ્ય અંતનું ખોટુંજી;
બ્રહ્માનંદ કહે એ સારૂ, તેં કામ બગાડ્યું મોટુંજી...૫

૮૧૫ પદ-૮/૭

બાળપણું તેં જીવ અજ્ઞાની, ખબર વિનાનું ખોયુંજી;
સારું ભૂંડું કાંઈ ન સૂઝ્યું, રમતમાં મન મોયુંજી...૧
જુવાનપણું જુવતીમાં ખોયું, ધનને અરથે ધાયોજી;
મનમાં જાણે મુજ સરીખો, નથી જગતમાં ડાહ્યોજી...૨
વૃદ્ધપણામાં ચિંતા વાધી, હાથ પાવ નવ હાલેજી;
ઘરનાં માણસ કહ્યું ન માને, એ દુઃખ અંતર સાલેજી...૩
ભાળે નહિ રોગે ભેળાણો, પડિયો લાંબો થઈનેજી;
જમના કિંકર ગરદન ઝાલી, ચાલ્યા જોરે લઈનેજી...૪
ઠાલો આવ્યો ભૂલો વૂઢો, કાંઈ ન લઈ ગયો સાથેજી;
બ્રહ્માનંદ કહે જમપુરી કેરું, મહા દુઃખ લીધું માથેજી...૫

૮૧૬ પદ-૮/૮

પશુતણી પંકિત મેલાવી, દેહ મનુષ્યની દીધીજી;
અનંત કાળ રળવડતો જોઈને, કરુણા અતિશે કીધીજી...૧
જળ્યો નહીં જઠરા અગ્નિમેં, રાખ્યો તાપ નિવારીજી;
તે હરિને તું ભૂલ્યો પામર, ધિકધિક સમજણ તારીજી...૨
જીવાડ્યો જેનો જીવે છે, અન્ન જળ જેણે દીધુંજી;
જ્યાં ત્યાં તારી રક્ષા કીધી, તેનું ભજન નવ કીધુંજી...૩
કૂડ કપટ અતિ તૃષ્ણા કરી, માયા કષ્ટે મેળીજી;
પામર હૈયે વિચારી જોને, કોડી નાવે ભેળીજી...૪
સમજુને અરથે શિખામણ, કહી છે હેત કરીનેજી;
બ્રહ્માનંદ કહે નિશદિન સમરો, શ્વાસોચ્છવાસ હરિનેજી...૫

૮૧૭ રાગ : કાફી પદ=૪ પદ- ૪/૧

ભજી લેને શ્યામળો સુખકારી, વાલો ભકતવત્સલ ભય હારી રે...ભજી૦
માત પિતા નિશ્ચે નહિ તારાં, નહિ તારાં સુત નારી રે...ભજી-૧
મારું મારું કરી કરી મૂરખ, અક્કલ વેંચાઈ ગઈ તારી રે...ભજી-૨
માલ મુલક સરવે મેલાવીને, લઈ જાશે જમ મારી રે...ભજી-૩
બ્રહ્માનંદ કહે મનુષ્યતણો દેહ, ન મળે વારંવારી રે...ભજી-૪

૮૧૮ પદ-૪/૨

પ્રાણી શી ગતિ તારી થાશે રે, જ્યારે જમના દૂત દેખાશે રે...પ્રાણી૦
હમણાં તો રસિયો વાલમ થઈ, રહે છે પરત્રિયા પાસે રે...પ્રાણી-૧
સંતતણી સોબત તુંને ન ગમે, રીઝે જગત તમાસે રે...પ્રાણી-૨

કોઈનું સુખ દેખીને દાઝે, એવો મલિન તારો આશે રે...પ્રાણી-૩
બ્રહ્માનંદ કહે જોઈ તન ગોરું, ફુલીશ માં એતો જાશે રે...પ્રાણી-૪

**૮૧૯ રાગ : સોરઠ પદ=૪ પદ- ૪/૧**

મન મોહ ટળે, રામ મળે નિર્મળ હરિજનના સંગથી;
ઉર ગ્રંથી ગળે, અવિદ્યાનાં, આવરણ સર્વે નાસે અંગથી-ટેક૦
નિત્ય સંત સભા માંહી રામ રટે, સુનતેં વિષ વ્યાધી ઉપાધી ઘટે;
મન શુદ્ધ હોયે અહંભાવ મટે...મન-૧
જે સંત સભા મહીં ચલી આવે, તેનું જીવપણું તતક્ષણ જાવે;
તે બ્રહ્મ થઈને પરબ્રહ્મ ગાવે...મન-૨
દુબધા દિલ માયા પાસ દહે, નિત્ય સંત સભા મહીં રામ રહે;
એમ વેદ પુરાન કુરાન કહે...મન-૩
જેને ગ્રંથી ત્રણ જડ મૂળ ગઈ, સત્ય પદમાં કીધો વાસ સઈ;
બ્રહ્માનંદ કે' તેની શરણ લઈ...મન-૪

**૮૨૦ પદ-૪/૨**

સતસંગ વિના, જન્મ મરણ ભ્રમ જાળ મટે નહીં જંતને,
મન માન તજી, તે માટે શરણે જઈ રૈયે સંતને-ટેક૦
જો અડસઠ તીરથ ફરી આવે, નિત્ય નિગમ વિધિ કરી કરી નાવે;
કેદી જીવપણું તેનું નવ જાવે...સતસંગ-૧
જો ઈગલા પીંગલાની ખબર જડે, કરી આગ્રહ તેને કેડ પડે;
તેણે ચિત્તને બમણો ફેર ચડે...સતસંગ-૨
કોઈ વાસ કરે જઈને કાશી, કોઈ અન્ન ન ખાય રહે અપવાસી;

એ મનની છે સરવે હાંસી...સતસંગ-૩
જો ફિરતાં સંત સમાજ મળે, તો સુખે મનની ભ્રાંતિ ટળે;
કહે બ્રહ્માનંદ સંત માંહી ભળે...સતસંગ-૪

૮૨૧ પદ-૪/૩

ભવસાગરમાં, શરણ અચળ અવિનાશી સાચા સંતનું,
શ્રુતિ સ્મૃતિની સાખ, હરિ હરિજનનાં પ્રાણ વચન ભગવંતનું-ટેક૦
જેમ જળ તરંગ નહીં ભેદ જુદા, તેમ તેજ અગ્નિ નહીં ભિન્ન તદા;
એમ હરિ હરિજન એક સદા. ભવસાગરમાં-૧
જેમ કીટ ભમરીને સંગ કરી, ગતિ ઈયળ તજીને થઈ ભમરી;
એમ હરિગુરૂ ધ્યાને પામે હરિ. ભવસાગરમાં-૨
જેમ કેર બોર વન વૃક્ષ કયાં, તે ચંદન વાંસે ચંદન થયાં;
તેનાં નામ ગુણ ભેદ ગયાં. ભવસાગરમાં-૩
શ્રીમુખે કહ્યું માહાત્મ્ય સંતતણું, અશ્વમેઘ યજ્ઞથી અનંતગણું;
કહે બ્રહ્માનંદ શું કહું ઘણું. ભવસાગરમાં-૪

૮૨૨ પદ-૪/૪

હે જડબુદ્ધિ જીવ, પ્રભુ પદને ઈચ્છે તો કર સંતનું પારખું;
રંગ પીત્તપણે, સોનું ને પીતળ ન હોય એક સરખું...ટેક૦
હોઈ સંત અનંત ફીરે જગમેં, રહે દામ વામ જેની દગમેં;
તું ભૂલીશ માં ધોળે ભગમેં...હે જડબુદ્ધિ - ૧
અંગે ભસ્મ ઘસે શિર જુટ જટા, ગળે માળ તિલક તન ચટાપટા;
મહીં કામ ક્રોધ મદ મોહ ઘટા...હે જડબુદ્ધિ - ૨
જે મૈથુન અષ્ટ પ્રકારે તજે, નિત્ય સાર અસાર મરમ સમજે;
ભજ તેને જે હરિ પ્રગટ ભજે...હે જડબુદ્ધિ-૩

જેને કામ ક્રોધ મદ મોહ નહીં, જેની વૃત્તિ બ્રહ્માકાર થઈ;
કહે બ્રહ્માનંદ સો સંત સઈ...હે જડબુદ્ધિ-૪

મન તોય કુંન કુટેવ પરી રે પદ=૪

૮૨૩ રાગ : પૂરવ પદ- ૪/૪

મનવા તો સમ ઓર ન પાજી રે...મનવા૦ ટેક.
પ્રભુકે ચરન કમલ પરિહરીકે, રહત વિષયમેં રાજી...મનવા૦
કબહુક તો મુનિ હોય બેઠત, (૨) કબહુક કહત કથાજી;
કબહુક ત્યાગી કછુ નહિ રાખે, (૨) કબહુક માયા જાજી...મનવા૦
કબહુક રુખા સૂકા ચાહત, (૨) કબહુક ચીજાં તાજી;
કબહુક રંક હોય કરી બોલત, (૨) કબહુક બનત મિજાજી...મનવા૦
જોગી જતી સન્યાસી લૂંટે, (૨) પંડિત મુલ્લા કાજી;
બ્રહ્માનંદ કહત સો ઉગરે, (૨) હરિ શરણે ગયે ભાજી...મનવા૦

૮૨૪ રાગ : જંગલો પદ=૪ પદ- ૪/૧

માયા કોઊસે તજી નહિ જાવે...મા૦ ટેક.
ભટ પંડિત ધન કારણ ભટકત, લોકનકું સમઝાવે...મા૦ ૧
પરમારથકો મિષ લે પાપની, ઘર ઘર ભીખ મંગાવે...મા૦ ૨
કનક કામની ત્યાગ કરે તો, માન ઈર્ષ્યા ઉર લાવે...મા૦ ૩
બ્રહ્માનંદ પ્રગટ હરિ સેવે, તાકે ઢિગ નહિ આવે...મા૦ ૪

૮૨૫ પદ-૪/૨

માયા કોઉસે જાત ન મેલી...મા૦ ટેક.
ઘરકું તજી મઠ દ્વારા બાંધે, ધારત ચેલા ચેલી...મા૦ ૧
જોગીકે પીછે જોગની હોય, ખાખ લગાયકે ખેલી...મા૦ ૨
તપસીકું તજી દૂર ન જાવે, ક્રોધ રૂપ રહે ભેલી...મા૦ ૩
બ્રહ્માનંદ પ્રભુ પ્રગટ ઉપાસી, તિન યાકું નહિ ઝેલી...મા૦ ૪

૮૨૬ પદ-૪/૩

માયા અજબ બડી ધૂતારી...મા૦ ટેક.
માતપિતા સુત જુવતી રૂપે, સબ ધુતે સંસારી...મા૦ ૧
જટા ભસ્મ અરૂ કેશ લુંચ કરી, ધુતે ભેખન ધારી...મા૦ ૨
કોઊકું ઉંધે શીશ ઝુલાવત, પૂજન નર અરૂ નારી...મા૦ ૩
બ્રહ્માનંદ હરિ પ્રગટ ભજન રત, તાતે રહી હે હારી...મા૦ ૪

૮૨૭ પદ-૪/૪

માયા કોઊ વિધિ જાત ન જાની...મા૦ ટેક.
પંડિત હોયકે લોક પ્રબોધે, જ્ઞાન કથે હોય જ્ઞાની...મા૦ ૧
ખાખ લગાય આયકે પનઘટ, ધ્યાન કરે હોય ધ્યાની...મા૦ ૨
દૂધ પીયે નાગો હોય ડોલત, અંતર અતિ અભિમાની...મા૦ ૩
બ્રહ્માનંદ હરિભજન પ્રતાપે, સાધુજન પહિચાની...મા૦ ૪

૮૨૮ **રાગ : આશાવરી પદ=૪** પદ- ૪/૧

રામ અમલ રંગ રાતે, સાધુ રામ અમલ રંગ રાતે;
અનંત કલ્પ બીતે એહી પીતે, અજ હું નાહી અઘાતે. સાધુ૦ ટેક.

પ્રથમ બીજ બદ્રીપતિ બોયો, નારદકે ઉરમાંહી;
નારદ લે દિશહિ દિશ વેર્યો, ચૌદ લોકકે માંહી...સાધુ૦ ૧
નારદ પાસ વ્યાસ મુનિ લેકે, શુક જોગીકુ પાયો;
સો શુક અનન્ત કોટિ વૈષ્ણવકુ, સબકુ રંગ ચડાયો...સાધુ૦ ૨
સો શુકતેં લે સૂતપુરાણી, પીના ખૂબ અધ્યાસી;
નિશ દિન એહી અમલકે છાકે, ઘૂમત સહસ્ત્ર અઠ્યાસી...સાધુ૦ ૩
શેષ સહસ્ત્રમુખ શિવ સનકાદિક, પીવત પાત ન થાકે;
બ્રહ્માનંદ કહે બ્રજબાસી, એહી અમલમેં છાકે...સાધુ૦ ૪

## ૮૨૯ રાગ : કાનડો પદ=૪ પદ- ૪/૧

રામ ભજે સો સબમેં ભલા હે, રામ ભજે સો...ટેક૦
નહિં કુલ ઊંચ નીચકો કારણ, જ્યું જલ ઉખર ગંગ મિલાહે...રામ-૧
સજના હસના કહાં કુલ સુંદર, જાત કબીરા પ્રગટ જલાહે;
ગોત કહા ઉત્તમ ગનીકાકો, પરમ સોહાગન ભઈ પિંગલાહે...રામ-૨
કહાં કુલ ઉત્તમ શબરી કુબજા, ગજ ગીધનકી પ્રગટ વલાહે;
જાકું નહિ અધિકાર શ્રુતિકો, વ્રજવનિતા કિયે શ્યામ ગલાહે...રામ-૩
બલિ પ્રહલાદ વિભીષણ આદી, કપિ હનુમંત સુગ્રીવ કલાહે;
એસે હી સબ સંતનકી જાતી, હોય હરિદાસ હી આસ ટલાહે...રામ-૪
સોઈ કુળ ઉંચ સરસ સબહીસે, પ્રભુ ચરનનસે ચિત્ત અચલાહે;
બ્રહ્માનંદ જાન ઉર અંતર, પકડ્યા હાથ શ્રીનાથ પલાહે...રામ-૫

૮૩૦ રાગ : લાવણી પદ=૧૨ પદ=૪ પદ-૧૨/૧

સમર સમર સદ્‌ગુરૂ સાહેબકું, કયા મુખ બકબક કરતા હે;
નિશદિન કાલ ખડા શિર ઉપર, તાતે કયું નહિ ડરતા હે...સમર૦
પરત્રિય પરધન કારન તત્પર, ફાટે નેને ફરતા હે;
કુન ગતિ મેરી હોયગી એસી, ધડક ન મનમેં ધરતા હે...સમર-૧
રાજાકી ચોરી કરી મૂરખ, રંક શરન અનુસરતા હે;
લોક કુટુંબ ત્રિયા ધન આશ્રિત, કાલવદનમેં પરતા હે...સમર-૨
જેહી દીના નર દેહ અમૂલખ, તાકું નહીં સમરતા હે;
કામ ક્રોધ મદ લોભ અગ્નિમેં, અહોનિશ અંતર જરતા હે...સમર-૩
હોઈ બેહાલ નિરંતર ડોલે, લોકનકે સંગ લરતા હે;
બ્રહ્માનંદ કહે હરિ ભજે બીન, શ્વાસ ધમન જ્યું ભરતા હે...સમર-૪

૮૩૧ પદ-૧૨/૨

કર કર ભજન અખંડ સદ્‌ગુરૂકા, ગાફલ હોય કયા સોતા હેઃ
વૈરી કાળ ખડા સિર ઉપર, તાકું કયું નહિ જોતા હે. કરકર૦
માયા કારણ નિશ દિન મૂરખ, ખાલી ઉંમર ખોતા હે;
માખનકી આશા કરી મનમેં, વૃથા નીર વલોતા હે...કરકર-૧
દમડી કારન દશોદિશ દોડે, પૈસામેં ચિત્ત પ્રોતા હે;
કરત ન સોબત સાધુ કેરી, મેરીમેં મન મોતા હે...કરકર-૨
માયા મિલે તો રાજી મનમેં, જાવે તો ફીર રોતા હે;
ધ્યાન રહત નિશદિન ધંધેકા, મન તૃપ્તિ નહિ હોતા હે...કરકર-૩
પીવત ભરભર ઝહર પિયાલા, અમૃતકું નહિ છોતા હે;

બ્રહ્માનંદ કહે તું નર નાહીં, બીના અક્કલકા બોતા હે...કરકર-૪

૮૩૨ પદ-૧૨/૩

સમજ સમજ બેખબર અજ્ઞાની, મિથ્યા જનમ ગુમાતા હે;
રામ ભજનકું ભૂલી રેન દિન, ચામ દામ ચિત્ત ચા'તા હે. સમજ૦
મન નહિ ભાવત સંત સમાગમ, રંગ માયાકે રાતા હે;
અમૃત ફળ હરિભજન તજકે, ઝહર વિષે કયું ખાતા હે...સમજ-૧
દેખ વિચાર સમાજ દિલ દીદુ, કોન પિતા કોન માતા હે;
અપને અપને તન કે કારણ, સ્વારથકું સબ ધાતા હે...સમજ-૨
મેરી મેરી કર કર મૂરખ, પચી પચી કે મર જાતા હે;
ફૂટી હાંડી હાથ પકર હી, ઓર નહી સંગ આતા હે...સમજ-૩
બ્રહ્માનંદ કહે નરક ચલ્યો તું, ભર શિર કુંકર્મ ભાતા હે;
જમ કી માર પડે તબ મન મેં, શિર ધૂનીધૂની પસ્તાતા હે...સમજ-૪

૮૩૩ પદ- ૧૨/૪

દેખ દેખ દિલ દિલ દિવાના, શિર વેરી જમદૂતા હે;
આયા અચાનક કંઠ પકરહી, ગાફલ હો કયું સુતા હે. દેખ૦
પાપ કરત પીછા નહીં જોતા, મમતા કે રથ જુતા હે;
હરિકા ભજન સો હ્રદે નહીં આયા, માયા કર્દમ ખૂતા હે...દેખ-૧
સબહી અપના સ્વારથ તાકત, કોન પિતા કોન પૂતા હે;
કુનકી માયા કુનકી મેરી, મિથ્યા તૂતમ તૂતા હે...દેખ-૨
નારીકે પર નેન મુંદકે, રન શૂરા જ્યું રૂતા હે;
દિન રાત વ્યાકુલ હોઈ ડોલે, જૈસા કામી કૂતા હે...દેખ-૩
સંતનકો મારગ નહી સૂઝત, પૂજત ભૈરવ ભૂતા હે;
બ્રહ્માનંદ કહે ઓર કહા કહૂં, ગુરૂ મિલ્યા સોઈ ધૂતા હે...દેખ-૪

૮૩૪ પદ- ૧૨/૫

ગુરૂ ગુરૂ કહત સકલ સંસારા; ઐસે જગ ભરમાયા હૈ;
ગુરુ જગતમેં બહુત કહાયે, તાકા ભેદ ન પાયા હૈ-૧
માત પિતા પ્રથમ ગુરુ જાનો, દુજા દાઈ કહાયા હૈ;
તીજા ગુરુ તાહીકુ જાનો, જીનને નામ ધરાયા હૈ-૨
ચોથા ગુરુ જેહી વિદ્યા દીના, અક્ષર જ્ઞાન શિખાયા હૈ;
માલા દિયા સો ગુરુ પાંચમા, જેહી હરિ નામ બતાયા હૈ-૩
છઠ્ઠા ગુરુ સો સંત કહાવે, જીન સબ ભરમ મિટાયા હૈ;
સરજનહાર સો ગુરુ સાતમા, આપે હી આપ લખાયા હૈ-૪
એસે ગુરુ બિના ભવ જલકો, પાર કોઉ નહીં પાયા હૈ;
બ્રહ્માનંદ અચલ સદ્‌ગુરુકે, ચરન કમળ લપટાયા હૈ-૫

૮૩૫ રાગ : ચાબખો પદ-૧

આવું તારું ધન રે જોબન ધૂળ થાશે, કંચન જેવી કાયા તે રાખમાં રોળાશે
ટાઢા ઊના રે તુંને તાવ જ આવશે, ને વસમું થઈને વિતાશે;
દાતણ પાણી ને નાહ્યા વિના તારી, દેહ બધી ગંધાશે રે...આવું-૧
બોલવા ચાલવા નહીં દીએ પ્રાણી, તારી જીભલડી ઝલાશે;
શ્વાસ ચડશે ને આંખો ફરકશે, નાકની તે ડાંડી નમી જાશે રે...આવું-૨
વૈદ્ય તેડાવે એની નાડી જોવરાવે, કડવાં તે ઔષધ પાશે;
તૂટી એની બૂટી નહીં મળે એના, જીવની શી ગતિ થાશે રે...આવું-૩
એક બીજા વિના ઘડીએ ન ચાલે, તે તારી ત્રિયા તો રંડાશે;
જુગો રે જુગનું છેટું પડ્યું પ્રાણી તારા, નામની તે ચૂડીઓ ભંગાશે રે...આવું-૪

ખોખલી દોણીમાં તારી આગ જ કાઢશે ને, મસાણે લાકડાં લેવાશે;
સઘળું કુટુંબ તને સળગાવી દઈ પછી, બારમાનાં કાગળો લખાશે રે...આવું-૫
દશ દિવસ તારું સૂતક પાળશે, ને દાઢી ને મૂછ મૂંડાશે;
સઘળું સૂતક તારું કાઢી નાખીને પછી, બારમાનાં સુખડાં ખવાશે રે...આવું-૬
દયા ધર્મ ને ભકિત વિના તારું, સઘળું દ્રવ્ય લુંટાશે;
દેવાનંદ કહે હરિ ભજ્યા વિના જમ, છોટા મોટાને લઈ જાશે રે...આવું-૭

## ૮૩૬ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧

કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઈનું રે; ટેક૦
સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે, એ છે જુઠી માયા કેરી જાળ...અંત-૧
મારું મારું કરીને ધન મેળવ્યું રે, તેમાં તારૂં નથી તલભાર...અંત-૨
સુખ સ્વપ્ના જેવું છે સંસારનું રે, તેને જાતાં ન લાગે વાર...અંત-૩
માટે સેવે તું સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધિના તાપ...અંત-૪
અતિ મોટા પુરૂષને આશરે રે, બળે પૂર્વ જનમનાં પાપ...અંત-૫
એવું સમજીને ભજ ભગવાનને રે, સુખકારી સદા ઘનશ્યામ...અંત-૬
દેવાનંદનો વહાલો દુ:ખ કાપશે રે, મનવાંછિત પૂરણકામ...અંત-૭

## ૮૩૭ પદ-૪/૨

મળ્યો માણસનો દેહ ચિંતામણી રે, તારા અંગમાં છે રોગ અસાધ્ય;
નથી લેતો નારાયણ નામને રે-ટેક૦
માથે જન્મ મરણ મોટું દુ:ખ છે રે, તારા અંતરમાં હરિને આરાધ્ય...નથી- ૧
ઘણું સૂઝે છે કામ સંસારનું રે, કરે સગાનું બહુ સન્માન...નથી- ૨
હેત કરતો નથી હરિદાસમાં રે, હૈયા ફુટ્યા તું લૂણહરામ...નથી- ૩

પરનારી સંગાથે કરી પ્રીતડી રે, તારો એળે ગયો અવતાર...નથી- ૪
બહુનામીની બીક નથી રાખતો રે, ખરે ખાંતે મળીશ ખુવાર...નથી- ૫
અતિ કઠણ વેળા છે અંતકાળની રે, પછી થાશે તને પસ્તાવ...નથી- ૬
દેવાનંદની શિખામણ માનજે રે, તારા અંતરમાં કરીને ઉછાવ...નથી- ૭

૮૩૮ પદ-૪/૩

તારા મનમાં જાણે જે મરવું નથી રે, એવો નિશ્ચે કર્યો નિરધાર;
તેમાં ભૂલી ગયો ભગવાનને રે-ટેક૦
ધન દોલત નારીને ઘણા દીકરા રે, ખેતીવાડી ઘોડીને ઘરબાર...તેમાં-૧
મેડી મંદિર ઝરૂખાને માળિયા રે, સુખદાયક સોનેરી સેજ...તેમાં-૨
ગાદી તકિયા ને ગાલ મસુરિયા રે, અતિ આડ્ય કરે છે એજ...તેમાં-૩
નીચું કાંધ કરીને નમતો નથી રે, એવું સાધુ સંગાથે અભિમાન...તેમાં-૪
મરમાળી મોહનજીની મૂરતિ રે, તેની સાથે ન લાગેલ તાન...તેમાં-૫
પાપ અનેક જનમના આવી મળ્યા રે, તારી મતિ મલિન થઈ મંદ...તેમાં-૬
દેવાનંદના વહાલાને વિસરી ગયો રે, તારે ગળે પડ્યો જમફંદ..તેમાં-૭

૮૩૯ પદ-૪/૪

તારે માથે નગારાં વાગે મોતનાં રે, નથી એક ઘડીનો નિરધાર;
તોય જાણ્યા નહિ જગદીશને રે-ટેક૦
મોટા મેલીને રાજ મરી ગયા રે, જોને જાતા ન લાગે વાર. તોય-૧
તારૂં જોબન ગયું જખ મારતું રે, માથે કાળા મટી ગયા કેશ. તોય-૨
અંતકાળે લેવાને જમ આવિયા રે, તેનો ભાળી ભયંકર વેશ. તોય-૩
રોમ કોટિ વીંછી તણી વેદના રે, દુઃખ પામ્યો તું દૈવના ચોર. તોય-૪
સગાં સ્વાર્થી મળ્યાં સહુ લૂંટવા રે, કેનું જરાય ન ચાલે જોર. તોય-૫
જીભ ટૂંકી પડી ને તુટી નાડીઓ રે, થયું દેહ તજ્યાનું તત્કાળ. તોય-૬
દેવાનંદ કહે ન જાણ્યા મારા નાથને રે, મળ્યો માણસનો દેહ વિશાળ. તોય-૭

૮૪૦ **રાગ : ગરબી પદ=૬** પદ-૬/૧

કાળનાં ગડે નગારાં કાળનાં ગડે,
અગડ ધેં ધેં ધેં ધેં નગારાં કાળનાં ગડે;
ઢોલ ને રણતુર વાગે ઝાંઝ ખડેડે,
નેજા ને નિશાન દીસે ફોજું બહુ ફરે...અડગ-૧
નાળ્યું ને જંજાળ્યું સરવે કડે ને ઘડે,
આંખ્યું મીંચી બેઠો અંધો મનસૂબો ઘડે...અડગ-૨
કઠણ વેગે કાળ આવી ઓચીંતો અડે,
જળ થોડામાં જીવ જેમ પૂરો તરફડે...અડગ-૩
ચેતવું હોય તો ચેતી લેજો બીજું રહ્યું નડે,
દેવાનંદનો નાથ ભજ્યા વિના નરકે જઇ પડે...અડગ-૪

૮૪૧ પદ-૬/૨

પછે નહિ મળે રે તુંને પછે નહિ મળે,
કાંઈક લે લે લે લે ને લાવ પછી નહિ મળે,
મોતી સરખો કણ લઈ મૂરખ ઘંટીમાં દળે,
બાવળીયાનું બી બોયે આંબો કેમ ફળે...કાંઈક-૧
કસ્તુરી ને કેવડો લૈ તેલમાં તળે,
મનુષ્ય દેહ દુર્લભ પામી વિષયમાં ભળે...કાંઈક-૨
ખેલ અખેલા ખેલતાં અંતે જોજે જે મળે,
એકડા વિનાનાં મીંડા તેમાં તારૂં નહિ વળે...કાંઈક-૩
અનેક જન્મનાં પાપ તે તો સત્સંગે બળે,

દેવાનંદ કહે ગદ્ધો કૂતો થાવું તે ટળે...કાંઈક-૪

૮૪૨ પદ-૬/૩

પાપનો ભરે રે માથે પાપનો ભરે,
પાપી કે કે કે કે ને કેમ પાપનો ભરે,
જુવાનીમાં આગ લાગી પરત્રિયા હરે,
દેવ સાધુ ને બ્રાહ્મણ તેની નિંદા બહુ કરે...પાપી-૧
ચોરી ને અવેરી કરે મરડાતો ફરે,
માંસ ને મદિરા પીએ તેમાં ન ડરે...પાપી-૨
ભાંડ ભવાઈ ને હાંસી બાજી કરતાં નવ ડરે,
વસુ પશુ વાહન હરે અગ્નિ તે ઘરે...પાપી-૩
એ પાપે કરી રવિ કિંકર ઝાલ્યા તે નરે;
દેવાનંદ કહે મારે તડાતડ વણ મોતે મરે...પાપી-૪

૮૪૩ પદ-૬/૪

નીમમાં રે'ને તું તો નીમમાં રે'ને,
પ્રાણી રે રે રે રે ને તું તો નીમમાં રહને
ચારે નિયમ પાળી નિત્ય નામને લેને,
સ્વામિનારાયણ નામ તારા મુખ થકી કે'ને ...પ્રાણી-૧
સાધુ સેવા વચન માનજે જેજે કહે તેને,
અજામેલ અઘ છુટ્યો નારાયણ વેને...પ્રાણી-૨
કાયા માયા કૂડ છે નિત્ય દાનને દેને,
અમુલખ દેહ આવ્યો સૂતો કેમ ઘેને...પ્રાણી-૩
લખ ચોરાસી ફેરો ટળે સત્સંગી તેને,
દેવાનંદ કહે કાળો કળેળાટ જમ મારે જેને...પ્રાણી-૪

૮૪૪ પદ-૬/૫

વિખને પીધું રે તેં તો વિખને પીધું,
ઘેલા જો જો જો જો ને તેં તો વિખને પીધું,
કામી ક્રોધી લોભી લંપટનું શરણું જઈ લીધું,
રળી ખપી ધન ભેળું કરી તેને તેં દીધું...ઘેલા-૧
અંધ ગુરુએ કાન ફુંકયા બહેરા શું લીધું,
દામ વામના ચોર સેવી તેં તો શું કીધું...ઘેલા-૨
પંચ વિષય ઝેર તેં તો હળાહળ પીધું,
વીંછણ કેરાં વેતર પાળી કારજ ન સીધું...ઘેલા-૩
ઉરવી ઉપર રવિ દેખે પ્રકાશે વિધું,
દેવાનંદ કહે જમાન આવ્યા જમ ખરા ખેધું...ઘેલા-૪

૮૪૫ પદ-૬/૬

તીરથે જાને રે તું તો તીરથે જાને,
મૂઢ જા જા જા જા રે તું તો તીરથે જાને;
કપટ માન મેલી દાસ પ્રભુનો થાને,
ભાંગ હોકો ને અફીણ તજી હરિગુણ ગાને...મૂઢ-૧
સંત સાચાની વાત કથા સાંભળને કાને,
નારાયણ નામ લેતો ગંગાજી ન્હાને...મૂઢ-૨
બાલપણું ને જોબન ગયું વૃદ્ધ થયો વાને,
પ્રગટ ભજી પાર પામે ભટકે છે શાને...મૂઢ-૩
પદ છમાં શિખામણ દીધી સુખ લેવા ધાને,
દેવાનંદ કહે ઝેર તજી અમૃત ખાને...મૂઢ-૪

૮૪૬ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧

જનમ સંગાથી વિસાર્યા જગદીશને રે.
એળે ખોયો માણસનો અવતાર રે;
સગું નથી કોઈ જાણે તારા જીવનું રે,
સપના જેવો જુઠો આ સંસાર રે...જનમ૦ ૧
ડાહ્યો થઈને ડોલે નિર્લજ નાતમાં રે,
મરમ કરીને બોલે મિથ્યા વેણ રે;
શેરીમાં મરડાતો ચાલે માનમાં રે,
રાતાં દીસે રોષ ભરેલાં નેણ રે...જનમ૦ ૨
નારી આગળ એક રતિ નવ ઊપજે રે,
ડહાપણ મેલી જ્યાં દોરે ત્યાં જાય રે;
નિર્લજજ થઈને નાચે કુબુદ્ધિ કેણમાં રે,
વિષય ભરેલો ગરજુ ગોથાં ખાય રે...જનમ૦ ૩
અંતરમાં કપટી ને ઊંડી ઈરષા રે,
સાધુ જનનો લેશ ન કીધો સંગ રે;
દેવાનંદ કહે જમ જોરાવર આવશે રે,
ભૂક્કો કરશે ભાંગી તારું અંગ રે...જનમ૦ ૪

૮૪૭ પદ-૪/૨

ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના રે,
તપ તીરથ વ્રત કરીએ કોટિ ઉપાય રે;
પુણ્ય કરી અમરાપુરનાં સુખ પામીએ રે,

અંતે પાછો ફોગટ ફેરો થાય રે...ભવ૦ ૧
માયાની મોટપ તે મિથ્યા જાણજો રે,
નદીએ આવ્યું જેમ પાણીનું પૂર રે;
તેની પેઠે ધન જોબન ને જીવવું રે,
આક તણાં જેમ ઊડી જાશે તૂર રે...ભવ૦ ૨
સગાં કુટુંબી મેલી મરવું એકલું રે,
લખ ચોરાશી ફરવું વારંવાર રે;
પાપતણાં ફળ આગળ તારે આવશે રે,
કરમ કરીને ભરિયા તે કોઠાર રે...ભવ૦ ૩
આજ અમૂલખ માણસનું તન આવિયું રે,
ભજવા સારૂં ભાવ કરી ભગવાન રે;
દેવાનંદ કહે માન તજીને માનજે રે,
વાત વિચારી સારી ચતુર સુજાણ રે...ભવ૦ ૪

૮૪૮ પદ-૪/૩

સગપણ સાચું જાણો શ્રી ઘનશ્યામનું રે,
કેવળ બીજું માને કૂડે કૂડ રે;
સગાં સંબંધી સ્વારથ કેરાં સોબતી રે,
મેલી જાશે સુખમાં નાંખી ધૂળ રે...સગપણ૦ ૧
દેશ વિદેશે ડોલે ધનને કારણે રે,
પ્રભુ વિસારી લાલચમાં લપટાય રે;
ભાગ્ય વિનાનો ભટકે પામર પ્રાણિયો રે,
જોને તારું જીવન એળે જાય રે...સગપણ૦ ૨
કાળ અચાનક ફોજું આવે કારમી રે,

ઘેરી લેશે ઘાંટે ઘરને બાર રે,
નાડી તૂટે આંખો બહાર નીસરે રે;
તે ટાણે શામળિયો કરતલ સાર રે...સગપણ૦ ૩
એટલા સારુ કરજે એનો આશરો રે,
માથે પડતા મટશે જમના માર રે;
દેવાનંદ કહે દાસપણામાં લાભ છે રે,
પ્રેમ કરીને રાખો મનમાં પ્યાર રે...સગપણ૦ ૪

૮૪૯ પદ-૪/૪

દેખ વિચારી દિલમાં તારા દેહને રે,
નથી રહ્યાનો એક ઘડી નિરધાર રે;
મમતા મોટી ખોટી બાજી ખેલ છે રે,
ભૂંડપ કેરો માથે લે મા ભાર રે...દેખ૦ ૧
વરણાગીમાં વડ પેપાની હારનો રે,
ઉપર રાતોમાતો રંગનો છેલ રે;
ભીતર કાચો ભેખ ધરીને ભોળવે રે,
ફોગટ ફરતો કરતો કૂડાં ફેલ રે...દેખ૦ ૨
આતમ સાધન કાંઈ ન કીધું આળસુ રે,
વિષયમાં વીંટાણો બારે માસ રે;
હરિજન સાથે હેત ન કરતાં આવડયું રે,
કપટી તારો કોણ કરે વિશ્વાસ રે...દેખ૦ ૩
સૂમ થયો ધન સંચીને ભેળું કર્યું રે;
મરતાં સુધી ન ખરચે ન ખાય રે;
દેવાનંદ કહે મધમાખી લૂંટાય છે રે,

હાથ ઘસીને પામર તું પસ્તાય રે...દેખ૦ ૪

૮૫૦ રાગ : ઠૂમરી પદ=૪ પદ-૪/૧

જૂઠી જૂઠી જગતકી આશ રે, નર નાશ પલકમેં પાવે...જૂઠી૦ ટેક
કાલ ચવીના, મુખમેં લીના, વાકા નહિ વિશ્વાસ રે...નર૦ ૧
માનત મેરા, નહીં કોઈ તેરા, કાળ કઠીન શિર ત્રાસ રે...નર૦ ૨
સુત વિત્ત દારા, જગ વ્યવહારા, સરવે સુપન વિલાસ રે...નર૦ ૩
દેવાનંદ દેખી, ભવભય લેખી, ઈનસેં ભયે ઉદાસ રે...નર૦ ૪

૮૫૧ પદ-૪/૨

ગાયે ગાયે ન ગિરધરલાલ રે, નર પ્રાણ ગયે પછતાઈ-ગાયે૦ ટેક.
અતિ મદમાતે દેશ દબાતે, હો ગયે હાલ બેહાલ રે...નર૦ ૧
કુકર્મ કરતા દિલ નહીં ડરતા, ધરે રહે ધન માલ રે...નર૦ ૨
પ્રભુપદ પ્રીતિ, કબહુ ન કીતી, કુબુદ્ધિ ચલત કુચાલ રે...નર૦ ૩
દેવાનંદ પ્યારે હરિ ઉર ધારે, તજી દીનો જગ જંજાલ રે...નર૦ ૪

૮૫૨ પદ-૪/૩

મેરી મેરી કરત મતિમંદ રે, વ્રજચંદ દીયે વિસરાઈ...મેરી૦ ટેક.
નર તન પાયો કછુ ન કમાયો. ફેર પર્યો ભવફંદ રે...વ્રજ૦ ૧
જીવ અભાગી વિષય અનુરાગી, સમર્યા નહીં સુખકંદ રે..વ્રજ૦ ૨
ત્રિવિધ તનમેં જરત હે મનમેં, ગબરૂં ગાફલ ગંદ રે...વ્રજ૦ ૩
દેવાનંદ ભારી કહત વિચારી, જાહી જપત જનવૃંદ રે...વ્રજ૦ ૪

૮૫૩ પદ-૪/૪

આયો આયો મનુષ્ય અવતાર રે, નર ચાર દિવસ મિજમાના...આયો૦ ટેક.

કુટુંબ કબીલા સ્વારથી મીલા, વાકું ચલત નહીં વાર રે...નર૦ ૧
જમકે દૂતા મારત જૂતા, પાપી કરત પુકાર રે...નર૦ ૨
ભવદુઃખ ભારી દેખ વિચારી, મરન ધરન અવતાર રે...નર૦ ૩
દેવાનંદ ભારી શરન મોરારી, સે'જે તરે સંસાર રે...નર૦ ૪

૮૫૪ રાગ : રાજિયો પદ=૪ પદ-૪/૧

જોને વિચારી તારા જીવમાં હો પ્રાણિયા, ભૂલી ગયો તું ભગવાન રે,
ઘર ધંધે ઘેર્યો; કેડે આવે છે તારે કાળ અતિ કોપતો...ટેક૦
ખાધા ખેલ્યામાં ખોયું બાળપણું હો પ્રા૦ જોબન આવ્યું થયો જુવાન રે. ઘ-૧
રોળ્યો કરે છે દિન રાતમાં હો પ્રા૦ પાપ કર્યામાં અતિ પ્રીત રે. ઘ-૨
અંગે બુઢાપણ આવિયું હો પ્રા૦ નિરલજ થઈને ફરે નિત રે. ઘ-૩
સંગત કરે નહિ કેદી સંતની હો પ્રા૦ હરિ ભજવામાં નહિ હેત રે. ઘ-૪
અંતે લેવાને જમ આવશે હો પ્રા૦ દેવાનંદ કહે હજી ચેત રે. ઘ-૫

૮૫૫ પદ-૪/૨

અંતે જાવું છે ઊઠી એકલા હો જાણજે, સગાં ન આવે કોઈ સાથ રે,
મરવાને ટાણે; પ્રભુ વિના કોણ મુકાવે જમ મારથી...ટેક૦
કંઠ રૂંધાશે કફ જાળથી હો જા૦ કાળા જમકિંકર દેખાય રે...મર૦ ૧
નવસેં નવાણું તૂટે નાડિયું હો જા૦ બોંતેર કોઠામાં લાગે લાય રે...મર૦ ૨
રોમ કોટિ વીંછીની વેદના હો જા૦ હૈડું હાલક ડોલક થાય રે...મર૦ ૩
આંખ્યો ઉઘાડે અતિ વેદના હો જા૦ શેષ કોટિથી ન કેવાય રે...મર૦ ૪
દુઃખ પામીને તજ્યો દેહને હો જા૦ દેવાનંદ કરે કોણ સહાય રે...મર૦ ૫

૮૫૬ પદ-૪/૩

રોતાં કુટુંબી રહ્યાં રાતમાં હો પાપિયા, ધામ ધરા ને ધન માલ રે,
કોઈ સાથે નાવે મેલીને પાળો જમપુરની વાટે જાય છે...ટેક૦
કર્મ કર્યા તે આડાં આવશે હો-પા૦ હરિ ભજ્યા વિના બેહાલ રે...કોઈ૦ ૧
ભેળું ન લીધું ભાતું પુણ્યનું હો-પા૦ ભૂખ તરસની પીડા થાય રે...કોઈ૦ ૨
જીવ માર્યા તે આડા આવશે હો-પા૦ તારું કાપીને તન ખાય રે...કોઈ૦ ૩
લોઢાની નારી ઊની લાલ કરી હો-પા૦ બાથ ભરાવી દેવે માર રે...કોઈ૦ ૪
આંખ્યુંમાં ઊના ગજ નાખશે હો-પા૦ નીરખી દેવાનંદ કે' પરનાર રે.કોઈ૦ ૫

૮૫૭ પદ-૪/૪

મેલ્યા વિસારી ઘનશ્યામને હો મૂરખા, દુઃખનો ન આવે હવે પાર રે,
સંતોના દ્રોહી; પડવાનું પાપે કરી તારે કુંભીપાકમાં...ટેક૦
આગળ વૈતરણી નદી આવશે હો-મૂ૦ માથે મુદગળના લાગે માર રે...સંતો૦૧
દીધાં નથી તેં ગૌદાનને હો-મૂ૦ કોણ ઉતારે સામે તીર રે...સંતો૦૨
કઠણ કોલુમાં કાયા પીલશે હો-મૂ૦ છોતા સરીખું થાય શરીર રે...સંતો૦૩
ઊભો ધર્મની આગળ રાખશે હો-મૂ૦ માગે રતિ રતિના જવાબ રે...સંતો૦૪
કુટુંબ સારૂં કર્યા પુણ્ય પાપને હો-મૂ૦ એકલો દેવાનંદ કે ભોગવ આપ રે...સંતો૦ ૫

૮૫૮ રાગ : ધોળ પદ=૪ પદ-૪/૧

ધીરજ ધર તું અરે અધીરા, ઈશ્વર પૂરે અન્ન જોને;
ખલક તણો છે ખટકો પ્રભુને, સાચું માને મન જોને-૧
જન્મ્યું તેને જીવાડવાને, ઉપાય શોધ્યો શુદ્ધ જોને;
હાડ માંસના હૈયા મધ્યે, દેવે સરજ્યાં દૂધ જોને-૨

કીડીને કણ હાથીને મણ, ચાર પગાને ચાર જોને;
કોશીટામાં કીટ વસે છે, ઈશ્વર પૂરે આહાર જોને-૩
મસીદ કેરા કોટ મીનારા, ઉપર ઊગ્યાં ઝાડ જોને;
પથ્થર ઉપર પાણી વરસે, તે ઈશ્વરનો પાડ જોને-૪
અરણ્ય વનમાં અજગર રહે છે, ડગલું ન ભરે દોટ જોને;
વિશ્વંભરનું બિરુદ વિચારો, ખાવાની શી ખોટ જોને-૫
અનળ પક્ષી આકાશે રહે છે, મદઝર ભરખે મોટા જોને;
પરમેશ્વરની કૃપા વડે તો, બનિયા જળના ગોટા જોને-૬
મરાળને મોતીનો ચારો, વખતે આપે વા'લો જોને;
દેવાનંદ કહે દેવ ભરોંસે, મગન થઈને મા'લો જોને-૭

૮૫૯ પદ-૪/૨

ધન્ય છે ધીરજ ધારે તેને, બની શકે બે ભાન જોને;
પાંડવ જ્યારે વન પરવરિયા, દુ:ખને દીધા માન જોને-૧
હરિશ્ચંદ્રરાયને હરિવર સાથે, લગની કેવી લાગી જોને;
અંત્ય વરણને ઘેર વેચાણા, તો ભવની ભાવઠ ભાંગી. જોને-૨
પ્રહ્‌લાદજીને પીડા બહુ વિધ, દૈત્યપતિએ દીધી; જોને;
સુખડા જેવી સહન કરી તો, કેશવ રક્ષા કીધી. જોને-૩
શહેર મળ્યું નહિ સુદામાને, તો પણ આનંદ તેવો; જોને;
મોળી ભાજી વિદુરજીની, સુતર જેવી સેવો. જોને-૪
મયુરધ્વજ રાયે મસ્તક ઉપર, કરવત લીધું કોડે; જોને;
સગાળશાએ સુત વધેર્યો, ત્યાગી દીધા હોડ. જોને-૫
રંતીદેવના હૃદયા મધ્યે, જરણા કેરો જોગ; જોને;
માધવદાસે માગી લીધો, રાજી થઈને રોગ. જોને-૬

દુઃખ ને દેખી હરિજન ન ડરે, કરે ફીકરના ફાંકા જોને;
દેવાનંદ કહે દેવ ભરોંસે, કાળ તણા એ કાકા. જોને-૭

૮૭૦ પદ-૪/૩

બાળક રૂએ લવા માંહે, માતા સમજે મર્મ જોને;
રાણીની એમ મરજી પરખે, ધરણીધરનો ધર્મ જોને-૧
ચાંચ બનાવે તેને ચિંતા, કાયર મન શીદ કરીએ જોને;
પેટ પડ્યું તે પોષણ કરશે, ફીકર તજીને ફરીએ જોને-૨
હીરા મોતી મોંઘા કીધાં, ધનથી સોંઘા ધાન્ય જોને;
અમૃત જેવાં અમથાં પાણી, દીનબંધુનાં દાન જોને-૩
સૂરજ સર્વને પ્રકાશ આપે, દમડી ન પડે દેવી જોને;
વગર બદામે વાય વાયરો, તે કેશવ કરુણા કેવી જોને-૪
સુર પંખીને ટંકે સો મણ, ખાવા જોઈએ ખીર જોને;
દૂધડલાના દરિયા કાંઠે, સરજ્યાં તેનાં શરીર જોને-૫
જન્મ્યું તેને જીવાડવાને, માવતરને મન મમતા જોને;
સૌના પિતા છે વિશ્વંભર, શાથી ન ભરો સમતા જોને-૬
અજબ દયાળુ છે અલબેલો, હૈયું રાખો હાથ જોને;
દેવાનંદ કહે પ્રતીત રાખો, બેલી બદ્રિનાથ જોને-૭

૮૭૧ પદ-૪/૪

શું કરવા તું સુખને માટે, દે છે દોટા દોટ જોને;
તારા સુખ તો તુજને શોધે, સુઈ રે’ તાણી સોડ જોને-૧
માગ્યા વિના મળે મેહુલા, માગ્યા મળે તો માગ જોને;
મોત સરીખુંયે માગ્યું ન મળે, જીવલડા તું જાગ જોને-૨
અવસર વિના ફળ ન આવે, સો મણ પાણી સીંચી જોને;

પુત્ર વિના પારણિયું ખાલી, સો મણ સાકર વહેંચી જોને-૩
ભાગ્ય વિનાનું સુખ ન મળે, સંકટ આવે શાથી જોને;
પારણિયામાં સર્વે ઝુલાવત, હેમ ભરેલા હાથી જોને-૪
જગમાં સર્વે હેમ ઝુલાવત, વાંઝણી ન રહેત વનિતા જોને;
લાલચ રાખે લાભ મળે તો, કોઈ ન દાખત દીનતા જોને-૫
ભાગ્ય વિના ભોગવવાનું સુખ, શીદને થાયે અળગું જોને;
કોટિ ઉપાયે કેડ ન મેલે, વજ્ર થઈને વળગ્યું જોને-૬
હિંમત રાખીને હરિને ભજી લ્યો, બીજી આશા ખાલી જોને;
દેવાનંદ કહે સુખ દુઃખ રચના, ભાવે કરીને ભાળી જોને-૭

૮૭૨ રાગ : ધોળ પદ=૪ પદ-૪/૧

પામર નર ન ભજ્યો ભગવાન, મરણ આવ્યું ઢુંકડું;
કેડે આવ છે કાળ અજાણ...મરણ૦
અણસમજ્યાં ઓસડ કરે રે, રતિયે રોગ ન જાય;
લોકવાણી ઉરમાં ધરી રે, ગોળી જળમાં ઘોળી ઘોળી પાય...મરણ-૧
અન્ન ગળે નવ ઊતરે રે, ખાતાં ઊલટી થાય;
અતિ વ્યાધિ દુઃખ દેહમાં રે, ખાંસી શૂળ આવે ન ખમાય...મરણ-૨
સગાં સંબંધી સહુ મળી રે, બેઠાં ઘરને બહાર;
અઢાર દિવસ થયા અન્ન મેલ્યું રે, ડોસો તન તજવા થયો તૈયાર...મરણ-૩
ઈન્દ્રીયોના દેવતા ઊઠી ગયા રે, વૈખરી વાણી બોલાય;
દેવાનંદ કહે હરિ વિમુખના રે, તોય પાપી પ્રાણ ન જાય...મરણ-૪

૮૬૩ પદ-૪/૨

ગાફલ નર તેં વિસાર્યા ગોપાલ, ઉગારે કોણ આ સમે ?
મરવું મેલીને જુઠો જંજાળ...ઉગારે૦
મુખના દાંત કાળા થયા રે, આંખ્યો ગઈ ઠરડાઈ;
નાકની ડાંડી નમી ગઈ રે, દુઃખ પામ્યો પૂરવની કમાઈ...ઉગારે-૧
વાત પિત્ત કફ મેળ કરી રે, ભાઈ ત્રણે ભેળા થાય;
શ્વાસ વધે સહુ દેખતાં રે, તનની નાડી સર્વે તૂટી જાય...ઉગારે-૨
અંતે લેવા જમ આવિયા રે, જનમ સમાના જમાન;
મનમાં પસ્તાય મૂરખો રે, ભજવા ભૂલી ગયો ભગવાન...ઉગારે-૩
પેઠો જમ એક પેટમાં રે, બીજો રહ્યો છે બહાર;
દેવાનંદ કહે હરિ વિમુખને રે, માથે પડશે મુદ્‌ગળના માર...ઉગારે-૪

૮૬૪ પદ-૪/૩

કરે પાપી અતિશે પોકાર, પરવશ થયો પ્રાણિયો,
દુઃખ દેખી રૂએ નરનાર...પરવશ૦
પેટ ચડે બંધ છુટી ગયા રે, જીવ અતિશે અકળાય;
સ્વપ્ન અવસ્થા પ્રધાન થઈ રે, ભાંગ્યું વેણ બોલે બકવાય...પર-૧
ડોઢાં વાગે ડાકલાં રે, ભૂવો ધૂણે ભરવાડ;
નિર્લજ્જ નકટી દેવીની રે, બાધા રાખો કરશે માતા વાર...પર-૨
વાંઝો બાવન વીરનો રે, જંત્ર મંત્ર બહુ જાણ;
મૂઠ નાખી કામણ કર્યા રે, દોરો બાંધો તો થાય સુવાણ...પર-૩
જોશી કહે પીડે ગ્રહ પનોતી રે, શાંતિ કરે સુખ થાય;
દેવાનંદ કહે મૃત્યુંજયનો રે, જાપ જપીએ દરદ મટી જાય...પર-૪

૮૬૫ પદ-૪/૪

મૂરખ નર કરે કોટિ ઉપાય, મૃત્યુ પાછું નહિ વળે,

તૂટિ આયુષ્ય તે ન સંધાય...મૃત્યુ૦
અફીણ તો ઊગે નહીં રે, પાપી દારૂ પાય;
ભાઈબંધે મળી ભુંડું કર્યુ રે, નાખ્યો નરકે પડ્યો પસ્તાય...મૃત્યુ-૧
કોટિ કરે ગઉદાનને રે, સોના રૂપાના શણગાર;
પામે ફળ પરલોકમાં રે, માથે મરણ જનમ બહુ વાર...મૃત્યુ-૨
કાશીએ જઈને કરવત મેલાવે રે,ને ગાળે હિમાળે દેહ;
ભકિત વિના ભવ ન તરે રે, પામે રાજ સાજ સુખ તેહ...મૃત્યુ-૩
બુઢ્ઢા જોબન બાળને રે જમડા પકડી જાય;
દેવાનંદ કહે મરી ગયા રે, વાંસે વાર કોઈથી ન થાય...મૃત્યુ-૪

૮૬૬ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧

ભજ્યો નહિ ભગવાનને રે, મળ્યો માણસનો દેહ;
પ્રીત કરી પરનારમાં, હાંરે નીચ સોબત સનેહ...ભજ્યો૦ ૧
મિથ્યા માયાના જોરમાં રે, થયો અંધ અજાણ;
લાજે વીંટાણો લોકની, હાંરે કરે આપ વખાણ...ભજ્યો૦ ૨
ચિંતા ઘણી ચિત્તમાં ભરી રે, હાલ ભૂંડા હેરાન;
ફુટેલ હૈયું ને ફેલ આવડે, હાંરે મિથ્યા મોટપનું માન...ભજ્યો૦ ૩
જુઠા બોલો નથી જાણતો રે, માથે મરવાની ઘાત;
દેવાનંદ કહે જમ આવશે, હાંરે માર મૂરખ ખાત...ભજ્યો૦ ૪

૮૬૭ પદ-૪/૨

અંતે જાવું ઊઠી એકલા રે, સંગે આવે ન કોય;
માતાપિતા ને ભાઈ દીકરા, હાંરે નારી ફૂટે છે રોઈ...અંતે૦ ૧
ભૂખે મરીને ભેળી કરી રે, માયા લાખ કરોડ;

દાટી રહેશે દરબારમાં, હાંરે જોને આંખ્યું કાં ફોડ...અંતે૦ ૨
જીવ સંગાથે જાય છે રે, પુણ્ય પોતાનાં પાપ;
સુખ દુઃખ ફળ તેનાં ભોગવે, હાંરે જમપુરીમાં આપ...અંતે૦ ૩
રાજા ધર્મની આગળે રે, ખાશો મૂરખ માર;
દેવાનંદ કહે દેહ ધારશો, હાંરે લખ ચોરાશી વાર...અંતે૦ ૪

૮૬૮ પદ-૪/૩

ભૂલી ગયો ભગવાનને રે, ગયું જોબન બાળ,
આવ્યું બુઢાપણ અંગમાં, હાંરે કેડે આવે છે કાળ...ભૂલી૦ ૧
ઘરના માણસ જાણે ઘેલડો રે, કોઈ માને નહિ વાત;
અક્કલ ઘટી ને વધી આપદા, હાંરે કેદી મરશે કુજાત...ભૂલી૦ ૨
મનમાં અતિ ધન ધાખડી રે, વહાલા વિષય વિકાર;
આડા બોલોને અફીણિયો, હાંરે દુઃખ પામે અપાર...ભૂલી૦ ૩
શરીરનું ચામડું સુકાઈ ગયું રે, થયો અંધ બધીર;
દેવાનંદ કહે હરિ ન ભજ્યા, હાંરે બહુનામી બળવીર...ભૂલી૦ ૪

૮૬૯ પદ-૪/૪

પ્રભુ ભજી લેને પ્રાણીયા રે, ધન દોલત ને નાર;
અંતે જાવું તજી એકલા, હાં રે સગાં કુટુંબ સંસાર. પ્રભુ૦ ૧
જેણે ભજ્યા જગદીશને રે, ભવ પામ્યા તે પાર;
એને વિસારીને આથડે, હાંરે ગોથાં ખાશે ગમાર. પ્રભુ૦ ૨
લખ ચોરાશી જાત્યનાં રે, આવે દેહ અપાર;
જન્મ મરણ ગર્ભવાસનું, હાંરે દુઃખ વારંવાર. પ્રભુ૦ ૩
વૈદ્ય કોટિ વાંસે ફરે રે, કરે ઔષધ અનેક;
રંચ ન ટાળે રોગને, હાંરે દેવાનંદ કહે વિવેક. પ્રભુ૦ ૪

૮૭૦ રાગ - ખમાચ પદ૪ પદ-૪/૧

ભજ્યો નહીં ભગવાન મૂરખ જીવતો મર્યો, ભજ્યો૦ ટેક.
પેટને અરથે પાપ કરતાં, દિલમાં ન ડર્યો,
પુણ્ય કર્યાનું પાડોશીને, ત્યાં આડો ફર્યો...ભજ્યો૦૧
દુ:ખ વેઠીને દામ કીધા, ખજાનો ભર્યો;
જમ જોરાવર લઈને ચાલ્યા, વાવરવા ન રહ્યો...ભજ્યો૦૨
કૂડની માળા કોટમાં પહેરી, કૂડ ગુરુ કર્યો;
આહાર મૈથુન કરવા લાગ્યો કોઈ ન તર્યો...ભજ્યો૦૩
સહજાનંદજી ઓળખ્યા વિના, અંતર ના ઠર્યો;
દેવાનંદ કહે દિલમાં વસ્યાવિણ, કારજ શું સર્યો...ભજ્યો૦૪

૮૭૧ પદ-૪/૨

હરિ વિના હિતકારી બીજું કોઈ તારૂં નથી...હરિ૦ ટેક.
પ્રભુ ભજ્યાનું વેદ પુરાણે કહ્યું છે કથી;
અક્કલ હીણા આળસી બેઠો, પામર તું પથી...હરિ૦૧
માતપિતા સુત નારી બંધવ, નહીં તારાં સાથી;
અંત સમે તો એકલા જાવું, કાં મરે મથી...હરિ૦૨
સ્વારથિયો સંસાર તેમાં, રહ્યો લથબથી;
સંત પુરુષની સોબત વિના, શી થાશે ગતિ...હરિ૦૩
અક્કલવંતા રાજ કરંતા, મૂઆ મહારથી;
દેવાનંદ કહે આપણે જાવું, કહ્યું ઠેઠથી...હરિ૦૪

૮૭૨ પદ-૪/૩

માણસનો અવતાર મોંઘો, નહીં મળે ફરી...માણસનો૦ ટેક.
માન બડાઈ મોટપ મેલી, ભજીલે હરિ;
નહીં તો જાશો ચોરાશીમાં, જનમ બહુ ધરી...માણસનો૦૧
દુઃખ તણો દરિયાવ મોટો, નહીં શકો તરી;
શામળિયાને શરણે જાતાં જશો ઉગરી...માણસનો૦૨
નિર્લજ્જ તું નવરો ન રહ્યો, ઘર ધંધો કરી;
માયા માયા કરતો મૂરખ, ન બેઠો ઠરી...માણસનો૦૩
ચેતી લે ચિત્તમાં વિચારી, ચાલજે ડરી;
દેવાનંદનો નાથ ભજો, પ્રેમમાં ભરી...માણસનો૦૪

૮૭૩ પદ-૪/૪

ભજી લે ભગવાન, સાચા સંતને મળી...ભજી૦ ટેક.
વચનમાં વિશ્વાસ રાખ્ય, ભજનમાં ભળી;
પૂરવ કેરાં પાપ તારાં તો જાશે ટળી...ભજી૦૧
ઓળખી લે અવિનાશી, રહેજે જ્ઞાનમાં ગળી;
રીઝશે રંગરેલ વાલો અઢળક ઢળી...ભજી૦૨
કાળ તો વિકરાળ વેરી, વીંખશે વળી;
કામ ને કુટુંબ તુંને નાખશે દળી...ભજી૦૩
સત્ય ત્યાં સુખ ધરમ રહે, કૂડ તહાં કળી;
દેવાનંદ કહે દુનિયા કેરી અક્કલ આંધળી...ભજી૦૪

૮૭૪ **રાગ : ધોળ પદ=૪** પદ-૪/૧

શીલવંતા સાધુ સાંભળજો કરી પ્રીતિ,
આઠ પ્રકારે અબળા તજવી, મન ઈન્દ્રિયને જીતી રે...શીલ૦ ૧
નારી કથા શ્રવણ ન ધરવી, તે વિષવેલી કા'વે;
તેની કીરતી તે નવ કરવી, ભૂલે મન ભરમાવે રે...શીલ૦ ૨
વનિતા હાસ વિનોદ કરીને, રાત દિવસ જ્યાં રે'વે;
તે ઠેકાણે સાચા મુનિવર, જાણી પાવ ન દેવે રે...શીલ૦ ૩
અબળા અંગે કાળી ગોરી, નેણ ભરી નહિ દેખે;
બાળ વૃદ્ધ નવ જોબનવાળી,તે માદક સમ લેખે રે...શીલ૦ ૪
છેટે રહીને છાની વાતો, કામનીઓને કહાવે;
દેવાનંદ કહે તે પોતાનું, હાથે નાક વઢાવે રે...શીલ૦ ૫

૮૭૫ પદ-૪/૨

નિષ્કામી નરને વનિતાની વાત ન કરવી;
માયાની મૂર્તિ જાણી, નાગણ જ્યું પરહરવી રે...નિષ્કા૦ ૧
માનનીઓને મળવાનો મનમાં, કૂડો ઘાટ ન કરવો;
મનસા પાતક મોટું લાગે, એ અધર્મથી ડરવો રે...નિષ્કા૦ ૨
ભામનીઓ તે ભેળી થઈને, જે ઠેકાણે જાવે;
શૌચવિધિ કરવાને સારુ, હરિજન ત્યાં નહિ આવે રે...નિષ્કા૦ ૩
આઠ પ્રકારે અબળા કેરો, ત્યાગ કરે તે ત્યાગી;
વિષય થકી વૈરાગ્ય જે પામ્યા, તે સાચા વૈરાગી રે...નિષ્કા૦ ૪
ભેખ ધરીને ભામની ભેળો, બેસે ઊઠે ગાવે;

દેવાનંદ કહે એવા અસાધુ, નિશ્ચે નરકમાં જાવે રે...નિષ્કા૦ ૫

૮૭૬ પદ-૪/૩

વિવેકી નરને, એમ વિચારીને જોવું;
કુપાતરને દાન દેવું તે, બીજ ખારમાં બોવું રે...વિવેકી૦ ૧
કામી ક્રોધી લોભી લંપટ, કૂડા બોલા કા'વે;
અન્ન ધન વસ્ત્ર તેને આપે, તે શેકી બી વાવે રે...વિવેકી૦ ૨
ઈન્દ્રિય પાંચ છઠું મન જીતે, તે હરિદાસ કહાવે;
વાલી વસ્તુ એને આપે અનંત ગણી થઈ આવે રે...વિવેકી૦ ૩
દુર્બળ સુદામે આણી દીધી, મુષ્ટી તાંદુલ મેવા;
કંચનમોલ કર્યા સુખકારી, સંતપુરુષની સેવા રે...વિવેકી૦ ૪
દ્રૌપદીએ નિજ ચીર વધેરી, બાંધ્યું હરિને હાથે;
દેવાનંદ કહે ભરી સભામાં, આપ્યાં દીનાનાથે રે...વિવેકી૦ ૫

૮૭૭ પદ-૪/૪

ગાફલ બે ગરજુ આ તન એળે ગુમાયો;
ધર્મ વિસારી ધંધે વળગ્યો, કૂડે ધુડ્ય કમાયો રે...ગાફલ૦ ૧
કામનીઓમાં ફરતો ડોલે, વિષય ભરેલી વાતુ;
પાપ કરીને પુરું બાંધ્યું, ભવસાગરનું ભાતું રે...ગાફલ૦ ૨
દેવમંદિરમાં દર્શન કરવા ભૂલ્યો ભટકયો આવે;
માનનીઓનાં મુખ જોવાને, આંખડિયું અટકાવે રે...ગાફલ૦ ૩
આરત્ય રાખી ના ઉચ્ચારે, રામકૃષ્ણ મુખ વાણી;
ગ્રામ્ય કથાનાં દીએ ગપોડાં, જૂઠે જૂઠું જાણી રે...ગાફલ૦ ૪
ગાંજો ભાંગ્ય લીલાગર મફર, હોકો પીવે ચાવે;
દેવાનંદ કહે દેખ વિચારી, દુઃખનો અંત ન આવે રે...ગાફલ૦ ૫

૮૭૮ રાગ : વેરાડી પદ=૫ પદ-૫/૧

સગાં કોઈ સાથે નાવે રે મરવાને ટાણે...સગાં૦
માત પિતા સુત નારી, સ્વારથિયાં સંસારી ભારી;
અંતકાળે ઊઠી જાવે રે...મર૦ ૧
જીવને જમ લેવા આવે, પાપ કર્યાં તે પીડા પાવે;
પામર નર બહુ પસ્તાવે રે...મર૦ ૨
મિથ્યા બોલી માયા મેળી, તે દાટી રેશે નાવે ભેળી;
વણ સમજ્યો વિલખાવે રે...મર૦ ૩
દેવાનંદ કહે સુખકારી, ભજ્યો નહીં ગિરધારી;
સંત વિના કોણ સમજાવે રે...મર૦ ૪

૮૭૯ પદ-૫/૨

જીતી બાજી ગયો હારી રે મનુષ્ય તન પામી...જીતી૦
રાજ સાજ સુખ દીધું, તેનું કહ્યું નવ કીધું;
પરદારા કીધી પ્યારી રે...મનુ૦ ૧
વિષય મનમાં કીધા વાલા, એ સુખમાં અથડાવા ઠાલા;
નિર્લજ્જ એવાં નર નારી રે...મનુ૦ ૨
પાપી ન ગયો સાધુ પાસે, બેઠો ખળમાં બારે માસે;
વિકળ મતિયો વ્યભિચારી રે...મનુ૦ ૩
જેણે આ નર દેહ દીધો, તેનો શરણો નાહીં લીધો;
દેવાનંદ કહે ભૂલ્યો ભારી રે...મનુ૦ ૪

૮૮૦ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧

હૈયાના ફુટ્યા હરિ સંગે હેત ન કીધું...ટેક૦
લખ ચોરાશી કેરું લગડું માથે માગી લીધું રે...હૈયાના૦ ૧
પેટને અર્થે પાપ કંરતા, પાછું ફરી નવ જોયું;
ચાર દિવસના જીવતર સારુ, મન માયામાં મોહ્યું રે...હૈયાના૦ ૨
જન્મ મરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકિયો ટાળી;
માતા પિતા જુવતી સુત સંગે, વિસાર્યા વનમાળી રે...હૈયાના૦ ૩
આળસ ને અજ્ઞાન અતિશે, કામ બગાડ્યું તારું;
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારું રે...હૈયાના૦ ૪

૮૮૧ પદ-૪/૨

દુનિયામાં ડાહ્યો ડહાપણમાં દુઃખ પામે...ટેક૦
ભવતારણ ભગવાન વિસારી, ચડિયો ઠાલે ભામે રે...દુનિયામાં૦ ૧
મનુષ્ય દેહ મળ્યો અતિ મોટો, ખોટો જાણી ખોયો;
ચોરે ચૌટે જૂઠું બોલ્યો, નાહક નીર વલોયો રે...દુનિયામાં૦ ૨
હરિ હરિજન સંગે હેત ન કીધું, પીધું વિખનું પાણી;
સુખ સંસારી પામ્યા સારુ, મૂઆ લગી ધર તાણી રે...દુનિયામાં૦ ૩
હર્ષ શોકની નદીઓ મોટી, તેમાં જાય તણાણો;
દેવાનંદ કહે હરિ ભજ્યા નહિ, ઘણે દુઃખે ઘેરાણો રે...દુનિયામાં૦ ૪

૮૮૨ પદ-૪/3

અજ્ઞાની તારા અંતરમાં દેખ વિચારી...ટેક૦
અંત સમે કોઈ કામ ન આવે, સગાં કુટુંબ સુત નારી રે...અજ્ઞાની૦ ૧

જોબન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતો;
કાળ કરાળ કઠણ શિર વેરી, દિલમાં કેમ નથી ડરતો રે...અજ્ઞાની૦ ૨
માલ ખજીના મંદિર મેલી, મૂઆ ભૂપ મદમાતા;
શ્વાન સુકરના દેહ ધરીને, ઘર ઘર ગોથાં ખાતાં રે...અજ્ઞાની૦ ૩
આજ અમૂલખ અવસર આવ્યો, હરિ ભજવાનું ટાણું;
દેવાનંદ કહે દેહ મનુષ્યનો, ન મળે ખરચ્યે નાણું રે...અજ્ઞાની૦ ૪

૮૮૩ પદ-૪/૪

પામર તેં પ્રાણી વિસાર્યા વનમાળી...ટેક૦
મિથ્યા સુખ માયામાં મોહ્યો, મૃગતૃષ્ણા જળ ભાળી રે...પામર૦ ૧
આઠે પહોર અંતરમાં બળિયો, ઘણા ઘણાને ધાયો;
રળી ખપી ધન ભેગું કીધું, ના ખરચ્યો ના ખાયો રે...પામર૦ ૨
નારી આગળ નિર્લજજ થઈને, બીતો બીતો બોલે;
હડકલાવે હસી બોલાવે, કરે તરણને તોલે રે...પામર૦ ૩
સાસુ સસરો સગાં સંબંધી, તેની સેવા કીધી;
દેવાનંદ કહે સાધુજનની, તેં સેવા તજી દીધી રે...પામર૦ ૪

કયુ પાયે ઘર દૂર બંદે પદ=૪

૮૮૪ રાગ : આશાવરી પદ-૪/૩

કયું રીઝેગે રામ બંદે, કયું રીઝેગે રામ;
ઐસા પ્યાર નહિ પ્રભુસેં, જેસૈ પ્યારે હે દામ. બંદે૦
તનમે તોલ્યે જુઠ મ બોલ્યે, પૂછત હઉ કરભામ;
દેખ વિચારી દિલકે દેદુ, રામ પ્યારે કે વામ. બંદે-૧

એસી મમત નાયે સાહેબસે, જેસી મમત ઘર ધામ;
હેલ્યા માત્ર હરિકું સંભારત, ઉનકું સંભારે આઠું જામ. બંદે-૨
અહુનિશ આલોચન વાકી, પલ ન પાવે વિરામ;
રૂદે જકત ભકત મન માનત, કેસેહી સુધરે કામ. બંદે-૩
ચલના ખોટા માનલે મોટા, ધર્યા જ્ઞાનીકા નામ;
નિષ્કુળાનંદ એસૈ ઠગકે,નાંહે ઠેકાંણા ઠામ.બંદે-૪

૮૮૫ રાગ : જંગલો પદ=૧૨ પદ-૧૨/૧

જંગલ વસાવ્યો જોગીએ, તજી જેણે તનડાની આશ જી;
વાત ન ગમે આ વિશ્વની, આઠો પહોર ઉદાસ જી...જંગલ૦ ૧
સેજ-પલંગે પોઢતા, મંદિર ઝરૂખા માંય જી;
તેને નહિ રે તૃણ સાથરો, રહેતા તરુતલ છાંય જી...જંગલ૦ ૨
શાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામા જી;
તેણે રાખી કંથા ગોદડી, સહે શિર શીત ને ઘામ જી...જંગલ૦ ૩
ભાવતાં ભોજન જમતા, અનેક વિધિનાં અન્ન જી;
તે રે માગણ લાગ્યા ટુકડા, ભિક્ષા ભુવન ભુવન જી...જંગલ૦ ૪
હાજી કહેતાં હજારું ઊઠતાં, ચાલતાં લશ્કર લાવ જી;
તે નર ચાલ્યા એકલા, નહીં પેજારું પાય જી...જંગલ૦ ૫
રહો તો રાજા રસોઈ કરું, જમતા જાઓ જોગીરાજ જી;
ખીર નિપાવું ક્ષણું એકમાં,તે તો ભિક્ષાને કાજ જી...જંગલ૦ ૬
આહાર કારણ જે ઊભો રહે, કરી એકની આશ જી;
તે જોગી નહીં ભોગી જાણવો, અંતે થાશે વિનાશ જી...જંગલ૦ ૭

રાજ સાજ સુખ પરહરી, જે જન લેશે જોગ જી;
ધન રે દારામાં તે નહીં ધસે, રોગ સમ જાણે ભોગ જી...જંગલ૦ ૮
ધન્ય એ ત્યાગ વૈરાગ્યને, તજી જેણે તનડાની આશ જી;
કુળ રે તજી નિષ્કુળ થયા, તેનું કુળ અવિનાશ જી...જંગલ૦ ૯

૮૮૬ પદ-૧૨/૨

જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્ય જી;
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગ જી...જન૦ ૧
ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યાં કઠણ વચન જી;
રાજ સાજ સુખ પરહરી, વેગે ચાલિયા વન જી...જન૦ ૨
ભલો રે ત્યાગ ભરથરી તણો, તજી જેણે સોળસેં નાર જી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં બાર જી...જન૦ ૩
ઉઠી ન શકે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદ જી;
તેને દેખીને ત્રાસ ઉપન્યો, લીધી ફકીરી છોડ્યો ફંદ જી...જન૦ ૪
એવા વેરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયા રે અનેક જી;
ભલા રે ભૂંડા અવની ઉપરે, ગણતાં નાવે છેક જી...જન૦ ૫
કયાં ગયું કુળ રાવણ તણું, સગર સુત સાઠ હજાર જી;
ન રહ્યું નાણું રાજા નંદનું, સરવે સપન વ્યવહાર જી...જન૦ ૬
એવા છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજન જી;
દેવ દાનવ માનવ મુનિ, સરવે જાણો સુપન જી..જન૦ ૭
સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મુકાવશે જમ જી;
નિષ્કુળાનંદ કહે નહીં મટે, સાચું કહું ખાઈ સમ જી...જન૦ ૮

૮૮૭ પદ-૧૨/3

હું બલિહારી એ વૈરાગ્યને, ઉપન્યો જેને અંગ જી;

ચૌદ લોક ને જે ચતુરધા, ન ગમે સુખનો સંગ જી...હું૦ ૧
સુખ ન ઈચ્છે તે સંસારનું, સમજે સપના સમાન જી;
વાત ગમેરે વૈરાગ્યની, તન સુખ ત્યાગવા તાન જી...હું૦ ૨
દુઃખી દેખી આ દેહને, રહે રાજી તે મન જી;
અનરથનું એ આગાર છે, એમ જાણી ન કરે જતન જી...હું૦ ૩
રાત દિવસ રુદિયામાંહી, વરતે એમ વિચાર જી;
હું કોણ ને જઈશ કિયાં, કરું તેનો નિરધાર જી...હું૦ ૪
કરું ઉપાય હવે એહનો, ડોળી દેશ વિદેશ જી;
કોઈ રે ઉગારે મને કાળથી,સોંપુ તેને આ શીશ જી...હું૦ ૫
રહે આતુરતા અંતરે ઘણી, દેખી દેહ અનિત્ય જી;
સુખ ન માને સંસારનું, ન કરે કોઈ શું પ્રીત જી...હું૦ ૬
એવો વિચાર આવ્યા વિના, ન હોય તન સુખ ત્યાગ જી;
ઉપરનો લાગે રે લજામણો, વગોણા સરખો વૈરાગ્ય જી...હું૦ ૭
હરિ ગુરુદેવ દયા કરી, આપે એહ વિચાર જી;
નિષ્કુળાનંદ કહે નિઃશંક થઈ, સહેજે તરે તે સંસાર જી...હું૦ ૮

૮૮૮ પદ-૧૨/-૪

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીયે કોટી ઉપાય જી;
અંતર ઊંડી જે ઈચ્છા રહે, તે તો કેમ તજાય જી...ત્યાગ૦૧
વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી;
ઉપર વેશ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂર જી...ત્યાગ૦ ૨
કામ ક્રોધ લોભ મોહનું, જ્યાં લગી મૂળ ન જાય જી;
સંગ પ્રસંગે તે ઉપજે, જ્યારે જોગ ભોગનો થાય જી...ત્યાગ૦ ૩
ઉષ્ણ રતે અવની ઉપરે, બીજ ન દીસે બહાર જી;

ઘન વરસે વન પાંગરે, એમ ઈન્દ્રિ વિષે વિકાર જી...ત્યાગ૦ ૪
ચમક દેખીને લોહ ચળે, ઈન્દ્રિ વિષય સંયોગ જી;
અણભેટે રે અભાવ છે, ભેટે ભોગવશે ભોગ જી...ત્યાગ૦ ૫
ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અર્થ જી;
વણસોરે વર્ણ આશ્રમથી, અંતે કરશે અનર્થ જી...ત્યાગ૦૬
ભ્રષ્ટ થયો રે યોગ ભોગથી, જેમ બગડ્યું દૂધ જી;
ગયું રે ઘૃત મહિ માખણથી, આપે થયું અશુદ્ધ જી...ત્યાગ૦ ૭
પળમાં જોગી પળમાં ભોગી, પળમાં ગૃહી ને ત્યાગી જી;
નિષ્કુળાનંદ કે એ નરનો, વણ સમજ્યો વૈરાગ્ય જી...ત્યાગ૦ ૮

૮૮૯ પદ-૧૨/૫

પ્રથમ વૈરાગ્ય જેને પ્રગટે, તજે સકળ સંસાર જી;
રાજ સાજ સુખ સંપત્તિ, મેલે માલ ભંડાર જી...પ્રથમ૦ ૧
અસન વસન ભૂષન સજ્યા, એથી ઉતારે મન જી;
અંતર વૈરાગ્ય જેને ઉપજે, તજી ભુવન ઈચ્છે વન જી...પ્રથમ૦ ૨
સપ્ત ધાતુ સુવર્ણ લગી, વાંચ્છે નહીં તે વાસણ જી;
ગામ ભોમ તે ગમે નહીં, ઈચ્છે અરણ્યમાં આસન જી...પ્રથમ૦ ૩
માત તાત સુત સંબંધી, તજે ભગિની ને ભાઈ જી;
નારી ન ગમે દીઠી નયણે, ત્રોડે સૌથી સગાઈ જી...પ્રથમ૦ ૪
એટલાં તજી નર નીસરે, વળતો લીએ વેશ જી;
સુખ દુઃખ સહે શરીરને, દેખે દેશ વિદેશ જી...પ્રથમ૦૫
પછી થાકી બેસે કોઈ સ્થાનકે, જોઈ સુંદર જાગ્ય જી;
નિષ્કુળાનંદ એ નરને, વળતો ન રહે વૈરાગ્ય જી...પ્રથમ૦ ૬

૮૯૦ પદ-૧૨/૬

વૈરાગ્યને રે વિઘન ઘણાં, તાકી રહ્યાં તૈયાર જી;
માન મોટાઈ ઈચ્છે મારવા, છોડવા ધન નાર જી...વૈરાગ્ય૦ ૧
ઉપરના રે અભાવથી, ટકે નહિ કેદી ટેક જી;
પાંચ વૈરી પ્રચંડ છે, અધિક એકથી એક જી...વૈરાગ્ય૦ ૨
ખાતાં પીતાં સૂતાં જાગતાં, વસવું વેરીને વાસ જી;
જોતાં સૂણતાં બોલતાં, તેનો કરવો તપાસ જી...વૈરાગ્ય૦ ૩
તપાસ્યા વિના જે ત્યાગિયું, હોડે કરી હૈયા જોર જી;
તે કોઈક દાડે કચવાઈને,કા'ય ભાગશે ભૂર જી...વૈરાગ્ય૦ ૪
અંતર ઊંડા અભાવથી, કરીએ તન મન ત્યાગ જી;
પછી ભરીએ પગલાં, તો ન વણસે વૈરાગ જી...વૈરાગ્ય૦ ૫
સાચે કારજ સરવે સરે, કાચે રાચે નહિ રામ જી;
નિષ્કુળાનંદ કે ન કીજિયે, વણ સમજે એ કામ જી...વૈરાગ્ય૦ ૬

૮૯૧ પદ-૧૨/૭

વૈરાગ્ય વીતે એ વાણી વદે, લોકો સમજો નહિ લેંશ જી;
મોટા સંતની સેવા કયાં મળે,એમ આપે ઉપદેશ જી...વૈરાગ્ય૦ ૧
તન ધન વસન વડે, સેવા સાધુની કીજે જી;
વિધવિધના વ્યંજન શું, રૂડી રસોઈયું દીજે જી...વૈરાગ્ય૦ ૨
આગે સાધુને અર્પિયાં, સુત વિત્ત ઘર ને બાર જી;
એવા ભકત લખાણા ભકત માળમાં, દેખ્યા દલના ઉદાર જી...વૈરાગ્ય૦ ૩
આજ સાધુને આપતા, કાંરે મુંઝાય મન જી;
સુત કલત્ર કારણે, ધોડી ખરચો છો ધન જી...વૈરાગ્ય૦ ૪
અમે રે ત્યાગી સરવે ત્યાગિયું, ત્યાગ્યા રાજને પાટ જી;

તમારા કલ્યાણને કારણે, સંત બતાવે વાટ જી...વૈરાગ્ય૦ ૫
એ વણસ્યા વૈરાગની વાતડી, સૂણો સૌ નરનાર જી;
નિષ્કુળાનંદ એ નરનું, કેમ પડશે પાર જી...વૈરાગ્ય૦ ૬

૮૯૨ પદ-૧૨/૮

જેનું રે મન વન વાંછતું, અતિ રહેતા ઉદાસ જી;
તે તાકયા વસ્તીએ વસવા, બાંધી સૌ સાથે આશ જી...જેનું૦ ૧
જેને રે ગમતી જીરણ કંથા, જેવું તેવું જળ ઠામ જી;
તેણે રે રંગ્યાં રૂડાં તુંબડાં, ગમતાં અન્ન માગે ગામોગામ જી...જેનું૦ ૨
રસ રહિત અન્ન ઈચ્છતા, દેવા દેહને દંડ જી;
તેને જોઈએ તીખા તમતમા, ખાવા ખીર ને ખાંડ જી...જેનું૦ ૩
જેને રે જાગ્ય આગ્ય લાગતી, ગમતાં નહીં શય્યા ઘર જી;
તેને રે આસનથી ઉઠાડતાં, જાણે જગાડ્યો મણિધર જી...જેનું૦ ૪
પોતાનો પરિવાર પરહરી, ચાલ્યો એકીલો આપ જી;
તેણે રે કર્યો સ્નેહ શિષ્ય શું, લીધો પરનો સંતાપ જી...જેનું૦ ૫
ઓછી સમજણે જે આદરે, કાચો થકો જે કોઈ જી;
નિષ્કુળાનંદ કહે એ નરનું , અંતે એમ જ હોય જી...જેનું૦ ૬

૮૯૩ પદ-૧૨/૯

અમે રે જડભરતી જોગિયા, ઈચ્છું નહીં વૈભોગ જી;
જગત પદારથ જીવને, રુચે નહીં જેમ રોગ જી...અમે૦ ૧
જૂનાં પાનાં પટ પે'રશું, નહીં ઈચ્છું નવીન જી;
શીત ઉષ્ણ શિર સહીશું, રાખી કંથા કોપીન જી...અમે૦ ૨
ખટરસ ખાવા નહિ ખોળીએ, જમશું જે મળશે અન્ન જી;
નિર્માને દન નિર્ગમશું, રહેશું મને મગન જી...અમે૦ ૩

પ્રીત સહુ શું પરહરી, કરશું કૃષ્ણ ભજન જી;
મોર્યે અમારા મતમાં, મૃગે કર્યુ'તું વિઘન જી...અમે૦ ૪
હર્ષ શોક હાણ વૃદ્ધિને, સહેશું સુખ દુઃખ તન જી;
નિષ્કુળાનંદ કહે નહીં દઈએ, નિજ કુળને લાંછન જી...એમ૦ ૫

૮૯૪ પદ-૧૨/૧૦

ઋષભકુંવરની રીતડી, સુણો સંત સુજાણ જી;
સમર્થ ભરત નામે કરી, પ્રઠચો ખંડ પ્રમાણ જી...ઋષભ૦ ૧
રાજ તજી તપ આદર્યું, તજી સહુશું સનેહ જી;
દયા માંઈ દુઃખ ઉપન્યું, થયો મૃગિશું નેહ જી...ઋષભ૦ ૨
તેણે કરી તન ધારિયું, રહ્યું જ્ઞાન અભંગ જી;
અંગીરા કુળમાં અવતર્યા, રહ્યા સહુશું અસંગ જી...ઋષભ૦ ૩
મા બાપ મેલી મરી ગયાં, રહ્યાં ભાઈ ને ભોજાઈ જી;
જડ જાણીને જેવું તેવું, અન્ન આપે તે ખાય જી...ઋષભ૦ ૪
પાવા સારુ ખેતર મોકલ્યા, ચોર લઈ ગયા ત્યાંય જી;
દેતાં બલિદાન દેવીને, કરી કાલિયે સહાય જી...ઋષભ૦ ૫
ત્યાંથી જડભરત જોડિયા, રાયે લઈ શીબિકાયે જી;
નિષ્કુળાનંદ કે' એ નૃપને, કહ્યો સુખનો ઉપાય જી...ઋષભ૦ ૬

૮૯૫ પદ-૧૨/૧૧

જડ ભરતની જાતના, જોગી જે જગમાંય જી;
ઈન્દ્રીય મનને ઉપરે, રહે શત્રુ સદાય જી...જડ૦ ૧
વિકળ ન થાય વિષય સુખમાં, રહે પરવત પ્રાય જી;
ધર્મ ધીરજ મૂકે નહીં, મર મસ્તક જાય જી...જડ૦ ૨
આઠે પોર માં એક ઘડી, ન માને નિજ દેહ જી;

તેના સુખ સારુ શું કરે, ઉપાય નર એહ જી...જડ૦ ૩
હરિ ઈચ્છાએ હરે ફરે, કરે જીવનો ઉદ્ધાર જી;
જેને મળે એવા જોગીયા, પામે તે ભવપાર જી...જડ૦ ૪
એવા જોગીને આવી મળે, જાણે અજાણે જે જન જી;
નિષ્કુળાનંદ એ નરને, કરે પળમાં પાવન જી...જડ૦ ૫

૮૯૬ પદ-૧૨/૧૨

જોગી જીવો રે એવા જગતમાં, સગાં સહુના સોય જી;
શત્રુ શોધતા સંસારમાં, જેને ન જડે કોય જી...જોગી૦ ૧
સ્થાવર જંગમ સ્થૂળ સૂક્ષ્મ, ચરાચર જે જંત જી;
મન કર્મ વચને દૂભવે નહીં,દલે દયા અત્યંત જી...જોગી૦ ૨
નિરવેર એવાને નીરખી, દયા દુષ્ટને નોય જી;
દૂજા તો સર્વે દયા કરે, જ્યારે એવાને જોય જી...જોગી૦ ૩
દેહદર્શી દુઃખ ભોગવે, કરે સુખનો ઉપાય જી;
આત્મદર્શી આનંદમાં, રહે સુખમાં સદાય જી...જોગી૦ ૪
ભૂલે પોતાનું ભાસે નહીં, ત્રણે કાળમાં તન જી;
નિષ્કુળાનંદ એમ સમજીને, જોગી ન કરે જનત જી...જોગી૦ ૫

૮૯૭ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧

જાવું છે રે જાવું છે રે જાવું છે નેદાન, ભજ ભગવાન રે જીવ જાવું છે...ટેક૦
જાવું છે રે જાવું છે રે રહેવાનું છે કાચું, માને સાચું રે...જીવ-૧
જાવું છે રે જાવું છે રે માલ ધન મેલી, ઠાલું ઠેલી રે...જીવ-૨
જાવું છે રે જાવું છે રે આવું તન ત્યાગી, જોને જાગી રે... જીવ-૩

જાવું છે રે જાવું છે રે આપો જમણે હાથે, આવે સાથે રે... જીવ-૪
જાવું છે રે જાવું છે રે કહે નિષ્કુળાનંદ, ભજ ગોવિંદ રે... જીવ-૫

**૮૯૮** **પદ-૪/૨**

ભૂલે માં રે ભૂલે માં રે આવું અંગ ભાળી, દેશે બાળી રે ભાઈ ભૂલેમાં...ટેક૦
ભૂલે માં રે ભૂલે માં રે તન નથી તારું, માને મારું રે...ભાઈ-૧
ભૂલે માં રે ભૂલે માં રે દેખી દેહ રૂડી, છે જો કુડી રે...ભાઈ-૨
ભૂલે માં રે ભૂલે માં રે દેહ દેશે દાટી, થાશે માટી રે...ભાઈ-૩
ભૂલે માં રે ભૂલે માં રે દેખી દેહ સારી, જોને વિચારી રે...ભાઈ-૪
ભૂલે માં રે ભૂલે માં રે કહે નિષ્કુળાનંદ, સ્વામી સુખકંદ રે...ભાઈ-૫

**૮૯૯** પદ-૪/૩

માની લે રે માની લે રે, માની લે મન મારું, તો ઘણું સારું રે મન માનીલે-ટેક૦
માની લે રે માની લે રે ખોટામાં શું ખૂંત્યો, તજને તું તો રે...મન-૧
માની લે રે માની લે રે ધાઈશમાં ધન નારી, થાશે ખુવારી રે...મન-૨
માની લે રે માની લે રે સાચાનો થા સંગી, મન બહુરંગી રે...મન-૩
માની લે રે માની લે રે તાણ તારી તજી, હરિ લેને ભજી રે...મન-૪
માની લે રે માની લે રે કહે નિષ્કુળાનંદ, ફીટે ભવફંદ રે...મન-૫

**૯૦૦** **પદ-૪/૪**

વિચારે રે વિચારે રે વિચારે વીર વારું, તો ઘણું સારું રે વીર વિચારે-ટેક૦
વિચારે રે વિચારે રે વિચારીને ચાલે, જાવું કાલે રે...વીર-૧
વિચારે રે વિચારે રે વિચારીને બોલે, હરિ મ ભૂલે રે...વીર-૨
વિચારે રે વિચારે રે સતસંગ કુસંગ, તો રહે રંગ રે...વીર-૩
વિચારે રે વિચારે રે દુર્લભ આ દેહી, ગઈ આવે નહીં રે...વીર-૪
વિચારે રે વિચારે રે કહે નિષ્કુળાનંદ, છેલ્લી છંદ રે...વીર-૫

૯૦૧ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧

જુઓ વિચારી આ સોબત સારી, એકાએકી ચાલ્યા ઊઠીજી૦
કોઈક આજ ને કોઈક કાલ, આંહી રહ્યાની વાત જૂઠીજી...જુઓ-૧
નાનાં ને મોટાં નજરે નીરખતાં, ગયા આપણા ગોઠીજી...જુઓ-૨
દિન દિન પ્રત્યે અંગ રંગ પલટે, શ્વેત વાળ કાળા કોઠીજી...જુઓ-૩
કર્મ વિકર્મ કર્યા જેણે જેવા, તેવી પલાણી ચાલ્યા પોઠીજી...જુઓ-૪
નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, તું જીત્યો હારી જામા મૂઠીજી...જુઓ-૫

૯૦૨ પદ-૪/૨

કાળ વિકરાળ વેરી શિર ગાજે, ચેતો ચેતો નરનારીજી૦
જે કાંઈ જાયું તે જાશે જરૂર, જુઓને મનમાં વિચારીજી...કાળ-૧
દેવ દાનવ માનવ ને મુનિ, રહે નહીં તન ધારીજી...કાળ-૨
કોઈક જીતી જાશે આ જગમાં, કોઈક જાશે મૂડી હારીજી...કાળ-૩
કેડા મોર્યે રહ્યું નહીં કોઈ, સહુ સંત કહે પોકારીજી...કાળ-૪
નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, માની શિખામણ મારીજી...કાળ-૫

૯૦૩ પદ-૪/૩

જૂઠી માયા કાયા પણ જૂઠી, તેમાં લોભાણો શું લેરીજી૦
તેં તો જાણ્યું જીવીશ જુગ ચારે, માથે ન દીઠો કાળ વેરીજી...જૂઠી-૧
માત તાત કેનાં સુત સંબંધી, કેનાં માલ ધન મેરીજી...જૂઠી-૨
અંતકાળે કોઈ કામ ન આવે, જયારે લીએ જમ ઘેરીજી...જૂઠી-૩
ભૂલવણીમાં ભૂલી ભગવંત, ખાધાં ફળ ઝાઝાં ઝેરીજી...જૂઠી-૪
નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, માની વાત સંત કેરીજી...જૂઠી-૫

૯૦૪ પદ-૪/૪

પરદેશી છે આ પ્રાણી પરોણલો, તે રહી રહીને કેટલુંક રહેશેજી૦
ચાલું ચાલું નિત્ય ચિત્ત ચિંતવે છે, ચાલી અચાનક દેશેજી...પર-૧
મારું મારું કરી મમતે મરે છે, ચાલંતા શું શું એ લેશેજી...પર-૨
માયા મોહમાં મતિ ભરમાણી, ઉપદેશ અંતરે ન પેસેજી...પર-૩
જાતી વેળા કહેશે કાંઇ ન માણ્યો, કેડે કાંણિયા એમ કહેશેજી...પર-૪
નિષ્કુળાનંદ કહે ભજી લે ગોવિંદ, આ વાત હૈયામાં જો બેસેજી...પર-૫

-: દોહા :- (નિષ્કુળાનંદસ્વામી)

કળી મળ રૂપે કામળી, પૂરણ હતું પાપ;
મહારાજે મોટી મેર કરી, સબળ કાઢ્યો સંતાપ.
ત્યાગ હીણા જે તપસી, સુણો સંત સુજાણ;
કામળી કારણ જે કરગર્યા, વર્ણવું તેની હું વાણ.

૯૦૫ રાગ : પરજ પદ-૧

પાછી આપો તમારો પાડરે, મારી ધોરાજીની ધાબળી.
સુતાં બેઠાં સાંભરે મુને ધાબળી ધોળી ફુલ;
દશ રૂપૈયા દેતાં ન મળે, એવી હતી અમૂલ રે. મારી૦ ૧
સુંવાળી ને સુતર સરખું, ઝીણા પોતી જોર;
ડોસે ભકતે દેહ મૂકયો ભાઇ, તેણે બાંધીતી કોર રે. મારી૦ ૨
ચોળ રંગની ચટકીદાર, ઉન હતી અનુપ;
ઝીણી ઝીણી ત્રિબે ખીલી, તેમાં થૈ તદરુપ રે. મારી૦ ૩

કાળી રુપાળી કોરે શોભે, લોભે જોઈ મન;
ઓઢી બેસતાં અંતર માંઈ, ખરચ્યું ન ખટકે ધન રે. મારી૦ ૪
પાઠ કીધાનું પુસ્તક દીધું, લીધું તેનું ધન;
કાલાવાલા ક્રોડય કર્યા છે, તે જાણે છે મારું મન રે. મારી૦ ૫
એકના અઢી રોકડા આવ્યા, બીજાના આવ્યા બે;
અરધો જેમતેમ જોડ્યો, એ પાંચ પુરાની છે રે. મારી૦ ૬
કામળી બળતી કેમ દેખાશે, થાશે મારું મરણ;
બાળોમાં એ બાંધી મૂકો, માંડ ફરે પ્રકરણ રે. મારી૦ ૭
અજાણે હું તો ઓઢી આવ્યો,કળ ન પડી કાંયે
હવે ની જો હાથ આવે તો, ઘાલું હું ગોદડી માંયે રે. મારી૦ ૮
આજ પછી તો એમ નહિ કરું, ખૂબ વળી છે લાજ;
નામું વાળું તો નરસું લાગે, આપો પાછી આજ રે. મારી૦ ૯
ધાબળી રાંડ ધુંધવી ઉઠી, ખમી ન શકી ખોટ્ય;
બળતી જળતી બોલવા લાગી, લઈ મોટાની ઓટ્ય રે. મારી૦ ૧૦

૯૦૬ રાગ : ધોળ પદ=૪ પદ - ૪/૧

મળે જીવન મુકત તે જોગિયા,
ત્યારે ટળે તન મન તાપ...સતસંગ કીજીએ૦
ફરે અવયવ આ રે શરીરના, પરાં પળાય પંડનાં પાપ...સત૦ ૧
જેમ કીટ મટી થાય ભમરી, તેને કીટ કહે નહીં કોય...સત૦ ૨
જેમ પારસ પરસે લોહને, તે તો હેમ હેલા માંહી હોય...સત૦ ૩
જેમ ચંદન વાસથી વૃક્ષને, કરે ચંદન સમાન સોય...સત૦ ૪

જેમ મલિન મળે જળ જાહ્નવી, તેને તરત કરે ગંગ તોય...સત૦ ૫
ત્રાંબા મહોર પલટે છે પાણીએ, કરે કંચનમય રસકૂપ...સત૦ ૬
તેમ સદ્‌ગુરૂ મુખિયા સંતથી, થાય જંત તે સંત સ્વરૂપ...સત૦ ૭
શુક નારદ વ્યાસને વાલ્મીકિ, એતો ઈશ્વર કા'વિયા આપ...સત૦ ૮
ધ્રુવ અંબરીષ પ્રહ્‌લાદ વિભીષણ, થયા સુખિયા સંત પ્રતાપ...સત૦ ૯
સંત સર્વે સુખ થાવા ઠામ છે, તે તો પ્રસિદ્ધ કહે છે પુરાણ...સત૦૧૦
મન કર્મ વચને તું માનજે, કહે નિષ્કુળાનંદ નિરવાણ...સત૦૧૧

**૯૦૭** **પદ-૪/૨**

તમે અંતરની આંખે ઓળખી,
કરો સદ્‌ગુરૂ સંતનો સંગ ઓળખવું...અંતરે૦
ગાયે ગીતા ભાગવત સંતને, એવાં લક્ષણ હોય જેને અંગ...ઓળ-૧
એથી અર્થ સરે સર્વે આપણો, જાયે જન્મ મરણનું દુઃખ...ઓળ-૨
હરખ શોક શમે આ સંસારના, થાયે અંતરે શાંતિ ને સુખ...ઓળ-૩
કરે નિરભે ભાંગી ભવ ભયને, તેને પાછો પરાભવ ન થાય...ઓળ-૪
મટે કાળ કર્મ ને કલ્પના, જમ શિર તે જાંગીના વાય...ઓળ-૫
સાચા સદ્‌ગુરુથી સુખ પામીએ, ખાયે ખોટાથી મોટી જો ખોટ...ઓળ-૬
જેથી જન્મ જાય એળે આપણો, પછે ચડીએ તે કાળની ચોટ...ઓળ-૭
મિથ્યાવાદીને સંગે જો માલતાં, કોઈ કાળે ન સરે કાજ...ઓળ-૮
પાર ન કરે પોત પાષાણનું, તરે તારે જો કાષ્ટનું ઝા'ઝ...ઓળ-૯
એમ સત્ય અસત્યને ઓળખી, વળી કરીએ વિવેક વિચાર..ઓળ-૧૦
કહે નિષ્કુળાનંદ નર હેતનું, એળે ન ખોયે આ અવતાર..ઓળ-૧૧

**૯૦૮** **પદ-૪/૩**

મળી મનુષ્ય દેહ મોંઘા મૂલની,

ફરી ફરી ન આવે જો એહ...સમજવું સાનમાં૦
જેને દેવ વંછે ઘણું દલમાં, તોય પામે નહિ તન તેહ...સમ-૧
નરતન તે નૌતમ નાવ છે, તરવાને સમુદ્ર સંસાર...સમ-૨
તેમાં મળે સદ્‌ગુરુ માલમી, ત્યારે ઉતારે પળમાં પાર...સમ-૩
એવો અવસર અવર આવે નહીં, સરખે સરખો મળ્યો છે સમાજ...સમ-૪
સદ્‌ગુરુજીને શીશ આ અર્પીએ, કરી લઈએ જો આપણું કાજ...સમ-૫
સમા વિના તે અર્થ સરે નહીં, રહીએ સમા સમે સાવધાન...સમ-૬
માન મૂકી મળીએ મહંતને, આપે સદ્‌ગુરુજી નિજ જ્ઞાન...સમ-૭
ભાંગે ખોટ મોટી ખોયા દનની, વાગે જીત તણા જાંગી ઢોલ...સમ-૮
શોભે જીવત તેનું સંસારમાં, માણે આનંદ અતિ અતોલ...સમ-૯
થઈ મગન મોજ ઘણી માણીએ, સાચા સદ્‌ગુરુ સંતને સંગ..સમ-૧૦
મળી નિષ્કુળાનંદ મહંતને, લીજે અખંડ આનંદ અંગ..સમ-૧૧

૯૦૯ પદ-૪/૪

ધન્ય ધન્ય એ સંત સુજાણને,
જેનું ઊલટી પલટ્યું આપ...સંત તે સ્વયં હરિ૦
આપ ટળી મળ્યા ભગવાનમાં,જેના આપમાં હરિનો વ્યાપ...સંત-૧
જેનાં શીશમાં શીશ છે શ્યામનું, જેનાં નેણમાં નાથનાં નેણ ...સંત-૨
જેનાં મુખમાં મુખ મહારાજનું, જેનાં વેણમાં વાલાનાં વેણ...સંત-૩
જેના કાનમાં કાન છે કૃષ્ણના, જેનાં નાકમાં નાસિકા નાથ...સંત-૪
જેની જીભમાં જીભા જીવનની, જેના હાથમાં હરિના હાથ...સંત-૫
જેના હૃદયમાં હૃદય હરિતણું, જેના પાવમાં પ્રભુના પાવ...સંત-૬
જેમ હીરો હીરા વડે વેંધીએ, તેમ થયો તે સહજ સમાવ...સંત-૭
એમ સંતમાં રહ્યા છે શ્રીહરિ, માટે સંત છે સુખનું ધામ...સંત-૮
ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન જે, તેને રહેવાનું સંત છે ઠામ...સંત-૯

એવા સંત શિરોમણિ કયાં મળે, જેણે દેહબુદ્ધિ કરી દુર..સંત-૧૦
કહે નિષ્કુળાનંદ એને સંગે, ઉગે અંતરે આનંદ સુર..સંત-૧૧

## ૯૧૦ રાગ : જંગલો પદ-૧

મુને સપને ન ગમે રે સંસાર, કો'ને કેમ કીજીએ;
વમન થયું મન ઊતર્યું, એવો લાગ્યો રે સંસાર...કો'ને૦ ૧
સે'જ પલંગ ને પોઢણાં, કોઈ તળાંસે પાવ;
પતંગ પડ્યો તે ઉપરે, માથે જમ કેરો દાવ...કો'ને૦ ૨
મૃગરાજનાં મુખમાં, જે કોઈ જાયે જરૂર;
ખાન પાન સર્વે વીસરી, મરવું દેખે હજૂર...કો'ને૦ ૩
સ્વારથે સહુ કોઈ મળી, વિધવિધ કરે વાત;
અંતરમાં કહો કેમ ઊતરે, નજરે દીઠેલ ઘાત...કો'ને૦ ૪
સમજી વિચારી જોઈ કરો, તજી ખલકની આશ;
નિષ્કુળાનંદ નિશ્ચય કર્યો, સુખ તો સદ્‌ગુરૂ પાસ...કો'ને૦ ૫

## ૯૧૧ રાગ - ગરબી પદ=૧૨ પદ-૧૨/૧

વાય વાય જો કુમતિ મતિ તારી રે, મેલી મોહન વદન જોઈ નારી રે;
હાર્યો હેવાન કુમતિ જીતી બાજી રે, લાગી પેજારુ ન આવી લાજ પાજી રે...૧
તેં તો ખારી બલાને ખોળી લીધી રે, તેં તો વાઘણી શું વાલપ કીધી રે
તજી મહારસ મહાપ્રભુ મેવા રે, જાણી ઝેરનું પારખું જાય લેવા રે...૨
તેં તો સ્નેહ કીધો સર્પણી સાથે રે, માગી લીધું મૂરખ દુઃખ માથે રે;

ઘણી ઘાત થઈ છે ઘરમાંઇ રે, તેનો તુજને વિચાર નહીં કાંઇ રે...૩
તારું વિષય સંગાથે ચિત્ત બાંધ્યું રે, આંબ તજીને આકફળ ખાધું રે;
તેં તો વણસાડ્યું છે કાજ તારું રે, કહે નિષ્કુળાનંદ તે સારું રે...૪

૯૧૨ પદ-૧૨/૨

ધિક ધિક તારો જો અવતાર રે, તેં તો ન કર્યો નર જો વિચાર રે;
ચૌદ લોકને ગઇ છે નારી ચાવી રે, તુંને તેની પ્રતીત કેમ આવી રે...૧
બ્રહ્મા સરીખાને જેણે ભુલાવ્યા રે, શિવ સરીખાને જેણે જો ડોલાવ્યા રે;
જેણે એકલશૃંગીને અંધ કીધો રે, જેણે પરાશરને પકડી લીધો રે...૨
કીધું નારદતણું તે મુખ કાળું રે, ઋષિ સૌભરી તણું તે તપ ટાળ્યું રે;
જેણે અંધ તે અસુર કુળ કીધું રે, કહી અમૃતને જો વિખ દીધું રે...૩
જેણે રાવણતણું તે કુળ ખોયું રે, ત્યાં તારૂં તે મન કેમ મોહ્યું રે;
લીધું દુઃખ તે અલ્પ સુખ સાટે રે, કહે નિષ્કુળાનંદ તેહ માટે રે...૪

૯૧૩ પદ-૧૨/૩

બાળ્ય બાળ્ય કુમતિ મતિ તારી રે, તેં તો વાત કાંઇ ન જોઇ વિચારી રે;
કયાં ગઇ તારી અક્કલ અભાગી રે, તજી સુખ દુઃખ લીધું માગી રે...૧
તુંને વિષયના મોદક કેમ ભાવે રે, થાવા હડકાયાની હોંશ કેમ આવે રે;
તારૂં ધન દારા દેખી દિલ ડોલે રે, થઇ બાવરોને હકબક બોલે રે...૨
તારૂં અસત ધંધે તે મન લાગ્યું રે, સુતા અહિને ઉઠાડી વિખ માગ્યું રે;
મનગમતી ખાધી તેં ઠગમૂળી રે, તજી સુખસેજ સુતો જઇ સૂળી રે...૩
ફટ ફટ જો કુમતિ મતિ તારી રે, તજી મહીને વલોવ્યું જઇ વારી રે;
કહે નિષ્કુળાનંદ નર તું ને રે, વળી કહીશ કહ્યું નહીં કાંઇ મુને રે...૪

૯૧૪ પદ-૧૨/૪

એક અચંબો થાય છે અતિભારી રે, તું ને લાજ નથી આવતી લગારી રે;

લખ ચોરાશી કુટુંબ કુળ તારૂં રે, ખર સુકરમાં કે'ને કોણ સારું રે...૧
ઈંડજ ઉદ્‌ભિજને સ્વેદજ જરાયો રે, વાર અનેક તું ઉપજ્યો મરાયો રે;
ઉંચ નીચમાં લીધો તેં અવતાર રે, આવ્યો શ્વપચાદિ વર્ણ અઢાર રે...૨
એક એકને ઉદર નર આવ્યો રે, તું તો સરવે તણો સુત કા'વ્યો રે;
તેની લાજ તુંને ન આવી લેશ રે, હવે આપીએ તે શો ઉપદેશ રે...૩
દીઠો નહીં તું જ જેવો કોઈ ડાહ્યો રે, તું તો ભુખ ને દુઃખથી ન કાયો રે;
કહે નિષ્કુળાનંદ તે કેટલું રે, માન તજી હજી માન તો છે ભલું રે...૪

**૯૧૫ પદ-૧૨/૫**

સત્ય વાત એક સાંભળોને સારી રે, જો જો જન મન વાત એ વિચારી રે;
આવી મનુષ્ય દેહ તે શા માટે રે, આવ્યો કોણ કામ ચાલ્યો કોણ વાટે રે...૧
તેની સંતને ન પૂછી વાત સાચી રે, તું તો આપ ડહાપણે રહ્યો રાચી રે;
કરે સુખના સમાજ કાજ કામ રે, તારૂં મન મોહ્યું દામ વામ ધામ રે...૨
કરે મનોરથ મન નિત્ય નવા રે, વિષય સુખ વળી જે ભોગવવા રે;
આજ સુધી તેનો અભાવ ન આવે રે, કેમ ધતુરાના ડોડાં ભૂંડા ભાવે રે...૩
ડસ્યો ભોયંગને લાગે લીંબ મીઠો રે, કરી કમાણીને હાલ્યો નર હેઠો રે;
શી અક્કલ લીધી છે નર શીખી રે, કહે નિષ્કુળાનંદ નર દેખી રે...૪

**૯૧૬ પદ-૧૨/૬**

એક વાત વળી સાંભરી છે સારી રે, કહું વિવિધ પ્રકાર જો વિચારી રે;
એક બાવરો બેસાર્યો વળી વહાણે રે, માન્યું મૂરખ પડ્યો હું બંધિખાને રે...૧
ચડ્યો ફેર દીઠું છે સરવે ફરતું રે, માન્યું મનમાં જે પામ્યો હવે મૃત્યુ રે;
થયો આકળો અભાગી લાગી લે'રી રે, ખરા ખારવા વિશેષે જાણ્યા વેરી રે...૨
ચડી ડોલ ને દીઠું છે દુઃખદાઈ રે, મારી ઠેક છેક પડ્યો પાણી માંઈ રે;
એમાં દોષ કહો કેને હવે દઈએ રે, મળ્યો સતસંગ તરી તજી જઈએ રે...૩
તજી સુખ પડ્યો દુઃખો દધિ માંઈ રે, એમ કાર્યમાં ન જાયે કચવાઈ રે;

સરવે સુખદુઃખ વહાણનું જો સહીએ રે, કહે નિષ્કુળાનંદ પાર થઈએ રે...૪

૯૧૭ પદ-૧૨/૭

એક મૂરખને હાથ મણી મળી રે, જોઈ ચાખી સુંઘી ન લાગી ગળી રે;
હતો વેવલોને કે'વાતો વિવેકી રે, જોઈ તોડી ફોડી નાખી નરે ફેંકી રે...૧
તેમ સતસંગ મળ્યો શિરોમણિ રે, હતી બાળ બુદ્ધિ તે ઘણી રે;
તેણે સતસંગ રંગ અંગ ત્યાગ્યો રે, કાળા કામળાને કસુંબો ન લાગ્યો રે...૨
રહ્યો પથ્થર કોરો જો પાણી માંઈ રે, જળ મળે જવાસો સુકાઈ રે;
મળી મરકટને રાજ સાજ રિદ્ધિ રે, દેખી ટોપરૂં ને તરત ઠેક દીધી રે...૩
મળી અલ્પ મતિને વાત મોટી રે, કરે અનુમાન જ્ઞાન કહે ખોટી રે;
મળી અનુપમ મોજ તેજ ત્યાગી રે, કહે નિષ્કુળાનંદ એ અભાગી રે...૪

૯૧૮ પદ-૧૨/૮

જેમ સર્પને પાળી દૂધ પાય રે, તે તો ઘરનાં પરનાંને ખીજ્યો ખાય રે;
જેમ વેરીને શીખવે વિદ્યા વિધિ રે, કરે દાવ ઘાવ પાછો પરસિધિ રે...૧
દેખે દિનમાં અંધારૂ ખાંતે ખોળી રે, એવી અંધ નર ઉલૂકની ટોળી રે;
એવો નર કોઈ ન દીઠો નઠારો રે, મળ્યું કલ્પવૃક્ષ માગ્યો છે કુઠારો રે...૨
પડ્યું અવળું ન સુઝે બીજું આજ રે, રીઝ્યા રાજ પાસ માગી છે પિયાજ રે;
હરિ કલ્પવૃક્ષ સમ કા'વે રે, મળે તેને તેવું જેને જેવું ભાવે રે...૩
કહે છે દૈવનો ચોર મેલ્યું દેખી રે, પણ અંતરની ઈચ્છા ન ઉવેખી રે,
પડી જન્માંતરે વાત પાછી રે, કહે નિષ્કુળાનંદ એ સાચી રે...૪

## ૯૧૯ વેઠની વેઠની રે તારે...

વેઠની વેઠની વેઠની રે, તારે માથે છે ગાંસડી વેઠની,
માથે છે ગાંસડી ને પગ ઉઘાડા, લૂ વાય છે વૈશાખ જેઠની રે. તા૦ ૧

બીજાની હોય તો પડતી મેલીએ, એ છે સંસારીયા શેઠની રે. તા. ૨
જમવા બેસે ત્યારે જોડે મારે છે, નારી મળી છે તને ઠેઠની રે. તા૦ ૩
પૂર્વના પ્રગટ્યા બે ચાર બાળકો, પીડા પડી છે તેના પેટની રે. તા૦ ૪
નિષ્કુળાનંદ કહે માન્ય કહ્યું મારું, હુંડી સ્વીકારી દઉં ઠેઠની રે. તા૦ ૫

**૯૨૦ રાગ : ધોળ**

શ્રીજી પધાર્યા સ્વધામમાં રે, મેલી પોતાના મળેલ;
તે પણ તન જ્યારે ત્યાગશે રે, ત્યારે રખે પડતી જો ભેળ...શ્રીજી-૧
ત્યારે ભક્તિ મને કેમ ભાવશે રે, ધર્મ પર રહેશે જો દ્વેષ;
વાત વૈરાગ્યની નહિં ગમે રે, જ્ઞાનની નહિ રહે લેશ...શ્રીજી-૨
ક્ષમા દયા ને આધિનતા રે, શ્યા સારૂ રે'શે સંતોષ;
ત્યાગ તે પણ ટકશે નહિં રે, તે તો જોઈ મુકયો છે જોષ...શ્રીજી-૩
મન માને તેમ મ્હાલશે રે, ચાલશે ચિત્ત અનુસાર;
માથેથી બીક મટી ગઈ રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૪
પિસોરી જોડા તે પે'રશે રે, તેલના ભીંજ્યા તૈયાર;
ચટકંતી ચાલ્ય શું ! ચાલશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૫
પનાળા પોતિયાં પેરશે રે, લાલ કોરે લીટી લગાર;
પેચે પાટલીયું પાડશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૬
અવલ પછેડિયું ઓઢશે રે, તેમાં મર હોય જો તાર;
બણી ઠણીને બેસશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૭
મન માન્યું માથે બાંધશે રે, રૂડું હિંગળે રંગદાર;
બરોબર ગમતું ગોઠવશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૮
ગાદિ તકિયા ને ગાદલાં રે, અવલ ઓશિસાં સાર;

સજ્યા સુંદર સમારશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૯
ભાવતાં ભોજન જમશે રે, જેવો હશે પોતાને પ્યાર;
સારાં સ્વાદું શોધશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૧૦
ગરમ નરમ ગળ્યાં ચીકણાં રે, સુંદર વળી સુખ દેનાર;
ખટરસ ખોળીને ખાવશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૧૧
સારા શાક વઘારશે રે, મેલી ઘણા ઘીનો વઘાર;
જુકતે જુજવું જમશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૧૨
પગે પાળા શીદ ચાલશે રે, આવે જેણે અંગ અજાર;
ઘોડા ગાડિયું રાખશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૧૩
મોટાની મોટ્યપ ઢાંકશે રે, નાખશે પોતાનો ભાર;
વાતુંના વાયદા કરશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૧૪
નારી ધનને નિંદશે રે, વાતમાં વારમવાર;
અંતરે અભાવ તો નહિં કરે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૧૫
ફાવતાં દેશમાં ફરશે રે, તત્પર થઈ તૈયાર;
ગામ ગમતાં તે ગોતશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૧૬
સારા શહેરને શોધશે રે, જ્યાં દુઃખ ન હોય લગાર;
મીઠી રસોયુંને માનશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૧૭
છોટા છોટા શિષ્ય રાખશે રે, ચાકરી કરવા બે-ચાર;
મોટાની મો’બત્ય મુકશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૧૮
ત્યાગ હોય ન હોય જો તનમાં રે, તેનો અતિ કરશે ઉચ્ચાર;
દંભે કરી દન કાઢશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૧૯
વૃત્તિ અંતરે વાળશે નહિં રે, બઉ બઉ વરતશે બા’ર;
લોકમાં લાજ વધારશે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૨૦
સર્વ દગાના સ્થળ દેખાડિયાં રે, એવાં બીજાં છે જો અપાર;

તન અભિમાની તે નહિં તજે રે, જેને કેનો ન રહ્યો ભાર...શ્રીજી-૨૧
આ તો ભાખ્યું છે ભવિષ્યનું રે, સૌ સમજી ગ્રેજો સાર;
નિષ્કુળાનંદ કે' એ નહિં ફરે રે, કહ્યું છે મેં કરી વિચાર...શ્રીજી-૨૨

**૯૨૧ રાગ : કાફી પદ=૪ પદ-૪/૧**

સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ...ટેક૦
વ્યાસ મુનિએ પૂર્વે જે કહી'તી, તે વાત સાચી કરી...પ્રગટ૦ ૧
કૌશલ દેશમાં પ્રગટ્યા પોતે, દ્વિજકુળ દેહ ધરી...પ્રગટ૦ ૨
અધર્મ કેરાં મૂળ ઉખાડી, સદ્ધર્મ સ્થાપ્યો ફરી...પ્રગટ૦ ૩
નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા, નીરખ્યા મેં નેણાં ભરી...પ્રગટ૦ ૪

**૯૨૨ પદ-૪/૨**

સહજાનંદ હરિ, ભજી લ્યોને સહજાનંદ હરિ...ટેક૦
દારૂ માટી ચોરી અવેરી, એ ચારેનો ત્યાગ કરી...ભજી૦ ૧
જન્મ મરણનું સંકટ મોટું, તે થકી મનમાં ડરી...ભજી૦ ૨
નારાયણનું નામ જ લેતાં, ભવજળ જાશો તરી...ભજી૦ ૩
નિષ્કુળાનંદ કહે નિ:શંક થઈને, માનજો વાત ખરી...ભજી૦ ૪

**૯૨૩ પદ-૪/3**

જાવું જરૂર મરી, મેલીને સર્વે જાવું જરૂર મરી...ટેક૦
રાત દિવસ રળ્યો ધનને કાજે, સમર્યા નહિ ઘડીએ હરિ...મેલીને૦ ૧
મેડી મંદિરને માલ ખજીના, સંપત્ત રહેશે ધરી...મેલીને૦ ૨
સગાંસંબંધી સહુ જોઈ રહેશે, કેનું ન ચાલે જરી...મેલીને૦ ૩
નિષ્કુળાનંદ કહે જોને વિચારી, રહે નહિ દેહ ધરી...મેલીને૦ ૪

૯૨૪ પદ-૪/૪

મનમાં વિચારી જરી, જોયું નહિ મનમાં વિચારી જરી...ટેક૦
સાધુ જનની વાત ન માની, પાપીની સોબત કરી...જોયું૦ ૧
નારાયણનું નામ ન લીધું, મનુષ્ય દેહ ધરી...જોયું૦ ૨
જુવાનીમાં જોરે ભરિયો, ચોરી અવેરી કરી...જોયું૦ ૩
નિષ્કુળાનંદ કહે માગીને લીધી, માથે ચોરાશી ફરી...જોયું૦ ૪

૯૨૫ રાગ : પરજ પદ-૧

સંતો સાંભળો સાચી વારતા, નથી લીધો આ ભુખ્યે ભેખ રે,
જનુનીનો જાયો કહું છું, અવશ્ય હતો હું એક રે... સંતો૦૧
ગાડું બળદ ગાય ને ઘોડી, ડોબાં હતાં દશ બાર રે;
પાંચ મળીને પુછતાં મુને, કરતો હું કારભાર રે... સંતો૦૨
અન્ન ધન ધામ ને ધરણી, પરણી હતી ઘેર રે;
છોટાં છોટાં છોકરાં હતાં,હતી માતાજીની મે'ર રે... સંતો૦૩
ખાવા પીવાનું ખૂબ જડતું, વસ્ત્રનો નહિ પાર રે;
જોઈએ તેવાં જોડાં જડતાં, તકે તકે તૈયાર રે... સંતો૦૪
એટલું મેલી અહીં આવ્યો છું, ઉર કરી વિચાર રે;
ભૂખે મરતાં ભેખ લીએ છે, ગણશો નહિ એની હાર રે... સંતો૦૫
જ્ઞાન વૈરાગ્યે ગળે ઝાલ્યો, કયાંઇ ન ચોટ્યું ચિત્ત રે;
નિષ્કુળાનંદ કહે નહિ કહું તો, જોડશે મારું ગીત રે... સંતો૦૬

## ૯૨૬ રાગ : ધોળ પદ-૧

સંતો વિમુખ થકી રહીએ વેગળા, ડરીએ દિવસ ને રાત રે;
સંતો વિશ્વાસ કરતાં વિમુખનો, વણસી જાય જો વાત રે. સંતો-૧
સંતો વિમુખ વિખ આપે વાતમાં, કરી હેત અપાર રે;
સંતો રગ રગમાં તે રમી રહે, ન રહે વચનનો ભાર રે. સંતો-૨
સંતો સોબત ન ગમે પછી સંતની, વા'લા લાગે વિમુખ રે;
સંતો નિયમ ન ગમે નાથનાં, માને મોકળે સુખ રે. સંતો-૩
ત્યારે કરવાનું તે કયાંથી કરે, થાય ન કરવાનું કામ રે;
કહે નિષ્કુળાનંદ નિશ્ચે નર, ન પામે સુખ ઠામ રે. સંતો-૪

## ૯૨૭ ભૂમાનંદ મુનિ કૃત કકો

કકા કળિમાં એ છે સાર, હરિકીર્તન કરી હોય ઉદ્ધાર;
વિષય વાસના ત્યાગ કરે, તો હરિકીર્તનથી કારજ સરે;
ભવસાગરનો આવે પાર...કકા-૧
ખખા ખાલી હાથે જાય, દેવ દર્શનનું ફળ નહિ થાય;
દર્શન કરતાં દારા જુવે, તે પણ દર્શનનું ફળ ખુવે;
દર્શોંશ દેવતણી જે ખાય...ખખા-૨
ગગા ગણતી તારી નથી, મરી ગયા મોટા મહારથી;
તે માટે સવેળે ચેત, કરી લે એક હરિસંગ હેત;
કુટુંબ સારૂં કાં મર્ય મથી...ગગા-૩

ઘઘા ઘોર કળિ છે આજ, જો કર્ય સત્સંગ તો રહે લાજ;
જવું ન પડે જમને દ્વાર, ચોરાશીનો આવે પાર;
સર્વે તારૂં સરસે કાજ...ઘઘા-૪
ઙઙા ગંદી વસ્તુ જેહ, નરત્રિયાનાં તનુમાં તેહ;
કાળા ગોરા ઉપર ચામ, જેને જોતાં ઉપજે કામ;
જુઠું જાણી ન કરો નેહ...ઙઙા-૫
ચચા ચેતો આવ્યો કાળ, જેમ માછલીને જાલે ઝાળ;
ચૌદ લોક આવે મુખમાંય, સૂડી વચ્ચે સોપારી ન્યાય;
જેમ ઉંદરને જાલે વ્યાળ...ચચા-૬
છછા છુટ્યાનો ઉપાય, એક જ છે જો સત્સંગ થાય;
સત્સંગે થાય કિશોર વય, ત્યારે ટળે કાળનો ભય;
જીવન પર્યંત હરિજશ ગાય...છછા-૭
જજા જપ જીવનનો જાપ, ટળે ત્રિવિધ તેણે તાપ;
પંચ વિષય સુખ દે પરહરી, નરક ચોરાશી નાવે ફરી;
સત્સંગમાં સમરપિ આપ...જજા-૮
ઝઝા ઝાંઝવાનાં જળ જેમ, નિરાકાર બ્રહ્મ જાણો તેમ;
તે જળથી જો તૃષા જાય, તો તે ભજતે કલ્યાણ થાય;
શૂન્યવાદીની સમઝણ એમ...ઝઝા-૯
ઞઞા ઈશ્વર અક્ષર માંઈ, સાકાર મૂર્તિ સુખદાઈ;
જ્યારે એ અવનિ અવતરે, જેને જોગે જીવ ઉદ્ધરે;
પુરૂષોત્તમને ભજી લે ભાઈ...ઞઞા-૧૦
ટટા ટેક અંતરમાં ધરી, શીર સાટે સમરી લે હરિ;
અન્ય દેવને જે આશરે, હરિભકિતમાં વિઘન કરે;
પતિવ્રતા થઈને લે વરી...ટટા-૧૧

ઠઠા જાશો ઠાલે હાથ, એક દમડી નહિ આવે સાથ;
ઈશ્વરને આરાધો ઉર, નહિ તણાવો તૃષ્ણાને પુર;
મેલી દે માયાની બાથ...ઠઠા-૧૨
ડડા ડહાપણ ડોળ્યું ઘણું, જગમાં ચાવો થાવા તણું;
લેવા ઈચ્છયો મોટપ્ય માન, વિસારી મેલ્યા ભગવાન;
અંતે કામ ન આવે અણું...ડડા-૧૩
ઢઢા ઢોરની રાખી રીત, પંચ વિષય ભોગવ્યા કરી પ્રીત;
સન્માન સંબંધિનું કર્યું, ઉજ્જડ ગામનું ભાતું ભર્યું;
મહાજનને નહિ કીધા મિત...ઢઢા-૧૪
ણણા લે નારાયણ નામ, કઠણ વેળાએ આવે કામ;
નામી વિના નામ ઉચ્ચરે, તેનું તો કારજ નહિ સરે;
એ મૂર્તિનું અક્ષરધામ...ણણા-૧૫
તતા તજી દે તન અભિમાન, જીવ આત્માને નિજરૂપ જાન;
તે બ્રહ્મ હું પરબ્રહ્મનો દાસ, એમ સમઝી હરિને ઉપાસ;
એમ વિચારી આત્મજ્ઞાન...તતા-૧૬
થથા થોડા જીવ્યા કાજ, અધર્મ નહિ આરંભે આજ;
નરદેહે નિજ ઈચ્છિત થાય, કર્મ ખપ્યાનો કર્ય ઉપાય;
સત્સંગ પાળી બાંધો પાજ...થથા-૧૭
દદા દિવસ જે જે જાય, આવરદામાં ઓછો થાય;
મા બાપ જાણે મોટો થયો, મુળગામાંથી પણ તે ગયો;
તે સૂશે સમશાને કાય...દદા-૧૮
ધધા ધૂમની ભર્યમા બાથ, એ નહિ આવે તારે સાથ;
શોધી સદ્‌ગુરૂ શરણે જાઓ, અજર અમર અવિનાશી થાઓ;
કહું છું તારે કાજે ગાથ...ધધા-૧૯

નના નરતનું નાવે ફરી, દેવને દુર્લભ તેતો ધરી;
હવે હરિનો નહિ કાંઈ વાંક, મળ્યો ચિંતામણી રહે મા રાંક;
ઈષ્ટદેવને રહે અનુસરી...નના-૨૦
પપા પામર એનું જ નામ, વિષય ભોગવે ભુલી રામ;
ઉદર અરથે ઉદ્યમ કરે, શ્વાન સૂકર સમ થઈને ફરે;
જેને લાગે વહાલી વામ...પપા-૨૧
ફફા ફુટી હાંડી જેહ, તુંને અંત્યે દેશે તેહ;
બીજી જે સામગ્રી સહુ, વહેંચી લેશે છૈયાં વહુ;
કાંઈ ન માણ્યો કહેશે એહ...ફફા-૨૨
બબા બાજી જીતી ગયા, જે જગમાં સત્સંગી થયા;
જેણે કીધો કુસંગ ત્યાગ, તે જ મનુષ્યનાં મોટાં ભાગ્ય;
પ્રગટ પ્રભુને શરણે રહ્યા...બબા-૨૩
ભભા ભેર વાગતે જાય, નરકે ન ભજી ત્રિભુવનરાય;
હરિના જનસંગે જે વેર, અમૃત ઢોળી પીવું ઝેર;
પરનારી સંગ જે નર ચ્હાય...ભભા-૨૪
મમા મેલો મનનો મેલ, પ્રભુ પામવા તો છે સહેલ;
સુખ દુઃખનું દેનારૂં એહ, જન્મ મરણનું કારણ તેહ;
એને આધીન સર્વે ફેલ...મમા-૨૫
યયા યુવતી નર આકાર, માયાના છે મોરાં ધાર;
તેમાં જે રહેનારા જીવ, તે નહિ માયા વસ્તુ દિવ;
સર્વેને હરિ ફળદાતાર...યયા-૨૬
રરા જે છે રમતારામ, તે જાણો જીવોનાં નામ;
લખચોરાશી ધારે વેશ, માયાનો નહિ લાગે લેશ;
મૂળ માયા તો તેનું ધામ...રરા-૨૭

લલા લેવા છે હરિનામ, દેવા લાયક તો અન્ન દામ;
અન્નદાને સહુ તૃપ્ત થાય, હરિનામથી પાપ પલાય;
પણ જો રાખે વ્રત નિષ્કામ...લલા-૨૮
વવા વચનનો જે છે લોપ, તે જ પ્રભુનો જાણો કોપ;
લક્ષ્મણ ને સીતાજી જેહ, વચન લોપથી ત્યાગ્યાં તેહ;
વચને વરત્યાં ગોપી ગોપ...વવા-૨૯
શશા શલેલ જે કહેવાય, તેની તો શુભગતિ નહિ થાય;
કામી ક્રોધી લોભી બહુ, ત્યાગી તરતા દેખ્યા સહુ;
સર્વે ભેળો ભળવા ચ્હાય...શશા-૩૦
ષષા શોધી લે તું હરિ, દેહ મનુષ્યનો નાવે ફરી;
જો મળી જાય પ્રગટ રામ, તો તે આપે અક્ષરધામ;
અવનિ ઉપર નર તનું ધરી...ષષા-૩૧
સસા સૂર્ય દરશે જેમ, સ્વચ્છ વસ્તુ સર્વેમાં તેમ;
એણે જો અંધારૂં ટળે, તો પ્રગટ વિન કારજ સરે;
વ્યાપક હરિપણ જાણો એમ...સસા-૩૨
હહા હેરોમા પરનાર, તે માની તજો નરકનો દ્વાર;
ભોગવવા જેટલાં પગ ભરે, તેટલી બ્રહ્મહત્યા શિર ઠરે;
જાળે જપ તપ પૂજા જાર...હહા-૩૩
ક્ષક્ષા ક્ષેત્ર અન્યનું પાપ, તીરથમાં તે થઇ જાય સાફ;
તિરથ ક્ષેત્રમાં જો કરે, વજ્રલેપ થઈ શિરે ઠરે;
મન વશ કરી જપો હરિ જાપ...ક્ષક્ષા-૩૪
ત્રત્રા ત્રિલોકમાં દેહ, પંચભૂતના પડશે તેહ;
જે પામે છે અક્ષરધામ, ભાગવતી તેનું છે તે નામ;
અક્ષર પુરૂષ કહાવે એહ...ત્રત્રા-૩૫

જ્ઞજ્ઞા જ્ઞાન વીન મુકિતનામ, નથી થાતી ભજતાં રામ,
જીવ ઈશ્વર માયાનું રૂપ, જાણવું તે છે જ્ઞાન અનુપ;
પુરૂષોત્તમ ને અક્ષરધામ...જ્ઞજ્ઞા-૩૬
અઆ આનંદ આઠે જામ, વરતે તો જો થાય નિષ્કામ,
વાસનાનો જો થાય વિયોગ, તો ટળે જન્મ મરણ રૂપ રોગ;
ઉરમાં વાસ કરી રહે રામ...અઆ-૩૭
ઈઈ ઈ અધર્મનું મૂળ, કહું છું કાપી નાખો સ્થૂળ;
માંસ મદિરા ચોરી જેહ, અવેરી છે ચોથું તેહ;
રાખો હૃદયમાં ધર્મનું કુળ...ઈઈ-૩૮
ઉઊ ઉદ્વેગનું અગાર, કુસંગ છે કહું છું નિર્ધાર;
કરી સત્સંગ સાધી લે કાજ, ભવજળ તરવાનું એ ઝાઝ;
નહિ તો જાશો જમને દ્વાર...ઉઊ-૩૯
ઋઋ ઋષિ નારાયણ જેહ, અક્ષરધામી આપે એહ;
કૃષ્ણરૂપ થયા સ્વછંદ, તે છે સ્વામી સહજાનંદ;
પ્રગટ્યા પૂર્વ છપૈયા તેહ...ઋઋ-૪૦
ઓઓ પહોંચ્યો આવી કાળ, વિષયથી મન પાછું વાળ;
ચેંત સવેળે સત્સંગ કરી, શ્વાસોશ્વાસ સ્મરી લે હરિ;
નરદેહ વિન નહિ આવે તાળ...ઓઓ-૪૧
અક્ષરનો તો લીધો લેશ, આત્માને દીધો ઉપદેશ;
મિથ્યા કરવા માયા ફંદ, કકો કહે છે ભૂમાનંદ;
હરિ હરને ભજવા હંમેશ, અક્ષરનો તો લીધો લેશ-૪૨

૯૨૮ રાગ : ઠૂમરીપદ=૪ પદ-૪/૧

તેરે દીલમેં દેખ તપાસી, નાહિ રહેના યા જગમેં જરૂર રે...ટેક.
દો દિનકે મિજબાન હો દુનિયાં, કાયકું કરત હો કુંર રે૦...૧
આવરદા સબ યુ બહિ જાયગી, ક્ષુદ્ર નદીકો જ્યું પુર રે૦...૨
કૈતે રાઓ દેખે અંખીયનસેં, ભયે ભૂમિ પર ધુર રે૦...૩
ભૂમાનંદકો નાથ ભજ્યા વિન, જાઓંગેં જ્યું આકકે તૂર રે૦...૪

૯૨૯ હરિ વિના હેતુ નથી તારું પદ=૪ રાગ : પરજ પદ-૪/૪

પ્રભુ સંગે પ્રીતિ કરો પ્રાણી, સાચા સગા જીવનને જાણી રે૦...ટેક.
તેથી કારજ સરે તમારૂં, મટી જાય માયાનું લારું રે૦...૧
માથે મોટો છે જમનો જોખો, અંતકાળે થાશે અતિ ધોખો રે૦...૨
આવ્યો દાવ જાશો માં હારી, ભૂમાનંદનો વાલો વિસારી રે૦...૩

નવલ સનેહી નંદલાલ સૈયરો પદ=૪

૯૩૦ રાગ : ઠૂમરી પદ-૪/૪

સહજાનંદ શુભ નામ રટો;
સ્વામિનારાયણ નારાયણ નારાયણ રે૦...ટેક.
તન મન ધન અર્પણ કરી ઈનકું;
હાંરે પ્રભુ જુત હોય કે પ્રભુ પારાયણ રે૦...૧

શ્યામ બિના સબ દેહું નિકાસી;
હાંરે ઉરહુંસે સજન સુત દારાયણ રે૦...૨
મન કર્મ વચને મોહનકે હોયકે;
હાંરે શ્વાસોશ્વાસ સંભારી દિન સારાયણ રે૦...૩
ભૂમાનંદ એહિ અંત સમેકો;
હાંરે સગો નરક ચોરાશી દુઃખ તારાયણ રે૦...૪

**૯૩૧ રાગ : સોરઠ પદ-૧**

જોને જાગીને, અંતરમાં અંધારું મૂરખ તારે,
સાચા સંત હરિ, ઓળખીને તું હૈડામાં નવ ધારે...જોને૦ ટેક.
તું દેહ માંહે પ્રભુને શોધે, તે કપટી ગુરુ કેરે બોધે;
તેમાં તારું મનડું નવ રોધે..જોને...૧
વળી નાગ પાંચમ આવે જ્યારે, કરી સરપ લીટો પૂજે ત્યારે;
સાચા નાગને લાકડીએ મારે..જોને...૨
જેમ ઘુવડ રવિને નવ દેખે, તેમ અજ્ઞાની પ્રભુ નવ પેખે;
તેનો મનુષ્ય દેહ જાય અલેખે..જોને...૩
તને જમડા લઈ જાશે તાણી, ત્યારે મુખથી નહિ બોલાય વાણી;
મંજુકેશાનંદ કહે સત્ય વાણી..જોને...૪

## ૯૩૨ જગબંધનની જેલ

જુઓને આ જગબંધનની જેલ, તેને તોડવી મુશ્કેલ...ટેક૦
પ્રેમદા ને પૈસો પગમાં, બેડીયું જડેલ;
સંતાન રૂપી હાથકડીયું, ભીસીંને ભીડેલ...જુઓને-૧
વૈભવરૂપી કિલો રચીયો, મોહનાં દ્વાર દીધેલ;
તૃષ્ણારૂપી તાળું વાસ્યું, આશાની કુંચીએ દીધેલ...જુઓને-૨
લોભ માન ને ક્રોધ રૂપી, સજ્જડ પે'રો મુકેલ;
કામ રૂપી જેલર આડો, આઠે પહોર ઊભેલ...જુઓને-૩
એ જેલને તોડવા સારુ, મોટા મોટા મથેલ;
સૌભરી પરાશર જેવા ભાગ્યા'તા, પણ પાછળથી પકડેલ...જુઓને-૪
એ જેલને તોડવાનો છે, ખરાખરીનો ખેલ;
દયાનંદ કે' પ્રગટ પ્રભુના, શરણથી છે સહેલ...જુઓને-૫

## ૯૩૩ રાગ : ઠૂમરી પદ=૪ પદ-૪/૧

દુસરો કોન સુખદાઈ શ્યામ બિન, દુસરો કોન સુખદાઈ રે;
ધીરજતા ધ્રુવકી ઉર ધારી, અચલ પદ દિયો આઈ રે;
ઝુરે જબહી પકર્યો ગજકું, છીનમેં લિયો છુડાઈ રે...દુસરો-૧
પ્રહ્લાદકી અતિ પીરા પીછાની, પ્રગટ ભયે સ્થંભમાંહી રે;
હિરણ્યકશિપુ માર્યો હરિએ, નૃસિંહ વેશ બનાઈ રે...દુસરો-૨
પાંડવકું લાક્ષાગૃહ જારે, તાસુ લિને બચાઈ રે;

પંચાલીકે ચીર પૂરનકું, ધીર તજી આયે ધાઈ રે...દુસરો-૩
જહાં જહાં ભીર પરે ભકતનકું, તહાં તહાં હોત સહાઈ રે;
દયાનંદકો નાથ દયાલું. ભજો ભાવ ઉર લાઈ રે...દુસરો-૪

૯૩૪ પદ-૪/૨

બિપતિ કોન નિવારે નાથ બિન, બિપતિ કોન નિવારે રે;
ઉદરમાં અકળાયો પ્રાની, ત્રાહિ ત્રાહિ પુકારે રે,
દુઃખિયો જાની દયા આની, વાલમ આયે વ્યારે રે...બિપતિ-૧
ગર્ભ છોડાયો જન્મ ધરાયો, અંતર અગ્નિ જારે રે;
તૃષા બુઝાઈ ક્ષુધા સમાઈ, અમૃત કેરે આહારે રે...બિપતિ-૨
ઐસે હરિ ઉપકારી બિસારી, ચલિયો સંસાર લારે રે;
હેત જનાઈ સર્વસ્વ ખાઈ, નિશ્ચય નરકમેં ડારે રે...બિપતિ-૩
જૂઠ સગાઈ દૂર બહાઈ, ધની મોહન સિર ધારે રે;
દયાનંદકો શ્યામ સહાઈ, તુરત પાર ઉતારે રે...બિપતિ-૪

૯૩૫ પદ-૪/૩

જીયકો કોન હિતકારી હરિ બીન, જીયકો કોન હિતકારી રે;
કૂડી માયા કામ ન આવે, દેખો દિલમેં વિચારી રે,
મોહ બઢાવે બોત ભમાવે, આપે દુઃખ અપારી રે...જીયકો-૧
ગોપીચંદ સબ તજી દીનો, રાજ સાજ સુખ ભારી રે;
અતિ દુઃખદાની અસત્ય જાની, ભજીએ ભવ ભયહારી રે...જીયકો-૨
ભરથરીએ ભગવંત ભજન હિત, તજી સોળસેં નારી રે;
બાજંદે બાદશાહી બહાઈ, પ્રભુપદ પ્રીત વધારી રે...જીયકો-૩
એસો બિચાર અચલ ઉર આની, જગજંજાળ વિસારી રે;
દયાનંદકો નાથ ભજે તો, દેવે પદ અવિકારી રે...જીયકો-૪

૯૩૬ પદ-૪/૪

અંતર દેખ તપાસી તેરા કોન, અંતર દેખ તપાસી રે;
સગાં સબંધી સબ સ્વારથ સાથી, તાકી મત કરો આસી રે;
આયુષ હરાવે હરિ ભૂલાવે, લાલચમેં લોભાસી રે...અંતર-૧
ખોટા ખ્યાલ બન્યા બો'ત ભાતિ, દેખી હોત હુલાસી રે;
કપૂરકી જૈસે માલા મનોહર, જોવત આગે ઉડ જાસી રે...અંતર-૨
ધામ ધરા ધન સંપત્ત સર્વે, અસત્ય સત્ય જીને ભાસી રે;
તામે લોભાઈ પીડા પાઈ, ભયે જમપુરવાસી રે...અંતર-૩
યહાં દુઃખ ટારન ઈચ્છા ધારો, હોઈ સબસે ઉદાસી રે;
દયાનંદ કહત હે સમરો, શામળિયો સુખરાશી રે...અંતર-૪

૯૩૭ રાગ : ગરબી

મન માન કહ્યું તું મારૂં રે, નક્કી જાવું છે નિરધાર,
કાયા તારી કરમાશે, અંતે ફજેતી થાશે;
અંતે દેહ પડી જાશે રે, નક્કી જાવું છે નિરધાર...મન૦ ૧
જેમ વૃક્ષ પર પંખી આવે, રાત રહીને શાંતિ પાવે;
પ્રભાતે ઊડી જાવે રે,નક્કી જાવું છે નિરધાર...મન૦ ૨
નિત્ય મરે છે નાના મોટા, પાણી તણા પરપોટા;
સંસાર તણા ખેલ ખોટા રે, નક્કી જાવું છે નિરધાર...મન૦ ૩
નિત્ય ભમે છે કાળ તુને લેવા, નહીં દિયે પળ એક રહેવા;
જેણે લીધા છે રાવણ જેવા રે, નક્કી જાવું છે નિરધાર...મન૦ ૪
તારા જીવનું સાધન કરજે, હરિનામ હૃદયમાં ધરજે;

ભવસિંધુ સહેજે તરજે રે, નક્કી જાવું છે નિરધાર...મન૦ ૫
તમે ઈચ્છો અંતર સુખ થાવા, બધા મૂકી દ્યો મનના દાવા;
દયાનંદ હરિગુણ ગાવા રે, નક્કી જાવું છે નિરધાર...મન૦ ૬

૯૩૮ રાગ : જંગલો પદ=૪ ૪/૧

સ્વપનું સમજો રે આ સંસારને, દુઃખ દરિયો વિશાળ જી;
પડ્યા પાછા નવ નીસરે, કોટિ વાર ગળે કાળ જી...સ્વપનું-૧
માત તાત સુત જુવતી, સહુ સ્વારથિયો સાથ જી;
કામ સાધી કોરે રહે, દેવે જમડાને હાથ જી...સ્વપનું-૨
સગાં સંબંધી સહુ મળી, મોટો કીધો દઈ માન જી;
વેગે ચડ્યો વેવારને, ભૂલ્યો ભકિતનું ભાન જી...સ્વપનું-૩
અશ્વ વેલ્યું પલંગ પાલખી, હાથી હીંડોળા ખાટ જી;
મેલી જાવું જીવને એકલા, મારૂં માનો શા માટ જી...સ્વપનું-૪
મહોલ ઝરૂખા માળિયાં, રૂડી રંગીન મેડી જી;
તેને મેલાવી જમ મારતાં, તુરંત લઈ જાય તેડી જી...સ્વપનું-૫
ખાન પાન સુખ સેજમાં, રહેતો હૈયે હુલાસ જી;
દયાનંદ કહે હરિ ન ભજ્યો,થયો નરકે નિવાસ જી...સ્વપનું-૬

૯૩૯ પદ-૪/૨

વિષય વિકાર જેણે કીધલા, તેને દુઃખ અપાર જી;
ત્રિવિધ તાપની ઝાળમાં, બળે ગરજુ ગમાર જી...વિષય-૧
ધન નારીની ઘણી ધાંખડી, રાત દિવસ રુદે ધારી જી;
શ્વાન શુકર પેરે બોલતા, ગયા નર તન હારી જી...વિષય-૨
દીપક દેખી પતંગિયાં, પડી તન જાળે જેમ જી;

રૂપવંતી નારી નીરખી, નર નાશ પામે તેમ જી...વિષય-૩
દેશ વિદેશ ડોળીને, ધને ભર્યા ભંડાર જી;
તોય તૃષ્ણા જેની નવ ટળે, ઉલટી વાધે અપાર જી...વિષય-૪
ભોગ સંસારી ભોગવી, કોઈ તૃપ્ત ન થાય જી;
ઈન્દ્રીયો ઊંડી અપાર છે, વિષય નીરે ન ભરાય જી...વિષય-૫
ખોટામાં મન ખોડિયું, વૈરાગ્ય વાત ન વિચારી જી;
દયાનંદ કહે એવા નર, ચાલ્યા અવસર હારી જી...વિષય-૬

૯૪૦ પદ-૪/૩

વૈરાગ્ય વસેરે જેનાં ઉરમાં, બળતો લાગે સંસાર જી;
અરુચિ રહે સદા અંતરે, મિથ્યા માયિક વિચાર જી...વૈરાગ્ય-૧
નારીને ગણે રે નિશ્ચે નાગણી, સગાં શત્રુ સમાન જી;
વ્યવહાર વિખ સમ ત્રેવડે, પ્રભુ ભજવામાં તાન જી...વૈરાગ્ય-૨
રમણીક પદાર્થે રાજી નહીં, કરે દેહ નિરવાહ જી;
ચૌદ લોકમાં ચિત્ત નહીં, હરિ ચરણની ચાહ જી...વૈરાગ્ય-૩
ભાવિક ભોગ મિથ્યા ગણે, કોઈને ચિંતવે ન ચિત્ત જી;
હરિ મૂરતિમાં એક મન રહે, વૈરાગ્યવંતની એ રીત જી...વૈરાગ્ય-૪
અષ્ટ સિદ્ધિ નવનિધિને, અંતર ઈચ્છે ન લેશ જી;
મુકિત ચતુરધા ભૂલીને, હરિ સેવે હમેશ જી...વૈરાગ્ય-૫
જ્ઞાને જુકત વૈરાગ્યની, વાત લેજો વિચારી જી;
દયાનંદ કહે જેને ઉપજે, તેને થાય સુખ ભારી જી...વૈરાગ્ય-૬

૯૪૧ પદ-૪/૪

પ્રીતે ભજો રે પરબ્રહ્મને, સ્વામી સહજાનંદ જી;
નિજ આતમરૂપ માનતાં, થાય અતિ આનંદ જી...પ્રીતે-૧
કાળનું ભક્ષ સરવે જાણીને, કીટ બ્રહ્મા પર્યન્ત જી;

હરિજન હરિ પ્રતાપથી, રહે નિરભે નચિંત જી...પ્રીતે-૨
નિજ નજર કટાક્ષથી, વિશ્વ ઉપજે અનંત જી;
પાળે હરે તેને પળમાં,એવા મોટા ભગવંત જી...પ્રીતે-૩
પરાત્પર જેને કહે, વેદવાણી પોકારી જી;
તે અક્ષરવાસી વા'લમો, વિચરે નરતનું ધારી જી...પ્રીતે-૪
સમરથનું શરણ ગ્રહી, નબળા થાય બળવંત જી;
કામાદિક શત્રુ જીતીને, બને શૂરવીર સંત જી...પ્રીતે-૫
કોટિ સાધન કરે સામટાં, તોય ન મળે શ્યામ જી;
દયાનંદ કહે ભેટી ભકતને, લઈ જાયે નિજ ધામ જી...પ્રીતે-૬

## ૯૪૨ પદ-૧ નામનું નામનું નામનું રે...

સત્સંગી આપો સૌ નામનું, નામનું નામનું નામનું રે;
સત્સંગી આપો સૌ નામનું, ભાતું એ અક્ષરધામનું રે. સત૦૧
પાકા હરિજન પ્રીત કરીને રે, પાળો વચન ઘનશાંમનું રે. સત૦૨
રાંક રાજા અરધો સઉ આપો રે,નથી ખરચ કાંઈ દામનું રે. સત૦૩
બાર મહીને એકવાર દેવું રે,પુત્ર ત્રીયા નિજ વામનું રે. સત૦૪
શ્રીમુખે વચન શ્રીહરિ કીધું રે, કરવા પોતાના કામનું રે. સત૦૫
સત્સંગી જે હોય શિરોમણી રે, ઉઘરાવી દે બધા ગામનું રે. સત૦૬
રેંટીયો કાંતી રાંડી ડોશી પણ આપે રે,વચન પૂરણ કામનું રે. સત૦૭
હેતે કરી જે આપે હરિજન રે, ધામ પામે સુખધામનું રે. સત૦૮
નામ લખાવીને જે જન આપે રે,થાશે કલ્યાણ તમામનું રે. સત૦ ૯
હાથો હાથે માગી શ્રીહરિ લીધું રે, હૈયાની પૂરવા હામનું રે. સત૦૧૦

ભકત થઈ જે નામનું નાપે રે, પામે ન સુખ પરિણામનું રે. સત૦૧૧
લોભ રાખી જે અવગુણ લેશે રે, તેને વચન નથી કામનું રે. સત૦૧૨
જ્યાં ત્યાં ખુવે જન જુગટામાં જાણી રે, જાવા ચોરાશીમાં જામનું રે. સત૦૧૩
વેરો જાણીને જે નહિ આપે રે, દ્રવ્ય તેનું હરામનું રે. સત૦૧૪
અવિનાશાનંદ એમ શ્રીમુખે કીધું રે,વચન ઠરવાના ઠામનું રે. સત૦૧૫

## ૯૪૩ રાગ : પરજીયો

અંતે જાવું ઊઠી એકલા રે, સંગે આવે ન કોય;
પંડિત રંક ને રાય કે, હાં રે લાખુ લખપતિ હોય.અંતે૦ ટેક
કુંભ કાચો કાયા જાણવી રે, તેનો નહિ નિરધાર;
નાશ પામે પળ એકમાં, કરીએ કોટિ પ્રકાર. અંતે૦ ૧
માત પિતા સુત નારીઓ રે, સંગે ચાલે ન કોય;
અંત સમે સંગાથમાં, પૂણ્ય પાપ જ હોય. અંતે૦ ૨
મોટા મોટા તો મરી ગયા રે, છોટા મન મલકાય;
મરણ તો સ્વપ્ને ન સાંભરે, અતિ ઉર હરખાય. અંતે૦ ૩
બાંધવને બાળી આવીને રે, ભાઈ સંભાળે ભાગ;
મિલ્કતનો તે માલિક બને, એ આશ્ચર્ય અથાગ. અંતે૦ ૪
પસ્તાવો લેશ પામે નહિ રે, ઉર નહિ અફસોસ;
અવિચળ જાણી મંડ્યો રહે, ઉર એજ આલોચ. અંતે૦ ૫
નિત્ય જ્યાં નોબતો વાગતી રે, રૂડા રાગ સદાય;
એ સ્થળ આજ ઉજ્જડ પડ્યાં, જોયાં નજરે ન જાય. અંતે૦ ૬
એ જોઈને ઉદાસી અતિ રે, મને આવે છે ઉર;

આ લોકમાંથી ઉઠી જવું, એ તો જાણો જરૂર. અંતે૦ ૭
મરણ છે માથે માણસને રે, ખરેખરૂં ખચિત;
જગદીશાનંદનું તે થકી, કયાંક ચોટ્યું ન ચિત્ત. અંતે૦

૯૪૪ **રાગ : મરશીયો**

ધીક ધીક રે પ્રભુ ભજયો નહીં આ ટાણે,
તું ને ડાહ્યા જનો શું વખાણે રે...ધીક૦
મળ્યો મનુષ્યનો દેહ નાવ જેવો, ભવસિંધુ તરી શકાય તેવો,
રહ્યો આળસુ તું એવો ને એવો રે...ધીક-૧
તે મોહની મદિરાઘણી પીધી, તારી અકલ ઉઠાવી જોને દીધી;
તે તો સંગત કુકર્મીની કીધી રે...ધીક-૨
તું તો ડોળમાં ડહાપણ દેખાડે, નક્કી મારગ ચડી ગયો આડે;
તને સાધુ શું કહીને દેખાડે રે...ધીક-૩
વિશ્વવિહારીલાલજી ભજીશ, સહેજે સંસાર સિંધુ તરીશ;
ધામ અક્ષરમાં વાસ તું કરીશ રે...ધીક-૪

## મત્સ્યજયંતીનાં પદો(ચૈત્ર સુદી તૃતીયા)

### દોહા

એક સમય નૃપ સત્તમ, ભાનુ વંશી ભૂપાળ;
તપત સુતપ હરિ દરસહિત, સ્વધર્મનિષ્ઠ દયાળ. ૧
દ્રવિડ દેશપતિ વિરતિજુત, સત્યવ્રત શુભનામ. ૨
કૃતમાળા સરિતા તટ, કરત સુતપ નિષ્કામ. ૩

૯૪૫ રાગ : બિલાવલ પદ=૬ પદ-૬/૧

આજ મહોત્સવ મંગળ ગાવત, સુર નર મુનિ હરખાઈ હો;
પ્રગટ ભયે ધરી મત્સ્યરૂપ હરિ, કમળાપતિ સુરરાઈ હો. આજ૦ ૧
ચૈતર શુદી ત્રિજ ઉજીયારી, શુભ મુહુર્ત શુભ વાર હો;
પ્રાદૂર્ભયે પ્રાત નારાયન, અખિલભુવન આધાર હો. આજ૦ ૨
કૃતમાલા સરિતા જળ નિર્મળ, અતિ ગંભીર અઘહારી હો;
કરત સ્નાન પ્રાત નૃપપુંગવ, સત્યવ્રત જયકારી હો. આજ૦ ૩
કરી સ્નાન દેત અર્ઘાંજલી, રવિહિત કરી અતિ પ્યાર હો;
આયે અંજલિ મધ્ય મુરારી, બોલે વચન કીરતાર હો. આજ૦ ૪
જીન ડારો રાજા જળ ભિંતર, દીર્ઘ મત્સ્ય મોહે ગ્રાસે હો;
પ્રેમાનંદ યું બોલે મત્સ્યવપુ, સુનત સકળ દુઃખ નાસે હો. આજ૦ ૫

૯૪૬ પદ-૬/૫

તાપિ છે સપ્તમે વાસર, પ્રલયકાળ અતિ આયો હો;
આઈ નૌકા તબ તેહિ અવસર, ભયો સબન મન ભાયો હો. તા૦ ૧
બીજ ઓષધિ લે તાં ભિંતર, બેઠ રૂષિ રૂ ભૂપા હો;
ચલી નાવ લે પ્રલય પયોધિમેં, ભ્રમત વિકટ દુઃખ રૂપા હો. તા૦ ૨
ચલત હે પવન ઉઠત મહા ઉર્મિ, દેખી વિકળ ઋષિ રાજા હો;
કરન લાગે સ્તુતિ શ્રીહરિકી, આયે ગરીબ નિવાજા હો. તા૦ ૩
સૂચવી રીત પ્રથમ ત્યુંહિ કીનો, બાંધી નાવ લે શૃંગા હો;
વિચરે તરી લે પ્રલય સિંધુમેં, દિયો જ્ઞાન નૃપ સંગા હો. તા૦ ૪
વિત્યો પ્રલયકાળ તબ લોં હરિ, વિચરે પ્રલય જળમાંઈ હો;

ભયો નિવર્તિ પ્રલય લખી અવનિ, પ્રેમાનંદ બલજાઈ હો. તા૦ ૫

૯૪૭ પદ-૬/૬

કહું એક ઓર ચરિત્ર હરિકો, કિનો મત્સ્ય મુરારી હો;
પરમ પુનિત શ્રવન સુખદાયક, અખિલ લોક અઘહારી હો. કહું૦ ૧
એક સમે કમલાત્મજ ઈશ્વર, ભયે નિદ્રાવશ ધીરા હો;
ગિરે વેદ આનનતે તબહિ, ગ્રહે એક અસુર પ્રવીરા હો. કહું૦ ૨
હયગ્રીવ નામ મહા માયાવી, સાગર કિયો પ્રવેશા હો;
તબ મત્સ્ય હરિ મારી તેહિ દાનવ, લાયે વેદ અમરેશા હો. કહું૦ ૩
ગઈ નિદ્રા તબ અજ અવિનાશી, શોકાતુર શરીરા હો;
લાયકેં વેદ દિન બ્રહ્માકુ, ગઈ સકલ મન પીરા હો...કહું૦૪
અથઈતિ કહ્યો ચરિત્ર શ્રીહરિકો, કીન મત્સ્યતનુ ધારી હો;
પ્રેમાનંદ કહે જો સુનિહેં પ્રીત કરી, પૈહે અર્થ ફળ ચારી હો...કહું૦૫

## ૯૪૮ આરતી

જયદેવ જયદેવ જય મંગળકારી (૨) આરતી ઉતારુ, ચરણે ચિતધારી જય.
નારાયણ મત્સ્યાકૃતિ નિજજન સુખદાતા (૨) પ્રલય પ્રયોધિ સમયે
(૨) ઋષિ સંકટ ત્રાતા, જય૦૧
જુગજુગપ્રતિ જગદીશ્વર, ધરતાકૃતિ ન્યારી (૨) કરત ચરિત જગપાવન
(૨) ભક્ત ભયહારી. જય૦૨
પ્રૌઢપ્રતાપ પ્રગટ કરી, ક્ષિતિજશ વિસ્તારી(૨)તિરોધાન કરી વિગ્રહ
(૨) રાજત અવિકારી. જય૦ ૩

સોઈ પ્રગટ ભયે ધર્માત્મજ,હરિ અંતરજામી(ર) પ્રેમાનંદકે ઉરમેં
(ર) અખંડ રહો સ્વામી. જય૦ ૪

## શ્રીરામ જન્મોત્સવનાં પદો (ચૈત્ર શુકલ નવમી)

૯૪૯ રાગ : આશાવરી પદ=૪ પદ-૪/૧

હાં રે હો - નૃપ દશરથ ઘર બજત બધાઈ, કૌશલ્યાસુત જાયો હો;
અસુરનકે ઉર ત્રાસ ઉદે ભયો, સંતન મન મુદ છાયો હો. નૃપ૦ ૧
બ્રહ્મા ભવ સુરરાજ સબે મિલ, બોલત જય જય બાની હો;
ધન્ય રઘુકુળ ધન્ય નૃપ દશરથ, ધન્ય કૌશલ્યા રાની હો. નૃપ૦ ૨
ચૈત્ર શુકલ નવમીકે મધ્ય દિન, પ્રગટહેં જન સુખકારી હો;
અતિ બડભાગ્ય માની પુરવાસી, મુદિત ભયે નરનારી હો. નૃપ૦ ૩
સુમનવૃષ્ટિ સુરરાજ કરત હે, દુદુંભિ દેવ બજાવે હો;
મુકતાનંદકો નાથ પ્રગટ જહાં, પરમ ધામ સોઈ કહાવે હો. નૃપ૦ ૪

૯૫૦ પદ-૪/૪

હાં રે હો-રઘુકુળ પ્રગટ ભયે પુરૂષોત્તમ, પતિત કરન ભવપારા હો;
અધર્મ મેટી ધર્મ સ્થાપનકું, લીયો હે મનુષ્ય અવતાર હો. રઘુ૦ ૧
સંતનકી રક્ષાકે કારન, પ્રગટ ભયે સુખદાઈ હો;
સબ સુખધામ રામ રઘુનંદન, ગુન વરને નહિ જાઈ હો. રઘુ૦ ૨
મરજાદા પુરૂષોત્તમ મૂર્તિ, નૃપ દશરથ ઘર જાએ હો;
નિજ કીર્તિ સેતુ વિસ્તારન, ભયેહે ભકતમન ભાએ હો. રઘુ૦ ૩
જુાગ જુાગ વેદવચન પ્રતિપાલન, પ્રગટ રૂપ સુખકારી હો;

મુકતાનંદ કહે મહા પ્રભુકી, યા છબીપર બલહારી હો. રઘ૦. ૪

૯૫૧ રાગ : પુરવ પદ=૪ પદ-૪/૧

રામ લલાકું ઝુલાવે; પાલનેમેં રામ લલાકુ ઝુલાવે;
હરિગુન ગાન કરત કૌશલ્યા, આનંદ ઉર ન સમાવે. પાલને૦.૧
અગનિત કોટી બ્રહ્માંડ ઉદરમેં, સોઈ બને લઘુ બાળ;
મરકટ દેખી ડરત રઘુનંદન, જીનસેં કંપત કાળ. પાલને૦૨
પ્રેમમગન હોય માત ઝુલાવત, ઝુલત શ્રી રઘુવીર;
મુકતાનંદકો નાથ મનોહર, સોહત શ્યામ શરીર. પાલને૦૩

૯૫૨ પદ-૪/૪

શ્વેતદ્વીપપતિ શ્યામ, રામ ભયે શ્વેતદ્વીપપતિ શ્યામ;
અનંત ભુવનપતિ પલને ઝુલત, સબવિધિ શોભાધામ. રામ૦૧
વાસુદેવ વિષ્ણુ કમળાપતિ, કૌશલ્યાસુત સોઈ;
અતિ લઘુ બાળ જયું પલના ઝુલત, મર્મ ન જાનત કોઈ. રામ૦૨
નિજ ભકતન હિત રામ લલા હોય, ચરિત કરત સુખકંદ;
મુકતાનંદકે શ્યામ ચતુરવર, વાસુદેવ જગવંદ. રામ૦૩

૯૫૩ રાગ : આશાવરી પદ=૪ પદ-૪/૧

આજ અવધપુર આનંદ મંગળ, છાય રહ્યો અતિ ભારી હો;
જાયો સુત સુંદર કૌશલ્યા, સુર નર મુનિ સુખકારી હો.આજ૦૧
ઉજવલ પક્ષ માસ ચૈત્ર શુભ, તિથિ નવમી શશિવારી હો;

પ્રગટ ભયે મધ્યાહ્ન સમે પ્રભુ, કમળાકાંત મુરારી હો.આજ૦૨
દાનવ કુળ દાવાનળ પ્રગટે, ભાનુકુળ ભયહારી હો;
ગાવત સૂત માગધ બંદિજન, કુળકી કીરતિ વિસ્તારી હો.આજ૦૩
પ્રફુલ્લિત અમર સુમન ઝરી વરસત, નાચત નભ સુરનારી હો;
પ્રેમાનંદ કહે ત્રિભુવનવાસી, ફુલે પ્રેમ ખુંમારી હો.આજ૦૪

**૯૫૪ પદ-૪/૨**

આજ વધાઈ અવધપુર માંઈ, વાજત અતિ મનભાઈ હો;
જાયો સુત કૌશલ્યારાની, સુર નર મુનિ સુખદાઈ હો.આજ૦૧
રામજનમ સુની સબ નરનારી, પ્રફુલ્લિત ભયે હરખાઈ હો;
નગર ડગર સબ ભવન અટારી, સરસ સંવારી બનાઈ હો.આજ૦૨
વાજત વાજાં વિવિધ ભાતકે, શબ્દ રહ્યો નભ છાઈ હો;
મંગળ ગાન કરત પુર વનિતા, છબી વરની નહિ જાઈ હો.આજ૦૩
દધિ હરદી મૃગમદ મુખલેપન, નગરનારી લપદાઈ હો;
પ્રેમાનંદ અવધપુરકી છબી, કહત શેષ સંકુચાઈ હો.આજ૦૪

**૯૫૫** નવમી કે દિન પદ=૪ **રાગ : ધનાશ્રી પદ-૪/૩**

વાજત વધાઈ અવધપુર માંઈ, નૃપ દશરથકે દ્વારે હો; વાજત.
સૂત માગધ બંદિજન જાચક, જય જય શબ્દ ઉચ્ચારે હો.વાજત૦૧
ભૂસુર કરત નિગમધ્વનિ નૌત્તમ, શબ્દ રહ્યો નભ છાઈ હો;
મંગળ ગાન કરત પુર વનિતા, અતિ આનંદ હરખાઈ હો.વાજત૦૨
વાજત વાજાં વિવિધ ભાતકે, દુંદુભિ પણવ મૃદંગા હો;
સરનાઈ પડગમ ડફ ભેરી, નિરખી લાજે અનંગા હો.વાજત૦૩

સાજે સુભટ્ટ ઠાડે નૃપદ્વારે, ગજ રથ અશ્વ સિંગારે હો;
પ્રેમાનંદ અવધ છબી નિરખી, વિસ્મિત શચીપતિ ભારે હો.વાજત૦૪

૯૫૬ પદ-૪/૪

પ્રગટે અવધ વિશ્વપતિ વિષ્ણુ, ચતુર્વ્યૂહ તનુ ધારી હો; પ્રગટે.
રામ લખમ ભરત શત્રુહન, મૂરતિ મંગળકારી હો.પ્રગટે૦૧
કૌશલ્યાસુત રામ મનોહર, ભરત કૈકયીકુમાર હો;
લખમ શત્રુહન સુમિત્રાનંદન, દશરથકુંવર એ ચાર હો.પ્રગટે૦૨
પ્રગટે રામ ભાનુકુળ ભૂષન, દાનવ દહન દિનેશા હો;
સુર નર મુનિ મનકંજ પ્રકાશક, અવધપતિ અમરેશા હો.પ્રગટે૦૩
અવનિ ભાર હનન જન તારન, પ્રગટે અખિલ સુખદાઈ હો;
પ્રેમાનંદ પ્રગટ રઘુવર પર, વાર વાર બલજાઈ હો.પ્રગટ૦.૪

૯૫૭ રાગ : ધનાશ્રી પદ=૪ પદ-૪/૧

અવધપતિ આયે જાચક વૃંદ, અવધપતિ.
સુની સુત જનમ તિહારે, આંગન ગાવત અતિ આનંદ.અવધ૦૧
ભાનુવંશ વખાનત પ્રમુદિત, પઢી પઢી છંદ પ્રબન્દ;
ભલે ભલે અવધેશ મુગટમની, મેટન ભવ દુઃખ ફંદ.અવધ૦૨
તુંમ સમ ઓર નહિ ત્રિભુવનમેં, કૌસલેશ સુખકંદ;
સુરપતિ નરપતિ નાગપતિ, સબ તવ જાચક જગવંદ.અવધ૦૩
દશરથ રાય તિહારો મહિમા, બરની શકત નહિ છંદ;
પ્રેમાનંદકો નાથ તિહારે, પુત્ર પ્રગટ રામચંદ.અવધ૦૪

૯૫૮ પદ-૪/૩

અવધપતિ આગે તિહારે હું ગાઉં, અવધ.
હું તો તિહારો ઘરકો ઢાઢી, તુમહિ ગાઈ રિઝાઉં.અવધ૦ ૧
તુમ તજી ઓર કાહુકે દ્વારે, સ્વપને ન જાચન જાઉં;
લોકપાલ સુરપતિ ભવ બ્રહ્મા, ભુલે ન શિશ નમાઉં. અવધ૦ ૨
સત્ય પ્રતિજ્ઞા હે યહ મેરી, તિહારે ચરન સમ ખાઉં;
શ્રી ઘનશ્યામ રામકું તજીકે, ઓરકો રટહું ન નાઉં. અવધ૦ ૩
તિહારે પ્રતાપ સિદ્ધિ અણિમાદિક, મેરે પરસત પાઉં;
પ્રેમાનંદ ભિખારી રાવરો, ઓરકો ઈશ કહાઉં. અવધ૦ ૪

પાલને કૌશલ્યા ઝુલાવે પદ=૪

૯૫૯ રાગ : રામકલિ પદ-૪/૩

પાલને ઝુલે રઘુવર પ્યારે, પાલ. કમળનયન ત્રિભુવન ઉજીયારે; પાલ૦
બાલવિનોદ કરત રઘુનાયક, રોવત કરત નેંન રતના રે. પાલ૦ ૧
ભુજા ઉઠાય માગત જનનીપેં, દેહો માત મોહે શશિ અરૂ તારે. પાલ૦ ૨
પુલકી કૌશલ્યા લેતી ગોંદમેં, ચુંબી ચુંબી મુખ પ્રાન લેવારે. પાલ૦ ૩
નિગમાગમ જાહિ કહત અપારે, પ્રેમાનંદ પુલકી ઉર ધારે. પાલ૦ ૪

૯૬૦ પદ-૪/૪

પાલને ઝુલે રાજીવનેંના, પાલ. બોલત કમળમુખ તોતરે બેના, પાલ૦
લાયે અવધપતિ સુખદ ખિલોના, મોર ચકોર હંસ અરૂ મેના. પાલ૦ ૧
તાહિ દેખી અતિ મુદિત મનોહર, કિલકત હસત રામ સુખ દેના. પાલ૦ ૨
પુનિ પુનિ વદન વિલોકત ભૂપતિ, પ્રેમવિવશ પળ પરત ન ચેંના. પાલ૦ ૩

પ્રેમાનંદ ઘનશ્યામ રામછબી, રાખત નેંનમેં પુલકી દિનરેંના. પાલ૦ ૪

## ૯૬૧ આરતી

કીજે આરતી સુભગ શ્રીરામકી, કીજે.
અતિ સુંદર છબી કહી ન જાઈ, દશરથસુત ઘનશ્યામકી. કીજ૦. ૧
તાપ નસાવની અતિ મન ભાવની, ચિતવની શોભાધામકી;
પરમપાવની કામ લજાવની, અંખિયાં પુરન કામકી. કીજે૦ ૨
ભવ વિરિંચી સુર સિદ્ધ રટને નિત્ય, માલા જાકે નામકી;
સોઈ મુરતિ પ્રગટ વિરાજત, સંતનકે વિશ્રામકી. કીજ૦.૩
ધન્ય દશરથ ધન્ય ધન્ય કૌશલ્યા, ધન્ય છબી અયોધ્યા ગામકી;
ધન્ય પ્રેમાનંદ આગે ગાવત, દીની મોજ ઉર દામકી. કીજ૦. ૪

## શ્રીહરિ જન્મોત્સવના પદો(ચૈત્ર શુકલ નવમી)

### દોહા

શ્રી સહજાનંદ કૃષ્ણ હરિ, હરિકૃષ્ણ ઘનશ્યામ;
નારાયણમુનિ ધર્મસુત, નીલકંઠ જેહિ નામ. ૧
સ્વામિનારાયણ પ્રક્ટ પ્રભુ, પુરુષોત્તમ સુખરૂપ;
સો મમ હૃદયમેં વસહું નિત્ય, મંગળ કરન અનુપ. ૨
શ્રી હરિપદરજ વંદિકે, નિજજનકે સુખદાઈ;
જન્મ કર્મ ગુન તાહિકે, વરનું પ્રેમ પુલકાઈ. ૩

૯૬૨ રાગ : કાનરો પદ=૪ પદ-૪/૧

નાથ વિચાર્યો યું મન માંઈ, નાથ.
મમ પિતુ માત દિવ્ય તનુ દેખી, થકિત ભયે મમ નિકટ ન આઈ. નાથ. ૧
સુત સનેહ બિના સુખ નહિ પૈહે, દિવ્ય ભાવ દેખી સંકુચાઈ;
હોઉં મનુષ્ય શિશુ સમ તબ યે, કરિ હેં સબ વિધિ મમ સેવકાઈ. નાથ. ૨
દિવ્યભાવ તબ દૂર કિયો પ્રભુ, નિજમાયા દિનિહે છાઈ;
ભક્તિ ધર્મ ભયે તુરત નેહવશ, લખી નિજ સુત લિયે કંઠ લગાઈ. નાથ. ૩
ખબર પરિ નરનારી સબનકું, પ્રેમવતી સુત જાયો હે માઈ;
મુકતાનંદકે નાથ પ્રગટ ભયે, ઘર ઘર હો રહિ નવલ વધાઈ. નાથ. ૪

૯૬૩ પદ-૪/૨

મંગળ ગાવતી આવતી નારી, મંગળ.
શશિવદની મૃગનયની સુંદર, નવલ વસન શૃંગાર સંવારી. મંગળ૦ ૧
કરતી મધુર સુર ગાન માનિની, દધિ હરદિ છિરકત ભરી થારી;
ગજમોતિનકે ચોક પુરાયે, મનિમય તોરન બાંધેહેં દ્વારી. મંગળ૦ ૨
આયે સૂત માગધ જાચક બહુ, ભિર ભઈ દ્વારે અતિ ભારી;
માગત દેહો ધર્મ નોછાવરી, આયો તિહારે સુત સુખકારી. મંગળ૦ ૩
બાજત બાજા વિવિધ ભાતકે, ગાવત ગુનિજન પ્રેમ ખુંમારી;
જય જય શબ્દ છાય રહ્યો ચહુ દિશ, મુકતાનંદ છબી પર બલહારી. મંગળ૦ ૪

૯૬૪ પદ-૪/૩

પ્રગટ ભયે પ્રભુ પૂરણ કામ, પ્રગટ.
જેહિ અવસર પ્રગટે પુરૂષોત્તમ, તેહિ અવસર બરનું સુખધામ. પ્રગટ૦ ૧

સંવત અઢાર સાડત્રિશકે વરષે, સંવત્સર વિરોધકૃત નામ;
ઋતુ વસંત ભાનુ ઉત્તરાયન, માસ મધુ સબ સુખવિશ્રામ. પ્રગટ૦ ૨
શુકલહે પક્ષ યોગ સુકર્મા, વાર સોમ નવમી અભિરામ;
વૃશ્ચિક લગ્ને કૌલવ કરણે, પુષ્ય નક્ષત્ર પુરી મનહામ. પ્રગટ૦ ૩
દશ ઘટી ગઈ યામિની તબ પ્રભુ, પ્રગટ ભયે સુંદર ઘનશ્યામ;
મુકતાનંદ ધર્મકુળભૂષન, ગાવત પ્રેમ મગન ગુનગ્રામ. પ્રગટ૦ ૪

૯૭૫ પદ-૪/૪

મંગળ છાય રહ્યો ત્રિભુવન મેં મંગળ.
મંગળમય જાયો સુત ભકિત, સુર નર મુનિ હરખે સબ મનમેં. મંગળ૦ ૧
મંગળ સુમન ઝરી સુર વરષત, મંગળ વાજે બજતહે ગગનમેં;
મંગળ ગાન કરત સુરવનિતા, પ્રેમમગન ફૂલી સબ તનમેં; મંગળ૦ ૨
મંગળ વેદધ્વનિ દ્વિજ ઉચરત, મંગળ જશ બરનત છંદનમેં;
મંગળ દાન દેત વૃષ સમરથ, મગન કિયે જાચક કંચનમેં. મંગળ૦ ૩
મંગળ બાળ શશિસમ મોહન, બઢત રેન દિન પલપલ છિનમેં;
મંગળ છબી નિરખિ મુકતાનંદ, સફળ જન્મ ભયો ધન્ય ધન્યમેં. મંગળ૦ ૪

## ૯૭૬ આરતી - રાગ બિહાગ

કીજે પ્રેમ સહિત, આરતી કીજે પ્રેમ સહિત;
શ્રી પુરૂષોત્તમ પ્રગટ ભયેહે, ધર્મ કે ભવન પુનિત. આરતી૦૧
અક્ષરધામનિવાસી મહાપ્રભુ, ક્ષર અક્ષર પર જોઈ;
પૂરન દિવ્ય તનુ રાજત, નિજ દ્રગ દેખેહેં સોઈ. આરતી૦ ૨
અનંત કોટિ બ્રહ્માંડકો ઉદ્‌ભવ, સ્થિતિલયકર્તા સ્વામી;

સદા સ્વતંત્ર પ્રકૃતિ પુરૂષકે, પ્રેરક પ્રભુ બહુનામી. આરતી૦ ૩
બ્રહ્મરૂપ અગનિત મુનિવર જેહિ, પદપંકજકું ઉપાસે;
જેહિ આશ્રિત જનકે સબ દુષ્કૃત, કાલવ્યાલ ભય નાસે. આરતી૦ ૪
મંગળરૂપ મનોહર મૂરતિ, ધર્મ એકાંતિક ધારી;
અતિ કરૂણા રસ પ્રગટ કરી ભયે, દ્રગગોચર સુખકારી. આરતી૦ ૫
ધર્મ એકાંતિકકો દઢ સ્થાપન, કરનહું પ્રગટે આઈ;
અગનિત જન કલ્યાન કરનહિત, મુકતાનંદ બલ જાઈ. આરતી૦ ૬

૯૬૭ રાગ: માલીગાડો પદ=૪ પદ-૪/૧

પ્રેમવતી સુત જાયો અનુપમ, બાજત આનંદ બધાઈ હો;
પ્રગટ ભયે પૂરણ પુરૂષોત્તમ, સુર સજ્જન સુખદાઈ હો. પ્રેમ૦ ૧
જય જય શબ્દ ભયો ત્રિભુવનમેં, સુર નર મુનિ જન હરખે હો;
સહસા ત્રાસ ભયો અસુરન ઉર, વામ નયન ભુજ ફરકે હો. પ્રેમ૦ ૨
નિર્મળ ભયો આકાશ દશો દિશ, ઉડુગન અમળ પ્રકાશે હો;
પ્રફુલ્લિત ભયે સંતમનપંકજ, ખલનલિની જીમી ત્રાસે હો. પ્રેમ૦ ૩
બજત દુદંભિ વિબુધ ગગનમેં, બરખે સુમન હરખાઈ હો;
પ્રેમમગન નાચત સુરનારી, મુકતાનંદ બલ જાઈ હો. પ્રેમ૦ ૪

૯૬૮ પદ-૪/૩

શ્રી પુરૂષોત્તમ ક્ષર અક્ષર પર, અખિલભુવન આધાર હો;
નિજ ઈચ્છાતેં વૃષઘર પ્રગટે, નિજજન સુખ દાતાર હો. શ્રી૦ ૧
કહા બરનુ છબી અંગઅંગ પ્રતિ, ઉપમા કહી ન જાઈ હો;
કોટિ મનોજ છબી ત્રિભુવનકી, એક રોમ સમ નાહિ હો. શ્રી૦ ૨

સજળ જળદ તન નયન જળજ દલ, પૂરન શશિ મુખ હાસ હો;
રૂપસિંધુસે નિકસી માનુ, રૂપમનિ પ્રકાશ હો. શ્રી૦ ૩
કરસરોજ આજાનુ પ્રલંબિત, ચરન કમળસમ શોભે હો;
શ્રીવત્સાંકિત વક્ષઃસ્થલ લખિ, મુકતાનંદ મન લોભે હો. શ્રી૦ ૪

૯૬૯ પદ-૪/૪

ધર્મ ઉઠે પ્રેમાતુર સુતકો, શ્રીમુખ નીરખ્યો આઈ હો;
બહુવિધ દાન દિયે વિપ્રનકું, વસ્ત્ર આભુષન ગાઈ હો. ધર્મ૦ ૧
અતિસુંદર છબી નિરખી શ્યામકી, ધર્મ પ્રેમ પુલકાયે હો;
ગદગદ કંઠ સજળલોચન મુખ, વચન કહત સકુચાયે હો. ધર્મ૦ ૨
જોરિ પાનિ વૃષ કરત વિનતિ, કરૂના કરી સુખકારી હો;
હે શ્રીકૃષ્ણ અખિલ જગદીશ્વર, પરમપુરૂષ અવતારી હો. ધર્મ૦ ૩
ભયે સનાથ નાથ હમતો અબ, દરશ દીયો બહુનામી હો;
જો કછુ કહો સોઈ હમ કિજે, મુકતાનંદકે સ્વામી હો. ધર્મ૦ ૪

૯૭૦ રાગ : આશાવરી પદ=૪ પદ-૪/૧

બરનું સુજશ તિહારો ધર્મદેવ, મેં તો તિહારો ઢાઢી હો;
તિહારે પુત્રજનમ સુનિ આયો, પૂરણ આશા બાઢી હો. બરનું૦ ૧
મેંતો ગાઉં તિહારિ કીરત, બરનું વંશ પરિવાર હો;
સુર નૃપ સિદ્ધ ઈશ સબ દેખે, તુમસમ નહિ દાતાર હો. બરનું૦ ૨
કો કર શકે તિહારી સમોબડ, તુમતો ધર્મ બડદાની હો;
ભુકિત મુકિત સબહિ દેતહો, કરત શોક ભયહાની હો. બરનું૦ ૩
અબ મોહે દેહો મેરો મનભાયો, કીજે પૂરનકામ હો;

મુકતાનંદ કહે હરિકૃષ્ણમુખ, દેખું આનંદધામ હો. બરનું૦ ૪

૯૭૧ પદ-૪/૪

ધન્ય ધન્ય ભાગ્ય તિહારે ધર્મદેવ, કહા વરનું મેં ગાઈ હો;
ભવ બિરંચિ શુક શારદ નારદ, સહસ્ત્રવદન સંકુચાઈ હો. ધન્ય૦ ૧
ધન્ય હે કુક્ષિ ભકિતમાતકી, એસો સુત જીન જાયો હો;
ત્રિભુવનમહિ અબહિ તેયા કે, પરિપૂરન જશ છાયો હો. ધન્ય૦ ૨
અબ મેં ગાઉં બજાઉં રીઝાઉં, ધર્મદેવ સુખદાઈ હો;
હોઉં પ્રસન્ન દેખાઓ હરિમુખ, લાઓ લાલ જગાઈ હો. ધન્ય૦ ૩
લાખ ન લેઉં કરોર ન લેઉં, ધર્મ તિહારિ સો ખાઉં હો;
મુકતાનંદ ઘનશ્યામ હસિતમુખ, નીરખી મગન ગુન ગાઉં હો. ધન્ય૦ ૪

૯૭૨ રાગ : રામકલી પદ=૪ પદ-૪/૧

ઝુલત પાલનેમેં ધર્મકુમાર, ઝુલત.
રતનજડિત બન્યો સુભગ પાલનો, માતા ઝુલાવે કરી પ્યાર. ઝુલત૦ ૧
ભકિત ચુંબિ મુખ કંઠ લગાયકે, લેત બલૈયાં વારંવાર. ઝુલત૦ ૨
કિલકત હસત વદન વિધુ બરખત, સરસ સુધારસધાર. ઝુલત૦ ૩
શ્રીહરિકૃષ્ણ બાળશશિ છબિપર, મુકતાનંદ જાત બલિહાર. ઝુલત૦ ૪

૯૭૩ પદ-૪/૪

પાલને ઝુલે શ્રીઘનશ્યામ; પાલને.
શોભા સિંધુ તે ઉદય ભયો માનુ, બાલં ઈંદુ અભિરામ. પાલને૦ ૧
સુતમુખ નિરખિ ધર્મ હસિ બોલત,પુરી ઈશ્વર મન હામ. પાલને૦ ૨
પુલકિ કુંવરપર વારિ લુંટાવત, નિજ સંપત્તિ ધન ધામ. પાલને૦ ૩

મુકતાનંદ છબિ ધરી અંતરમેં, ભયો પરિપૂરન કામ. પાલને૦ ૪

૯૭૪ રાગ : આશાવરી પદ=૪ પદ-૪/૧

હાંરે હો વંદુ સહજાનંદ ચરન રજ, તિરથ સકલ નિવાસ હો;
મંગળધામ કામ સબ પૂરણ, કરત અમંગળ નાસ હો. વંદુ૦૧
જેહી પદરજ બ્રહ્માદિક સુર મુનિ, નિત્ય પ્રતિ શિર પર ધારે હો;
સહસ્રવદન શુક નારદ શારદ, રસના જશ વિસ્તારે હો. વંદુ૦૨
અનંત કોટી ઈંદુ તરનિ સમ, અક્ષર તેજ પ્રકાશે હો;
તામહિ મુકત કોટી મીલી સેવત,પદરજ પરમ ઉલ્લાસે હો. વંદુ૦૩
એસે પરમપુરૂષ પરમેશ્વર, અક્ષરધામકે ધામી હો;
માયા કાળ આદિકે પ્રેરક, પ્રેમાનંદકે સ્વામી હો. વંદુ૦૪

૯૭૫ પદ-૪/૨

જાુગ જાુગ પ્રતિ વપુ ધરત ધરનિપર, જનતારણ ભયહારી હો;
સ્થાપત ધર્મ અધર્મ ઉથાપત, સાધુ વિપ્ર સુખકારી હો. જુગ૦ ૧
રઘુકુલ જદુકુલ પ્રગટ હોઈ, પ્રભુ અવનિ ભાર ઉતારે હો;
મારે અસુર કૃષ્ણકે વેરી, સો વેર લેન તનું ધારે હો. જુગ૦ ૨
તિરોભાવ ભયે જાની જદુપતિ, અસુર કોપ ધાયે હો;
સાધુ વિપ્રકું દેત મહા દુઃખ, અધરમ ભયો સહાયે હો. જુગ૦ ૩
કંપત ધર્મ ભકિત દ્વિજ સાધુ, અવનિ ત્રાહિ પુકારે હો;
પ્રેમાનંદકો નાથ પ્રગટ હોઈ, ક્બ અસુરન સંહારે હો. જુગ૦ ૪

૯૭૬ પદ-૪/૩

અંતરજામી જગદ્ગુરૂ ઈશ્વર, ભકતવત્સળ ભયહારી હો;

ધર્મ ભકિત ભુવિ સાધુ વિપ્ર દુઃખી, દેખી દયા ઉર ધારી હો. અંતર૦ ૧
ધર્મ ભકિત સાધુ દ્વિજ ઉર્વી, ઈનકો કષ્ટ નિવારૂ હો;
સ્થાપું ધર્મ એકાંતિક ભુવિપર, અસુર બેરી સબ મારુ હો. અંતર૦ ૨
સદયહૃદય કરૂણાનિધિ કેશવ, પ્રથમ યેહી પનુ કીનો હો;
સોઈ શ્રીકૃષ્ણ ભકતહિત કારન, પુનિ દ્વિજકુલ તનુ લીનો હો. અંતર૦ ૩
કૌસલ દેશ અજોધ્યાપુરતેં, ઉત્તર હય એક ગ્રામ હો;
પ્રગટે તહાં ધર્મગૃહે ઈશ્વર, પ્રેમાનંદકે શ્યામ હો. અંતર૦ ૪

**૯૭૭ પદ-૪/૪**

**રૈકહટ પુરમેં રહત નિરંતર, સરવરીયા દ્વિજ દેવ હો;**
**ધર્મદેવકી પત્ની પ્રેમવતી, દંપતી કરે હરિ સેવ હો. રૈક૦ ૧**
**ગોત્ર સાવર્ણિ શાખા કૌથુમી, સામ વેદ સુખકારી હો;**
**ભાર્ગવ વૈતહવ્ય સાવેતસ, પ્રવર તીન અધહારી હો. રૈક૦ ૨**
**અટક ઈટારકે પાંડે કહાવત, સ્વધર્મનિષ્ઠ સદાઈ હો;**
**સુરનેતૃરાય કુલ પુજ્ય પ્રતિષ્ઠિત, એસે ધર્મ દ્વિજરાઈ હો.રૈક૦ ૩**
**ધર્મદેવ અમલાત્મા ઈશ્વર, તેહી ઉર કીયો આવેશ હો;**
**પ્રેમાનંદકો નાથ અસુર રિપુ, ભકત સુખદ અમરેશ હો. રૈક૦ ૪**

**૯૭૮ રાગ : રામકલી પદ=૪ પદ-૪/૧**

પાલને ઝુલે હરિ સુખદાઈ, પાલ. યહ છબીઃ હરિકી બરની ન જાઈ; પાલ.
રતન જડિત શુભ કનક પાલનો, વિશ્વકર્મા રચ્યો અતિ હરખાઈ. પાલ૦ ૧
ઈન્દ્રનીલ મનિ મરકત વિદ્રુમ, પાના પિરોજા ઝળકત જાઈ;
ક્ષુદ્ર ઘંટિકા ગજમોતિનકે, ઝુંમક લટકત અતછબ છાઈ. પાલ૦ ૨

તામહિ પોઢે પરમ પુરૂષ હરિ, ઉપમા કહત શેષ સકુચાઈ;
ઉડુગન સહિત ઈન્દુ માનુ રાજત, મૃગજાુત વિચિત્ર કનક રથમાંઈ. પાલ૦ ૩
અનુપમ એક છબી તેહી અવસર, કહા બરનું કછુ ઉપમા નાઈ;
એક જળજ બિચ વિશ શશિજાુથ, પ્રેમાનંદ નિરખત હુલસાંઈ. પાલ૦ ૪

૯૭૯ પદ-૪/૨

પાલને ઝુલે ધર્મ દુલારે, પા. જનની નિરખિ પ્રાન લેવારે; પાલ.
પ્રેમવતી પયપાન કરાવતી, ચંદ ચકોર જ્યું બદન નિહારે. પાલ૦ ૧
ચુંબતિ મુખ ઉર કંઠ લગાવતી, રંક રતન જ્યું પલ ન વિસારે;
જનની કહતિ તુમ સુવો લાડીલે ગાવું મેં પાલનો પ્રાનસું પ્યારે. પાલ૦ ૨
સોવત પલના ગગનબિચ તાકયો, દેખ્યો સુંદર શશિ અરૂ તારે;
રૂદન કરત માગત જનનીપે, ઉડુગન ઉડુપ જગત ઉજીયારે. પાલ૦ ૩
ભકિત માત કીનો એક કૌતુક, નીર કુંભ ભરી આગે ધારે;
લે લેઉ તાત ચંદ્ર ઘટ ભિતર, પ્રેમાનંદ હરખિત ભારે. પાલ૦ ૪

૯૮૦ પદ-૪/૩

હરિકું પાલના ઝુલાવતી મૈયા, હરિ. નિરખિ કમલમુખ લેતી બલૈયા; હરિ.
હરિકું ઝુલાવતી સુંદર ગાવતી, કહતી ખમા મોરે સુત સુખ દૈયા . હરિ૦ ૧
કનક જડિત કંટુલા કેસરી નખ, ભૂષન રાજત રૂચિર સુહૈયા
દીપક સુત લે નેના સવારતી, વારતી લોન રાઈ હરખૈયા. હરિ૦ ૨
લાયે ધર્મ ખિલોના સુંદર, મોર ચકોર પિક કીર કુરૈયા;
સારસ હંસ કુરંગ કેસરી, કિલકત નિરખિ જાત નઈ કૈયા. હરિ૦ ૩
ઘુટૂરૂનિ ચલત બજાત પેંજનિયાં, શબ્દ સુજન ઈતઉત ચિતવૈયા;
પ્રેમાનંદ પ્રગટ શ્રીહરિકે, બાલ વિનોદ નિરખિ બલજૈયા. હરિ૦ ૪

૯૮૧ પદ-૪/૪

પાલને ઝુલે રૂપનિલાની, પા. ગૂઢ પરબ્રહ્મ પરમ વિજ્ઞાની; પા.
બોલત મધુરીશિ તોતરી બાની, દંતીયાં દેખાત દ્વૈદુધકી નાની. પા૦ ૧
રૂદન કરત રહત નહિ છાંને, કહત માત સુંનો સુત મમ વાની;
પલના સોવત શ્રવન કરો તુંમ, કહું તાત એક કથા પુરાની. પા૦ ૨
નૃપ દશરથ સુત રામ લખન દોઉ, સંગ સુંદરી સિયા સુખદાની;
તાત વચન હિત કિયો ગવન વન, તહાં નિશિચર હરિ સિયા સયાની. પા૦ ૩
શ્રવન સુનત સમ રૂદન ત્યાગ કિયો, કછુક નેંનમે નિંદસિ આની;
પ્રેમાનંદકો નાથ ધર્મસુત, હસે હરિ સુની પુરવ નિશાની. પા૦ ૪

૯૮૨ રાગ: બિલાવલ પદ=૪ પદ-૪/૧

હાલરો હુલરાવતી મૈયા, ખમા ખમા કહી લેતિ બલૈયા; હાલરો.
પ્રેમવતી અતિ હરખિત હૈયા, પુત્ર સનેહકી જાત ન કૈયા. હાલરો૦ ૧
નિજસુત બદન નિરખિ હુલસૈયા, વારતી હરિપર લોન રૂરૈયા. હાલરો૦ ૨
સુતપર વારી નોછાવરી દૈયાં, બાઢતી વારવાર આનંદ બધૈયાં. હાલરો૦ ૩
ધર્મકુવર છબી ઉરમહિ છૈયા, પ્રેમાનંદ નિરખિ બલજૈયા. હાલરો૦ ૪

૯૮૩ રાગ : રામકલી પદ=૪ પદ-૪/૧

માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે રે,
ઝુલે રૂપાળો રંગભીનો રાજીવ નેણ. માતા૦
મુખડું નિરખી નિરખી જાયે હરિને વારણે રે,

બોલે ખમાં ખમાં કહી માતા મધુરાં વેણ. માતા૦ ૧
ઘડિયું વિશ્વકર્માએ પારણિયું બહુ શોભતું રે,
જડિયા પારણિયે મણિ હીરા રત્ન અપાર;
ઓપે ઓશરિયે નરનારીનાં મન લોભતું રે,
ઝબકે સુરજના રથ સરખું બિંબાકાર. માતા૦ ૨
પોઢ્યા પારણિયે હરિકૃષ્ણ ધર્મસુત શ્રી હરિ રે,
પ્રગટ્યા પુરુષોત્તમજી અધમ ઉદ્ધારન હાર;
માતા હિલો ગાવે હુલરાવે પ્રીતે અતિ રે,
વહેલા મોટા થાઓ હૈડા કેરા હાર. માતા૦ ૩
માતા માખણ સાકર જમાડે જગદીશને રે,
જમો જીવન મારા પ્રાણ તમે ઘનશ્યામ;
નિરખી હરખે માતા અખિલ ભુવનપતિ ઈશને;
પ્રેમાનંદના સ્વામી પ્યારા પૂરણકામ. માતા૦ ૪

૯૮૪ પદ-૪/૨

માતા પારણિયે ઝુલાવે શ્રી ઘનશ્યામને રે,
સુંદર રેશમ કેરી દોરી લઈને હાથ. માતા૦
માતા હિલો ગાવે લઈ લઈ હરિનાં નામને રે,
ઝુલો ધર્મકુંવર પ્રભુ સુર નર મુનિના નાથ. માતા૦ ૧
વાજે પારણિયે બહુ ધણણણણણણણ ઘંટડી રે,
ચરણે ઝણણણણણણણ ઝાંઝરનો ઝણકાર;
ખણણણણણણણ ખણકે ઘુઘરડી હેમે જડી રે,
ગણણણણણણણ ઝણકે ઘુઘરડાની હાર. માતા૦ ૨
બોલે પાંજરિયે બહુ પક્ષી હરિને આગળે રે,

મેના પોપટ કુર્કુટ કોયલ મોર ચકોર;
ભીતેં આલેખ્યાં બહુ ચિત્ર મનોહર કાગળે રે,
તેને જોઈ જોઈ રાજી થાયે ધર્મકિશોર. માતા૦ ૩
આગે અનંત ભાતનાં રમકડલાં આણી ધર્યાં રે;
ચકરી ભમરા ઘુઘરા કોયલ આદિ અપાર;
ચૂસે સોનાકેરૂં ચુસણીયું હરખે ભર્યા,
પ્રેમાનંદના સ્વામી સુંદર ધર્મકુમાર. માતા૦ ૪

૯૮૫ પદ-૪/૩

ઝુલે પારણિયે શ્રી પુરૂષોત્તમ કમલાપતિ રે,
જેનો પાર ન પામે શિવ બ્રહ્મા મુનિ શેષ. ઝુલે૦
એતો અખિલ ભુવનના કર્તા હર્તા છે અતિ રે,
શોભે નરનાટક ધરી હરિ બાલુડે વેષ. ઝુલે૦ ૧
જેનો એક રોમે કોટિ બ્રહ્માંડ ઉડતાં ફરે રે,
જેની ભ્રકુટિ જોઈને થર થર કંપે કાળ;
તે પ્રભુ પ્રાકૃત બાળકની પેઠે રૂદન કરે,
ઉડે ચકલાં તે જોઈ બીવે દયાળ. ઝુલે૦ ૨
જેની શિવ બ્રહ્મા સનકાદિક પૂજે ચાખડી રે,
જેના વારણીયાં લઈ વંદે મુકત અનેક,
કંપે કાળ માયા જેની ભ્રકુટી જોઈને વાંકડી,
એવા અનંત શકિતધર અક્ષરપતિ પ્રભુ એક. ઝુલે૦ ૩
તે પ્રભુ પ્રગટ્યા દ્વિજકુળ નિજજનને સુખ આપવા રે,
કરવા ઘોર કળિમાં અનેક પતિત ઉદ્ધાર;
આવ્યા અવનિ ઉપર ધર્મ એકાંતિક સ્થાપવા,

એવા પ્રગટ હરિ પર પ્રેમાનંદ બલિહાર. ઝુલે૦ ૪

૯૮૬ પદ-૪/૪

માતા પ્રેમવતી ઝુલાવે સુત ઘનશ્યામને રે,
નિરખી રૂપ મનોહર હૈડે હરખ ન માય. માતા૦
માતા પયનું પાન કરાવે પૂરણ કામને રે,
લીયે વારણીયાં અતિ હરખે હિલો ગાય. માતા૦ ૧
માતા આંજણ લેઈ અણિયાળી આંજે આંખડી રે,
નિરખે પૂરણ ચંદ્ર સરિખું વદન વિશાળ;
હરિની આંખડલી કમળ કેરી પાંખડી,
નાસા નમણી સુંદર દીપે અધર પ્રવાળ. માતા૦ ૨
હરિને કંઠે કૌસ્તુભ હાંસડલી રતને જડી રે,
કેડે કંદોરામાં કનક ઘુઘરડી ચાર;
માતા આંખડલી આગેથી ન મેલે એક ઘડી,
મુખડું ચુંબી દુઃખડાં લીયે વારંવાર. માતા૦ ૩
હરિને શ્યામ શરીરે અંગરખી અતલસતણી રે,
માથે કિનખાપની ટોપી રતન જડાવ;
શોભે શોભાસાગર પારણીયે શોભામણી,
જોવા પ્રેમાનંદના ઉરમાં પરમ ઉત્સાવ. માતા૦ ૪

## હનુમાનજી જન્મોત્સવના પદો (ચૈત્ર સુદ પૂર્ણિમા)

**૯૮૭ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

સર્વે જય બોલો હનુમંતની, દુઃખભંજન રે મોટા હરિદાસ. જય. ૧
શૂરવીર ને સંતશિરોમણી, પ્રીતે ઉભા રે પ્રભુજીને રે પાસ. જય. ૨
જેણે સૂરજ પકડ્યો જન્મતાં, મારી રાહુને રે મનવી જેણે હાર. જય. ૩
કપિ કેસરીકુંવર કોડામણો, એના નાવે રે પરાક્રમ કેરો પાર. જય. ૪
વનમાં આવી મળ્યા રઘુવીરને, કીધો ઉદ્યમ રે સીતા લાવવા કાજ. જય. ૫
વાલી માર્યો તે વાતની વાતમાં, દેવરાવ્યું રે સુગ્રીવને રાજ. જય. ૬
ધન્ય ધન્ય તે અંજનીમાતને, સુત જાયો રે સર્વે વિધ સુજાણ. જય. ૭
બ્રહ્માનંદ કહે એની વાર્તા, નિત્ય ગાવે રે કાંઈ વેદ પુરાણ. જય. ૮

**૯૮૮ પદ-૪/૩**

એની ધન્ય ધન્ય માતા અંજની, ધન્ય ધન્ય રે કાંઈ કેસરી તાત. ધન્ય. ૧
દૈત્ય મારવા કપિના વંશમાં, પોતે પ્રગટ્યા રે શંકર સાક્ષાત. ધન્ય. ૨
સખા થઈને કપિ સુગ્રીવનું, કાંઈ કીધું રે અતિ ઉત્તમ કામ. ધન્ય. ૩
જઈ સીતાની શુધ લાવિયા, રાજી કીધા રે સુંદર શ્રીરામ. ધન્ય. ૪
એક પલકમાં સમુદ્ર ઉલ્લંઘિયો, મહાજોદ્ધામાં રે જોધ્ધો હનુમંત. ધન્ય.૫
ચાલ્યા શુધ લેવા સીતાતણી, જય બોલે રે સિદ્ધ ચારણ સંત. ધન્ય.૬
સમુદ્ર કુદી પડ્યો પર લંકમાં, જઈ કીધો રે કુળ દૈત્યનો નાશ. ધન્ય.૭
બ્રહ્માનંદ કહે મહાવીરનો, તન લાગ્યો રે દશસ્કંધને ત્રાસ. ધન્ય.૮

જયદેવ પદ=૨

## ૯૮૯ શ્રીહનુમાનજીની આરતી પદ-૨/૧

જયદેવ જયદેવ જય કપિ બળવંતા, (૨)
સુર નર મુનિજન વંદિત (૨) પદરજ હનુમંતા; જય.
પૌઢ પ્રતાપ પવનસુત ત્રિભુવન જયકારી; (૨)
અસુર રિપુ મદ ગંજન (૨) ભવસંકટ હારી. જય. ૧
ભૂત પિશાચ વિકટ ગ્રહ પીડત નહિ જંપે, (૨)
હનુમંત હાક સુણી રજનીચર (૨) થરથર થર કંપે. જય. ૨
રઘુવર સહાય ઓળંગ્યો સાગર અતિ ભારી, (૨)
સીતા શોધ લે આયે (૨) કપિ લંકા જારી. જય.૩
રામચરન રતિદાયક શરણાગત ત્રાતા, (૨)
પ્રેમાનંદ કહે હનુમંત (૨) વાંછિત વરદાતા. જય.૪

## કૂર્મ જન્મોત્સવ પદો(વૈશાખ શુકલ પ્રતિપદા)

### દોહા

એક સમય સુર અસુર મિલિ, ક્ષીરસિંધુ તટ જાયે;
કીન પ્રાર્થના પ્રણતિ જુત, ઠાડે શિશ નમાયે. ૧
વાસુદેવ વિષ્ણુ તહાં, રાજત કૃપાનિધાન;
દેખી દુ:ખીત દેવ દનુજ દોઉં. બોલે શ્રી ભગવાન. ૨
કરો ક્ષીર સાગર મંથન, દાનવ દેવ સુજાન;
દોઉં અમર દિતિ અદિતિસુત, કરી અમૃતરસ પાન. ૩

ગ્રહી અચળ ગિરિ મંદર, ધરો ક્ષીરોદધિ માંયે;
કરો નેત્ર અહિઃ વાસુકી, મમ આજ્ઞા ઉર લાયે. ૪

**૯૯૦ રાગ : રામગ્રી પદ=૨ પદ-૨/૧**

ધરી આજ્ઞા શિર શ્યામકી, સુર અસુર પ્રવીરા; હાંહાં રે;
અતિ આનંદભર અંગમાં, ગયે સાગર તીરા. ધરી. ૧
દાનવેન્દ્ર દેવ સબ મિલિ, ગિરિવરકૂં ઉખાડે;
અચળ મંદર ગિરિ ના ચલે, હત પૌરુષ ઠાડે, હાંહાંરે; ધરી. ૨
ભગ્ન મનોરથ હતદર્પ, છૂટી સબ આશા, હાંહાં રે;
સકુચિ ઠાડે કશ્યપસુત, ભયે સકળ નિરાશા. ધરી. ૩
કરત પ્રાર્થના શ્યામકી, સુનીયે સુરરાઈ, હાંહાં રે;
ભક્તવત્સલ ભવમોચન, કીજે કોન ઉપાય. ધરી. ૪
દેખી વિકળ દેવ દાનવ, હસે સારંગપાની;
પ્રેમાનંદકે નાથજી, દયા ઉર આની. ધરી. ૫

**દોહા**

કરી આજ્ઞા તબ શ્રીપતિ, વૈનતેય બળવીર;
ધરો મંદરગિરિ સિંધુમહિ, હરો સુર અસુર પીર. ૧
ગયે ગરુડ ગ્રહી મંદર, લખ જોજન વિસ્તાર;
ધર્યો સિંધુ મહિ સહજ લઈ; નિમખ ન લાગી વાર. ૨

**૯૯૧ પદ-૨/૨**

દેવ દાનવ આનંદ ભયે, મનમોદ ન માઈ; હાંહાં રે.

ભયો કારજ સબ સુફળ, ભયે સહાઈ; હાંહાં, દેવ.
ગ્રહ્યો ગિરિ દઢ સબ મિલિ, કરી ભુજબળ ભારી; હાંહાં,
તદપિ કરમેં ના રહ્યો, ગયો તુરત પાતારી. દેવ. ૧
વિકળ ભયે દેવ દાનવ, તપ તેજ પ્રતાપી, હાંહાં,
બુદ્ધિબળ પરાક્રમ થકયો, ચિંતા ઉર વ્યાપી. દેવ. ૨
ભવ બ્રહ્મા કહે સુનો સબે, દેવ દાનવ ભાઈ; હાંહાં,
વિપત વિદારન હરિ વિના, દૂસરો કોઉ નાઈ. દેવ. ૩
ચિત્ત ચિંતા સબ પરહરિ, સુમરો સુખકારી; હાંહાં,
અર્થ સિદ્ધ સબ હોઈહેં, જો ભજો ભયહારી. દેવ. ૪
કરત ધ્યાન શ્રીકૃષ્ણકો, દેવ દાનવ ભ્રાતા; હાંહાં,
પ્રેમાનંદકો નાથજી, શરણાગત ત્રાતા. દેવ. ૫

## ૯૯૨ જય દેવ જય આરતી

જય દેવ જય દેવ જય કરૂનાસિંધો, જય કરૂનાસિંધો;
કચ્છવપુ મુરારી (૨) જય જય દીનબંધો. જય.
લીનો રૂપ વિપુલ અતિ, સુરમુનિ સુખદાઈ (૨) ધાર્યો પૃષ્ઠ મંદરગિરિ (૨)
કરૂના ઉર લાઈ. જય. ૧
મંદર ભમત ગિરિ પૃષ્ઠે, તેહિ અવસર સ્વામી (૨) નિદ્રાવશ હોઈ સુવત (૨)
હરિ અંતરજામી. જય ૨
મંથી સિંધુ સુરાસુર અમૃત નિકાર્યો (૨) મોહનીરૂપ ધરી હરિ (૨)
સુર કારજ સાર્યો. જય. ૩
ધારત રૂપ વિધવિધ નિજજન સુખકારી (૨) પ્રેમાનંદકે સ્વામી (૨)
શ્રીહરિ અવતારી. જય. ૪

## પરશુરામ જન્મોત્સવના પદો (વૈશાખ શુકલ તૃતીયા)

### દોહા

વૈશાખ માસકી શુકલ તિથિ, તૃતીયા પરમ અનુપ;
પુનર્વસુ નક્ષત્ર શુભ, મધ્યાહ્ન કાળ સુખરૂપ. ૧
ગ્રહ ષટક ભયો ઉર્ધ્વગતિ, મિથુન પ્રાપ્ત ભયો રાહુ;
તેહિ અવસર ભૃગુકુળ વિષે, હો રહ્યો પરમ ઉત્સાહ. ૨

૯૯૩ **ઢાળ: પદ=૪** પદ-૪/૧

હાં રે હો પંચ શબ્દ વાજીંત્ર વજાવત, ગાવત મંગળ ચારી હો;
નરનારી ઉર હરખ ન માવત, ફૂલે પ્રેમ ખુંમારી હો. પંચ. ૧
હાંરે હો વાસુદેવ નારાયણ વિષ્ણુ, વેદ વિમળ જશ ગાયે હો;
પરશુરામ નામ મંગળમય, પ્રકટે ભુગુકુળ આયે હો. પંચ. ૨
હાંરે હો અતિ પુનિત દ્વિજ તાત, જમદગ્નિ પુનિત રેણુકા માત હો;
તાકે ગૃહે પ્રગટે પરતાપી, હરિ ઈશ્વર સાક્ષાત્ હો. પંચ. ૩
હાંરે હો ક્ષત્રિકુળ દાવાનળ ઉદયો, દ્વિજકુળ મંગળકારી હો;
પ્રેમાનંદ હરિકૃષ્ણ છબી પર, વારવાર બલિહારી હો. પંચ. ૪

૯૯૪ પદ-૪/૨

હાં રે હો દ્વિજપુર આનંદ છાય રહ્યો આજ, શોભા કઈહ ન જાઈ હો;
શોભા રવિ ઉદય ભયો અવનિ, સુર સજ્જન સુખદાઈ હો...દ્વિજ. ૧
હાંરે હો ભૂસુર કરત વેદધ્વનિ ઉત્તમ, નાચત નભ સુરનારી હો;

કરત કુસુમ વૃષ્ટિ વૃંદારક, મુદિત મહા વ્રતધારી હો...દ્વિજ. ૨
હાંરે હો પહિરે ભૂષન વસન વિવિધ રંગ, દ્વિજહારી દ્વિજરાયા હો;
તેલ ફુલેલ સુગંધિદ્રવ્ય લે, સંવારત દ્વિજ કાયા હો...દ્વિજ. ૩
હાંરે હો કેસર કુંકુમ મૃગમદ મલય, નારી તન લે ધારે હો;
પ્રેમાનંદ ઘનશ્યામ રૂપપર, તન નોછાવરી વારે હો...દ્વિજ. ૪

૯૯૫ પદ-૪/૩

હાં રે હો ભૃગુકુળ પ્રગટ ભયે ભવતારન, ક્ષત્રિકુળ ક્ષયકારી હો;
માતપિતા ઉર આનંદદાયક, સુર નર મુનિ ભયકારી હો. ભૃગુ. ૧
દિન પ્રતિદિન બઢત સુરનાયક, જ્યું દ્વિતીયાકો ચંદા હો;
વિધિવત કિયે સંસ્કાર સકળ દ્વિજ, પાયે પરમાનંદા હો. ભૃગુ. ૨
હાં રે હો સમય પાય ઉપવીત દિયો ઋષિ, જાને કારન રૂપા હો;
ત્યાગ તેજ તપ પ્રબળ જ્ઞાનનિધિ, નૈષ્ઠિક વ્રત મુનિભૂપા હો. ભૃગુ. ૩
હાંરે હો ત્યાગ કરી નિજ માત તાત કુળ, ગયે તપ કરન પ્રવીરા હો;
પ્રેમાનંદ કહે ક્ષીર સિંધુતટ, તપત સુપત રણધીરા હો. ભૃગુ. ૪

## ૯૯૬ આરતી

કીજે પરશુરામજીકી આરતી, કીજે.
અગ્ર ધૂપ પ્રગટી ધૃતબાતી, રેણુકા માત ઉતારતી. કીજે. ૧
નિરખિ સુંદર વદનકમળ છબી, અંતરમેં લે ધારતી;
તન મન ધન લે પ્રાણ રેણુકા, હરખિ સુત પર વારતી. કીજે. ૨
અવલોકી ભૃગકુળ ભુવન હરિ, દ્વિજત્રિયા મટક ન મારતી;

દ્વિજસત્તમ જમદગ્નિ આદિ દ્વિજ, સ્તુવત ભનત સુભારતી. કીજે. ૩
વરષત અમર સુમન ઝરી પુલકિત, અંખિયા રૂપ નિહારતી;
પ્રેમાનંદકે મગન મનવૃત્તિ, રૂપ છટા ન વિસારતી. કીજે. ૪

## અક્ષયતૃતીયના પદો

૯૯૭ રાગ : સારંગ પદ=૨ પદ-૨/૧

અક્ષય તૃતીયા આજ શુભગ દિન, આઈ અતિ સુખદાઈ હો; અક્ષય.
અક્ષય લીલા કરત મહાપ્રભુ, સબ જનકે મન ભાઈ હો. અક્ષય. ૧
ચંદનકો તન વાઘો પે'રે, શોભા કઈહ ન જાઈ હો;
ચિત્રવિચિત્ર બને નટ નાગર, રહી છબી અંગઅંગ છાઈ હો. અક્ષય. ૨
સુંદર પાઘ સુમનકી શિરપર, તોરા લટકત માંઈ હો;
પ્રેમાનંદ શ્રી ધર્મકુંવર છબી, નિરખત અતિ હરખાઈ હો. અક્ષય. ૩

૯૯૮ પદ-૨/૨

સોહત ચંદન ખોર કીયે તન, સુંદર શ્યામ વિહારી હો; સોહત.
બિચ બિચ બિંદા દિયે કુંકુમકે, છાય રહી છબી ન્યારી હો. સોહત. ૧
સુમનકી પાઘ સુમન ભુજબંધન, સુમન માલ ઉર ધારી હો;
કર કંકન પે'રે પુષ્પનકે, નિરખિ થકિત નરનારી હો. સોહત. ૨
કટિમેખળા ધરે સુમનકી, પાયન પેંજની પ્યારી હો;
સુમનછડી સોહત કર સુંદર, નિરખિ પ્રેમાનંદ વારી હો. સોહત. ૩

## ચંદનયાત્રાના પદો

**૯૯૯ રાગ : ગોરી પદ=૪ પદ-૪/૧**

ચંદન સે ઘનશ્યામ, વિરાજત ચંદનસેં ઘનશ્યામ;
ચંદન ખોર કિનિ સબ તનમેં, સોહત શોભાધામ. વિરાજત. ૧
શ્વેત ચંદનકો જામા પહિર્યો, ઉર વૈજયંતી માળ;
ભાલ તિલક કેસરકો સોહે, અંબુજ નયન વિશાળ. વિરાજત. ૨
અક્ષયતૃતીયા કે દિન એહિવિધિ સબ અંગ ચંદન ધારી;
મુકતાનંદ કો શ્યામ ચતુરવર અતિ સોહત સુખકારી. વિરાજત. ૩

**૧૦૦૦ પદ-૪/૨**

કીનિ હે ચંદન ખોર, મનોહર કિનિ હે ચંદનખોર;
શ્રી ઘનશ્યામ સદા અતિસુંદર, વ્રજવનિતા ચિતચોર. મનોહર. ૧
કેસરકો લેપન સબ તનમેં, કીનોહે કુંજવિહારી;
મૃગમદ તિલક ભાલબિચ રાજત, ભઈ શોભા અતિભારી. મનોહર. ૨
ધરેહેં ગુચ્છ કાનન પર, પાઘમેં તોરે વિરાજે;
મુકતાનંદકો નાથ વિલોકત, કોટી કામછબી લાજે. મનોહર. ૩

**૧૦૦૧ પદ-૪/૩**

ગૌર શ્યામ બની જોરી, અલૌકિક ગૌર શ્યામ બની જોરી;
રસિક રાય વ્રજરાજ લાડિલો, શ્રીવૃષભાનુ કિશોરી. અલૌકિક. ૧
ચંદનકે જામા સબ અંગમેં, પૈરે હે પ્રિતમ પ્યારી;
અંગોઅંગ પુષ્પકે ભૂષન, જાુગલ કિશોર વિહારી. અલૌકિક. ૨

શ્યામા શ્યામકી યા સુંદરતા, વરનત શેષ લજાવે;
મુકતાનંદ તેહિ કહે અન્ય કવિ, કહાંસે યથારથ ગાવે. અલૌકિક. ૩

**૧૦૦૨** **પદ-૪/૪**

ચંદનખોર વિરાજે, આજ ભલી ચંદનખોર વિરાજે;
રામકૃષ્ણ ગુણસદન રૂપનિધિ, તાતેં અધિક છબી છાજે. આજ. ૧
સ્થલપંકજકે હાર મનોહર, ઉરપર અધિક સોહાવે;
ભાલ તિલક બિચ કુંકુમચંદ્રક, છબી બરની નહિ જાવે. આજ. ૨
શ્યામલ ગૌરકી યા છબી નિરખત, મોઈ સકળ વ્રજનારી;
મુકતાનંદકે' નાથ મનોહર, રામ કૃષ્ણ સુખકારી. આજ. ૩

## નૃસિંહ જન્મોત્સવના પદો (વૈશાખ શુકલ ચતુર્દશી)

**૧૦૦૩** **રાગ : ગોરી પદ=૪** **પદ-૪/૧**

નરહરિરૂપ મુરારી, પ્રગટ ભયે નરહરિ રૂપ મુરારી;
અતિ વિકરાળ વદનજુત મૂર્તિ, ભાસત અતિ ભયકારી. પ્રગટ. ૧
માધવ માસકી શુકલ ચતુર્દશી, તેહિ દિન નૃસિંહ સ્વરૂપ;
સ્તંભકું ફોરીકેં પ્રગટ ભયેહે, કીનોંહે ક્રોધ અનુપ, પ્રગટ. ૨
હિરણ્યકશિપુકો ઉદર વિદાર્યો, અતિશય જોર જનાઈ;
મુકતાનંદકે પ્રભુ પ્રહ્લાદકી, કિનિહેં રક્ષા આઈ. પ્રગટ. ૩

**૧૦૦૪** **પદ-૪/૨**

પ્રગટ ભયે નરસિંગ, ભકતહિત પ્રગટ ભયે નરસિંગ;
જનપ્રહ્લાદકું અસુર પાતકી, જબ દુઃખ દીન અભંગ. ભકત. ૧
કાઢી ખડગ હિરણ્યકશિપુ કોપ્યો, કહાંહે તવ રખવાર;

મમ પ્રભુ સબસેં સબહિસેં ન્યારે, યું કહ્યો બાળ ઉદાર. ભકત. ૨
સ્તંભ ફોરી જબ નરહરિ પ્રગટે, કિનોહે અતિસેં નાદ;
મુકતાનંદકે નાથ અભય કીયો, અપનો જન પ્રહ્‌લાદ. ભકત. ૩

**૧૦૦૫** **પદ-૪/૩**

અસુરકુ નખસેં વિદારી, હન્યો પ્રભુ અસુરકું નખસેં વિદારી;
રાતે નેંન ફિરાવત ચહુ દિશ, માનુ કૃતાંત લયકારી. હન્યો. ૧
બ્રહ્મા ભવ કમળા ઢિગ આવત, મનમેં ડરત અતિ ભારી;
અબલુ શ્રી નારાયણ કબ હું, એસિ મૂર્તિ નહિ ધારી. હન્યો. ૨
જન પ્રહ્લાદ ઉત્સંગમેં લીનો, ચાટન લગેઉ અઘારી;
મુકતાનંદ ભકતવત્સલ પર, વારવાર બલિહારી. હન્યો. ૩

**૧૦૦૬** **પદ-૪/૪**

ભકતનકે ભયહારી, સદા પ્રભુ ભકતનકે ભયહારી;
જન પ્રહ્લાદ કાજ ભએ નરહરિ, માર્યો અસુર અહંકારી. સદા. ૧
જયજયકાર ભયો ત્રિભુવનમેં, દુદુંભિ દેવ બજાવે;
સુમન વૃષ્ટિ સુરરાજ કરત હે, ગાંધર્વ હરિ ગુન ગાવે. સદા. ૨
યું નરસિંહ રૂપ પ્રભુ ધાર્યો, વાસુદેવ અવતારી;
મુકતાનંદ રસિક પ્રિતમ પર, વારવાર બલિહારી. સદા. ૩

**૧૦૦૭** **રાગ : કાનડો પદ=૪** **પદ-૪/૧**

નરહરિ રૂપ ધર્યો મુરારી, નરહરિ.
સાયંકાળ સમે સુરનાયક, સ્તંભ ફારી પ્રગટે ભયહારી. નર. ૧
મહા ભયભીત રૂપ હરિ લીનો, કીનો શબ્દ અસુર ભયકારી;
કંપે દિગ આકાશ અવની નગ, ગર્ભપાત કીયે અસુરકી નારી. નર. ૨

દશન કટકટાત જીભ ચટચટાવત, પકર્યો અસુર ઝપટી અસુરારી;
પ્રેમાનંદકે નાથ અસુરકો, ઉદર વિદારિ આંત ઉર ધારી. નર. ૩

**૧૦૦૮ પદ-૪/૨**

નરહરિ રૂપ નારાયન ધાર્યો, નરહરિ.
સ્તંભ ફારી પ્રગટે પુરૂષોત્તમ; મહાવિકરાળ રૂપ વિસ્તાર્યો. નરહરિ. ૧
અસુરપતિ હિરણ્યકશિપુ મહાબળ, પકરી નખનિસું ઉદર વિદાર્યો;
જયજયકાર ભયો ત્રિભુવનમેં, અપનો જન પ્રહ્લાદ ઉગાર્યો. નરહરિ. ૨
કમળા ડરી દૂર હોય ઠાડિ, એસો રૂપ કબકું ન નિહાર્યો;
પકરી પ્રહ્લાદહિં ચાટન લાગે, પ્રેમાનંદકો કારજ સાર્યો. નરહરિ. ૩

## ૧૦૦૯ આરતી

આરતી કીજે નૃસિંહ દેવકી, અભય અજીત હરિ અલખ અભેવકી; આ.
પરમકૃપાળ ભકત હિતકારી, સ્તંભ ફારી પ્રગટે ભયહારી. આ. ૧
અતહિ અવધ્ય અસુરગ્રહી માર્યો, અપનો જન પ્રલ્હાદ ઉગાર્યો. આ. ૨
આરતી કરત દેવ મુનિ આઈ, બરખત હરખિ સુમન ઝર લાઈ. આ. ૩
સુર સાધુ દ્વિજ નિજજન કારન, જુગજુગ પ્રગટત પ્રેમાનંદ તારન. આ. ૪

## સ્નાન યાત્રાના પદો (જ્યેષ્ઠ પૂર્ણિમા)

**૧૦૧૦ રાગ : બિરાવલ પદ=૪ પદ-૪/૧**

જયેષ્ઠ સુદી પુનો પરિપૂરન, જયેષ્ઠા નક્ષત્ર હે મંગળકારી, જયેષ્ઠ;

તાદિન સ્નાન કરત પુરૂષોત્તમ, રૂપનિધિ ઘનશ્યામ મુરારી. જયેષ્ઠ. ૧
પહિંરે હીર હાટક પટ સુંદર, ધરે મનિમય ભૂષન ભારી;
સજે શ્યામ સંગ રાખા સુભટ તર, ભાનુસુતા તટ ચલે ભયહારી. જયેષ્ઠ. ૨
અતિ પવિત્ર તટ યમઅનુજાકો, ધરે તહાં પટ ભૂષન ઉતારી;
કિયો પ્રવેશ હરિ સખા અંશ ધરી, નિરખત પ્રેમાનંદ પ્રેમખુમારી. જયેષ્ઠ. ૩

**૧૦૧૧** **પદ-૪/૨**

જયેષ્ઠ શુકલ પુનો દિન પાવન, કરત સ્નાન હરિ પ્રાણ આધાર; જયેષ્ઠ.
કરી મર્દન તન સુગંધિ સ્નેહકો, પઢત વિપ્ર ષોડશ ઉપચાર. જયેષ્ઠ. ૧
કિયો પ્રવેશ જમુનાજળ ભિંતર, મધ્ય પ્રવાહ મહિં ધર્મકુમાર;
સુર નર મુનિ મગન હોયે નિરખત, ગીરત શિશ જળ છત્રાકાર. જયેષ્ઠ. ૨
નાસા આંખ કાન હરિ, જળભીંતર રહે ઘડી દોચાર;
પ્રેમાનંદકો નાથ બદનપર, ફેરત કર વર અભય ઉદાર. જયેષ્ઠ. ૩

**૧૦૧૨** **પદ-૪/૪**

કરી મજ્જન જળ બાહર નિકસે, પહિરે પટ ભૂષન સુરાઈ; કરી.
ભયે અસવાર સુભગ વડવા પર, ચલે નિજમંદિર જનસુખદાઈ. કરી. ૧
ગાવત અતિ વિશદ કીર્તિ જશ, સંત હરિજન અતિ હરખાઈ;
કરત સુફળ નેના પુરવાસી, નિરખિ ધર્મસુત હરખ ન માઈ. કરી. ૨
આયે બિરાજે ઉત્તમ અજીરમહિ, કનકપલંગ પર પ્રભુ પુલકાઈ;
નિરખિ અમર સુમન ઝરી વરષત, પ્રેમાનંદ પ્રભુપર બલજાઈ. કરી. ૩

**૧૦૧૩** **રાગ : સારંગ પદ-=૪** **પદ-૪/૧**

જળક્રીડા ગિરિધારી, કરત નિત્ય જળક્રીડા ગિરિધારી; ટેક.

મત્ત મયંગ જીમી જળમહીં ખેલત, સંગ લીયે વ્રજનારી. કરત. ૧
ગ્રીષ્મ કાળકો તાપ નિવારન, જળ છંટકત સકુમારી;
ગોપી કરત વિનોદ શ્યામ સંગ, રીઝત કુંજ વિહારી. કરત. ૨
ત્યું ઘનશ્યામ સબહી ગોપી પર, જળ છંટકત મુદ પાઈ;
મુકતાનંદ કહે રસિક છેલકી, યા છબી બરની ન જાઈ. કરત. ૩

**૧૦૧૪** **પદ-૪/૨**

યમુનામેં ઘનશ્યામ, ખેલત પ્રભુ યમુનામેં ઘનશ્યામ; ટેક.
ચહુ દિશ ગ્વાલ સખાકે મંડળ, બીચ રાજત સુખધામ. ખેલત. ૧
જળકે પ્રવાહ મધ્ય પ્રભુ બેઠત, ચઢત હે શિરપર નીર;
મનહું શેષ ફણીજુત શ્રીવિષ્ણુ, યું સોહત બલવીર. ખેલત. ૨
જયજય શબ્દ કરત વ્રજવાસી, ગાવત નૌતમ ગીત;
મુકતાનંદકે શ્યામસોં સબહું, ભઈ હે અલૌકિક પ્રીત. ખેલત. ૩

## રથયાત્રાનાં પદો (અષાઢી સુદી દ્વિતીયા)

**૧૦૧૫** **રાગ : સામેરી મલાર પદ=૪** **પદ-૪/૧**

આજ રથ બેઠે ગિરિધારી રે, ચલો સખી દેખનકું;
સોતો ભઈ શોભા અતિ ભારિ રે. ચલો.
કંચનકી છત્રિ રથ ઉપર, ધ્વજ તોરન છબિ છાજે રે;
તાપર કનક કળશ અતિ સુંદર, રતનસેં જડિત વિરાજે રે. ચલો.૧
તાતે તુરંગ શ્વેત અતિ સુંદર, જોરે હે નવલ બિહારિ રે;
ચ્યારૂ ચક્ર ફિરત અતિ વેગહિ, હોવત ધુનિ જયકારી રે. ચલો.૨

જય જયકાર ભયો ત્રિભુવનમેં, દુદુંભી દેવ બજાવે રે;
મુકતાનંદ શ્યામકી શોભા, બરનત શેષ લજાવે રે. ચલો. ૩

**૧૦૧૬** **પદ-૪/૩**

દેખો રથ બેઠેહેં અવિનાશી રે, સોહત સુખરાશી;
છબિ દેખી મગન બ્રજવાસી રે. સોહત.
રામ કૃષ્ણ દોઉ રથપર બેઠે, ચંચલ તુરંગ ચલાવે રે
હોવત શબ્દ માનુ ધન ગરજત,શોભા બરની ન જાવે રે. સોહત.૧
સુર નર મુનિ સબ આએ દર્શહિત, રથયાત્રાકું જાનિ રે;
વિવિધ ભાતિ બાજિંત્ર બજાવત,બોલત જયજય બાનિ રે. સોહત.૨
રામ કૃષ્ણ પ્રભુ રથપર દેખી, જન્મ સુફળ સબ કીનો રે;
મુકતાનંદ મગન છબી નિરખત,લ્હાવ અલૌકિક લીનો રે. સોહત.૩

**૧૦૧૭** **રાગ : મલાર પદ=૪** **પદ-૪/૧**

રથકી સુંદરતાઈ દેખો માઈ, રથકી.
વિશ્વકર્મા અતિ રચ્યો મનોહર, મન કર્મ વચન બનાઈ. દેખો.૧
નાનાવિધકે રત્ન મનોહર, હાટક બીચ જડાઈ;
કંચનકળશ ધરે બહુ સુંદર,ઉદીત ભઈ છબિ આઈ. દેખો.૨
ક્ષુદ્ર ઘંટિકા કવણિત કિકિની,શબ્દ રહ્યો નભ છાઈ;
ચક્ર ચાર લખિત થકિત રવિ શશિ, જનમન રહેહે લોભાઈ. દેખો.૩
સુંદર સૈંધવ ચલત દેખી ગતિ, સુપર્ણ રહ્યો સંકુચાઈ;
શ્રીઘનશ્યામ આપ રથ હાંકત, પ્રેમાનંદ બલજાઈ. દેખો.૪

૧૦૧૮ પદ-૪/૨

રથ હાંકત બલવીર દેખો માઈ, રથ
ચાબક દોર ગ્રહિ કર હયકી,હાંકતહે ધીરે ધીર, દેખો.૧
સુંદર બસન ભૂષણ તન પહેરે,સોહત શ્યામ શરીર;
છબી નિરખત નિજજન સબ ધાયે,ભઈ મુનિવરકી ભીર. દેખો.૨
બાજત બાજાં વિવિધ ભાતકે,ચલે જમુના તીર;
કરત સ્નાન તરણીતનયામેં,રમત ઉછાલત નીર. દેખો.૩
કરત વિહાર વિશ્વકે કારન,ત્રિવિધ વહત સમીર;
પ્રેમાનંદકો નાથ કૃપાદ્રગ,હેરત હરત રૂ પીર. દેખો.૪

૧૦૧૯ પદ-૪/૩

રથ હાંકત ઘનશ્યામ દેખો આજ; રથ.
સજી શૃંગાર બેઠે રથ ઉપર, કર ગ્રહી હયકી લગામ. દેખો.૧
નિજજન સંગ ગ્વાલ ગોપીજન, મુનિવર સંગ બલરામ;
નિકસે નગરસેં બહાર શ્રીપતિ, સંતનકે સુખધામ. દેખો.૨
દોરત હય રથ કરત કુલાહલ, દેવ બજાવે દદામ;
નિરખત હરખી કુસુમ ઝરી બરખત, ગગન મગન આઠો જામ. દેખો.૩
પહેરે ભૂષણ બસન અનુપમ, ગાવત ગુન બ્રજભામ;
પ્રેમાનંદ ઘનશ્યામ નીરખિ છબી; ભયો પરિપૂરન કામ. દેખો.૪

## હિંડોળાનાં પદો (અષાઢ વદી-૨)

### દોહા

કૃષ્ણપક્ષ અષાઢકી, દ્વિતીયાકે દિન શ્યામ;

બેઠે હે રંગ હિંડોળના, સબવિધ શોભા ધામ. ૧
મોર બપૈયા બોલરી, દાદુર કરત ઝિંગોર;
વૃંદાવનકી કુંજમેં, ઝુલત જાુગલ કિશોર. ૨
ચહુ દિશ ચમકત દામની, કરત સુખદ ઘનઘોર;
સુંદર છૈયાં કદમકી, ઝુલત જાુગલ કિશોર. ૩
શોભા શ્રીઘનશ્યામકી, કોટિ મદનમદ તોર;
મુકતાનંદ કહે ઈનહિસો, રહો સદા રતિ મોર. ૪

### દોહા

શી કહું શોભા આજની, શોભે શ્રીઘનશ્યામ,
અંગોઅંગ છબી નીરખતાં, લાજે કોટિક કામ. ૧
હિંડોળો સુંદર અતિ, શોભા કહી નવ જાય,
નિરખિ સહુ નરનારીનાં, ચિત્તડા રહ્યાં લોભાય. ૨

## ૧૦૨૦ અનિહાંહાંરેસુંદરપદ=૪ **રાગ : સામેરી પદ-૪/૨**

અનિહાંહાંરે, ઝૂલો રસિયાજી રતન હિંડોરે,અનિહાંહાં રે, મન મોહ્યું મારું છેલા તારે તોરે.૧
શ્યામળિયા શોભાના બહુ સરસ ભરીયા, અનિહાંહાં રે, તારાં નેણાં તે ચિત્ત મારું ચોરે.૨
તારી આંખડલીની રેખા રાતી, અનિહાંહાં રે , આવી વાગી કાળજડાની કોરે.૩
તારી પાઘડલી આંટાદાર બણી, અનિહાંહાં રે, આવી અટકી રહી દિલ મોરે.૪
પ્રેમાનંદના પ્યારા ઘનશ્યામ પિયા, અનિહાંહાં રે, રાખું જીવડલા મહિં જોરે.૫

**૧૦૨૧ રાગ : ગરબી**

વડતાલની ફૂલવાડીયે રે હિંડોળો આંબાની ડાળ;
બાંધ્યો આંબલીયા ડાળ, વાલો મારો હીંચે હિંડોળો આંબાની ડાળ.
સોનાની સાંકળે બાંધ્યો રે હિં૦ રૂપકડાં બે ચાર, વાલો મારો...૧
મખમલ ગાદલાં નાખ્યાં રે હિં૦ અતલસના ઓછાડ, વાલો મારો...૨
ટેકે રે તકિયા મેલ્યા રે હિં૦ ગાલ મસુરીયા દાર, વાલો મારો...૩
જરકસી જામા પેર્યા રે હિં૦ શેલામાં સોનેરી તાર,વાલો મારો...૪
બાંયે બાજુબંધ બેરખા રે હિં૦ હૈયે હજારી હાર, વાલો મારો...૫
પાયે તે નેપુર શોભતાં રે હિં૦ ઝાંઝરનો ઝણકાર, વાલો મારો...૬
પાયે પિરોજી મોજડી રે હિં૦ ચાલે ચટકંતી ચાલ, વાલો મારો...૭
બાંધ્યો હીંડોળો બાર બારણે રે હિં૦ કનક જડ્યા કમાડ, વાલો મારો...૮
બાર સ્વરૂપે બિરાજતા રે હિં૦ સહજાનંદ ભગવાન, વાલો મારો...૯
આનંદસ્વામી આરતી ઉતારતા રે હિં૦ પ્રેમાનંદ બલિહાર, વાલો મારો...૧૦

**૧૦૨૨ રાગ : સોરઠ પદ=૪ પદ-૪/૧**

રંગભીના રે શ્યામળિયા આવો ઝુલીયે રે..ટેક૦
બાંધુ ફૂલ હિંડોળો પ્યારા, પહેરાવું પટ ભૂષણ સારા;
નંદકુંવર તમને નીરખીને ફુલીયે રે...રંગભીના-૧
ચરચું ચંદન ખોર છબીલા, નૌતમ રીતેસ્યું રંગીલા;
ચાંદલીયો કરવા ઊભી કંકુ લીયે રે...રંગભીના-૨

જરકસિયા પહેરો હરિ જામા, આવો છેલછબીલા સામા;
ચિતડું ચોરો બાંધી પાઘ અમૂલીયે રે...રંગભીના-૩
અલબેલા ઉરમાં લખી રાખું, તન મન તમ પર વારી નાખું;
પ્રેમાનંદ કહે આ અવસર નહી ભૂલીયે રે...રંગભીના-૪

**૧૦૨૩** **પદ=૪/૩**

ઝુલો ઝુલોરે કેસરિયા વર હિંડોરડે રે...ઝૂલો૦
હું ઉતરું તમે ઝુલો ગિરિધર, હળવેશું ઝુલાવું હરિવર;
કેશર ચંદન ચરચું હરિ તન ગોરડે રે...ઝુલો-૧
ફૂલતણા જામા હરિ પહેરો, હેત કરી મુજ સામું હેરો;
ચિત્તડું મારું ચોરો ફૂલાં તોરડે રે...ઝુલો-૨
મંદમંદ હરિ મેહુલો વરસે, ચમકે વીજ ગગનમાં સરસે;
બોલે મોર બપૈયા ઉચે સોરડે રે...ઝુલો-૩
કર જોડી તમ ચરણે લાગું, તમ પાસે હરિ એ વર માગું;
પ્રેમાનંદના નાથ રહો મારે ઓરડે રે...ઝુલો-૪

**આવો ઘનશ્યામ ઝુલાવુંરી પદ=૪**

**૧૦૨૪** **રાગ : ભૈરવી** **પદ-૪/૩**

મેરે ઘર વાલમ આવો રે ઝુલનકું હો; (૨) ટેક૦
તુમ ઝૂલો મોરે મંદિર આયકે, રસિક સલુના વ્રજરાવ રે...ઝુલનું૦૧
હીરકી દોર હિંડોરે બાંધી, હીરા રતન જડાવ રે...ઝુલનું૦૨
સુંદર વિધ વિધ ફૂલ બિછાયે, અત્તર હું કો છટકાવ રે...ઝુલનું૦૩
બ્રહ્માનંદ ચરનકી દાસી, હસી હરિ કંઠ લગાવ રે...ઝુલનું૦૪

**૧૦૨૫** **પદ-૪/૪**

ઝુલો મેરે પ્રાન આધાર રે, પાતળિયા હો;
ઝુલો મેરે પ્રાન આધાર રે, પાતળિયા હો ટેક૦.
સુંદર સાજ હિંડોરો સુંદર, સુંદર અંબલેકી ડાર રે. પાતળિયા૦ ૧
આય બિરાજો નવલ હિંડોરેમેં, પહેરો ગલે ફૂલ હુકે હાર રે. પાતળિયા૦ ૨
તુમસે રંગીલે પીયા નેહરા લગ્યા રે, સલુને નંદકુમાર રે. પાતળિયા૦ ૩
અજબ છબી તેરી મૂર્તિ ઉપર, બ્રહ્માનંદ બલિહાર રે. પાતળિયા૦ ૪

**૧૦૨૬ રાગ : બિહાગ પદ=૨ પદ-૨/૧**

હિંડોરનામેં હોરે હોરે ઝુલો રાજ; હિંડોર...ટેક૦
છેલ ઝુલાવું રતન હિંડોરે, સુફલ કરું સબ કાજ...હિં૦૧
ઝરમર ઝરમર મેહા વરસે, ગરજે ગગન ઘન ગાજ;
દાદુર મોર બપૈયા બોલત, આનંદ છાયો આજ...હિં૦૨
તુમ ઝુલો હું ગાવું હિંડોરા, કરી કે સુભગ સમાજ;
થઈતાતા થેઈતાતા તાન મીલાવું, બાજત તાલ પખાજ...હિં૦૩
યહ છબી નીરખી નાથ તુંમારી, મદન ભયો હતલાજ;
ગોપીનાથ રહો નેનનમેં, પ્રેમાનંદ શીરતાજ...હિં૦૪

**૧૦૨૭ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

શ્યામ પધારો ઘનશ્યામ પધારો; શ્યામ પધારો ફૂલવાડીએ રે...ઘન૦
ફૂલડાં ભરીને બાંધ્યો ફૂલ હિંડોળો; હરિવર હેતે ઝુલાવિયે રે...ઘન૦-૧

પ્રીતડી કરીને બહુ પાક બનાવ્યા; જીવન જુગતે જમાડિયે રે...ઘન૦-૨
ફૂલોના હાર તોરા ગજરા પહેરાવીયે; ફૂલની પછેડી ઓઢાડીયે રે...ઘન૦-૩
પ્રેમાનંદ કહે ગાઈ ગુણ તમારા; તાલ મૃદંગ બજાવિયે રે...ઘન૦-૪

**૧૦૨૮ ઝૂલો હરિ પદ=૪ રાગ : ભૈરવી પદ-૪/૧**

ઝુલો હરિ હિંડોળે વ્હાલા, નટવર નંદતણા લાલા...ઝુલો૦ ટેક
સરસ ઋતુ શ્રાવણની સારી, ઝુલાવાને આવી વ્રજનારી;
ઝૂલો પ્યારા પ્રીતમ ગિરિધારી...ઝુલો૦ ૧
હિંડોળો રત્નતણો રચિયો, હીરા મોતી નંગ કરી ખચિયો;
નંદજીને આંગણિયે મચિયો...ઝુલો૦ ૨
મંદમંદ મેહુલો ઘોરે, દામિનિયો દમકે ચહુ કોરે;
બોલે મોર મગન ઉંચે સ્વરે...ઝુલો૦ ૩
ઝુલાવું હેત કરી રસિયા, તમે મારા અંતરમાં વસિયા;
પ્રેમાનંદના પ્યારા રસિયા...ઝુલો૦ ૪

**૧૦૨૯ રાગ : ખમાચ પદ=૪ પદ-૪/૧**

ઝૂલન કે દિન આયે હિંડોરે...ઝૂલન૦
આયો શ્રાવણ માસ મનોહર, ચહુ દીશ વાદુર છાયે...હિંડોરે-૧
ગરજત ગગન દામિની દમકત, મોરન સોર મચાયે...હિંડોરે-૨
ધર્માત્મજ ઘનશ્યામ હિંડોરે, ઝુલાવું ગુન ગાયે...હિંડોરે-૩
પ્રેમાનંદ નિરખી છબી સુંદર, તન મન ધન બલીજાયે...હિંડોરે-૪

નવલ હિંડોળે નાથજી પદ=૮

**૧030 રાગ : માલીગાડો પદ-૮/૬**

હિંડોળો ઘનશ્યામ હરિનો, અતિ રૂપાળો લાગે રે;
સજની અંતર વાધે સુખડું, ભવનું દુઃખડું ભાંગે રે. હિં૦ ૧
છેલ ચતુરવર છોગાળા કેરી, મૂર્તિ મનોહર પ્યારી રે;
અલબેલા મનમોહન ઉપર, તન ધન નાખું વારી રે. હિં૦ ૨
હિંડોળાની શોભા હેલી, વર્ણવ્યામાં નવ આવે રે;
લટકાળા કેરું છોગલિયું, ચિત્તડાને લલચાવે રે. હિં૦ ૩
કનક સ્થંભ હિંડોળો કાજુ, દોરી રેશમ કેરી રે;
બ્રહ્માનંદનો વહાલો ઝુલે, લાલ મનોહર લેહેરી રે. હિં૦ ૪

**૧૦૩૧** પ્યારી રાધિકા પ્રેમે પદ=૪ **રાગ : મલાર પદ-૪/૩**

મારો નવલ સનેહી ઝુલે નાથ રે, નૌતમ હિંડોળે, નૌતમ૦ ટેક.
મારું મનડું લોભાણું એની સાથ રે, ફુલતણે તોરે. નૌતમ૦ ૧
ફૂલતણી શીર પાગ મનોહર, વાઘો તે ફૂલાં કેરો રે;
અંગઅંગ પ્રતિ ફુલ આભૂષણ, જોઈને મટે ભવ ફેરો રે. નૌતમ૦ ૨
ફુલી કુંજકુંજ દ્રુમ વેલી, ચંપા જાઈ ચમેલી રે;
મધુકર ગુંજે મદનભર્યા બહુ, થઈ છે આનંદહેલી રે. નૌતમ૦ ૩
વરષે દેવ કુસુમની વરષા, નૃત્ય કરે બહુ ગાયે રે;
પ્રેમાનંદના નાથને નિરખી, આનંદ ઉર ન સમાયે રે. નૌતમ૦ ૪

**૧૦૩૨** **પદ-૪/૪**

મારાં નિરખીને નેણં લોભાણા રે, છેલા છોગાળા; છેલા૦ ટેક.
અમે હરિવરને હાથ વેચાણા રે, વ્હાલો લાગે મરમાળો...છેલા-૧
સોરંગ હિંડોળે શ્યામ વિરાજે, ઝુલે હરિ જમુના તીરે રે;
રેશમ દોરી લઈ રંગભીની, રાધા (૨) ઝુલાવે ધીરે ધીરે રે...છેલા-૨
કોઈ નાચે ને કોઈ મૃદંગ બજાવે, કોઈ સખી રાગ આલાપે રે;
કોઈ અલબેલી હરિના મુખમાં, (૨) બીડી બનાવીને આપે રે...છેલા-૩
વ્રજવનિતા વિઠ્ઠલસંગ વિલસે, ને, પ્રેમે પિયુને ઝુલાવે રે;
પ્રેમાનંદના નાથને નિરખી,(૨)તનના તાપ સમાવે રે...છેલા-૪

**૧૦૩૩** **રાગ: ખમાચ પદ=૪** **પદ-૪/૧**

એરીયે હિંડોરે ઝુલે પ્યારો, નાગર નંદદુલારો. એરીયે૦
ગોપીનાથ ગોકુલકો ઠાકોર, મોહન મોરલીવારો. એરીયે૦ ૧
ગ્વાલબાલ મીલી ગાયે ઝુલાવે, હોત કોલાહલ ભારો. એરીયે૦ ૨
ચલરી સખી મીલી દેખન જૈયે, નટવર નેનકો તારો. એરીયે૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ પિયાકું, કરત ન નેનતે ન્યારો. એરીયે૦ ૪

**૧૦૩૪** **પદ-૪/૨**

એરીયે કદમવાકી છૈયાં, ઝુલત શ્યામ કનૈયા. એરીયે૦
અતિ મનભાવન રચ્યો હિંડોરો, નીરખી મદન લજૈયા. એરીયે૦ ૧
રત્નહિંડોરે રાજત સુંદર, હરિ હલધર દોઉ ભૈયા. એરીયે૦ ૨
નાચત ગ્વાલ બજાવત ગાવત, કરત હે થૈયા થૈયા. એરીયે૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ નાથકી, પુનિ પુનિ લેત બલૈયા. એરીયે૦ ૪

**૧૦૩૫ રાગ : કહરાન પદ=૪ પદ-૪/૧**

વૃન્દાવનમેં હિંડોરે ઝુલે પ્યારો, વૃંદા૦
નવલ હિંડોરે ઝુલત નટવર, નંદકુંવર દ્રગન તારો. વૃંદા૦ ૧
પ્રફુલ્લિત કુંજ કદમવાકી છૈયાં, રચ્યો હિંડોરો જગસું ન્યારો. વૃંદા૦ ૨
બરસત બચનસુધા સુબદનતે, હિયકો હાર હરિવર હજારો. વૃંદા૦ ૩
પ્રેમાનંદ હરિકૃષ્ણ છબીપર, ત્રિભોવનકો સુખ વારી ડારો. વૃંદા૦ ૪

## વરાહ જન્મોત્સવના પદો (શ્રાવણ શુકલ ૪)

### દોહા

એક સમે ચતુરાનન, કશ્યપ આદિ બોલાય;
કહત સર્વે સૃષ્ટિ કરો, અવનિ ઉપર જાય. ૧
કહે પ્રજાપતિ તાત સુંનો, કરીએ કોન ઉપાય;
કહો સર્ગ કેસેં કરે, ઉર્વી દિસત નાય. ૨
તબ ધાતા મન કસ્મલ, ઉપજ્યો અતહિં અપાર;
વિના અવની કેસેં બને, સૃષ્ટિ કરન વિચાર. ૩
તબ બ્રહ્મા મન અર્પિ પદ, કરી શ્રીહરિકો ધ્યાન;
કહત સુંનો મમ વિનય પ્રભુ, વાસુદેવ ભગવાન. ૪
હે નારાયણ કૃષ્ણ હરિ, કમળાપતિ કીરતાર;
વિપત સમે હરિ તુંમ વિના, નહિ કોઈ અન્ય આધાર. ૫

**૧૦૩૬ રાગ : સારંગ પદ=૪ પદ-૪/૧**

હાં રે હો શ્રાવણ માસ ચોથ ઉજીયારી, ઉત્તમ મંગળવાર હો;
પરિપૂરણ મધ્યાન્હ સમે ધર્યો, શૂકર રૂપ અવતાર હો....શ્રાવણ૦
હાંરે હો કરત પ્રાર્થના બ્રહ્મા હરિકી, તેહિ અવસર તતકાળ હો
નાસિકા રંધ્રતેં નિકસિ પર્યો એક,અલ્પ જંતુ લઘુ બાળ હો. શ્રાવણ૦૧
હાં રે હો અતિ વિસ્મિત મન ભયે વિધાતા, કોન જંતુ એ હોય હો;
લિંગ અલક્ષ પાદ કર આનન, સંભ્રમ સબ વિધ મોય હો. શ્રાવણ૦ ૨
હાં રે હો અંગુરિ પર્વ સમાન પ્રથમ લઘુ , ભયો વિલસ્ત હસ્ત સોયે હો;
ગજ દશ ગજ હસ્તિસમ મહાબળ, મોહે અજ દગ જોયે હો. શ્રાવણ૦ ૩
હાંરે હો દીર્ઘ તરૂસમ ભયે ક્ષણમહિ, ગિગન લગ્યો શિર જાય હો;
પ્રેમાનંદ કે અજ કોતુક લખી, ભયે વિસ્મિત મન માંય હો. શ્રાવણ૦ ૪

**દોહા**

પદ્માત્મજ મન મુદિત અતિ, ઠાડે પાની જાુગ જોર;
પરમ પુરૂષ પ્રગટ ભયે, જાની પ્રાર્થના મોર. ૧
યજ્ઞરૂપ જગતી પતિ, કરન જગત ઉદ્ધાર;
ધર્યો શ્વેત વારાહ વપુ, કમળાપતિ કિરતાર. ૨

**૧૦૩૭ ઢાળ પદ-૪/૨**

હાંરે હો સ્તવન કરત ઠાંડે અજ ઈશ્વર, જોરી જાુગલ પુટપાની હો;
અખિલાધાર અખિલ કારણ હરિ, મમ કરુણા ઉર આની હો. સ્તવન૦ ૧

હાંરે હો દીનાનાથ દરશ અતિ અદ્ભત દેખ્યો સુન્યો ન કાન હો;
સદા સ્વતંત્ર કરો જો ચાહો, સુખ સ્વરૂપ ભગવાન હો. સ્તવન૦ ૨
હાંરે હો એક અનેક રૂપ ધરી વિચરો, નટ માયા જ્યું નાથ હો;
મુકત કોટી કોઈ પાર ન પાવે, ધરે ચરણમાંહિ માથ હો. સ્તવન૦ ૩
હાંરે હો દિવ્ય સદા સાકાર નરાકૃતિ, સોઈ ભકત હિતકારી હો;
પ્રેમાનંદ'કે અસુર વિનાશન, ધરો વિવિધ છબી ન્યારી હો. સ્તવન૦ ૪

## દોહા

**ધારો રૂપ અનેક પ્રભુ, સ્થળચર જળચર માંય;**
**હરો કષ્ટ નિજ ભકતકો, ભકત વત્સળ સુરરાય. ૧**
**અબ યહ ધર્યો વિપુલ વપુ, જેહિ કારણ જગદીશ;**
**સમરથ સોઈ સત્ય કરો, નિરખું નયન ભરી ઈશ. ૨**

## ૧૦૩૮ ઢાળ પદ-૪/૩

હાંરે હો કિયો શબ્દ કંપાય તનુ હરિ, ગર્જી મહા ભયભીત હો;
કંપિ અવની આકાશ દિશો દિશ, નભગતિ ભયે વિપરીત હો. કિયો૦ ૧
હાંરે હો અધ:પતન ભયે ઉડુપ નિકર અતિ, વિષમ ગતિ શિશુમાર હો;
ફડકે શેષ કમઠ દિગ્ગજ મિલિ, મેરૂ શશિ રવિ બાર હો. કિયો૦ ૨
હાંરે હો કિયો પ્રવેશ કુદી સિંધુમહિ, છળ્યો નીર મિતિ ફોરી હો;
કંપ્યો સિંધુ વિકળ ભયે જળચર, ગયે પાતાળ બળ જોરી હો. કિયો૦ ૩
હાંરે હો સુંઘી ઘ્રાણ ગ્રહી અવની હરિ, દશન શિખરે લે ધારી હો;
સોહત શશિ નિષ્કલંક માનુ, શિતિકંઠ સમ છબી ન્યારી હો. કિયો૦ ૪
હાંરે હો બાહિર નિકસિ ઈલા કરી સ્થાપત, હો રહ્યો જયજયકાર હો;

વરષત કુસુમ વૃષ્ટિ વૃંદારક, પ્રેમાનંદ બલહાર હો. કિયો૦ ૫

## દોહા

**આદિ દૈત્ય હિરણ્યાક્ષ રિપુ, આયો અસુર સુની ધાય;**
**માનુ પતંગ દીપકમહિં, પરત જ્યું અતિ અકળાય. ૧**
**મહા મદ ગર્વિત અસુર પતિ, અતિ પ્રચંડ બળ બાંહ;**
**વિચરત નિર્ભય તિહું પુર, કરન જુદ્ધ ઉછાંહ. ૨**

**૧૦૩૯ ઢાળ પદ-૪/૪**

હાં રે હો આયો અસુર કોપી હિરણ્યાક્ષ, અપશબ્દ કરત ઉચ્ચાર હો;
રેરે વનચર પ્રાણસહિત કહાં, કરત હો ગમન ગમાર હો. આયો૦૧
હાંરે હો દેહી જાુધ ઠાડો રહે વનમૃગ, બચિ હેં પ્રાન નહિ આજ હો;
સુમર વનચર ઈષ્ટદેવ નિજ, બોલ્યો મંદ તજી લાજ હો. આયો૦૨
હાંરે હો બોલે ગર્જી સિંહ જ્યું, શ્રીહરિ, લખી તુચ્છ તૃણ તુલ્ય હો;
સમયાનુ ફળ મરમ સ્થળ ભેદક,બોલે હરિ વચન અમૂલ્ય હો. આયો૦૩
રેરે મંદ દનુજ કુળપાંસુ, ગ્રામસિંહ તજી શંક હો;
લંબકર્ણ સમ કુત્સિત બોલત, જીભિ શૂન્ય વિના અંક હો. આયો૦૪
હાંરે હો ભયો જાુદ્ધ મહા વિકટ પ્રલયસમ, એક મુષ્ટિ શિર માંયે હો;
કરી પ્રહાર કિયો પ્રાણ રહિત,હરિ પ્રેમાનંદ બલ જાયે હો. આયો૦૫

## ૧૦૪૦ આરતી

જયદેવ જયદેવ જય સૂકર રૂપા;(૨)
આરતી ઉતારૂ (૨) સચરાચર ભૂપા. જય૦
લાયે અવની મહાબળ, દંતાગ્રહ ધારી (૨)
રૂપ વરાહ મુરારી, જય જય જયકારી. જય૦ ૧
આદિ દૈત્ય હિરણ્યાક્ષ, પ્રાક્રમ કરી માર્યો (૨)
ભૂભૃત સહિત મહી સ્થાપન કરી, મહાજશ વિસ્તાર્યો. જય૦ ૨
જુગજુગ પ્રતિ અખિલાત્મા, અગણિત તનુ ધરતા (૨)
નિજજન સંકટ હારી (૨) અતિ આનંદ કરતા. જય૦ ૩
નમ્રાનન નિર્જર મિલિ, પુષ્પાંજલિ વરષે (૨)
પ્રેમાનંદ બલહારી (૨) છબી નિરખી હરષે. જય૦ ૪

## પવિત્રા એકાદશીના પદો (શ્રાવણ શુકલ એકાદશી)

### ૧૦૪૧ રાગ : સારંગ પદ=૪ પદ-૪/૧

પહિરત શ્રી બળવીર પવિત્રાં, પહિરત શ્રી બળવીર;
શ્રાવણ શુકલ એકાદશી કે દિન, ભઈ વ્રજજનકી ભીર. પવિત્રાં૦૧
ઘર ઘરસેં ગોપી સબ આઈ, રામ કૃષ્ણ ગુણ ગાવે;
રંગરંગકે વિવિધ પવિત્રાં, પ્રેમસહિત પહિરાવે.પવિત્રાં૦૨
વૈષ્ણવ તાલ મૃદંગ બજાવત, હરિગુણ ગાત રસાળ;

મુકતાનંદ કે શ્યામ મનોહર, નિજજનકો પ્રતિપાળ.પવિત્રાં૦૩

**૧૦૪૨** **પદ-૪/૨**

કિનેહે વિવિધ પ્રકાર પવિત્રાં, કિનેહે વિવિધ પ્રકાર;
પ્રેમમગન સબહિ વ્રજવાસી, પહિરાવત કરી પ્યાર. પવિત્રાં૦૧
કોઉ મણિગણ કોઉ કંચનકો, કોઉ રજતકો શ્વેત;
કોઉ પચરંગી પાટ જરીકે, પ્રભુ પહિરત કરી હેત. પવિત્રાં૦૨
વિવિધ ભાતિકે ધારે પવિત્રાં, સોહત શોભા ધામ;
મુકતાનંદકો પ્રભુ સુખસાગર, રસિક છેલ ઘનશ્યામ. પવિત્રાં૦૩

**૧૦૪૩** **પદ-૪/૪**

શ્રી ઘનશ્યામ બિરાજે, આજ પિયા, શ્રી ઘનશ્યામ બિરાજે;
નાનારંગ પવિત્રાં પહિરે, તાતે અધિક છબી છાજે. આજ૦૧
રત્નજડિત શુભ કનક પવિત્રાં, ઉરપર ઝળકત ભારી;
શોભાધામ શ્યામ મુખ નિરખત, મોહી સકળ વ્રજનારી. આજ૦૨
યું નિજજનકું લાડ લડાવત, સુંદર શ્યામ સુજાન;
મુકતાનંદકો શ્યામ ચતુર વર, શુભ ગુણ રૂપનિધાન. આજ૦૩

**૧૦૪૪** **રાગ : સારંગ પદ=૪** **પદ-૪/૧**

પવિત્રાં પહેરત શ્રી ઘનશ્યામ, પવિત્રાં પહેરત શ્રી ઘનશ્યામ;
શ્રાવણ માસ શુકલ એકાદશી, અભિનવ આનંદધામ. પવિત્રાં૦૧
નિજજન લાયે પેરાયે પવિત્રાં, પહેરત પૂરણકામ;
ભાનુ શોભા આય ઉદે ભઈ, ઉરવિચ અતિ અભિરામ. પવિત્રાં૦૨
ભરી થારી મેવા રૂ મીઠાઈ, આજ વ્રજકી ભામ;

કરી કરી પ્રીત જીમાવતી હરિકું, પહેરાવતી ઉર દામ. પવિત્રાં૦૩
કરુણા રસ બરષત કરૂણાનિધિ, સંતનકે વિશ્રામ;
નિરખી આનંદ ભયો પ્રેમાનંદ, રટત નારાયણ નામ. પવિત્રાં૦૪

**૧૦૪૫ રાગ : માલીગાડો પદ=૮ પદ-૮/૧**

શ્રાવણ સુદી એકાદશી સુંદર, નાથ પવિત્રાં પેહેરો રે;
આંગણમાં ઉભા રહીને, હેતે સામું હેરો રે. શ્રાવણ૦૧
બહુમૂલી મોળીડું બાંધો, શિરતોરા મરમાળા રે;
અલબેલાજી દર્શન આપો, વહાલમ મોરલીવાળા રે. શ્રાવણ૦૨
નટવરજી મૂરતિ નિરખ્યાની, આશ ઘણી છે અમને રે;
એક ઘડી આંખ્યો આગેથી, મેલ્યા ન જાય તમને રે. શ્રાવણ૦૩
રસિક પિયા તમને રીઝાવા, ગીત મનોહર ગાવું રે;
બ્રહ્માનંદના નાથજી તમને, પવિત્રાં પેહેરાવું રે.શ્રાવણ૦૪

**૧૦૪૬ રાગ : સારંગ પદ=૪ પદ-૪/૧**

રક્ષા બાંધત મુનિવર ધીર, રક્ષા બાંધત મુનિવર ધીર;
આયે ગર્ગ કણ્વ કાત્યાયન, ગૌતમ ગણિક પ્રવીર.રક્ષા૦૧
કંચન થાળ ભરી સબ ઠાડે, ભઈ દ્વિજવરકી ભીર;
સુભગ બનાય તિલક દે અક્ષત, નિરખત શ્યામ શરીર. રક્ષા૦૨
નંગ જડિત રક્ષા કર બાંધત, ગ્રહી ભુજા બળવીર;
દેત આશિષ ચિરંજીયો શ્રીપતિ, હરો સકળ દુ:ખપીર. રક્ષા૦૩

મંગળ છાય રહ્યો ગોકુળમેં, જય જય બદત અહીર;
પ્રેમાનંદ ઘનશ્યામ નિરખી છબી, ગાવંત ઠાડો અજીર. રક્ષા૦૪

**૧૦૪૭ પદ-૪/૨**

રક્ષા બાંધતહે મહેતારી, રક્ષા બાંધતહે મહેતારી;
શ્રાવણ માસ પુરણ તિથિ પુનો, પરિપુરણ ગિરિધારી. રક્ષા૦૧
પહિરાયે પટ ભૂષન સુંદર, નંગજડિત અતિ ભારી;
તિલક બનાય અક્ષતદે તાવિચ, પુલકિત છબી નીહારી. રક્ષા૦૨
જનની વદતિ બલિ જાઉં ધરો કર, બાંધુ રક્ષા મુરારી;
રત્નજડિત પંચરંગી પાટકી, રક્ષા અતિ સુખકારી. રક્ષા૦૩
તબ ઘનશ્યામ હસ મુખ સુંદર, દોઉ ભુજા પસારી;
પ્રેમાનંદ ઘનશ્યામ ભુજા પર,કોટિ કામ છબી વારી. રક્ષા૦૪

**૧૦૪૮ પદ-૪/૩**

રક્ષા બાંધત હરિકે હાથ, રક્ષા બાંધત હરિકે હાથ;
જાની શ્રાવણ માસ સુભગ દિન, આઈ ગોપી સબ સાથ. રક્ષા૦૧
રક્ષા બાંધી ગ્રહી કર ચુંબત, ભેટત ભુજ ભરી બાથ;
માગતી યહ વર દેહો વિધાતા, અખંડ પતિ ગોપીનાથ. રક્ષા૦૨
પાન ખવાવતિ હાર પહેરાવતિ, ચરને છુવાવતિ માથ;
તનમન વારી આરતી બારતિ, ગાવતિ હરિગુણ ગાથ. રક્ષા૦૩
નિરખી પ્રેમ પુરન નિજજનકો, હસે શ્યામ સુખપાથ;
પ્રેમાનંદ ઘનશ્યામ મિલે હસિ, સુખસાગર સમરાથ. રક્ષા૦૪

**૧૦૪૯ પદ-૪/૪**

રક્ષા બાંધે જશોદા રાની, રક્ષા બાંધે જશોદા રાની;
પ્રેમ પુલકી ચુંબતિ મુખ અંબુજ, સુતસનેહ લપટાની. રક્ષા૦૧

નાનાવિધ મેવા રૂ મીઠાઈ, ધરે આગે સબ આની;
જીયો મેરે શ્યામ રામ બલિ જાઉં, કહું વાત એક છાની. રક્ષા૦૨
લીઓ યે રક્ષા બાંધુ તુમકું, અતિ સુંદર સુખ દાની;
રક્ષા કરો તુમારી સબ મિલિ, સુરમુનિ ભવ રૂ ભવાની. રક્ષા૦૩
રક્ષા બાંધી બલૈયા લેકેં, જશોમતી અતિ હરખાની;
પ્રેમાનંદ ઘનશ્યામ ભુજા પર, કરત પ્રાન કુરબાની. રક્ષા૦૪

**૧૦૫૦ રાગ : માલીગાડો પદ=૮ પદ-૮/૧**

મોહનવરને બાંધે માતા, રાખડલી રૂપાળી રે;
ઝાઝે હેતે લીયે રે જશોદા, ભામણીયાં મુખ ભાળી રે. મોહન૦૧
ઘણી ખમા મારા લાડકડાને, વિઘન દૂર સર્વે થાજો રે;
શરણાગત તારાં થાજો સુખીયાં, વેરીડાં મરી જાજો રે. મોહન૦૨
રેશમનાં ફુમકડાં રૂપાળાં, રેશમ કેરી દોરી રે;
મોતીડાં પ્રોઈને માંહી, નિરખે રાધા ગોરી રે. મોહન૦૩
મરમાળા નટવરની મૂર્તિ, ત્રિભુવનથી છે ન્યારી રે;
અલબેલા ઘનશ્યામની ઉપર, બ્રહ્માનંદ બલિહારી રે. મોહન૦૪

**૧૦૫૧ પદ-૮/૪**

રાખી અતિ લાગે રૂપાળી, હરિને જમણે હાથે રે;
પ્રીત કરી પીતાંબર પે'ર્યું, મુગટ જડાઉ માથે રે. રાખી૦૧
ઘર ઘરથી ગોપી સર્વે આવી શોભા જોવા સારૂ રે;
માતા કે દેખાડને માવા, રૂપ અલૌકિક તારૂં રે. રાખી૦.૨
હું ઘોળી તારા મુખડા ઉપર, લાડકડા વનમાળી રે;

મોહ પામી સરવે વ્રજનારી, મૂરતિ તારી ભાળી રે. રાખી૦૩
જે તારા વેરી હોય જગમાં, તે વેહેલેરાં ટળજો રે;
બ્રહ્માનંદ કહે દાસ તમારાને, મહાસુખ નિત્ય નિત્ય મળજો રે. રાખી૦૪

**૧૦૫૨** **પદ-૮/૫**

આજ બળેવ દિવસ ઉત્સવનો, નંદતણે ઘર જાયે રે;
નટવર છેલ છબીલાને નિરખી, અંતર સુખિયાં થાયે રે. આજ.૧
ગર્ગાચારજ રાખી બાંધી, પૂરણ બ્રહ્મને પુંચે રે;
અમર સદા રહો અવિનાશી, એમ બોલ્યા સુર ઉંચે રે. આજ.૨
પ્રેમ કરી પાથરણાં નાખ્યાં, બહુ બહુ વાના કીધાં રે;
વસ્ત્ર આભૂષણ સહિત ગર્ગને, દાન ધેનુનાં દીધાં રે આજ.૩
રાજી અધિક થયાં નંદરાણી, ગોરાણી શણગાર્યાં રે;
બ્રહ્માનંદ કહે કહાન કુંવરનાં, સરવે વિઘ્ન નિવાર્યાં રે. આજ.૪

**૧૦૫૩** **પદ-૮/૮**

રાખડલી વ્રજરાજ કુંવરને, શોભે સુંદર હાથે રે;
બહુ મૂલી હેતે કરી આપું, મોળીડું હરિ માથે રે. રાખ.૧
હીયડે લેકે હાર હજારી, ઓઢ્યો નવલ દુશાલો રે;
આંગણીયે આવીને ઉભા, લટકાળો નંદલાલો રે. રાખ.૨
બળ કહે મારી સરસ રાખડી, તારી નરસ બતાવે રે;
વ્રજવાસી સરવે દેખંતાં, ખેલ કરે ને ખીજવે રે. રાખ.૩
ધન્ય ધન્ય આજ બળેવનો દહાડો, ધન્ય જેણે બાંધી રાખી રે;
બ્રહ્માનંદના નાથને દેખી, વ્રજવનિતા અભિલાખી રે. રાખ.૪

## શ્રીકૃષ્ણ જન્મોત્સવના પદો (શ્રાવણ વદ અષ્ઠમી)

**૧૦૫૪** અક્ષરપતિસોઇ પદ=૪ **રાગ : આશાવરી પદ-૪/૩**

લોચન લાભ લેહુ સબ સજની, યું બોલત વ્રજનારી હો;
નંદરાય ઘર જન્મ મહોત્સવ, પ્રગટેહે જન સુખકારી હો. લોચન.૧
ક્ષરઅક્ષરપર શ્રીપુરૂષોત્તમ, સો યહ બાલક જાનો હો;
દુર્લભં દરશ સુગમ ભયો સબકું, અતિ બડભાગ્ય પ્રમાનો હો.લોચન.૨
જાકે ચરનકમળ નિત્ય સેવન, કમળા તજી ચપળાઇ હો;
જાહિ મિલન મુનિ વનમેં વસત હેં, સો યહ કુંવર કનાઇ હો. લોચન.૩
કરૂણારસકું પ્રગટ કરી કેશવ, પ્રગટેહેં કુંજવિહારી હો;
મુકતાનંદકે નાથકી છબીપર, તન મન ધન બલિહારી હો. લોચન.૪

**૧૦૫૫** **પદ-૪/૪**

જનમ ધર્યાકો ફળ યહ સજનિ, નંદકુંવર નિત્ય દેખો હો;
હરિસંગ વાસભયો હે વ્રજમેં, અતિ બડભાગ્ય સો લેખો હો. જનમ.૧
હોત હે ઉત્સવ નંદરાય ઘર, નૌતમ બજત વધાઇ હો;
અનંત ભુવનકે નાથ વસે જહાં, મહિમા બરન્યો ન જાઇ હો. જનમ.૨
પ્રગટ રૂપ પુરૂષોત્તમ સ્વામી, કરૂણાનિધિ કરતાર હો;
દુર્લભ દેવસો સુગમ ભયે હો, તેહિ સંગ કરના પ્યાર હો. જનમ.૩
અતિશે ભાગ્ય ઉદે ભયો સજનિ, રસિકરાય પ્રભુ પાયે હો;
મુકતાનંદકો નાથ નવલ પિયા, ભયે હેં ભકતમન ભાયે હો. જનમ.૪

**૧૦૫૬** **રાગ : સારંગ પદ=૪** **પદ-૪/૧**

ઝુલત બાળમુકુંદ પાલનેમેં ઝુલત બાળમુકુંદ;
મણિમય મંડપ મધ્ય પાલનો, નિરખત હોત આનંદ. પાલ.૧
વિવિધ ભાતિ વાજીંત્ર વજાવત, ગાવત ગુણિજન વૃંદ;
પ્રેમમગન હોય માત ઝુલાવત, રિઝત આનંદકંદ. પાલ.૨
કબહુક માતસો તારા માગત, કબહુક માગત ચંદ;
મુકતાનંદકો નાથ બાલ જીમિ, બોલત હે જગવંદ. પાલ.૩

**૧૦૫૭** **પદ-૪/૨**

ઝુલત શ્રી નંદલાલ, પાલનેમે ઝુલત શ્રી નંદલાલ;
કનકભવન મધ્ય માત ઝુલાવત, રિઝત જન પ્રતિપાળ. પાલ.૧
રત્નજડિત કંચનકો પાલનાં, તામહિં રાજત બાળ;
જિમિ ઉડુગણમેં શરદકાળકો, સોહત ચંદ્ર વિશાળ. પાલ.૨
વાનર દેખીકે ડરત શ્યામરો, જાસેં કંપત કાળ;
મુકતાનંદકો નાથ બાળ જ્યું, ખેલત જન પ્રતિપાળ. પાલ.૩

## દોહા

આજ મહોત્સવ મુદિત મન, સુર સજ્જન દ્વિજ દાસ;
ત્રિભુવન જન આનંદ ભયો, અસુરનકે ઉર ત્રાસ. ૧
શ્રાવન વદી શુભ અષ્ટમી, રોહિણી બુધવાર;
અર્ધ નિશિ પ્રગટ ભયે, હરિજુ હરન ભૂભાર. ૨

**૧૦૫૮ રાગ : માલીગાડો પદ=૪ પદ-૪/૧**

આજ અષ્ટમી આનંદકારી, પ્રગટે દેવ મુરારી હો;
નંદરાય ઘર નોબત બાજે, ભઈહે કોલાહલ ભારી હો. આજ.૧
ચંદનગાર સંવારતી ભામિની, બહુવિધ ભવન અટારી હો;
મંગળ કુંભ ભરે ઘરઘર શુભ, બાંધે તોરણ દ્વારી હો. આજ.૨
પૂરે ચોક સોહાગિની આંગન, ગજમોતિન ભરી થારી હો;
ધ્વજા પતાક ધૂપ દીપક બહુ, ભવન છબી ન્યારી હો. આજ.૩
પહેરે ભૂષન વસન અમોલિક, ગોકુલ ગોપકુમારી હો;
પ્રેમાનંદ કહે વારત હરિપર, ધર્મ અર્થ ફળ ચારી હો. આજ.૪

**૧૦૫૯ પદ-૪/૨**

ધન્ય ધન્ય આજ અનુપમ ઉત્સવ,ગાવે ગોકુળવાસી હો;
શ્રાવણ વદ આઠમકી અર્ધનિશિ,પ્રગટ ભયે અવિનાશી હો. ધન્ય.૧
ઘરઘર બાત સુંની ગોકુળમેં,વ્રજવનિતા ઉઠી ધાઈ હો;
કંચનથાર ભરે ગજમોતિન, મંગળ ગાવતી આઈ હો. ધન્ય.૨
દધિ હરદિ અંગ લેપન કિયે,સબ દોરી પરસ્પર છાંટે હો;
નાચત ગાવત કરત કોલાહલ,હરખી વધાઈ બાટે હો. ધન્ય.૩
આનંદસિંધુ બઢ્યો નંદદ્વારે,ભઈહે ભીર નરનારી હો;
પ્રેમાનંદ હરિમુખ નિરખી,તન મન ધન બલિહારી હો. ધન્ય.૪

**૧૦૬૦ રાગ : બિલાવસ પદ=૪ પદ-૪/૧**

હાલરો જશોમતી હુલરાવે,નીરખી કમલમુખ અતિ સુખ પાવે; હાલરો
**સુરનરમુનિકે ધ્યાન ન આવે, પુલકી જશોદા ગોદ ખેલાવે. હાલરો.૧**
**નખશીખલો સિંગાર ધરાવે, વદન વિલોકી બલીબલી જાવે. હાલરો.૨**
**બાલવિનોદ અતિ મન ભાવે, પુલકિત પ્રેમ હૃદે નહિ માવે. હાલરો.૩**
**યહ સુખ બરનત શેષ સકુચાવે, પ્રેમાનંદ નીરખી ગુણ ગાવે. હાલરો.૪**

**૧૦૬૧ પદ-૪/૨**

હાલરો હુલરાવતી રાની, ગાવત મંગળ આનંદ આંની. હાલરો.
અપને સુકૃતકો ફલ જાની, નીરખતી વદન ભાગ્ય બડ માની . હાલરો. ૧
હસત કમલમુખ શારંગપાની, દંતીયાં દેખાવન દુધકી નાની. હાલરો. ૨
કહત જશોદા સુનો હો સયાની,યહ સુખ દીનો ઈશ ભવાની. હાલરો. ૩
પ્રેમાનંદકો નાથ સુખખાની, બોલત મધુરીસી તોતરી બાની. હાલરો. ૪

**૧૦૬૨ રાગ : પરજ પદ=૪ પદ-૪/૧**

ઝુલત પાલનેમેં નંદકે લાલ, નંદકે લાલ હરિ કંસકે કાળ. ઝુલત.
નંગજડિત શુભ કંચનકો પાલનો,હીરા માણેક જડે રત્ન પ્રવાલ. ઝુલત. ૧
પાલના ઝુલત હરિ કરત કુતૂહલ,બાલમુકુંદ કમલલોચન વિશાલ. ઝુલત. ૨
છીટકી ઝંગુલી શીરટોપી કીનખાપકી,ટીકુલી કજરવાકી કીનીહે. ઝુલત. ૩
પ્રેમાનંદ ઘનશ્યામ કુંવરકી, નીરખી નીરખી છબી હોત નિહાલ. ઝુલત .૪

**૧૦૬૩** **પદ-૪/૨**

ઝુલતહે પાલના બાલમુકુંદ, બાલમુકુંદ ભવ મેટન ફંદ. ઝુલત.
કાલ માયા ક્ષર અક્ષરકે સ્વામી, બાલસ્વરૂપ બને જાની સ્વછંદ. ઝુલત. ૧
અસુર સંહારન સુરહિત કારણ, ગોકુલ છીપાયે આયે નંદ નંદ. ઝુલત. ૨
ગોપી ઝુલાવે ગાવે બાલચરિત્ર, નીરખે વદન ચક્વાકી જ્યું ચંદ. ઝુલત. ૩
પ્રેમાનંદકો પ્યારો નેંનોકો તારો. પ્રગટે ગોકુલ હરિ ત્રિભુવનવંદ. ઝુલત. ૪

**૧૦૬૪** **રાગ : મારૂ પદ=૨** **પદ-૨/૧**

ઘરકો ઢાઢિ હો તિહારે, ઘરકો હું ઢાઢિ હો;
સુની સુત જન્મ આયો ઉઠી આતુર, પૂરન આશા બાઢિ. તિહારે.૧
આયેરુ ચારન ભાટ જાચક, બોલત કુક ન પાડિ હો;
તિનકું બહુત દિયો નંદજી, મુખ માગ્યો ભંડાર ઉઘાડિ. તિહારો.૨
મણિ કંચન મુકતા વટભૂષન, ગજ રથ ઘોડે ગાડિ હો;
મોહિ મિલે મારગમેં માનું જાત, રાજા રજવાડી. તિહારે.૩
અબ મોહિ દીજે મેરો મન ભાયો, નંદજુ ન કીજે આડી હો;
વદન દેખાવો શ્રી મદનમોહનકો, લાવો લાલ ઉઠાડી. તિહારે.૪
લાખ ન લેઉ કરોર ન લેહું, દેશ ગામ ફુલવાડી હો;
તિહારે પ્રતાપ રિદ્ધિ સિદ્ધિ મેરો, દ્વાર બુહારત ઝાડી. તિહારે.૫
સુંદર શ્યામ કમળમુખ બોલે, મૈયા મૈયા માડી હો;
યહ બોલની ઉર ધારી પ્રેમાનંદ, ઓર વાસના છાંડી. તિહારે.૬

**૧૦૬૫** **પદ-૨/૨**

ઢાઢિ તિહારોં હો નંદાજી, હું ઢાઢિ તિહારો હો;

**આયો તિહાંરે હું પુત્રજનમ સુંની, ગોકુળમેં રહનારો. નંદાજી.૧**
ગાવું કુલકીરતિ હું તિહારી, પ્રેમમગન મતવારી હો;
તુમ વિના ઓર કાહુકે આગે, ભૂલે ન હાથ પસારો. નંદાજી.૨
શિવ બ્રહ્મા મુનિરાજ દેવ સબ, મધવા કોન બિચારો હો;
માગત તુમપેં દેહો નંદજી, ગોકુળ જન્મ હમારો. નંદાજી.૩
ઈન રંકનપેં હું કા જાચુ, જાચિકે જનમ બિગારો હો;
હું તો તિહાંરે ઘરકો ભિખારી, ઓર નકો શિરદારો. નંદાજી.૪
તુમ સમ નાહી ઉદાર નંદજી, ત્રિભુવનમેં નિરધારો હો;
ભુકિત મુકિત સબહિ દેત હો, જો જાકો અધિકારો. નંદાજી.૫
મોહિ દેખાવો વદન લાલકો, હું ન લેહુ લાખ હજારો હો;
તોતરી બાની સુંની જાઉ ઘર, કીરતિ જશ વિસ્તારો. નંદાજી.૬
પ્રગટ્યો પુત્ર તિહારે નંદજી, સબ જગકો ઉજીયારો હો;
ચિરંજીયો ગોકુળચંદ ગોપીવર, પ્રેમાનંદકો પ્યારો. નંદાજી.૭

**૧૦૬૬ રાગ : સામેરી પદ=૪ પદ-૪/૧**

બાવા નંદતણે દરબાર, નોબત વાજે રે;
હરિ પ્રગટ્યા સરજણ હાર, નિજજન કાજે રે. નોબત.૧
જનમ થયો જગદીશનો રે, હરખ વધ્યો ત્રિલોક;
કુબુદ્ધિ કંસ સરીખડા, તેને અંતર પેઠો શોક. નોબત.૨
દેવત્રિયા ટોળે મળી રે, સુર તેત્રીસે ક્રોડ;
જશોમતી કેરે આંગણે ગાવે, જય જય ધુનિ કર જોડ. નોબત.૩
તોરણ બાંધ્યાં ટોડલે રે, ચંદન લીપ્યાં ધામ;

આનંદકારી ઉપન્યા વહાલો, બ્રહ્માનંદનો શ્યામ. નોબત.૪

૧૦૬૭ પદ-૪/૨

અતિ હરખ વધાઈ આજ, વદે વ્રજવાસી રે;
થયા પ્રગટ રસિક વ્રજરાજ, અકળ અવિનાશી રે. વદે.૧
ચોક પૂરાવ્યા મોતિયે રે, રોપ્યા સ્થંભ પ્રવાળ;
કાદવ દહીંના કીધલા રે, મળી ખેલત ગોપી ગ્વાલ. વદે.૨
અંબર આભૂષણ અંગમાં રે, સર્વ સજી શણગાર;
કહાન વધાવા કારણે, આવી ગોકુળીયાની નાર. વદે.૩
લાલ અમર રહો નંદનો રે, આપે સહુ આશીષ;
અધમ ઓધારણ અવતર્યા, વહાલો બ્રહ્માનંદનો ઈશ. વદે.૪

૧૦૬૮ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧

શ્રાવણ વદની રે, આઠમ બુધવારી આવી;
નક્ષત્ર અનુપમ રે, રોહિણી હરિને મન ભાવી૦૧
અર્ધી રાતે રે, નટવર જન્મ્યા અવિનાશી;
તેને જોઈને રે, સર્વે ફુલ્યાં વ્રજવાસી૦૨
નૌત્તમ નારી રે, ઘેરે સ્વર મંગળ ગાવે;
નંદને આગે રે, બહુ ભેટ ગોવાળા લાવે૦૩
બ્રહ્માનંદના રે, વહાલાનું જોઈને મુખડું;
સર્વે પામ્યાં રે, ગોકુળનાં વાસી સુખડું૦૪

૧૦૬૯ પદ-૪/૨

અગર ચંદનથી રે, ઓરડીએ ભીંતો ઓપી;

રતને છાયો રે, રંગમંડપ કેળુ રોપી૦૧
મહી માંખણના રે, આંગણીએ કીચ મચાવ્યા;
નન્દન વનનાં રે, બહુ ફુલડલાં વેરાવ્યાં૦૨
વ્રજના વાસી રે, આભૂષણ અંબર પહેરે;
મંગળ ગાવે રે, ગોપી જન સાદે ઘેર૦૩
દેવ મળ્યા છે રે, સહુ નન્દજીને દરવાજે;
બ્રહ્માનંદના રે, વહાલાનાં દર્શન કાજે૦૪

**૧૦૭૦** **પદ-૪/૩**

સૈયર ચાલો રે, નંદજીને મંદિર જાઈએ;
નૌત્તમ જાયો રે, હરિ પુત્ર જશોદા માઈયે૦૧
રૂડા લેઈને રે, રમકડાં આગે ધરશું;
પ્રાણજીવનથી રે, પ્રીતલડી પહેલી કરશું૦૨
કહાન કુંવરને રે, હૈડામાં તેડી લેશું;
કે'વું ઘટશે રે, તે એકાંતે જઈ કહેશું૦૩
બ્રહ્માનંદના રે, વહાલાનું વદન વિલોકી;
રાખી લેશું રે, આંખ્યોની પલમાં રોકી૦૪

**૧૦૭૧** **પદ-૪/૪**

સજની જોને રે, આ કહાન કુંવરની કાંતિ;
નિરખી થાય છે રે, અંતરમાં નૌતમ શાંતિ૦૧
ચરણકમળમાં રે, એને ચિહ્ન બીરાજે સોળે;
કોટી મદનની રે, જાણી શોભા થઈ છે ટોળે૦૨
ઉદર અનુપમ રે, સુંદર છે પુખતી છાતી;
રૂડું મુખડું રે, નેણુમાં ટસરૂ રાતી૦૩

બ્રહ્માનંદના રે, વહાલાનું વદન નિહાળી;
તરત વધાવો રે, ભરી મોતીડાંની થાળી૦૪

**૧૦૭૨ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

સોનાનાં બોર ઝુલે નંદ કિશોર,
પ્યારાને પારણે સોનાનાં બોર-ટેક૦
હીરા માણેક બહુ જડિયાં પારણીએ;
કાજુ શોભે છે રૂડી મોતીડાની કોર.... પ્યારા.૧
કોઈક કાનાને નેણે સારે કાજળિયું;
કોઈક બનાવે રૂડી કસ્તુરીની ખોર....પ્યારા.૨
હીલો ગાવે ને માતા હરિને ઝુલાવે;
હાથે ગ્રહી છે રૂડી હીરલાની દોર....પ્યારા.૩
બ્રહ્માનંદ કહે મુખ રસિયા વા’લમનું;
ગોપી જુવે છે જેમ ચંદ્ર ચકોર....પ્યારા.૪

**૧૦૭૩ પદ-૪/૨**

ધર્મકુમાર મારા હૈડાના હાર,
ઝુલે પારણીએ ધર્મકુમાર;ટેક૦
કંકુડા વરણું કહાન કુંવરનું મુખડું;
જોઈને મોહી છે વ્રજડાંની નાર....ઝુલે.૧
કોડે કોડે રે ઝાઝું હેત કરીને;
લૂણ ઉતારે માતા વારમવાર....ઝુલે.૨
હીલો ગાવેને ગોપી હરિને ઝુલાવે;

ભીડ મચી છે નંદજીને દ્વાર....ઝુલે.૩
બ્રહ્માનંદનો વા'લો લટકાળો લાલો;
અજબ રંગીલો છેલો પ્રાણ આધાર....ઝુલે.૪

**૧૦૭૪** **પદ-૪/૩**

સંતોના શ્યામ દોયલી વેળાના દામ,
પોઢ્યા પારણિયે સંતોના શ્યામ-ટેક૦
મુખડું જોવા માવાનું આવે મુનીશ્વર,
અરજ કરે છે ઊભા નંદજીને રે ધામ....પોઢ્યા.૧
વારા ફેરી ઝુલાવે રસિયા વાલમને,
ગોપી મેલીને ઘરડાનાં રે કામ....પોઢ્યા.૨
કાલું બોલે છે વા'લો મનડાને મો'તા,
રોતા રહે છે છાના રાધાને નામ....પોઢ્યા.૩
બ્રહ્માનંદનો વા'લો જન્મ સંગાથી,
વ્રજના વાસીને ઠરવાનું રે ઠામ....પોઢ્યા.૪

**૧૦૭૫** **પદ-૪/૪**

બાલુડે વેશ માથે શોભે છે કેશ,
વહાલો રમે છે મારો બાલુડે વેશ-ટેક૦
અખિલ બ્રહ્માંડનો કરતા અખંડિત,
નાથ કરે છે લીલા નંદજીને નેસ....વહાલો.૧
રસિયા પ્રીતમને ગોપી તેડી રમાડે,
જેના મહિમાનો પાર પામે ન શેષ....વહાલો.૨
દેખી પંખીને મારો શ્યામ ડરે છે,
ધ્યાન ધરે છે જેનું શિવજી હંમેશ....વહાલો.૩

બ્રહ્માનંદનો પ્યારો જીવન મારો,
લાલ આંખડલીમાં રાખીને લેશ....વહાલો.૪

૧૦૭૬ રાગ : માલીગાડો પદ=૮ પદ-૮/૧

શ્રાવણ વદી આઠમ બુધવારી, નક્ષત્ર રોહિણી આયો રે;
અર્ધ રાત જાતાં અવિનાશી, પુત્ર જશોદા જાયો રે. શ્રાવણ.૧
જયજયકાર થયો ત્રિલોકમાં, દેવત્રિયા મળી નાચે રે;
આંગણીએ બ્રહ્માદિક આવીને, વેદતણી ધૂની વાંચે રે. શ્રાવણ.૨
નંદરાય ઘર ઉત્સવ ભારી, ઉલટ્યો ગોકુળ સારો રે;
ગોપી આય કહે જશોદાને, જીવો લાલ તમારો રે. શ્રાવણ.૩
જન્મ સુણી આવ્યા સિદ્ધ ચારણ, ગંધર્વ ઉભા ગાવે રે;
બ્રહ્માનંદના નાથને હેતે, વ્રજની નાર વધાવે રે. શ્રાવણ.૪

૧૦૭૭ પદ-૮/૮

નંદભવન આવી વ્રજનારી, વહાલાજીને વધાવા રે;
લાલતણાં વારણિયાં લઈને, ગીત મનોહર ગાવા રે. નંદ.૧
ટોડે ટોડે તોરણ બાંધ્યાં, શેરી ફુલ વેરાવ્યાં રે;
દુધ દહી ને માખણ કેરાં, આંગણ કોચ મચાવ્યાં રે. નંદ.૨
પૂરણ મોતી ચોક પૂરાવ્યા, ધેનુને શણગારી રે;
કહાનકુંવરને જોવા આવે,ગોકુળીયાની નારી રે. નંદ.૩
ગોપી સરવે કહે જશોદાને, જીવો લાલ તમારો રે;
કંસ નિકંદન કરવા પ્રગટ્યા,બ્રહ્માનંદનો પ્યારો રે. નંદ.૪

## ૧૦૭૮ રામ કૃષ્ણ મુખ નિરખી પદ=૩ આરતી પદ-૩/૨

જય ગોકુલચંદા(૨)રસિક છેલ રાધાવર;નટવર નંદનંદા...ટેક૦
શ્રી ગોલોકમાં અતિસે,તેજ તણી રાસી(૨)
ત્યાં નિત નૌતમ લીલા(૨) કરતા અવિનાસી...જય.૧
કોટિ મદન મદ હરવા, તમે વ્રજમાં આવ્યા (૨)
ગોપીજન મન રંજન (૨) કરુણા નિધી કાવ્યા...જય.૨
રાસ રમ્યા ગોપીસંગ, નૈષ્ટિક વ્રતધારી(૨)
મનમથ માન ઉતારયું(૨) પ્રભુ અજ અવિકારી...જય.૩
વ્રજજનને વશ થૈને, ગિરિ કર પર ધારયો(૨)
ઈન્દ્રતણો મદ અતિશે(૨) તે પણ ઉતાર્યો...જય.૪
કીધી અધિક અલૌકિક,લીલા અતિ ભારી (૨)
મુકતાનંદ કે મહાપ્રભુ(૨) જીવનનીધી મારી...જય.૫

## શ્રી ઉદ્ધવ જન્મોત્સવ પદો (શ્રાવણ વદ આઠમ)

### દોહા

શ્રાવણ વદી શુભ અષ્ટમી, હરિવાસર સુખરૂપ;
તાદિન પ્રાતહિ પ્રગટ ભયે, શ્રી ઉદ્ધવ પરમ અનુપ. ૧
જ્ઞાનદિવાકર તિમિર હર, ખંડન મત અતિ દુષ્ટ;
પ્રગટ ભયે શ્રી ઉદ્ધવ, કરન સ્વકૃત મત પુષ્ટ. ૨
નિગમવિરોધિ વિવિધ મત, કરત અધર્મ પ્રચંડ;

કળિમય ધ્વાંત વિનાશન, પ્રગટ ભયે માર્તંડ. ૩
ધર્મ સનાતન ધરણિ પર, વિસ્તારન સુખકંદ;
શ્રી ઉદ્ધવ આપે ધર્યો, રૂપ શ્રી રામાનંદ. ૪

**૧૦૭૯ રાગ : બિલાવલ પદ=૨ પદ-૨/૧**

હાંરે આજ આનંદ વધાઈ ગાઈએ, શ્રી ઉદ્ધવ જનમ દિન ગાઉં રી; આજ.
વરનુ વિશદ ગુન કીરતિ, સુંની શ્રવન લગત સુખદાઈ રી. આજ. ૧
પ્રસિદ્ધ પ્રતાપ પુરાનમેં, શ્રી ઉદ્ધવ કીરતિ વડાઈ રી;
શ્રીકૃષ્ણભકત શિરોમનિ યે, વિદિત હે ત્રિભુવન માંઈ રી. આજ. ૨
શ્રીમુખ શ્રીહરિ મહિમા કહ્યો, ઉદ્ધવ મેરેસું ન્યૂન નાઈ રી;
મન ઈંદ્રિયસું અજીત હેં, સદા રહત અસંગ અધિકાઈ રી. આજ. ૩
સોઈ ઉદ્ધવ અસંખ્ય જન તારન, પ્રગટ ભયે ભુવિ આઈ રી;
પ્રેમાનંદ કહે શ્રીઉદ્ધવ જનમ, બરનું યથામતિ ગાઈ રી. આજ. ૪

**૧૦૮૦ પદ-૨/૨**

હાંરે શ્રી ઉદ્ધવ જનમ જશ બરનું, અતિ આનંદ ઉરમહિં આની રી; શ્રી.
અવધપુરી અતિ પાવની, તહાં રહત દ્વિજ એક અમાની રી. શ્રી ઉ૦ ૧
નામ અજય જ્ઞાતિ સરવરિયા,ઋગ્વેદી કુળવાની રી;
કશ્યપગોત્ર શાખા અશ્વલાયન, તિન પ્રવર સુખદાની રી. શ્રી ઉ૦ ૨
સુમતિ નામ નારી દ્વિજવરકી, પતિવ્રતા જગજાની રી;
તાકે ઘર પ્રગટે શ્રીઉદ્ધવ, જ્ઞાનનિધિ ગુણખાની રી. શ્રી ઉ૦ ૩
સંવત સત્તર પંચાણુકીં સાલે, સુર બોલત જયજય બાની રી;
પ્રેમાનંદકે શ્રાવન વદ આઠો, પ્રગટે પ્રાન ઉધો જ્ઞાની રી. શ્રી ઉ૦ ૪

## નરઋષિ જન્મોત્સવના પદો (ભાદ્ર શુકલ દ્વિતીયા)

**૧૦૮૧** **રાગ : સારંગ પદ=૪** **પદ-૪/૧**

આજ અવનિ પર આનંદ છાયો, હો રહ્યો જયજયકાર હો; આજ.
ધન્ય ધન્ય આજ દિવસ મંગળમય, લિયો નરઋષિ અવતાર હો. આજ. ૧
ભાદ્ર માસ શુકલ તિથિ દ્વિતીયા, અતિ સુંદર ગુરૂવાર હો;
ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર શુભ, અભિજીત મુહૂર્તસાર હો. આજ. ૨
હિમાલય ગિરિરાજ શિખરપર, ધર્યો ગર્ભ ઈન્દ્ર ઉદાર હો;
દિન મધ્યાહ્ન સમે પ્રભુ પ્રગટે, સુંદર કુંતીકુમાર હો. આજ. ૩
મહા મહોત્સવ ભયો સુરપુરમેં, ગાવત મંગળ ચાર હો;
પંચ શબ્દ વાજીંત્ર વજાવત, પ્રેમાનંદ બલહાર હો. આજ. ૪

**૧૦૮૨** **પદ-૪/૩**

કુંતાજીસુત જાયો સુંદર, શોભા કઈહ ન જાઈ હો; કુંતાજી.
કોટિક કામ છબી ત્રિભુવનકી, પરત ચરનમેં આઈ હો. કુંતાજી.૧
અર્જુન નામ શત્રુ મદમર્દન, સુર નર મુનિ સુખદાઈ હો;
શ્રીકૃષ્ણ ઘનશ્યામ સુંદરકો, પરમ સખા સબ ગાઈ હો. કુંતાજી.૨
ભાલ વિશાળ કમળપત્રાયત, વર લોચન છબી છાઈ હો;
મુખ મૃગાંક પાર્વણ શશિ હાસ, નિરખિ મુદિત સુરરાઈ હો. કુંતાજી.૩
ઉર વિશાળ ભુજદંડ પ્રલંબિત, કટિ કેસરી મન ભાઈ હો;
ચલત કુંવર કળરાજ હંસ ગતિ, પુલકિ પ્રેમાનંદ ગાઈ હો. કુંતાજી.૪

## ૧૦૮૩ આરતી

જયદેવ જયદેવ, જય નર વિખ્યાતા(૨)
અર્જુનઅસુરનિકંદન(૨)સુરનરમુનિત્રાતા; જય.
પ્રગટ ભયે પાંડવકુળ, નારાયણ ભ્રાતા;(૨)
કૌરવ વંશ નિષુદન (૨) સજ્જન સુખદાતા. જય.૧
કરવર ધર શર ગાંજીક (૨) કટિ અક્ષય ભાતા; (૨)
શત્રુદર્પ વિમર્દન (૨) શરણાગત પાતા. જય.૨
શંભુજીત વાસવજીત, અજીત નરનાથા;(૨)
નામ સુંણી શત્રુ ઉર (૨) નાહિત સુખસાતા. જય.૩
શેષ શંભુ સુરેન્દ્રા ગાવત ગુણધાતા;(૨)
પ્રેમાનંદ પુલકિત ગુણ (૨) ગાવત હરખાતા. જય.૪

## ગણપતિ મહોત્સવ પદો (ભાદ્ર શુકલ ચતુર્થી)

### દોહા

લંબોદર ગજવદન શુભ, સદા તે બાળસ્વરૂપ;
સર્વે પહેલો પૂજીએ, ગૌરીપુત્ર અનુપ. ૧
એક દંત ત્રિલોચન, ચતુર્બાહુ શશિ ભાલ;
વિઘતરાજ વરદાયક, ગણપતિ ગૌરીબાલ. ૨

**૧૦૮૪ રાગ : આશાવરી પદ=૪ પદ-૪/૧**

આજ મહોત્સવ મહામંગળ દિન, ગાઈએ ગણપતિ દેવા હો;
પૂજીએ પારવતીનંદન શુભ, અતિ આનંદ સુખ લેવા હો. આજ. ૧
ભાદ્ર માસ ચોથ અજવાળી, ગણપતિ પૂજન કીજે હો;
નાશે દુઃખ દારિદ્રય વિઘ્ન સઉ, મનવાંછિત ફળ લીજે હો. આજ. ૨
ગજ મોતીના ચોક પુરાવો, બાંધો તોરણ દ્વારે હો;
ચંદન પુષ્પ ધૂપ દીપક લઈ, પૂજીએ વિવિધ ઉપચારે હો. આજ. ૩
કંચનથાળ ભરી ધરી આગે, મોદક મંગળકારી હો;
જગવંદન જમાડીએ જુકતે, વિઘ્નરાજ અઘહારી હો. આજ. ૪
વાજાં વાજે વિવિધ ભાતનાં, ઢોલ નોબત શરનાઈ હો;
પ્રેમાનંદ કહે ઝાંઝ મૃદંગ લઈ, ગાવો મંગળ વધાઈ હો. આજ. ૫

**૧૦૮૫ પદ-૪/૨**

વંદિએ વિઘ્નરાજ વરદાયક, એક દંત અવિનાશી હો;
ગણપતિ ગિરિજાપુત્ર મનોહર, મૂરતિ મંગળ રાશી હો. વંદિએ. ૧
લંબોદર ગજવદન વિનાયક, ત્રિલોચન શશિ ભાલે હો;
ઉરગ વિભૂષણ ચતુર્બાહુ શુભ, ઉન્દર બેસીને ચાલે હો. વંદિએ. ૨
જટા મુકુટ ઉપવીત ફરશિધર, ગૌર વરણ તન સોહે હો;
મોદક પ્રિયે મુદ મંગળ દાતા, ત્રિભુવન દેખી મોહે હો. વંદિએ. ૩
સિદ્ધિ સદન શંભુસુત સુંદર, વિઘ્ન વિનાશન જાણી હો;
પ્રેમાનંદ કહે ધર્મવંશી સહુ, પૂજો પ્રીતિ આંણી હો. વંદિએ.૪

**૧૦૮૬ રાગ : કાફી પદ = ૪ પદ-૪/૧**

પૂજીએ પ્રથમ ભવાનીનંદન, પૂજીએ પ્રથમ ભવાનીનંદન;
ધૃત સિંદૂર ગૌરતનુ મંજન, ધૂપ દીપ ચરચિએ તન ચંદન. પૂજીએ.૧
મોદક થાળ ભરી ધરી આગે, નિરખિએ વિઘનરાજ સ્વછંદન. પૂજીએ.૨
ગણપતિ ગિરિજાકુંવર લંબોદર, વિઘ્નરાજ કરે વિઘ્ન નિકંદન. પૂજીએ.૩
સુર નર અસુર નાગ મુનિ દાનવ, પ્રેમાનંદકે સેવત કરી વંદન. પૂજીએ.૪

**૧૦૮૭ રાગ : ગરબી પદ-૪ પદ-૪/૧**

ગજાનન ગાઈએ દુંદાલો, ગજાનન ગાઈએ દુંદાલો;
કામરિપુનો કુંવર કોડિલો, સુંદર સુંઢાળો. ગજા.૧
શુદ્ધિ બુદ્ધિવર વિદ્યાસાગર, બહુ બુદ્ધિવાળો. ગજા.૨
ગૌર વરણ ગિરિજા સુત સુંદર, રૂડો રૂપાળો. ગજા.૩
પ્રેમાનંદકે પૂજીએ પ્રીતે, મોદક ભરી થાળો. ગજા.૪

**૧૦૮૮ રાગ : ગરબી પદ-૪ પદ-૪/૧**

સદા સુંડાળો સુખરૂપ, ગણપતિ ગાઈએ રે;
એને પૂજીને પરમ અનુપ, સુખિયાં થાઈએ રે. ટેક૦
સુખરૂપી ગજદંત સુંડાળો, એતો દુઃખભંજન દુંડારો રે. ગણ.૧
ગૌરીનંદન સદા તન ગરવો, એને સર્વેથી પહેલો સ્મરવો રે. ગણ.૨

વિઘ્ન સર્વે એને ભજતાંરે ભાગે, એને મોદક મીઠા લાગે રે. ગણ.૩
બ્રહ્માનંદ કહે સુખદાયી છે, જો કાર્તિક સ્વામીનો ભાઈ રે. ગણ.૪

## ૧૦૮૯ આરતી

જય મંગળકારી જય મંગળકારી;
આરતી ઉતારું ગણપતિ ભયહારી. જય.ટેક૦
વંદિત ચરન સુરાસુર, ત્રિભુવન વિખ્યાતા, (૨)
કામરિપુ સુત સુંદર (૨) મનવાંછિત દાતા. જય.૧
ગૌર વરણ ગિરિજાસુત, સુંદર ગજવદના, (૨)
શોભિત શશિવર ભાલે (૨)જય જય સુખસદના. જય.૨
એક દંત અઘમોચન, ઉન્દર અસવારી (૨)
લંબોદર ગણનાયક, (૨) વરદાયક ભારી. જય.૩
સિંદૂર ઉરગ વિભૂષણ, ભૂષિત સુખરાશી (૨)
પ્રેમાનંદ બલિહારી (૨) શિવસુત અવિનાશી. જય.૪

## રાધા જન્મોત્સવના પદો(ભાદ્રપદ શુકલ અષ્ટમી)

## ૧૦૯૦ રાગ : સારંગ પદ = ૪ પદ-૪/૧

બડભાગી વૃષભાન, સબહિસે બડભાગી વૃષભાન;
જાકે ગૃહ શ્રીસમ શોભાનિધિ, પ્રગટિહે કુંવરી સુજાન. સબ.૧
ભાદ્ર શુકલ અષ્ટમી સુંદર, અનુરાધા રવિવાર;

દિન મધ્યાહ્ન પ્રગટ ભઈ કન્યા, હરિહિત પરમ ઉદાર. સબ.૨
વ્રજવાસી વૃષભાન આંગન, નરત્રિય કરત હે ખેલ;
દધિ હરદિ સબ ડારે પરસ્પર, મચિહે રંગકી રેલ. સબ.૩
જય જયકાર ભયો ત્રિભુવનમેં, ગંધર્વ કરત હે ગાન;
મુકતાનંદકે પ્રભુકું રિઝાવન, ભઈ ગુન રૂપ નિધાન. સબ.૪

**૧૦૯૧** **પદ-૪/૩**

શુભ ગુણ રૂપ નિધાન, શ્રીરાધે શુભ ગુણ રૂપ નિધાન;
જાકે ગુનસે રમાપતિ રિઝત, સુંદર શ્યામ સુજાન. શ્રીરાધે.૧
પૂરણ શશિ ખંજન વિદ્રુમ શુક, તેહિ શોભા હર લીન;
હંસ ગયંદકે હરિ કોકિલ, લુટીહે તાહિ પ્રવીન. શ્રીરાધે.૨
અધિક પ્રતાપ જુકત યહ કન્યા, સબ સુંદર ગુનધામ;
સુરમુનિ સિધ્ધ સદા શ્રીહરિ સંગ, જપતેહ યાકો નામ. શ્રીરાધે.૩
યા કારન વૃષભાન તુમારો, ભયો હે અધિક બડભાગ;
મુકતાનંદકે પ્રભુ સંગ યાકો, રહતહે દૃઢ અનુરાગ. શ્રીરાધે.૪

**૧૦૯૨** **રાગ : સારંગ પદ = ૪** **પદ-૪/૧**

બરસાને બાજત આજ વધાઈ, બરસાને.
રૂપકી રાશી નિધિ ત્રિભુવનકી, કીરતિ કુંવરી જાઈ. બરસાને.૧
ભયો કોલાહલ નગરડગરમેં, ખબર સબહિ સુન પાઈ;
નિકસે ગોપી ગોપ સજી માનું, સરિતા ઉમંગી તુરાઈ. બરસાને.૨
દધિ હરદી ભરે ઘોરી કનકઘટ, ઘરે શિશ હુલસાઈ;
તિલક તાંબૂલ ભરી થારી કર, મંગળ ગાવતી આઈ. બરસાને.૩

ચલત ગતિ ગજ ગામિની ભામિની, કનક લતાસિ સોહાઈ;
પ્રેમાનંદ વૃષભાનુ ભવન છબી, નિરખત કોઉ ન અધાઈ. બરસાને.૪

**૧૦૯૩** **પદ-૪/૨**

બરસાને હો રહ્યો જયજયકાર, બરસાને.
પંચ શબ્દ વાજીંત્ર બજાવતા, ગાવત મંગળ ચાર. બરસાને. ૧
રાધા જન્મ સુંની આનંદે, ગોપી ગોપકુમાર;
આવત હે વૃષભાનુ ભવન સબ, સજે સુભગ શૃંગાર. બરસાને. ૨
પ્રમુદિત દેવ કુસુમકી બરષા, બરસત વારમવાર;
ગાવત સૂત માગધ બંદિજન, કુલ કીરતિ વિસ્તાર. બરસાને. ૩
ધન્ય જનની કીરતિ કુક્ષિ, ધરી રાધા જગ ઉજીયાર;
પ્રેમાનંદ વૃષભાનુ તાત ધન્ય, સબ ગોપન શિરદાર. બરસાને. ૪

**ભાદરવા સુદ આઠમને પદ = ૪**

**૧૦૯૪** **રાગ : માલીગાડો** **પદ-૪/૩**

રાધાકુંવરી પ્રગટ થયાં જાણીને, ઈન્દ્રાદિક સુર આવ્યા રે;
દેવત્રિયા ગાવાને સારૂ, સરવે સાથ લાવ્યા રે. રાધા. ૧
ધન્ય ભાગ્ય ભ્રખુભાણ તમારાં, કુંવરી રૂડું કરશે રે;
હાવભાવ અતિ હેત કરીને, હરિનાં મનને હરશે રે. રાધા. ૨
કુંવરી કેરૂં રૂપ અલૌકિક, જોઈ જોઈ નેણ ઠરે છે રે;
ગોપી ગ્વાલ મળી આંગણમાં, ઉત્સવ અધિક કરે છે રે. રાધા. ૩
વ્રજનારી ભ્રખુભાણને આંગણ, જૂથ મળીને આવી રે;
બ્રહ્માનંદ કહે લિયે વારણાં, કુંવરીને બોલાવી રે. રાધા. ૪

**૧૦૯૫** **પદ-૪/૪**

આઠમ ભાદરવા સુદ આવી, તે દી રાધા જન્મ્યાં રે;
કીર્તિ ને ભ્રખુભાણ જગમાં, બડભાગી કહેવાયાં રે. આઠમ. ૧
ગોપી મળીને મંગળ ગાવે, વાજાં નૌતમ વાજે રે;
પ્રગટ થઈ બરસાણે રાધા, કહાન કુંવરને કાજે રે. આઠમ. ૨
આંબા ને આસુપાલવનાં, તોરણ બાંધ્યાં ટોડે રે;
વિશ્વકર્માએ અજબ પાલણું, કીધું, કીધું કોડે રે. આઠમ. ૩
ધન્ય બરસાણો ધન્ય વૃંદાવન, ધન્ય જમુનાનાં પાણી રે;
બ્રહ્માનંદ કહે પ્રગટ્યાં રાધા, જીવન જન્મ્યા જાણી રે. આઠમ. ૪

## દાણલીલાના પદો (ભાદ્ર શુકલ એકાદશી)

**૧૦૯૬** **રાગ : સારંગ પદ=૪** **પદ-૪/૧**

નાઓ ચઢે વ્રજચંદ, નવલ પિયા નાઓ ચઢે વ્રજચંદ;
શોભાધામ રસિક નંદનંદન, નિરખત હોત આનંદ. નવલ. ૧
ભાદ્ર શુકલ એકાદશીકે દિન, યમુના જળમહિં શ્યામ;
નાઓ બેઠી દધિદાન ચુકાવત, સુખનિધિ શોભાધામ. નવલ. ૨
ગોપીજન મન હરન શ્યામરો, જળમધ્ય કરત વિહાર;
મુકતાનંદકો નાથ રમાપતિ, અખિલ ભુવન આધાર. નવલ. ૩

**૧૦૯૭ રાગ : સારંગ પદ = ૪ પદ-૪/૧**

દાની બને નંદલાલ, નવલ પિયા દાની બને નંદલાલ;
કાલિંદી તટ સંગ સખા લે, કરતહે ખેલ વિશાલ. નવલ.૧
ગોરસ વેચન જાત ગોપિકા, તેહિ રોકત ભગવાન;
ઠાઢિરે મૈયારી હમારો, દીજીએ દધિકો દાન. નવલ.૨
દાન દિયે બિન જાનન પૈહો, એહિ હમારી બાત;
મુકતાનંદકે પ્રભુ ગોપીન સોં, યું બોલે સાક્ષાત. નવલ.૩

**૧૦૯૮ પદ-૪/૪**

તેં અતિ કરત ગુમાન, ગુજરિયા તેં અતિ કરત ગુમાન;
જોબનકે બલવીર જોર જનાવત, દેત ન મેરો દાન. ગુજરિયા.૧
મહીકી મટુકીયા છિનકે તેરો, અબહિ ગર્વ ઉતારૂં;
દધિભાજન સબહિ ગોપીન હે, ચુરચુર કર ડારૂં. ગુજરિયા.૨
દાન દિયે બિન નવલ નાગરી, કોઉ ન છૂટન પૈહો;
મુકતાનંદકો પ્રભુ કહે મેરો, વાંછિત કર ઘર જૈહો. ગુજરિયા.૩

**૧૦૯૯ રાગ : ગરબી પદ = ૪ પદ-૪/૧**

શ્યામ ઝીલાવા ઘનશ્યામ ઝીલાવા, ચાલોને સૈયરો જાઈએ રે. ઘન.
કોડે કોડે ઘનશ્યામને આગે, ઝાંઝ મૃદંગ લાઈ ગાઈએ રે. ઘન. ૧
સુંદર મુખ ઘનશ્યામ કુંવરનું, નિરખીને પાવન થાઈએ રે. ઘન. ૨
શ્યામ સુંદરવર ઝિલે જમુનામેં, હરખે ભર્યા ભેળાં નાહિયે રે. ઘન. ૩

પ્રેમાનંદનો વાલો લુંટાવે ચીભડાં, લુંટી ઝુટીને ખાઈયે રે. ઘન. ૪

**૧૧૦૦** **પદ-૪/૨**

શ્યામ પધાર્યા ઘનશ્યામ પધાર્યા, ઝિલવા જમુના નીરમાં રે. ઘન.
વસ્ત્ર આભૂષણ પહેર્યા કોડિલે, સુંદર શ્યામ શરીરમાં રે. ઘન. ૧
ચૌદે ભુવનની શોભા આવીને, ઉદય થઈ છે બળવીરમાં રે. ઘન. ૨
ત્રિભુવનવાસી જોવાને આવ્યા, ભીડ થઈ જમુના તીરમાં રે. ઘન. ૩
પ્રેમાનંદ કહે રૂપ જોઈ રસિકનું, રહેતું નથી મન ધીરમાં રે. ઘન. ૪

**૧૧૦૧** **રાગ : વેરાવળ પદ=૪** **પદ-૪/૧**

જળમેં ઝુળત શ્યામળો, વ્રજરાજ વિહારી;
નિરખે હેતે નાથને, મળી ગોપકુમારી. જળમેં.૧
રવિમંડળ વિલસી રહ્યું, કલિ કમળ વિકાસી;
જીવન જોવા કારણે, આવ્યાં વ્રજવાસી. જળમેં.૨
લહરી નિર્મળ નીરની, અતિ પ્યારી લાગે;
જોઈ વદન જદુરાયનું, ભવનું દુઃખ ભાગે. જળમેં.૩
સર્વે મળીને સુંદરી, ઘેરે સૂર ગાવે;
નટ નાગરને નિરખવા, ઈન્દ્રાદિક આવે. જળમેં.૪
જળયાત્રા જગદીશની, ભાવે જેણે ભાળી;
બ્રહ્માનંદ અંતર વશ્યા, તેને વનમાળી. જળમેં.૫

**૧૧૦૨** **પદ-૪/૪**

સ્નાન કરીને શ્યામળા, આવો જળ બા'રા;
અંગ લુંઈને કોરૂં કરૂં, પ્રીતમજી પ્યારા. સ્નાન. ૧

આવીને ઉભા રહો, જળકેરે તીરે;
ઘસી ચંદન રાખ્યું ઘણું, કરૂં લેપ શરીરે. સ્નાન. ૨
સરવ સખાના સાથને, હેતે કરી હેરો;
કાજુ જરકશી કોરનું, પીતાંબર પહેરો. સ્નાન. ૩
બહુવિધ પાક બનાવિયા, રસડાની રીતે;
આવી જમો અલબેલડા, પીરસું હું પ્રીતે. સ્નાન. ૪
મુનિવર જોવા આવિયા, જળક્રીડા તમારી;
વદન કમળ છબી ઉપરે, બ્રહ્માનંદ બલિહારી. સ્નાન. ૫

## વામન જન્મોત્સવના પદો (ભાદ્ર શુકલ દ્વાદશી)

**૧૧૦૩ રાગ : સારંગ પદ = ૪ પદ-૪/૧**

શ્રી વામન સુખધામ, પ્રગટ ભયે શ્રીવામન સુખધામ;
કશ્યપ તાત અદિતિ માતા, કિનેહેં પૂરનકામ. પ્રગટ.૧
ભાદ્ર શુકલ દ્વાદશીકે દિન, દિવસ ભયે મધ્યાહ્ન;
તબ યહ વામન રૂપ ધર્યો પ્રભુ, સુરહિત શ્રીભગવાન. પ્રગટ.૨
જયજયકાર ભયો ત્રિભુવનમેં, મગન ભયે મુનિવૃંદ;
મુકતાનંદકો પ્રભુ સુખસાગર, વાસુદેવ જગવંદ. પ્રગટ.૩

**૧૧૦૪ પદ-૪/૨**

પ્રગટ હેં વામન રૂપ, રમાપતિ પ્રગટેહેં વામન રૂપ;
સુરપતિકાજ કરના હિત કેશવ, ભયે બ્રહ્મચારી અનુપ. રમા.૧
બળિરાજા કે દ્વાર જાય કે, કિનોહે વેદ ઉચ્ચાર;

બલિ સનમાન કિન અતિભારી, પૂજે હેં વિવિધ પ્રકાર. રમા.૨
તીન પાઓ ભૂમિ બળિકે ઢિગ, જાચત ભયે બહુનામી;
મુકતાનંદ કો નાથ વિપ્રવર, એહિ અખિલ જગસ્વામી. રમા.૩

**૧૧૦૫** **પદ-૪/૩**

બળિરાજા ઢિગ આય, કહત ગુરુ બલિરાજા ઢિગ આય;
તેહો રાજ લેના હિત વિષ્ણુ, કિનો હેં એહિ ઉપાય. કહત.૧
તિન ભુવન દોઉ પેંડસે ભરિહેં, નહિ તિજેકો ઠોર;
બાંધિ હે તોય નર્કમેં ડારન, અધિક જનાયકે જોર. કહત.૨
યું ગુરુ બાત જનાઈ સબહિ, તદપિ ન માની લેશ;
મુકતાનંદ કે પ્રભુ સનમુખ હોય, ત્યાગ્યો ગુરુ ઉપદેશ. કહત.૩

**૧૧૦૬** **પદ-૪/૪**

દેન લગ્યો જબ દાન, શ્રીહરિકું દેન લગ્યો જબ દાન;
શુક્રાચારજ દાન સમે મહિં, નાના કહત અજાન. શ્રીહરિ.૧
ગુરુકે વચન ત્યાગી બલિ, કીની શ્રીવામનકી સેવ;
તીન પાઓ ભૂમિ વિષ્ણુકું, દેત ભયો તતખેવ. શ્રીહરિ.૨
ચૌદ લોકકે દોઉ પગ કીને, ઐસે બઢે તતકાળ;
મુકતાનંદકે નાથ ભકતહિત, કિનોહે રૂપ વિશાળ. શ્રીહરિ.૩

**૧૧૦૭** **રાગ : નટ પદ=૪** **પદ-૪/૧**

બળિ ઠાઢો તજી માન, વિષ્ણુ ઢિગ બળિ ઠાઢો તજી માન;
તિજો પાઓ લાઓ ભૂમિ અબ, યું બોલે ભગવાન. વિષ્ણુ.૧
ખગપતિ વિશ્વકસેન વિજય જય, પારષદ પરમ સુજાન;

બળિકું બાંધિ યું બોલન લાગે, દેહુ હમારો દાન. વિષ્ણુ.૨
બળિકી નારી અરૂ બ્રહ્મા પ્રભુકો, સ્તવન કિયો એકતાન;
મુકતાનંદ પ્રભુ રિઝત ભએ, ગોવિંદ ગુનકે નિધાન. વિષ્ણુ.૩

**૧૧૦૮** **પદ-૪/૨**

બળિપર શ્રી ભગવાન, રિઝત ભયે બળિપર શ્રી ભગવાન;
ત્રિભુવન છિન દેવકું દિનો,તદપિ ન પાયો ગ્લાન. રિઝત.૧
સબ સંપત્તિ સુરપતિકું દિના, તોહુ ન ઓગુન લિન;
સબવિધિ રહ્યો અચળ પ્રભુ સન્મુખ, દોઉ કર જોરિ પ્રવિન. રિઝત.૨
બળિકી ભકિત દઢ જાની સુતળકો, રાજ દિયો તતખેવ;
મુકતાનંદકો નાથ ભકતહિત,દ્વારપાળ ભયે દેવ. રિઝત.૩

## વિજયાદશમીના પદો(આસો સુદ દશમ)

**૧૧૦૯** **રાગ : પૂરવ પદ=૪** **પદ-૪/૧**

ખેલત શ્રીગિરિધારી દશેરા ખેલત શ્રી ગિરિધારી;
ગ્વાલબાલ સંગ લે વન વિચરત, ભઈ શોભા અતિભારી. દશેરા.૧
શમીપૂજનકો સાજ સબહિ સંગ, જ્વારે પાન સોપારી;
સુમન રોરી શ્રીફળ અક્ષત જુત, કર લિયે કંચન થારી. દશેરા.૨
સબ સામગ્રી લે શમીપૂજન, કિનો કુંજવિહારી;
હસિ હસિ પાનબિરી પ્રભુ દેવત લેત સબહિ નરનારી. દશેરા.૩
સુંદર ચાસ ઉડાવે, શ્યામરો, અકળ રૂપ અવતારી;
મુકતાનંદ મદનમોહનકી, યા છબી પર બલિહારી. દશેરા.૪

**૧૧૧૦** **પદ-૪/૩**

અસવારી ભઈ ભારી દશેરાકી, અસવારી ભઈ ભારી;
ગજ રથ તુરંગ પદાતિન જુત પ્રભુ, સોહત જન સુખકારી. દશેરા.૧
દ્વારામતી પતિ શ્રી જદુનાયક, જબ પુર બાહિર આયે;
ચતુરંગિની સેના જુત શ્રીપતિ, લગત હે પરમ સોહાયે. દશેરા.૨
વિવિધ ભાતિકે બાજા બાજત, ભેરી ઢોલ સરનાઈ;
નોબત બજત માનહું ઘન ગર્જત, શોભા વરની ન જાઈ. દશેરા.૩
ઉધ્ધવ આદિ સખા સબ લાયે, શમીપૂજનકો સાજ;
મુકતાનંદકો નાથ નૃપતિસમ, ભાસત શ્રીમહારાજ. દશેરા.૪

**૧૧૧૧** **રાગ : સારંગ પદ=૪** **પદ-૪/૧**

દશરો પૂજન નિકસે આજ, દશરો. ટેક.
શ્યામ રૂ રામ સખા સંગ લીને, ચલે કુદાવત બાજા. દશેરો.૧
રાજે શૃંગાર પહેરે પટ ભૂષન, નિકસે સજી સમાજ;
ગજ રથ અશ્વ પદાતિ સબહિ, તુંપકન કરત અવાજ. દશેરો.૨
અપને અપને અશ્વ સિંગારે, સજે જરીકે સાજ;
કહે હરિ લાવો અપની માનકી, કે કેસર કે તાજ. દશેરો.૩
ચલે નચાવત નગર ડગરમેં, છત્ર ચમર શિરછાજ;
પ્રેમાનંદ પ્રભુ ડપટિ માનકી, ચલે ગરૂડ તબ લાજ. દશેરો.૪

**૧૧૧૨** **પદ-૪/૨**

માનકી ભલી દોરાઈ લાલ; માનકી ટેક.
સબહિ સરાહત સખા મંડળી, ભલે જુ ભલે ગોપાળ. માનકી.૧
અબ દોરો કેસર અલબેલી, તાજન તુરકી ચાલ;

વાંગલી બહુત વખાનત હો હરિ, ડપટો એક હિ કાલ. માનકી.૨
હલધર ચઢે પંખની ઉપર, ચઢે મોહન ફૂલમાળ;
શ્યામ રૂ રામ કુંદાવત દોરત, નિરખત ગોપી ગ્વાલ. માનકી.૩
ટુટિ પરત વનમાળ ઉદર તેં, કટિપર ઉડત દુશાલ;
પ્રેમાનંદ ઘનશ્યામ ઈષ્ટ છબી, નિરખિ ભયો નિહાલ. માનકી.૪

**૧૧૧૩ રાગ : સારંગ પદ=૨ પદ-૨/૧**

જ્વારે શિર ધરે ઘનશ્યામ, જ્વારે.
શ્વેતહે પાઘ જરીકી તાવિચ, સોહત હે અભિરામ. જ્વારે.૧
સાંકરે પેચ સોહત હે ભ્રોંહ પર, કેશર તિલક કિયો સુખધામ;
અંબુજનેન વિલોકી વદન, છબી ચક્તિ હે વ્રજનામ. જ્વારે.૨
વાગો શ્વેત સુભગ સૂક્ષ્મ તન, પેહિરે પૂરનકામ;
જરકશી કોર દૂપટો ઉરપર, ધર્યો સંતન વિશ્રામ. જ્વારે.૩
રતન જડિત અંગદ કંચન કર, ઉર ગજ મુકતા દામ;
પ્રેમાનંદ નિરખી યહ શોભા, પુલકિત આઠો જામ. જ્વારે.૪

**વિજયાદશમી કુંજવિહારી પદ=૪**

**૧૧૧૪ રાગ : માલીગાડો પદ-૪/૨**

વહાલા વિજયા દશમી આવી,આસુ પખ અજવાળો રે;
ગોપીની સામુ તમે ગિરિધર, ભાવ કરીને ભાળો રે. વહાલા.૧
ફુલતણાં છોગલિયાં ફરતાં, મોલિડામાં ધરીયે રે;
બ્રહ્મવેત્તા બ્રાહ્મણ તેડાવીને, સમડી પૂજન કરીયે રે. વહાલા.૨

મોતીડાંની પેહેરો માળા, કરો તિલક કેસરીયાં રે;
લટકાં અતિ પ્યારાં મુને લાગે,ભૂધર રંગનાં ભરિયાં રે. વહાલા.૩
રૂપાળી નલવટ કેરી રેખું, અતિ સુંદર ઉપડતી રે;
બ્રહ્માનંદના નાથ તમારી, સદા કળા રહો ચડતી રે. વહાલા. ૪

**૧૧૧૫** **પદ-૪/૩**

સમડી પૂજન કરો શ્યામળા, વિજયા દશમી આવી રે;
ગોઠ કરો સુંદર ગિરિધારી, ગોઠીડા તેડાવી રે. સમડી.૧
જ્વારાનાં ઝુંડા કેરાં, સુંદર છોગાં મેલો રે;
ગોપીજનને સંગે ગિરિધર, ખાંત કરીને ખેલો રે. સમડી.૨
બાર મહિને દિવસ સપરમો, આવ્યો છે દશરાવો રે;
વ્રજજીવન વ્રજની શેરીમાં, ઘોડલીયાં ખેલાવો રે. સમડી.૩
મોરલીની પૂજા કરો મોહન, સ્થિર નિજ કરમેં થાપો રે;
બ્રહ્માનંદના નાથજી અમને, અધરામૃત રસ આપો રે. સમડી.૪

## શરદ પૂનમના પદો(આસો સુદ પૂર્ણિમા)

**૧૧૧૬** **રાગ : ગરબી પદ=૮** **પદ-૮/૧**

શરદ પૂનમની રજની રે, અજવાળી ભાળી;
રાસ રમ્યાનું રે, મનમાં ધાર્યું વનમાળી. ૧
કાજુ પ્રસરી રે કિરણું ચાંદલીયા કેરી;
લલિત મનોહર રે જમુનાના જળની લહેરી. ૨
વિધવિધ ફુલી રે, વનકેરી સુંદર વેલી;

મહકે ચંપા રે, વળી જાય જુઈ ચંબેલી. ૩
તાજાં ફુલ્યાં રે, બહુ કમળ નદીની તીરે;
વેણ વજાડી રે, ત્યાં આવીને બળવીરે. ૪
બ્રહ્માનંદના રે, વહાલાની વંસી વાગી;
અજબ અલૌકિક રે, ગઈ ચૌદ ભુવનથી આઘી. ૫

**૧૧૧૭** **પદ-૮/૩**

બંસી વાઈ રે, સુંદર વર કુંજવિહારી;
શબ્દ સુણીને રે, વ્યાકુળ ભઈ વ્રજની નારી. ૧
ફરતી ડોલે રે, અંગો અંગ સરવે ફૂલી;
ભૂધર મળવા રે, ઘરડાનો ધંધો ભૂલી. ૨
એક એક આંખે રે, કાજળ આતુર થઈ આંજ્યાં;
મેલ્યાં વાસણ રે, ઘરમાં જેમ તેમ અણમાંજ્યાં. ૩
ધેનું દોતાં રે, કોઈ દૂણાં મેલ્યાં પડીયાં;
દુધ કઢંતા રે, રહ્યા ચુલા ઉપર ચડીયાં. ૪
માત પિતા સુત રે, પતિની ન રહી કોઈ ઝાલી;
બ્રહ્માનંદના રે, વહાલાને પાસે ચાલી. ૫

**૧૧૧૮** **રાગ : ગરબી પદ=૪** **પદ-૪/૧**

રસિયો રાસ રમે રે રાસ રમે, ગોપીને મનડે ગમે રે. રસિયો. ટેક૦
શોભે શરદ પુનમ નીશિ રૂડી, ફુલી વન જાયુ જુડી;
ભુજ ખલકે કાંકણ ચુડી રે. રસિયો. ૧
અતિ ગાવે નવલ ઉમંગે, રમે રાસ મનોહર રંગે;

ગિરિધર ગોપીને સંગે રે. રસિયો. ૨
રાજેશ્વર રંગડો રેલે, કોઈનો કર ઝાલે મેલે;
બ્રહ્માનંદનો વહાલો ખેલે રે. રસિયો. ૩

**૧૧૧૯ પદ-૪/૪**

શોભે છે શ્યામળિયો રે શ્યામળિયો, વ્રજનારી પર અઢળક ઢળિયો. શોભે. ટેક૦
આજ શરદ પુનમ ભલી ઓપી, રમે લોક વેદ હદ લોપી;
ગિરિધર સંગ રસબસ ગોપી રે. શોભે. ૧
ધન્ય ધન્ય એ વ્રજની નારી, થઈ પ્રાણજીવનને પ્યારી;
જેને સંગ રમે ગિરિધારી રે. શોભે. ૨
મનમોહન ખેલ મચાયો, રસ નૌતમ પીધો પાયો;
એ રસ બ્રહ્માનંદે ગાયો રે. શોભે. ૩

**૧૧૨૦ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

આજ શરદ પૂનમનો ચંદો રે, અતિશે શોભે આકાશે;
રમે ગોપી સંગે ગોવિંદો રે, રંગડો જામ્યો છે રાસે. ૧
બહુ નૂપુર ઝાંઝર વાજે રે, રમઝમ રમઝમ રૂપાળાં;
કરે મનડું લેવા કાજે રે, મોહન લટકાં મરમાળાં. ૨
નટારંભ માંડ્યો નાથે રે, વ્રજજીવન વૃંદાવનમાં;
સુંદરવર ગોપી સાથે રે, મગન થયા રમતા મનમાં. ૩
બાંહડલિ બળવંત કેરી રે, ઝાલીને વનિતા ઝૂલે;
બ્રહ્માનંદનો વહાલો લહેરી રે, જોઇ જોઈને મનમાં ફૂલે. ૪

**૧૧૨૧** **પદ-૪/૪**

ધન્ય શરદ પૂનમની રજની રે, રસિક સલુણો રાસ રમે;
ધન્ય ધન્ય એ નારી વ્રજની રે, ગિરિધરને મનમાંહી ગમે. ૧
ધન્ય ધન્ય જમુનાનો આરો રે, ધન્ય ધન્ય વન કેરી વેલી;
ધન્ય ખેલે નંદદુલારો રે, લઈ સંગ રાધા અલબેલી. ૨
ભૂધર સંગ સુખમાં ભીંજી રે,પૂરણ અતિ વર પામીને;
રસ બસ થઈ રંગમાં રીઝે રે, ચાલી ઘર શિર નામીને. ૩
એ કહાન કુંવરની ક્રીડા રે, ગરવ તજી પ્રેમે ગાશે;
બ્રહ્માનંદ કહે મટે ભવ પીડા રે, અંતર નિષ્કામી થાશે. ૪

## ધનતેરસના પદો(આસો વદ તેરસ)

**૧૧૨૨** **રાગ : ગોરી પદ=૨** **પદ-૨/૧**

ધનતેરશકે દિન કાનરી, સબ ધેનુ બોલાવત શ્યામરો; સબ.
મોરલિકી ટેર બોલાયકે સબ, ગોધન મદન ગોપાળ;
એક એકકું પહિરાવહિ સિંગાર, વિવિધ તતકાળ હો. સબ. ૧
કારી કાજર ધુમરી પ્રભુ, નામ સબનકે લેત;
જાકું જેસો જોગ્ય ત્યું, સિંગાર પેરાઈ દેત હો. સબ. ૨
બાજત બેના બાંસુરી તહાં, હોત વૃષભકે નાદ;
ગોપ પરસ્પર કૃષ્ણ સોં કરે, અતિ સુંદર સંવાદ હો. સબ. ૩
રાતે પીળે રંગસેં પ્રભુ, રંગે હે મનોહર અંગ;
મુકત કહે સંઝાસમે હરિ, આવત ગોધન સંગ હો. સબ. ૪

**૧૧૨૩** **પદ-૨/૨**

વૃંદાવનકે ઢિગ આયરી, શ્રીકૃષ્ણ બજાઈ બાંસુરી; શ્રીકૃષ્ણ.
ધનતેરશ દિન જાનિકે, સબ આયે ગોપકે બાળ,
ગૌધન મધ્ય વિરાજતહિ પ્રભુ, નટવર શ્રીનંદલાલ હો. શ્રીકૃષ્ણ.૧
મોરલિકી ધુની સુની ગોપિકા સબ હરિદર્શનહિત આઈ;
વિરહકો તાપ બુઝાવને સબ, નિરખત જનસુખદાઈ હો. શ્રીકૃષ્ણ.૨
વ્રજવાસી વાજીંત્રકો કિયો, ચહુ દિશ શબ્દ વિશાળ;
ધેનુ દોરાયકે શ્યામરો,આએ વૃંદાવન તતકાળ હો. શ્રીકૃષ્ણ.૩
ગૌરજસેં ભયે ઘુંસરે પ્રભુ, સબવિધ શોભાધામ;
વ્રજજનકે ચિત્તચોરને, હસે મુકતાનંદકે શ્યામ હો. શ્રીકૃષ્ણ.૪

**૧૧૨૪** **રાગ : દેવગંધાર પદ=૨** **પદ-૨/૧**

આજ માઈ નંદરાની ધન ધોયે. આજ.
આસો માસ વદિ ધનતેરસ, ઉત્સવ પરવ બડોયે. આજ. ૧
લીંબુ લગાય ધોઈ કિયે ઉજ્વળ, કંચન કંકન દોયે.
પોંચી મુંદરી મનિમય અંગદ, મુરકી હાર ઉર કોયે. આજ. ૨
કંચન તોરસોં મનમોહનકી, મોતીન માળા પ્રોયે;
સુભગ સિંગાર ધરાયે લાલકું, પુલકી જશોદા જોયે. આજ. ૩
ભૂષન વસન શ્યામ સુંદરકેં, અંગઅંગ પ્રતિ સોયે;
પ્રેમાનંદ નિરખિ મોહન છબી, ગોપીજન મન મોયે. આજ. ૪

**૧૧૨૫** **પદ-૨/૨**

આજ માઈ ધનતેરસ દિન ધન્ય હે; આજ.
કેશવ રામ સભા બિચ બની ઠની, બેઠે બહુત પ્રસન હે. આજ. ૧

સોહે ગૌર બરન બળદાઉ, મોહન શ્યામ બરન હે;
માનો ગૌર નીલ શશિ જોટી, સખા સબે ઉડુગન હે. આજ. ૨
પૂછત ગોપ પ્રતિ રે ભૈયા, સુંનો મોર વચન હે;
કાલે આઈ રૂપ ચૌદશ, પરસોં દિવારી દિન હે. આજ. ૩
ગાઈન સકળ સિંગારો ભલિવિધિ, પહિરો વસન ભૂષન હે;
પ્રેમાનંદ પ્રભુ કહે ચલો બન, ગાઈ ખેલાવન મન હે. આજ. ૪

**૧૧૨૬ રાગ : ગરબી પદ=૪ પદ-૪/૧**

સખી ઉત્સવનો દિન આજ, ધન્ય ધનતેરસને;
મળ્યા રંગીલો વ્રજરાજ, ધન્ય ધનતેરસને. ૧
મારે મોહન આવ્યા ઘેર, ધન્ય. આજ થઈ છે લીલા લહેર.ધન્ય.૨
જેની નિત્ય જોતી હું તો વાટ, ધન્ય. તે વહાલો મારો આવી બેઠા પાટ.ધન્ય. ૩
મારાં પુણ્યતણો નહિ પાર, ધન્ય. આવ્યા મંદિરિયે મુરાર.ધન્ય.૪
બ્રહ્માનંદ કહે થઈ નિહાલ, ધન્ય. લટકાળો પધાર્યા લાલ.ધન્ય.૫

**૧૧૨૭ પદ-૪/૪**

પહેરો અંબર ઝીણાં અંગ, ધનતેરશ આવી;
વારી રસિયાજી નવરંગ, ધનતેરશ આવી. ૧
તેડો ગોઠીડા ગોવાળ, ધન. ગાઈએ મોરલીમાં ગીત રસાળ. ધન. ૨
કરીએ ધેનુને શણગાર, ધન. રંગિએ શીંગ અજબ રંગસાર. ધન. ૩
કરો લટકાં ભીને વાન, ધન. થાય વ્રજનારી ગુલતાન. ધન. ૪
માથે મુકુટ ધરો મહારાજ, ધન. કરો બ્રહ્માનંદનું કાજ. ધન. ૫

## કાળીચૌદશના પદો(આસો વદ ચૌદશ)

**૧૧૨૮ રાગ : ગોરી પદ=૨ પદ-૨/૧**

આઈ કૃષ્ણ ચતુર્દશી આજરી, હરિમંત્રકું સાધો સુંદરી;
એક સયાની સુંદરી કહે, સબકું ઘરઘર જાય.
કાનકુંવર વશ હોય ત્યું અબ, કીજે અચળ ઉપાય હો...હરિ. ૧
દેવનકું બલિ દિજીએ, મુખ લીજે હરિકો નામ;
નંદનંદન વશ કિજીએ પ્યારો,શોભાનિધિ સુખધામ હો...હરિ. ૨
અપનાં કાજ સુધારને સબ, હોનાં અધિક સચેત;
તન મન અર્પો શ્યામકું કરો, રસિકરાય સંગ હેત હો. ..હરિ. ૩
એહિ વિધિ ટોનાં કિજીયે તબ, ચલત ન જાદુકો જોર;
મુકતાનંદના નાથસો દગ જોશે, જ્યું ચંદ ચકોર હો...હરિ. ૪

**૧૧૨૯ રાગ : કાનરો પદ=૨ પદ-૨/૧**

આઈ આજ ચઉદશ કાળી, આઈ.
વશ કીજે ઘનશ્યામ મનોહર, વશીકરન સાધિએ વ્રજનારી. આઈ. ૧
પઢિ પઢિ જંત્ર મંત્ર કરી જાદુ, વશ કીજે જશોદ સુત પ્યારી;
વ્રજ તજી કૃષ્ણ કમળદળ લોચન, અંત ન જાયે કહું કુંજવિહારી. આઈ. ૨
કમળાવશ કિને કરી જાદુ, કર ન શકત હરિ ક્ષણ એક ન્યારી;
ખાત પિયત સોવત સ્વપ્નમેં, હરત ફિરત ડોલત ઉર ધારી. આઈ. ૩
એહિ વિધિ વશ કીજે માધો,કરી જાદૂ કેશવ કંસારી;

પ્રેમાનંદકો નાથ કરો વશ તબ, હોય સબવિધિ જીત તુંમારી. આઈ. ૪

**૧૧૩૦ પદ-૨/૨**

**સાધત મંત્ર કરન વશ કાના, સાધત.**

વ્રજકી નારી નેહવશ પ્યારી, વિવિધ ભાતિ ઉપચાર લે આના. સાધત. ૧
ધૂપ દીપ કરીક બહુ માતિન, ડારતી માષા મંત્રિકે છાના;
કૃષ્ણ કૃષ્ણ લિખિ મંત્ર જંત્રમહિ, બાંધતી ભુર્જપર ઉર બિચ. સાધત. ૨
શંભુ ભવાની ગજાનન ઈશ્વર, મારૂતનંદન હો ભગવાના;
નંદનંદન વશ હોય હમારે, દેહો ઈશ એહિ વરદાના. સાધત.૩
પરમ પ્રસન્ન ભઈ વ્રજવનિતા કીને, વશ ઘનશ્યામ સુજાના;
પ્રેમાનંદકો નાથ નેહવશ ભયે, આધીન ત્રિભુવન રાના. સાધત.૪

**૧૧૩૧ રાગ : માલીગાડો પદ=૪ પદ-૪/૧**

ઉત્સવ આજ પવનસુતકો શુભ, ગાઈએ કરી અતિ પ્યાર હો;
પંચ શબ્દ વાજીંત્ર વજાડો, ગાવો મંગળ ચ્ચાર હો. ઉત્સવ.૧
આસો માસ અધારી ચૌદશ, પૂજીએ પવનકુમાર હો;
આપે સુખ સંપત મનવાંછિત, કાપે કષ્ટ હજાર હો. ઉત્સવ.૨
તેલ સિંદૂર સુભગ તન ચરચીએ, પહેરાવો ઉર હાર હો;
કરી પકવાન જમાડો પવનસુત, કરશે જેજેકાર હો. ઉત્સવ.૩
ધૂપ દીપ કરી સુભગ આરતી, માગિયે વારમવાર હો;
પ્રેમાનંદ કહે રામદૂત આપો, પ્રભુપદ પ્રિત અપાર હો. ઉત્સવ.૪

૧૧૩૨ પદ-૪/૨

કેસરીકુંવર કૃપાનો સાગર, નાગર ચતુર સુજાણ હો;
આગમ નિગમમાં કુશળ મહાબળ, બોલે વચન પ્રમાણ હો. કેસરિ.૧
શ્રી રઘુનાથના મંત્રીમાં મોટા નીતિપ્રવીણ ગંભીર હો;
મહાનૈષ્ઠિક મન વચન કર્મ કરી, ધર્મધીર મહાવીર હો. કેસરિ.૨
શ્રીરામપક્ષ દઢ રામદૂત વર, એકાંતિક રામદાસ હો;
પૂજ્ય પ્રતિષ્ઠિત ચૌદ લોકમાં, રામચરણ નિવાસ હો. કેસરિ.૩
વજ્રતનુ શત્રુમદમંજન સુફળ, શસ્ત્ર જય કારિ હો;
શૂરવીર મહા સુભટ જુદ્ધમાં, પ્રેમાનંદ બલિહારી હો. કેસરિ.૪

૧૧૩૩ પદ-૪/૩

અંજનીપુત્ર મહાબળવંતા, ત્રિભુવનમાં વિખ્યાત હો;
વિનતાસુત સમ વેગ પરાક્રમ, કહી નવ જાયે વાત હો. અંજની.૧
સીતા શોધ સમે મહાસિંધુ, ઠેકી ગયા તતકાળ હો;
બાળી જાઈ રાવણની લંકા, માર્યા દાનવ વિકરાળ હો. અંજની.૨
વાગિ સાંગ લક્ષ્મણજીને રણમાં, મુરછા આવી ગઈ ભારી હો;
સંજીવની મૂળી સારૂ લાવ્યા, દ્રોણાચળ શિર ધારી હો. અંજની.૩
શોકસિંધુમેં ભરત બુડિ રહ્યા, કપિએ આવી ચિંતા નિવારી હો.
આવ્યા રામ રાવણને મારી, પ્રેમાનંદ સુખકારી હો. અંજની.૪

૧૧૩૪ પદ-૪/૪

શ્રી હનુમાનની હાક સુણીને, નાસે અશુભ ભયકારી હો;
ઘોર પિચાશ ભૂત બ્રહ્મરાક્ષસ, કૃત્યા આદિક ભારી હો. શ્રી હ. ૧
વીર વેતાળ ચૂડેલ ને ડાકણ, ગ્રહ આદિક જે ઘોર હો;
હનુમાન એવું નામ સંભારતાં, નાસે તે પાડી બકોર હો. શ્રી હ. ૨

આપે પુત્ર વિત્ત સુખ વાંછિત, જપે મંત્રનો જાપ હો;
કાપે રોગ ને દુઃખ દરિદ્રતા, અનેક જનમનાં પાપ હો. શ્રી હ. ૩
ધર્મવંશી જે નરનારી સહુ, પૂજીએ અતિ શુદ્ધ ભાવે હો;
ધર્મકુળના પૂજ્ય દેવ છે, પ્રેમાનંદ પ્રીતે ગાવે હો. શ્રી હ. ૪

## દીપોત્સવીના પદો(આસો વદ અમાસ)

**૧૧૩૫** નિરખત આજ પદ=૪ **રાગ : કલ્યાણ** **પદ-૪/૩**

દીપ ઉત્સવી આઈ, અનુપમ દીપ ઉત્સવી આઈ;
ચઉ દિશ દીપમાળ અતિ સોહત, શોભા બરની ન જાઈ. અનુ.૧
દીપમાળ મધ્ય સિંહાસન પર, રાજત કુંવર કનાઈ. અનુ.૨
વ્રજવાસી અતિ પ્રેમમગન હોય, ગાવત ગુન પ્રભુતાઈ. અનુ.૩
મુકતાનંદકે નાથકું નિરખત, દિનોહે જગ વિસરાઈ. અનુ.૪

**૧૧૩૬** **પદ-૪/૪**

દીપ ઉત્સવી જાની,મનોહર દીપ ઉત્સવી જાની;
નંદનંદન નિજજન મનરંજન,બનિ ઠનિ આયે ગુમાની. મનો.૧
આતસબાજી ઉડાવત બહુવિધ,ખેલત જનસુખદાની. મનો.૨
સુર નર મુનિ સબ આયે દરશહિત,બોલત જયજય બાની. મનો.૩
મુકતાનંદ મદન મોહન પર, કિનોહે તન કુરબાની. મનો.૪

**૧૧૩૭ દીપમાળી સુખકારી પદ=૪ રાગ : કલ્યાણ પદ-૪/૩**

**દીપમાળ મધ્ય કાન, બિરાજત દીપમાળ મધ્ય કાન;**
**ઉડુગન મધ્ય તડિત ઘન શશીસમ, સોહત શ્રીભગવાન. બિરા.૧**
**રંગરંગ કિયે દીપકકે તરૂ, નિરખત શ્યામ સુજાન. બિરા.૨**
**બેન બજાયકે નારદ નાચત, તોરત નૌતમ તાન. બિરા.૩**
**મુકતાનંદકો શ્યામ ચતુરવર, ગોવિંદ ગુનકે નિધાન. બિરા.૪**

**૧૧૩૮ પદ-૪/૪**

**દીપમાળ મધ્ય શ્યામ, બિરાજત દીપમાળ મધ્ય શ્યામ;**
**કોટિ મદન મદહરન મનોહર, મોહન મનઅભિરામ. બિરા.૧**
**શ્રીનંદલાલ માધુરી મૂરત, સબવિધ શોભાધામ. બિરા.૨**
**મોર મુગટ મકરાકાર કુંડળ, ઉર વૈજયંતી દામ. બિરા.૩**
**મુકતાનંદ કહે રહોરિ દગન બિચ, એહી છબી આઠું જામ. બિરા.૪**

**૧૧૩૯ રાગ : કાનરો પદ=૨ પદ-૨/૧**

**નૌતમ આજ દીવારી આઈ, નૌતમ.**
ઘરઘર ધ્વજા પતાકા તોરન, દીપમાળ છબી કઈહ ન જાઈ. નૌતમ. ૧
પ્રફુલ્લિત ભયે સકળ વ્રજવાસી, વિવિધ ભાંતિ સિંગારત ગાઈ.
હોત મહોત્સવ નંદભવનમેં, વ્રજવનિતા ગાવતી હરખાઈ. નૌતમ. ૨
સજી સિંગાર બની ઠની બેઠે, શ્રીઘનશ્યામ રામ દોઉ ભાઈ;
મુદિત હસત નિરખત મનમોહન, દીપમાળ સુંદર છબી છાઈ. નૌતમ. ૩

સુર નર મુન જન આઈ વિલોકત, શ્રીઘનશ્યામ છબી ઉર લાઈ;
પ્રફુલ્લિત દેવ કુસુમ ઝરિ વરષત, હરખ પ્રેમાનંદ ઉર ન સમાઈ. નૌતમ. ૪

**૧૧૪૦ રાગ : કાનરો પદ=૪ પદ-૪/૧**

દીપાવલી દેખત નંદલાલા, દીપાવલી.
શોભિત હે દ્વારે મંદિર કે, માનુ બાંધિ હે શુક્કી માળા. દીપા. ૧
અનુપમ રચના બની હે ટિપનકી, ઝગમગ ઝગમગ જ્યોત રસાલા;
ઘૃતબાતી પૂરત નંદરાની, દેખી મગન ભયે મદન ગોપાળા. દીપા. ૨
આઈ અતિ આતુર દરશહિત, મંગળ ગાવતી વ્રજકી બાળા;
પ્રેમાનંદ નિરખિ નંદનંદન, ગોપી ગોપ ભયે મતવાલા. દીપા. ૩

**૧૧૪૧ પદ-૪/૨**

દેખત દીપમાલ છબી શ્યામ, દેખત.
બેઠે સભા જુરી નંદ આંગન, કરત પ્રશંસા પૂરનકામ. દેખત.૧
હોત કોલાહલ નગર ડગરમેં, ગાજી રહ્યો સબ ગોકુળ ગામ;
મોહનલાલ કહત સુનો ભૈયા, સુબળ સુબાહું સખા શ્રીરામ. દેખત.૨
ભલિવિધિ કાલ ખેલાવો ગાઈન, એક ઓર હમ તુંમ એક ઓર રામ;
પ્રેમાનંદકે બોલાવત ગાઈન, ધોરી ઘુંમરી લેલે નામ. દેખત.૩

**૧૧૪૨ પદ-૪/૩**

દીપ દાન દે બેઠે હટરિયા દીપ દાન.
વિધવિધ કે પકવાન મીઠાઈ બાઢત અપને હાથ સાંવરીયા. દીપ. ૧
કિયો સિંગાર અનુપમ મોહન, ભૂષન નંગજડિત અંગ ધરીયા;
જરકશી પાગ પીત પટ કટિતટ, ઉપરના ઓઢે કેસરીયા. દીપ. ૨

બનિ ઠનિ ગોપ સખા બિચ બેઠે, દેખી મોહી હે વ્રજકી તરીયા;
પ્રેમાનંદ ઘનશ્યામ ચરન પર, તન મન ધન નોછાવરી કરીયા. દીપ. ૩

**૧૧૪૩** **પદ-૪/૪**

હટરી બનાય બેઠે બનવારી, હટરી.
ભરિ ભરિ ડલા પકવાન મીઠાઈ, મેવા બિરા લોંગ સોપારી. હટરી.૧
આઈ સબે ઘરઘરકી સુંદર, સોદા કરનકાજ વ્રજનારી;
પુરો તોલ તોલિકે દિજે, રાખો ચિત્ત ઠેકાને વિહારી. હટરી.૨
નેન નચાવત સેંન ચલાવત, કેસે હો તુંમ શ્યામ પસારી;
પ્રેમાનંદ મુસકાતિ પરસ્પર, ચલી છેલછબી નેંનમેં ધારી. હટરી.૩

**૧૧૪૪** **રાગ : સામેરી પદ=૪** **પદ-૪/૧**

સખી હેડે તે હરખ ન માય, આજ દીવાળી રે;
હું તો મગન થઈ મનમાંય, ભૂધર ભાળી રે. આજ.૧
સુંદર શ્યામ સોહામણો રે, સુંદર ગતિ ચાલ;
સુંદર શોભા અંગની હું તો, નિરખીને થઈ છું નિહાલ. આજ.૨
નેણ મનોહર નાથનાં રે, હૈડે મનોહર હાર;
સુભગ મનોહર શ્યામળો વહાલો, નટવર નંદકુમાર. આજ.૩
બાજુ નૌતમ બેરખા રે, બેહદ નૌતમ બાન;
બ્રહ્માનંદના નાથનું થઈ, રૂપ જોઈ ગુલતાન. આજ.૪

**૧૧૪૫** **પદ-૪/૨**

મને મળીયા તે મોહનરાય, સપરમો દહાડો રે;
કરીએ આનંદ ઉત્સવ આજ, રંગ અખાડો રે. સપરમો.૧

થાળ ભરો ગજમોતીએ રે, સર્વ લીયો શુભ સાજ;
વેલેરા થઈને વધાવીએ, વહાલો રંગભીનો વ્રજરાજ. સપરમો.૨
મંગળ ગાવો માનિની રે, અધિક કરો ઉત્સવ;
આપણે કાજે આવિયા ચાલી, નટવર સુંદર નાવ. સપરમો.૩
તોરણ બાંધો ટોડલે રે, સુભગ સજો શણગાર;
બ્રહ્માનંદના નાથને જાયે, વારણે વારમવાર. સપરમો.૪

**૧૧૪૬** **પદ-૪/૩**

હુંતો હરખ ભરી મનમાંય, હરિને વધાવું રે;
સખી અહોનિશ બારે માસ, રહેજો આવું આવું રે. હરિને.૧
આગળ આવી ઉભલા રે, લટકાળો નંદલાલ;
કુંમકુંમ કેરો ચાંદલો કીધો, ભૂધરજીને ભાલ. હરિને.૨
પરવશ થઈ હુંતો પ્રેમમાં રે, હૈડે તે હરખ ન માય;
પૂર્વ જન્મના પુણ્યથી મને, મળ્યા તે મોહનરાય. હરિને.૩
ધન્ય ધન્ય દહાડો આજનો રે, ધન્ય મુહૂર્ત ધન્ય વાર;
બ્રહ્માનંદને વાલમે મારો, સફળ કર્યો અવતાર. હરિને.૪

**૧૧૪૭** **પદ-૪/૪**

રૂડો દિવાળીનો દિવસ કે, મંગળ ગાયે રે;
ચાલો નંદજીને દરબાર, સૌ મળી જાયે રે. મંગળ.૧
કુંવર રંગીલો કાનજી રે, વાગે છે સુંદર વેણ;
નિરખિ નટવર નાથને, આજ પાવન કરશું નેણ. મંગળ.૨
સૌ મળી કહેશું સુંદરી રે, ભેટ્યાનો છે ભાવ;
માત જશોદા પાસળે, બેહેની માગી લેશું માવ. મંગળ.૩
લઈ મેરાઈયાં લાલજી રે, આવશે આપણે ઘેર;

બ્રહ્માનંદ કહે ઘી ઘણું માંહી, પૂરશું સારી પેર. મંગળ.૪

૧૧૪૮ દીઠે દિવાલી રે પદ=૪ **રાગ:ગરબી** પદ-૪/૨

દિવાળી આવી રે, આજ મારે દિવાળી આવી...આજ. ટેક૦.
પૂજીએ કૃષ્ણ કમળમુખ સજની, પ્રીતે પધરાવી રે...આજ મારે.૧
મંદિરિયામાં ચોક પૂરાવો,મોતીડાં મગાવી રે...આજ મારે.૨
કેશર ચંદન ચરચીને,લીજે વારણાં વધાવી રે... આજ મારે.૩
પ્રેમાનંદના નાથની મૂર્તિ, અંતરમાં ભાવી રે...આજ મારે.૪

## લક્ષ્મી જન્મોત્સવના પદો (આસો વદી અમાવાસ્યા)

### દોહા

એક સમય દિતિ અદિતિ સુત, અમૃતહિત કરી યત્ન;
ક્ષીરસિંધુ મંથન કિયો, નિકસે ચતુર્દશ રત્ન. ૧
વિષ શશિ સુરભિ અશ્વ ગજ, તરૂ કોસ્તુભ સુરવામ;
સુરા ધનુષ દર ભિષજ સુધા, શ્રી એ ચતુર્દશ નામ. ૨
પ્રગટી પદ્મા હરિપ્રિયા, આસો દિન અવિનાશ;
અમાવાસ્યા દીપોત્સવી, રજની મુખ સુખવાસ. ૩

**૧૧૪૯ રાગ : માલિગાડો પદ=૪ પદ-૪/૧**

હો આજ મહોત્સવ ભયો અવની પર, ગાવત મંગળ ચાર હો;

પ્રગટ ભઈ રમા રસકી રાશી, ત્રિભુવન ભયો જયકાર હો..આજ૦૧
હો કરત કુસુમવૃષ્ટિ નિર્જર મિલિ, નાચત નભ સુરનારી હો;
ભૂસુર કરત વેદધ્વનિ સુંદર, ઉમંગ્યો આનંદ ભારી હો..આજ૦૨
હો તિંહપુર ગાવત મંગળ વધાઈ, કરત ગુનિ ગુન ગાન હો;
વાજત દેવ દુંદુભિ પ્રમુદિત ગગન સઘન વિમાન હો..આજ૦૩
હો અભિનવો આનંદ છાયો ત્રિભુવન, મુદિત દેવ દ્વિજ ભૂપા હો;
પ્રેમાનંદ કહે સિંધુસુતા સતી, પ્રગટી પરમ સુખરૂપા હો..આજ૦૪

**૧૧૫૦** **પદ-૪/૨**

હાંરે હો કરત રમાપૂજન સર નર મુનિ, હરિસહિત હરખાઈ હો;
ધૂપ દીપ સૂક્ષ્મ પટ ભૂષણ,પુષ્પ સુગંધિ લાઈ હો..કરત૦૧
હાંરે હો લક્ષ્મી ચતુર્ભુજ રૂપ સુંદરી,પદ્માસને પધરાઈ હો;
રમારૂપ રૂકિમણી કરી સ્થાપન,પૂજીએ પ્રીત ઉપજાઈ હો..કરત૦ ૨
હો દક્ષિણ ઊર્ધ્વ કરે પંકજ શુભ,વામે અમૃત ઘટ ધારી હો;
અન્ય જુગલ કરમે દર બિલ્વ,જુગલ પૃષ્ઠે ગજ ભારી હો..કરત૦૩
હો શિરસિ પદ્મ કરી સુમનોહર,રત્નમંડપ રચિ નિકો હો;
પ્રેમાનંદકે પધરાવી પૂજીએ,કરી મૃગમદકો ટિકો હો..કરત૦૪

**૧૧૫૧** **આરતી**

આરતી કીજે શ્રી સિંધુસુતાકી, પુરૂષોત્તમ પરબ્રહ્મ પ્રિયાકી;
રસિકની રમા જાનત રસરીતિ, વાસ કિયો હરિ ઉર કરી પ્રીતિ. આરતી. ૧
અખિલેશ્વરી અખિલ જગકારની, ઉત્પત્તિ કરી સકળ સંહારની. આરતી. ૨
દેવદનુજ મુનિ માનવી માગે, તવ પ્રસાદ વર અતિ અનુરાગે. આરતી. ૩

ભવ બ્રહ્મા કવિ શેષ આરાધે, તવ પદરજ પ્રીતિ અતિવાધે. આરતી. ૪
પ્રેમાનંદકે માતા શ્રી કમળા, તવ પતિચરન દેહિ રતિ વિમળા. આરતી. ૫

## ગોવર્ધનપૂજાના પદો (કારતક સુદ પડવો)

**૧૧૫૨ રાગ : સારંગ પદ=૪ પદ-૪/૧**

માનભંગ મુરઝાંનો, યું સુરપતિ માનભંગ મુરઝાનો;
વ્રજવાસી મમ પૂજા મેટી, યું લખી અધિક રિસાંનો. યું. ૧
શ્રીમદઅંધ ભયે વ્રજવાસી, મોકું ગિનત ન લેશ;
અબ ઈનકી જડમૂળ ઉખારૂં, તબહિ લગત ઉપદેશ. યું. ૨
મનુષ્ય કૃષ્ણકે વચન માનિકે, મોસંગ કિનો વેર;
જ્યું કોઉ કુમતિ સુધારસ તજી કે, પ્રેમસેં ખાવત ઝેર. યું. ૩
યું કહિ પ્રલયકે મેઘ બોલાયે, વ્રજકું બોરન કાજ;
મુકતાનંદ કહે મર્મ ન જાનત, અંધ ભયો સુરરાજ. યું. ૪

**૧૧૫૩ પદ-૪/૨**

પ્રેરે મેઘ તતકાલ, ઈન્દ્ર તબ પ્રેરે મેઘ તત્કાળ;
વ્રજવાસી કોઈ વચન ન પાવે, ગોધનજુત ગોપાળ. ઈન્દ્ર. ૧
નંદકે વ્રજકું જરસેં ઉખારિકેં, સિંધુમેં ડારોં જાય;
મેં ઐરાવત ગજપર ચઢિકેં, કરિ હું અધિક સહાય. ઈન્દ્ર. ૨
પ્રલયકે વાત વૃષા તિન વ્રજપર કિનો અતિશે જોર;
હસ્તિ સુંઢ સમ ધારા બરષત, કરત શબ્દ અતિ ઘોર. ઈન્દ્ર. ૩
પ્રલયકે વાત વૃષા વિજુરી લખી, વ્રજજન કરત વિચાર;

મુકતાનંદકે નાથ વિના અબ, ઓર તો નાહિ આધાર. ઈન્દ્ર. ૪

**૧૧૫૪** **પદ-૪/૩**

આયે સબહિ નરનારી, કૃષ્ણ ઢિગ આયે સબહિ નરનારી;
ઉર ધરી બાળ ગોપીજન કંપત, હોત કોલાહલ ભારી. કૃષ્ણ. ૧
અતિસેં કષ્ટ જાની વ્રજજનકું, બોલેઉ કુંજવિહારી;
જીન ડરપે મેંહિ વ્રજકો પતિ,રક્ષા કરિ હું તમારી. કૃષ્ણ. ૨
યું કહિ એકહિ હાથ ઉઠાયો, ગોવર્ધન સુખકારી;
આઓ નિઃશંક હોય ગિરિવર તર, મઘવા રહે ઝખમારી. કૃષ્ણ. ૩
વ્રજવાસિનકુ નિકટ બોલાયે, લાલ ગોવર્ધન ધારી;
મુકતાનંદ ભકતવત્સલ પર, વારવાર બલિહારી. કૃષ્ણ. ૪

**૧૧૫૫** **પદ-૪/૪**

માનભંગ ભયો ભારી, ઈશકો માનભંગ ભયો ભારી;
સાત દિવસ કરપર ગિરિ ધાર્યો, વ્રજપતિ નવલ વિહારી. ઈશકો. ૧
સાત વર્ષકે કુંવર કનૈયા, સુરપતિકો મદ ટાર્યો;
વાત વૃષા જબ શાંત ભયે તબ, કરસેં શૈલ ઉતાર્યો. ઈશકો. ૨
દીન હોય મેઘવા સુરભિજુત, શ્યામસુંદર ઢિગ આયો;
પ્રેમસહિત પ્રભુ પૂજન કિયો, ચરનમેં શિશ નમાયો. ઈશકો. ૩
ગોવિંદ નામ ધર્યો ગિરધરકો, સ્તવન કિયો અતિભારી;
મુકતાનંદ પ્રભુ મદગંજન, અકળ ઈશ અવતારી. ઈશકો. ૪

**૧૧૫૬** **રાગ : બિલાવલ પદ=૪** **પદ-૪/૧**

અન્નકૂટકો આયો ઉત્સવ, અન્નકૂટકો આયો;

પ્રેમ પુલકી પુત્ર વ્રજવાસી, ઘરઘર આનંદ છાયો. ઉત્સવ. ૧
વ્રજપતિ આંન ફિરોઈ વ્રજમેં, સબકું બચન સુંનાયો;
સંચો સબ નવનીત દૂધ દહિં, કરો ભોજન મન ભાયો. ઉત્સવ. ૨
પૂંજીયે વિપ્ર ગાઈ ગુરૂ સજ્જન, ઈન્દ્ર ઉત્સવ ઠહરાયો;
નંદ સમીપ આયે મનમોહન, મધુર મધુર મુસકાયો. ઉત્સવ. ૩
નંદ ઉઠાય ગોદમેં લીને, ચુંબીકે કંઠ લગાયો;
પ્રેમાનંદકો નાથ પુછત હસી કોંનકો જજ્ઞ રચાયો. ઉત્સવ. ૪

**૧૧૫૭** **પદ-૪/૨**

સત્ય કહો મોહે બાત બાબા, તુમ સત્ય કહો મોહે બાત;
કોન દેવકો જજ્ઞ હે હો, નામ કહો મોહે તાત. બાબા. ૧
કહા કરેગો કામ આપનો, જો ઈતની બલિ ખાત;
પુછત કમળનયન વ્રજપતિસું, મંદમંદ મુસકાત. બાબા. ૨
કહત નંદ સુનીયે મનમોહન, સ્વર્ગપતિ સાક્ષાત;
જાકે દૂત બરખિ જળ પોખે, તબ વ્રજમેં કુશલાત. બાબા. ૩
હોત પુત્ર આનંદ ગાયનકું, તૃણ જળ ખાઈ અઘાત;
પ્રેમાનંદકો નાથ ઈન્દ્રકો, ઉત્સવ મેટન ચહાત. બાબા ૪

**૧૧૫૮** **પદ-૪/૩**

સુંનો બાત એક મેરી તાત, તુંમ સુનો બાત એક મોરી;
ગિરિ ગોવર્ધન નાથ યા વ્રજકો, યાસમ ઓર નહેરી. તાત. ૧
એક આશરો હે ગિરિવરકો, જાકે વાસ વસેંરી;
ગાઈનકું તૃણ જળ ગિરિ પોંખે, સબ વ્રજકું સુખ દેરી. તાત. ૨
અનેક ભાંતિકે વિઘન મિટાયે, ગિરિવરને વ્રજકેરી;
પૂતના આદિક ઘોર વિઘનસું, ગિરિ પ્રતાપ બચેરી. તાત. ૩

ગોવિંદ કરી બાત ગોપનસું, સબકે મનમેં ઠેરી;
પ્રેમાનંદકે નાથ મેટી ઈન્દ્રમખ, ગિરિવરકી આન ફેરી. તાત. ૪

**૧૧૫૯** **પદ-૪/૪**

પૂજીએ ગિરિવર રાઈ, ચલો સબ પૂજીએ ગિરિવર રાઈ;
કહા કરેગો સુરપતિ અપનો, ગોવર્ધન હે સહાઈ. ચલો. ૧
ચલો તાત મેં પરચો બતાવું, તુંમ દેખો અતિ હરખાઈ;
સબ દેખત બલી ખાયગો હો, માગી માગી મુસકાઈ. ચલો. ૨
ચલે ગોપ ગોપી ગિરિપૂજન, સિંગારી સબ ગાઈ;
નિકસે આગે ગ્વાલ ગાઈ લીયે, બાંસુરી શિંગ બજાઈ. ચલો. ૩
ભરે શકટ સામગ્રી ચલે નંદ, સંગ લિયે દોઉ ભાઈ;
પ્રેમાનંદ કહે ચલે ગોપી જૂથ, બિચ જશોદા માઈ. ચલો. ૪

**૧૧૬૦** **રાગ : આશાવરી પદ=૪** **પદ-૪/૧**

મઘવાકો માન ગાર્યો ગિરિધર, મઘવા કો માન ગાર્યો;
સાત દિવસ લોં એક અંગુરિ પર, ગિરિ ગોવર્ધન ધાર્યો. ગિરિ. ૧
પ્રલયકાળકે મેઘ પુરંદર, બરખિ બરખિકે હાર્યો;
સુરપતિ આય દેખિ પછતાયો, ત્રાહિ ત્રાહિ પુકાર્યો. ગિરિ. ૨
કિયો બડો અપરાધ હરિકો, એસેં મનમેં બિચાર્યો;
પ્રેમાનંદ ઘનશ્યામ ચરનમેં, મુખ તૃણ લે શિશ ડાર્યો. ગિરિ. ૩

**૧૧૬૧** **પદ-૪/૪**

વ્રજવાસી મદમાતે ફિરત, સબ વ્રજવાસી મદમાતે;
સુર નર ઈશકું તૃણ સમ લેખત, ગોવિંદકે રંગ રાતે. ફિરત. ૧

વ્રજકી રજકું શિશ ચઢાવત, સુર નર મુનિ હરખાતે;
અખિલ ભુવનપતિ નંદકુંવર, આપ બિરાજે જાતેં. ફિરત. ૨
અષ્ટ સિદ્ધિ નવ વિધિ વ્રજકી, ડગર બુહારત હાતે;
પ્રેમાનંદ કહે તજી ચપળતા, રહતી રમા દિન રાતે. ફિરત. ૩

## ભાઇબીજના પદો(કાર્તિક સુદ બીજ)

**૧૧૬૨ રાગ : બિલાવલ પદ=૨ પદ-૨/૧**

આજ બીજ બલદાઉકી સબકે મન ભાઈ;
વ્રજવાસી આનંદમેં ફુલે અંગ ન માઈ. આજ. ૧
બહિની સુભદ્રા બિર દોઉ બોલાવન આઈ;
જીવન કાજ સુધારિયે મોરે બિર કનાઈ. આજ. ૨
નોતી જીવાવત બિર દોઉ બહુભાતિ મીઠાઈ;
શ્યામ રામ નિજ બહિન ગૃહે જીવંત હરખાઈ. આજ. ૩
અચમન કરાય બિરદિયો સુભદ્રા બાઈ;
પ્રેમાનંદકે નાથકી હસિ લેત બળાઈ. આજ. ૪

**૧૧૬૩ પદ-૨/૨**

કાર્તિક સુદી દિન બીજકો, અતિ મંગળકારી;
આયે સુભદ્રાકે ઘર બલભદ્ર મુરારી. કાર્તિક. ૧
નોતી જીવાવત બિરદોઉ હલધર કંસારી;
બહુવિધ ભોગ આગે ધરે ભરી કંચન થારી. કાર્તિક. ૨
જીવત હસિ હસિ દોઉ મોદસું હળદર ગિરિધારી;

નિરખિ સુભદ્રા પ્રેમસું ભયો આનંદ ભારી. કાર્તિક. ૩
જળ અચવાયે બિરદિયો લે આરતી વારી;
પ્રેમાનંદ ઘનશ્યામકી છબી પર બલિહારી. કાર્તિક. ૪

## ગોપાષ્ટમીના પદો (કાર્તિક સુદિ ૮)

**૧૧૭૪ રાગ : સારંગ પદ-૪ પદ-૪/૧**

આજ મન મુદિત જશોદા રાની, આજ.
કર જોરી પૂછત વ્રજપતિશું, બોલી મધુર બાની. આજ. ૧
વિપ્ર બોલાય પૂછીએ મુહુરત, શુભ ઘરિ કાલહિ જાની;
પ્રથમ ચરાવન જાત ગાઈ, આજ મોહન રૂપનિધાની. આજ. ૨
તબ નંદરાય વિપ્ર બોલાયે ગનિક પ્રવીન પહચાની;
શુભ ઘરિ કાળ પૂછી દ્વિજવરકું, દિયો દાન બડદાની. આજ. ૩
કરી મંજન સિંગાર સજી અંગ, નંદરાની હરખાની;
પ્રેમાનંદ પ્રભુ ભોજન કર ચલે, ગાઈન સંગ મુદ આની. આજ. ૪

**૧૧૭૫ પદ-૪/૨**

આજ ગાઈ પ્રથમ ચરાવન જાત; આજ;
ગોપાષ્ટમી શુભ દિન જાની, મુદિત જશોદા માત. આજ. ૧
પ્રફુલ્લિત ભયે ગોપ ગોપી સબ, અતિ આનંદ હરખાત;
ગોપકુમાર લે મોરલી લકુટિ કર, નંદકુંવરકું બોલાત. આજ. ૨
ચલિએ મનમોહન બલદાઉ, જલદિ હો ગયો પ્રાત;
સુંદર શ્યામ ઉઠે હસિ માગત, લાઓ મેરી મોરલી તાત. આજ. ૩

નંદરાની ઉવટિ નવાયે, જીવાયે દધિ મિસરી ભાત;
પ્રેમાનંદ પ્રભુ ચલે ગાઈ સંગ, મોરલિકી ટેર સુનાત. આજ. ૪

## પ્રબોધની એકાદશીના પદો (કાર્તિક સુદ અગીયારશ)

**૧૧૬૬ રાગ : સારંગ પદ-૪ પદ-૪/૧**

આજ પ્રબોધની આઈ, અનુપમ આજ પ્રબોધની આઈ;
સુંદર શ્યામ જગદ્‌ગુરુ જાગે, શ્રીપતિ અતિ સુખદાઈ. અનુપમ. ૧
ધુપ દીપ મંગળ દ્રવ્ય સબહિ, ધરેહેં બોત વિધિ લાઈ;
વૈષ્ણવ વૃંદ કરત હરિકીર્તન, નૌતમ બજત બધાઈ. અનુપમ. ૨
ઈક્ષુકુંજ મનોહર કિની, અતિ લગત સુહાઈ;
કદલીસ્તંભ રંગેહે કુંકુમ, છબી બરની નહિ જાઈ. અનુપમ. ૩
મંડપ મધ્ય વિરાજત મોહન, તાતેં અધિક છબી છાઈ;
મુકતાનંદ કે પ્રભુનકી દિનહિ દિન, બઢત હે જશ પ્રભુતાઈ. અનુપમ. ૪

**૧૧૬૭ પદ-૪/૨**

આયેહેં વૈષ્ણવવૃંદ, કૃષ્ણ ઢિગ આયેહેં વૈષ્ણવવૃંદ;
જાણી પ્રબોધની પ્રભુ પૂજન હિત, ઉર ન સમાત આનંદ. કૃષ્ણ. ૧
રાધા સહિત દામોદર પૂજે, કુંભીકે પુષ્પ ચડાય;
કમળકે ફળકો અર્ધ્ય સમર્પત, વેદકે મંત્ર સુનાય. કૃષ્ણ. ૨
મુંગકે મોદક ધૃત મિસરી જુત, ભોગ ધરતહેં આની;
લાલ લાડલી જીમત પ્રેમજુત, છબી નહિ જાત વખાની. કૃષ્ણ. ૩
પ્રભુ પૂજન કરી વિમળ વિપ્રકું, દીનો સજ્યા દાન;

મુકતાનંદકો નાથ રિઝાવન, હરિગુન ગાત સુજાન. કૃષ્ણ. ૪

## ધર્મદેવ જન્મોત્સવ પદો(કાર્તિક શુકલ એકાદશી)

**૧૧૬૮ રાગ : સારંગ પદ=૪ પદ-૪/૧**

પ્રગટે ધર્મ સુખકંદ, જેહિ વિધિ પ્રગટે ધર્મ સુખકંદ;
બરનું તેહિ પ્રસંગ મુદિત મન, સુનત હોત આનંદ. જેહિ. ૧
પૂરવ દેશમેં વિપ્ર સરવરિયા, અજઅંશ શુભ ગુણધામ;
સ્વધર્મનિષ્ઠ સદા સુવિચારી, બાળકરામ હે નામ. જેહિ. ૨
ગોત્ર સાવરની શાખા કૌથુમી, સામ વેદ સુખકારી;
ભાર્ગવ વૈતહવ્ય સાવેતસ, પ્રવર તીન અઘહારી. જેહિ. ૩
રૈકહટ પુરમેં રહે નિરંતર, બાલકરામ ઉદાર;
શ્રીપુરુષોત્તમ કૃષ્ણચંદ્રકી, ભકિત કરે એકતાર. જેહિ. ૪
ભાગ્યવતી તેહિ વિપ્રકી નારી, પરમ સતી સુખરૂપ;
ધર્મદેવ તાકે ગૃહ પ્રગટે, મુકતાનંદ અનુપ. જેહિ. ૫

**૧૧૬૯ પદ-૪/૨**

દ્વિજપુર જયજયકાર, છાય રહ્યો દ્વિજપુર જયજયકાર;
ઘરઘર બાજત આનદ વધાઈ, ગાવત મંગળ ચાર. છાય. ૧
પ્રગટે ધર્મ ધરાપર સમરથ, જગદીશ્વર અવિનાશ;
બાલકરામ વિપ્રસુત સુંદર, બને હરન ભવત્રાસ. છાય. ૨
સંવત સત્તર છન્નુકે વરષે, પ્રમોદ સંવત્સર નામ;
જન્મ ભયો મધ્યાહ્નસોં ઉત્તર, શરદ ઋતુ સુખધામ. છાય. ૩

કાર્તિક માસ ભાનુ દક્ષિણાયન, કુંભ લગ્ન બુધવાર;
શુકલહે પક્ષ એકાદશીકો દિન, નક્ષત્ર ઉત્તરા સાર. છાય. ૪
બજત દુંદુભિ મુદિત ગગનમેં, નાચત નભ સુરનારી;
વરષત સુમન ઝરિ પુલકિત, મુકતાનંદ બલિહારી. છાય. ૫

## ૧૧૭૦ આરતી રાગ : સારંગ

ધર્મદેવકી કીજે આરતી, શ્રી ધર્મદેવકી કીજે;
વદનકમળ નિરખિ અતિ સુંદર, લાવ અલૌકિક લીજે. આરતી. ૧
જાકો દરશ પરશ અતિ દુર્લભ, સુર નર મનિકું ન હોઈ;
હરિ ઈચ્છા કરી દ્વિજગૃહ પ્રગટે, જગસુખકારી સોઈ. આરતી. ૨
બ્રહ્માદિક ઈન્દ્રાદિક જાકું, ધારત નિજ સુખકાજા;
સબ મુનિવર નૃપવર જનસબ, જેહિધારી બહત સુખસાજા. આરતી. ૩
જેહિ આશ્રિત સબહિ નરનારી, મનવાંછિત ફળ પાવે;
જાકો ત્યાગ કરત મનવશ તેહિ, તુરત મહા દુઃખ આવે. આરતી. ૪
એસે ધર્મદેવ મહાસમરથ, પ્રગટે મહાસુખકારી;
જયજયકાર ભયો ત્રિભુવનમે, મુકતાનંદ બલિહારી. આરતી. ૫

## તુલસી વિવાહ ઉત્સવ

## દેવદિવાળી (કાર્તિક સુદ પૂનમ)

**૧૧૭૧ રાગ : ઈમન કલ્યાણ પદ=૪ પદ-૪/૧**

આજ હે દેવદિવારી, અનુપમ આજ હે દેવદિવારી;
મનમોહન મેરે મહેલ પધારે, રસિકરાય સુખકારી. અનુ. ૧
દીપકકે તરૂ તોરન કિને, ભઈ શોભા અતિભારી;
દીપમાળ મધ્ય ચતુર શ્યામરો, સોહત નવલ વિહારી. અનુ. ૨
ધૂપ દીપ નૈવેદ્ય ધરે બહુ, ભરભર કંચન થારી;
વ્રજવનિતા અતિ પ્રેમ મગન હોય, પૂજે લાલ ગિરિધારી. અનુ. ૩
મંદિરમહિ પધરાયે શ્યામરો, કુસુમની સેજ સમારી;
મુકતાનંદકે શ્યામસોં રસબસ, હોરહી જગસેં ન્યારી. અનુ. ૪

**૧૧૭૨ પદ-૪/૨**

દેવદિવારી ભઈ હે, આજ મેરે દેવદિવારી ભઈ હે;
શ્યામસુંદર સંગ પ્રીત અલૌકિક, ઉરમેં છાઈ રઈ હે. આજ. ૧
રસિકરાય વ્રજરાજ, લાડિલો કંઠમેં બાંહ દઈ હે;
મનમોહન સુખસિંધુ પિયાસંગ, દિન દિન પ્રીત નઈ હે. આજ. ૨
શિવ વિરંચિ સેવત પદ જાકે, શ્રી પળ રહત ન ન્યારી;
સો ઘનશ્યામ સદા મમ મંદિર, વાસ કિયો ગિરિધારી. આજ. ૩
કોટિ જનમકી કસર મિટિ સબ, ઉર ધરી છેલ ગુમાની;
મુકતાનંદકે શ્યામ રસિક સંગ, જોરી ભઈ મનમાની. આજ. ૪

**૧૧૭૩** **પદ-૪/૩**

નૌતમ આજ દિવારી, શ્યામ સંગ નૌતમ આજ દિવારી;
રસિક છેલ વ્રજરાજ લાડિલો, મંદિર આયે મુરારી. શ્યામ. ૧
તન મન ધન દિનો નટવરકું, લોકલાજ સબ ટારી;
શ્યામસુંદર મોંય અંકભર ભેટે, કર ડારી મતવારી. શ્યામ. ૨
હાસવિનોદ હર્યો મન મેરો, રસિકરાય સુખકારી;
અબ મેરે ઉરમેં નટવરકી, ચડ ગઈ અટલ ખુમારી. શ્યામ. ૩
હિયકો હાર કરી રાખુંગિ ઉરપર, ગુણસાગર ગિરિધારી;
મુકતાનંદકે નાથસોં મેરે, ભઈ હે પ્રીત અતિભારી. શ્યામ. ૪

**૧૧૭૪** **પદ-૪/૪**

દેવદિવારી સોઈ, કૃષ્ણ મિલે દેવદિવારી સોઈ;
અતિશે કૃપા કિનિહે કેશવ, ઓર ન કારન કોઈ. કૃષ્ણ. ૧
સબ સાધનકો ફળ હરિદરશન, શ્રુતિ પુરાન સબ ગાવે;
જાકું પ્રગટ મિલે મનમોહન, સોઈ બડભાગી કહાવે. કૃષ્ણ. ૨
પ્રભુકો દરશ ભયો સોઈ પરમપદ, જાનત મુનિ વિજ્ઞાની;
ઈનસેં ઓર પરમપદ માનત, એહિ મૂરખ અજ્ઞાની. કૃષ્ણ. ૩
અવતારી શ્રીકૃષ્ણ કૃપાનિધિ, ધર્મતનય બહુનામી;
નિજજનહિત વિચરત ભૂમિપર, મુકતાનંદકે સ્વામી. કૃષ્ણ. ૪

**૧૧૭૫** **રાગ : કાનરો પદ=૨** **પદ-૨/૧**

આજ મહોત્સવ હે અતિભારી, આજ.
કાર્તિક માસ પુનો પરિપૂરન, આઈ અનુપમ દેવદિવારી. આજ. ૧

શોભાસરસબનિહેદીપનકી,ઝગમગહોરહીભવનઅટારી;
માનુ ગગન બિચ અમલ ઉડુગણ, તિમિરનિવારી સોહત છબી ન્યારી. આજ. ૨
દીપમાળ દીપત અતિ સુંદર, ધૃત બાતિ પૂરન મહતારી;
ગોપસખા બિચ બેઠે મોહન, દીપમાળ દેખત ગિરિધારી. આજ. ૩
બાજત બાજા વિવિધ ભાતકે, ગાવતી પ્રેમભરી વ્રજનારી;
પ્રેમાનંદ ઘનશ્યામ વદનપર, તનમન પ્રાણ જાત બલિહારી. આજ. ૪

**૧૧૭૬** **પદ-૨/૨**

દીપદાન દે હટરી બનાઈ, દીપદાન.
કદલી ફળ નારંગી મેવા, વિવિધ ભાતિ પકવાન મીઠાઈ. દીપ. ૧
તજ એલા જાવંત્રિ જાયફળ, લોંગ સોપારી સરસ મનભાઈ;
કાથો ચૂનો પાનકે બીરા, વ્રજવનિતા લેને સબ આઈ. દીપ. ૨
ભાજી પુરઈ બથુવા મેથી મિરચા, સુવા સરસ ચોરાઈ;
દેહો પસારી કહત વ્રજનારી, ચંચળ ચિતવતી ચિત્ત લલચાઈ. દીપ. ૩
પુરો તોલ તોલતે હો નાંહિ, મૃગનયની બોલતી મુસકાઈ;
રાખો ચંચળ ચિત્ત ઠેકાંને, પ્રેમાનંદ નિરખિ બલજાઈ. દીપ. ૪

## ભક્તિદેવી જન્મોત્સવ (કાર્તિક પૂર્ણિમા)

**૧૧૭૭** **રાગ : પૂરવ પદ=૪** **પદ-૪/૧**

પ્રેમવતી જેહિ ભાતિ, પ્રગટ ભઈ પ્રેમવતી જેહિ ભાતિ;
બરનુ જન્મ કર્મ ગુન તાકે, સુંનો સજ્જન એકાંતિ. પ્રગટે. ૧
કોસલ દેશ અયોધ્યા નગરી, તેહિ ઉત્તર એક ગામ;

છપૈયા નામ તહાં વસે એક દ્વિજ, કાલુ તિવારી નામ. પ્રગટે. ૨
તા દ્વિજવરકી નારી ભવાની, દંપતી દોઉ હરિદાસ;
તાકી સુતા ભઈ ગુનરાશી, મૂર્તિ રૂપનિવાસ. પ્રગટે. ૩
સંવત સત્તર અઠાણું વરષે, કાર્તિક માસ અનુપ;
લગ્ન કરણ શુભ નક્ષત્ર કૃતિકા, મુકતાનંદ સુખરૂપ. પ્રગટે. ૪

**૧૧૭૮** **પદ-૪/૨**

ભકિત ભવભયહારી, ઉદે ભઈ ભકિત ભવભયહારી;
સાયંકાળ સમે ભઈ પ્રગટ, તિથિ પુનમ બુધવારી. ઉદે. ૧
દુંદુભિ દેવ બજાવે ગગનમેં, વરષે કુસુમ એકધાર;
ગાવત સિદ્ધ ચારન ગાંધર્વ ગુની, નાચત નભ સુરદાર. ઉદે. ૨
સ્વર્ગ મૃત્યુ પાતાળ દશો દિશિ, હો રહ્યો જયજયકાર;
નવધા ભકિત કરત નરનારી, પ્રભુપદ પ્રેમ અપાર. ઉદે. ૩
છપૈયા છળ્યો પ્રેમ ભરપૂરન, ઉપમા કઈહ ન જાય;
પૂરન ઈન્દુ મિલન મુકતાનંદ, સિંધુ બઢયો પુલકાય. ઉદે. ૪

**૧૧૭૯** **રાગ : ગોરી પદ=૪** **પદ-૪/૧**

પ્રભુપદ પ્રેમ અપાર, બાલાકો પ્રભુપદ પ્રેમ અપાર;
બાલાપનસોં કરી હરિસેવન, ભજત આનંદકુમાર. બાલા. ૧
તાતેં ધર્યો સબહિ મિલ સુંદર, ભકિત નામ કરી પ્યાર;
ભકિત ભકિત કહી સબહિ બોલાવત, નરત્રિય સકળ સંસાર. બાલા. ૨
શિશુચરિત્ર કરી મોહિલિયે સબ, માત તાત પરિવાર;
બાંલચંદ્રસમ બઢત પ્રતિદિન, કોઉ ન કરન નિરધાર. બાલા. ૩

રૂપકી રાશી શીલ ગુણસાગર, સકળ ત્રિયા શિરદાર;
કપિલમાતસોં અધિક પ્રતાપી, મુકતાનંદ બલિહાર. બાલા. ૪

## ૧૧૮૦ આરતી

આરતી ભકિત માતકી કીજે, કર જોરી વંદન કરી લીજે; આરતી.
જયાકો મહિમા શુક મુનિ ગાયો, સનકાદિક નારદ ઉર છાયો. આરતી. ૧
ધર્મ વૈરાગ્ય જ્ઞાનાદિક જેહિ, સબકો મહાફળ ભકિતહે તેહિ. આરતી. ૨
સાધન વ્રત દાનાદિ જોઈ, ઈનકો ફળ ભકિતસેં હોઈ; આરતી. ૩
પુરૂષોત્તમ નારાયણ સ્વામી, ભકિતસેં રિઝત પ્રભુ બહુનામી. આરતી. ૪
એસેં પ્રતાપી ભકિતમાતા, પ્રગટે દ્વિજગૃહ જનસુખ દાતા. આરતી. ૫
જયજયકાર કરત નરનારી, મુકતાનંદ ભયો સુખ ભારી. આરતી. ૬

## મકરસંક્રાંતિ (પોષ માસ)

## ૧૧૮૧ રાગ : બિલાવલ પદ=૨ પદ-૨/૧

તિલસંક્રાંતિ આઈ અનુપમ, તિલસંક્રાંતિ આઈ;
કરી સ્નાન પહેરી પટ ભૂષન, ધર્મકુંવર સુખદાઈ. અનુપમ. ૧
જાની સુભગ મકરસંક્રાંતિ, વિપ્રન સભા બોલાઈ;
દેત દાન મનિ કંચન ભૂષન, અન્ન અંબર હરખાઈ. અનુપમ. ૨
ખંડ જુકત સુંદર તિલ મોદક, નિજ કર લિયે કનાઈ;
બાઢત હરખિ વિપ્ર મુનિવરકું, આનંદ ઉર ન સમાઈ. અનુપમ. ૩

તિલકો ઢેર લૂંટાવત મોહન, તૃણ લે ચરાવત ગાઈ;
પ્રેમાનંદ ઘનશ્યામ નાથ પર, વારવાર બલ જાઈ. અનુપમ. ૪

**૧૧૮૨** **પદ-૨/૨**

મકરસંક્રાંતિ આજ સુભગ દિન, મકરસંક્રાંતિ આજ;
તિલકો દાન કરત સુંદરવર, શ્રી ઘનશ્યામ મહારાજ. સુભગ. ૧
પોષ માસ તિથિ સુભગ પ્રતિપદા, મકર રાશિ; સુખધામ;
ભયે ઉત્તરાયન ભાનુ જગદીશ્વર, અખિલલોક શિરતાજ. સુભગ. ૨
આજ તેં ભયે દિવાકર ઉત્તર, કરત લોક શુભકાજ;
આનંદ ભયે સુકૃતિજન સબહિ, સુર નર મુનિકો સમાજ. સુભગ. ૩
સાધુ વિપ્ર જીમાવત મોદક, શ્રીહરિ કૃપા જહાજ;
પ્રેમાનંદ ઘનશ્યામ દયાનિધિ, મહાપ્રભુ ગરીબ નિવાજ. સુભગ. ૪

## વસંતપંચમીના પદોનો (મહા સુદ પાચમ)

### દોહા

સબ ઋતુરાજત વસંત હે, મોર્યો શ્રીહરિ અંબ;
વિરહી કોકિલ સ્વર કરે, ફુલે સંત કદંબ. ૧
પુરૂષોત્તમ પ્રગટ જબે, તબ ઋતુરાજ વસંત;
જાય ચમેલી માલતી, કેસુ ફુલે સંત. ૨
શ્યામ સુંદરવર નિરખિકેં, કિયો કુમતિકો અંત;
પુરૂષોત્તમ પદરત ભયો, તા ઘર સદા વસંત. ૩
આજ પંચમી સુભગ દિન, આજ લગ્યો ઋતુરાજ;
મુકતાનંદકે નાથસોં, ખેલન સજો સમાજ. ૪

તબ ઋતુરાજ વસંત હે, જબ ભઈ હરિસોં ભેટ;
પ્રેમ મગન ગુન ગાઈએ, લોકલાજ સબ મેટ. ૫

**૧૧૮૩ રાગ : વસંત પદ=૪ પદ-૪/૧**

આજ અનુપમ દિવસ સખીરી, વસંતપંચમી આઈ;
પ્રેમમગન હોઈ પ્રભુસંગ ખેલે, બહુવિધ રંગ બનાઈ...આજ. ૧
ચુવા ચંદન અબીર અરગજા, કેસર ગાગર ઘોરી;
સબહિ સંગ લેહુ વ્રજવનિતા, ભર ગુલાલ કી ઝોરી...આજ. ૨
ભૂષન વસન સુરંગિ પહિરો, પ્રેમસેં લ્યો પિચકારી;
શ્વેત વસ્ત્ર સબ ધારી શ્યામરો, ખેલનકું ભયે ત્યારી...આજ. ૩
રસિકરાય સંગ ફાગ ખેલિકે, તન મન અર્પણ કીજે;
મુકતાનંદ કે નાથકું ઉર ધારી, જનમ સુફળ કરી લીજે...આજ. ૪

**૧૧૮૪ પદ-૪/૨**

વસંત વધાવન સબ વ્રજવનિતા, નંદપોર ચલો પ્યારી;
વેગસેં આઓ સબહિ વિધુવદની, નિરખન નવલ વિહારી. વસંત. ૧
કનક કુંભમહિં અંબમોર ધરી, કર લે કંચન થારી;
મંગળસાજ લેહુ સબ સજની, રીઝે શ્રીવનમારી. વસંત. ૨
કદલીસ્તંભ રંગેહેં કુંકુમ, ધ્વજ તોરન છબી ભારી;
સો મંડપ મધ્ય સંગ સખા લે, ખેલતહેં ગિરિધારી. વસંત. ૩
વસંત વધાયકે રસિકરાય સંગ, ખેલો સબ સકુમારી;
મુકતાનંદકે શ્યામસોં ખેલત, હોઈહેં જીત તુમારી. વસંત. ૪

**૧૧૮૫ રાગ : વસંત પદ=૪ પદ-૪/૧**

નવલ વસંત નવલ કલ્પતરૂ, ધર્મ ભુવન પ્રગટાયો,
નવલ પ્રેમ ભરી ભકિત માત નીત, નવલ પર વર પય પાયો..ન૦૧
નવલકંધ કર નવલ ડારી, શુભ નવલ પલવ કુસમાયો,
નવલ મધુપ મુનિ નવલ ગાન નીત નવલ છાંઈ કરી છાયો..ન૦૨
નવલ સમાજ નવલ રાજ રીતુ, નવલ ખેલ મન ભાયો,
નવલ રીત બહુ નવલ પ્રીત કરી, નવલ ચીત લલચાયો..ન૦૩
નવલ નેન મુખ નવલ દેન સુખ, નવલ કમલ દરસાયો,
નવલ ભકત ચંદન નવલ, દેવાનંદ નવલ છબી ઉર લાયો..ન૦૪

**૧૧૮૬ પદ-૪/૨**

વસંત અલૌકિક સંત અલૌકિક, કૃષ્ણ અલૌકિક આયે,
પ્રીત અલૌકિક રીત અલૌકિક, ગીત અલૌકિક ગાયે..વ૦૧
ભાવ અલૌકિક નાવ અલૌકિક, દાવ અલૌકિક હાયે,
ભુકિત અલૌકિક મુકિત અલૌકિક, જુકિત અલૌકિક રાયે..વ૦૨
રંગ અલૌકિક સંગ અલૌકિક, ઉમંગ અલૌકિક છાયે,
ધરની અલૌકિક કરની અલૌકિક, લરની અલૌકિક લાયે..વ૦૩
મલની અલૌકિક ચલની અલૌકિક, ભલની અલૌકિક ભાયે,
હસની અલૌકિક વસની અલૌકિક, દેવાનંદ સુખ પાયે..વ૦૪

## શિવરાત્રીના પદો (માઘ કૃષ્ણ ચતુર્દશી)

### દોહા

આજ મહોત્સવ શંભુકો, જન મન હર્ષ અપાર;
શૈલસુતાપતિ પૂજીએ, લે ષોડશ ઉપચાર. ૧
કૃષ્ણ ચતુર્દશી માઘકી, પરવનિ પરમ અનુપ;
ભૂતપતિકે મન વસી, શિવરાત્રિ સુખસાર. ૨
પ્રહર પ્રહર મિલી કિજીએ, પૂજન અતિ અભિરામ;
ઉત્સવ કીર્તન જાગરન, તિથિ મધ્ય ચહુ જામ. ૩

**૧૧૮૭ રાગ : માલિગડો પદ=૪ પદ-૪/૧**

હાંરે હો આજ મહોત્સવ, ત્રિભુવન માંહિ; હો રહી જયજયકાર હો.
ઉમાકાંત ગૌરીપતિ પૂજન, કરત સબહિ કરી પ્યારા હો. આજ. ૧
હાંરે હો કરત નિગમ ધૂની સુરપતિ ભૂસુર, મંત્ર ઉચ્ચે સ્વર ગાઈ હો;
લે ષોડશ ઉપચાર વિધિવત્, પૂજન ઘંટ બજાઈ હો. આજ. ૨
હાં રે હો કરી ઉપવાસ જાગરણ સબ તિથિ, કરત રટન શિવનામા હો;
પંચામૃત અભિષેક કરાવત, ધૂપ દીપ અભિરામા હો. આજ. ૩
હાંરે હો બિલિપત્ર અક્ષત શુભ દૂર્વા, અર્કપુષ્પ ધંતૂરા હો;
ભરી વર કુંભ કરત જળધારા, ઠાડે દેવ હજૂરા હો. આજ. ૪
હાંરે હો ધરી નૈવેદ્ય ખટ રસ ભોજન, કંદ મૂળ ફળ ફુલા હો;
પ્રેમાનંદ કહે કરી નીરાજન, પુષ્પાંજલિ સુખમૂળા હો. આજ. ૫

**૧૧૮૮** **પદ-૪/૨**

હાંરે હો શિવશિવ નામ રટત મંગળમય, કરત અમંગળ દૂરી હો;
સુર નર અસુર નાગ મુનિ દાનવ, કરત ભજન ભરપુરી હો. શિવ. ૧
હાંરે હો શિવકી દઈ સંપદા ભોગવત, સકળ લોકપતિ ભૂપા હો;
અવટરદાની ઔર નહિ શિવ વિન, ધનદ મિત્ર સુખરૂપા હો. શિવ. ૨
હાંરે હો દીનદયાળ દયાકે સાગર, કાશીપતિ ભગવાન હો;
દેખી જરત સુરાસુર માનવ, કિન ગરલ કર પાના હો. શિવ. ૩
હાંરે હો જાહિ કે માર સ્થાપ્યો જગમાંઈ, ત્રિભુવન પાર્યો સાંકો હો;
ત્રિહું પુરમેં નિજલિંગ પુજાવત, એસો અટંકો વાંકો હો. શિવ. ૪
હાંરે હો કલ્પાન્તે શૂલાગ્રહ પ્રૌવત, દિગ્ગજ અવનિ ધારી હો;
પ્રેમાનંદ કહે જારત છિનમેં, અખિલ લોક ત્રિપુરારી હો. શિવ. ૫

**૧૧૮૯** **પદ-૪/૩**

હાંરે હો જયજય શંકર રૂદ્ર મહાદેવ, મદનરિપુ અભિરામા હો;
ભાલ વિશાળમેં બાળશશિ છબી, કોટિક લાવણ્ય ધામા હો. જય. ૧
હાંરે હો કુંદ ઈંદુ કર્પુર વિગ્રહ રૂચિ, કોટિ રવિ તન લાજે હો;
ભસ્મ સર્વ અંગ, અર્ધાંગ શૈલસુતા, વ્યાલ વિભુષન રાજે હો. જય. ૨
હાંરે હો મૌલી સંકુળ જટા વિદ્યુતછબી, શ્રવણકુંડળ નીલકંઠા હો;
કરૂણાકંદ સચ્ચિદાનંદ, વંદે મોક્ષ પદ ઘંટા હો. જય. ૩
હાંરે હો શૂલ સાયક પિનાક અસિ કર, શત્રુમર્દન ભગવાના હો;
પ્રેમાનંદ કહે જ્ઞાનવિજ્ઞાનઘન, વ્યાઘ્રચર્મ પરિધાના હો. જય. ૪

**૧૧૯૦** **પદ-૪/૪**

હાંરે હો ગાઈએ ગિરિજારમન શ્રીશંકર, શંભુ કાશીનિવાસી હો;
નૃકપાલ ગલમાલ બિરાજે, કર ડમરૂ સુખરાશી હો. ગાઈ. ૧

હાંરે હો મહાકલ્પાંત બ્રહ્માંડમંડળ પર, દવન દાવાનળ ભારી હો;
બ્રહ્મા ઈંદ્ર રવિ ચંદ્ર વરુણ વસુ, અર્ચિતપદ ત્રિપુરારી હો. ગાઈ. ૨
હાંરે હો ધર્મ જ્ઞાન વૈરાગ્ય કૈવલ્યસુખ, દેત દયા દિલ આની હો;
દેતહેં દેવ દિયે બિનુ તાહે, વર પિનાક શરપાની હો. ગાઈ. ૩
હાંરે હો દાની કહું શંકરસેં નાહિં, જાચક સદા સોહાવે હો;
પ્રેમાનંદ કે અતિ દયાળ શિવ, નિશદિન દેવો હિમાવે હો. ગાઈ. ૪

**૧૧૯૧ રાગ : ગરબી પદ-૪ પદ-૪/૧**

સિદ્ધેશ્વર શ્યામ સુંદર શોભે રે, જોઈ ભકતતણાં મન લોભે રે. ટેક.
માથે મુકુટ જટા કેરો ભારી રે, તમે ગંગાને લઈ ધારી રે;
તેણે લાગો રૂડા ત્રિપુરારી રે, સિદ્ધે. ૧
કાજુ ચાંદલો ચંદ્ર કપાળે રે, ભાવે સહિત એને જે ભાળે રે;
તેનાં તુરત મહા દુઃખ ટાળે રે, સિદ્ધે. ૨
એને ભાંગ ધંતુરો તે ભાવે રે, નિત્ય મોટા મુનિવર ગાવે રે;
એના મહિમાનો પાર ન આવે રે, સિદ્ધે. ૩
છબી અજબ નવલ રંગી છાઈ રે, બ્રહ્માનંદ કહે સદા સુખદાયી રે;
નયણે કેફતણી કરડાઈ રે. સિદ્ધે. ૪

**૧૧૯૨ આરતી**

જય દેવ જય દેવ (૨) જય શંકર સ્વામી (૨)
કરત નીરાજન સુર મુનિ (૨) વૃષભેશ્વર ગામી. જય. ૧

ગૌરવરન ત્રિલોચન ચર્માંબર ધારી (૨) ગંગાધર ગૌરિવર (૨)
શંકર ત્રિપુરારી. જય. ૨
સર્વાંગે વર ભસ્મ રૂંડમાળ રાજે (૨) ઉરગ વિભૂષન ભૂષિત. (૨)
લલાટ શશિ ભ્રાજે. જય. ૩
ત્રિશૂળ ડમરૂ કર વામાંગે ગૌરી (૨) પ્રેમાનંદ કહે અવનિ (૨)
રહો અવિચળ જોરી. જય.

## ફુલડોલ અને હોળીના પદો(ફાગણ વદ એકમ)

**૧૧૯૩ રાગ : ફુલડોલ પદ=૪ પદ-૪/૧**

ફુલડોળે ફુલડોળે બેઠા છે નાથ ફુલડોળે, ઉડે રંગની છોળે; બેઠા.
ગોપીનાથ ગોકુળનો ઠાકોર, જોવા મળ્યું છે સહુ ટોળે. બેઠા.૧
અબીર ગુલાલ ઉડાવે ગોપી, મૃગમદ કેસર ઘોળે. બેઠા.૨
રંગની ધૂમ મચિ અતિ ભારી, દોડી પરસ્પર ટોળે. બેઠા.૩
પ્રેમાનંદના નાથને ગોપી, અત્તર ગુલાબી ચોળે. બેઠા.૪

**૧૧૯૪ પદ-૪/૩**

ડોળ જોવા ડોળ જોવા આવ્યા છે સહુ, સુંદર મુરતિમાં મન પ્રોવા, આવ્યા.
ફુલડોળમાં બહુ ફુલડાંની શોભા, દેખિ દેખિ દુઃખ ખોવા. આવ્યા. ૧
વિશ્વકર્માએ ડોળ રચ્યો રે વિચિત્ર, સુરનર મુનિ મન મોવા. આવ્યા. ૨
ઉડેરે અબિર ગુલાલ અરગજા, કેશર ચંદન ચોવા. આવ્યા. ૩
પ્રેમાનંદ ઘનશ્યામની રે શોભા, અંતરમાંઈ પરોવા. આવ્યા. ૪

૧૧૯૫ રાગ : કલ્યાણ હોરી પદ= ૪ પદ-૪/૧

પીચકારી મત ડારો કનૈયા, મેં તો દઉંગી ગારી;
ફેલ ચલે અપને ઘર મોહન, હમ હે પરાઈ નારી... ટેક૦
જો તુમ મોસેં બાત કરોગે, શ્યામ સુંદર સુખકારી;
લ્યુંગિ મેં ખેંચ પીતાબંર મોરલી, જાયગી લાજ તુમારી...પીચકારી-૧
જોબન જોર જાણી મનમોહન, આએ કુંજ બિહારી;
ગાઢે ભુજ ભીરી મુખ મીંડ્યો, રંગ રસબસ કરડારી...પીચકારી-૨
ગરવ ગુમાન છોડીકે ગોપી, બોલી વચન વિચારી;
મુકતાનંદકે નાથ રસીલે, તુમ જીતે મેં હારી...પીચકારી-૩

૧૧૯૬ રાગ : કાફી પદ = ૪ પદ-૪/૧

હોરી આઈ શ્યામ બિહારી રે; હોરી૦
શ્રીઘનશ્યામ કામ સબ પૂરણ, સુનીયે બિનતિ હમારી;
હમ તુમ સંગ પ્રભુ ખેલન ચાહે, હોત ઉમંગ ઉર ભારી;
કહત યું મુનિ બ્રહ્મચારી રે. હોરી-૧
એક ઓર તુમ પ્રભુ સખા સંગ લેઉ, એક ઓર વ્રતધારી;
જો હારે સો ફગુવા દેહેં, યેહિ પ્રતિજ્ઞા ધારી;
કિની અંગ્યા બનવારી રે. હોરી-૨
નૈષ્ટિક વરણી મહામુનિ આદિક, ત્યાગી દલ ભયો ત્યારી;
ઈત હરિકૃષ્ણ સખા સબ સજકે, આયે ઈશ અવતારી;

હાથ કંચન પિચકારી રે. હોરી-૩
રચ્યો હે અખાડો સારંગપુરમેં, લીલા અતિ સુખકારી;
પ્રેમાનંદ શ્રીધર્મકુંવર છબિ, જીયતેં પલ ન બિસારી;
લેત સુખ ગાઈ વિચારી રે. હોરી-૪

**૧૧૯૭** શ્રીઘનશ્યામસોપદ=૫ **રાગ : કાફી હોરી પદ-૫/૩**

લાડીલે લાલકી ધૂમ મચી રી, ધૂમ મચી રી આલી ધૂમ મચી રી. ટેક૦
ફેંટ પકર કર ફગવા લ્યુંગી, ના છોડું કઉં બાત સચી રી. લાડીલે૦ ૧
શ્યામા શ્યામ રંગમેં રસબસ, અકથ અલૌકિક ફાગ રચી રી. લાડીલે૦ ૨
નિરત્ય સુરત્ય પકરે પિયાકું, પ્રેમસખી તહાં નાચ નચી રી. લાડીલે૦ ૩
મુકતાનંદ શ્યામ વસ્ય શ્યામા, ચરનકમલ લપટાય વચી રી. લાડીલે૦ ૪

**૧૧૯૮** રૂપજોબનપરપદ=૪ **રાગ : કાફી પદ-૪/૨**

રંગકી ધૂમ મચાઈ, રંગભીને સાંવ રે...ટેક૦
રંગકે માટ ભરે રંગભીને, નૌતમ રંગ બનાઈ રે...રંગ૦ ૧
મૃગમદ કુંકુમ કેશર ઘોરી, જાવક રંગ સોહાઈ રે...રંગ૦ ૨
ઉડતહે અબીર ગુલાલ ચહુદિશી, પિચકારીન જરલાઈ રે...રંગ૦ ૩
પ્રેમાનંદ મુદિત છબી નિરખત, સુરવિમાન નભ છાઈ રે...રંગ૦ ૪

**૧૧૯૯** હોરી ખેલે પદ=૪ **રાગ : હોરી** **પદ-૪/૨**

હોરી ખેલે મહારાજા, શ્રીપુરમેં, હોરી ખેલે મહારાજા...ટેક૦
એક ઓર શ્રી ઘનશ્યામ સખા સબ, એક ઓર સંત સમાજા...શ્રી૦-૧
કેસર રંગભરી પિચકારી, બાજત અનહદ બાજા...શ્રી૦-૨
ઉડત ગુલાલ લાલ ભયે બાદર, નીરખત સુરપતિ રાજા...શ્રી૦-૩
અવધપ્રસાદ નાથ સંગ ખેલી, જનમ સફલ કીયો કાજા...શ્રી૦-૪

**૧૨૦૦** **રાગ : ધનાશ્રી હોરી પદ=૩** **પદ-૩/૧**

રંગભર ખેલૂંગી મેં હોરી, મતવાલા સંગે હેલી. રંગ-૧
પ્રાનપિયા પ્રીતમ પકરુંગી, જોરાવર કર જેલી. રંગ-૨
ચતુર શ્યામ સનમુખ ચલવુંગી, પિચકારીમેં પેહેલી. રંગ-૩
ફેંટ પકર રંગમેં રોરુંગી, ગિરધરકું હોય ઘેલી. રંગ-૪
બ્રહ્માનંદ નવલ પ્રીતમ સંગ, લોક લાજ સબ મેલી. રંગ-૫

**૧૨૦૧** ઉઠ ઉઠ સખી પદ=૪ **રાગ : વસંત** **પદ-૪/૪**

આવો આવો અલબેલા રે વહાલા, રંગભર ફાગ રમાવો રે;
ઘેરૈયાને સંગે ગિરિધર, તાલી દઈને ગાવો રે. આવો૦ ૧
પેચાળી બાંધો પાઘલડી, સુંદર પહેરો જામા રે;
અબીલ ગુલાલની ફાંટ ભરીને, આવી ઊભા રહો સામા રે. આવો૦ ૨

લાલ તમારાં લટકાં સુંદર, થઈએ નિહાલ નિહાળી રે;
શૂર થઈને ખેલો સામા, વહાલાજી પલવટ વાળી રે. આવો૦ ૩
વિવિધ ભાંત વાજાં વજડાવો, રમત કરીએ ભારી રે;
પ્રીતમજી અતિ રંગ ભરીને, ઝટ મચાવો પિચકારી રે. આવો૦ ૪
હાર્યાથી બીજ્યો માં હરિવર, જિતાડીશું જાણી રે;
બ્રહ્માનંદના નાથ પધારો, મુખનું રાખો પાણી રે. આવો૦ ૫

**૧૨૦૨ રાગ : હોરી કાફી પદ=૪ પદ-૪/૧**

ભેટ ભઈ રી આલિ ભેટ ભઈ રી, નવલ પ્રીતમસેં ભેટ ભઈ રી. ટેક૦.
આય અચાનક મીલ ગયે મોહન, ખ્યાલ બન્યો આનંદ ભઈ રી. નવલ૦ ૧
મેં ડારી પીયકું પિચકારી, મેં પીયેકે રંગ ભીજ રહી રી. નવલ૦ ૨
પ્રીતમ કર પકર્યો અબ મેરો, મેં પ્રીતમ ગલ બાંહી દઈ રી. નવલ૦ ૩
ભઈ હું નિહાલ લાલ સંગ ખેલત, બ્રહ્માનંદ ઉર શંક ગઈ રી. નવલ૦ ૪

**૧૨૦૩ બ્રહ્મમોલના વાસી પદ=૪ રાગ : ધુમાર પદ-૪/૪**

રંગભીનો રાજે ફુલડોરે હો, ફુલડોરે રે પહેરી નૌતમ શણગાર૦ ટેક.
કિરીટ મુગટ મકરાકૃત કુંડળ; કંઠે મણીના હાર;
રત્નમુદ્રિકા પોંચી કડાં બાજુ, ચરણમાં નેપૂરનો ઝણકાર૦...૧
જરકસી ફેંટે કમર કસી બાંધી, રત્ન જડેલો કટાર;
જરકસી જામો પે'રી ઉભા વાલો, શોભે જેમ તેજનો અંબાર૦...૨
હિંડોળામાં હિરા મોતી જડીયા, ફરતા બારે દ્વાર;

કંચન કળશ ઉપર ધરીયા, મણીયોનાં તોરણ ઠારોઠાર૦...૩
મુકત અનંત કોટિ વીંટી વળ્યા, જય જય કરે ઉચ્ચાર;
ભૂમાનંદના નાથની ઉપર, કરે ચમર વારમવાર૦...૪

## ૧૨૦૪ સ્વામિનારાયણ મહામંત્ર ગમે

સ્વામિનારાયણ મહામંત્ર ગમે, અહો રાત દિવસ મારા દિલમાં રમે,
વ્હાલે છપૈયા ધામમાં જન્મ ધરી, વર્ણી વેષે હિમાચળે તપ કરી,
હરિએ લાખો મુનિઓની મુકિત કરી...સ્વામિનારાયણ૦ ૧
વ્હાલે ગુરુ રામાનંદથી દીક્ષા લીધી, કચ્છ ગુજરાત સૌરાષ્ટ્રે લીલા કીધી,
પ્રભુએ ભકતોની ભ્રાંતિ મીટાવી દીધી...સ્વામિનારાયણ૦ ૨
વ્હાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું, ધર્મ જ્ઞાન વૈરાગ્યનું પાત્ર ઠર્યું,
પરા ભકિત બતાવી કલ્યાણ કર્યું...સ્વામિનારાયણ૦ ૩
વ્હાલે કૃપા કરી શિક્ષાપત્રી દીધી, એમાં ચારે પુરુષાર્થની સિદ્ધિ ચીંધી,
એ છે સર્વે સત્સંગીની નૌતમ નિધિ...સ્વામિનારાયણ૦ ૪
વ્હાલા પ્રત્યક્ષ સત્સંગમાં વિચરો, માધવતીર્થની પ્રાર્થના ઉરમાં ધરો,
શ્રીજી દર્શન દઈને પાવન કરો...સ્વામિનારાયણ૦ ૫

## ૧૨૦૫ શ્રીજીબાવની (લીલા-ગુણગાન)

જય જય સ્વામી સહજાનંદ, આશ્રિત જનને મન આનંદ-૧
જય જય શ્રીજી કરૂણાધીશ, તવ ચરણોમાં નામુ શીશ-૨
કરો કૃપા દ્રષ્ટિ ભગવાન, આપો મુજને ભક્તિ જ્ઞાન-૩

માગું કર જોડી તવ પાસ, મુજ હૃદયામાં કરજો વાસ-૪
સરજુ કિનારે સુંદર ગામ, નિર્મળ છે છપૈયા ધામ-૫
સામવેદી છે વિપ્ર તમામ, જન્મ્યા ત્યાં શ્રીજી ઘનશ્યામ-૬
છપૈયામાં જન્મ ધરી, ધર્મ ભક્તિ કુળ પાવન કરી-૭
આઠ વર્ષમાં ઉપવીત ધરી, અગિયાર વર્ષે વન વિચરી-૮
લોજપુરે જઇ વસીયા આપ, હરવા ભક્તોના સંતાપ-૯
દિક્ષા દીધી રામાનંદ, શુભ નામ દઈ સહજાનંદ-૧૦
ગઢપુર આવી વસીયા આપ, ઉત્તમનૃપનો ઝાલ્યો હાથ-૧૧
નિજ જનના છો પ્રાણ જીવન, તવ ચરણે ગઢપુર પાવન-૧૨
અનેક યજ્ઞો આપે કર્યા, ભક્ત જનોના સંકટ હર્યા-૧૩
શિક્ષાપત્રી સદ્‌ગ્રંથ કર્યા, વચનામૃતથી સંશય હર્યા-૧૪
સ્વામિનારાયણ પ્રગટ્યા આપ, કરવા શાંત ત્રિવિધી તાપ-૧૫
શ્રીઘનશ્યામ તમારૂં નામ, સહજાનંદજી પૂરણકામ-૧૬
જે મુખે સહજાનંદ ગાય, તેનાં દુ:ખો દૂર પલાય-૧૭
નારાયણમુનિ શુભ નામ, ભક્તજનોની પૂરે હામ-૧૮
હરિકૃષ્ણ હૃદિયામાં ધરે, તેના મનોરથ પૂરણ કરે-૧૯
નીલકંઠ બ્રહ્મચારી નામ, જપવાથી અંતર આરામ-૨૦
શ્રીજી શ્રીજી નામ ઉચાર, સરજુદાસ કરશે ભવ પાર-૨૧
રામકૃષ્ણ ચોવીસ અવતાર, તેણે હણિયા અસુર અપાર-૨૨
ધર્મ એકાંતિક સ્થાપન કાજ, અવની ઉપર પ્રગટ્યા આપ-૨૩
અનંત પરચા આપ્યા તમે, ભક્ત ભેરૂ થયા વિકટ સમે-૨૪
રૈવતગિરી દત્તાત્રેય ધામ, દત્તચરણ પર શ્રીઘનશ્યામ-૨૫
ઉભા દત્તરૂપે થઇ આપ, પૂજારી કરીયો નિષ્પાપ-૨૬

નરસૈયાના ચોરે જઈ, રાસમંડળના દર્શન દઈ-૨૭
હાટકેશ્વર જીરણગઢ ધામ, શિવ સેવકને દીધા દામ-૨૮
રાવણ કંસ અસુર તમામ, કામ ક્રોધ લોભના ગુલામ-૨૯
એ કામ ક્રોધને જીત્યા તમે, કર્યા પરમહંસ સહુને ગમે-૩૦
ચોવીસ અવતારોના રૂપ, ચોવીસ તીર્થંકર સુખરૂપ-૩૧
ચોવીસ પેગંબરરૂપ શ્યામ, તમે દિધાં દર્શન સુખ ધામ-૩૨
કાઠી કોળી પરધન હરે, ધાડપાડુના ધંધા કરે-૩૩
અફીણ દારૂ મુખથી જમે, તેને માળા આપી તમે-૩૪
મહા ચરોતરની મોઝાર, ચોર ચોર તણો સરદાર-૩૫
જોબનપગીની વાગે હાંક, તેને ચરણ લઈ કરીઓ પાક-૩૬
પાપી જે કરતા પંચપાપ, તેને તો કીધા નિષ્પાપ-૩૭
દર્શન દઈ જપાવ્યા જાપ, અવતારના અવતારી આપ-૩૮
ધર્મ જ્ઞાન ભક્તિ વૈરાગ્ય, ઉપજાવ્યો તેનો અનુરાગ-૩૯
જીવ માયા ઈશ્વરનાં રૂપ, બ્રહ્મ અને પરબ્રહ્મ સ્વરૂપ-૪૦
તેનું દીધું જ્ઞાન અનુપ, એકાંતિક ધર્મે સુખરૂપ-૪૧
આત્મસ્વરૂપ અનુભવ જ્ઞાન, ભલું કરી દીધું ભગવાન-૪૨
વિષ્ણુ શિવ બ્રહ્માદિક દેવ, પુરુષોત્તમની કરતા સેવ-૪૩
અમે સત્સંગી તમારા બાળ, સદા અમારી લ્યો સંભાળ-૪૪
સત્સંગ મંડળ માગે ફરી, તવ ચરણોમાં રાખો હરિ-૪૫
અલ્પમતિથી કરું સ્તવન, સ્વીકારી સુખ દ્યો ભગવન-૪૬
છેલ્લી અરજી તમારી પાસ, અક્ષરધામે દેજો વાસ-૪૭
માંગુ છું કરજોડી ખાસ, વચન દિયો મુજ હૃદયે વાસ-૪૮
દાસ જાણીને પૂરો હામ, નખશિખ મૂર્તિ શ્રીઘનશ્યામ-૪૯

માગે તીર્થ માધવાનંદ, શરણ તમારૂં સહજાનંદ-૫૦
શ્રીજી બાવની જે કોઈ ગાય, સહજાનંદજી કરશે સહાય-૫૧
અંતરમાં છાયો આનંદ, બોલો સહું જન સહજાનંદ-૫૨

**૧૨૦૬ પદ-૧**

કદીયે ન ધરવું અભિમાન, મરવું એક પકલમાં રે; કદીયે૦ ટેક.
કુંભકરણ ને રાવણ સરખા જોને, મરી ગયા જરનું કરી ધ્યાન;
ઝાઝુ ઝરરરરરરર રે. કદીયે૦ ૧
હિરણ્ય કશિપુ રાજા, અતિ અહંકારી જોને, હાથે હણ્યો છે ભગવાને;
ચિર્યો ચરરરરરરર રે. કદીયે૦ ૨
દંતવક્ર ને વળી શિશુપાળ સરખા ચાલ્યા, કંસને માર્યો છે કુંવર કાન;
કંપ્યો થરરરરરરર રે. કદીયે૦ ૩
નારાયણદાસનો નાથ ભજ્યા વિના, જમડા કરશે ઘણું હેરાન;
અંતે અરરરરરરર રે. કદીયે૦ ૪

**૧૨૦૭ રાગ : જંગલો પદ=૪ પદ-૪/૧**

દુઃખ છે અધિક આ સંસારમાં, મુખે કહ્યાં તે ન જાય જી;
આધિ વ્યાધિની અંતર થકી, હોળી પલ ન ઓલાય જી...દુઃખ છે-૧
ત્રિવિધિ તાપે તપી રહ્યો, સઘળો આ સંસાર જી;
કાયા માયાને કારણે, વેઠે વેદના અપાર જી...દુઃખ છે-૨
કામ ક્રોધ મદ લોભની, લાગી ઘેર ઘેર લાય જી;

ધરતી ધન ને ત્રિયા તણો, ઝઘડો ઘેર ઘેર થાય જી...દુ:ખ છે-૩
વિના વિવેક વઢી મરે, કોડી બદલે કુટાય જી;
મોહ મમતાને મારગે, મૂડી ઘરની લુંટાય જી...દુ:ખ છે-૪
ચક્રપાણિના ચરણ વિના, નથી શાંતિ લગાર જી;
નારણદાસનો નાથજી, સદા સુખનો ભંડાર જી...દુ:ખ છે-૫

**૧૨૦૮** **પદ-૪/૨**

કોઈ બહેરો ને કોઈ બોબડો, કોઈ અંધ અપંગ જી;
કોઈ લૂલો ને કોઈ પાંગળો, કોઈ કોઢવાળો અંગ જી...દુ:ખ છે-૧
વિત્તવાળાને સુત ના મળે, સુત વાળો નિર્વિત્ત જી;
જુગલ વસ્તુ જેને હોય તે, રોગી હોય ખચીત જી...દુ:ખ છે-૨
રૂપવંતીમાં ગુણ જ નહિ, ગુણિયલમાં રૂપ નોય જી;
ઉભય વસ્તુ જેને હોય તે, વિધવા કે વંઝા હોય જી...દુ:ખ છે-૩
કંથ વિના દુ:ખી કામની, અંધ આંખ વિનાય જી;
બંધુ વિના દુ:ખી બેનડી, પુત્ર વિણ દુ:ખી માય જી...દુ:ખ છે-૪
સ્થિતિ સરખી સદા નવ રહે, ચઢતી પડતી થાય જી;
માટે ભજો ભગવાનને, દાસ નારાયણ ગાય જી...દુ:ખ છે-૫

**૧૨૦૯** **પદ-૪/૩**

એક કહે રે ધન માહરૂં, લુંટી લઈ ગયા ચોર જી;
બીજો કહે રે સુત માહરો, મૂઓ આજ બપોર જી...દુ:ખ છે-૧
એક કહે રે મારા દેહને, આવ્યો રોગ અપાર જી;
બીજો કહે રે નાના બાળકાં, મૂકી મરી ગઈ નાર જી...દુ:ખ છે-૨
એક કહે છે વેપારમાં, ખોટ ગઈ એક લાખ જી;
બીજો કહે મારો બંગલો, બળી થઈ ગયો રાખ જી...દુ:ખ છે-૩

એક કહે રે પિતા માહરો, મૂઓ કોલેરા માંય જી;
બીજો કહે રે બંધુ માહરો, રતિ અન્ન ન ખાય જી...દુઃખ છે-૪
એક કહે રે નથી દીકરા, નથી બીજો આધાર જી;
બીજો કહે રે શી ગતિ થશે, માથે ઋણ અપાર જી...દુઃખ છે-૫

૧૨૧૦ પદ-૪/૪

અતિવૃષ્ટિનેઅનાવૃષ્ટિ,તેમજઅગ્નિભયથાયજી;
તીડ ઉંદર ને હિમનો, ઉપદ્રવ આખો ગણાય જી...દુખ છે-૧
અનંત પ્રકારની આફતો, આવે સંસાર માંય જી;
દેહ ધરીને દુઃખ ભોગવે, પીડા પંડમાં થાય જી...દુખ છે-૨
માયા મોહની જાળમાં, સળગે આ સંસાર જી;
કોટિક કષ્ટ સહે સદા, ચરાચર નરનાર જી...દુઃખ છે-૩
ભકિત વિના ભવદુઃખનો, કદી આવે નહીં અંત જી;
જીજ્ઞાસુ જન જાણજો, કહે છે શાસ્ત્ર ને સંત જી...દુઃખ છે-૪
લખ્યાથી છે લક્ષ ઘણા, દુઃખ સંસાર માંય જી;
નારાયણદાસના નાથને, ભજો ભવદુઃખ જાય જી...દુઃખ છે-૫

૧૨૧૧ દાટયો રે' ને ચોર દૈવના એ રાગ પદ=૮ પદ-૮/૧

જનમ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથે જી;
આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જાવું સાથે જી-૧
સવાર થાય ને સાંજ પડે છે, દિન ઉપર દિન જાયે જી;
આજ કાલ કરતાં આવરદા, જોને ઓછી થાયે જી-૨
એક જન્મે ને એક મરે છે, સ્થિર નથી કોઈ ઠરવા જી;

મરી ગયા તે જન્મ ધરે ને, જન્મ ધરે તે મરવા જી-૩
સંસાર સઘળો કાળ ચવાણું, કર્મ વશ નરનારી જી;
દાસ નારાયણ કહે છે ભાઈઓ, કર્મ કરો વિચારી જી-૪

**૧૨૧૨** **પદ-૮/૨**

પ્રભાતે ફુલડીયાં ફૂલે, સાંજે તે કરમાશે જી;
નિત્ય બાગમાં નવીન કળીઓ, ખીલીને ખરી જાશે જી-૧
એ પ્રમાણે જગત જાય છે, જળની પેઠે વહેતું જી;
નાનાં મોટાં નિત્ય મરે છે, અમર નથી કોઈ રહેતું જી-૨
કુંભકરણ ને રાવણ સરખા, કાયા મૂકી ચાલ્યા જી;
કળિયા છળિયા બળિયા ચાલ્યા, હાથ ઘસીને ઠાલા જી-૩
સુરાસુર ને ઈન્દ્ર ચંદ્ર, અવનિ તે પણ જાશે જી;
દાનવ ને માનવ મરવાના, કહ્યું છે નારણદાસે જી-૪

**૧૨૧૩** **પદ-૮/૩**

ભવસાગરમાં ભકિત હરિની, ઉગરવાનો આરો જી;
એ વિના ઉપાધિ બીજી, વેઠ તરીકે ધારો જી-૧
સ્વપ્નાંની સમૃદ્ધિ સર્વે, સ્વપ્નાં સાથે જાશે જી;
જાગ્યા પછી કાંઈ મળે નહિ, એકેય વસ્તુ પાસે જી-૨
જનમ્યા પહેલાં જગત નહોતું, મુવા પાછળ નથી જી;
વચમાં વળગ્યું જુઠાં જેવું, કવિ કહે છે કથી જી-૩
માયાનો પ્રપંચ રચ્યો છે, ખેલ ખલકનો ખોટો જી;
દાસ નારાયણ હરિ ભજીને, લાભ કરી લ્યો મોટો જી-૪

**૧૨૧૪** **પદ-૮/૪**

કાયા કાચો કુંભ ધૂળનો, ધૂળ પલકમાં થાશે જી;

પાપ કર્યાં તે માથે લઈને, જીવ એકલો જાશે જી-૧
લખ ચોરાશી ચાર ખાણમાં, જન્મ ઘણેરા લીધા જી;
માતપિતા ને ભાઈ દીકરા, સગાં સંબંધી કીધાં જી-૨
તે તો તારે અંત વખતમાં, કોઈ કામ ન આવ્યું જી;
કોડી બદલે ગાફલ પ્રાણી, રામ રતન ગુમાવ્યું જી-૩
ક્ષણ ભંગુર આ દેહ ધર્યો તે, ખેહ પલકમાં થાશે જી;
ભાવ ધરીને હરિ ભજી લ્યો, કહ્યું છે નારણદાસે જી-૪

**૧૨૧૫** **પદ-૮/૫**

શરીરનાં સંબંધી સર્વે, શરીર સાથે જાશે જી;
ઋણ સંબંધે ભેગાં થઈને, અંતે અળગાં થાશે જી-૧
શ્રાવણ મહિનાની વાદળીઓ, વાયુથી વેરાયે જી;
એ પ્રમાણે સગાં સહોદર, થાયે ને વહી જાયે જી-૨
ઝાકળનાં પાણી સરીખી, કાયા માયા જુઠી જી;
વ્હાલાને વિસારી જાવું, એક પલકમાં ઉઠી જી-૩
હરતાં ફરતાં ખાતાં પીતાં, કાળ વસે છે પાસે જી;
જ્યારે ત્યારે પકડી લેશે, કહ્યું છે નારણદાસે જી-૪

**૧૨૧૬** **પદ-૮/૬**

કાદવ કેરાં કુંભ કોડિયાં, કડૈયાં ને કોઠી જી;
છાલાં ને પિયાલા રૂડાં, લોટા ને વળી લોટી જી-૧
મહોલ માળિયાં ભાત ભાતનાં, મેડીઓ બનાવી જી;
ઘટ પટાદિક અનેક રચના, માટીની રચાવી જી-૨
વસ્તુતાએ ધૂળ તણું તે, ધૂળ ભેગું થાશે જી;
કાચી કાયા જૂઠી માયા, જોતાં જોતાં જાશે જી-૩

સત્વર થઈને હરિ ભજી લ્યો, જન્મારો વહી જાશે જી;
બળતામાંથી બૂકી લેવું, કહ્યું છે નારણદાસે જી-૪

**૧૨૧૭** **પદ-૮/૭**

નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવું જી;
પત્રાવળાને જમી કરીને, બહાર ફેંકી દેવું જી-૧
મન ગમતું મૂકીને મનવા, હરિગમતામાં રહેવું જી;
દેહ ધર્યો તે સુખ દુઃખ આવે, તેને વેઠી લેવું જી-૨
હરિજન ઉપર હેત કરીને, ભૂદરજીને ભજવા જી;
ભકિતમાં જે વિઘ્ન કરે તે, વેરી જાણી તજવા જી-૩
બીજાં સર્વે કામ બગાડી, મોક્ષ પંથ સુધારો જી;
દાસનારાયણ હરિ ભજીને, સફળ કરો જન્મારો જી-૪

**૧૨૧૮** **પદ-૮/૮**

જન્મ ધરીને શું શું કીધું, શું શું લીધું ભાતું જી;
વ્હાલમને વિસારી દીધા, કીધી બીજી વાતું જી-૧
યમ ધર્મ તે લેખાં લેશે, કાઢી તારૂં ખાતું જી;
જોરાવર છે જમના દૂતો, તેની ખાશે લાતું જી-૨
કડકડતી કડામાં નાખે, તેલ કરીને તાતું જી;
અભાગિયાં તેં જાણી જોઈને, દુઃખ લીધું વેચાતું જી-૩
હરિ ચરણનું શરણ છોડી, મન મેલ્યું અથડાતું જી;
દાસ નારાયણ કહે છે હવે, જમપુરીમાં જાતું જી-૪

**૧૨૧૯ રાગ : ગરબી**

જુઓ જુઓ છેલાજીનું છોગલિયું, છોગલિયાની શી કહું વાત...છેલાજીનું-૧
ઘણું શોભે છે સોનેરી પાઘમાં, છોગલિયાની નવલી ભાત...છેલાજીનું-૨
ફર ફર ફર ફરકે છોગલિયું, ઝળ ઝળ ઝળ ઝળકે તાર...છેલાજીનું-૩
ફૂલ તોરા ગુલાબી લટકે છે, ત્યાં ભ્રમર કરે છે ગુંજાર...છેલાજીનું-૪
માંહી મોંઘા મણીને હીરા છે, રૂડી લટકે મોતીડાની લે'ર...છેલાજીનું-૫
છેલ છોગાળા છોગલા મેલીને, પ્રભુ આવો અમારે ઘેર...છેલાજીનું-૬
ઝીણી ઝીણી રે ભાત છે જામાની, જમણા કરમાં રેશમી રૂમાલ...છેલાજીનું-૭
મળ્યા નારાયણદાસનો નાથજી, નીરખીને થઈ છું નિહાલ...છેલાજીનું-૮

**૧૨૨૦ પ્રાર્થના**

નમન હું કરું વિશ્વપાળને, કરગરી કહું ભક્તિબાળને, ૧
અરજ માહરી ઉરમાં ધરો, વિપત માહરી શ્રીહરિ હરો, ૨
અવર આશરો માહરે નથી, સર્વ જાણને શું કહું કથી, ૩
કઠણકાળમાં આપ છો ધણી, સુખદ શ્યામળા મુકતના મણી, ૪
અમરના પતિ આશ તાહરી, રસિક રાખજો લાજ માહરી, ૫
પ્રણતપાળ છો સર્વના પ્રભુ, દીનદયાળ છો વિશ્વના વિભુ, ૬
વિમલ મૂરતિ ઉરમાં વસો, નજરથી પ્રભુ દૂર ન થશો, ૭
અધિક ત્રાસને તોડી નાખજો, નારાયણદાસને પાસ રાખજો, ૮

**૧૨૨૧** **રાગ : નાટકી**

બાનાની પત રાખો રાજ, બાનાની પત રાખો .
ગુનાહ અમારા લાખો રાજ, બાનાની...ટેક૦
ગિરિ શિખર પર ટીટોડી બેઠી, ગાતી ગોવરધન ધારી;
એક સમે તેને તૃષા લાગી, પાયું વિઠ્ઠલવર વારિ; રાજ...બા૦ ૧
કૌરવ સભામાં દ્રૌપદી કેરાં, પટકુળ પુર્યાં મુરારિ;
લાક્ષાગૃહથી પાંડવ પાંચે, લીધા લાલ ઉગારી. રાજ...બા૦ ૨
પારધી બાણથી હોલી ઉગારી, ગજની વહારે ધાયા;
માંજારીનાં તમે બચ્ચાં બચાવ્યાં, કુબજાના નાથ કે'વાયા. રાજ...બા૦ ૩
સીતાની સારૂ તમે સેતુ બાંધી, રાવણને જઈ માર્યો;
શબરીનાં તમે બોર આરોગ્યા, પ્રહ્લાદ ભક્ત ઉગાર્યો. રાજ...બા૦ ૪
સુધન્વાની તમે સહાય કરીને, ઉગાર્યો છે ચંદ્રહાસ;
એ રીતે પ્રભુ અમને ઉગારો, કહે છે નારાયણદાસ. રાજ...બા૦ ૫

**૧૨૨૨** **રાગ : નાટકી**

ભયભંજન ભકિતના જાયા રે, ભલે અક્ષરાધીશ ધરી કાયા;
સાથે મુકતો અનેક છવાયા રે, ભલે અક્ષરાધીશ ધરી કાયા...ટેક૦
પૂર્વમાં પ્રગટ્યા ને પશ્ચિમ પધાર્યા, ગઢપુર રહ્યા જગરાયા,
દાદાખાચર પર મહેર કરી છે ઘણી, વચનામૃતમાં લખાયા રે...ભલે૦ ૧
અસુર સંહાર્યા ને ભકત ઉગાર્યા, ધરતીના મેલ ધોવાયા;

અધર્મ ઉથાપ્યોને સદ્ધર્મ સ્થાપ્યો, કામ ક્રોધ લોભ કચરાયા રે...ભલે૦ ૨
સર્વોપરી તે કર્યા સંત બ્રહ્મચારી, મુકાવી મોહ મદ માયા;
ધર્મતનુજ ધર્મ સ્થાપી અનુપમ, વેદવિધિમાં વખણાયા રે...ભલે૦ ૩
જેનાં દર્શન સારૂ સ્નેહ ધરીને, સૌ આવે છે દેવ અવાયા;
દાસ નારાયણ કહે ધર્મકુંવરના, હેત સમેત ગુણ ગાયા રે...ભલે૦ ૪

## ૧૨૨૩ રાગ : લાવણી

મળી બુટોલપુરની માંહી, કહે મયારાણી; (૨)
સુણો નીલકંઠ વર્ણીન્દ્ર સુખદ મમ વાણી...મળી૦
કેમ ત્યાગ્યું તમે ઘરબાર ઉંમર છે છોટી;
નથી જાણી મારા નાથ વાત છે મોટી...મળી- ૧
શોભે સુંદર માથે કેશ કોમળ છો અંગે;
કેમ વિચરો મહા વનમાંહી નથી કોઈ સંગે...મળી- ૨
કર્યું બંધુ વર્ગે અપમાન ભોજાઈએ મેણું દીધું;
થયો નાની વયમાં વૈરાગ્ય કુટુંબ તજી દીધું...મળી- ૩
લીધો બાળપણમાં ભેખ જુવાની છે ભારી;
તમે પરણો સુંદર શ્યામ કે નૌતમ નારી...મળી- ૪
થયા તેના સારૂ ખુવાર ઋષિ મુનિરાયા;
પડ્યા દેવ તપસ્વી સિદ્ધ એવી એ માયા...મળી- ૫
ગયો સૌભરી કેરો ત્યાગ એકલશૃંગી લૂંટ્યા;
પડ્યો નહુષ સ્વર્ગથી સોમ ગુરુ એથી ખૂટ્યા...મળી- ૬
શિવ બ્રહ્મા ને સુરરાય નારદ મુખ કાળું;

દશમસ્તક કેરું કુળ શ્રીરામે સંહાર્યું...મળી- ૭
એમ જાણી પ્રીતમ પ્રાણ કેમ ન વિચારો;
મુજ વિનતિને અલબેલ કરણમાં ધારો...મળી- ૮
ગ્રહો કુંવરી મારી દોય રાજા કરી સ્થાપું;
ઘણા ગામ દંતી ને આ પેદલ હું આપું...મળી- ૯
જ્યારે થાશે જોબન જોર પછે પસ્તાશો;
મળી કોઈ વેરાગણ નાર લઈ ભાગી જાશો...મળી- ૧૦
મહા મર્મ ભરેલાં વાકય સુણી સુખધામી;
બોલ્યા શુકજી જેવા કૈક કરૂં નિષ્કામી...મળી- ૧૧
નવ આવે જોબન જોર પાસ પસીનો અંગે;
કરું વ્રત દઢ તપ હું નેમ અતિશે ઉમંગે...મળી- ૧૨
છે બંધુ વર્ગમાં સ્નેહ ભોજાઈ પણ તેવી;
થયો નાની વયમાં વૈરાગ્ય માયા તજ્યા જેવી...મળી- ૧૩
કર્યા અસંખ્ય જીવ નાથે બહુ નિષ્કામી;
કહે નારાયણમુનિદાસ ભજો બહુનામી...મળી- ૧૪

## ૧૨૨૪ પ્યારી લાગે મૂર્તિ તમારી

મને પ્યારી લાગે મૂર્તિ તમારી,
ઘનશ્યામજી, પ્યારી લાગે મૂર્તિ તમારી...ટેક૦
કુંકુમનો ચાંદલો ને ભાલે તિલક વચ્ચે,
હાં રે તમે ભાળોને ભ્રમણા ભુલાવી...ઘન૦ ૧
કાને કુંડળ હરિને માથે મુગટ શોભે,

હાં રે કંઠે ધારી માણેક જડી માળા...ઘન૦ ૨
જામો જરિયાની પહેર્યો સોનેરી સુરવાળ છે,
હાં રે તમારી કેડે કસ્યો છે કંદોરો..ઘન૦ ૩
મૂર્તિમાં મગ્ન થઈ ચરણોમાં ચિત્ત દઈ,
હાં રે જાય દાસ નારાયણ વારી...ઘન૦ ૪

## ૧૨૨૫ સજની ટાણું આવ્યું રે...

સજની ટાણું આવ્યું રે ભવજળ તરવાનું, મોંઘો મનુષ્યનો વારો;
ભવસાગરનો આરો, ડાહ્યા દિલમાં વિચારો, સત્સંગ કીજીએ...ટેક. ૧
સજની આ રે ચોઘડિયું અમૃત-લાભનું, ફરી નહીં મળે એવું;
વીજના ઝબકારા જેવું, મોતી પરોવી લેવું...સતસંગ-૨
સજની સંત કહે તે સાચું માનીએ, ગાંઠ વાળી નવ છૂટે;
નિયમ નિશ્ચય ન તૂટે, સંસાર છો ને રે કૂટે...સતસંગ-૩
સાચા સાધુપુરૂષની સેવા કીજીએ, પાપ પૂર્વના બળવા;
બ્રહ્મપુરમાં તે ભળવા, સ્વામિનારાયણ મળવા...સતસંગ-૪
સજની શિરને સાટે રે હરિને સેવીએ, પાછાં પગલાં નવ ભરીએ;
સંસાર પાર ઉતરીએ, નારાયણદાસ કે' ઠરીએ...સતસંગ-૫

## ૧૨૨૬ રાગ : પ્રભાત

જાગ્યને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વિના ધેનુમાં કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળીયો કોણ થાશે ?

જાગ્યને૦ ૧

દહીં તણાં દૈથરાં, ઘી તણાં ઘેબરાં, કઢીયલ દુધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથીયો, કાળીનાગ નાથીયો, ભૂમિનો ભાર તે કોણ હરશે ?

જાગ્યને૦ ૨

જમુનાને તીરે, ગૌધણ ચરાવતાં, મધુરી શી મોરલી કોણ વાશે ?
ભણે નરસૈયો તારા ગુણ ગાઈ રીઝીયે, બુડતાં બાંય કોણ સહાશે ?

જાગ્યને૦ ૩

**૧૨૨૭ રાગ - પ્રભાત**

જે સમે જે ગમે જગત ગુરૂદેવને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઇ નવ સરે, ઉગરે એક ઉદ્વેગ ધરવો... ટેક૦
હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વે એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે..જે૦ ૧
નિપજે નરથી તો કોઈ ન રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દષ્ટિ આવે નહિ, ભવન ભવન પર છત્ર દાખે...જે૦ ૨
ઋતુ લતા પત્ર ફળ ફુલ આપે થયા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તેજ પહોંચે...જે૦ ૩
ગ્રંથ ગડબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પુજે;
મન કર્મ વચનથી આપ માની લહે, સત્ય છે એજ મન એમ સૂજે...જે૦ ૪
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વે કાચું;
જુગલ કરજોડીને નરસૈયો એમ કહે, જન્મ પ્રતિજન્મ હરિને જ જાચું...જે૦ ૫

## ૧૨૨૮ રાગ : ગરબી

આજ સહજાનંદ મળિયા રે ગઢપુરમાં (૨) શ્રીગઢપુરમાં ગોપીનાથ ઉરમાં-આ૦ ૧
મસ્તક ઉપર પાઘ પેચાળી,આંખડલી અણિયાળી રે ગઢ-આ૦૨
કેસર તિલક શોભે છે ભાલે,મનડાં હર્યાં છે વહાલે રે ગઢ-આ૦૩
કાનુમાં કુંડળ કંચન કળીએ,હાથે વેઢ દશ આંગળીએ રે ગઢ-આ૦૪
હૈડા ઉપર હાર હજારી, ગુણવંતા ગિરધારી રે ગઢ-આ૦૫
હીરા માણેક મોતીની માળા, હેમકડાં રૂપાળાં રે ગઢ-આ૦૬
શોભે છે રાતી હાથ હથેળી, મનરંજન રૂપાળી રે ગઢ-આ૦૭
કરમાં શોભે છે સોટી સારી, રંગીલી મૂર્તિ તારી રે ગઢ-આ૦૮
સોનેરી વાઘા શોભે છે સારા, ધર્મ તણા દુલારા રે ગઢ-આ૦૯
ઘુંટી ગોળ પીંડી પાતળીઓ,ચરણે પહેરી ચાંખડીઓ રે ગઢ-આ૧૦
શ્રીહરિ કેરી મૂરતિ સારી, જાય નરસિંહ બલિહારી રે ગઢ-આ૧૧

## ૧૨૨૯ મોહન મુખારવિંદે...

મોહન મુખારવિંદે, મુજ મન ભમર ભમે છે,
નીરખી નયન તારા, દિલ દુઃખડા શમે છે...મોહન૦ ૧
શિર પાઘ પેચ તોરા, ગુલાબી ગાલ ગોરા,
શણગાર સાંજ ભોરા, ચિત્તમાં સદા રમે છે...મોહન૦ ૨
કુંડળ ધર્યા છે કાને, વિશાળ ભાલ મજાને,
મુખ ચાંદ કે સમાને, દિલ શત્રુને દમે છે...મોહન૦ ૩

નમણી નાસા રૂપાળા રાતા અધર પ્રવાળા,
કંઠે કનક માળા, પોંચી કડા ગમે છે...મોહન૦ ૪
જરીયન સ્વાંગ ધારી, મૂરતિ અખંડ પ્યારી,
દર્શન સુખકારી, નરસિંહ ચરણે નમે છે...મોહન૦ ૫

## ૧૨૩૦ જીવ તું બ્રહ્મરસ ભોગવનાર...

જીવ તું બ્રહ્મરસ ભોગવનાર, શીદને માયાનો ખા માર૦
માયા નગણી ઠગણી ભારે, કહેતા ન આવે પાર;
ચૌદ લોકને ચાવી રે નાખે, એક પલક મોજાર...જીવ તું૦
અષ્ટસિધ્ધિ નવનિધિ એ આદિ અનંત શકિત અપાર;
કામ ક્રોધ મદ લોભ એ સર્વે, માયાના હથિયાર...જીવ તું૦
નિજ બળથી લડવું એ સામે કઠણ કામ આ વાર;
નારદ શિવ બ્રહ્માદિક હાર્યા, તો તું કોણ ? વિચાર...જીવ તું૦
ગુરૂ શરણું કર ઢાલ ધરી વળી, જ્ઞાન રૂપી તલવાર;
ભજન ફોજ લઈ ચાલો રે જીવડા, લડશું ત્યાં બહુ વાર...જીવ તું૦
હિંમત ધારી રણમાં પડશો, ડરશો નહિ લગાર;
પાછા તે પગલા કદી ન ભરશો, તો થાશો ભવ પાર...જીવ તું૦
થશે કસોટી ખરી તમારી, તો રીઝે કિરતાર;
દાસ હરિનો સ્વામી રે દેશે, બ્રહ્મરસનો ભંડાર...જીવ તું૦

## ૧૨૩૧ બોલમાં બોલમાં બોલમાં રે પદ=૨ પદ-૨/૧

બોલમાં બોલમાં બોલમાં રે સ્વામિનારાયણ વિના બીજું બોલમાં,
નહીંતો થાઈશ પશુતોલમાં રે...સ્વામિ૦
મનુષ્યદેહ અમુલ્ય આ પામી, ભળવા તે બ્રહ્મમો'લમાં રે...સ્વામિ૦ ૧
રાજ સાજ સુંદર ત્યાગ કરીને, ઉજ્જડ વને તું ડોલમાં રે...સ્વામિ૦ ૨
કંચન મહોલ તજીને મૂરખા, કાજળની કોટડી ખોલમાં રે...સ્વામિ૦ ૩
અમૃત કેરું પાન તજીને, વિખની વાટકી તું ઘોળમાં રે...સ્વામિ૦ ૪
શ્રીહરિદાસ કહે હરિ ભજીલે, જાવું ન પડે જમ મો'લમાં રે...સ્વામિ૦ ૫

## ૧૨૩૨ પદ-૨/૨

ખોળ્યમાં ખોળ્યમાં ખોળ્યમાં રે, સત્સંગે તે ખોટ્ય તું ખોળ્યમાં,
ભાળ્યા વિના બહુ ભોળમાં રે...સત્સંગે૦
સત્સંગ જાહ્નવી ત્યાગ કરીને રે, ખાડા ખાબોચીયા ડોળમાં રે...સત્સંગે-૧
બાવના ચંદન બાળીને મૂરખા રે, રાખમાં દેહ તું રોળમાં રે...સત્સંગે-૨
દિવાનની નોકરી દૂર કરીને રે, વેઠે તે કોયલા તોળમાં રે...સત્સંગે-૩
કલ્પતરૂને દે છે કુહાડા રે, વસી આવળની ઓળમાં રે...સત્સંગે-૪
શ્રી હરિદાસ કહે સમજી લેજે રે, આગ્ય ઉઠી નારી રોળમાં રે...સત્સંગે-૫

## ૧૨૩૩ માન્ય કહ્યું મારૂં...

માન્ય કહ્યું મારું, કહું તને સારું, વિષયમાં મન વળગ્યું તારું રે જીવલડા૦
જોને જીવ એમાં, નથી સુખ તેમાં, હેરાન થયા છે હજારું રે જીવ-૧

પંચ વિષયની, પ્રતીતિ ન કીજે, રોળ્યા છે રાજા ને રંક રે જીવ-૨
સીતાએ કોઈ ટાણે કુશબ્દ અજાણે, લક્ષ્મણને દુઃખ લગાડ્યું રે જીવ-૩
રામ વિયોગ થયો, રાવણ તેને હરી ગયો, બોલ્યામાં કામ બગાડ્યું રે જીવ-૪
સુરપતિ રસિયો, ઋષિ ઘેર વસિયો, ઈન્દ્રે ચંદ્રને આળ ચડાવી રે જીવ-૫
સ્પર્શ જ કરવા, નહુષ ગયો વરવા, સર્પ થયો સુખ નાવ્યું રે જીવ-૬
શંકરને સહુ કહેતા, નૈષ્ઠિક ઉર્ધ્વરેતા,મોહિની જોયામાં મન મોહ્યું રે જીવ-૭
શિવ એવા બળિયા, રૂપ જોઈ છળિયા, જોગકળામાં જ્યાન થયું રે જીવ-૮
એકલશ્રૃંગી ઋષિ, રેતા ધ્યાને બેસી, રસ ચાખતા રઢ લાગી રે જીવ-૯
તરત છૂટી તાળી, તપ નાખ્યું બાળી, બની વાત તે બગાડી રે જીવ-૧૦
નારી ને ગંધ, અહી થાય અંધ, પુરૂષને પ્રભુ પદથી પાડે રે જીવ-૧૧
કહે હરિદાસ, ન કરો વિશ્વાસ, હડકાયાને કરો હાડ્ય રે જીવ-૧૨

**૧૨૩૪ રાગ : ગરબી**

માવાના મુગટડાનાં મોતી, ઝીણાં ઝગમગ ઝળકે છે;
ઝગમગ ઝળકે છે, મનોહર મણિયું ચળકે છે...માવાના૦
લીલાં પીળાં રાતાં મોતી, કાળાં ધોળાં કોરે;
મોરકળાયલ મણિયું ઝડિયું, જોતાં ચિતડું ચોરે...માવાના-૧
કાળો કાળો કહાન કોડીલો, તેથી કાળા કેશ;
કાળું કાજળ નેણે સાર્યું, કામળી કાળી મેશ...માવાના-૨
પીળાં પીળાં પીતાબંર ને, પીળો હેમ કંદોરો;
પીળો કેસર લેપ લલાટે, પીળો કુસુમનો તોરો...માવાના-૩
રાતો કુંકુમ ચંદ્રક ભાલે, રાતાં મુખ તંબોળ;

રાતી હાથ હથેળી શોભે, અધર રાતાચોળ...માવાના-૪
લીલી લીલી સુંથણલીને, લીલો ખંભે પટકો;
લીલા રંગની છડી લઈને, કહાન કરે બહુ લટકો...માવાના-૫
ધોળાં ધોળાં મોતીડાં ને, ધોળો ફુલનો હાર;
ધોળાં મુખમાં દાંત દેખીને, દાસ હરિ બલિહાર...માવાના-૬

## ૧૨૩૫ અક્ષરધામે કેમ જાશો...

અક્ષરધામે કેમ જાશો જિજ્ઞાસુ ?, અક્ષર જાતાને માયા રોકશે;
ત્રણ દેહથી જુદો આત્માને જાણી, બ્રહ્મરૂપ થાતા માયા ભાગશે;
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સ્મરણ કરશે તે અક્ષર પામશે...ટેક૦
અક્ષરધામે કેમ જાશો જિજ્ઞાસુ ?, અક્ષર જાતાને સિદ્ધિયું રોકશે;
સિદ્ધિયું તો છે દેવોને દુર્લભ, અમને તો મોતિડે વધાવશે,
શ્રીજીની મૂર્તિ સન્મુખ રાખશું, શ્રીજી અમને ત્યાં ઉગારશે...સ્વામિ૦ ૧
અક્ષરધામ આઘુ અબજો જોજન, પાંખો વિનાના કેમ પહોંચશું;
પાંખો શ્રીજીની આજ્ઞા ઉપાસના, તે થકી અણુ દૂર લાગશે...સ્વામિ૦ ૨
અક્ષરધામે કેમ જાશો જિજ્ઞાસુ ?, અક્ષર જાતાં સગાંઓ રોકશે;
સગા સંબંધિને સત્સંગ ઓળખાવશું, મહિમા સમજીને સુખ માણશું...સ્વામિ૦ ૩
મહાપુરૂષદાસજી ગુરૂને પ્રતાપે, માવદાન અક્ષરનું સુખ માણશે;
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સ્મરણ કરશે તે અક્ષર પામશે...સ્વામિ૦ ૪

**૧૨૩૭ ડંકો દીધો તેં વીરા વાછરા-એ રાગ**

આજ સો સો વર્ષોનાં વાણાં વાઈ ગયાં;
તોયે જાણે હજુ કાલ સવારની વાત રે;
સહજાનંદ સ્વામી, ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે...ટેક૦
એનો એ દરબાર એના એ ઓરડા,
એના એ તોરણ ચાકળા હિંડોળા ખાટ રે...સહજાનંદ૦ ૧
એનો એ લીંબડો ને અક્ષર ઓરડી,
એના એ ગાદી તકિયા રંગતપાટ રે...સહજાનંદ૦ ૨
સાધુ બ્રહ્મચારી પાળાની સાથમાં,
ખાંતિલો આંહી ખેલતા રંગ ખેલ રે...સહજાનંદ૦ ૩
આજ સૂનો દરબાર સૂના એ ઓરડા,
સૂના દીસે આજ ઘેલા નદીના ઘાટ રે...સહજાનંદ૦ ૪
લક્ષ્મીવાડી લાડીલા લાલની,
પોઢ્યા જીયાં પાતળીયો મુજ પ્રાણ રે...સહજાનંદ૦ ૫
ગંગાજળીએ હરિને ગોતીયા,
જળ શૈયામાં જોયા જીવન પ્રાણ રે...સહજાનંદ૦ ૬
ગુણિયલ મૂર્તિ રે ગોપીનાથની,
દર્શન કર્યે શાન્ત દિલ થાય રે...સહજાનંદ૦ ૭
માગે કર જોડી માવદાનજી,
શ્રીજી સદાયે રહેજો મારી સહાય રે...સહજાનંદ૦ ૮

## ૧૨૩૭ આજ કળિયુગમાં પરચા પૂરે...

આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે;
પ્રેમી ભકતોની હામું પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે...ટેક૦
જામનગર જાત્રાનું ધામ છે, સ્વામી મંદિરમાં શ્રી ઘનશ્યામ છે;
દીધો પરચો પોષ સુદી એકાદશી પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૧
વિપ્ર કન્યા ઝવેરબાઈ નામ છે, કચ્છ પિયરને સાસરું આ ગામ છે;
ભાવે ભજતી એકલડી નિત્ય પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૨
પૂર્વ કર્મ મટે કેમ ભાવિ, થયો ઝામર ને આંખે ખોટ આવી;
થાય પીડા અંગોઅંગ સહાય કરજો પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૩
વૈદ્ય ડોકટરોને આંખડી બતાવી, સહુએ ઓપરેશન કરવા સમજાવી;
છેડાવ્રત આજ છુટે લાજ રાખો પ્રભુજી,સ્વામિનારાયણ સત્ય છે-૪
દર્શન એકાદશીને દિન દીધું, વહાલે વનિતાનું રૂપ ધરી લીધું;
ફર્યા પ્રદક્ષિણા પ્રેમી ભકત સાથે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૫
હરિએ નાખ્યું ટીપું નિજ હાથે, મહા અમૃતમય હાથ મૂકી માથે;
દુઃખ કાપ્યું સુખ આપ્યું દીનાનાથે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૬
પ્રેમદાની પીડા સર્વે ટાળી, થયા વનિતા રૂપે વનમાળી;
થયા ભેચક વૈદ્યો આંખ ભાળી પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૭
મૂર્ખ લોકો આ વાત નહિ માને, જુઓ આંખે જઈ સાંભળો શું કાને;
ખરી ખાત્રી કરી છે માવદાને પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૮

## ૧૨૩૮ પ્રાર્થના

ઈતનાં તો શ્રીજી કરના, જબ પ્રાણ તનસે નિકલે.
ઉન્મત્ત ગંગાકા તટ હો, સબ સંત જન નિકટ હો;
નારાયણ ધૂન્ય રટ હો. જબ૦ ૧
હોત પાઠ વચનામૃતકો, ઔર દીપ સુરભી ધૃતકો;
શુભ દિન હોય વૃતકો. જબ૦ ૨
હરિસ્તોત્ર કોઉ કેતે, ચરનોદક કોઉ દેતે;
જપ કરતે હોય જે તે. જબ૦ ૩
સબ વાસનાકો લય હો, કારન શરીરકો ક્ષય હો;
સત્ય મોક્ષકી ઉદય હો. જબ૦ ૪
તવ મૂરતિ મેરે ઉર હો, નખ શિખ આપ નૂર હો;
જગદીશ એ જરૂર હો. જબ૦ ૫
શુભ શ્વેત પાઘ શીર હો, ગુઢો રેંટો કમર હો;
અભયદાન દેતે કર હો. જબ૦ ૬
રથ વેલ જુથ સાજા, નંદ સંતકા સમાજા;
માણકીએ મહારાજા. જબ૦ ૭
અંતકાલ જલદી આના, નિજધામમેં લે જાના;
માગત યું માવદાના, જબ૦ ૮

## ૧૨૩૯ રાગ : કવ્વાલી

જરા કહેદો સાંવરિયા સે આયા કરે, આયા કરે મત જાયા કરે...જરા-૧
દિન નહી ચેન રૈન નહી નિંદીયા, સ્વપનેમે દરશ દિખાયા કરે...જરા-૨
યહ કપટીકો કોઈ કપટ ન બૂઝે, લોગનકો ભરમાયા કરે...જરા-૩
અવધ બીત ગઈ ફીર જહાં તહાં, બદનકો કયું છીપાયા કરે...જરા-૪
માવ કહે મોરે શ્યામ ન આયે, અબતો જીયા ગભરાયા કરે...જરા-૫

## ૧૨૪૦ રાગ : ગરબી

બોરડી બોરડી બોરડી રે, જુવો કાંટા વિનાની આ બોરડી...ટેક૦
સ્વામી ગોપાળાનંદજીની પાઘને, ચોટી ગઈ ચિત્ત ચોરડી રે; જુવો૦ ૧
સ્વામીજી દ્રષ્ટિ સાંધીને બોલ્યા, પ્રભુ મળ્યા તોય રહી કોરડી રે; જુવો૦ ૨
તેવે ટાંણે ખર્યા કાંટા તમામ ત્યાં, થયું રૂપ અક્ષર ઓરડી રે; જુવો૦ ૩
અત્યારે એમાં બદ્રિફળ થાય છે,જુઓ એમાં મન મોરડી; જુવો૦ ૪
સંતો જમે છે સત્સંગી જમે છે, બદ્રિફળ મીઠી છે બોરડી; જુવો૦ ૫
કવિ માવદાન કહે મંદિર થાતા ત્યાં, બોરડી થૈ જીવન દોરડી રે; જુવો૦ ૬

## ૧૨૪૧ ભવસાગરના નીર તરીને...

ભવસાગરના નીર તરીને, જાવું સામે તીર;
સંતો ભવસાગરનાં નીરજી...ટેક૦
આશા તૃષ્ણા નદી ને સંગમ, ગાજતાં ગંભીરજી;
મનસુબા રૂપી લોઢ મોટા, થાવા ન દીએ સ્થિર...સંતો-૧

કામ ક્રોધ ને લોભ મોટા, મગરમચ્છની ભીરજી;
ભામિની રૂપી ભમરીમાંથી, સાચવવું જ શરીર...સંતો-૨
શૂરતા રૂપી સઢ ચડાવી, શાંતિ રૂપ સમીરજી;
નાવ હરિના નામ રૂપી, ધારો નાંગળ ધીર...સંતો-૩
ખેવટ જ્ઞાની ગુરુ ગોતી, ધર્મી ધ્યાની ધીરજી;
માવ કવિ કહે તુરત તરશે, સત્સંગી શૂરવીર...સંતો-૪

૧૨૪૨ રાગ : ગરબી

મોગરાનાં ફૂલ સખી મોગરાનાં ફૂલ, શ્રીજીને પ્યારાં બહુ મોગરાનાં ફૂલ.
લક્ષ્મીવાડી શ્રીજીની રૂડી રળિયામણી, પુષ્પો લેવાને હું તો પ્રેમેથી ચાલી;
ખીલ્યાં ખીલ્યાં રે ત્યાં તો મનગમતાં ફૂલ...શ્રીજીને૦ ૧
ડોલર ગુલાબ ગુલ ચંપો ચમેલી, કેતકી કરેણ જાઈ જુઇ અલબેલી;
મોગરાની પાંખડીમાં સૌરભ અમુલ...શ્રીજીને૦ ૨
ફૂલડે-ફૂલડે મેં નામ શ્રીજીનું લીધું, વીણી વીણીને મારૂં મનડું પ્રોઈ દીધું;
એકસો ને આઠ ચૂંટ્યાં મોગરાનાં ફૂલ...શ્રીજીને૦ ૩
મોગરાની માળા ગૂંથી માવ કવિરાયે, કાવ્યની કુસુમ માળા કદી ન કરમાયે;
વિનગુણ એ માળા તણાં મૂલ છે અમૂલ...શ્રીજીને૦ ૪

૧૨૪૩ રાગ : લાવણી

શ્રીજી અને સહુ સંતો રે, મળી કરજો મારી સહાય;
હું છું તમારે શરણે રે, પુરુષોત્તમ લાગું પાય...ટેક૦

હું અનંત ભવમાં ભટકયો, આવી ઈયાં રે અટકયો;
ખરી રીતે રાખી ખટકો, છોગાળા કરજો છુટકો રે. પુરૂષો૦ ૧
નથી ગયો હું ગંગા કાશી, તેણે અંતર નથી ઉદાસી;
નકકી અક્ષર ધામ નિવાસી, મેં ઓળખિયા અવિનાશી રે. પુરૂષો૦ ૨
મનેમળ્યાસહજાનંદસ્વામી,ભાંગીજન્મોજનમનીખામી;
નારાયણ છો બહુનામી, ઉગારો અંતર્યામી રે. પુરૂષો૦ ૩
પ્રભુ પૂરણ પ્રજાળી પાપો, સ્થિર અક્ષરધામે સ્થાપો;
કહે માવદાન દુઃખ કાપો, અમને અક્ષયસુખ આપો રે. પુરૂષો૦ ૪

**૧૨૪૪ રાગ : ધોળ**

સંગત તેને શું કરે, જઈ ને કુબુદ્ધિમાં ધરે કાન...સંગત૦ ટેક.
મરી કપૂર બેઉ ભેગાં રહેતાં રે, નિરંતર કરી એક વાસ;
તોય તીખાશ એની ન ટળીરે, એની બુદ્ધિમાં નાવ્યો બરાસ.૦૧
ચંદન ભેળો વીટીંને રેતો રે, રાત દિવસ ભોયંગ
તોય કંઠેથી વિષ ન ગયું રે, એને ન આવી શીતળતા અંગ.૦૨
રાણી ને દાસી ભેગાં રહેતાં રે, જમતાં નિત્ય કરી પ્રીત;
તોયે શાણી સમજી નહીં રે, એને ન આવી રાજકુળની રીત.૦૩
મોટો ખર એક બાંધિયો રે, રાજતણી ઘોડશાળ;
બોલી ઠોલી તો બદલી નહીં રે, ચંદી ખાતો'તો હારો હાર.૦૪
દાદુર રહેતો તળાવમાં રે, નિત્ય કમળ સુપાસ;
કલબલ કરતો કીચમાં રે, એને ન આવી કમળની સુવાસ.૦૫
પથ્થર રહેતો પાણીમાં રે, ઉંડો કરીને નિવાસ;

પ્રીતમ કહે ટાંકણે તણખા ઝરે રે, એને ન લાગ્યો પાણીનો પાસ.૦૬

**૧૨૪૫ રાગ : ધોળ**

સંત પારસ ચંદન બાવના, કામધેનુ કલ્પતરું સાર સમાગમ સંતનો..ટેક૦
સંત સમજ્યામાં અંતર ઘણું, તરુ પારસ ત્રણ પ્રકાર...સમા-૧
એક પારસથી પારસ બને, એક પારસથી હેમ હોય...સમા-૨
એક પારસ લોહને કુંદન કરે, સો વરસે લોહ નવ હોય...સમા-૩
એક ચંદનથી વીખ ઉતરે, એક ચંદનથી અગ્નિ ઓલાય...સમા-૪
એક તલભાર તાતા તેલમાં, ફરી તાતું તેલ નવ થાય...સમા-૫
સર્વે સેના શૂરી નવ જાણવી, સર્વે નારી પતિવ્રતા નો'ય...સમા-૬
સર્વે ગજ શિર મોતી નવ નીપજે, વને વને અગર નવ હોય...સમા-૭
મૃગે મૃગે કસ્તુરી નવ નીપજે, નાગે નાગે મણી નવ હોય...સમા-૮
જળે જળે કમળ નવ નીપજે, તેની વિકિત વિચારીને જોય...સમા-૯
જ્ઞાનહીન ગુરુ નવ કીજીએ, વંધ્યા ગાય સેવે શું થાય...સમા-૧૦
કહે પ્રીતમ બ્રહ્મવેતા ભેટતાં, મહારોગ સમૂળો જાય...સમા-૧૧

**૧૨૪૬ હરિનો મારગ છે શૂરાનો...**

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતુ લેવું નામ જોને...૧
સુત વિત દારા શીશ સમર્પે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને...૨

મરણ આગમે તે ભરે મુઠ્ઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભા જુએ તમાશો, તે કોઈ દિ' નવ પામે જોને...૩
પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને...૪
માથા સાટે મોંઘી વસ્તું, સાંપડવી નહીં સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને...૫
રામઅમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દિન નીરખે જોને...૬

૧૨૪૭ પદ-૧

આવ્યા રસિકવર છેલડા, ને હું તો ઝબકીને જાગ્યો સેજ રે;
હરિ મારી સામે ઊભા...ટેક૦ ૧
ભૂલ્યો પાથરણું તે આપવું ને વળી ભૂલ્યો શરીર સંભાળ રે;
હરિ મારી સામે ઊભા...આવ્યા૦ ૨
કોટિ કિરણ તેજ છાઈ રહ્યાં, ને વળી અજવાળાં ઊઘડયાં આભ રે;
હરિ મારી સામે ઊભા...આવ્યા૦ ૩
દિવ્ય અલૌકિક દીપતા ને શ્રીજી, કુમળી કિશોર એની કાય રે;
હરિ મારી સામે ઊભા...આવ્યા૦ ૪
વિચરું સદા સત્સંગમાં ને, હું નથી ગયો દૂર દેશ રે;
બોલી હરિ સામે ઊભા...આવ્યા૦ ૫
માગ્યાં રામાનંદ પાસથી, અમે એવાં અભય વરદાન રે;
બોલી હરિ સામે ઊભા...આવ્યા૦ ૬

બોલી અલોપ એમ થઈ ગયા, ને લીધી અક્ષર કેરી વાટ રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૭
શોધ્યા તે ચૌટે ચોતરે, ને વળી શોધ્યા તે વગડાની વાટ રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૮
કુમકુમ પગલી પડી પ્રભુની, મારા મંદિરિયાની માંહ્ય રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૯
ત્યાં તો "વસંત" વેણ સાંભળ્યું, હરિ વસે સાચા સંતમાંય રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૧૦

**૧૨૪૮ મહીડાંના દાણ અમે નહિ દઈએ રે લોલ એ રાગ**

નીરખી નયણાને તૃપ્તિ ના વળે રે લોલ...ટેક૦
મૂર્તિ માધૂરી એની રમ્ય રે, શ્રીજીના સ્નેહ મને સાંભરે રે. લોલ;
દયાના ભરેલ એનાં દીલડાં રે લોલ, આંખડી ભરેલ અમીરેલ રે. શ્રી-૧
ઘોડલે ચડીને ઘેલે પરવરે રે લોલ, ખાંતે ખેલે તે નીરમાંય રે. શ્રી-૨
ગઢપુર ગામ કેરે ગોંદરે રે લોલ, ઝંખતી જુએ જન ભીડ રે. શ્રી-૩
દાદાને દરબાર દીપતા રે લોલ, ઢોલિયો ઢળાવી બેસે બહાર રે. શ્રી-૪
ફરતી ફળિમાં એક લીંબડી રે લોલ, છાયામાં જામે ભકત ભીડ રે. શ્રી-૫
તુલસીની માળા માગી ફેરવે રે લોલ,ખેંચે તોડીને કોઈ દિન રે. શ્રી-૬
ગાયે વાજીંત્ર સાથ મંડળી રે લોલ, ચપટી વજાડી વાલો ગાય રે. શ્રી-૭
આંટો લઈને અલબેલડો રે લોલ, ફેંટો બાંધીને બને છેલ રે. શ્રી-૮
સૂણતાં કથા તે હરે બોલતા રે લોલ, ડોલે મગન સૂણી મર્મ રે. શ્રી-૯
આપી આશિષ રાજી થઈ જતા રે લોલ, સંતને ભેટે તે ભરી બાથ રે. શ્રી-૧૦
દયા ધરીને થતા આકળા રે લોલ, દેવાને અન્ન ધન વસ્ત્ર રે. શ્રી-૧૧

ઝડીએ તે બ્રહ્મરસ વર્ષતો રે લોલ, ઝીલીને ઝીલાવે વસંત રે. શ્રી-૧૨

## ૧૨૪૯ રાગ : ગરબો

## કળિયુગનો ધર્મ (આગમવાણી સહિત)

શમ, દમ, તપ, શાંતિ, શૌચાદિક; એ બ્રાહ્મણના ધર્મજી રે,
તેનો ત્યાગ કરીને દ્વિજવર, કરશે કુડાં કર્મ રે. કળિયુગ આવ્યો (૨) - ૧
એવાં અનંત અજોગ્ય કર્મ છે, કેટલાંક કહિ સંભળાવું જી રે;
કળીમાં દ્વિજનાં લક્ષણ કેતાં, અંતર માંઇ લજાવું રે..કળિ૦ ૨
શૂરાતણી ધિરજ ડાપણ ને, જુદ્ધ થકી નવ ભાગે જી રે;
ગૌવ, બ્રાહ્મણ સાધુ સેવામાં, ક્ષત્રી નિત્ય અનુરાગે રે..કળિ૦ ૩
તે સર્વે ત્યાગીને ક્ષત્રી, કરશે પાપ અનેક જી રે;
તેમજ દાન પુણ્ય હરિ ભકિત, ત્યાગી દેશે છેક રે..કળિ૦ ૪
જીવ દયા કરવી ક્ષત્રીને, તે કરશે જીવ હિંસાજી રે;
ચોરી ચાડી ખાતર પાડી, ભેળા કરશે પૈઈસા રે..કળિ૦ ૫
જોડા ઉપર છાંટા પડતાં, ઢોર નર્કમાં જાશેજી રે;
તે દારૂને ક્ષત્રી પીશે અને બીજાને પણ પાશે રે..કળિ૦ ૬
રાજા ને રાજાના ચાકર, લાંચ લોકની ખાશે જી રે;
જુઠી જુઠી સાખ્યો પુરી અવળા ન્યાય તોળાશે રે..કળિ૦ ૭
ચાડીયા તે તો ચતુર કેવાશે રૂડા જન દંડાશે જી રે;
હરામીથી સર્વે હારશે સાધુ, પવિત્ર જન પીડાશે રે..કળિ૦ ૮
પાપ કર્મમાં બુડ્યાં રે'શે ધર્મ લેશ નહિ પાળે જી રે;
સત્પુરૂષની વાત નહિ માને, ચડશે અવળે ચાળે રે..કળિ૦ ૯
વાણિયા આદિક વૈશ્ય કહાવે, તે પણ નિજ ધર્મ લોપીજી રે;

પરનારી રત પાપી ગુરૂને રે સેવે તનમન સોંપી રે..કળિ૦૧૦
સાચા ધર્મને ખોટા કેશે, ખોટાને સત્ય ગાશે જી રે;
ઉત્તમ જાતી નાતરૂ કરશે, નહિ ખપે તેનું ખાશે રે..કળિ૦૧૧
કેટલાક માણસ દિકરીયુંને બાળપણમાં હણશે જી રે;
પરણાવ્યાનું દામ ખરચ્યાની, દાઝયે પાપ નહિ ગણશે રે.. કળિ૦૧૨
વાણિયા તે તો ચોરી કરાવશે, નહિ પાળે ધર્મ લેશ જી રે;
ઉપરથી તો રૂડા રાખશે, વૈવટ કેરાં વેશ રે..કળિ૦ ૧૩
કુડા રાખશે કાટલાં ઘરમાં, લોકને ઠગવા સારૂ જી રે;
ઓછું દેશે અદકું લેશે, કરે કર્મ નઠારૂ રે..કળિ૦ ૧૪
કન્યા કેરૂ દામ ન લેવું, તેનું ફળ છે મોટું જી રે;
તે કન્યાના પૈઈસા લેશે, કરશે કર્મ બહુ ખોટું રે..કળિ૦ ૧૫
કૃષ્ણ નામનું માહાતમ ગાઈને, છેનાળા બહું કરશે જી રે;
પ્રગટ પ્રભુની નીંદા કરશે, અસત ગુરૂને અનુસરશે રે..કળિ૦ ૧૬
કેટલાક વળી કર્મને સત્ય કહિ, નાસ્તિક મત અનુસરશે જી રે;
ભવ તારણ ભગવાન તજીને, પાપ કર્મ બહું કરશે રે..કળિ૦ ૧૭
તેમજ શુદ્ર પણ કલી જુગમાં, કરશે નિંદિત કર્મ જી રે;
દયા ઘાત છલ ખલ બહુ કરશે, નહિ પાલે શુભ ધર્મ રે..કળિ૦ ૧૮
ચોરી ને હિંસા બહુ કરશે, કરશે મદીરા પાન જી રે;
ભૂત ભરવાડા ભુવા ધુણાવશે, નહિ ભજે ભગવાન રે..કળિ૦ ૧૯
શૌદર જાતી માણસ કાવે, તે ગુરૂ થઈ જગ ફરશે જી રે;
એક બ્રહ્મની વાતું કરશે, પરનારી સંગ ફરશે રે..કળિ૦ ૨૦
અસત પુરૂષ ગુરૂ થઈ જગ ફરશે, કાન ફુંકી ધન લેશે જી રે;
વેદ પુરાણ શાસ્ત્ર હરિ મૂર્તિ, સર્વેને ખોટાં કેશે રે..કળિ૦ ૨૧

અસદ ગુરૂને તેના ચેલા, અસત મારગને અનુસરશે જી રે;
ભગની, સુતા, પુત્રની નારી, તેનો સંગ નિત્ય કરશે રે..કળિ૦ ૨૨
એવા અનંત પાપે જુકત પ્રાણી, કળિયુગમાં બહુ થાશે જી રે;
નારાયણનું ભજન તજીને, અન્યદેવના ગુણ ગાશે રે..કળિ૦ ૨૩
સાસુની શીખામણ વહુંઓ, અંતરમાં નહિ ધારે જી રે;
માતાને બહું નિત્ય દબાવશે, તોયે શાન્તિ નહિ વારે રે..કળિ૦ ૨૪
દિકરા પણ વહુના પક્ષ લઈને, માતાપિતાને લડશેજી રે;
માતપિતા ઓશિયાળ થઈને, ખુણે બેઠા રડશે રે..કળિ૦ ૨૫
વાંકાં વાંકાં વેણાં કેશે, સાસુને બહુ આવી જી રે;
દિકરા તો જોઈને રાજી થાશે,માતા ઉપર રીસ લાવી રે..કળિ૦ ૨૬
માતાને ઉદરમાં દુઃખ દે તો, ઉંધે શીર રહ્યો ઝુલી જી રે;
પાલીપોષી મોટો કર્યો તેનો, ગુન પાપી જાશે ભુલી રે..કળિ૦ ૨૭
સાસુ કેરાં વેણ ઉપર, વહુ વેણ લાવે જી રે;
દીકરા સાંભળી રાજી થશે, સાસુ નણદી રીસાવે રે..કળિ૦ ૨૮
મર્મના વચન સાસુતે વહુને, કેશે તું શું લાવી જી રે;
તારા બાપની છતાં હું જાણું, સર્વે વેદ બતાવી રે..કળિ૦ ૨૯
લોકોનું લુડાપણું કરતો, પેટે પરાણે ભરતો જી રે;
અન્ન વસ્ત્રને અર્થે તારો, બાપતો વલખાં કરતો રે..કળિ૦ ૩૦
એવાં વાંકાં વેણ વહુંને, સાસુ કેરા બળતા જી રે;
ત્યારે વહું સાસુને સુણાવવા, પતિને કેશે બળતા રે..કળિ૦ ૩૧
તારે પાને હું કયાંથી આવી, નિત્ય મેણા ખાવા જી રે;
તારો બાપ નઠારો તુંને, શીદ લાવ્યો પરણાવા રે..કળિ૦ ૩૨
ધણીને વહુઓ ધોકે મારશે, પર નર દેખી રાજી રે;
પતિ નારીને શિખામણ દેશે, તેને કેશે પાપી જી રે..કળિ૦ ૩૩

પરણ્યા ધણીનો ત્યાગ કરીને, પરનર સંગે લપટાશે જી રે;
પતિવ્રતાનો ધર્મ નહિ પાળે, એવી નારીઓ થાશે રે..કળિ૦ ૩૪
વહુને સારૂ લગાડવા કાજે, જેમ કેશે તેમ કરશે જી રે;
નારી વશ થઈ કામ સર્વે કરશે, નફ્ટ થઈને ફરશે રે..કળિ૦ ૩૫
ધણી ધણીયાણીના ધોશે વસ્ત્ર, હાથે રાંધશે નિત્ય જી રે;
બોન બારણું ન દેખે, સાળી લેશે સાડલો રે..કળિ૦ ૩૬
સસરા સાળાને ખવડાવશે, ભાઈયું સાથે વેરજી રે;
બોન ભાઈ ઘેર આવશે તો, લાગશે કડવા ઝેર જી રે..કળિ૦ ૩૭
બાળકનું ઉપરાણું લઈને, ભાઈ ભાઈ સંગમાં લડશે જી રે;
તુછ પદારથ સારૂ બધા વેર છે, એક બીજાને લડશે રે..કળિ૦ ૩૮
જતી જોગી બ્રહ્મચર્ય વ્રત ત્યાગી પંચ વિષય રૂપ વિખપિસે જી રે;
ધન નારીનો સંગ્રહ કરશે, હરિ સંગે મન ન દિસે રે..કળિ૦ ૩૯
જંત્રમંત્રને દોરા ધોગાં, ઘેર ઘેર કરતા ફરશે જી રે;
ત્યાગ વૈરાગ્યને ધ્યાન ભજન સર્વે, ત્યાગ કરીને ધન હરશે રે..કળિ૦ ૪૦
સત્પુરૂષનો દ્રોહજ કરશે, અસત્પુરૂષ સંગાથે હેત જી રે;
ગાંજો ભાંગ અફીણને હોકા,(તમાકુ) પીતાંપીતાં થાશે ફજેત રે..કળિ૦ ૪૧
અંધ ગુરૂ તેના શિષ્યોને પણ, નિષ્કામ ધર્મમાં હેત ન દિસે જી રે;
નીચ ગુરૂનું એંઠું ખાશે,ચરણ ધોઈને તેના(પાપી) શિષ્યો પીશે રે..કળિ૦ ૪૨
એવા અનંત દોષે યુકત કલિમાં, ગુરૂને શિષ્યો બહુ થાશે જી રે;
વિધિનિષેધનો ત્યાગ કરીને, એક બ્રહ્મને મુખ ગાશે રે..કળિ૦ ૪૩
ગીતામાં અર્જુનને કીધું રે, કૃષ્ણ પ્રભુ શ્રીમુખજી રે;
અધર્મ કલિના વિટ્યા માણસ, મુજથી થાશે વિમુખ રે..કળિ૦ ૪૪
ત્યારે હું પૃથવીમાં પ્રગટીશ, ધર્મના સ્થાપન સારૂજી રે;
અધર્મ કલિનો નાશ કરીને, તારીશ જીવ અનંત જી રે..કળિ૦ ૪૫

કરૂણા કરીને કૃષ્ણ કલિમાં, પ્રગટ થાશે સુખ દાન જી રે;
હરિ હરિ કૃષ્ણ નામ કેવાશે, પુરૂષોત્તમ ભગવાન રે..કળિ૦ ૪૬
કામ ક્રોધ મદ લોભ ને ત્યાગી, સાધુ કરશે અપાર જી રે;
ધર્મ જ્ઞાન વૈરાગ્યે સહિત, ભકિત કરશે વિસ્તાર રે..કળિ૦ ૪૭
પાંડવને કૃષ્ણએ કહિ દાખ્યા, એવી રિત્યે કલિ ધર્મ જી રે;
પાંડવ સુણીને હીમાળે ગળીયા, જાણી સઘળો મર્મ રે..કળિ૦ ૪૮
સંવત અઢાર સાડત્રિસે ગાયો, કલિ જુગનો મહીમાય જી રે;
તેને ગાય શીખે ને સાંભળે, તેના અઘ બળી જાય રે..કળિ૦ ૪૯
પાંડવને શ્રીકૃષ્ણએ કીધું, તે સર્વે થયું તેમ જી રે;
કર જોડીને ગોવિંદરામ કહે છે, પાળજો રૂડા ધર્મ નેમ રે..કળિ૦ ૫૦

## ૧૨૫૦ વ્હાલા લાગે મને પ્યારા...

વ્હાલા લાગે મને પ્યારા લાગે, ભકિત માતાના બાળ રે,
જય સહજાનંદ સુખકારી... ટેક૦.
પ્રગટ પ્રભુ સુખ ધામ તમારું, અખિલ બ્રહ્માંડે ન્યારું;
પૂર્ણ પુરુષોત્તમ પ્રભુજી પ્યારા, ધર્મદેવના દુલારા;
અમારા ધર્મદેવના દુલારા...વ્હાલા-૧
ભાવે કભાવે જે કોઈ ભજશે, સંસાર સાગર તરશે;
દેવ દયાળુ છો બહુનામી,રટજો અંતરજામી;
સદાયે રટજો અંતરજામી...વ્હાલા-૨
અવસર ફરી ફરી નહિ આવે, ભજી લ્યો શ્રીહરિ ભાવે;
અજર અમર જય પતિતપાવન, ભકતવત્સલ ભગવાન;

અમારા ભકતવત્સલ ભગવાન...વ્હાલા-૩
ભકતજનોનાં દુઃખડાં હરો છો, કારજ સઘળાં કરો છો,
દાસ મગન પર મહેર કરો, તો ભવનાં બંધન છૂટે,
અમારા ભવના બંધન છૂટે...વ્હાલા-૪

**૧૨૫૧ કળા અપરંપાર**

કળા અપરંપાર વાલા એમાં પહોંચે નહિ વિચાર,
એવી તારી કળા અપરંપારજી...ટેક૦
હરિવર તું કયે હથોડે આવા ઘાટ છો ઘડનારજી;
બાળકને પ્રભુ માતપિતાની, કેમ આવે અણસાર...એવી૦ ૧
અણુમાં આખો વડ સંકેલ્યો, એનાં મૂળ ઊંધા મોરારજી;
કીડીનાં આંતર કેમ ઘડીયાં, સૃષ્ટિના સરજનહાર...એવી૦ ૨
જન્મ્યા પહેલા દૂધ જુગતે, કીધું તેં તૈયારજી;
મોરનાં ઈન્ડામાં રંગ મોહન, કેમ પૂર્યા કિરતાર...એવી૦ ૩
કોણ બોલે કોણ કલ્પે, હા કે ના કહેનારજી;
પરસેવાની લીખ પંડની, તાગે ન તારણહાર...એવી૦ ૪
અણુ અણુમાં ઈશ્વર તારો ભાસે છે ભણકારજી;
કાગ કહે કઠણાઈ થઈ તોય આવે નહીં ઈતબાર...એવી૦ ૫

**૧૨૫૨ રાગ : ખમાય**

રૂડું સ્વામિનારાયણ નામ, નિત્ય સંભારીએ રે,

વળી કરતાં ઘરનું કામ, ઘડી ન વિસારીએ રે.
ધર્મસુતનું ધ્યાન જ ધરતાં, વાર નહીં ભવસાગર તરતાં,
હરતાં ફરતાં હરિને હૈયે ધારીએ રે...રૂડું૦ ૧
દુઃખ પડે દિલગીર ન થાવું, સુખ મળે હરખાઈ ન જાવું,
સદાય હિંમત હૈયેથી નવ હારીએ રે...રૂડું૦ ૨
સંસાર છે સુખ દુઃખનો દરિયો, તેમાં તરી શકે કોઈક જ તરિયો,
સંતસમાગમ કરીને મનને મારીએ રે...રૂડું૦ ૩
સ્મરણ કરતાં સુખ જ થાશે, ફોગટનો ફેરો ટળી જાશે,
મૂળજી કહે મહારાજ મુજને તારીએ રે...રૂડું૦ ૪

**૧૨૫૩ રાગ : ગરબી**

સદા સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખિયા રે;
નાવે અકળામણનો અંત, મૂરખમાં મુખીયા રે. સદા. ૧
મહિપાલ પામે મહાત્રાસ, ઘણા વેરી ગાજે રે;
રખે થઈ જાય રાજનો નાશ, તેણે હૈયું દાજે રે. સદા. ૨
તાલેવરને અંતરે ત્રાસ, ધાંખના ધનની રે;
રખે થૈ જાય નાણાંનો નાશ, મહા વ્યાધિ મનની રે. સદા. ૩
રૂવે રાત દિવસ બહુ રાંક, ભૂખે મન ભટકે રે;
વડો પૂર્વ જનમનો વાંક, ખરે ખરો ખટકે રે. સદા. ૪
વણપરણેલા મનમાં મુંઝાય, ફોગટ જેવા ફરીયે રે;
પરણેલા પૂરણ પસ્તાય, હવે શું કરીયે રે. સદા. ૫
સુવાસણને ધણીનો સંતાપ, હુકમ કરે હાલી રે;

વિધવાનાં તે પૂરણ પાપ, ઉંમર ઓશિયાળી રે. સદા. ૬
કુળવંતી કરે કકળાટ, છકી ગયાં છૈયાં રે;
કહ્યું માને નહિ દિનરેણ, કાળાં મોંનાં કૈયાં રે. સદા. ૭
વાંજિયાનાં વિલાં મૂખ, માથે મેણું મોટું રે;
શેર માટીનું ભાંગવા દુઃખ, દિયે જ્યાં ત્યાં દોટું રે. સદા. ૮
નીચા કુળ વાળા અકળાય, વધી ગયા વાંઢા રે;
દૈવે શીદને સરજ્યા આંય, ન સરજ્યા ઢાંઢા રે. સદા. ૯
ભોગ લાગ્યો તે લીધો ભેખ, બોલે એવું બાવા રે !!
પડી હાથમાં પૂરવ રેખ, તેથી થયા આવા રે. સદા. ૧૦
જેને પ્રપંચ ઉપર પ્રીત, ઝુરે એતો ઝાઝું રે;
ઋષિરાજની સમજે રીત, તેને સુખ તાજું રે. સદા. ૧૧

## ૧૨૫૪ જો તુમ તોડો પિયા...

જો તુમ તોડો પિયા મૈં નાહીં તોડુ રે, તુમ સંગ તોડી પ્રીત કૌન સંગ જોડું રે...જો૦
તુમ ભયે તરૂવર મૈં ભઈ પંખીયા, તુમ ભયે સરોવર મૈં તેરી મછીયા...જો૦
તુમ ભયે ગિરિવર મૈં ભઈ મોરા, તુમ ભયે ચંદા હમ ભયે ચકોરા...જો૦
તુમ ભયે મોતી પ્રભુ હમ ભયે ધાગા, તુમ ભયે સોના હમ ભયે સોહાગા...જો૦
મીરાં કહે પ્રભુ બ્રીજકે વાસી, તુમ મેરે ઠાકોર મૈં તેરી દાસી...જો૦

## ૧૨૫૫ રાગ : મલાર

હાલરકી લકરી હરિ મેરે હાલરકી લકરી, પકરી સો પકરી...હરિ૦ ૧

મન કર્મ વચને શ્રી નંદનંદન શું, દઢ કરીકે પકરી...હરિ૦ ૨
જાગત સોવત હરિ સ્વપનમેં, કા'ન કા'ન જકરી...હરિ૦ ૩
જોગ ઓધાજી એસો લગત હે, જ્યું કડવી કકરી...હરિ૦ ૪
તુમ તો ઓધાજી બોધ લઈ આયે, શીખી સુની નકરી...હરિ૦ ૫
સૂરદાસ પ્રભુસું જઈ કહીયો, જાકો મત જકરી...હરિ૦ ૬

**૧૨૫૬ રાગ : ભૈરવી**

પ્રેમવતી અતિ પ્રીત કરીને, શ્યામ સુંદરને જગાવે રે;
વારેવારે ઘનશ્યામ કહિને, હેત ઘણેથી બોલાવે રે..પ્રેમ૦ ૧
પ્રાણજીવન પુરૂષોત્તમ પ્યારા, ઉઠોને આળસ જાવે રે;
પંખી બોલે પાડોસણ્ય જાગી, ગુણ તમારા ગાવે રે..પ્રેમ૦ ૨
સુખકારી શંકર આવી ઉભા, દ્વારે તે ડમરું બજાવે રે;
નારદ નૌતમ વીણા લૈને, થેઈ થેઈ પાવ નચાવે રે..પ્રેમ૦ ૩
સખા તમારા તમને મળવા, આતુર અંતરે થાવે રે;
દાસ બદ્રિનાથ કહે કરજોડી, દરશન દ્યો દુઃખ જાવે રે..પ્રેમ૦ ૪

**૧૨૫૭ રાગ : ધોળ**

છોટી ઉંમરમાં માવજી રે, મેલી ચાલ્યા ઘરબાર રે;
શામળિયા છેલ છપૈયા પધારજો...ટેક૦
પ્રભાતે પ્રભુજી પધારિયા રે, અધમનો કરવા ઉદ્ધાર રે...શામ૦ ૧
વનની વાટે વહાલો ચાલિયા રે, આણી અંતરમાં ઉમંગ રે...શામ૦ ૨

પગમાં પહેરી નહિ મોજડી રે, અંગરખી નહિ અંગ રે...શામ૦ ૩
એકાએકી ચાલી નીસર્યા રે, જોવા રહ્યા નહિ જોડ રે...શામ૦ ૪
સૂતાં સંબંધીને મેલિયાં રે, પૂરા કર્યા નહિ કોડ રે...શામ૦ ૫
સખા શોધે ઘનશ્યામને રે, દિલમાં થઈ દીલગીર રે...શામ૦ ૬
ક્યાંય મળ્યા નહિ માવજી રે, નેણે વહે સહુને નીર રે...શામ૦ ૭
રામપ્રતાપ રૂએ ઘણું રે, ભાભી રૂએ ઘરમાંહી રે...શામ૦ ૮
છોટા બંધુ ઈચ્છારામજી રે, રૂએ કહી કહી ભાઈ રે...શામ૦ ૯
શ્યામને શહેરમાં શોધિયા રે, શોધિયા હાટ બજાર રે...શામ૦ ૧૦
અન્ન કોઈ જમે નહિ રે, નેણે વહે જળધાર રે...શામ૦ ૧૧
વનમાં વસે ઘણા દીપડા રે, સિંહ સૂવર શિયાળ સાપ રે...શામ૦ ૧૨
તેથી બીશો મારા વાલમાં રે, પાછા વળી આવો બાપ રે...શામ૦ ૧૩
તમ વિના સહુ દુઃખિયા રે, સગાં કુટુંબ પરિવાર રે...શામ૦ ૧૪
પે’લાં પ્રીતમ સુખ આપિયાં રે, આ સમે દુઃખનો નહીં પાર રે...શામ૦ ૧૫
માતા વિના દુઃખી બાળકો રે, નીર વિના જેમ મીન રે...શામ૦ ૧૬
આંખો વિના દુઃખી આંધળો રે, તમ વિના છીએ તેમ રે...શામ૦ ૧૭
રાત દિવસ ના’વે નિંદરા રે, દિલમાં બહુ દુઃખ થાય રે...શામ૦ ૧૮
બદ્રિનાથ કહે તમ વિના રે, પળ તે કલ્પ સમ જાય રે...શામ૦ ૧૯

## ૧૨૫૮ રાગ : ગરબી

પૂછી જો અંતરને તારાં હૈયે મુકી હાથ, કહોને ક્યાંથી રીઝે ઘનશ્યામ...ટેક૦
પૂન્ય ગયું પરવારી આજે, વધી રહ્યું છે પાપ...કહોને-૧
સ્વારથના સહુ સગાં સંબંધી, સ્વાર્થની છે દુનિયા અંધી;

વહાલા વેરી થાતાં જગતમાં, સરી જતું જ્યાં સ્વાર્થ...કહોને-૨
કામીની ને કંચન કાજે, ભાઈ ભાઈનાં ગળાંજ કાપે;
શરમ ન આવે સહેજે રે તુજને, કરતાં કાળાં કામ...કહોને-૩
જૂઠું બોલતાં નવ અચકાતાં, માનવ દિન દિન દાનવ થાતાં;
પાપી પેટને ખાતર આજે, કતલ થતી ગૌમાત...કહોને-૪
સત્ય અહિંસા દયા ભૂલાઈ, લાભને લોભે વધી બુરાઈ;
દુઃખમાં નાખે દીકરીને, પછી લે'ર કરે માબાપ...કહોને-૫
ગયો જમાનો રામ સીતાનો, પતિવ્રતા ને પવિત્રતાનો;
આજ કાલના જુવાનિયાએ, નેવે મૂકી લાજ...કહોને-૬
ઈમિટેશનમાં અંધજ થાતાં, ફેશનમાં ભૂલી ભટકાતાં;
સાચી વસ્તુ શોધતાં આજે, મળે નહિ કોઈ ઠામ...કહોને-૭
ધર્મ નિયમને છેટે મૂકયા, ઈશ્વરને પણ છેકજ ચૂકયા;
દારૂ પીધેલાં માંકડાં જેવા, જીવ બન્યા બેફામ...કહોને-૮
પાપનાં પોટલાં બાંધ્યા પ્રાણી, લોકમાંહી શી કરી કમાણી;
માધવદાસ કહે છે મૂરખ, મૂળગો ખોયો માલ...કહોને-૯

**૧૨૫૯ રાગ : પ્રભાતી**

દાદાને દરબાર જાશું, સવારમાં નિત્ય ઊઠીને,
માવાનુ મુખડું જોશું, સવારમાં નિત્ય ઊઠીને...ટેક૦
હરશું ફરશું ને સ્મરણ કરશું, માવાનું મુખડું જોશું; સવારમાં૦ ૧
સંતો કહે તે સેવા રે કરશું, કહેશે તો સંજવારી લેશું; સવારમાં૦ ૨
ગોપીનાથજીના ગુણલા ગાશું, હાથ જોડીને ઊભા રે'શું; સવારમાં૦ ૩

હરિકૃષ્ણજીને હેતેથી મળીએ, સંસારમાં શીદને ભળીએ; સવારમાં૦ ૪
માતાજી પાસે માગીને કહીએ, બાળકોની ખબરું લઈએ; સવારમાં૦ ૫
વાસુદેવજીને વારણે જઈએ, અમે તમારા એમ કહીએ; સવારમાં૦ ૬
ધર્મ ભક્તિને ભાળીને કહીએ, હવે જાવા નવ દઈએ; સવારમાં૦ ૭
રેવતીજીને હૃદયમાં ધરીએ, સૂર્યનારાયણ સમરીએ; સવારમાં૦ ૮
જદુપતિને જોવાને સારું, પાસે છે બળરામ ભઈએ; સવારમાં૦ ૯
આ દશ મૂર્તિનું જે દર્શન કરશે, ભવથી પાર ઉતરશે; સવારમાં૦ ૧૦
લીંબતરુંની લીલા સંભારીએ, શ્રીજીનું ધ્યાન નિત્ય ધરીએ; સવારમાં૦ ૧૧
ઘેલા નદીના ઘાટને જોઈને, સ્નાનવિધિ અનુસરીએ; સવારમાં૦ ૧૨
આ દશમૂર્તિ રહો મુજ આગે, ધીરૂભા એમ નિત્ય માગે; સવારમાં૦ ૧૩

### ૧૨૬૦ રાગ : ભૈરવી

વ્હાલા તારી મૂર્તિનું બંધન છે એવું, ચંદ્રને ચકોરીની પ્રીતડીના જેવું.
ચંદ્રને જો નીરખે ના એક પલ ચકોરી, ત્યજી દે એ પ્રાણને વિયોગે ઝૂરી ઝૂરી;
અદ્ભુત આ બંધન છે ના મનાય એવું...ચંદ્રને૦ ૧
ઘનશ્યામ આવો મારા રુદિયાના સ્વામી, ભકિત કરૂં તમારી ધામના હે ધામી;
મૂર્તિનું સુખડું છે ના ભૂલાય એવું...ચંદ્રને૦ ૨
ભકતોના નાથજી સંભાળજો નૈયા, બની રહેજો અંતકાળે નાવના ખેવૈયા;
દયા કરી નાથ મને દેજો વર એવો...ચંદ્રને૦ ૩
પતિતના પાવક છો શ્રીહરિ કહે જયેશ, ગુણગાન ગાય તમારા બ્રહ્માદિક મહેશ;
ઓરા આવો શ્યામ મારૂં કીર્તન છે એવું...ચંદ્રને૦ ૪

## ૧૨૬૧ આજ અવનીમાં પ્રગટ્યા...

આજ અવનીમાં પ્રગટ્યાં પોતે પુરૂષોત્તમ, સ્વામિનારાયણ શ્રીહરિ;
જેને મોટા મુનિવર ગોતે પુરૂષોત્તમ, સ્વામિનારાયણ શ્રીહરિ...ટેક૦
જેનું અક્ષરબ્રહ્મ એવું ધામ છે, સ્વામી સહજાનંદજી જેનું નામ છે;
તે જ ભક્તિધર્મના સુત...પુરૂષોત્તમ-૧
રામ કૃષ્ણાદિ રૂપ જેણે ધાર્યાં, બહુ દુનિયાના દુષ્ટો સંહાર્યા;
કામ ક્રોધાદિ દોષો નિવાર્યાં...પુરૂષોત્તમ-૨
ધર્મ ભકિતના રૂપ જેણે સ્થાપ્યા, મોહ માયાનાં મૂળીયાં કાપ્યાં;
પ્રેમી ભકતોને સુખ બહુ આપ્યાં...પુરૂષોત્તમ-૩
બહુ પ્રગટ પરચા બતાવ્યા, કૈંક ધામમાં જઈને પાછા આવ્યા;
ત્યાંની ચીજો અલૌકિક લાવ્યા...પુરૂષોત્તમ-૪
જેને વેદો વદે છે નેતિ નેતિ, કહી શકે નહીં મહિમા અથેતિ;
થાકે શારદા એ યશ જેનો કહેતી...પુરૂષોત્તમ-૫
નિજ ભકતોને તેડવાને આવે, બેસી વિમાન ને ધામમાં સિધાવે;
એવો બીજો દયાળુ કોણ કા'વે...પુરૂષોત્તમ-૬
કીધો પ્રગટનો મહિમા વિચારી, જેવી પહોંચી મતિ તેમાં મારી;
રહે વર્ણી શ્રીજી સંભારી...પુરૂષોત્તમ-૭

## ૧૨૬૨ રાગ : ધોળ

મારી અવિચળ ચૂંકને રાખજો, મારી ચૂડીનો ભંગ ન થાય,

માગું વર નાથજી. ટેક૦

રહે કેસર પીર લલાટમાં, રહે સેંથો ચાંદલો સદાય...માગું-૧
મારે ઘેર રહે સંત સામટા, નિત્ય ગુણ તમારા ગાય...માગું-૨
સત્સંગી મળી દેશોદેશનાં, આવે ઉત્સવ કરવાને આંય...માગું-૩
મારે ઘેર રહો ઘનશ્યામજી, મારી સંપત્તિ તમ અર્થે થાય...માગું-૪
રાજપાટને ગામ ગરાસ છે, ભૂવન સહિત તમારાં કહેવાય...માગું-૫
જયા લલિતા રમા ને પાંચાળી, તેને સમજુ છું મુકત સમાન...માગું-૬
અમો સૌ મળી તમને સેવીએ, ધરીએ અખંડ તમારૂં ધ્યાન...માગું-૭
કરો મંદિર મોટું મારે આંગણે, રહો પ્રેમથી પ્રાણ આધાર...માગું-૮
તેમાં મૂર્તિ પધરાવો વાસુદેવની, તમો પડોશી થાઓ કરી પ્યાર...માગું-૯
વળી આ લોકની સુખ સંપત્તિ, શ્રીજી આપી પૂરા કરો કોડ...માગું-૧૦
દુરિજનનું મેણું ઉતારવા, પ્રભુ આપજો પુત્રની જોડ...માગું-૧૧
અભય સુતને સુખી રાખજો, રહે અખંડ અભય પરિવાર...માગું-૧૨
અભય વંશ સદા તવ ઉપાસી, એ માગું છું હું ધર્મકુમાર...માગું-૧૩
વળી અભય સુત પહેલા મુજને, શ્રીજી આપજો અક્ષરવાસ. માગું-૧૪
એવી વાણી સુણી જસુબાઈની, વર આપો કહે યુગલદાસ. માગું-૧૫

## ૧૨૯૩ પદ - ૧

પ્રભુ મને થાજે એવો અનુકૂળ,(૨) જેથી મને સુઝે મારી ભૂલ...પ્રભુ૦
દોષ બીજાને દેતાં પેલાં, હું સમજું મારી ભૂલ;
પાપ બધાં એ પ્રગટ કરીને, થઈ જાઉં હળવો ફૂલ...પ્રભુ૦ ૧
પક્ષાતીત થઈ ફરૂં જગતમાં, સહજે રહું સમતુલ;
પરમારથમાં પ્રીત વાધે, ને પરધન સમજું ધૂલ...પ્રભુ૦ ૨

જૂઠ ભર્યું ના જીવન જીવું, ભલે સંપત્તિ મળતી વિપુલ;
સજ્જનના સત્સંગમાં, મારૂં મનડું રાખજે ડૂલ...પ્રભુ૦ ૩
કામ ક્રોધ મદ મત્સરના, વાગે ન જરીએ ત્રિશૂલ;
અંતરજામીથી અળગા થાતાં, બનું બહુ વ્યાકુળ...પ્રભુ૦ ૪
દેવ દયાળુ દયા કરો, હું માગું એકજ મૂલ;
હરિવર મારા હૈયા માંહી, રેજો સદાયે ડૂલ...પ્રભુ૦ ૫

૧૨૬૪ રાગ : ઘુઘુવડો

તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું;
કંઈક આત્માનું કરજો કલ્યાણ, જીવન થોડું રહ્યું...ટેક૦
એને દીધેલ કોલ તે ભૂલી ગયા, જૂઠી માયાના મોહમાં ઘેલા થયા;
ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન...જીવન-૧
બાળપણ જુવાનીમાં અરધું ગયું, નહિ ભકિત મારગમાં પગલું ભર્યું;
હવે બાકી છે તેમાં દ્યો ધ્યાન...જીવન-૨
પછી ગઢપણમાં ગોવિંદ ભજાશે નહિ, લોભ વૈભવ ધન તજાશે નહીં;
બનો આજથી પ્રભુમાં મસ્તાન...જીવન-૩
જરા ચેતીને ભકિતનું ભાતું ભરો, કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો;
છીએ થોડા દિવસના મે'માન...જીવન-૪
બધા આળસમાં દિવસો વીતી જશે, પછી ઓચિંતું યમનું તેડું થશે;
નહીં ચાલે તમારૂં તોફાન...જીવન-૫
એજ કહેવું આ દાસનું દિલમાં ધરો,ચિત્ત રાખી ઘનશ્યામને સ્નેહે સ્મરો;
ઝાલો ઝાલો ભક્તિનું સુકાન...જીવન-૬

## ૧૨૭૫ વૈષ્ણવ જન તો તેને રે કહીએ-એ ઢાળ

સત્સંગી તો તેને રે કહીએ, જે શિક્ષાપત્રી પાળે રે;
નિયમ નિશ્ચય પક્ષ ન મૂકે, નિર્મળ નજરે નિહાળે રે...સત્સંગી- ૧
સર્વોપરી શ્રીજીને જાણે, નિષ્ઠા ન ફરે એની રે;
બ્રહ્મરૂપે પરબ્રહ્મને સેવે, ધન્ય ધન્ય ભકિત તેની રે...સત્સંગી- ૨
ગુણદષ્ટિથી દોષો ત્યાગે, વિનયી ને પૂર્ણ વિવેકી રે;
માથું જાતાં ટેક ન મૂકે, ભક્તિ કરે એકાંતિકી રે...સત્સંગી- ૩
મદ્યમાંસ ને ચોરી અવેરી, વ્યસન સર્વે વિસાર્યા રે;
ચિંતવન એક શ્રીજીનું રાખે, તાપ ત્રિવિધ નિવાર્યા રે...સત્સંગી- ૪
નિષ્કામ ભાવે સેવા સજે, હરિ ને હરિના જનની રે;
ષડુર્મિ ને તૃષ્ણા ત્યાગી, અહં મમતા તજી મનની રે...સત્સંગી- ૫
વણ ક્રોધી ને નિઃસ્વાદી છે, નિર્લોભી નિષ્કામી કા'વે રે;
નિર્માની થઈ વર્તે તોયે, ગુણના માન ન આવે રે...સત્સંગી- ૬
મોહ માયા વ્યાપે ન જેને, તીવ્ર વૈરાગ્ય જેનાં મનમાં રે;
પંચવિષયોને પરહરિયા, વિકારો નહિ તેનાં તનમાં રે...સત્સંગી -૭
ઈર્ષ્યા અસુયા મત્સર ટાળ્યા, સદ્‌ભાવ જેનાં મનમાં રે;
શ્રીજી સાથે લગની લાગી, સકળ તીરથ તેનાં તનમાં રે...સત્સંગી- ૮
કાળ કર્મ ન લોપે જેને, પરધન પથ્થર જાણે રે;
દાસ થઈ રહે સત્સંગે, તે અક્ષરપદ માણે રે...સત્સંગી- ૯

**૧૨૬૬ રાગ : યમન કલ્યાણ**

દર્શન દ્યો ઘનશ્યામ નાથ, મોરી અખિયાં પ્યાસી રે. ટેક૦
મન મંદિરકી જ્યોત જગાદો, ઘટ ઘટ વાસી રે. દર્શન૦ ૧
મંદિર મંદિર મૂરત તેરી, ફિર ભી ન દેખી સૂરત તેરી;
યુગ બીતે ન આઈ મિલનકી, પૂરન માસી રે. દર્શન૦ ૨
દ્વાર દયાકા જબ તું ખોલે, પંચમ સૂરમેં મૂંગા બોલે;
અંધા દેખે લંગડા ચલકર, પહુંચે કાશી રે. દર્શન૦ ૩
પાની પીકર પ્યાસ બુજાઉં, નેનનકો કૈસે સમજાઉં;
આંખ મીચોલી છોડો અબ તો, મન કે બાસી રે. દર્શન૦ ૪

**૧૨૬૭ રાગ : ગરબી**

વીતાવશું જીવન હરિ ગુણ ગાનમાં, અમૃતમય ભક્તિરસ પાનમાં...ટેક૦
પરમ પ્રભુજીના પ્રેમ પ્રવાહમાં,નિર્મળ સરિતાનાં સ્નાનમાં-વીતા૦ ૧
અંતરના જામીને અંતર મંદિરમાં, પધરાવશું સન્માનમાં-વીતા૦ ૨
નયન ભરીને નીરખશું નેહથી, ધર્મકુંવરને ધ્યાનમાં-વીતા૦ ૩
પંચ વિષયને પૂરા પીછાણશું, જોડી દેશું ભગવાનમાં-વીતા૦ ૪
અવિનાશીનાં અક્ષરધામમાં,બેસીને જઈશું વિમાનમાં-વીતા૦ ૫
મનમોહન પ્રભુ સહજાનંદ શામળા,વીતે આયુષ્ય તવ ગાનમાં-વીતા૦ ૬

## ૧૨૭૮ સ્તુતિ - પ્રાર્થના

હે પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ ! પરબ્રહ્મ જય સર્વોપરિ,
સુખકંદ સહજાનંદજી, કમનીય મૂર્તિ માધુરી,
છો વિમલ અમૃતધામ વાસી, સૌખ્ય રાશી શ્રીહરિ,
હે ભક્તજન પ્રતિપાળ રાખો, શરણમાં કરૂણા કરી...૧
હે અખિલ વિશ્વાધાર, તનુ સાકાર તેજોમય મહા,
અગણિત બ્રહ્માંડો ઊડે, તવ ધામ અક્ષરમાં અહા,
છે સકળ વિભૂતિ દિવ્ય શકિત, આપમાંથી ઊતરી,
હે ભક્તજન પ્રતિપાળ રાખો, શરણમાં કરૂણા કરી...૨
અવતાર લઈ અવની વિષે, સદ્ધર્મની ગ્લાની સમે,
નિજ ભક્ત કારણરૂપ બહુ બહુ, ધારીને વિચરો તમે,
ઉત્થાપી મૂળ અધર્મના, સદ્ધર્મ સ્થાપો છો ફરી,
હે ભક્તજન પ્રતિપાળ રાખો, શરણમાં કરૂણા કરી...૩
આ સમયમાં સામર્થ્ય રૂપ ગુણ, પ્રગટ પૂર્ણ કર્યા પ્રભુ,
ભવમાં ભટકતા જીવનું, અજ્ઞાનઘન હરવા વિભુ,
સદ્ધર્મ ભક્તિ જ્ઞાન ને, વૈરાગ્યની વૃષ્ટિ કરી,
હે ભક્તજન પ્રતિપાળ રાખો, શરણમાં કરૂણા કરી...૪

## ૧૨૭૯ રાગ : ગરબી

છપૈયાથી મહારાજ વે'લા આવજો રે લોલ,

કરવી મારે મનડા કેરી વાત જો,
વસમી વેળાએ વે’લા આવજો રે લોલ..ટેક૦
અંતરની વેદના હું કયાં કહું રે લોલ,
મારે તમારો એક જ આધાર જો...વ૦૧
આજનાં દીધેલાં તમને નોંતરાં રે લોલ,
જો જો જીવન જોવી ના પડે વાટ જો...વ૦ ૨
દાદાખાચરે દરબાર સોંપીયાં રે લોલ,
લાડુબાએ પૂજ્યા કરી પ્યાર જો...વ૦૩
ભક્તોનો સાદ તમે સાંભળતા રે લોલ,
પ્રભુ તુર્ત થતાં માણકીએ અસવાર જો...વ૦૪
ચરણ ચાંપી પીપળો ચલાવીયો રે લોલ,
એવા પ્રગટ પરચાના પૂરનાર જો...વ૦૫

## ૧૨૭૦ પ્રાર્થના-ગીત

ઘનશ્યામ હરિ, ઘનશ્યામ હરિ ! મારે કંઈક તમોને કહેવું છે,
મારી નૈયાને પાર ઉતારજો, દીન જાણી પ્રભુ દર્શન દેજો;
મારે તમારે ચરણે રહેવું છે, મારે કંઈક તમોને કહેવું છે...૧
પ્રભુ બહુ બહુ દુઃખ છુપાવીને, મારા દર્દ દીધા દફનાવીને;
મારે માથે તમારૂં દેવું છે, મારે કંઈક તમોને કહેવું છે...૨
પ્રભુ આપ વિના દિલ કયાં ખોલું, જ્યાં પ્રેમ નથી ત્યાં શું બોલું ?
મારે મૂંગે મોઢે રહેવું છે, મારે કંઈક તમોને કહેવું છે...૩
પ્રભુ આપ વિના નથી ક્યાંય આરો, હું તો જનમો જનમનો દુઃખિયારો;

મારું જીવન જાણવા જેવું છે, મારે કંઈક તમોને કહેવું છે...૪
પ્રભુ સેવામાં દરશન દેજો, મારા અંતસમે આવી રહેજો;
મારે મરતા પહેલા મળવું છે, મારે કંઈક તમોને કહેવું છે...૫

**૧૨૭૧ રાગ : દરબારી**

અમી ભરેલી નજરું રાખો નારાયણ મુનિ દેવ રે;
દર્શન આપો દુઃખડાં કાપો નારાયણ મુનિ દેવ રે; ટેક૦
ચરણકમળમાં શીશ નમાવી, વંદન કરૂં મહારાજ રે;
દયા કરીને ભક્તિ દેજો, નારાયણ મુનિ દેવ રે..અમી૦ ૧
હું દુઃખિયારો તારે દ્વારે, આવી ઊભો મહારાજ રે;
આશિષ દેજો ઉરમાં રે'જો, નારાયણ મુનિ દેવ રે.. અમી૦ ૨
તારા ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો મહારાજ રે;
બની સુકાની પાર ઉતારો, નારાયણ મુનિ દેવ રે..અમી૦ ૩
બાળ તમારો કરે વિનંતિ, સાંભળજો મહારાજ રે;
મુજ અંતરમાં વાસ કરોને, નારાયણ મુનિ દેવ રે..અમી૦ ૪

**૧૨૭૨ પ્રાર્થના**

પ્રભુ ઈશના ઈશ સર્વેશ સ્વામી, નમું દેવના દેવ ધામી અકામી,
દયાળુ કરો સુખ દુઃખો વિદારો, મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૧
વિભુ આપજો શક્તિ કલ્યાણકારી, વળી ટાળજો નાથ બુદ્ધિ નઠારી;
ન લાગે કદી સંગ ચિત્તે નઠારો, મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૨

પ્રભુ પ્રીત જામે સદા ભક્તિમાંયે, તમારો કદી આશરો ના તજાયે;
મળે સંત ને ભક્તનો સંગ સારો, મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૩
ટળે કામ ને ક્રોધ જે લોભ આદિ, મટે ગાઢ અજ્ઞાન જે છે અનાદિ,
બળે અંતરેથી બૂરા સૌ વિકારો, મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૪
તૂટે પ્રીત સૌ ફેલ ફીતુરમાંથી. નીતિ ભક્તિનો થાઉં સ્નેહે હું સાથી,
બનું ભક્ત સાચો કરી દેહ ન્યારો, મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૫
સદા ધર્મના નીમ પાળુ તમારા, તમોને તજે તેહ જાણું નઠારા,
ભજે જે તમોને મને તેહ પ્યારો, મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૬
તમારૂં હૃદે જ્ઞાન ચોખ્ખું ભરાયે, મહિમા હંમેશા વધારે જણાયે,
ડગે ના કદી ધર્મના સદ્‌વિચારો, મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૭
છૂટે દેહ કે કોઈ સર્વસ્વ લૂટે, કદાપિ ખૂટે અન્ન ના નેહ તૂટે,
દઈ એટલું હાથ ઝાલી ઉગારો, મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૮

## ૧૨૭૩ રાગ – ખમાચ

કોઇ કોઈનું નથી રે કોઇ કોઈનું નથી રે,
અલ્યા નાહકનાં મરો બધાં મથી મથી રે...કોઈ-૧
મનથી માનેલ કહે બધાય મારાં; માની લે જીવડા તારા કે મારા;
સ્વાર્થ વિના પ્રીતિ કોઈ કરતું નથી રે...કોઈ-૨
આ મારી દિકરીને આ મારી માતા છે; આ મારી ઘરવાળીને આ મારો બાપ છે;
મુઆની સંગાથે કોઈ જતું નથી રે...કોઈ-૩
જનની જનેતાયે જન્મ રે દીધો; પાળી પોષીને તને મોટેરો કીધો;
પરણ્યા પછી માતા સામું જોતો નથી રે...કોઈ-૪
કેટલાંક ગયા ને કેટલાક જવાના; ના કોઇ રહ્યા ને ના કોઈ રહેવાના;
ગયા એના કોઈ સમાચાર નથી રે...કોઈ-૫

સ્વયંપ્રકાશ કહે હરિને ભજી લ્યો; માનવનો દેહ મળ્યો ફેરો સુધારી લ્યો;
તારા સાચા સંગાથી પ્રભુ વિના નથી રે...કોઈ-૬

### ૧૨૭૪ રાગ : દરબારી

સુંદર શ્રી ઘનશ્યામ મારા, મન મંદિરમાં આવો રે;
અંતર દાઝી રહ્યું છે વહાલા, દર્શનનો દ્યો લા'વો રે...સુંદર- ૧
અપરાધી છું જનમ જનમનો, દયા હવે કંઈ લાવો રે;
જુઠા જગતમાં ભૂલો પડ્યો છું, રસ્તો કંઈક બતાવો રે...સુંદર- ૨
પીળા પીતાંબર જરકસી જામો, મુગટ ધારી આવો રે;
એક વાર પ્રભુ દર્શન આપી, ભકિત નાદ ગજાવો રે...સુંદર- ૩
રોજ ઊઠી શું કહેવું પ્રભુજી, એક દિવસ તો આવો રે;
દીન દયાળુ દર્શન આપો, શું અમને તલસાવો રે...સુંદર- ૪
સ્વામિનારાયણ હૃદયમાં આવો, ત્રિવિધ તાપ શમાવો રે;
હૈયા હીણો આવ્યો આંગણિયે, મારા મનને ભાવો રે...સુંદર- ૫

### ૧૨૭૫ છે અરજી ઉરની એક...

છે અરજી ઉરની એક, નિભાવો ટેક;
પ્રભુજી અમારી, હું ભકિત કરૂં તમારી. (૨) છે અ૦ ટેક.
સુખ સર્વ ભલે સામે આવે, નહીં પ્રેમ તમારો ભૂલાવે;
આ ભવસાગરથી લેજો પ્રભુજી ઉગારી, હું ભકિત કરૂં તમારી...છે અ૦ ૧
દુ:ખના દરિયે જીવન ઝૂકે, પણ સ્મરણ તમારૂં ના ચૂકે;

આ દિલડું આજે એમ કહે છે પુકારી, હું ભકિત કરૂં તમારી...છે અ૦ ૨
જગ હોય ભલે નિંદા કરતું, પણ આ મન બીજે ના ફરતું;
આ શિરપર ભલેને રૂઠે દુનિયા સારી, હું ભકિત કરૂં તમારી...છે અ૦ ૩
રહો ચરણમાં ચિત્તડું મારૂં, ઘનશ્યામ તમોને પોકારું;
અંત સમયની એક માગણી મારી, હું ભકિત કરૂં તમારી...છે અ૦ ૪

## ૧૨૭૯ રાગ : ગરબી

શોભે સતસંગનાં ચાર ચાર ધામ,
શોભતાં કેવા રૂપાંળાં એ ગામ...શોભે-ટેક૦
પહેલું તે ધામ રૂડું છપૈયા શોભતું,
શ્રીજીના જન્મનું છે ધામ,
ધર્મ ભકિતએ અતિ વહાલથી વધાવ્યા,
નામ પાડી ઘનશ્યામ...શોભે-૧
બીજું તે ધામ રૂડું ગઢપુર શોભતું,
ઘેલાને કાંઠે એ ગામ,
મંદિર બંધાવી વાલે મૂર્તિ પધરાવી,
બલિહારી શ્રી ગોપીનાથ નામ...શોભે-૨
ત્રીજું તે ધામ રૂડું વડતાલ શોભતું,
ગાદી શોભાવતું ધામ,
આંબાની ડાળે બાંધ્યો હિંડોળો,
ઝૂલાવ્યા સુંદર શ્યામ...શોભે-૩
ચોથું તે ધામ રૂડું પીપલાણા શોભતું,

નાનુ પણ દીક્ષાનું ધામ,
મળ્યા રામાનંદ સ્થાપ્યા સહજાનંદ,
ઉત્સવ મંડલીના પ્રણામ...શોભે-૪

**૧૨૭૭ રાગ : કવ્વાલી**

ઈરાદે રોજ કરતે હૈ મગર વો તૂટ જાતે હૈ
વોહી ગઢપુર જાતે હૈ જીન્હે શ્રીજી બુલાતે હૈ
મેરે દિલસે પુછો ગઢપુરકી સુરત કયા હૈ
શાનો શોકત મેરે ઘનશ્યામકે ઘરકી કયા હૈ
ચાંદ ગઢપુરમે હૈ ચાંદની ગઢપુરમેં હૈ
જો હે રોશન વો સિતારે સભી ગઢપુરમેં હૈ...૧
ગરીબોકા સભી આલમ નિગાહબર જો હૈ
જહાંપનાહ હૈ જહાં નુરકી અસર જો હૈ
સભી અવતારકે સરતાજ જો ગઢપુરમેં હૈ
વો ગોપીનાથકે દરપર સભી ગઢપુરમેં હૈ...૨
પુરી દ્વારાવતી મથુરા મેરી ગઢપુરમેં હૈ
મેરે બદ્રીપતિ જગદિશ ભી ગઢપુરમેં હૈ
મેરે કાશી મેરે કાબા સભી ગઢપુરમેં હૈ
જો હે રોશન વો સિતારે સભી ગઢપુરમેં હૈ...૩

## ૧૨૭૮ છપૈયા કે નિવાસી નમું...

છપૈયાકે નિવાસી નમું બારબાર હું,
આયો શરન તિહારે શ્રીજી તાર તાર તુમ...આયો૦
ભકતોકો શ્રીજી તુમને નિરાશ ના કીયા,
માંગા જીન્હે જો ચાહા વરદાન દે દીયા;
દિ ભુકિત મુકિત સાથમે કિતના ઉદાર તુમ...આયો-૧
છપૈયામેં જનમ લીયો ગઢપુરમેં રહ્યો,
સંત હરિભકતકો ઉપદેશ તુમ દિયો;
હા પ્રેમ સરિતામે પુલકિત કીયો તુમ...આયો-૨
જીવનકી રાહપે ઉન્હે ચલના શિખા દિયા,
સમશેરકી જગાપે માલા થમા દિયા;
ભુલે હુએ ઈન્સાનકો દિખાયો રાહ તુમ...આયો-૩
કભી ન આયા હે તુ કભી ના આયેગા,
ભજે જો નામ તેરા પરમ ધામ પાયેગા;
મુકતોકે સાથ સાથ હમે ધામ દિયો તુમ...આયો-૪

## ૧૨૭૯ તમે મારા થયાં હું તમારો થયો

તમે મારા થયા હું તમારો થયો બહુનામી,
આવો આવો સહજાનંદ સ્વામી...તમે
હું તો જપું તમારી માળા, કરું નિશદિન કાલાવાલા;

વ્હાલા વેગે આવો મારા મનડે ભાવો બહુનામી;
આવો આવો સહજાનંદ સ્વામી...તમે
શ્રીજી વાટલડી તારી જોતો, વ્હાલા તારા વિયોગે હું રોતો;
આંખો અશ્રુભીની, રોઈ રોઈ થઈ છે ઝીણી બહુનામી,
આવો આવો સહજાનંદ સ્વામી...તમે
શ્રીજી હું છું તમારો બાળ, તમે મારા જીવન પ્રતિપાળ;
દિવસે રેન નહિ હૈયે ચેન નહિ બહુનામી,
આવો આવો સહજાનંદ સ્વામી...તમે
શ્રીજી જોઈએ તે માગજો માવા, હવે નહિ દઉં તમને હું જાવા;
તમે જાશો નહીં, મને મૂકશો નહીં બહુનામી,
આવો આવો સહજાનંદ સ્વામી...તમે
તવ ભકત કહે પ્રભુ આવો, આવી હાથ ગ્રહી લ્યોને મારો;
મુખે માંગું એવું તવ ચરણે રેવું બહુનામી,
આવો આવો સહજાનંદ સ્વામી...તમે

૧૨૮૦ રાગ : ગરબી

હે કરુણાના કરનારા તારી કરુણાનો કોઈ પાર નથી,
હે સંકટના હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.
મેં પાપ કર્યા છે એવા, હું ભુલ્યો તારી સેવા,
મારી ભુલોના ભુલનારા, તારી કરુણાનો કોઈ પાર નથી..હે૦૧
હે પરમ કૃપાળુ વહાલા, મેં પીધા વિષના પ્યાલા,
વિષને અમૃત કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી..હે૦૨

હું અંતરમાં થઈ રાજી ખેલ્યો છું અવળી બાજી,
અવળી સવળી કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી..હે૦૩
મને જડતો નથી કિનારો મારો કયાંથી આવે આરો,
મારા સાચા ખેવનહારા, તારી કરુણાનો કોઈ પાર નથી..હે૦૪
ભલે છોરું કછોરું થાયે તું માવતર કહેવાયે,
મીઠી છાયા દેનારા, તારી કરુણાનો કોઈ પાર નથી..હે૦૫
છે ભકતનું દિલ ઉદાસી તારા ચરણે લે અવિનાશી.
રાધાનું દિલ હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી..હે૦૬

## ૧૨૮૧ મંગલ મંદિર

મંગલ મંદિર ખોલો, દયામય મંગલ મંદિર ખોલો.....ટેક.
જીવન વન અતિ વેગે વટાવ્યું (૨), દ્વાર ઊભો શિશુ ભોળો...૧
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો (૨), શિશુને ઉરમાં લ્યો લ્યો...૨
નામ મધુર તવ રટ્યો નિરંતર (૨), શિશુ સહ પ્રેમે બોલો...૩
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક (૨), પ્રેમ અમીરસ ઢોળો...૪

## ૧૨૮૨ રાગ: હાલરડુ

અયોધ્યા સરયુ તટે સંભળાય, મધુર જળ તરંગ હાલરડું;
છપૈયા ગામ સીમાડે ગવાય,મીઠે સુર પક્ષીનું હાલરડું.અયો૦ ૧
સરવરીયા બ્રાહ્મણ કુળ એ, ધર્મ ભક્તિને ગૃહ મંદિરીએ;
ઈશ્વરનો અવતાર થાય, ચોઘડિયાં ચલવે હાલરડું.અયો૦ ૨

સંવત અઢારસો સાડત્રી, ચૈત્ર સુદી નવમીની રાત્રિ;
જન્મ્યાં ઘનશ્યામ રૂપે ભગવાન, ફેલાયું આનંદ હાલરડુ.અયો૦ ૩
અપ્સરા ગંધર્વો આવે,નંદનવન ફુલડે વધાવે;
શ્રીજીને પારણિયે પધરાવે,કિન્નર ગણ ગાયે હાલરડું.અયો૦ ૪
દેવ દેવી જાહ્નવી જળની, ભરી લાવે સુવર્ણ ગાગરડી;
કેસરીયાં સ્નાન કરાવે, ગાયે ગવરાવે હાલરડું.અયો૦ ૫
નરનારી બાળ ઉભરાએ,હીરા મોતીની માળા ધરાવે;
જરિયાની પોશાક પેરાવે,સુણાવે સૂરીલું હાલરડું.અયો૦ ૬
માતા પ્રેમવતી હુલસાવે,નવરત્નને હીંડોળે હીંચાવે;
સોહે ગાવે સકળ સંસાર,સહજાનંદનું હાલરડું.અયો૦ ૭
રાજા રાણી સંત મહંતો, દર્શને આવે છે અનંતો;
તે તો તરે છે ભવસાગર, સહજાનંદનું હાલરડું.અયો૦ ૮

### ૧૨૮૩ મનનો મોરલિયો રટે તારૂં નામ...

મનનો મોરલિયો રટે તારૂં નામ,
મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ,
એકવાર આવી પૂરો હૈયા કેરી હામ,
મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ. મનનો.
સૂરજ ઉગે ને મારી ઉગતી રે આશા
સંધ્યા ઢળે ને હું તો બનુ રે નિરાશા,
રાત દિવસ મને સુઝે નહિ કામ,
મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ. મનનો.

આંખલડીએ મને ઓછું દેખાય છે,
દર્શન વિના મારૂ દિલડું દુભાય છે,
નહીં રે આવો તો વ્હાલા જશે મારા પ્રાણ,
મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ. મનનો.
એકવાર વ્હાલા તારી ઝાંખી જો થાયે,
આંસુના બિંદુથી ધોવું તારા પાય,
માંગુ સદાય તમારા ચરણોનું સ્થાન,
મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ. મનનો.
સુખકારી સહજાનંદ સ્વામીને સારૂં,
કરી નાંખ્યું જીવન કુરબાન મારૂં,
રાત દિવસ હું તો જોઉં તારી વાટ,
મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ. મનનો.

## ૧૨૮૪ તારી એક એક પળ જાય લાખની

તારી એક એક પળ જાય લાખની,
તું તો માળા રે જપી લે, ઘનશ્યામની... ટેક૦
ખાલી આવ્યા ખાલી જાશુ, સાથે શું લાવ્યા લઈ જાશુ;
જીવન ધન્ય રે બનાવો ભક્તિભાવથી... તું તો૦ ૧
જુઠા જગના જુઠા ખેલ, મનવા મારું તારું મેલ;
તું તો છોડી દેને ચિંતા આખા ગામની... તું તો૦ ૨
વહાલા ધર્મ કિશોર, મારા ચિત્તડાના ચોર;
મેં તો મૂર્તિ જોઈ છે મહારાજની... તું તો૦ ૩

હૈયે લાગી તાલાવેલી આંખે આંસુડાની હેલી;
ભકતો ચેતીને ચાલોને જમના મારથી... તું તો૦ ૪
ભકિત ખાંડા કેરી ધાર, તેથી ઉત્તર તું ભવપાર;
જેને લાગી છે લગન ઘનશ્યામમાં;
તે તો સુખેથી જાય છે અક્ષરધામમાં... તું તો૦ ૫

## ૧૨૮૫ ભકિત કરતાં છુટે મારા પ્રાણ

ભકિત કરતાં છુટે મારા પ્રાણ, પ્રભુ એવું માંગુ છું,
રહે જન્મો જન્મ તારો સાથ પ્રભુ...૦૧
તારુ મુખડું મનોહર જોયા કરું,
રાત દિવસ તારું કિર્તન કરું,
રહે અંત સમય તારુ ધ્યાન પ્રભુ...૦૨
મારી આશા નિરાશા કરશો નહિં,
મારા અવગુણ હૈયામાં ધરશો નહિં,
શ્વાસોશ્વાસે રહે તારું નામ પ્રભુ...૦૩
મારા પાપને તાપ સમાવી દેજો,
તારા ભકતનો દાસ બનાવી દેજો,
દેજો આવીને દર્શન આજ પ્રભુ...૦૪
પ્રભુ દાસની અરજી ઉરમાં ધરો,
શ્રીજી દર્શન આપી પાવન કરો,
અમને દેજોને અક્ષરમાં વાસ પ્રભુ...૦૫

## ૧૨૮૭ લગની લાગી નારાયણ નામની

લગની લાગી નારાયણ નામની રે.(ટેક) (૨)
બીજી વાલી ન લાગે વાત...લગની
મારા ગુરુજીએ સગપણ ગોતિયા રે,
સગપણ કીધું સહજાનંદ સાથ... લગની (૧)
મે તો ચુંદડી ઓઢી છે ઘનશ્યામની રે,
ચારે છેડે સહજાનંદ નામ...લગની (૨)
મારી જાન આવી છે અક્ષરધામથી રે,
તેની શોભા તણો નહિ પાર...લગની (૩)
મોટા મુકત આવ્યા છે મારી જાનમા રે,
તે તો ગુણ હરિવરના ગાય...લગની (૪)
મે તો મનતણા મીંઢોળ બાંધ્યા રે,
પાંચ વર્તમાન રૂપી વરમાળ...લગની (૫)
હું તો માન તજીને બેઠી માંય રે,
હરિકૃષ્ણએ જાલ્યો જમણો હાથ...લગની (૬)
હું તો સ્વાર્થ તજીને ચઢી ચોરીએ રે,
મારા ભાગ્ય તણો નહિ પાર... લગની (૭)
જ્ઞાન વૈરાગ્યે જવ તલ હોમિયા રે,
બુદ્ધિ બેને દીધા કન્યાદાન...લગની (૮)
ભકિતમાતાએ હરિવર સોંપિયા રે,
મારા પૂર્વના ઘણા પુણ્ય...લગની (૯)

ધર્મદેવે તે મારા વિવાહ કર્યા રે,
મારા પુણ્ય તણો નહિ પાર...લગની (૧૦)
હું તો શણગાર સજીને ચાલી સાસરે રે,
માયા મમતા તે મનમાં મુંઝાય...લગની (૧૧)
આશા તૃષ્ણા તે બે બેનડીયું રે,
એ તો રોતી રહી ઘરમાંય...લગની (૧૨)
ગુરુદેવે તે શીખ દઈ વિદાય કર્યા રે,
અતિ આનંદ હૈયે ઉભરાય...લગની (૧૩)
મુક્ત સભામાં નાખ્યા મારા બેસણાં રે,
હું તો નિરખું સહજાનંદ નાથ રે...લગની (૧૪)
ગાય શીખે સુણે ને જે જે સાંભળે રે,
એનો હોજો અક્ષરધામે વાસ...લગની (૧૫)

૧૨૮૭ પદ-૧

મુક્તિ મળે કે ના મળે મારે ભક્તિ તમારી કરવી છે;
મેવા મળે કે ના મળે મારે સેવા તમારી કરવી છે;
મારો કંઠ મધુરો ન હોય ભલે, મારો સુર બેસુરો હોય ભલે(૨)
શબ્દો મળે કે ના મળે, મારે કવિતા તમારી કરવી છે... મુક્તિ.૧
હું પંથ તમારો છોડું નહિ, ને દૂરદૂર ક્યાંય દોડું નહિ (૨)
પુણ્ય મળે કે ના મળે, મારે પુજા તમારી કરવી છે... મુક્તિ.૨
આવે જીવનમાં તડકા ને છાયા, સુખઃદુખના પડે પડછાયા (૨)
કાયા રહે કે ના રહે, મારે માયા તમારી કરવી છે... મુક્તિ.૩

જ્યારે અંત સમય મારો આવે પ્રભુ, તમે રહેજો નૈણાની આગે પ્રભુ (૨)
શરણે તમારે આવીને, મારે ભક્તિ તમારી કરવી છે... મુક્તિ.૪

## દોહા-સવૈયા-છંદ-છપયાદિ
### મનહર છંદ

વિત્ત સારૂ વઢી મરે, રાય રંક નારી નર;
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, જેનો જ નિવાસ છે.
જોગી જતિ તપસી, સન્યાસીઓ ન તજે ધન;
વાસના તો વિત્તની ને, તેનો તો તે દાસ છે.
દ્રવ્ય પર મળ-મૂત્ર કરી, તેનો ત્યાગ કરે;
એવા તો આ સમે સાધુ, આપણી જ પાસ છે.
કહત હે બ્રહ્માનંદ, શ્રીમુખે શ્રીહરિ કહે;
નિષ્કુળાનંદજીને, અધિક શાબાશ છે.

### ધર્મધ્વજ છંદો

ઘોર કલિકાલના દોર છૂટ્યા અને-દુષ્ટતાનું બધે જોર વ્યાપ્યું;
ભકિત સદ્ધર્મના માર્ગ રૂંધી દીધા-કર્મ નિષ્કામનું મૂળ કાપ્યું;
વેદ સત્શાસ્ત્રના અર્થ અવળા કર્યા-પંડિતે પાપ માર્ગે જઈને;
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે-સ્વામિનારાયણે પ્રગટ થઈને..૦૧

ધર્મગુરુઓ તજી ધર્મનાં આચરણ - પાપની વૃત્તિઓ પોષતા'તા;
પ્રણત નરનારીનાં શીલ ને શિયળને - ભ્રષ્ટ કરી શિષ્યને શોષતા'તા;

કષ્ટ બહુ પામતાં દૈવી જીવો સહુ-આસુરીની ઉપાધિ સહીને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે-સ્વામિનારાયણે પ્રગટ થઈને..૦૨

તપ તપસ્વી ભૂલ્યાં વ્યસન વમળે ડૂલ્યાં-દામ ને વામમાં નિત્ય રમતા;
કામ ને ક્રોધ મદ મોહ દ્વેષે ભર્યા-લોભ ને લાલચે ભ્રષ્ટ ભમતા;
મંત્ર ને તંત્રમાં લોકને ગૂંચવ્યા-વ્હેમી ઉપદેશ અવળા દઈને;
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે-સ્વામિનારાયણે પ્રગટ થઈને..૦૩

મંત્ર મૂઠ ચોટ ને કામણો ટુમણો દેવ-દુગરાં ભૂવા ને ભરાડી,
ભૂત ને પલિત જીન ડાકિણી શાકિણી-પીડતા'તાં પ્રજાને અનાડી;
ઠગ ધુતારા અને જાદુ કીમયાગરા-ડારતા લોકને પેધી જઈને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે-સ્વામિનારાયણે પ્રગટ થઈને..૦૪

દારૂ ને માંસ ચોરી વ્યભિચાર છળ-દ્યુતની ચડી હતી ખૂબ ભરતી,
ભાંગ ગાંજા તણી ચલમ બહુ ફુંકતી-સાધુડાની ઘણી ફોજ ફરતી;
ભાન ભૂલી હતી ધર્મ ને કર્મનું-આર્યજનતા અધર્મે વહીને;
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે-સ્વામિનારાયણે પ્રગટ થઈને..૦૫

**સાખી**

રચી ચર્મનાં પૂતળાં અખંડ અજોડ અભેવ;
તે પીછે જીવતાં કરે તે મોચી મુજ દેવ-૧

**છપય**

ચામડાનાં પૂતળાં રચે છે ચતુરાઈ કરી;
ચામડાના બળદો ને બકરાં બનાવે છે,

ચામડાના હાથી ઘોડા હજારો હજાર રોજ;
જુનાં ભાંગી જાતાં જાય, નવાં નીપજાવે છે.
ચામડાની ગાયો ભેંસો સુધા દૂધ દોવા દે છે;
ચામડાના પોપટોને રાણીઓ પઢાવે છે,
કેવું ચામડાનું કામ કીધું દલપતરામ;
એવા મોચીની ભકિત મને ભલી ભાવે છે-૨
હાડકાનો માળો માંસવાળો વળી રુધિરાળો રચી;
કાચ જોડે જડ્યા કોણ, જાણે કેમ કોચીને
ચતુરાઈથી ચડાવ્યું, ચામડું રૂપાળું આળું,
ટેભો ન જણાય કેમ, ઘાલ્યો આર ઘોંચીને
હાલે ચાલે હામ ઘાલે, ભાલે લડે ભેળ પાડે;
પૌઢ જેવા પર્વતની, પાડે ટોચ ટોચીને,
કેવું ચામડાનું કામ કીધું દલપતરામ;
માન મેલી મોટા દેવ માનું છું તે મોચીને-૩

## રેણકી છંદ

સરસર પર સધર અમરતર અનુસર, કરકર વરઘર મેલ કરે,
હરિ હર સુર અવર અછર અતિ મનહર, ભરભર અતિ ઉર હરખ ભરે;
નિરખત નર પ્રવર પ્રવર ગણ નીરજર, નિકટ મુકુટ શિર સવર નમે,
ઘણરવ પટ ફરર ઘરર પદ ઘુઘર રંગભર સુંદર શ્યામ રમે, જીરે રંગ૦

## ચર્ચરી છંદ

ઝટપટ પટ ઉલટ પલટ નટવટ ઝટ, લટપટ કટઘટ નિપટ લલે,
કોકટ અતિ ઉકટ ત્રુકટ ગતિ ધિનકટ, મન ડર મટલટ લપટ મલે;

જમુના તટ પ્રગટ અમર અટ રટ જૂટ સુરથટ ખેખટ તેણ સમે,
ઘણરવ પટ ફરર ઘરરપદ ઘુઘર રંગભર સુંદર શ્યામ રમે. જીરે રંગ૦

દેખત બડ ભાગ લાગ, પોત સરસ નવલ પાગ;
અંતર અનુરાગ જાગ, છબી અથાગ ભારી,
અતિ વિશાલ તિલક ભાલ, નીરખત જન હો નિહાલ;
ઉન્નત ત્રય રેખ જાલ, કાલ વ્યાલ હારી,
વિલસિત ભ્રૂંહ શ્યામ વંક, ચિંતત ઉર જાત શંક;
મૃગ મદ ભર બીચ પંક, અંક ભ્રમર ગ્યાની,
જય જય ઘનશ્યામ શ્યામ, અંબુજ દ્રગ ક્રત ઉદામ;
સુંદર સુખધામ નામ, સાંવરે ગુમાની...

વિલસિત ચરણારવિંદ, કોમલ અતિ પ્રેમ કંદ;
ધ્યાવત ભવ મિટત ફંદ, છંદ સ્તવન બોલે,
પ્રસરત જેહિ પદ પ્રસંગ, પુન્ય ભરિત સરિત ગંગ;
અઘ વિનાશ પર્સ અંગ, હો ઉતંગ ડોલે,
રાજત મહીં ઉર્ધ્વ રેખ, વજ્રાદિક સહિત પ્રેખ;
બ્રહ્માનંદ દેખ દેખ, લેખત કુરબાની,
જય જય ઘનશ્યામ શ્યામ, અંબુજ દ્રગ ક્રત ઉદામ;
સુંદર સુખધામ નામ, સાંવરે ગુમાની...

## હરિગીત છંદ

જેહી નામ આધા ગયંદ સાધા, જલ અગાધા અંતરે,

જબ જુડ ખાધા કરી હાધા, શરણ લાધા અનુસરે;
મીટ ગૈ ઉપાધા ચેન બાધા, બંધ દાધા ધા કરી,
જય રમનરાધા મિત્ર માધા, હરન બાધા શ્રીહરિ..૧
વસુદેવ દ્વારે દેહ ધારે, ભાર ટારે ભોમકે,
સુર કાજ સારે સંત તારે, દ્વેષી મારે હોમકે;
સુરપતિ હંકારે મેઘ બારે, વ્રજ ઉગારે ગિરિ ધરી,
જય રમનરાધા મિત્ર માધા, હરન બાધા શ્રીહરિ..૨
રાધા સુગોરી વય કિશોરી, સાંજ ભોરી નીસરે,
તબ આત દોરી અંત ખોરી, દાન ચોરી શીર ધરે;
કરી દ્રગ કઠોરી જોરી જોરી, બાંહ મોરી બલ કરી,
જય રમનરાધા મિત્ર માધા, હરન બાધા શ્રીહરિ..૩

## ત્રિભંગી છંદ

જય નાથ નિરંજન ખલબલ ગંજન, જનભય ભંજન ભગવંતા,
જય જય સુખધામા નિર્મલ નામા, શ્રી ઘનશ્યામ શોભંતા;
જય જય વૃષલાલા મૌકિતકમાલા, કૃષ્ણકૃપાલા સુખકારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી...૪

જય જય મહારાજા ગરિબનિવાજા સંત સમાજા પદ સેવે,
તવ ગુણ ઉર ધારી શ્રુતિઆકારી કીર્તિ ઉચારિ અજ જેવે;
આ અસુરપ્રમત્તા કાળીયદત્તા ઈતિ નિજસત્તા વિસ્તારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી...૫

રાવણ રણ રોળ્યો ચાણુર ચોળ્યો, ગિરિવર તોળ્યો નાથ તમે,
તેથી પણ ભારી પીડ અમારી, શ્યામ વિદારી આજ સમે.
મધુ માંસાહારી કૃત્યાકારી, હતો સુરારી દુઃખ કારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી...૬

ઈંદ્રાદિક દેવા કહિયે કેવા, અજ ભવ જેવા ભય રાખે,
એવો મહાપાપી પ્રૌઢપ્રતાપી, મંત્રો જાપી બળ ભાખે;
કર શસ્ત્ર ન ધારી આપ અઘારી, દિધો વિદારી ભયભારી;
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી...૭

સૌ તીર્થ ફરીને ચરણ ધરીને, શુદ્ધ કરીને સુખ આપો,
અસુરોની ટોળી ક્ષિતિમાં ખોળી, રણમાં રોળી દુઃખ કાપો;
શ્રુતિમાર્ગ બતાવો, જન સમજાવો, ધામ રચાવો મન ધારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી...૮

### ભટ વેદ પઢંદા...(ત્રિભંગી છંદ)

ભટ વેદ પઢંદા, સંધ્યા વંદા કર્મન ફંદા ઉરઝંદા,
ઓમકાર જપંદા મુન્ય રહંદા અંતરમંદા મુરઝંદા;
પુનિ કથા કહંદા, લોક ઠગંદા વિકળ ફિરંદા વરતંદા,
સદ્‌ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા...૧

અરૂ ફકિરા ફરતા, કલમા ભરતા અંતર જરતા નહિ ઠરતા,
જીવનકું મરતા શંક ન ધરતા જ્યું હર કરતા નહિ ડરતા;

બોલત બરબરતા કંઠ હુકરતા પછીમ ઘરતા ઘૂમંદા,
સદ્ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા...૨

આખત અરિહંતા જંતા જંતા કર્મ કથંતા ભરમંતા,
વિષયે વરતંતા કંચન કાંતા અંતર શાંતા નહિં અંતા;
અરૂ કર્મ કરંતા, નહિં ડરપંતા નહિં ભગવંતા ઉચરંદા,
સદ્ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા...૩

કહાવત વૈરાગી લુબધા લાગી અંતર આગી ત્રિયરાગી,
જ્વાલા વિષ જાગી માયા પાગી અકલ વેકાગી નિરભાગી;
બાંધત ઘર બાગી લજ્જા ત્યાગી ધન અરૂ ઢાંગી ધારંદા,
સદ્ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા...૪

ભકિત કે ભગલા બાત ન ફગલા અંતર દગલા વિષ ઢગલા,
દેખત ટગટગલા ડોલત નગલા થિરઠવ પગલા જગ ઠગલા;
બાહર ગતિ બગલા અંતર કગલા વાકા સંગલા છાડંદા,
સદ્ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા...૫

ગલ ધારત માલા અંતર કાલા વિષે બિહાલા ચિત્ત ચાલા,
મજબૂત મસાલા ત્રપત રસાલા ઠાકુર થાલા પંડપાલા;
મન ક્રોધ કરાલા જરત જંજાલા, અંતર ઠાલા મુરઝંદા,
સદ્ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા...૬

વૈરાગાં ઝંડી દેખત ભંડી, આતમ-ખંડી કર્મકંડી,
ઉર જડતા ઊંડી મમતા મંડી, ટીલા ટુંડી પાખંડી;
રાખત ઘર રંડી સબ વિધિ છંડી પથરા પિંડિ પૂજંદા,
સદ્ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા...૭

નાવત જલ નીકા ધારત ટીકા ગલ કંઠીકા તુલસીકા,
અરૂ મીઠા જીહકા કપટી હીયકા નાહિન ઠીકા મુરઘીકા;
બાના હરજીકા વીકલ બિલિકા, કિંકર ત્રિયકા વિષકંદા,
સદ્ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા...૮

ભેખનકે ધારી સબમેં ખ્વારી અંતર ભારી અહંકારી,
બોલત મુખ ગારી રાખત નારી, માયા યારી વ્યાપારી;
જબ મંગલકારી, ગુરૂ મિલ્યારી, ભ્રમના ટારી જગફંદા,
સદ્ગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા...૯

## ઘનશ્યામાષ્ટક-સવૈયા

સાહ ભયો ઉમરાહ ભયો, પતસાહ ભયો જગશિષ નયો હે;
રાગિ ભયો બડભાગિ ભયો, વિતરાગિ ભયો વન જાય રહ્યો હે.
માનિ ભયો નિરમાનિ ભયો, પરમાનિ ભયો જસવાસ લયો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય, જો ન ભયો તો કછુ ન ભયો હે. ૧

નારિ મીલી ફુલવારિ મીલી,જાુ અટારિ મીલી મહિં કાચ ઢલ્યો હે;
પુત મિલે ઘર સુત મિલે, બહુ દુત મિલે નિજ બેન પલ્યો હે,

ખાન મિલે અરૂ પાન મિલે, સનમાન મિલે કહું ભાગ્ય ખુલ્યો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય, જો ન મીલ્યો તો કછુ ન મીલ્યો હે. ૨

ત્યાગી બન્યો અનુરાગી બન્યો, બડભાગી બન્યો અરિસેન હન્યો હે;
સૂર બન્યો મગરૂર બન્યો, ધનપૂર બન્યો ચકચૂર સુન્યો હે.
તાલી બન્યો અરૂ ખ્યાલી બન્યો, સુખપાલી બન્યો બડભાગી ગન્યો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકો સેવક, જો ન બન્યો તો કછુ ન બન્યો હે. ૩

ગીત પઢ્યો જગ રીત પઢ્યો, નૃપ નીત પઢ્યો તન રંગ ચઢ્યો હે;
ભાસ પઢ્યો અનુપ્રાસ પઢ્યો, રસ રાસરૂ ન્યાય પ્રકાશ દ્રઢ્યો હે.
કેદ પઢ્યો બહુ ભેદ પઢ્યો, સબ વેદ પઢ્યો પઢી માન બઢ્યો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકે નામકું, જો ન પઢ્યો તો કછુ ન પઢ્યો હે. ૪

દેશ ગયો પરદેશ ગયો, ઘર ભેષ ગયો ચહુ ધામ રહ્યો હે;
કાશી ગયો અરૂનાસિ ગયો, તન ઘાસિ ગયો અતિ પંથ ભયો હે.
શોક ગયો સુર  લોક ગયો, વિધિ લોક ગયો મન રોક ઠયો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકે આશ્રય, જો ન ગયો તો કહું ન ગયો હે. ૫

જાગ કર્યો પુન્ય ભાગ કર્યો, સબ ત્યાગ કર્યો કહુ રાગ ધર્યો હે;
ન્યાસ કર્યો ઉપવાસ કર્યો, વનવાસ કર્યો તહાં પ્યાસ મર્યો હે.
જાપ કર્યો સુર થાપ કર્યો, સુવિલાપ કર્યો તન તાપ પર્યો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય, જો ન કર્યો તો કછું ન કર્યો હે. ૬

શ્રીઘનશ્યામ કે અંધ્રિસરોજમેં, દેહ છતે જેહી નેહ કર્યો હે;
લોકનકી તજી લાજ નિરંતર, અંતરમેં દૃઢ પક્ષ ધર્યો હે.
અંતકી બેર જો નામ લિયો નહિ, તો પુનિ સો નિશ્ચે ઉગર્યો હે;
બ્રહ્મમુનિ ધનચીઠિ ગઈ ઘર, પીછે લુટાય કહા બિગર્યો હે.

## સવૈયા

આકર્ષિત ચિત્ત ચાર, પૂરવ ઉત્તર દ્વાર, દાદાખાચર દરબાર, નીંબવૃક્ષ નીરખો;
હરદમ સંતો હજાર, જમતા જ્યાં જમણવાર, પોતે પ્રભુ પીરસનાર પુરુષોત્તમ પરખો;
સંતો શિર કરી પ્યાર, રેડત ધૃત દધિ ધાર, અદ્ભુત લીલા અપાર, એહ સ્થાન ધારો;
જય જય જદુનાથ હાથ, મુરલી ધરિ મુગટ માથ, ગઢપુર પતિ ગોપીનાથ આશરો તીહારો. ૧

કલિયુગમાં કલ્પવૃક્ષ, નીરખો આ નીંબવૃક્ષ, પુરુષોત્તમજી પ્રત્યક્ષ, સંત સભા ભરતા;
દેતા બ્રહ્મજ્ઞાન દાન, પ્રેમીજન કરત પાન, વચનામૃતથી મહાન, પ્રશ્ન ઉત્તર કરતા;
મુનિજન સહુ ધરે ધ્યાન, ગુણિજન સહુ કરે ગાન, ઉત્તમનું સ્થાન જાન, અક્ષર નિરધારો;
જય જય જદુનાથ હાથ, મુરલી ધરિ મુગટ માથ, ગઢપુર પતિ ગોપીનાથ આશરો તીહારો. ૨

પુરુષોત્તમ ધરી પાગ, બિરાજત લક્ષ્મીબાગ, ગાવત સંત રંગરાગ, સાજ સમારી;
મુકતાનંદજી મહાન, પ્રેમાનંદ કરત ગાન, સંગીત-સાહિત્ય જ્ઞાન, બ્રહ્મમુનિ ભારી;
ચંપા-જુઈ જાઈ ફુલ, ડોલર મોગરા અમુલ, ગહેરા ગુલાબ ફુલ, હાર હજારો;
જય જય જદુનાથ હાથ, મુરલી ધરિ મુગટ માથ, ગઢપુર પતિ ગોપીનાથ આશરો તીહારો. ૩

સુંદર વૈતાક શાક, પુરુષોત્તમ કરત પાક, હોવત વાસુદેવ હાક, પંકિત કરિ પીરસે;
વાડી લક્ષ્મી સ્વરૂપ, કોટિક બ્રહ્માંડભૂપ, કાયમ આલય સ્વરૂપ, દેહોત્સર્ગ દરસે;
ઈચ્છારામ અનુજ વીર, રાજત રઘુવીર ધીર, બ્રાજત શ્રીજી મંદિર, પૂર્વ દિશ પ્યારો;

જય જય જદુનાથ હાથ, મુરલી ધરિ મુગટ માથ, ગઢપુર પતિ ગોપીનાથ આશરો તીહારો. ૪

ખંભે જરીયાન ખેસ, બંસીધર ગોપવેશ, વિલસત રાધા વ્રજેશ, નંદકો દુલારો;
હીરા નંગ જડિત હાર, ગજરાતોરા અપાર, જરીયાની વસ્ત્રધાર, પુરનચંદ્ર પ્યારો;
કાને કુંડળ જડીત, ભાલે તિલક ભળિત, મુરતિ મનહર લલિત, સ્નેહથી સંભારો;
જય જય જદુનાથ હાથ, મુરલી ધરિ મુગટ માથ, ગઢપુર પતિ ગોપીનાથ આશરો તીહારો. ૫

## વિદ્યા મળે વસુધા મળે...

**વિદ્યા મળે વસુધા મળે** વિધવિધ બહુ વૈભવ મળે,
અધિકારની પદવી મળે વળી માનીતા માનવ મળે;
કાયા રૂડી જાયા મળે માયા ઘણી જ વિશાળ છે,
પણ સજ્જનતા નહિ એક તો એ વાતમાં શો માલ છે?
**મુખ ચંદ્ર સરખું રમ્ય છે** ગોરા ગુલાબી ગાલ છે,
વળી નાક નમણું નયન સુંદર હંસ સરખી ચાલ છે;
ફક્કડ સુંવાળા વાંકડા શિર ફેશનેબલ બાલ છે,
ચારિત્રમાં નહીં ઢંગ તો એ વાતમાં શો માલ છે ?
**ડહાપણ ઘણું અનુભવ ઘણો** મુખમાં ભરી છે માધુરી,
સૌજન્ય દર્શનની અતિશય આવડે છે ચાતુરી;
ચારિત્ર્ય પર સેવા અને ધાર્મિકપણાની ઢાલ છે,
ભીંતર ભર્યો જો દંભ તો એ વાતમાં શો માલ છે ?

**શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વર ભક્તિધર્માત્મજં વાસુદેવં હરિં ।**
**માધવં કેશવં કામદં કારણં શ્રીસ્વામિનારાયણં નીલકંઠં ભજે ॥**

| પદ | કીર્તન | રચયિતા | રાગ | પાન |
|---|---|---|---|---|
| | **૧. મંગળાચરણ,પ્રભાતિયા,સ્તુતિ,પ્રાર્થના** | | | |
| ૨ | અધમ ઉધ્ધારણ અવિનાશી તારા | બ્રહ્માનંદ | ભૈરવી | ૧૫ |
| ૧ | અહો પ્રભુ અચરજ માયા તમારી... | બ્રહ્માનંદ | પ્રાર્થના | ૪૬ |
| ૧ | આજ સખી મને સપનું લાધ્યું.. | બ્રહ્માનંદ | પ્રભાતી | ૧૬ |
| ૨ | આજ હું આવી છું મુખ... | બ્રહ્માનંદ | રામકલી | ૧૭ |
| ૧ | એકવાર મંદિરે આવો... | પ્રેમાનંદ | પ્રાર્થના | ૪૭ |
| ૨ | કમલાવર ઊઠોતો કાજુ... | બ્રહ્માનંદ | ભૈરવી | ૧૭ |
| ૧ | કહાં કહું હરિ કરૂણા તેરી... | બ્રહ્માનંદ | કાનડો | ૪૬ |
| ૮ | કીજીએ ધ્યાન શ્રીધર્મના કુંવરનું... | પ્રેમાનંદ | કેદારો | ૨૭ |
| ૧ | કૃપા કરો ભગવાન ભકતપતિ... | વિહારીલાલજી | પ્રાર્થના | ૫૧ |
| ૪ | છાંડી કે શ્રીકૃષ્ણદેવ... | મુકતાનંદ | ટોડી | ૦૮ |
| ૧ | જય જય વર્ણિવેશ કલાનિધિ... | પ્રેમાનંદ | સ્તુતિ | ૪૮ |
| ૧ | જન્મ્યા કૌશલ દેશ... | વિહારીલાલજી | પ્રાર્થના | ૪૪ |
| ૧ | જાગો નિજજીવન બોલે.... | મુકતાનંદ | પ્રભાતી | ૦૭ |
| ૧ | તુમ બિના પ્રભુ મેરે... | પ્રેમાનંદ | ઠૂમરી | ૪૭ |
| ૧ | દરશન કયારે દેશો રે ડોલરિયા.. | દેવાનંદ | | ૫૦ |
| ૨ | દીન દયાળુ ગુરુદેવ દામોદર. | નિષ્કુળાનંદ | પ્રભાતી-કેદારો | ૪૦ |
| ૧ | દુઃખ હરિજનનું દિલે ધરો.. | | સ્તુતિ | ૪૩ |
| ૮ | ધ્યાન ધર ધ્યાન ધર... | મુકતાનંદ | કેદારો-પ્રભાતી | ૧૧ |
| ૧ | ધર્મ સુત નામ ઘનશ્યામ... | જગદીશ | બિલાવર પ્રભાત | ૪૨ |

| પદ | કીર્તન | રચયિતા રાગ | પાન |
|---|---|---|---|
| ૧ | નમું પ્રેમવતીના પ્યારા... | વિહારીલાલજી વણજારો | ૫૧ |
| ૪ | નાથ રહો મારાં નેણમાં... | પ્રેમાનંદ રામગ્રી | ૩૦ |
| ૧ | પ્રભાતે ઊઠીને પ્રાણી ધ્યાન... | બ્રહ્માનંદ ભૈરવ | ૨૧ |
| ૨ | પ્રાતઃ ભયો પ્રાણ પ્યારે... | મુકતાનંદ બભાસ-પ્રભાતી | ૦૫ |
| ૪ | પ્રાતઃસમે શ્રીપુરૂષોત્તમની મૂર્તિ. | મુકતાનંદ ભૈરવી-પ્રભાતી | ૦૬ |
| ૨ | પ્રાત થયું પંખી બોલ્યાં. | બ્રહ્માનંદ પ્રભાતી | ૧૮ |
| ૪ | પ્રાત સમે મારા પ્રાણજીવનનું... | બ્રહ્માનંદ પ્રભાતી | ૧૯ |
| ૪ | પ્રાતઃ થયું મનમોહન પ્યારા... | બ્રહ્માનંદ ભૈરવ | ૨૧ |
| ૧ | પ્રાતઃ પૂજાવિધિ ... | | ૫૬ |
| ૧ | ભોર ભયે ઊઠી ભકિત માત... | દેવાનંદ ભૈરવી | ૩૯ |
| ૪ | મહી માખણ માગે રે માવો... | બ્રહ્માનંદ પ્રભાતી | ૨૩ |
| ૧ | મહા બળવંત માયા તમારી... | નિષ્કુળાનંદ ફગવા | ૪૯ |
| ૪ | મૂરતિ તમારી મારા શ્યામ... | મુકતાનંદ ભૈરવ | ૧૦ |
| ૨ | મેં તો ગુનેગાર તેરા રે... | પ્રેમાનંદ ભૈરવી | ૩૨ |
| ૪ | લાલચ લાગી રે, બેની મુને... | બ્રહ્માનંદ વિભાસ | ૨૫ |
| ૧ | વાલા ભકિત ધરમ સુત... | વિહારીલાલજી ગરબી | ૫૨ |
| ૧ | વિવિધ મંત્રો ... | | ૫૪ |
| ૨ | વેલેરી ઉઠીને વાલાજીનું.. | પ્રેમાનંદ રામકલી પ્રભાતી | ૩૮ |
| ૧ | શ્યામ હમારે નેંનકે તારે | પ્રેમાનંદ ગોડી | ૪૮ |
| ૧ | શ્રીસહજાનંદસ્વામીના દાસજે... | મુકતાનંદ ધોળ | ૦૧ |
| ૪ | શોભાસાગર શ્યામ તમારી.. | પ્રેમાનંદબભાસ-પ્રભાતી | ૩૬ |
| ૪ | સ્વામિનારાયણ (૨) કહો રે. | મુકતાનંદ ભૈરવ | ૦૩ |

| પદ | કીર્તન | રચયિતા | રાગ | પાન |
|---|---|---|---|---|
| ૧ | સ્વામિનારાયણ (૨) સમરો... | બ્રહ્માનંદ | પ્રભાત | ૨૫ |
| ૪ | સ્વામિનારાયણ (૩) ભજ રે... | પ્રેમાનંદ | ભૈરવી | ૩૩ |
| ૨ | સખી રે શ્યામળિયે વા'લે... | પ્રેમાનંદ | પ્રભાતી | ૩૫ |
| ૧ | સહજાનંદ સુજાન ભેટી... | દેવાનંદ | બિભાસ | ૪૦ |
| ૨ | સૂતા ઊઠી રે સમરું સહજાનંદ... | કૃષ્ણાનંદ | ધોળ | ૪૧ |
| ૧ | હોજી મેરે તો તુમ એકહી એક... | મુકતાનંદ | ભૈરવી | ૧૫ |
| ૧ | હો રસિયા મેં તો શરન તિહારી... | પ્રેમાનંદ | ભૈરવી | ૪૯ |
| | **૨.ગોડી-આરતી-થાળ,નિત્ય નિયમ પદો** | | | |
| ૧ | અવિનાશી આવો રે, જમવા | પ્રેમાનંદ | ગરબી | ૭૬ |
| ૧ | આરતી પ્રગટ પ્રભુજીકી કીજે... | બ્રહ્માનંદ | આરતી | ૭૩ |
| ૧ | આવો રે વહાલાજી તમને | બ્રહ્માનંદ | --- | ૭૫ |
| ૧ | આવજો છોગલાં ધારી મારે ઘેર | જેરામ બ્ર. | --- | ૮૩ |
| ૧ | આરતી ઉમંગ સહિત મંગળા | મુકતાનંદ | આરતી | ૮૮ |
| ૧ | ઓરા આવો શ્યામ સ્નેહી.. | પ્રેમાનંદ | ગરબી | ૧૦૭ |
| ૧ | કરત સિંગાર આરતી સુંદર | મુકતાનંદ | આરતી | ૯૧ |
| | જય | | | ૯૦ |
| ૧ | જય સદ્ગુરૂ સ્વામી... | મુકતાનંદ | આરતી | ૭૩ |
| ૧ | જમોને જમાડું રે, જીવન મારા... | પ્રેમાનંદ | | ૮૧ |
| ૧ | જમો થાળ જીવન જાઉં વારી... | ભૂમાનંદ | | ૮૩ |
| ૧ | તમે જમો જમો મારા ઠાકરિયા... | પ્રેમાનંદ | | ૮૨ |

| પદ | કીર્તન | રચયિતા | રાગ | પાન |
|---|---|---|---|---|
| ૧ | દીજીયે દરશન દાન દયાનિધિ | મુકતાનંદ | નટ | ૯૨ |
| ૧ | નવીનજીમૂત સમાનવર્ણ... | | | ૯૩ |
| ૨ | નાના ગ્રાસ લેવત મનગમતા ... | દેવાનંદ | | ૮૫ |
| ૧ | નિર્વિકલ્પ ઉત્તમ અતિ | પ્રેમાનંદ | પ્રાર્થના | ૯૪ |
| ૨ | નેણને બાણે રે મારી નેણને.. | મુકતાનંદ | ગોડી | ૬૬ |
| ૧૦ | પ્રથમ શ્રીહરિને રે... | પ્રેમાનંદ | ગરબી | ૯૭ |
| ૪ | પ્રગટ પ્રમાણ હરિને... | બ્રહ્માનંદ | ગોડી | ૬૯ |
| ૧ | પોઢે પ્રભૂ સકળ મુનિ કે શ્યામ | મુકતાનંદ | બિહાગ | ૧૧૩ |
| ૧ | ભવસંભવભીતિભેદનં | દિનાનાથ | સ્તોત્ર | ૯૫ |
| ૧ | મારા વાલાજી શું વાલપ દીસે રે | મુકતાનંદ | મલાર | ૧૧૩ |
| ૧ | મારા હરજી શું હેત ન દીસે રે. | નરસૈયા | મલાર | ૧૧૪ |
| ૧ | રામ કૃષ્ણ ગોવિંદ ! જય જય ! | | | ૮૮ |
| ૧ | રાજભોગકી કીજે | મુકતાનંદ | આરતી | ૯૧ |
| ૧ | રૂડી રાંધી મેં રસિયાજી... | દયાનંદ | | ૮૬ |
| ૧ | રે શ્યામ તમે સાચુ નાણું | મુકતાનંદ | ગરબી | ૧૧૨ |
| ૨ | લગની લાગી રે... | મુકતાનંદ | ગોડી | ૬૫ |
| ૧ | લાલ મનોહર લીજીએ.. | બ્રહ્માનંદ | બિલાવલ પ્રભાતી | ૮૬ |
| ૧ | લાડીલો લાલ જીમત પૂરી દૂધપાક... | પ્રેમાનંદ | | ૮૨ |
| ૧ | લેતા જાઓ રે સાવરીયા બીડી | પ્રેમાનંદ | | ૯૨ |
| ૧ | વડતાલ મંદિરમાં થતો નિત્ય ક્રમ... | | | ૮૭ |
| ૧ | વહાલા આવો અમારે ઘેર રે... | બ્રહ્માનંદ | ગરબી | ૭૫ |
| ૧ | વાલા ભોજનિયાં બહુ ભાત... | ત્યાગાનંદ | | ૮૪ |

| પદ | કીર્તન | રચયિતા | રાગ | પાન |
|---|---|---|---|---|
| ૧ | વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા... | | | ૯૬ |
| ૮ | વંદુ સહજાનંદ રસરૂપ.. | પ્રેમાનંદ | ગરબી | ૧૦૮ |
| ૨ | શ્યામની છબી રે સખી... | બ્રહ્માનંદ | ગોડી | ૬૭ |
| ૧ | શીતળ આરતી કીજે, | મુકતાનંદ | આરતી | ૧૧૨ |
| ૧ | સખી આનંદની વાત કહું આજ રે.. | મુકતાનંદ | ગરબી | ૭૪ |
| ૨ | સંત સમાગમ કીજે... | બ્રહ્માનંદ | ગોડી | ૬૮ |
